G.U.P. 1279-350-1-64

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૪-૧-૧૯૬૪ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાવિડલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૫. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૧૮. ડૉ. જે. જે. ચેનોય	હાજર.

૧. તા. ૧૪-૧૨-૧૯૬૩ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૩ના ડિસેંબર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૪-૧૨-૧૯૬૩ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૩ના ડિસેંબર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સને ૧૯૬૨-૬૩ના વર્ષના ૧૩મા વાર્ષિક અહેવાલના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૨-૬૩ના વર્ષના ૧૩મા વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવો.

૩. સને ૧૯૬૩-૬૪ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિમિત (Revised) અંદાજપત્ર અને સને ૧૯૬૪-૬૫ના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૩-૬૪ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (Revised) અંદાજપત્ર અને સને ૧૯૬૪-૬૫નું અંદાજપત્ર મંજૂર કરવું.

૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૩થી બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જૂન ૧૯૬૩થી બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫. નેશનલ કૉલેજ, કુબેરનગરમાં કામ કરતા તર્કશાસ્ત્રના વ્યાખ્યાતાનું કુલ્લે કાર્યભારણ આઠ તાસથી વધુ નહિ હોવાથી પૂરા-સમયના વ્યાખ્યાતાની નિમણૂક અંગે છૂટછાટ મૂકીને અંડ-સમયના લેક્ચરરથી ચલાવવા માટે પરવાનગી આપવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને, અપવાદ તરીકે અને ફક્ત ચાલુ સત્ર પૂરતી, તર્કશાસ્ત્રના લેક્ચરરની જગ્યા માટે અંડ-સમયની નિમણૂકથી ચલાવવા માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૪થી આ વિષય માટે પણ પૂરા-સમયના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં અંગ્રેજીનાં વ્યાખ્યાતા તરીકે કામ કરતાં શ્રીમતી જે. જે. પંડ્યાની નિમણૂક માન્ય કરવા અંગે રાજ્યના શિક્ષણસંચાલકના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રીમતી જે. જે. પંડ્યા બી.એ. તથા એમ.એ. અંગ્રેજી સાથે બંને પદવીમાં ત્રીજો વર્ગ ધરાવે છે. ચાર વરસનો અનુભવ છે. નિયમ મુજબ હજુ ત્રણ વરસનો અનુભવ ખૂટે છે.

(૨) શ્રીમતી પંડ્યાની નિમણૂક સિન્ડિકેટે તેની તા. ૧૨-૨-૧૯૬૦ની સભામાં ચાલુ સત્ર પૂરતી માન્ય કરી હતી તેમ છતાં ત્યારથી અત્યાર સુધી તે જ નિમણૂક ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી જે. જે. પંડ્યાને અંગ્રેજીનાં વ્યાખ્યાતા તરીકે માન્ય કરવાં નહિ

૭. યુનિવર્સિટીએ નિયત કરેલ વ્યાયામ-શિક્ષક અંગેનું પગારધોરણ રાજ્ય સરકાર હસ્તક ચાલતી કૉલેજોમાં અમલી બનાવ્યા અંગેની જાણ કરતા ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના તા. ૧૮-૧૨-૧૯૬૩ના પત્રાંક એસ. ૯૫-એ. પે-સ્કેલ. પી.ઈ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૮. સિન્ડિકેટે તેની તા. ૧૩-૪-૧૯૬૩ની સભામાં હૉસ્પિટલોને માન્યતા આપવા માટે લક્ષમાં લેવાના જે મુદ્દાઓ ઠરાવ્યા છે તેમાં હવે ઇન્ટર્નશિપને બદલે ફરજિયાત હાઉસમેનશિપ દાખલ થયેલ હોઈ 'Intern' ને બદલે 'Houseman' શબ્દ રાખવા બાબત :

(*a*) The hospital should have facilities for Surgery, Medicine, Obstetrics and Gynaecology;

(*b*) residential facilities for Housemen should be satisfactory and at least free lodging should be compulsory;

(*c*) for each Houseman, there should be five beds; and

(*d*) laboratories and extra facilities are desirable.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા નિયમો મુજબ હાઉસમેનશિપ માટે હૉસ્પિટલોને માન્યતા આપવા બાબતમાં લક્ષમાં લેવાનાર મુદ્દાઓ ઉપર મુજબ મંજૂર કરવા.

૯. બી. જે. મેડિકલ કૉલેજના ડીન આચાર્ય ડૉ. ઈ. એમ. બેસ્ટ હોદ્દાની રૂએ સેનેટના સભ્ય બનેલ હોઈ તેમને તબીબી વિદ્યાશાખા હેઠળ કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ એનાયત કરવા બાબત.

[નોંધ.—તેમણે (૧) પ્રી-ક્લિનિકલ; (૨) મેડિસિનની અભ્યાસસમિતિઓ પર કામ કરવાની ઇચ્છા બતાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ઈ. એમ. બેસ્ટને ઉપરની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૦. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૩૧-૭-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ અને તે ઉપર એકેડેમિક કાઉન્સિલની સભાના તા. ૩/૪-૯-૧૯૬૩ના, તેને આજુ વર્ષથી અમલમાં આવેલી ગણવા અંગેના, ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત :

અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણ

"(1) In First Year B.A. English—Paper IV, two questions should be set from each text prescribed.

(2) History of 18th century is not part of this paper."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. (૧)ની નોંધ લેવી, તથા ભલામણ નં. (૨) મંજૂર કરવી.

૧૧. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભામાં થયેલ નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ભલામણ કરવામાં આવે છે કે, બી.એસસી. ફિઝિકસની પરીક્ષા માટે કો-ઓપરેટિવ એડીસથી પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ અને સ્ટાન્ડર્ડ પુસ્તકનું ભાષાંતર કરાવવું જોઈએ. યુનિસિર્ટીએ ફિઝિકસના વિષય માટે ભાષાંતર કરવાનું નક્કી કરેલું છે તે કામ બનતી ત્વરાએ પૂરું કરવું જોઈએ. નવાં પુસ્તકોમાં ઇન્ટરનેશનલ ટર્મિનોલોજી વાપરવી જોઈએ તેમ બોર્ડનો અભિપ્રાય છે.

કો-ઓપરેટિવ એડીસ પર પુસ્તક પ્રકાશિત કરવા નીચેના સભ્યો રસ ધરાવે છે:

૧. પ્રિ. વાય. જી. નાયક
૨. પ્રિ. જે. બી. સાણિડલ
૩. શ્રી. પી. વાય. દેશપાંડે
૪. શ્રી. એન. જે. પટેલ
૫. શ્રી. પી. ડી. પાઠક
૬. રો. એ. આર. પટેલ
૭. રો. એમ. એમ. પટેલ (વડોદરા)
૮. પ્રિ. પી. એ. પંડયા
૯. રો. કે. બી શાહ (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિના ઠરાવમાં પરિભાષા અંગે જે ભલામણ કરી છે તે ભલામણ ન સ્વીકારતાં, પરિભાષા અંગેની આ યુનિવર્સિટીએ સ્વીકારેલી નીતિરીતિ ચાલુ રાખવી, અને તે સિવાયની ભલામણ પ્રકાશન વહીવટી સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૧૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"The Board of Studies in Chemistry is of the opinion that the workshop in Chemistry should be held as soon as possible to discuss the topics of new syllabus from Pre-University to B.Sc. and M.Sc. (New Course) for not more than four days and that each college should send not more than two teachers, one teaching undergraduate course and the other teaching post-graduate course. No workshop has been held in the subject of Chemistry."

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન રસાયણવિજ્ઞાનના વિષય માટે એક પરિસંવાદ યોજવાની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી ઘટતી આર્થિક સહાય માગવી.

૧૩. લૉજિક-ફિલોસોફી વગેરેની અભ્યાસસમિતિએ તેની તા. ૧૩-૯-૧૯૬૩ની સભામાં પરીક્ષકોની પૅનલો અંગે કરેલ નીચેના ઠરાવો પરત્વે વિચારણા કરવા બાબત:

"(૧) અરજદાર પાસે, એક જ ફૉર્મમાં જે જે વિષયો માટે અરજી કરવા માગતો હોય તેનાં નામ અને નંબર જ અરજીપત્રમાં દર્શાવરાવવાં.

(૨) The Board recommends that it may be brought to the notice of the Principals of the colleges that no person who is not qualified to be recognised as a teacher of Philosophy should be entrusted with the teaching in the subject which falls in the perview of the Board of Logic-Philosophy."

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) ભલામણ સ્વીકારવી નહિ.

(૨) સદરહુ ભલામણ, તેના અર્થને વિશદ કરવાના સૂચન સાથે તથા એમ.એ.ના મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં "એડવાન્સ લૉજિક"નો વિષય દાખલ કરવાની શક્યતા તપાસવાના સૂચન સાથે, આ બાબત મનોવિજ્ઞાન અને તર્કશાસ્ત્રની અભ્યાસસમિતિના સંયુક્ત સભાની વિચારણા માટે મોકલી આપવી.

૧૪. કાર્યાલયનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

(અ) પરીક્ષકોને અપાતી સૂચના ક્રમાંક ૨૬ને ફેરવીને દરેક મૉડરેટરને પાંચથી ઓછા નહિ અને આઠથી વધારે નહિ એટલા પરીક્ષકોની દેખરેખ રાખવાની રહેશે અને દરેક પરીક્ષકને સામાન્ય રીતે ૫૦૦ ઉત્તરવહીઓ (આખી) અથવા ૧૦૦૦ વિભાગ-ઉત્તરવહીઓ સોંપવી.

(બ) (૧) જ્યાં ચાર કે તેથી વધુ મૉડરેટરો હોય ત્યાં ચેરમૅનને મૉડરેટર-મૉડરેશનના કામથી છૂટા રાખવા અને તેને આખી પરીક્ષાનું સંચાલન તથા પરિણામ તૈયાર કરવા અંગેનાં જવાબદારી સોંપવી. તેને મૉડરેટરોને મળતું મહેનતાણું આપવું તથા ટપાલખર્ચ મૉડરેટરો જેટલો આપવો.

(૨) જ્યાં ચાર કરતાં ઓછા મૉડરેટરો હોય ત્યાં ચેરમૅને પોતે મૉડરેશનનું કામ લેવું અને તેના કામનું પ્રમાણ બીજા મૉડરેટરના કામના પ્રમાણ જેટલું રાખવું.

(૩) જ્યાં એક પણ મૉડરેટર નિમાતા નથી (એટલે કે જ્યાં પાંચ પરીક્ષકોની જરૂર ન હોય) ત્યાં કન્વિનર પોતે પરીક્ષક તરીકે કામગીરી બજાવે અને પોતાના સિવાયના બાકી રહેલા પરીક્ષકોના કામનું મૉડરેશન પણ પોતે કરે અને આવા કેસમાં, એટલે કે, જ્યાં કન્વિનરે મૉડરેટર તરીકેનું કામ કરવાનું છે ત્યાં, તેનું મૉડરેટર તરીકેનું મહેનતાણું પરીક્ષકોના સરાસરી (એવરેજ) મહેનતાણા કરતાં રૂા. ૧૦૦ને બદલે રૂા. ૫૦ વધારે આપવા.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનાં ઉપરનાં સૂચનો મંજૂર કરવાં.

૧૫. વેરાવળમાં કોમી તંગદિલીને કારણે સોમનાથ કૉલેજ, વેરાવળમાં પ્રી-યુનિવર્સિટીના બીજા ટેસ્ટની પરીક્ષા તા. ૧૧થી ૧૪ ઑક્ટોબર ૧૯૬૩ દરમિયાન લેવાનાર હતી

તે તા. ૭-૧૧-૧૯૬૩થી તા. ૧૧- ૧-૧૯૬૩ દરમિયાન લીધાના આચાર્યશ્રીના કાર્યને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સોમનાથ કૉલેજ, વેરાવળના આચાર્યના સદરહુ કાર્યને મંજૂર રાખવું.

૧૬. કુ. નયના જે. શાહે આ યુનિવર્સિટીની ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા બાદ અને પાંચ મહિનાની ઇન્ટર્નશિપ અમદાવાદ અને આણંદમાં કર્યા બાદ મુંબઈ યુનિવર્સિટીએ માન્ય કરેલ હૉસ્પિટલમાં બાકીની સાત મહિનાની ઇન્ટર્નશિપ કરવા દેવાની પરવાનગી માગતો ધી ડિરેક્ટર ઑફ હેલ્થ અને મેડિકલ સર્વિસીઝ તરફથી આવેલ તા. ૧૮-૧૧-૧૯૬૩ના પત્રાંક એમ.સી.જી. ઇન્ટર્ન-૨૩૫૩-ઈ-૧૯૬૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજના ડીન પાસેથી કુ. નયના જે. શાહ ઇન્ટર્નશિપનું પોતાનું કામ હાલ કયાં કરે છે તેની વીગતો મગાવવી.

૧૭. ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૪-૧૨-૧૯૬૩ના રોજ મળેલી એકત્રીસમી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૬૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૮. સિન્ડિકેટે તેની તા. ૨૭-૨-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા અનુસાર કેમિકલ ટેકનોલોજીનું ડિપાર્ટમેન્ટ શરૂ કરવા અંગેની યોજના પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યોજના મંજૂર કરવી તથા તે ભારત સરકારની મંજૂરી અને ઘટતી આર્થિક સહાય માટે મોકલી આપવી.

(મંજૂર કરવામાં આવેલ યોજનાની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૯. "Construction of Teachers Hostel—Grant of Financial Assistance therefore"—એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૮-૧૧-૧૯૬૩ના પત્રાંક ઉ૬. ૨૩. ૬૩. (સીયુ૩પી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સોળ એકમોના એક, એવા બે બ્લોક બાંધવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી આર્થિક સહાય મેળવવા માટે ઘટતાં પગલાં લેવાં.

૨૦. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં આપવામાં આવેલ એમ.એ. ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર, વર્ષ ૧૯૬૩-૬૪થી બંધ કરવામાં આવેલ, પરંતુ તે કૉલેજે તે કેન્દ્રમાં એમ.એ. ગુજરાતી વિષયમાં કેટલાક વિદ્યાર્થીઓને ચાલુ સાલે પ્રવેશ આપેલો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયનું સ્પષ્ટ સૂચન હોવા છતાં નવા વિદ્યાર્થીઓને એમ.એ. ગુજરાતીના વિષયના અનુસ્નાતક અભ્યાસ માટે દાખલ કરવાનું આચાર્યનું કાર્ય ધોરણબહાર

હોઈ તે વિદ્યાર્થીઓને બીજા કેન્દ્ર પર તાત્કાલિક મોકલી આપવા માટે આચાર્યને સૂચના આપવી, તથા તેવા વિદ્યાર્થીઓને ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્ર ઉપર દાખલ કરવાની સૂચના, યુનિવર્સિટીનાં ગુજરાતીનાં બીજાં અનુસ્નાતક કેન્દ્રોને આપવી.

૨૧. યુનિવર્સિટી પ્રેસ-સંચાલન અંગેની કેટલીક ગેરરીતિઓ બાબત વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે તપાસ કરીને, પોતાને યોગ્ય લાગે તેવા મુદ્દાઓ લક્ષમાં લઈને, ઘટતો રિપોર્ટ કરવા નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ
૨. શ્રી. રણજિતભાઈ ગંગાશંકર શાસ્ત્રી
૩. આચાર્ય એમ. વી. દેસાઈ
૪. આચાર્ય એમ. એસ. પંડિત
૫. શ્રી. બી. એમ. પટેલ, એકાઉન્ટન્ટ (આવાહક).

૨૨. કરકસર સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) યુનિવર્સિટીના હોલેરિથ વિભાગ માટે કાયમી ઊભી કરવામાં આવેલી ૧૪ જુનિયર ઑપરેટરની જગ્યા રદ કરવી. આ માટે એસ.એસ.સી. બોર્ડ, વડોદરા અને પૂનામાં હોલેરિથ મશીન પર પરિણામો તૈયાર કરવામાં આવે છે: તેમ જ આ બોર્ડ તરફથી પંચિંગ અને વેરિફિકેશન માટે કામચલાઉ માણસોને 'Piece work' પર રાખવા, કારણ કે, યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે તેઓ પાસે માત્ર ત્રણથી ચાર મહિનાથી વધારે કામ રહેશે નહિ.

(૨) પંચ ઑપરેટરોને કામચલાઉ ધોરણે લેવા માટે કયા દરો આપવા તે માટે ઉપરોક્ત બન્ને બોર્ડને પુછાવી તેમાં આપણી જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવો.

(૩) સિન્ડિકેટે યુનિવર્સિટીના 'વર્ક-લોડ' અંગે રિપોર્ટ કરવા માટે શ્રી. વાય. ડી. ખાનને નીમેલા હોઈ તે અંગે આ સમિતિ કોઈ રિપોર્ટ કરતી નથી. તદુપરાંત બીજી કચેરીઓમાં હોય છે તેમ યુનિવર્સિટી કાર્યાલયમાં કર્મચારીઓનું રોજિંદું 'વર્કશીટ' ભરવાની પ્રથા નહિ હોવાથી જ્યાં સુધી આ પ્રથા દાખલ ન થાય ત્યાં સુધી તે અંગે કોઈ રિપોર્ટ કરવો તે સમિતિ માટે અશક્ય છે.

(૪) કરકસર સમિતિને લાગે છે કે, યુનિવર્સિટીનાં ભવનોમાં ટપાલની વાર્ષિક આવકજાવક જોતાં સ્ટાફમાં કરકસર કરવાનો અવકાશ રહે છે. આ અંગે જરૂરી માહિતી મંગાવી આખરી નિર્ણય આવતા રિપોર્ટમાં રજૂ કરાશે.

(૫) પરીક્ષાનાં કેન્દ્રો પર થતા પરચૂરણ ખર્ચ, જેવા કે પટાવાળા, હમાલ, સફાઈ કામદાર, પાણી પાનારા, બેન્ચો ગોઠવવાના, સ્ટેશનરી—જેવા કે, કાગળ અને બ્લોટિંગ પેપર આપવાના વગેરે ખર્ચ માટે હાલ જે ખરેખર ખર્ચ (Actual cost) અપાય છે તેના આંકડા જોતાં જુદાં જુદાં કેન્દ્રો પર થયેલા ખર્ચમાં મોટો તફાવત જણાય છે. આ જોતાં આ અંગે વિદ્યાર્થી દીઠ ૨૦ નયા પૈસાના દરે પરીક્ષાના દરેક દિવસ માટે યુનિવર્સિટીએ ખર્ચ આપવું.

જો કોઈ પરીક્ષાના દિવસોમાં અડધો દિવસ આવતો હોય તો તેને આખા દિવસના દરે આ ખર્ચ આપવું.

આ ઉપરાંત નીચેનો ખર્ચ સેન્ટરોને થયેલા અરેખર ખર્ચ પ્રમાણે આપવો:

(અ) ટેક્સી અંગેનું બિલ: ટેક્સીનો નંબર તથા તેના માલિકનું સરનામું, બિલ પર બતાવવા સીનિયર સુપરવાઇઝરને સૂચના આપવી.

(બ) પોસ્ટેજ અંગેનું બિલ.

(ક) ઉત્તરવહીઓ મોકલવા અંગેનું બિલ.

(૬) કેન્દ્રો પર જુનિયર સુપરવાઇઝરને રૂા. ૧૦ને બદલે રૂા. ૮નું મહેનતાણું આપવું.

(૭) હાલ કોઈ પણ સેન્ટર પર કોઈ પણ વિષયમાં ચારથી વધુ વિદ્યાર્થીઓ હોય તો પ્રશ્નપત્રો છાપી આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે. સમિતિને લાગે છે કે આ સંખ્યા વધારીને ૫૦ કરવી જોઈએ કે જેથી પ્રશ્નપત્રો છાપવા અંગેનો ખર્ચ ઘટાડી શકાય. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કેન્દ્રો પર એક વિષયમાં ૫૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓ બેસતા હોય તે જ વિષયના પ્રશ્નપત્રો છપાવવા, બાકીના પ્રશ્નપત્રો 'રોટાપ્રિન્ટ' કરીને મોકલવાની વ્યવસ્થા કરવી. આવા 'રોટાપ્રિન્ટ' કરેલ પ્રશ્નપત્રો લઈને યુનિવર્સિટીના સીનિયર કર્મચારીઓને જ મોકલવા, જેથી તે અંગે પોસ્ટેજમાં કરકસર થઈ શકે. આ માટે યુનિવર્સિટીએ 'રોટાપ્રિન્ટ' મશીન ખરીદવું અને પ્રશ્નપત્રો કાઢનારને નીચેના દરે મહેનતાણું આપવું:

(*a*) For writing out stencil of question-paper or of its translation or Model Answer (*i*) of 3 hours duration Rs. 15·00 per stencil; (*ii*) of less than 3 hours duration Rs. 10·00 per stencil.

(*b*) For supplying copies of complete paper duly stitched from the stencil written out under (*a*) above Rs. 3/– for 25, Rs. 4/– from 26–50, Rs. 5/– from 51–100, Rs. Rs. 6/– from 101–150, Rs. 3/– extra for every additional 100 or part of 100.

(૮) યુનિવર્સિટીનાં જુદાં જુદાં કેન્દ્રો પર પ્રશ્નપત્રો છાપવા માટે હાલ એક વર્ષ માટે દરો મગાવવામાં આવે છે તેને બદલે ત્રણ વર્ષ માટેના દરો મગાવી કોન્ટ્રાક્ટ કરવા અને જરૂર જણાય ત્યાં કેન્દ્રના પ્રિન્સિપાલને સાથે લઈને પ્રેસના માલિકોને ભાવો ઘટાડી આપવા વાત કરવી.

(૯) પરીક્ષાના પ્રશ્નપત્રોનાં પ્રૂફ જોવા માટે જુદાં જુદાં કેન્દ્રો પર પ્રાશ્નિક, જો હોય તો તેઓ, અથવા તે વિષયના જાણકારને સીનિયર સુપરવાઇઝર તરફથી નીમવામાં આવે છે તેમને દરેકને હાજરી દીઠ રૂા. ૮ આપવામાં આવે છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને ભરૂચ જેવાં કેન્દ્રો પર જો પ્રોફેશનલ પ્રૂફરીડરને દૈનિક રોજ પર રાખવામાં આવે તો ખર્ચમાં સારો બચાવ થાય. આ કેન્દ્રો પર જ્યાં શક્ય હોય ત્યાં આ પ્રમાણેની વ્યવસ્થા કરવી.

(૧૦) યુનિવર્સિટી હાલ નીચેની પરીક્ષાઓનાં પરિણામો હોલેરિથ મશીનથી તૈયાર કરે છે:

પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ; ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ; લૉ પ્રિલિમિનરી, પહેલી એલએલ.બી. અને બીજી એલએલ.બી.

સમિતિ માને છે કે, જે પરીક્ષાઓમાંના વિષયમાં પાંચસો વિદ્યાર્થીઓ હોય તે પરીક્ષાનાં પરિણામો મશીનથી તૈયાર કરવામાં આવે તો અનુકૂળતા વધશે; તેથી તે માટે જરૂરી પગલાં લેવાં.

ઉપરની ભલામણો પરત્વે લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) યુનિવર્સિટીના હોલેરિથ પંચ વિભાગમાં જુનિયર ઑપરેટરની જે ૧૪ જગ્યા ઊભી કરવામાં આવી છે તે રદ કરવી નહિ. પરંતુ હોલેરિથ વિભાગના કર્મચારીઓને પરીક્ષાનું કામકાજ ન હોય ત્યારે, જરૂર પ્રમાણે, તેમની સેવાઓ કાર્યાલયના બીજા વિભાગોના કામકાજ માટે ઉપયોગમાં લેવી. હોલેરિથ યંત્રોનો પૂરતો ઉપયોગ થઈ શકે તે માટે બહારનું કામ (Job work) કરવાનું, બને તો, રાખવું. પંચિંગનું કામકાજ કરવા માટે કાર્યાલયના બીજા સભ્યોને પણ પ્રોત્સાહિત કરવા.

(૨) ઉપરનો ઠરાવ નં. (૧) જોતાં કામચલાઉ ધોરણે પંચ-ઑપરેટરોને લેવાની જરૂર રહેતી નથી, તેથી તેમના દરો નક્કી કરવાની જરૂર રહેતી નથી.

(૩) યુનિવર્સિટી કાર્યાલય (ગ્રંથાલય સહિત)ના તમામ વિભાગો તથા યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનોમાં દૈનિક કામકાજની નોંધ (Daily work-report)ની પ્રથા દાખલ કરવી.

(૪) કરકસર સમિતિની આખરી ભલામણ આવેથી આગળ વિચારવાનું રાખવું.

(૫) (ક) યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો પર થતાં પરચૂરણ ખર્ચ, જેવાં કે, પટાવાળા, હમાલ, સફાઈ કામદાર, પાણી પાનાર, બાંકડા ગોઠવનાર, વગેરેનું મહેનતાણું;

સ્ટેશનરી — કાગળ, શાહી, દોરો, લાખ ઇત્યાદિ વગેરેના ખર્ચ માટે અત્યાર સુધી જે ખરેખર ખર્ચ થયેલ (actual cost) આપવામાં આવતું હતું. તેને બદલે હવે પછી તે ખર્ચ અંગે નીચેનું ધોરણ અપનાવવું:

પરીક્ષાના પ્રત્યેક દિવસે વિદ્યાર્થી દીઠ ૨૦ નયા પૈસા અથવા પરીક્ષાના પ્રત્યેક દિવસ દીઠ ૧૦ રૂપિયા, એ બેમાંથી જે વધુ હોય તે દરે કેન્દ્રને ખર્ચ આપવાનું રાખવું.

(ખ) ઉપરના પેટાઠરાવ (ક)માં જણાવેલ પરચૂરણ ખર્ચ ઉપરાંત પ્રત્યેક કેન્દ્રને નીચેની બાબતો અંગે જે ખરેખર ખર્ચ થાય તેનાં વાઉચર મેળવીને તે ખર્ચ મજરે આપવું:

(૧) ટેકરી અંગેનું ખર્ચ: ટેકરીનો નંબર તથા તેના માલિકનું નામ તથા સરનામું બિલ પર બતાવવું;

(૨) ટપાલ અંગેનું ખર્ચ;

(૩) ઉત્તરવહીઓ મોકલવા અંગેનું ખર્ચ.

(૬) જૂનિયર સુપરવાઇઝરોને હાલ અપાતા મહેનતાણાના દરમાં કશો ફેરફાર કરવો નહિ.

(૭) સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(૮) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૯) સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

(૧૦) બની શકે તેટલી વધુ પરીક્ષાઓનાં પરિણામ યંત્રોની મદદથી તૈયાર કરવાનું રાખવું.

૨૩. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ સોરાબ એસ. એન્જિનિયર એન્ડ કું.ની યુનિવર્સિટીના ૧૯૬૨-૬૨ના વાર્ષિક હિસાબ ઉપરની નોંધ તથા તે પર હિસાબ વિભાગની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑડિટ નોંધમાં ઑડિટરોએ જે વાંધા કાઢેલા છે તેનો નિકાલ કરીને રિપોર્ટ કરવા માટે હિસાબ વિભાગને જણાવવું.

૨૪. યુનિવર્સિટીના સને ૧૯૬૧-૬૨ના વર્ષના જનરલ હિસાબો ઉપરની લોકલ ફંડ્સ એકાઉન્ટ્સની તા. ૨૭-૬-૧૯૬૩ની નોંધ ક્રમાંક એલ. ૩૦-બી-૧-૯૮૧ તથા તે પર કાર્યાલયના હિસાબ વિભાગની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑડિટ નોંધ ઉપર હિસાબ વિભાગે તૈયાર કરેલ જવાબની નોંધ મંજૂર કરવી, તથા સેનેટને તે મોકલી આપવી.

(ઑડિટ નોંધ તથા જવાબની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. સને ૧૯૬૧-૬૨ના વર્ષના યુનિવર્સિટીના અન્ય અંગેના હિસાબો લોકલ ફંડ્સ એકાઉન્ટ્સની તા. ૨૭-૬-૧૯૬૩ની નોંધ ક્રમાંક એલ. ૩૦-બી-૧-૯૭૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑડિટ નોંધ ઉપર હિસાબ વિભાગે તૈયાર કરેલ જવાબની નોંધ મંજૂર કરવી, તથા સેનેટને તે મોકલી આપવી.

(ઑડિટ નોંધ તથા જવાબની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. બી. એચ. નાઈનો અજમાયશી સમય તા. ૨૮-૨-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. બી. એચ. નાઈની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી તેમને તા. ૧-૩-૧૯૬૪થી પટાવાળાની જગ્યા પર કાયમ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૨૭. યુનિવર્સિટી પ્રેસમાં જૂનિયર કંપોઝીટર તરીકે કામ કરતા શ્રી. મોતીલાલ બિહારીલાલ ભાવસારનો અજમાયશી સમય તા. ૨૧-૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મોતીલાલ બિહારીલાલ ભાવસારને કાયમ કરવા બાબતમાં મદદનીશ પ્રેસ-મેનેજર અને હેડ-કંપોઝીટરનો અભિપ્રાય જાણીને તથા ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તે તપાસ કરીને શ્રી. ભાવસારને કાયમ કરવા બાબતમાં સિન્ડિકેટ વતી જરૂરી નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૮. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. કે. સી. હરગનનો અજમાયશી સમય તા. ૮-૨-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. કે. સી. હરગનની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફરની જગ્યા પર તા. ૯-૨-૧૯૬૪થી કાયમ કરવા.

૨૯. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં (૧) ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સની હંગામી જગ્યા માટે, (૨) લેક્ચરર-ઇન-ફિઝિક્સ અને (૩) લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રીની કાયમી જગ્યા માટે, તથા (૪) મનોવિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-સાયકોલોજીની કાયમી જગ્યા માટે તા. ૩-૧-૧૯૬૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૦. યુનિવર્સિટીમાં વિદ્યાર્થિનીઓના છાત્રાલય તથા વિદ્યાર્થીઓ માટેના છાત્રાલય માટે એક લેડી સુપરિન્ટેન્ડન્ટની તથા એક સુપરિન્ટેન્ડન્ટની જગ્યા સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૩ની સભામાં ઊભી કરવાનું મંજૂર કરેલ છે તો તે જગ્યા માટે લાયકાતનું ધોરણ શું રાખવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ જગ્યા માટે પગારધોરણ રૂા. ૨૦૦-૧૨-૨૬૦-ઈ.બી.-૧૨-૩૨૦ નક્કી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, છાત્રાલય માટેના સુપરિન્ટેન્ડન્ટ તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે લેડી સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

(૧) માન્ય વિદ્યાપીઠના સ્નાતક અને છાત્રાલયની દેખરેખના કામકાજનો અનુભવ તથા ઓછામાં ઓછી ઉંમર ૩૫ વર્ષ (પૂરાં).

(૨) વધુમાં લેડી સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે એકલાં રહી શકે તેવાં બહેન (Pre'erab'y alone)ને પસંદગી આપવાનું રાખવું.

૩૧. માયક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બીએસસી. અને એમ.એસસી. (માયક્રોબાયોલોજી)ની પરીક્ષા માટે આસિસ્ટન્ટ વગેરે માટે વિચારણા કરી આ અભ્યાસસમિતિ તે નીચે મુજબ રાખવા ભલામણ કરે છે:

Exam. and Subjects	*Days for prepa-ration*	*Days for cleaning up*	*Expert Asst.*	*Lab. Asst.*	*Store-keeper*	*Hamals*
1	2	3	4	5	6	7
(1) B.Sc. Microbiogy (Medical,	3 Days 2 Expert Assistants	3 Days 1 Lab. Asst.	2 for each	1	–	2

1	2	3	4	5	6	7
Chemistry & Agriculture)	for each branch 1 Lab. Asst. 2 Hamals	2 Hamals	branch			
(2) M.Sc. Microbiology	4 Days 1 Expert Asst. for each branch 2 Lab. Asst. 1 Store-keeper 2 Hamals"	3 days 1 Store-keeper 1 Lab. Asst. 2 Hamals	–do–	1	1	2

આથી ફરાવવ.માં આવે છે કે, માયક્રોબાયોલોજીની બી.એસસી.ની અને એમ.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફ અને તેમના મહેનતાણાના દર અંગે નીચે મુજબનું ધોરણ મંજૂર કરવું :

Exam. and Subject	*Days for preparation*	*Days for Cleaning up*	*Expert Asst.*	*Laboratory Assistant*	*Store-keeper*	*Hamal*
1	2	3	4	5	6	7
B.Sc. Microbiology	1 Day 1 Expert Assistant two days 2 Hamals 1 Laboratory Assistant 1 Field Collector	1 Day 1 Expert Assistant 1 Laboratory Assistant 2 Hamals	1	1	1 F.C.	2

B.Sc. Microbiology — rates :

	Rs. n.P.
Expert Assistant	12-00
Laboratory Assistant or Store-keeper or Field Collector	8-00
Hamal	3-00

1	2	3	4	5	6	7
	Subject for the Examination at					
M.Sc. Microbiology	1 Day 1 Expert Assistant 2 Days 2 Hamals	1 day 1 Expert Assistant 1 Laboratory Assistant 2 Hamals	1	1	1 F.C.	2

M.Sc. Microbiology — rates :

	Rs. n.P.
Expert Assistant (all subjects)	12–50 per day
Laboratory Assistant, Store-keeper and Field Collector	8–00 per day
Mechanic	5–00 per day
Boilerman, Hamal	3–00 per day

(Different Branches in M.Sc. Chemistry shall be treated as different batches.)

---

૩૨. અનુસ્નાતક અને પીએચ.ડી. પરીક્ષાઓ માટે આવનાર પરીક્ષકોને ૭૫૦ કિલોમીટર કરતાં વધારે મુસાફરી માટે Incidental charges તરીકે જો ટ્રેનની સળંગ મુસાફરી ચોવીસ કલાક કરતાં વધુ થતી હોય તો દૈનિક-ભથ્થું આપવાની વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના નિયમો મુજબ પરીક્ષકોને માત્ર Incidental charge તરીકે રૂા. ૧૨–૫૦ ન.પૈ. each way મળે છે.)

આથી ફરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કે પીએચ.ડી.ની પરીક્ષા માટે નિમાયેલા જે પરીક્ષકને ૭૫૦ કિલોમીટર કે તેથી વધારે અંતરનો પ્રવાસ કરવાનો હોય તો તેમને નીચેના દરે દૈનિક-ભથ્થું આપવું :

	Rs.nP.
(1) For every completed 24 hours spent in journey ..	12–50
(2) For every 12 hours, exceeding one full day (24 hours) spent in journey ..	6–25

૩૩. ડૉ. જે. જે. ચેનોયને ટ્રાવેલ-ગ્રાન્ટ આપવા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૫-૧૨-૧૯૬૩ના પત્રાંક એફ. ૪૭. ૩૨–૬૩ (સીયુપી) ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુ.કે ખાતે ૧૯૬૪માં ભરાનાર વનસ્પતિવિજ્ઞાનની આગામી રાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા માટે વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષ અને વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. જે. જે. ચેનોય જઈ શકે તે માટે તેમને આર્થિક મદદ માટે રૂા. ૨,૦૦૦નું ખર્ચ મંજૂર કરવું.

[નોંધ.—(૧) ભારત સરકાર તરફથી જો પૂરેપૂરા ખર્ચ અંગેની મદદ મળે તો રૂા. ૨,૦૦૦ની મર્યાદામાં રહીને આર્થિક સહાય આપવાનો સવાલ ફરી તપાસવો જોઈશે.

(૨) ઉપર મંજૂર કરવામાં આવેલ રૂા. ૨,૦૦૦ની મદદ જવાઆવવાના ભાડાના ખર્ચના તથા તે માટે યુ.કે.માં રહેવા-જમવાના ખર્ચ પેટે મદદ તરીકે ગણવામાં આવશે.]

૩૪. યુનિવર્સિટીનાં નાણાં વટાવ વિના મોકલવાની સગવડ આપવા બાબતમાં બૅન્ક ઑફ બરોડાના તા. ૫-૧૧-૧૯૬૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બૅન્ક ઑફ બરોડાએ તેની જુદી જુદી શાખાઓ દ્વારા યુનિવર્સિટીને નાણાં ભરવાની જે સગવડ વગર વટાવે કરી આપવા તૈયારી બતાવી છે, તે સગવડનો સ્વીકાર કરવો, અને તે માટે બૅન્ક ઑફ બરોડા સાથે એક ખાતું ખોલવું અને તે ઑપરેટ કરવા માટે નીચેની વ્યક્તિઓમાંથી બે વ્યક્તિઓની સહીથી લેવડદેવડ કરવી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, વાઈસ-ચાન્સેલર
૨. ડૉ. એમ. ડી. પટેલ, સિન્ડિકેટ સભ્ય
૩. ડૉ. વિક્રમ સારાભાઈ, સિન્ડિકેટ સભ્ય
૪. પ્રો. જે. જે. ચેનોય, સિન્ડિકેટ સભ્ય
૫. શ્રી. એમ. સી. દેસાઈ, સિન્ડિકેટ સભ્ય
૬. શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર.

તથા આ બાબતની જાણ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય અનુસ્નાતક સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને કરવી.

૩૫. સેનેટે તેની તા. ૨૧/૨૨-૩-૧૯૬૩ની સભામાં કરેલા ઠરાવ પરથી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સેનેટની તા. ૨૧/૨૨-૩-૧૯૬૩ની સભાનો ઠરાવ નીચે મુજબ છે:

"આથી સિન્ડિકેટ અને અધિકૃત સમિતિઓને ભલામણ કરવામાં આવે છે કે, આગામી વર્ષમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ નીરોગી બને તે હેતુથી દાક્તરી સારવાર અને દવા માટે હેલ્થ સેન્ટર ખોલવામાં આવે. તેને યોગ્ય સહાય કરવા રૂપિયા વીસ હજાર મંજૂર કરવા. આવી સહાય માટેની યોજના સમયસર ઘડીને આગામી વર્ષમાં આ રકમ અવશ્ય ખરચવી.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટ મંજૂર કરવો, તથા તે રિપોર્ટને આધારે યોજના ઘડીને રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

(મંજૂર કરવામાં આવેલ રિપોર્ટ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૬. ઑ. ૧૩૫-એ માં સૂચવ્યા પ્રમાણે એન.સી.સી.માં ન જોડાયા હોય તેવા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે ફરજિયાત પ્રથમોપચાર અને શુશ્રૂષાશાસ્ત્રના વર્ગો કૉલેજોમાં

ચલાવવામાં જણાતી મુશ્કેલીઓ દર્શાવતા ગુજરાત કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તારીખ ૧૧-૧૨-૧૯૬૩ના પત્રાંક એસ. ૧૩૯ (૪૧૮૨) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૩૫-એ માં એન.સી.સી.માં ન જોડાનાર વિદ્યાર્થીઓને માટે શુશ્રૂષાશાસ્ત્ર (Nursing) ફરજિયાત ન રાખવું અને તે પ્રમાણે ઑર્ડિ. ૧૩૫-એ માં જરૂરી ફેરફાર કરવો.

૩૭. ભારત સરકારના કેળવણી ખાતા તરફથી સેન્ટ્રલ એડવાઇઝરી બોર્ડ ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને રિક્રિયેશનની ભલામણ ધ્યાનમાં લઈને ભારત સરકાર યોજિત શારીરિક ક્ષમતામાપક કસોટીઓમાં પ્રાપ્ત કરેલ તારક અંગેની વિગતોને તેમની યુનિવર્સિટી તરફથી અપાતા શૈક્ષણિક પ્રમાણપત્રમાં યોગ્ય સ્થાન આપવાની ભલામણ અમલી બનાવવાની ફરીથી વિનંતી કરતા ભારત સરકારના શિક્ષણ ખાતાના નાયબ સચિવ તરફથી આવેલ તા. ૨૮-૧૧-૧૯૬૩ના પત્રાંક એફ. ૧૭-૪૩-૬૨ પી.ઈ-૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ક્ષમતામાપક કસોટીઓમાં જો કોઈ વિદ્યાર્થી તારક પ્રાપ્ત કરે તો તેનો નિર્દેશ યુનિવર્સિટી તરફથી અપાતા શૈક્ષણિક પ્રમાણપત્રમાં કરવાનું સૂચન સ્વીકારવું નહિ, પણ તે અંગે જુદું પ્રમાણપત્ર વિદ્યાર્થીઓને આપવામાં આવે તે જ યોગ્ય થશે એમ ભારત સરકારના કેળવણી ખાતાને જવાબ આપવો.

૩૮. ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની યોજનાને મંજૂરી આપવા બાબત અને આ અંગે ગ્રંથાલયના જે કર્મચારીઓની મદદ લેવામાં આવે તેના વેતન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલયશાસ્ત્રના ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ ૧૫મી જૂન ૧૯૬૪થી શરૂ કરવાનું રાખવું, અને તે માટે નીચે મુજબ પગલાં લેવામાં આવે:

(૧) ગ્રંથાલયશાસ્ત્રની શાળાના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટી ગ્રંથપાલને તા. ૧-૨-૧૯૬૪થી નીમવા તથા આ કામ માટે તેમને માસિક રૂા. ૫૦નું માનદ વેતન આપવું.

(નોંધ.—ગ્રંથાલયશાસ્ત્રમાં શિક્ષણનું કામ પણ માનદ અધ્યક્ષે કરવાનું રહેશે, જે માટેના વેતનનો સમાવેશ ઉપરના માનદ વેતનમાં થાય છે એમ સ્પષ્ટતા કરવામાં આવે.)

(૨) ગ્રંથાલયશાસ્ત્રના શિક્ષણનું કામ સંભાળવા માટે એક પૂરા-સમયના શિક્ષકની જગ્યા મદદનીશ ગ્રંથપાલના પગારધોરણમાં, એટલે કે, રૂા. ૩૨૦-૨૦-૪૪૦માં ઊભી કરવી.

(૩) અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની બાકીની વીગતો પોતાના પ્રસ્તાવ સાથે રજૂ કરવા માટે શ્રી. ગ્રંથપાલને જણાવવું.

૩૯. તા. ૭-૯-૧૯૬૩ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં આ યુનિવર્સિટીનાં પ્રકાશનોની વેચાણવ્યવસ્થા માટે સેલ એજન્સીની વ્યવસ્થા ઊભી કરવાનું ઠરાવ્યું છે તેને અનુલક્ષીને

ઘડેલી નીચેની શરતો મંજૂર કરવા બાબત:

(૧) એજન્ટે રૂા. ૧,૦૦૦ની ડિપોઝિટ યુનિવર્સિટીને આપવાની રહેશે જેના ઉપર કોઈ વ્યાજ આપવામાં આવશે નહિ.

(૨) યુનિવર્સિટીનાં પ્રકાશનો વેચવા માટે સોલ એજન્સી ત્રણ વર્ષના સમય માટે આપવામાં આવશે.

(૩) પ્રકાશનોની ડિલિવરી યુનિવર્સિટી કાર્યાલયમાંથી લેવાની રહેશે.

(૪) પ્રકાશનો અંગે પંદર દિવસની શાખ એજન્ટને આપવામાં આવશે.

(૫) યુનિવર્સિટી પોતે પણ કાર્યાલય પર પ્રકાશનો વેચી શકશે તથા યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજો તથા તેમના તરફથી ચલાવવામાં આવતા કો-ઓપરેટિવ સ્ટોર્સને આ ટેન્ડરમાં જણાવેલ કમિશનથી વધારે નહિ તે પ્રમાણેના કમિશનથી વેચી શકશે તેમ જ તેના વેચાણ પર એજન્ટ કાંઈ પણ કમિશન માગી શકશે નહિ.

(૬) પાંચ ટકાથી વધારે નહિ તેવી રકમ પોતાને માટે રાખી બાકીની રકમ કમિશન પેટે જુદા જુદા બુકસેલરોને એજન્ટે આપવાની રહેશે.

(૭) યુનિવર્સિટીએ એક વાર વેચેલ પુસ્તકો પરત લેવામાં કે બદલી આપવામાં આવશે નહિ.

(૮) કોઈ પણ સમયે એજન્ટોને તેમની ડિપોઝિટની રકમ કરતાં વધારે રકમની શાખ આપવામાં આવશે નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં પ્રકાશનોની વેચાણવ્યવસ્થા માટે સોલ એજન્સી અંગે ઉપરની શરતો મંજૂર કરવી.

૪૦. કેન્દ્ર સરકારની હિન્દી તેમ જ પ્રાદેશિક ભાષામાં પ્રમાણભૂત ગ્રંથોનાં ભાષાંતર અને મૌલિક પ્રકાશનની યોજના હેઠળ આપણે પ્રકાશિત કરેલ પુસ્તક 'પરિમિત અંતરકલન' અંગે તેમની આર્થિક સહાય નહિ મળી શકે તેમ દર્શાવતા કેન્દ્રીય હિંદી નિયામાલયના તા. ૨૮-૧૧-૧૯૬૩ના પત્રાંક એફ. ૬-૧૧-૬૨ ટી. સેકન્ડ-પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરિભાષાની આ યુનિવર્સિટીએ અપનાવેલી નીતિરીતિમાં ફેરફાર કરવાનું જરૂરી કે યોગ્ય જણાતું નથી અને કેન્દ્ર સરકાર રચિત પરિભાષાનો બની શકે ત્યાં ઉપયોગ કરવો, પણ એ જ પરિભાષા ગુજરાતી પ્રકાશનોના માટે વાપરવી એવો આગ્રહ રાખવો યોગ્ય નથી, એ મતલબનો ડી. ઓ. પત્ર ભારત સરકારને લખવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

(૨) દરમિયાન યુનિવર્સિટીએ હાથ પર લીધેલ પ્રકાશનોનું કામ અટકાવવાની જરૂર નથી.

૪૧. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને મિડ-ટર્મ બ્રેક તા. ૨૫-૧૨-૧૯૬૩થી તા. ૬-૧-૧૯૬૪ને બદલે તા. ૬-૧-૧૯૬૪થી તા. ૧૪-૧-૧૯૬૪ સુધી રાખવા દેવાની પરવાનગી આપ્યાના;

(૨) ચાલુ વર્ષે પડેલી પ્રણાલિકાને અનુસરીને નીચેની પરિષદો/પરિસંવાદોમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિઓને નહિ મોકલ્યાના :

ક્રમાંક	પરિષદ/પરિસંવાદ	સ્થળ	તારીખ
૧.	ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ	પૂના	૧૦થી ૧૨ જાન્યુઆરી ૧૯૬૪ દરમિયાન
૨.	એસોસિયેશન ઑફ પ્રિન્સિપાલ્સ ઑફ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂશન્સ (ઇન્ડિયા)ની ૨૩મી વાર્ષિક પરિષદ	મદ્રાસ	૭થી ૯ ફેબ્રુઆરી ૧૯૬૪ દરમિયાન
૩.	ન્યુક્લિયર ફિઝિક્સ અને સૉલિડ સ્ટેટ ફિઝિક્સ પરિસંવાદ	ચંદીગઢ	૨૪થી ૨૭ ફેબ્રુઆરી ૧૯૬૪ દરમિયાન

(૩) શ્રી. જે. એમ. શાહને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયમાં પીએચ.ડી. પદવી પરીક્ષકોના રિપોર્ટના આધારે તે પદવી માટે પાસ થયેલા જાહેર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૨. શ્રી. એન. કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૪થી બન્ને વિદ્યાશાખાઓ અલગ કરવા તથા આર્ટ્સ કૉલેજને વાણિજ્યની વિદ્યાશાખાના પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા તથા સાયન્સ કૉલેજને ચાલુ જોડાણ આપવા માટે શ્રી. નૂતન કેળવણી મંડળ, વલસાડ તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. રૉ. ય. ગુ. નાયક
૨. આચાર્ય એ. આર. દેસાઈ.

૪૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર નાટ્યશાસ્ત્રની ડિપ્લોમાની ત્રણેય પરીક્ષા માટે અમદાવાદ કેન્દ્ર રાખવા, સંગીત અને નૃત્યશાસ્ત્રના ડિપ્લોમાની ત્રણેય પરીક્ષાઓ માટે રાજકોટ કેન્દ્ર રાખવા અને બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ)ની પરીક્ષાઓ માટે સુરત કેન્દ્ર ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની પરીક્ષાઓ માટે તેનાં નામ સામે જણાવેલ કેન્દ્રો રાખવાં :

ક્રમાંક	પરીક્ષા		કેન્દ્ર
૧.	નાટ્યશાસ્ત્રના ડિપ્લોમાની ત્રણેય વર્ષની પરીક્ષા	...	અમદાવાદ
૨.	સંગીત અને નૃત્યશાસ્ત્રના ડિપ્લોમાની ત્રણેય વર્ષની પરીક્ષા	...	રાજકોટ
૩.	બી. ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ)	...	અમદાવાદ અને મોરબી ઉપરાંત સુરત.

૪૪. પ્રી-યુનિવર્સિટી વિનયન ઍક્ઝર્નલ પરીક્ષાના રેગ્યુલેશન પ્રી-૧૧(એ)નો સુધારેલો પાઠ મંજૂર કરવા બાબત

R. Pre-11(A):

"To pass the Pre-University Arts (External) Examination candidates must obtain at least 36 per cent of the total marks obtainable in each subject.

Those of the successful candidates, who obtain at least 60 per cent of the total marks obtainable will be placed in the First Class and those obtaining 48 per cent and more but less than 60% in the Second Class."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન પ્રી-૧૧(એ) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૪૫. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૬૪થી નવી વિનયન અને વિજ્ઞાનની કૉલેજ શરૂ કરવા માટે મજકૂર ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલ જોડાણની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. આચાર્ય કે. બી. વ્યાસ
૨. આચાર્ય આર. જી. નાયક.

૪૬. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ તરફથી મહેસાણા મુકામે શરૂ કરાનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને જોડાણ આપવા અંગે આવેલ જોડાણની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. આચાર્ય વાય. પી. શુક્લ.

૪૭. ત્રિવાર્ષિક અભ્યાસક્રમને અનુલક્ષીને વિજ્ઞાનની કૉલેજોને આપવાના જોડાણ અંગે આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલા કેટલાક ઉપસ્થિત થતા પ્રાથમિક મુદ્દાઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ મુદ્દાઓનાં કાર્યાલયે રજૂ કરેલાં સૂચન (૧) અને (૨) મંજૂર કરવાં તથા (૩)ને ઍકેડેમિક કાઉન્સિલને તેના અભિપ્રાય માટે મોકલવું.

(સદરહુ મુદ્દાઓ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૮. સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૮-૧૯૬૩ની સભામાં તબીબી અભ્યાસક્રમના મંજૂર કરેલ ઑર્ડિ. ૨૫૫માં ૧૩મી લીટીમાં આવતા શબ્દો 'થ્રી ટર્મ્સ'ને બદલે 'થ્રી યર્સ' કરવાના શાબ્દિક ફેરફારને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનો શાબ્દિક ફેરફાર મંજૂર કરવો તથા તે પ્રમાણે ઑર્ડિ. ૨૫૫ માં જરૂરી સુધારો કરવો.

૪૯. જૂના અભ્યાસક્રમમાં બી.એ.ની પરીક્ષામાં રે. ૧૭(૬)પ્રમાણે વિષયો બદલવાની જોગવાઈ હતી તે પ્રમાણે નવા અભ્યાસક્રમમાં વિષય બદલવાની પરવાનગી આપવાની જોગવાઈ નથી, પરંતુ તે કરવા માટે સૂચવતા સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૦-૧૨-૧૯૬૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

રે. ૧૭(૬)નો પાઠ નીચે મુજબ છે :

"Candidates will be allowed to change their subjects or to change from the General to Special course and vice versa only up to the beginning of the 2nd term of the Junior year for the B.A. Examination.

No candidate shall be permitted to appear for the B.A. (Special or General) Examination with the same subjects with which he has passed the M.A. Degree Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના રેગ્યુલેશન આર્ટ્સ ૧-એ, રેગ્યુ. સાયન્સ ૧-એ અને રેગ્યુ. કૉમર્સ ૧-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા :

R. Arts-1-A, R. Sc.-1-A and R. Com.-1-A :

"Candidates will be allowed to change their subjects only in the First Year of his Degree Course, provided that change is made before 15th November of the year in which he joins his First Year Degree Course."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓને, આ પહેલાં, વિષય બદલવાની ના પાડવામાં આવી હોય તેમને પણ વિષય બદલવા માટે પરવાનગી આપવી, અને તેમના આંતરિક ગુણાંક માટે એ કે ત્રણ જેટલી કસોટીઓ લઈ શકાય તેટલી કસોટીઓનાં પરિણામ પરથી સરાસરી (Prorata) ગુણાંક આપવા માટે આચાર્યોને જણાવવું.

૫૦. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની મુદત તા. ૨૮-૨-૧૯૬૪ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આશરે ૩૦૦ જેટલા નિયમિત વિદ્યાર્થીઓએ અને ૩૭ જેટલા બહારના વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓ પ્રવેશપાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો કઢાવી શકયા ન હોય તેમને તે કઢાવવા માટેની મુદત તા. ૨૮-૨-૧૯૬૪ સુધી લંબાવવી.

૫૧. વિનયન વિદ્યાશાખામાં પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ (એક્સ્ટર્નલ) પરીક્ષાના વિદ્યાર્થી-ઓને માટે સ્ટે. ૧૭૩-એ ના સંદર્ભમાં ઓછામાં ઓછી વયમર્યાદાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીની એક્સ્ટર્નલ પરીક્ષાઓ માટે નામ નોંધાવતા વિદ્યાર્થીઓની વયમર્યાદા આંકવી જરૂરી જણાતી નથી.

૫૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને રાજ્ય સરકાર, મધ્યસ્થ સરકાર, યુ.જી.સી. અને સી.એસ.આઈ.આર. વગેરે તરફથી સંશોધન અંગે મંજૂર થતી ગ્રાન્ટોમાંથી ખર્ચ કરવા અંગેના વહીવટી નિયમો ઘડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૩. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ના યુનિવર્સિટીના ૧૯૬૨-૬૩ના વાર્ષિક હિસાબ ઉપરની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી તથા સદરહુ ઑડિટ નોંધ, હિસાબ વિભાગના જવાબ સાથે, બૉર્ડ ઑફ એકાઉન્ટ્સને મોકલી આપવી.

૫૪. યુનિવર્સિટી કૅમ્પસ નજદીક (ક્લાસિફિકેશન અથવા લૉન્ગ ડિસ્ટન્સ) લાંબા અંતરની (૩૦૩ બોર માટેની) શૂટિંગ રેન્જ બાંધવા માટેના જરૂરી ખર્ચ પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ઉચ્ચક રૂા. ૧૦,૦૦૦ની રકમ આપવાનું જણાવતા અને યુનિવર્સિટીને તે બાંધવા જરૂરી જમીન તથા જરૂર હોય તો વધારાનો ખર્ચ આપીને બાંધવા વિનંતી કરતા તા. ૨૮-૧૨-૧૯૬૩ના પત્રાંક એફ. ૬-૨૦-૬૨ (એચ.આઈ.જી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કૅમ્પસમાં કોઈ યોગ્ય સ્થળે શૂટિંગ રેન્જ બાંધવાનું રાખવું અને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જરૂરી સહાય મળેથી આગળ પગલાં લેવાનું રાખવું.

૫૫. યુનિવર્સિટીઓના વિદ્યાર્થી-ખેલાડીઓનું રમતોનું ધોરણ સુધરે તે હેતુથી ભારત સરકાર સ્થાપિત પતિયાળાની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટ્સમાં તાલીમ લીધેલ પ્રશિક્ષકો (કોચ)નો, યુનિવર્સિટી સત્તાવાળાઓ રોકી તેમની સેવાઓનો, લાભ લે તો તેઓને તે અંગે થતા ખર્ચના ૫૦ ટકા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવશે એવું જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રીના તા. ૨૦-૭-૧૯૬૩ના પત્રાંક એફ. ૩૩-૨૧-૬૩ (સી.યુ.પી.) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૬. પ્રથમ વર્ષ વિનયન (એક્સ્ટર્નલ) પરીક્ષાના એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓને માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાનારી નિયમિત વિદ્યાર્થીઓ માટેની પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપવાના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૫૭. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) યુનિવર્સિટી કેન્ટીનના હાલના કોન્ટ્રાક્ટર શ્રી. નટવરલાલ એસ. પટેલના કોન્ટ્રાક્ટની મુદત વધુ એક માસ લંબાવ્યાના;

(૨) ચાલુ વર્ષે પડેલી પ્રણાલિકાને અનુસરીને નીચેની પરિષદમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પણ પ્રતિનિધિ નહિ મોકલ્યાના :

પરિષદ	સ્થળ	તારીખ
ધી ઇન્ડિયન એસોસિયેશન ઓફ ટીચર્સ ઓફ ફ્રેન્ચની દસમી સભા	મુંબઈ	જાન્યુઆરી ૩૧થી ૩ ફેબ્રુઆરી ૧૯૬૪ દરમિયાન

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૮. માર્ચ-એપ્રિલ ૧૯૬૨ની ઇન્ટર કોમર્સની પરીક્ષામાં બેઠક નં. ૫૪થી બેઠેલા વિદ્યાર્થી શ્રી. ભરત કાન્તિલાલ દલાલના કેસ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વીગતો તપાસ્યા પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ વિદ્યાર્થી દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેસીને તેમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ખરેખર પાસ થાય નહિ ત્યાં સુધી તેને તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલો જાહેર કરી શકાય નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૨૬૮૫/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી ૧૬, ૧૯૬૪.
પૌષ ૨૬, ૧૮૮૫ (શક).

ક્રં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૭

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ યુટિલાઇઝેશન કમિટીની એકવીસમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર તા. ૪-૧૨-૧૯૬૩ના રોજ સાંજે ૪-૦૦ કલાકે મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૪. ડૉ. વાય. જી. નાયક	હાજર
૫. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર
૬. આચાર્ય જે. બી. સાણ્ડલ	ગેરહાજર
૭. આચાર્ય કે. જી. નાયક	ગેરહાજર.

બેઠકનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. ગ્રાન્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૪-૮-૧૯૬૩ ને બુધવારના રોજ મળેલી વીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૪-૮-૧૯૬૩ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગ્રાન્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૪-૮-૧૯૬૩ની બેઠકમાં નીચેના શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ વીગતો મગાવવાનું ઠરાવતાં તે અંગે આવેલ વીગતો પરત્વે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	વિષય	મગાવેલ વીગત
૧.	પ્રો. કે. એમ. પટેલ, શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	"Chelation"	આચાર્યને પુછાવવું કે આ બંનેના સંશોધનકાર્યમાં તેઓ દોરવણી આપી શકશે કે કેમ? જો આપી શકે તેમ હોય તો આ બંને સભ્યોના પ્રોજેક્ટની માગણી ભેગી મોકલવા જણાવવું. તેમ જ આ સંશોધનની અગત્ય શી છે તે અંગેની વીગતો પણ મોકલવા જણાવવું.
૨.	પ્રો. કે. એચ. જાદવ, શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	"Physio-Chemical studies on metal chelates"	

આવેલ વીગત: સંશોધન માટે આચાર્ય બંનેને દોરવણી આપી શકશે એમ જણાવે છે. વધુમાં સંશોધનની અગત્ય જણાવી બંનેની માગણી અલગ મોકલી આપીને પોતે પણ રૂા. ૧૨,૦૦૦ની ગ્રાન્ટની માગણી કરી છે. કુલ રૂા. ૨૩,૦૦૦ની ગ્રાન્ટ માગવામાં આવી છે.

૩.	પ્રો. આઈ. એમ પટેલ, શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	"Identification of molecular spectra of some diatomic moleculas"	તેઓનું આ કામ પીએચ.ડી. કે અન્ય કોઈ સંશોધન પદવી માટે છે કે કેમ તે પુછાવવું. વધુમાં જણાવવું કે તેમના સંશોધકાર્યને જરૂરી એવી પ્રયોગશાળા પ્રથમ સંસ્થા ઊભી કરે ત્યારબાદ જ ગ્રાન્ટ અંગે વિચારી શકાય અને રૂા. ૬,૫૦૦ની માગણીમાંથી પ્રત્યક્ષ તેમને કેટલી મદદ જોઈએ છે તે અને સંસ્થા કેટલો ફાળો આપશે તેની પણ સ્પષ્ટતા કરવા જણાવવું.

આવેલ વીગત: પોતાનું સંશોધનકાર્ય પીએચ.ડી. કે અન્ય સંશોધન પદવી માટે ન હોવાનું જણાવી સંસ્થા દ્વારા પ્રયોગશાળા ઊભી કરવાની ખાતરી આપે છે. પ્રત્યક્ષ રૂા. ૬,૫૦૦ની મદદની માગણી કરે છે અને કૉલેજ રૂા. ૭,૫૦૦ આપશે તેમ જણાવે છે.

૪.	પ્રો. વી. ટી. ઓઝા, એમ. એન. કૉલેજ, વીસનગર	"Reaction of cinitrogen tetroxide and its thermal dissociation products with oxide of (*a*) uranium, (*b*) with dulphides reactionity of different inorganic salts with N 24 in presence of organic solvents"	શ્રી. ઓઝા પાસેથી તેમના સંશોધન માટે કયાં ચોક્કસ રસાયણિક દ્રવ્યો જોઈએ છે તેની યાદી મગાવવી. ઉપરાંત, જણાવવું કે, સંશોધન માટેનું એપરેટસ તેમણે પૂરું પાડવું પડશે.

આવેલ વીગત: જરૂરી રાસાયણિક દ્રવ્યોની યાદી આવેલ છે. જ્યારે એપરેટસ પૂરું પાડવા અંગે સ્પષ્ટતા ન કરી હોઈ ફરીથી પુછાવવામાં આવેલ છે.

૫.	પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત	"Synthesis of basic amides"	શ્રી. ત્રિવેદીને જણાવવું કે, તેમના સંશોધન માટે કયાં ચોક્કસ રાસાયણિક દ્રવ્યોની તેમને જરૂર છે તેની યાદી અત્રે મોકલી આપે. વધુમાં તેમને જણાવવું

કે, સંશોધન માટે એપરેટસ સંસ્થાએ પૂરું પાડવાનું રહેશે અને સંશોધન માટે પ્રથમ જરૂરી સાધનો દ્વારા પ્રયોગશાળા ઊભી કરે પછી જ ગ્રાન્ટ અંગે વિચારી શકાય.

આવેલ વીગત : જરૂરી રાસાયણિક દ્રવ્યોની યાદી મોકલી આપી છે. અન્ય બાબતોમાં પત્રમાં જણાવેલ વીગતો અનુસાર સંમત થતા હોય તેમ જણાતું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના શિક્ષકો તરફથી સંશોધન-ગ્રાન્ટ મેળવવા અંગે આવેલ અરજીઓ પરત્વે તેમનાં નામ સામે જણાવ્યા મુજબ પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ક્રમાંક	નામ	સંશોધન વિષય	ગ્રાન્ટની રકમ રૂા.	નોંધ
૧.	પ્રો. કે. એમ. પટેલ, શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	"Chelation"		આર્યશ્રીને જણાવવું કે તેઓએ સંશોધન-ગ્રાન્ટ મેળવવા માટે તેમના સંશોધનના વિષય અંગેની Well Planned Scheme મોકલી આપવી અને સંશોધન માટે થનાર ખર્ચની કુલ રકમમાંથી કેટલી રકમ તેઓ આપશે તે પુછાવવું.
૨.	પ્રો. કે. એસ. જાદવ, શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	"Phsio-Chemical studies on metal chelates"	૧૧,૦૦૦	
૩.	આચાર્ય એલ. ડી. દવે, શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	,,	૧૨,૦૦૦	
૪.	પ્રો. આઈ. એમ. પટેલ, પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	"Identification of molecular spectra of some diatomic moleculas"	રૂા. ૬,૫૦૦	મજકૂર સંશોધનને અંગે જરૂરી એવાં સાધનો અને પુસ્તકો કૉલેજ પૂરાં પાડે એવી શરતે ફક્ત રાસાયણિક દ્રવ્યોની ખરીદી માટે રૂા. ૭૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવી.

૫.	પ્રો. વી. ટી. ઓઝા, એમ. એન. કૉલેજ, વીસનગર	"Reaction of cinotrogen tetroxide and its thermal dissociation of (*a*) uranium (*b*) with sulphides reactionity of different inorganic salts with N204in presence of organic solvants"	રૂા. ૩,૦૦૦ એપરેટસ માટે અને રૂા. ૨,૦૦૦ કેમિકલ્સ માટે	શ્રી. ઓઝાની માગણી સ્વીકારવા નહિ એમ જણાવવું.
૬.	પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	"Synthesis of basic amides"	રૂા. ૬,૦૦૦	શ્રી. ત્રિવેદીને હાલમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા સ્ટેટ સરકારની સંશોધન ગ્રાન્ટ મળતી હોવાથી તેમની વિનંતી સ્વીકારવી નહિ.

૩. બી.જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદના શ્રી. એચ. જી. શાસ્ત્રીએ કેટલાક પ્રાચીન અભિલેખો ઉકેલવા માટે રૂા. ૫૦૦ની સંશોધન-ગ્રાન્ટની કરેલ માગણી પર વર્ષ ૧૯૬૩-૬૪ માટે તેમને રૂા. ૩૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪. સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદના પ્રો. જે. પી. ત્રિવેદીની રૂા. ૨,૫૦૦ની સંશોધન-ગ્રાન્ટ માટેની માગણી ઉપર ગ્રાન્ટ યુટિલાઇઝેશન કમિટીએ રાસાયણિક દ્રવ્યો માટે રૂા. ૭૫૦ સુધીની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપેલી. તેમની રાસાયણિક દ્રવ્યો માટેની માગણી ઉપર પ્રો. બી. કે. વૈદ્યના મોકલવામાં આવેલ અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.

પ્રો. બી. કે. વૈદ્ય રૂા. ૮૦૦ સુધીની ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરે છે અને જણાવે છે કે વધુ ગ્રાન્ટ માટે જરૂરી આયાત લાયસન્સ મેળવ્યા બાદ વિચારણા થઈ શકે.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. જે. પી. ત્રિવેદીની રૂા. ૨,૫૦૦ની સંશોધન-ગ્રાન્ટની વિનંતી સ્વીકારવી નહિ.

૫. એચ. ઍન્ડ એચ. બી. કૉટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટના પ્રો. એ. જી. મુનશીને વર્ષ ૧૯૬૦-૬૧માં "Organic Chemistry, study in substituted 5-aminoacridine

series" એ વિષય પર સંશોધન કરવા માટે આપવામાં આવેલ રૂા. ૬૦૦ની સંશોધન-ગ્રાન્ટના ઉપયોગ માટે ૧૯૬૪ના જૂન સુધીની એક વર્ષની વધુ મુદત આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬. ૧૯૬૨-૬૩ના વર્ષ દરમિયાન નીચેના શિક્ષકોને સંશોધન-ગ્રાન્ટ આપવામાં આવેલ તેમના તરફથી સંશોધન-કાર્ય અંગેના આવેલ વચગાળાના પ્રોગ્રેસ રિપોર્ટ જાણ સારુ:

ક્રમાંક	નામ	વિષય	આપેલ રકમ
૧.	ડૉ. બી. ડી. મિશ્રા, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૫	"Time of appearence and fusion of Epiphyses of long bones in Gujarat"	રૂા. ૧,૦૦૦
૨.	પ્રો. બી. જે. ઝવેરી, એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર	"The Kathiawari Boli"	રૂા. ૭૦૦
૩.	પ્રો. જે. ડી. તલાટી, પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	"Corrosion of Aluminium and its alloys"	રૂા. ૭૦૦
૪.	પ્રો. જી. એસ. પટેલ, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬	"Synthetic Haterocyclic compounds having antitubarculotic and antimatorial properties"	રૂા. ૩૦૦
૫.	પ્રિ. કે. જી. દેસાઈ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Educational and Psychological Testing to standardised a handwriting scale for School pupils"	રૂા. ૫૦૦
૬.	પ્રો. એમ. એમ. પાઠક, શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	"Investigation of the Historical and Cultured background of Panchmahals as reflected in Sanskrit and other literature"	રૂા. ૨૦૦
૭.	પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જલુંધ્રવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	"Synthesis of Hydantoins and related compounds"	રૂા. ૧,૦૦૦

૮.	પ્રો. વી. પી. ભટ્ટ, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	"Optical Study of etched surfaces of matal and natural crystals"	રૂ. ૫૦૦
૯.	પ્રો. વી. ડી. ઓઝા, એમ. એન. કૉલેજ, વીસનગર	"Reactivity of dinitrogen tetroxide and its thermal dissociation products with sacts, organic acids and bases"	રૂ. ૧,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત શિક્ષકોને વર્ષ ૧૯૬૨-૬૩ દરમિયાન આપવામાં આવેલ સંશોધન-ગ્રાન્ટ અંગે તેમના કાર્યના વચગાળાના અહેવાલ આવ્યા છે તે તે અહેવાલ તેમની વિદ્યાશાખાના ડીનને જાણ માટે અને જો કોઈ સૂચન કરવા જેવું લાગે તો તે કરવા માટે મોકલી આપવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧૮

A meeting of the Committee appointed by the Syndicate to submit the proposal for the establishment of a department of Chemical Technology was convened by the Director, University School of Sciences on Tuesday, Novembar 26, 1963 at 5-00 p.m. at his office when all the members were present :

1. Principal Y G. Naik,
Principal, Gujarat College, Ahmedaba-6

2. Dr. Vikram A. Sarabhai,
Physical Research Laboratory, Ahmedabad-9

3. Professor B. K. Vaidya,
Professor of Chemistary,
Gujarat University, Ahmedabad-9

4. Professor J. J. Chinoy,
Director, University School of Sciences,
Gujarat University, Ahmedabad-9

The Committee discussed at length the draft proposals prepared by Dr. Vaidya (Appendix 'A') in the light of the suggestions which were received by him from Prof. G. M. Babar, Director, Bombay University, Department of Chemical Technology and Prof. N. R. Kamath, Deputy Director of the Indian Institute of Technology, when he visited Bombay from October 4-7, 1963.

The proposals finally adopted at the meeting are :

1. The department to be established should be a post-graduate Department of the Gujarat University, leading to the Post-graduate Degree of B.Sc. (Tech.)

2. The duration of the course was proposed to be the 3 years with the following subjects :

(1) A course of basic Chemical Engineering during the first two years with specialisation in any one of the following subjects in the last year (third year):

(*a*) Advanced Chemical Engineering including Instrumentation Process Control or Plant design construction.

(*b*) Textile Chemistry

(*c*) Petro-Chemicals

(*d*) Fine Chemicals Pharmaceuticals

(*e*) Oil Chemistry and Oil Technology

(*f*) Fermentation Tchnology.

Each of the those six Sections of the Department are listed in order of priority to be given to them according to their importance and according to the facilities available as regards the Funds, the building accommodation and availability of the suitably qualified members of the staff.

Basic training would be necessary in Chemical Engineering during the first two years of the course with specialisation in one of the six branches during the third year.

3. The number of students to be admitted is :

	No. of students
(*a*) Advanced Chemical Engineering, etc.	16
(*b*) Textile Chemistry	16
(*c*) Petro-Chemicals	8
(*d*) Fine Chemicals Pharmaceuticals	8
(*e*) Oil Chemistry and Oil Technology	8
(*f*) Fermentation Technology	8
	64

making a total of 64.

It is considered that a building three times the size of the University Chemistry Department under construction (Floor area 25,600 sq. ft.) would be adequate for the Department of Chemical Technology. This building could be constructed as an extension of the Chemistry building; and at a building rate of Rs. 22 - per sq. ft. (50% higher than the rate of construction of present chemistry building) the estimated cost would be Rs. 1,60,000 -. A further provision of Rs. 5 lacs for the services (electric water supplies, drainage, gas, furniture, etc.) will be required. The total cost will, therefore, be Rs. 21,00,000 -.

4. The cost of equipping the laboratories is estimated as follows:

	Rs.
(*a*) Advanced Chemiccal Engineering	10,00,000
(*b*) Textile Chemistry	10,00,000
(*c*) Petro-Chemicals	5,00,000
(*d*) Fine Chmicals Pharmaceuticals	5,00,000
(*e*) Oil Chemistry and Oil Technology	5,00,000
(*f*) Fermantation Technology	5,00,000

(Details of the requisite equipments are being prepared.)

5. The annual recurring expenditure is estimated as follows:

		Rs.
(*A*)	(1) Director of the Department	18,000
	(2) Professor-in-charge of each of the six sections	72,000
	(3) Readers, one in each of the six sections	50,400
	(4) Lecturer, one in each of the six sections	28,800
	(5) Other laboratory staff including one Store-keeper one Assistant store-keeper-cum-store-clerk, 8 laboratory Assistants, Hamals, Sweeper, Watchmen, etc.	30,000
	(6) Administrative staff including office Superintendent, Assistant clerks, Typist, Hamals, etc.	12,000
	Total ..	2,11,200

(*Note.*—If suitably qualified Professors are not avilable to head each of the six sections the posts should be held vacant and additional Readers may be appointed for a proper working of each section.)

(*B*) Chemicals, apparatus, replacement, etc. 5,00,000

Thus the total recurring expenditure is expected not to exceed Rs. 7½ lacs.

(બ) આજે યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટીમાં પહેલી જ વાર દાખલ થતા વિદ્યાર્થીઓની જે આરોગ્ય તપાસ થાય છે, તે વાસ્તે કૉલેજ પાસે જરૂરી રાચરચીલું (દાક્તર પોતાની સાથે લાવે— દા.ત., સ્ટેથોસ્કોપ, બ્લડપ્રેશર યંત્ર વગેરે તે સિવાયનું) હોવું જોઈએ. આમાં ઓછામાં ઓછાં નીચે જણાવેલાં સાધનો આવશ્યક ગણવાં :

૧. વજન કરવાનો કાંટો
૨. ઊંચાઈ તથા છાતી માપવાનું સાધન
૩. આંખની નજર માપવાનું ચાર્ટ — વિઝન ચાર્ટ
૪. પેશાબ તપાસવાનાં સાધનો ને દવાઓ.

આ જોગવાઈ દરેક કૉલેજમાં હોવી જાઈએ, અને તે માટે અંદાજે દોઢસો રૂપિયા ખર્ચ થાય એવું અમને લાગે છે.

(ક) આ તપાસમાં રોગી જણાયેલા વિદ્યાર્થીઓને ફરી બીજે વર્ષે તપાસવામાં આવે છે, પરંતુ તે પૂરતું ન ગણાવું જોઈએ. આવા વિદ્યાર્થીઓ અંગેની માહિતી (આરોગ્યપત્રકની નકલ કે સંક્ષિપ્ત કાર્ડ) દરેક કૉલેજ પાસે રહેવી જોઈએ અને વર્ષ દરમિયાન કૉલેજ તરફથી તે વિદ્યાર્થીની દેખરેખ રખાવી જોઈએ.

જે વિદ્યાર્થીને તાત્કાલિક સારવારની જરૂર હોય તેની કાળવણી તપાસનાર ડાક્તરો જ કરે અને તે અંગે પ્રિન્સિપાલને જુદો રિપોર્ટ આપે.

આવા વિદ્યાર્થીના વાલી એમને મળેલી સલાહ અમલમાં મૂકવા નારાજ હોય તો તેની લેખિત ખબર મેળવવી આવશ્યક રહેશે.

(ડ) આવા વિદ્યાર્થીમાંથી કોઈ વિદ્યાર્થી કૉલેજ બદલે તો તેના ટી. સી. સાથે કૉલેજમાં રાખેલું તેનું આરોગ્યકાર્ડ પણ નવી કૉલેજમાં મોકલાય એવી વ્યવસ્થા હોવી જોઈએ.

૨. છાત્રોલય અને છાત્રેતર વિદ્યાર્થીઓ માટે વીગતે વિચારવાનું બીજી સભા પર મુલતવી રાખવામાં આવ્યું.

પ્રમુખનો આભાર માની સભા પૂરી કરવામાં આવી.

કાં. સ. શાહ,
આવાહક.

કૉલેજોમાં આરોગ્યકેન્દ્ર સ્થાપવા અંગે યોજના ઘડવા સિન્ડિકેટે નીમેલી સમિતિની બીજી સભા બુધવાર, તા. ૪-૧૨-૧૯૬૩ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે મળી હતી. તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૨. ડૉ. મોતીભાઈ પટેલ	હાજર
૩. પ્રિ. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર
૪. ચીફ મેડિકલ ઑફિસર	હાજર.

આ સભામાં નીચે મુજબ કામ થયું હતું :

૧. ગઈ સભાના અહેવાલને બહાલી આપવા બાબત :

ગઈ સભામાં થયેલા કામની નોંધ સભા સમક્ષ વાંચી સંભળાવવામાં આવી હતી અને તે ઉપર પ્રમુખ શ્રી. ભગનભાઈ દેસાઈએ સહી કરી હતી.

૨. ગઈ સભામાં બાકી રહેલા નીચેના મુદ્દાની આગળ વિચારણા કરવા બાબત :

(૧) આથી સિન્ડિકેટ અને અધિકૃત સમિતિઓને ભલામણ કરવામાં આવે છે કે, આગામી વર્ષમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી અને માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ નીરોગી બને તે હેતુથી દાક્તરી સારવાર અને દવા માટે હેલ્થ સેન્ટર નભાવવામાં આવે તેને યોગ્ય સહાય કરવા રૂપિયા વીસ હજાર મંજૂર કરવા. આવી સહાય માટેની યોજના સમયસર ઘડીને આગામી વર્ષમાં આ રકમ અવશ્ય ખર્ચવી.

(૨) ચાલુ વર્ષના જૂન માસમાં ભરાયેલા દાક્તરોના પરિસંવાદમાં થયેલ ભલામણો તથા તે ઉપરથી બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરે સિન્ડિકેટને જે ભલામણો કરી છે તે ભલામણોને ઉપર્યુક્ત ઠરાવની સાથે સાથે વિચારવા બાબત.

(અ) પહેલી સભામાં નક્કી થયેલા મુદ્દા ઉપરાંત, આરોગ્યકેન્દ્ર માટે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. આરોગ્ય કેન્દ્રની પ્રવૃત્તિ વિદ્યાર્થી-કલ્યાણ-પ્રવૃત્તિના એક ભાગ તરીકે લેખાવી જોઈએ અને તે રીતે એનો વિકાસ થવો જોઈએ. કૉલેજોને જોડાણ આપતી વખતે જોડાણની શરતોના એક અંગ તરીકે આ યોજનાનો વિચાર થવો જોઈએ.

૨. આ યોજનાનું નિરીક્ષણ કરવાનું, તે અંગે સલાહ-સૂચનો આપવાનું વગેરે કામ યુનિવર્સિટીના આરોગ્ય ખાતાનું રહેશે.

૩. આરોગ્ય કેન્દ્ર માટે માનદ અથવા તો વેતન લેનાર દાક્તરની વ્યવસ્થા કરવાનું આવશ્યક રહેશે.

૪. આરોગ્ય કેન્દ્ર માટે ખર્ચની જોગવાઈ જે તે કૉલેજે કરવાની રહેશે. તેમાં યુનિવર્સિટી તરફથી મદદ આપવા માટે અમુક ધોરણ નક્કી કરવા ભલામણ છે. આ મદદમાં —

(અ) વજનનો કાંટો વગેરે જેવી થાપણ ખર્ચની બાબતો પેટે પચાસ ટકા સુધી મદદ આપી શકાય.

(બ) દાક્તરની જોગવાઈ પેટે પણ એ રીતનો મદદનો અંદાજ નક્કી કરવો, જેથી દરેક કેન્દ્ર માટે દાક્તરની વ્યવસ્થિત જોગવાઈ રાખી શકાય.

(ક) ગરીબ વિદ્યાર્થીઓને આરોગ્ય સુધારવા મદદ આપવાનું ધોરણ આજે ચાલુ છે તે ચાલુ રહે તે ઉપરાંત કૉલેજના આરોગ્યકેન્દ્રને દવાદારૂ અંગે જે ચાલુ ખર્ચ થાય તે પેટે કૉલેજ વિદ્યાર્થીઓની ફીમાંથી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળતી મદદમાંથી કરે. તે ઉપરાંત યુનિવર્સિટી જરૂર જોઈને અમુક મદદ પણ આપે એવું ધોરણ વિચારી શકાય એવી ભલામણ છે.

યુનિવર્સિટીએ આ અંગે જે રૂપિયા વીસ હજારની જોગવાઈ કરી છે તે રકમ આ રીતે કામ લાગી શકે, એમ માનીએ છીએ.

૫. છાત્રાલયને માટે પણ આ સેન્ટરે સંભાળ રાખવાની રહેશે. એને માટે એવી ખાસ જોગવાઈ જોઈએ કે, અમુક નિયમિત વખતે દાક્તર મુલાકાત લે, તથા અકસ્માત કે તાત્કાલિક જરૂર હોય તે વખતે જ્યારે બોલાવવામાં આવે ત્યારે મળી આવે. વધારામાં તાત્કાલિક સારવારનાં સાધનો વસાવવાનું આવશ્યક ગણવું.

(બ) દાક્તરોના પરિસંવાદ પરથી વેલ્ફેર બૉર્ડે કરેલા જે સૂચનો સિન્ડિકેટે માન્ય રાખ્યાં છે તે પણ વિચારવામાં આવ્યાં. સિન્ડિકેટનાં સૂચનો સાથે આ સમિતિ સંમત છે. તે કૉલેજો પર પરિપત્રિત પણ કરવામાં આવ્યાં છે તેની નોંધ લીધી. જ્યારે આ આખી યોજના મંજૂર થાય ત્યારે સદરહુ સૂચનો તેમાં વણી લેવા ભલામણ છે. (સૂચનો પરિશિષ્ટમાં આપેલાં છે.) વિશેષમાં વ્યાપક અગર સામાન્ય શિક્ષણના એક અંગ તરીકે વિદ્યાર્થીઓને આહારવિહાર તથા આરોગ્ય સંબંધી સામાન્ય જ્ઞાન મળે એ હેતુથી વ્યાખ્યાનો ગોઠવવાનું તથા આરોગ્યને લગતાં પુસ્તકો વસાવવાનું કાર્ય પણ અરોગ્યકેન્દ્રના એક ભાગ તરીકે લેખાવું જોઈએ એવી ભલામણ છે.

અંતે ઠરાવવામાં આવ્યું કે, આ સમિતિની પહેલી બેઠકનો તથા આ બીજી બેઠકનો હેવાલ તેમાં સૂચવેલી બધી ભલામણો સમગ્રપણે સાથે વિચારવામાં આવે, તે માટે આ સમિતિની બંને બેઠકોનો હેવાલ ભેગો જોઈને, આરોગ્ય કેન્દ્રનું સંગઠન યોજવાનું વિચારવામાં આવે, એવી ભલામણ છે.

આ પછી સભાનું કામ પૂરું થયું હતું.

કાં સ. શાહ,
આવાહક.

વિષય.—વેલ્ફેર બૉર્ડની ભલામણો બાબત

આચાર્યશ્રી,

ગયા જૂન માસમાં વિદ્યાર્થીઓને તપાસનાર તબીબોનો એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં થયેલી ભલામણો પર વિચારણા કરી, યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર તરફથી સૂચવાયેલી નીચે જણાવેલી ભલામણો સિન્ડિકેટે તેની તા. ૧૦-૮-૧૯૬૩ની સભામાં મંજૂર રાખી છે:

૧. તબીબી તપાસ માટેનાં આવશ્યક સાધનો, જેવાં કે, વજન કરવાનો લિવરનો કાંટો, ટેસ્ટ ટ્યૂબ્સ, વિઝન-ચાર્ટ, રિએજન્ટ્સ વગેરે દાક્તરોને પૂરાં પાડવા કૉલેજોને વિનંતી કરવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, કૉલેજ હૉસ્ટેલ સાથે દાક્તર સંલગ્ન હોય તો તે અને ન હોય તો વિદ્યાર્થીઓની તપાસ કરનાર દાક્તરો છાત્રાલયનો ખોરાક તથા સેનેટરી વ્યવસ્થાની તપાસ કરે અને યુનિવર્સિટીને લેખિત હેવાલ મોકલે, તેમ કરવા કૉલેજના આચાર્યને જણાવવું.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓની તપાસ વખતે જે વિદ્યાર્થીઓને તાત્કાલિક ઇલાજ કરાવવાની જરૂર હોય તેને એ ઇમર્જન્સી કાર્ડ આપવાં અને આમાંનું એક પ્રિન્સિપાલને આપે અને બીજું યુનિવર્સિટી પર મોકલવામાં આવે તેમ દાક્તરને જણાવવું. (કાર્ડ થોડા વખતમાં આપની તરફ મોકલવામાં આવશે.)

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે, તબીબી તપાસ પૂરી થાય ત્યારે તપાસની પોતાના મન પર જે છાપ પડી હોય તેનો ટૂંકો હેવાલ દાક્તરો યુનિવર્સિટી પર લખી મોકલે તેમ તેઓને જણાવવું. આશા છે કે આ સૂચનોનો ઘટતો અમલ આપની કૉલેજમાં થાય તે માટે આપ જરૂરી પગલાં લેશો.

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૪૭

બી.એસસી.ના નવા અભ્યાસક્રમનું માળખું નીચે મુજબ છે :

વર્ષ	ફરજિયાત વિષયો	મરજિયાત વિષયો
(૧) ફર્સ્ટ ઇયર	૧. અંગ્રેજી, ૨. જન. એજ્યુકેશન	સાયન્સ વિષયો પૈકીના ત્રણ વિષયો અને તે દરેકના બે પેપરો (૩×૨=૬ પેપરો).
(૨) સેકન્ડ ઇયર	૧. અંગ્રેજી, ૨. જનરલ એજ્યુકેશન	સાયન્સ વિષયો પૈકીના ત્રણ વિષયો અને તે દરેકના બે પેપરો (૩×૨=૬ પેપરો).
(૩) થર્ડ ઇયર	૧. અંગ્રેજી	૧. જનરલ કોર્સ : સાયન્સ વિષયો પૈકીના ત્રણ વિષયો અને તે દરેકના બે પેપરો (૩×૨=૬ પેપરો) **અથવા** ૨. ઑનર્સ કોર્સ : કોઈ પણ સાયન્સ વિષયમાં ૭ પેપરો.

(૧) ઉપરોક્ત માળખું જેનાં હાલ જે કૉલેજો સબ્સિડિયરી વિષયોમાં જોડાણ ધરાવે છે તેમને તે વિષયના જનરલ અભ્યાસક્રમ થર્ડ ઇયર સુધી શીખવી શકે એમ માનવું છે. અને જે વિષયમાં સબ્સિડિયરીનું જોડાણ હોય તે જનરલ વિષય તરીકે શીખવવા માગતા હોય તો નવેસરથી જોડાણ માગવાની જરૂર નથી.

(૨) તે જ પ્રમાણે જે વિષયમાં પ્રિન્સિપલનું જોડાણ હોય તે વિષય તેઓ "થર્ડ ઇયર"માં ઑનર્સ કોર્સમાં આપી શકે, પરંતુ જે વિષયનું સબ્સિડિયરી પૂરતું જ જોડાણ હોય તે વિષયમાં ઑનર્સ કોર્સ આપી શકે નહિ. ઑનર્સ કોર્સ તે વિષયમાં આપવો હોય તો તે માટે જુદું જોડાણ મેળવવું જોઈએ.

(નોંધ.—ઉપરોક્ત ૧ અને ૨ મુદ્દા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬-૩-૧૯૬૩ની સભામાં મંજૂર કરેલી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નીચે મુજબ છે :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં, માત્ર અભ્યાસક્રમના માળખાના ફેરફારને કારણે, કોઈ કૉલેજ માટે, અન્યથા આવશ્યક ન હોય તો, જુદા જોડાણ માટે અરજી કરવાનું જરૂરી જણાતું નથી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, જે કૉલેજોને ઇન્ટરમીડિયેટ કક્ષા સુધી જોડાણ મળ્યું હોય તે કૉલેજોમાં નવા અભ્યાસક્રમ હેઠળ પદવી પરીક્ષાના પ્રથમ વર્ષનો અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થીઓ જો અન્યથા પરીક્ષામાં બેસવાને પાત્ર હોય તો તેમને પરીક્ષામાં બેસવા દેવા જોઈએ.

આ બે બાબતની સ્પષ્ટતા સાયન્સ ફેકલ્ટી માટે જ જરૂરી છે, કારણ કે, ત્યાં જનરલ અને ઑનર્સ એમ બે પ્રકારના કોર્સ છે. આર્ટ્સ ફેકલ્ટીમાં ફક્ત એક જ જાતનું "પેટર્ન" હોવાથી ત્યાં આ મુશ્કેલી નથી.")

(૩) આ સાથે બીજો સંબંધિત મુદ્દો એ છે કે આપણે ડિગ્રી કોર્સના ત્રીજા વર્ષમાં જે તે વિષય શીખવવો હોય તો પ્રોફેસરની નિમણૂક જરૂરી ગણી છે, તો આ નિયમ "ઑનર્સ કોર્સ" શીખવવા માટે જ બંધનકારક ગણવો કે જનરલ કોર્સ પણ ત્રીજા વર્ષમાં શીખવવા માટે પ્રોફેસરની નિમણૂક આવશ્યક ગણવી કે કેમ તે પણ વિચારવાનું રહે છે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૨

The following shall be the procedure for the execution of research projects on specific problems for which grants are given by Governmetal as well as Semi-Governmental bodies like, the C. S. I. R., the I. C. A. R., the Central Government grant under P.L. 480, Gujarat State Government grants, and others :

(1) Over and above the rules governing the specific grant laid down by the authority giving the grant all relevant rules of Gujarat University shall apply in matters of discipline and control of the staff members such as research officers and fellows, research assistants, and administrative staff.

(2) Maintenence of a separate account for expenditures incurred under a spcific grant shall be the responsibility of the teacher receiving such a grant. These accounts shall be subjected to periodic checking by the Accounts Clerk of the School and the Accounts Department of the University.

(3) A committee consisting of the Director of the School, Head of the Department concerned, the person in charge of the scheme and an expert in the subject appointed by the Director shall select the research and other administrative staff provided under the research scheme, provided that no person who is engaged in study or research or any other employment shall be employed as a full-time research assistant or worker in any capacity under this scheme.

(4) Purchase of the chemicals, apparatus and other equipment from the specific research grant shall be made in accordance with rules laid down by the University after obtaining the sanction of the Head of the Department, the Director of the School or the Vice-Chancellor for sums up to Rs. 100, 200 or 1,000/-respectively

as the case may be. For expenditures above Rs. 1,000/-sanction shall be obtained of the Committee consisting of the Vice-Chancellor or his nominee and the Heads of the Departments of the School.

(5) The Officer in charge of the research project shall be the controlling Officer and responsible for passing the bills, vouchers, etc., and for submitting an annual report in quadruplicate detailing the research work done during the year together with a statement of receipts and expendicture incurred from the funds allotted to him for research, one copy for the Institution or authority giving the grant, two for the University office and the fourth one for the office of the School.

Gujarat University Press, Ahmedabad.

G.U.P. 1397-350-1-64

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના જાન્યુઆરી માસની વિશેષ સભા, શનિવાર, તા. ૧૮-૧-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનેાટ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાણ્ડેલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. હાકેારભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મેાતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચેનેાય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છેાટાલાલ દેસાઈ	ગેરહાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર.

૧. તા. ૪-૧-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૪ના જાન્યુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૪-૧-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૪ના જાન્યુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. એપ્રિલ ૧૯૬૩માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ પરીક્ષાર્થી શ્રી. ચંદ્રવદન રમણલાલ ભટ્ટે બોટી રીતે હાજરી પુરાવી સત્રો માન્ય કરાવ્યાં અંગેના એક નનામા પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીનું ડિગ્રી સર્ટિફિકેટ અટકાવવામાં આવેલ છે, અને હાજરીની તપાસ અંગે માહિતી માગતો તા. ૧૬-૧૨-૧૯૬૩નો રજિસ્ટર્ડ પત્ર, તેઓ સ્વીકારતા નથી, એ મતલબની નોંધ સાથે પાછો આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં શ્રી. ચંદ્રવદન રમણલાલ ભટ્ટે કૉલેજમાં પ્રાયોગિક કામ કર્યું હોય તો તેના તે કામનો રેકર્ડ હશે, તથા પ્રયોગશાળાના સ્ટાફના સભ્યોને પણ તે અંગે જાણ હોવી જોઈએ; તો તે અંગે ઘટતી તપાસ કરવા માટે આચાર્યને લખવું. દરમિયાન એ ભાઈને પદવી-પ્રમાણપત્ર આપવું નહિ, તથા ઉત્તીર્ણતાનું પ્રમાણપત્ર ન આપવા માટે કૉલેજને પણ સૂચના આપવી.

૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજને ૧૯૬૩થી જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલન અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ કૉલેજમાં નીચેની શરતોનું પરિપાલન થવાનું હજુ બાકી છે :

(૧) શરત ક્રમાંક ૧ : (અ) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટરો નિમાયા નથી;
(બ) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા નિમાયા નથી.

(૨) શરત ક્રમાંક ૨ : સીનિયર વિદ્યાર્થીઓ માટે અલાયદો બેસેન્સ રૂમ કરવો.

(૨) સદરહુ બાબત તા. ૨૩-૩-૧૯૬૩ની સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવેલ. સિન્ડિકેટે તાકીદે અહેવાલ મોકલવા જણાવેલ. તેમ નહિ થતાં સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૦-૧૯૬૩ની સભામાં તે ગંભીર બાબત ગણી તા. ૨૦-૧૧-૧૯૬૩ સુધીમાં શરતનું પાલન કરવા જણાવેલ; છતાં કૉલેજ તેના તા. ૨૦-૧૧-૧૯૬૩ના પત્રથી જણાવે છે કે, શરતોના પરિપાલન અંગેની ઘટતી કાર્યવાહી ચાલુ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને તથા રાજ્યના શિક્ષણસંચાલકને જણાવવું કે, જોડાણની શરતોનું પરિપાલન કરવામાં આવશે નહિ તો જોડાણ માટે ભલામણ કરવાનું બની શકશે નહિ, તથા જોડાણ માટેની નવી અરજી પર વિચારણા કરવાનું બની શકશે નહિ.

૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણો,

જેની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાએ નોંધ લીધી છે તે બલામણો, પરત્વે વિચારણા કરીને પરીક્ષકો તથા પ્રાશ્નિકોની નિમણૂકો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ ૧૯૬૪માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકોની યાદી, સભામાં કરવામાં આવેલા ફેરફાર સહિત, મંજૂર કરવી.

(નોંધ.—મંજૂર કરવામાં આવેલી નિમણૂકોની યાદી પરિશિષ્ટ તરીકે મૂકવામાં આવી નથી.)

૫. શ્રી. એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગરમાં અંગ્રેજીના એક લેકચરરની જગ્યાએ ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું ટયૂટરથી કામ ચલાવવાની છૂટ સિન્ડિકેટની તા. ૧૩-૭-૧૯૬૩ની સભાએ આપી હોઈ, તા. ૧૬-૧૧-૧૯૬૩ની સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજે તાકીદે વ્યાખ્યાતા નીમવાના રહેતા નથી, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, ૧૫મી જૂન ૧૯૬૪થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૬. ઑર્ડિનન્સ ૧૮૫ મુજબ શ્રી. એસ. વી. વીરાણી મલ્ટિપરપઝ હાઇસ્કૂલ, રાજકોટને પ્રેક્ટિસિંગ સ્કૂલ તરીકે માન્યતા આપવા અંગે પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૬-૧-૧૯૬૪ના પત્રાંક પી.ડી.એમ.જી.ટી.સી. ૪૪૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. વી. વીરાણી મલ્ટિપરપઝ હાઈસ્કૂલ, રાજકોટને ઑર્ડિનન્સ ૧૮૫ હેઠળ પ્રેક્ટિસિંગ સ્કૂલ તરીકે માન્યતા આપવી.

૭. એલ. ડી. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના અધ્યક્ષ શ્રી. ડી. ડી. માલવણિયાની પીએચ.ડી. પદવી સંસ્કૃત અને પ્રાકૃત (દર્શન)ના વિષયોમાં બાન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતાના પ્રશ્ન પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના ઠરાવ પ્રમાણે શ્રી. ડી. આર. માંકડ અને શ્રી. આર. સી. પરીખના અભિપ્રાય મુજબ શ્રી. માલવણિયાને સંસ્કૃત અને/અથવા પ્રાકૃતમાં જૈન અથવા બૌદ્ધ દર્શનના વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે માર્ગદર્શન આપવા સારુ માન્યતા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દલસુખભાઈ ડી. માલવણિયાને પ્રાકૃતમાં જૈન દર્શનના વિષયમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે માન્યતા આપવી.

૮. સિન્ડિકેટની તા. ૧૪-૧૨-૧૯૬૩ની સભામાં રૂટે. ૪ (૩) (સી) અંગે થયેલ ઠરાવને અનુલક્ષીને પરદેશી યુનિવર્સિટીઓના સ્નાતકોને આ યુનિવર્સિટીના સ્નાતકો તરીકે નોંધવા અંગે કાર્યાલયની નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૪ (૩) (સી) હેઠળ પરદેશની યુનિવર્સિટીઓને માન્યતા આપવી નહિ.

૯. ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાએ નીમેલી 'Scientific Personnel Committee'ની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"The Scientific Personnel Committee has also recommended that Scientists in research institution should be encouraged to participate in part-time teaching work in Universities and higher educational institutions, and also teachers in Universities and higher educational institutions to take up part-time research work in Scientific Institutes."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષને મોકલીને તે ભલામણ અંગે આ યુનિવર્સિટીમાં કયાં પગલાં લઈ શકાય તેમ છે તેની વિચારણા કરીને યોજના રજૂ કરવા માટે જણાવવું.

૧૦. રીડર-ઇન-ઝૂલોજીની જગ્યા માટે ઓ. ૬૬ પ્રમાણે વરણીસમિતિના સિન્ડિકેટના ત્રણ સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઝૂલોજીના પ્રાધ્યાપક માટે સિન્ડિકેટે તેની તા. ૨-૨-૧૯૬૩ની સભામાં પ્રોફેસર જયોર્જ અને બારીની બે વ્યક્તિઓને નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓને નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(નોંધ.—રીડર-ઇન-ઝૂલોજી અને પ્રોફેસર-ઇન-ઝૂલોજીની જગ્યા માટે જુદા જુદા પ્રતિનિધિઓ નીમવાની જરૂર નથી.)

૧૧. સિન્ડિકેટે તેની તા. ૨-૨-૧૯૬૩ની સભામાં રાજ્યશાસ્ત્ર અથવા ઇતિહાસના પ્રાધ્યાપક માટે તથા ઇતિહાસના રીડર માટે ઓ. ૬૬ હેઠળ નિમાયેલ વરણીસમિતિના સભ્ય ડૉ. બી. એ. સાલેટોરના અવસાનથી ખાલી પડેલ જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બન્ને જગ્યા માટે બારીના બીજા બે સભ્યોનાં નામ કુ. આલુ દસ્તૂર અને પ્રો. જયોર્જ મોરાયેસ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે ડૉ. બી. એ. સાલેટોરની જગ્યાએ શ્રી. એ. જી. પવારની નિમણૂક કરવી.

૧૨. ફાઇનાન્સ કમિટીની તા. ૧૧-૧-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કમિટીની તા. ૧૧-૧-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૩. ડિરેક્ટરેટ ઑફ એકાઉન્ટ્સ એન્ડ ટ્રેઝરીઝ, લોકલ ઑડિટ ડિપાર્ટમેન્ટ તરફથી તા. ૭-૧૨-૧૯૬૩ના આવેલ પત્રાંક એલ. ૩૦-બી. ૨. ૫૬૦૬, સને ૫૮-૫૯ની યુનિવર્સિટી

ગ્રાન્ટની નોંધ અંગેના ઑડિટ રિપોર્ટના પેરા ૪ (બી) અને ૧૬ના નિકાલ અંગે કાર્યાલયે ઘડેલ નીચેના જવાબ પર વિચારણા કરવા બાબત:

પેરા ૪ (બી)

શ્રી. ડી. એન. પાઠક (રીડર-ઇન-પોલિટિક્સ)નો પગાર તા. ૧-૧૦-૧૯૫૪ના રોજ રૂા. ૪૦૦-૩૦-૭૦૦ના પગારધોરણમાં રૂા. ૪૨૫ નક્કી કરેલો. યુ.જી.સી.ના રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના ધોરણમાં તા. ૧-૪-૧૯૫૬ના રોજ આપણે તેમનો પગાર રૂા. ૫૦૦ નક્કી કરેલો જે બરાબર છે, તેમ નોંધ કહે છે. પણ ઑડિટનો વાંધો એ છે કે, તેમના જૂના ધોરણમાં પગાર કેટલો મળવો જોઈએ તે યુ.જી.સી.એ તેમને જૂના અને નવા ધોરણના તફાવત અંગેની ગ્રાન્ટ આપવા માટે જોવાનું રહે છે. આપણે જે જૂના ધોરણમાં પગાર આપેલ છે તેના આધારે જ આપણે યુ.જી.સી. પાસેથી નવા ધોરણમાં પગાર નક્કી કર્યો તેના તફાવતની ગ્રાન્ટ લઈએ છીએ, જે યુ.જી.સી.એ મંજૂર કરેલી છે એટલું જ નહિ, તે અંગે યુ.જી.સી. તરફથી કાંઈ વાંધો પણ લેવામાં આવ્યો નથી. તેથી આપણે ઑડિટરને જણાવેલ છે કે આ અંગે કોઈ ખાસ હુકમની જરૂર રહેતી નથી. છતાં તેઓ હજુ યુ.જી.સી.ની વિધિસરની મંજૂરી માટે આપણને દબાણ કરે છે, તો આપણે ફરીથી ઑડિટરને જણાવીએ કે આ અંગે કોઈ અલગ હુકમની જરૂર જણાતી નથી અને તેથી આ વાંધાને સેટલ થયેલ ગણવા વિનંતી છે.

પેરા ૧૬

આ અંગે ઑડિટનો મૂળ વાંધો નીચે પ્રમાણે છે:

"The University claimed Rs. 15,642/- and Rs. 11,028/- as depreciation grants for Building and Equipments, etc., respectively. These were sanctioned as per G.R.E.D. No. U.G C.-1158-U., dated 15-1-1959. It was seen that while working out the cost of the building, the expenditure on the following items was included in the total cost:

(*i*) Levelling of site
(*ii*) Fixtures such as electric tubes, fans, etc.

It is doubtful whether the expenditure on these items can be included in the cost worked out for the purposes of depreciation of the building. It was also seen that the cost of incomplete structures of the extent of actual expenditure was also included in the claim. As the procedure is contrary to the very principles of depreciation scheme, these amount will have to be omitted. The total amount claimed so far may be reported."

આપણે ઑડિટરને જણાવેલ કે, મકાનની કિંમતનો ઘસારો ગણવા માટે મકાનનું લેવલિંગ તથા ઇલેક્ટ્રિક ફિક્સ્ચર વગેરેનો ખર્ચ સામેલ કરવામાં આવે છે તે બરાબર છે. છતાં તેઓ તરફથી

ફરીથી લખાણ આવેલ છે કે, આ ખર્ચ ગ્રાન્ટ માટે ગણવા માટે રાજ્ય સરકારની મંજૂરી લેવી જરૂરી છે. તો આપણે ફરીથી ઑડિટરને જણાવીએ કે આ અંગે કોઈ મંજૂરી લેવાની જરૂર લાગતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એન. પાઠકના પગાર અંગે ઑડિટરના વાંધા બાબતમાં કાર્યાલયનો ઉપરનો જવાબ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઑડિટરના રિપોર્ટના પેરા નં. ૧૬ અંગે જણાવવાનું કે, તેમના દૃષ્ટિબિંદુની ભવિષ્યના માર્ગદર્શન માટે નોંધ લેવી.

૧૪. એગ્રિકલ્ચર ફૅકલ્ટીની તા. ૨૮-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના આચાર્યશ્રીના તા. ૧૨-૯-૧૯૬૩ના પત્રાંક ૬૪૩૦થી આવેલ બાબત અંગે ઠરાવ્યું કે, એગ્રિકલ્ચર ફૅકલ્ટીની બધી પરીક્ષાના દર (Remuneration) તથા પ્રાયોગિક પરીક્ષા માટે જરૂરિયાતની યોજના આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ તૈયાર કરવામાં આવી અને તે સ્વીકારવા ભલામણ કરવામાં આવે છે.

આ અંગેના જૂના નિયમોમાં અભ્યાસક્રમના કેટલાક વિષયો અંગે જોગવાઈ નહોતી. નવા તૈયાર કરેલા નિયમોમાં અભ્યાસક્રમના દરેક વિષયોનો સમાવેશ થાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, કૃષિ વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોના મહેનતાણાના દર આ સાથેની યાદી પ્રમાણે મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા દરની યાદી આ સાથે **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કૃષિ વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષા માટે હમાલની સંખ્યા ઘણી વધારે જણાય છે, તે બાબતમાં સદરહુ વિદ્યાશાખાના ડીન પાસેથી જરૂરી સ્પષ્ટતા મગાવીને આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૫. યુનિવર્સિટી પ્રેસમાં કાગળ, ટાઇપ, મશીનો તથા ફર્નિચર વગેરે જંગમ મિલકત માટેનો આશરે બે લાખ રૂપિયાનો આગનો વીમો ઉતરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રેસમાં કાગળનો જથ્થો રાખવામાં આવતો હોવાથી વધુ જોખમકારક છે, તેથી આ માટે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ફંડ નહિ કરતાં વીમો લેવો આવશ્યક લાગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના કાગળ, ટાઇપ, મશીનો તથા ફર્નિચર વગેરે જંગમ મિલકત માટે રૂપિયા બે લાખનો આગનો વીમો ઉતરાવવો, તથા તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કરવું.

૧૬. સિન્ડિકેટની તા. ૧૭-૮-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા પ્રમાણે ગુજરાતી ભાષામાં લોકોપયોગી 'ધર્મ અને તત્ત્વજ્ઞાન' એ વિષય પર એક મૌલિક પુસ્તિકા લખવાનું કામ શ્રી. પંડિત સુખલાલજીને સોંપેલ, પરંતુ તેઓએ તે કામ અંગે અશક્તિ દર્શાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિષય પર મૌલિક પુસ્તિકા લખવાનું હાલ મોકૂફ રાખવું.

૧૭. સિન્ડિકેટની તા. ૧૦-૮-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા પ્રમાણે ગુજરાતી ભાષામાં લોકોપયોગી 'ગુજરાતમાં સામાજિક પરિવર્તન'ના વિષય પર એક પુસ્તિકા લખવાનું કામ શ્રી. કે. એમ. કાપડિયાને સોંપ્યું હતું, પરંતુ તેમની નાદુરસ્ત તબિયતને લીધે તેઓ તે કામ હાથ ધરવા અશક્ત હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિષય પર પુસ્તિકા લખવાનું કામ શ્રી. એ. આર. દેસાઈ, મુંબઈ યુનિવર્સિટીને સોંપવું.

૧૮. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) એડિનબર્ગ (સ્કૉટલૅન્ડ) મુકામે તા. ૩થી ૧૨ ઑગસ્ટ ૧૯૬૪ દરમિયાન યોજાનાર ઇન્ટરનેશનલ ઍસ્ટેનિકલ કૉન્ગ્રેસની ૧૦મી પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષ અને વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી. જે. જે. ચેનોયનું નામ મોકલ્યાના;

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા ૪-૧-૧૯૬૪ની સભામાં પ્રો. ચેનોયને સદરહુ પરિષદમાં ભાગ લેવા માટે રૂા. ૨,૦૦૦ સુધીનું ખર્ચ આર્થિક મદદ તરીકે મંજૂર કરેલું હોઈ તેમને સત્તાવાર પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.)

(૨) ચાલુ વર્ષની પ્રણાલિકા મુજબ નીચેની પરિષદ / પરિસંવાદમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિ નહિ મોકલ્યાના :

પરિષદ / પરિસંવાદ	સ્થળ	તારીખ
ઇન્ડિયન ઍસોસિયેશન ફૉર ચેરટ ડિસીઝની ચોથી પરિષદ	નવી દિલ્હી	૨૭થી ૨૮ જાન્યુઆરી, ૧૯૬૪ દરમિયાન

(૩) માર્ચ-એપ્રિલ અને ઑક્ટોબર ૧૯૬૩માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોની ભૂલો સુધાર્યાના;

(૪) સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ઇજનેરી વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા પહેલાં, પણ સત્ર પૂરું થયા પછી લેવા બાબતની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર રાખી છે પણ તે પ્રથા ચાલુ વર્ષથી કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓને લઈને અમલમાં નહિ મૂકવાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૯. ટાગોર શતાબ્દીના કાર્યક્રમમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોને સાહિત્ય અકાદમી તરફથી પ્રકાશિત થયેલાં કવિવર ટાગોરનાં પુસ્તકોનો એક ગુચ્છ ભેટ આપવા નક્કી કરવામાં આવેલું, પરંતુ તે પુસ્તકો સમયસર પ્રસિદ્ધ થયેલાં નહિ એટલે પ્રો. હુમાયું કબીરનું એક પુસ્તક ભેટ આપવા સિન્ડિકેટે તેની ઑક્ટોબર ૧૯૬૩ની સભામાં નક્કી કરેલું; પરંતુ હવે નીચેનાં પુસ્તકો પ્રકાશિત થઈ ગયાં હોવાથી તે પુસ્તકોનો ગુચ્છ દરેક કૉલેજને મોકલવા

અંગે વિચારણા કરવા બાબત :

	કિંમત
૧. 'રવીન્દ્રનાથનાં નાટકો'	રૂા. ૬-૦૦
૨ 'એકોત્તરશતિ' (કાવ્યો)	રૂા. ૧૨-૦૦
૩. 'રવીન્દ્ર નિબંધમાળા'	રૂા. ૧૨-૦૦
૪. 'રવિરશ્મિ', ભાગ ૧ (નવલિકા)	રૂા. ૪-૦૦
૫. 'રવિરશ્મિ', ભાગ ૨ (નવલિકા)	રૂા. ૪-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનાં પુસ્તકોની એક એક નકલ, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજોને વિના મૂલ્યે યુનિવર્સિટી તરફથી રવીન્દ્રનાથ ટાગોર શતાબ્દી નિમિત્તે ભેટરૂપે મોકલી આપવી.

૨૦. સમાજશાસ્ત્રના વિષય માટે પરિસંવાદ યોજવાની સમાજશાસ્ત્રની અભ્યાસ-સમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજશાસ્ત્રના વિષય માટે શિક્ષકોનો બે દિવસ માટે પરિસંવાદ યોજવો, તથા તે માટે સમાજશાસ્ત્ર વિષય શીખવતી પ્રત્યેક કૉલેજમાંથી બે શિક્ષકોને ભાગ લેવા માટે બોલાવવા તથા તે માટે તેમને નીચેના દરે ભાડું-ભથ્થું આપવું :

(1) Travelling allowance at the rate of Second Class Railway fare.

(2) Consolidated halting allowance of Rs. 10/- for the entire seminar period.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પરિસંવાદનું સંચાલન કરવા માટે ડૉ. તારાબેન પટેલને જણાવવું.

૨૧. બી.એડ., ભાગ-૨ની પરીક્ષા જે તા. ૨૪-૨-૧૯૬૪થી શરૂ કરવાનું નક્કી થયું છે તે, વચ્ચે જાહેર રજા (હોળીની) આવવાને કારણે પરીક્ષકોને વધુ રોકાવું પડે તે લક્ષમાં લેતાં સદરહુ પરીક્ષા તા. ૨-૩-૧૯૬૪ના રોજથી શરૂ કરવાના કાર્યાલયના સૂચનને મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એડ., ભાગ-૨ની આગામી પરીક્ષા તા. ૨-૩-૧૯૬૪થી શરૂ કરવી.

૨૨. યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો 'રોટાપ્રિન્ટ' મશીનથી કે 'ગેસ્ટેટનર' યંત્રના ઉપયોગથી છાપવાં—આર્થિક દૃષ્ટિએ અને ચોકસાઈની દૃષ્ટિએ—હિતાવહ છે કે કેમ તે અંગે ડેપ્યુટી રજિસ્ટ્રાર તથા એકાઉન્ટન્ટે વડોદરા એસ.એસ.સી. બોર્ડની ઑફિસમાં જાતતપાસ કરી રજૂ કરેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન રોટાપ્રિન્ટ યંત્રથી થતા છાપકામના નમૂના મગાવી રાખવા.

૨૩. 'Pilot Survey of women's suicide in Gujarat' અંગેની ડૉ. તારાબહેન પટેલે તૈયાર કરેલ સંશોધન માટેની રૂા. ૨,૫૫૦ની ગ્રાન્ટ રાજ્ય સરકારના

તા. ૫-૧૨-૧૯૬૩ના ઠરાવ નં. યુ.એસ.જી. ૪૨૬૨-થી મંજૂર થઈ આવેલ, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૪. સિન્ડિકેટના તા. ૪-૧-૧૯૬૪ના નીચેના ઠરાવને અનુસરીને ઓ. ૧૩૫-એ માં ઘટતો સુધારો કરવા બાબત:

સિન્ડિકેટનો તા. ૪-૧-૧૯૬૪નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૩૫-એ માં એન.સી.સી.માં ન જોડાનાર વિદ્યાર્થી-ઓને માટે શુશ્રૂષાશાસ્ત્ર (નર્સિંગ) ફરજિયાત ન રાખવું અને તે પ્રમાણે ઑર્ડિ. ૧૩૫-એ માં જરૂરી ફેરફાર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૩૫-એ આ સાથે જોડેલા પરિશિષ્ટ પ્રમાણે સુધારવો તથા સુધારેલા ઑર્ડિનન્સ ૧૩૫-એ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા ઑર્ડિનન્સ ૧૩૫-એ ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૫. વિદ્યાર્થી શ્રી. બિપિન દુર્ગાશંકર ઠાકર ૧૯૬૧ પહેલાં એફ.ઈ.ની પરીક્ષામાં ચાર કરતાં વધારે વાર બેસી તેમાં નપાસ થયા હોઈ ઓ. ૨૧૩-એ કે જે તા. ૬-૩-૧૯૬૩થી અમલમાં આવેલ છે, તેના સંદર્ભમાં તેમને તે પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઓ. ૨૧૩-એ નો પાઠ નીચે પ્રમાણે છે:

"A candidate shall be allowed to appear at the First Examination in Engineering for not more than three attempts, provided that a candidate who had failed in not more than one subject in the third attempt shall be allowed one more attempt.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીની એફ.ઈ.ની પરીક્ષામાં ફરી વાર બેસવાની વિનંતી મંજૂર કરવી નહિ.

૨૬. સ્ટ્રક્ચરલ એન્જિનિયર ડૉ. રાસવિહારી એન. વકીલ સાથે ગ્રંથાલય તથા વર્કશૉપ-શેડના મકાનના આર.સી.સી.ના કામ અંગે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય તથા વર્કશૉપ-શેડના આર.સી.સી.ના કામ અંગે સ્ટ્રક્ચરલ એન્જિનિયર ડૉ. રાસવિહારી એન. વકીલ સાથે કરવાનો કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૭. ડિપ્લોમા-ઇન-મ્યુઝિકની પરીક્ષા તા. ૨૩-૪-૧૯૬૪ને બદલે તા. ૨૩-૩-૧૯૬૪થી શરૂ કરવાના સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટના આચાર્યશ્રીએ તેમના

તા. ૧૩-૧-૧૯૬૪ના પત્રાંક સી.એમ.ડી. ૬૧-૨૬૯થી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉલેજનું બીજું સત્ર તા. ૧૫-૩-૧૯૬૪ના રોજ પૂરું થાય છે, અને આ એક જ કેન્દ્ર ઉપર પરીક્ષા પ્રથમ વાર જ લેવાતી હોવાથી આ ફેરફાર સૂચવાયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાની નક્કી કરેલી તારીખમાં ફેરફાર કરવો નહિ.

૨૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજ ખાતે ગુજરાતી માટેનું અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રાખવા દેવા માટેની વિનંતી કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૭-૧-૧૯૬૪ના તાર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ ભૂજના અનુસ્નાતક કેન્દ્રમાં સ્થાનિક શિક્ષકગણ અંગે જે ઊણપ રહેતી છે તે તાત્કાલિક દૂર કરવામાં આવે તે શરતે અત્યાર સુધી ચાલેલી ઊણપ માફ કરવી, અને જે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા છે તેમને આ વર્ષ પૂરતા ચાલુ રાખવા.

૨૯. જૂના અભ્યાસક્રમ હેઠળ પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ વધુ એક (ત્રીજી) વખત માર્ચ ૧૯૬૪માં લેવા માટે કેટલાક વિદ્યાર્થીઓ, વાલીઓ તથા અન્ય વ્યક્તિઓ તરફથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૪ના માર્ચ માસમાં પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ જૂના અભ્યાસક્રમ હેઠળ લેવાની વિનંતી માન્ય કરવી નહિ.

તે પછી સિન્ડિકેટની તા. ૪-૧-૧૯૬૪ની સભાની બાબત ક્રમાંક ૫૮ અંગેની વીગતો જણાવવાની શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ માગણી કરી. તે જણાવ્યા પછી ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, શ્રી. ભરત કાન્તિલાલ દલાલના કેસમાં શી હકીકત બની છે તેની તપાસનો સવાલ પરીક્ષા-શુદ્ધિ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૬૮૧૫/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ફેબ્રુઆરી ૧, ૧૯૬૪.
માઘ ૧૨, ૧૮૮૫ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૨

તા. ૧૧-૧-૧૯૬૪ના રોજ મળેલ ફાઇનાન્સ કમિટીની ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનના રસાયણ વિભાગ માટે નીચે પ્રમાણેનાં સાધનો તે સામે જણાવેલ વેપારી પાસેથી ખરીદવાં :

ક્રમાંક	વીગત	વેપારીનું નામ	કિંમત
1.	Scalamp Galvanometer PYE	Toshniwal Bros., Bombay	Rs. 462/-
2.	Cotaulda's Atomic Model Set No. 2 B.T.L.	-do-	Rs. 1,155/-
3.	One Cenco No. 17220 (One Gallon Capacity) High Speed Blendor	The Scientific Instrument Co. Ltd., Bombay	Rs. 2,100/-
4.	Metrawatt: Pocket size Illumination Meter: Metrux: 2 Model: ML×300/3000 F. Range 0–300 Lux 0–3000 Lux (Two) @ Rs. 120/- each.	-do-	Rs. 240/-
5.	Crystal Structure Ltd., England 00S. Organic Chemistry set containing 76 balls, two rings, 140 colored, Organic bonds, 2 rotating bonds with scale 5 cms. 1 A o.	-do-	Rs. 185/-

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આગામી સને ૧૯૬૪, ૧૯૬૫ અને ૧૯૬૬નાં વર્ષો માટે આ સાથેના પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણેનાં પ્રેસો પાસે યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો, યુનિવર્સિટી, એક મહિનાની નોટિસ આપી આ કરાર રદ કરી શકે, તે શરતે છપાવવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના પ્રેસોનાં ટેન્ડરો મંજૂર કરવાં નહિ, પરંતુ તે કેન્દ્રો ઉપરની કૉલેજોના આચાર્યોને લખવું કે તે કેન્દ્રો પરનાં પ્રેસો જો નીચે જણાવેલા ભાવે કામ કરી આપી શકશે નહિ તો તે કેન્દ્રો પર પરીક્ષા લઈ શકાશે નહિ :

૧. ભૂજ, ૨. બારડોલી, ૩. બીલીમોરા, ૪. ભરૂચ, ૫. વલસાડ, ૬. ધોળકા, ૭. જૂનાગઢ, ૮. માણસા, ૯. મોડાસા, ૧૦. મોરબી, ૧૧. નડિયાદ, ૧૨. નવસારી, ૧૩. સિદ્ધપુર, ૧૪. વીસનગર, અને ૧૫. વેરાવળ.

યુનિવર્સિટી તરફથી આપવાના ભાવ (રૂપિયામાં)

નકલો	એક પાનાના	બે પાનાના	ત્રણ પાનાના	ચાર પાનાના	પાંચ પાનાના
૫૦	૨૫	૪૮	૬૯	૯૨	૧૧૫
૧૦૦	૨૬	૫૦	૭૨	૯૬	૧૨૦
૨૦૦	૨૮	૫૩	૭૭	૧૦૨	૧૨૮
૩૦૦	૩૦	૫૬	૮૨	૧૦૮	૧૩૬
૪૦૦	૩૨	૫૯	૮૭	૧૧૪	૧૪૪
૫૦૦	૩૪	૬૨	૯૨	૧૨૦	૧૫૨
વધારાની ૧૦૦ નકલો માટે	૨	૩	૫	૬	૮

ક્રમાંક	કેન્દ્ર	ગ્રેજ્યુએશન તારીખ	ગ્રેજ્યુએશન ની પદવી	ફિલ્ડ પસંદગી	પ્રાથમિક અભ્યાસ	માધ્યમિક અભ્યાસ	ગ્રાફ્ટ અભ્યાસ	પીએચ.ડી. અભ્યાસ	નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

પરિશિષ્ટ "ક"

સને ૧૯૬૪, ૧૯૬૫ અને ૧૯૬૬ની સાલ–ઓડિયાનાં પરીક્ષાર્થીઓનાં પ્રદર્શનો બાબતો પોસ્ટ ઓફિસ દ્વારા ઇશ્યૂ કરવામાં આવેલ ટપાલ-ટિકિટોનાં સેટ

ક્રમાંક	કેન્દ્ર	ગ્રેજ્યુએશન તારીખ	ગ્રેજ્યુએશન ની પદવી	ફિલ્ડ પસંદગી	પ્રાથમિક અભ્યાસ	માધ્યમિક અભ્યાસ	ગ્રાફ્ટ અભ્યાસ	પીએચ.ડી. અભ્યાસ	નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧. આનંદીબા	મો. ખિમાણી ડિગ્રી	૫૦	૨૧	૪૨	૫૮	૬૦	૮૪	ઉદ્ઘ, પદ્મિનીબા, વિજયી	
૧૦૦			૨૩	૪૪	૬૨	૬૪	૬૬	વાઘેર લાયબ્રેરી ગોડ ચાલાકી	
૩૫૧			૨૬	૪૪	૬૫	૬૬	૬૯	ન૫ી. યુનિવર્સિટીનાં પ્રમાપકો	
૩૦૦			૨૮	૫૦	૬૬	૬૮	૭૨	તેઓએ બે વર્ષ માટે ખોવાઈ છે.	
૪૦૦			૩૦	૫૩	૬૯	૭૧	૭૫		
૫૦૦			૩૨	૫૪	૭૦	૭૨	૭૫		
૬૦૦			૩૪	૫૬	૭૩	૭૫	૭૮		
૭૦૦			૩૬	૫૯	૭૬	૭૮	૮૧		
૧૦૦૦			૪૦	૬૩	૮૨	૮૫	૮૭		
વધારાની									
૧૦૦									
નવકોનાં			૩	૩	૪	૪	૫		

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૨.	ખંભાત	શ્રી. અરુણોદય પ્રિ. પ્રેસ	૫૦	૨૫	૪૮	૬૯	૯૨	૧૧૫	ઉર્દૂ, પર્શિયન અને સિંધી ભાષાના ટાઇપો નથી. ગયા વર્ષે આ પ્રેસે કામ કર્યું હતું.
			૧૦૦	૨૬	૫૦	૭૨	૯૬	૧૨૦	
			૨૦૦	૨૮	૫૩	૭૭	૧૦૨	૧૨૮	
			૩૦૦	૩૦	૫૬	૮૨	૧૦૮	૧૩૬	ભવિષ્યમાં સે. ટેક્ષ કે
			૪૦૦	૩૨	૫૯	૮૭	૧૧૪	૧૪૪	જ. ટેક્ષ આવે તે અલગ
			૫૦૦	૩૪	૬૨	૯૨	૧૨૦	૧૫૨	ગણવામાં આવશે.
			વધારાની ૧૦૦ નકલોના	૨	૩	૫	૬	૮	
૩.	ડાકોર	શ્રી. સરસ્વતી પ્રિ. પ્રેસ, ઉમરેઠ	૫૦	૨૩–૫૦	૪૫–૫૦	૬૯	૯૧	૧૧૪–૫૦	ઉર્દૂ, પર્શિયન અને સિંધી માટે ટાઇપો નથી તથા કારીગરો નથી. ગયા વર્ષે આ પ્રેસે કામ કર્યું હતું.
			૧૦૦	૨૫	૪૭	૭૦–૫૦	૯૨–૫૦	૧૧૯	
			૨૦૦	૨૮	૫૦	૭૮	૧૦૦	૧૨૮	
			૩૦૦	૩૧	૫૩	૮૪	૧૦૬	૧૩૪	
			૪૦૦	૩૪	૫૬	૯૦	૧૧૨	૧૪૬	
			૫૦૦	૩૭	૫૯	૯૬	૧૧૮	૧૫૫	
			૬૦૦	૪૨	૬૪	૧૦૬	૧૨૮	૧૭૦	
			૭૦૦	૪૫	૬૭	૧૧૨	૧૩૪	૧૭૯	
			૧૦૦૦	૫૪	૭૬	૧૩૦	૧૫૨	૨૦૬	
			(પ્રત ૫૦૦ સુધી રૂા. ૩ વધુ તથા પ્રત ૧૦૦૦ સુધી રૂા. ૫ વધુ.)						
૪.	ડભોઈ અને સંખેડા	શ્રી. પ્રતાપ વિજય પ્રિ. પ્રેસ	૫૦	૨૫	૪૯	૭૨	૯૬	૧૧૫	ગયા વર્ષે આ પ્રેસને ડભોઈ તથા સંખેડાનું કામ આપેલું હતું.
			૧૦૦	૨૬	૫૦	૭૭	૧૦૦	૧૨૦	
			૨૦૦	૨૮	૫૩	૮૨	૧૦૭	૧૨૫	
			૩૦૦	૩૦	૫૬	૮૭	૧૧૩	૧૩૨	
			૪૦૦	૩૨	૫૯	૯૨	૧૧૯	૧૪૦	
			૫૦૦	૩૪	૬૨	૯૭	૧૨૫	૧૪૬	

		૬૦૦	૩૬	૬૫	૧૦૨	૧૩૧	૧૫૪	
		૭૦૦	૩૮	૬૮	૧૦૭	૧૩૭	૧૬૦	
		૧૦૦૦	૪૪	૭૭	૧૨૨	૧૫૫	૧૮૬	
		વધારાની ૧૦૦ નકલોના	૨	૩	૫	૬	૮	
૫. ગોધરા	શ્રી. મહેતા પ્રિ. પ્રેસ	૫૦	૨૧	૪૨	૬૩	૮૪	૧૦૬	
		૧૦૦	૨૨	૪૪	૬૬	૮૮	૧૧૧	
		૨૦૦	૨૩	૪૬	૬૯	૯૨	૧૧૬	
		૩૦૦	૨૪	૪૮	૭૨	૯૬	૧૨૧	
		૪૦૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૩૦	
		૫૦૦	૨૬	૫૨	૭૮	૧૦૪	૧૩૬	
		૬૦૦	૨૮	૫૬	૮૪	૧૧૨	૧૫૦	
		૭૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૬૦	
		૧૦૦૦	૩૧	૬૨	૯૩	૧૨૫	૧૭૦	
		વધારાની ૧૦૦ નકલોના	૧–૫૦	૩	૫	૬	૮	
૬. જામનગર	શ્રી. પ્રકાશ પ્રિન્ટર્સ	૫૦	૨૦	૪૦	૬૦	૮૦	૧૦૦	ઉર્દૂ, પર્શિયન અને સિંધી છાપવાની સામગ્રી નથી. ગયા વર્ષે આ પ્રેસને કામ સોંપ્યું હતું.
		૧૦૦	૨૧	૪૨	૬૩	૮૪	૧૦૫	
		૨૦૦	૨૩	૪૬	૬૯	૯૨	૧૧૫	
		૩૦૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૨૫	
		૪૦૦	૨૭	૫૪	૮૧	૧૦૮	૧૩૫	
		૫૦૦	૨૮	૫૬	૮૪	૧૧૨	૧૪૦	
		૧૦૦૦	૩૬	૭૨	૧૦૮	૧૪૪	૧૮૦	
		વધારાની ૧૦૦ નકલોના	૨	૪	૬	૮	૧૦	

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૭.	કડી	શ્રી. અજન્ટા પ્રિન્ટર્સ	૫૦	૧૭	૩૪	૫૧	૬૮	૮૫	ઉપર નં. ૧ પ્રમાણે આ ભાવો કંપોઝિંગ તથા પ્રિન્ટિંગના છે. કાગળનું ચાલુ બજાર +૫ ટકા લેવામાં આવશે.
			૧૦૦	૧૭	૩૪	૫૧	૬૮	૮૫	
			૨૦૦	૧૭	૩૪	૫૧	૬૮	૮૫	
			૩૦૦	૧૬	૩૨	૪૮	૬૪	૮૦	
૮.	કપડવંજ	શ્રી. કલ્યાણ મુદ્રણાલય	૫૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૨૫	આ ભાવ ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટના છે. ૧૯૬૨માં યુનિવર્સિટીનું કામ કર્યું હતું.
			૧૦૦	૨૬	૫૨	૭૮	૧૦૩	૧૩૦	
			૨૦૦	૨૮	૫૫	૮૪	૧૧૧	૧૪૦	
			૩૦૦	૩૦	૫૯	૯૦	૧૧૯	૧૫૦	
			૪૦૦	૩૨	૬૩	૯૬	૧૨૭	૧૬૦	
			૫૦૦	૩૪	૬૭	૧૦૨	૧૩૫	૧૭૦	
			૬૦૦	૩૬	૭૧	૧૦૮	૧૪૩	૧૮૦	
			૭૦૦	૩૮	૭૫	૧૧૪	૧૫૧	૧૯૦	
			૧૦૦૦	૪૪	૮૭	૧૩૨	૧૭૫	૨૨૦	
૯.	પાટણ	શ્રી. પટેલ પ્રિ. પ્રેસ	૫૦	૨૫-૫૦	૫૦-૫૦	૭૬	૧૦૧	૧૨૬-૫૦	આ ભાવથી ત્રણ વર્ષ માટે કામ કરશે. ગયા વર્ષમાં તેઓએ કામ કર્યું હતું.
			૧૦૦	૨૬	૫૧	૭૭	૧૦૨	૧૨૮	
			૨૦૦	૨૭	૫૨	૭૯	૧૦૪	૧૩૧	
			૩૦૦	૨૮	૫૩	૮૧	૧૦૬	૧૩૪	
			૪૦૦	૨૯	૫૪	૮૩	૧૦૮	૧૩૭	
			૫૦૦	૩૦	૫૫	૮૫	૧૧૦	૧૪૦	
			૬૦૦	૩૧	૫૬	૮૭	૧૧૨	૧૪૩	
			૭૦૦	૩૨	૫૭	૮૯	૧૧૪	૧૪૬	
			૧૦૦૦	૩૫	૬૦	૯૫	૧૨૦	૧૫૫	
			વધારાની ૧૦૦ નકલોના	૬-૫૦	૪-૫૦	૫-૫૦	૬-૫૦	૮-૫૦	

(ફોર્મ નં. ૧૨-૬-૬૨)

૧૦. પેટલાદ શ્રી. ક્રિશ્ના પ્રિન્ટર્સ	૫૦	૨૧	૪૧	૬૨	૮૦		કુલ બિલ ઉપર ૧૫ ટકા
	૧૦૦	૨૩	૪૪	૬૪	૮૪		વધારે લેવામાં આવશે.
	૫૦૦	૨૫	૪૫	૭૦	૯૦		૨. સેલટેક્ષ અલગ
	૧૦૦૦ વધારાની	૩૨	૫૨	૮૦	૧૦૪		(કેટલાંક વર્ષોથી યુનિ-વર્સિટીનું કામ કરે છે.)
	૧૦૦ નકલોના	૨	૨	૨	૩		
૧૧. પિલવાઈ શ્રી. ગુજરાત મુદ્રણાલય	૫૦	૨૫	૪૮	૬૯	૯૨	૧૧૫	કેટલાંક વર્ષોથી યુનિ-વર્સિટીનું કામ કરે છે.
	૧૦૦	૨૬	૫૦	૭૨	૯૬	૧૨૦	
	૨૦૦	૨૮	૫૩	૭૭	૧૦૨	૧૨૮	
	વધારાની ૧૦૦ નકલોના	૩–૬૦					
૧૨. પોરબંદર શ્રી. કાન્તિ પ્રિ. પ્રેસ	૫૦	૨૪	૪૪	૬૦	૭૨	૯૨	કુલ બિલ પર સવા ૭
	૧૦૦	૨૬	૪૮	૬૪	૮૩	૧૦૩	ટકા, ટેક્ષ અલગ.
	૨૦૦	૩૦	૫૬	૮૧	૧૦૦	૧૨૦	૫ વર્ષથી યુનિવર્સિટીનું
	૩૦૦	૩૩	૬૧	૮૬	૧૦૧	૧૨૬	કામ કરે છે.
	૪૦૦	૩૬	૬૪	૮૭	૧૦૪	૧૨૯	
	૫૦૦	૪૧	૬૬	૯૧	૧૦૬	૧૩૧	
૧૩. સુરત શ્રી. અરુણ પ્રિ. પ્રેસ	૫૦	૨૬–૫૦	૫૩–૦૦	૭૯–૫૦	૧૦૬–૨૫	૧૩૨–૭૫	ઉર્દૂ, પર્શિયન અને સિંધી
	૧૦૦	૨૭–૫૦	૫૪–૦૦	૮૧–૫૦	૧૦૮–૨૫	૧૩૫–૭૫	ટાઇપો નથી.
	૨૦૦	૨૯–૭૫	૫૭–૫૦	૮૭–૦૦	૧૧૪–૭૫	૧૪૪–૫૦	યુનિવર્સિટીનાં પેપરો
	૩૦૦	૩૨–૦૦	૬૦–૫૦	૯૨–૫૦	૧૨૧–૦૦	૧૫૩–૦૦	ગયે વર્ષે છાપ્યાં હતાં.
	૪૦૦	૩૫–૦૦	૬૩–૭૫	૯૭–૭૫	૧૨૭–૫૦	૧૬૧–૫૦	
	૫૦૦	૩૭–૨૫	૬૬–૦૦	૧૦૩–૦૦	૧૩૪–૦૦	૧૭૦–૦૦	
	૬૦૦	૩૯–૨૫	૬૯–૦૦	૧૦૮–૨૫	૧૪૦–૨૫	૧૭૮–૫૦	

(ટ્રાઇબ્યુનલ) ૮૬૬૩/૫૬૪૩

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
			૭૦૦	૪૧-૫૦	૭૨-૨૫	૧૧૩-૭૫	૧૪૬-૫૦	૧૮૨-૭૫	
			૧૦૦૦ વધારાની	૪૮-૦૦	૭૯-૭૫	૧૨૭-૫૦	૧૫૯-૨૫	૨૦૭-૨૫	
			૧૦૦ નકલોના	૨-૨૫	૩-૨૫	૫-૨૫	૬-૫૦	૮-૫૦	
૧૪.	તલોદ	શ્રી. સહકારી	૫૦	૧૯-૦૦	૩૪-૦૦	૫૦-૦૦	૬૬-૦૦	૮૫-૦૦	ગયા વર્ષે આ પ્રેસને
		મુદ્રણાલય	૧૦૦	૧૯-૩૭	૩૪-૩૭	૫૧-૧૨	૬૭-૧૨	૮૮-૪૯	કામ આપેલું હતું.

(દરેક વધારે કૉપી દીઠ પેપર ચાર્જ રૂા. ૧-૨૫ ન.પૈ. લેવાશે.)

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૪

Scale of Remuneration to Examiner for the Agriculture Faculty

(1) *Pre-University Science (Agri.) Examination :*

	Rs. nP.
1. Drawing up a question-paper of two and a half hours or three hours	.. 60·00
2. Drawing up a question-paper of two hours	.. 40·00
3. Examining an answer-paper of two and a half hours or three hours	.. 00·75
4. Examining an answer-paper of two hours	.. 00·50

(2) *First Year B.Sc. (Agri.) Examination :*

1. Drawing up a question-paper of two and a half hours or three hours	.. 60·00
2. Drawing up a question-paper of two hours	.. 40·00
3. Examining an answer-paper of two and a half hours or three hours	.. 1·00
4. Examining an answer-paper of two hours	.. 00·75

(3) *Second Year B.Sc. (Agri.) and Final Year B.Sc. (Agri.) Examinations :*

1. Drawing up a question-paper of two and a half hours or three hours	.. 60·00
2. Drawing up a question-paper of two hours	.. 40·00
3. Examining an answer-paper of two and a half hours or three hours	.. 1·25
4. Examining an answer-paper of two hours	.. 1·00

(4) *Practical and Oral Examination :*

N.B.— The fees specified below are payable for each practical or oral examination to one Examiner or to each of two Examiners when more Examiners than one are appointed in a subject.

The instruction of the Syndicate requires the presence of two Examiners at the practical, clinical or oral examination of each candidate, two fees are only therefore payable in cases where the number of Examiners in a subject exceeds two.

The Examiner will be paid at the following rates :

	Rs. nP.
(*i*) Pre-Uni. Science (Agri.) Examination and F.Y.B.Sc. (Agri.) Examination for each subject ..	1·25
(*ii*) Second Year B.Sc. (Agri.) Examination and Final Year B.Sc. (Agri.) Examination for each subject ..	1·75

(5) The rates of remuneration to be paid to the assistant to Examiners at practical examination in Agriculture will be as under :

	Four hours or less and also for days of preparing and cleaning	*More than 4 to 7 hours*	*Two Practicals*
	Rs. nP.	*Rs. nP.*	*Rs. nP.*
Expert Assistant	6·00	10·00	12·00
Laboratory Asst. / Store-keeper	4·00	5·00	6·00
Foreman	2·50	3·00	5·00
Hamal	2·00	2·50	3·00

પરિશિષ્ટ "૭"
કામકાજ ક્રમાંક ૨૪

O. 135-A :

(1) It shall be the duty of every male student other than a student reading for the final year in the Degree Examination, joining a college affiliated to this University for pursuing a course of studies leading to his first degree, or diploma, as the case may be, to join the N.C.C. and attend the parades, camps and other programmes that may, from time to time, be prescribed by the N.C.C. authorities, as and when the N.C.C. is introduced in the affiliated college. For the purpose of admission to an examination, a student shall obtain a certificate from the Principal of his having attended during the course of the terms entitling him to admission to that examination not less than 75% of the total number of parades in each year, provided that it shall be competent for the Principal of a college to condone a candidate's deficiency in attendance at parades to a further extent of 15% of parades on grounds of health or participation in Inter-collegiate, Inter-zonal or Inter-University tournaments.

(2) Notwithstanding anything contained in (1) above, students (*i*) who cannot be enrolled in N.C.C. on account of age restrictions or other rules, laid down by N.C.C. authorities, or being overseas students or having foreign domicile, or (*ii*) who have not been found by N.C.C. authorities medically fit to join tne N.C.C., will be exempted from N.C C. training provided that students so exempted shall complete to the satisfaction of the Principal of his college, *a compulsory* programme of physical training and *also* a course, *as far as possible*, of Preliminary Nursing including first-aid, to be prescribed by the University.

(3) Notwithstanding anything contained in (1) above, it shall be competent for the Vice-Chancellor to exempt any male student from the N.C.C. training on medical grounds on the recommendation of the Chief Medical Officer of the University or the Civil Surgeon of the

District where the college is situated, or a special Medical Board that may be constituted in that behalf by the Vice-Chancellor in his discretion.

Provided that a student so exempted or not enrolled for want of N.C.C. facilities, shall complete, to the satisfaction of the Principal of his college, a compulsory programme of physical training and also a course as far as possible of Preliminary Nursing including first-aid, to be prescribed by the University.

(4) It shall be the duty of every female student, other than a student reading for the final year in the Degree or Diploma Examination, as the case may be, joining a college affiliated to this University, for persuing a course of studies leading to her first Degree, to complete to the satisfaction of the Principal of her college, a programme of compulsory physical training and also a course, as far as possible, of Preliminary Nursing including first-aid to be prescribed by the University. No female student shall be admitted to an examination unless she has, during the course of the terms entitling her to admission to that examination, completed to the satisfaction of the Principal of her college, the compulsory programme of physical training and also a course, as far as possible of Preliminary Nursing including first-aid.

(5) Notwithstanding anything contained in (4) above, a female student who has joined the N.C.C. will be exempted from the programme of physical training and a course of Preliminary Nursing including first-aid, provided she attends N.C.C. training to the satisfaction of her Principal as per provisions in (1) above.

(6) Notwithstanding anything contained above, a student who has undergone N.C.C. training for 3 years shall not be required to join the N.C.C. or undergo a compulsory programme of physical training and a course of Nursing including first-aid.

(7) Notwithstanding anything contained above, it is hereby provided that it shall be competent for the Principal of a college to grant exemption from physical training on medical grounds to a candidate who is otherwise required to undergo a course of physical training under sub-clause (2) and (4) above.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૧

DRAFT AGREEMENT

An agreement made this the _____ day of _____ 196 , between the Gujarat University, Ahmedabad and Dr. Rasvihari N. Vakil, Consulting Engineer, 15, Government Society, Navrangpura, Ahmedabad–9 and carrying on business of Consulting Engineering, hereinafter referred to as Consulting Engineer.

Conditions of contract and mode of engagement

For the Workshop Building at Ahmedabad between Dr. Rasvihari N. Vakil, Consulting Engineer, Ahmedabad and the Gujarat University, Ahmedabad.

(*a*) *Services* :

The services of the Consulting Engineer shall comprise of the following :

(1) Preparation of preliminary structural design, sketches and estimates of the structural cost.

(2) Preparation of working structural drawings with structural specifications, estimates and quantities and other details to carry out the work.

(3) Adequate supervision of construction of the work as and when deemed necessary by the Consulting Engineer.

(*b*) *Cost and fees* :

For all the above services the fees payable by the Gujarat University to the Consulting Engineer shall be 3 % (Three per cent) of the structural cost of construction. The Structural Cost of Construction shall be comprised of all the items mentioned in the Drawings, Sketches and Specifications issued by the Consulting Engineer and all such items on which the decisions of the Consulting Engineer are required and not shown in the drawings and any additions and/or alterations authorised by the Consulting Engineer.

(*c*) *Mode of payment of fees :*

1. On submission of preliminary designs and cost estimates one-third of the total fees shall be paid on the estimated cost to the Consulting Engineer.

2. On completion of the working drawings and specifications one-third of the total fees shall be paid on the estimated cost to the Consulting Engineer.

3. The remaining one-third of the total fees shall be paid on the estimated cost by instalments as the construction proceeds.

4. The final instalment of the fees will be equal to 3 % of the actual structural cost of the building less amounts paid under clauses (*c*) (1), (2) and (3).

5. In the event of non-commencement of work or abandonment of work, the fees payable will be calculated on the amount of work done by the Consulting Engineers on the pro-rata basis, and shall be paid within six months of the decision to stop or abandon the work.

As witness our hands this_____ day of _____ 1964

Signed by the said Vice-Chancellor
in the presence of
Shri
Address and Occupation

Employer.

Signed by the said Consulting Engineer
in the presence of
Shri
Address and Occupation.

Consulting Engineer.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 1397-350-2-64

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના ફેબ્રુઆરી માસની સભા, શુક્રવાર, તા. ૧૪-૨-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને શનિવાર, તા. ૧૫-૨-૧૯૬૪ના રોજ પણ સવારના ૯-૦૦ વાગ્યાથી ચાલુ રહી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ એ લીધું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૪-૨-૧૯૬૪	તા. ૧૫-૨-૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. ડી. એલ. શર્મા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩. શ્રી. જે. બી. સાવિડલ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	ગેરહાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૧૦. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી	હાજર	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૪. ડૉ. જે. જે. ચેનોય	હાજર	હાજર
૧૫. શ્રી. ચિમનભાઈ જે. પટેલ	હાજર	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છો. દેસાઈ	હાજર	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર.

૧. તા. ૧૮-૧-૧૯૬૪ના રોજ મળેલ જાન્યુઆરી માસની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૮-૧-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ધી સૈફી જ્યુબિલી હાઇસ્કૂલ એન્ડ મદ્રેસાહે યુસ્ફિયાહ સોસાયટી, સિદ્ધપુર તરફથી સિદ્ધપુર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસસમિતિના અહેવાલ સાથે ઍકેડેમિક કાઉન્સિલની આ સભા સંમત છે, અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે ભલામણ કરી શકાય તેમ નથી, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩. શ્રી. વિઠ્ઠલદાસ ધનજીભાઈ આરદાનવાલા ચૅરિટી ફંડ, જામનગર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વિઠ્ઠલદાસ ધનજીભાઈ આરદાનવાલા ચૅરિટી ફંડ તરફથી શરૂ કરાનાર આર્ટ્સ (મહિલા) કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૭) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યા...

(૯) ગૃહવિજ્ઞાન માટે એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર અને વિજ્ઞાનના વિષયો માટે ખંડ સમયના જરૂરી વ્યાખ્યાતાઓ

(૧૦) હિન્દીના એક વ્યાખ્યાતા

(૧૧) વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણેની વ્યવસ્થાવાળું મકાન તૈયાર કરવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ

(૨) વિદ્યાર્થીઓનો ખંડ

(૩) વિદ્યાર્થિનીઓનો ખંડ

(૪) ગ્રંથાલય માટેનો ખંડ

(૫) કાર્યાલય માટેનો ખંડ

(૬) શિક્ષકો માટેનો ખંડ

(૭) જરૂરી વર્ગ-ખંડો.

૩. ૧૫મી જૂન ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે,

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે,

૫. પુસ્તકો તેમજ સામયિકો માટે કુલ રૂા. ૭,૦૦૦ (જેમાં ગૃહવિજ્ઞાનના રૂા. ૨,૦૦૦)નો ખર્ચ કરવામાં આવે,

૬. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૭. આચાર્યશ્રી તથા ગૃહપતિને કૉલેજની નજીકમાં ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે,

૮. આચાર્યને હોદ્દાની રૂએ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે,

૯. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૧૦. કૉલેજ ચલાવવા માટે જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક વિદ્યાર્થી દીઠ આઠ ચોરસફૂટ, યુનિવર્સિટી ધારાધોરણને અનુસરીને દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓરડાના માપની મર્યાદામાં રહીને જ લેવાની રહેશે એમ જોડાણ-અરજી કરનાર પ્રત્યેક કૉલેજને જણાવવું.

૪. જનતા કેળવણી મંડળ, જંબુસર તરફથી જંબુસર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જનતા કેળવણી મંડળ, જંબુસર તરફથી શરૂ થનાર આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) એક સંસ્કૃતના વ્યાખ્યાતા

(૩) એક અંગ્રેજીના વ્યાખ્યાતા

(૪) એક ગુજરાતીના વ્યાખ્યાતા

(૫) એક અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

(૬) એક ઇતિહાસ અને રાજ્યબંધારણ માટેના વ્યાખ્યાતા

(૭) એક તર્કશાસ્ત્રના વ્યાખ્યાતા

(૮) એક હિન્દીના વ્યાખ્યાતા

(૯) એક વ્યાયામ શિક્ષક.

[નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;
પરીક્ષાના તથા નાટયના ડિપ્લોમાની પરીક્ષાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના હાલના વ્યાખ્યાતાને જૂન ૧૯૬૪થી બીજા કોઈ વિષયનું અધ્યાપન કાર્ય સોંપવું નહિ: અને

(૨) જૂન ૧૯૬૫થી સમાજશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે.

૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. નાટયવિદ્યાના અધ્યાપન માટે અલાયદા 'વર્કશોપ'ની જોગવાઈ કરવામાં આવે; અને

૫. પ્રકાશ સેટિંગ્ઝ વગેરેનું શાસ્ત્રીય જ્ઞાન આપવા ઓછામાં ઓછાં રૂ. ૫,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૮. નેશનલ કૉલેજ, કુબેરનગર, અમદાવાદ તરફથી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ (પ્રિન્સિપલ) અર્થશાસ્ત્ર, હિંદી, સિંધી, અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત, પર્શિયન, ગુજરાતી અને ઇતિહાસ તથા બી.એ. (સબ્સિડિયેટ)માં માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, નેશનલ કૉલેજ, કુબેરનગર જૂના જોડાણની તમામ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તે શરતે તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ તબક્કે આ કૉલેજને વધારાનું જોડાણ આપવું નહિ એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૯. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન, હિંદી,

સિંધી, ગુજરાતી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબ્સિડિયરી)માં અંગ્રેજી, સંસ્કૃત તથા માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ આપવા બાબત આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન, હિન્દી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, અંગ્રેજી અને ગુજરાતી, તથા બી.એ. (સબ્સિડિયરી)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) સિંધીના પૂરા સમયના એક વ્યાખ્યાતા
(૨) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) હિન્દીના એક વ્યાખ્યાતા
(૪) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક.

૨. તત્ત્વજ્ઞાન, હિન્દી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૩. પ્રતિ વર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૫. જૂના જોડાણની બાકી રહેલી શરતોનું પાલન કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૦. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ તરફથી જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન, તથા બી.એ. (સબ્સિડિયરી)માં માનસશાસ્ત્ર તથા હિંદીના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ.ના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ગૃહવિજ્ઞાન, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) સંસ્કૃતના બે વ્યાખ્યાતા
(૩) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) ગૃહવિજ્ઞાનના એક પૂરા સમયના વ્યાખ્યાતા તથા વિજ્ઞાનના વિષયો માટે જરૂરી બંડ સમયના વ્યાખ્યાતાઓ અને એક ડેમોન્સ્ટ્રેટર
(૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) પૂરા સમયના એક વ્યાયામ શિક્ષક;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૫) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૭) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક.

૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૩. દરેક પ્રિન્સિપલ વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને સબોર્ડિનેટ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ પુસ્તકો પાછળ કરવામાં આવે (કુલ રૂા. ૧૮,૦૦૦),

૪. ગ્રંથાલય માટે પ્રતિ વર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૫ કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૬. હોદ્દાની રૂએ આચાર્યશ્રીને કૉલેજના સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૧. કલોલ મ્યુ. આર્ટ્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, બી.એ. (જનરલ-સબ્સોર્ડિનેટ)માં હિંદી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને અંગ્રેજીના વિષયો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને હિંદી તથા બી.એ. (સબ્સોર્ડિનેટ)માં પરિશ્યન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૪-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, તથા બી.એ. (જનરલ-સબ્સોર્ડિનેટ)માં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, માનસશાસ્ત્ર તથા અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને હિન્દી તથા બી.એ. (સબ્સોર્ડિનેટ)માં પરિશ્યન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) હિન્દીના એક વ્યાખ્યાતા
(૩) પરિશ્યનના એક વ્યાખ્યાતા
(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

જૂન ૧૯૬૫થી અમલી

હિન્દીના એક પ્રાધ્યાપક.

૨. કૉલેજના પોતાના નવા મકાનમાં નીચેની વ્યવસ્થા કરી નવા શૈક્ષણિક વર્ષથી કૉલેજને ત્યાં બેસાડવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) શિક્ષકો માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો.

૩. અંગ્રેજી અને હિન્દી એ દરેક વિષયનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો તથા પર્શિયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રનાં પુસ્તકો તથા સામયિકો માટે દરેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૮,૦૦૦),

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૨. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે આવેલ વધારાના જોડાણ માટેની અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ઉમેદરામ પંચાલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સમાજશાસ્ત્રનાં પુસ્તકો પરત્વે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.
(૨) પુસ્તકો અને સામયિકો પરત્વે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.
(૩) કૉલેજની વ્યવસ્થામાં જે કંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૩. ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલક તરફથી, ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

એક હિંદીના વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

એક હિંદીના પ્રાધ્યાપક.

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિ વર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૪. ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી ભવન કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત તથા બી.એ. (સબોર્ડિનેટ)માં ગણિત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ભવન કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃતના અને બી.એ. (સબોર્ડિનેટ)માં ગણિત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(જૂન ૧૯૬૪થી અમલી)

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા; અને

(૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા.

(જૂન ૧૯૬૫થી અમલી)

સંસ્કૃતના એક પ્રાધ્યાપક.

૨. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૫. બી. ડી. કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સબોર્ડિનેટ)માં અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબોર્ડિનેટ)માં અર્ધમાગધી, ફારસી અને

ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસ એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૩૦૦૦); અને

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૬. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ અૅન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં ઇતિહાસ અને બી.એ. (સબૉર્ડિનેટ)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૨થી ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં હિંદી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ જોડાણ-અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અને એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પે./પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ. (જન./સબૉ.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું તથા બી.એ. (જન./સબૉ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, ભૂગોળ, સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબૉ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૫થી અમલી

(૧) હિન્દીના એક પ્રાધ્યાપક,

(૨) ભૂગોળના એક પ્રાધ્યાપક; અને

(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. હિન્દી, ભૂગોળ અને સમાજશાસ્ત્ર — એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. ભૂગોળની પ્રયોગશાળા માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

વધુમાં, આ કૉલેજને બી.એ. (જન./સમા.)માં હિન્દીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) જોડાણ જૂન ૧૯૬૨થી આપવાનું રહે છે તે તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૭. સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ મેળવવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૩થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. જૂન ૧૯૬૫થી પ્રાયોગિક માનસશાસ્ત્ર માટે જરૂરી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે,

૨. જૂન ૧૯૬૫ સુધીમાં ૩૪'×૩૨', ૩૧'×૨૦' તથા ૨૪'×૨૦'ના ક્ષેત્રફળવાળા ઓરડાઓ પ્રાયોગિક માનસશાસ્ત્રની પ્રયોગશાળા માટે તૈયાર કરવામાં આવે,

૩. માનસશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

વધુમાં, આ કૉલેજને બી.એ. (રૂપે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનું પશ્ચાદ્‌ગામી (Retrospective) જોડાણ જૂન ૧૯૬૩થી આપવાનું રહે છે તે તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૮. સંગીત-નાટ્ય ભારતી, રાજકોટ સંચાલિત સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટને જૂન ૧૯૬૪થી સંગીતના તૃતીય વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ડિપ્લોમા-ઇન-મ્યુઝિકના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકની નિમણૂક કરવામાં આવે :
જો વાદ્યસંગીત માટે વિદ્યાર્થીઓ ૧૯૬૪-૬૫ની સાલમાં નોંધાય તો તે માટે એક વધારાના વ્યાખ્યાતા નીમવામાં આવે.

૨. નીચે પ્રમાણેની સગવડોવાળું કૉલેજનું પોતાનું મકાન જૂન ૧૯૬૬ પહેલાં તૈયાર કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે :

(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) ગ્રંથાલય માટેનો ખંડ
(૪) અધ્યાપકગણનો ખંડ
(૫) પ્રૅક્ટિસ માટેનો ખંડ
(૬) રેકર્ડ અને લીસનિંગ માટેનો ખંડ
(૭) વિદ્યાર્થીઓનો ખંડ
(૮) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૯) જરૂરી વર્ગ-ખંડો.

૩. પુસ્તકો, ટેપ તથા રેકર્ડ માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૯. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ અને તે પર એકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૪-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :

(અ) જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા; અને

(બ) જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના પ્રાધ્યાપક; અને
(૨) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. જરૂર પડે ત્યારે પ્રાયોગિક માનસશાસ્ત્રના વિષય માટે એક સુસજ્જ પ્રયોગશાળાની ગોઠવણ કરવામાં આવે.

૩. અંગ્રેજી અને માનસશાસ્ત્રનાં પુસ્તકો પાછળ વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૪,૦૦૦).

૪. પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૦. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી ગુજરાત કૉલેજનું (૧) ગુજરાત આર્ટ્સ કૉલેજ તથા (૨) માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ—એમ વિભાગીકરણ કરવા, તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગૃહવિજ્ઞાન અને ભૂગોળ તથા બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ અને બી.એસસી. (ઑનર્સ)માં ભૂસ્તરશાસ્ત્ર, ભૂગોળ, અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદનું નીચે પ્રમાણે બે કૉલેજોમાં વિભાગીકરણ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. ગુજરાત આર્ટ્સ કૉલેજ, તથા
૨. માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજો, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો ગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિપલ)માં ગૃહવિજ્ઞાન અને ભૂગોળ તથા બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ અને માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદને બી.એસસી. (ઑનર્સ)માં ભૂસ્તરશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો, શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

આર્ટ્સ કૉલેજ માટે

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગૃહવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર અને વિજ્ઞાન વિષયો માટે જરૂરી સંખ્યામાં ખંડ સમયના શિક્ષકો

(૨) ભૂગોળના એક વ્યાખ્યાતા
(૩) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃત, ગણિત તથા અર્થશાસ્ત્ર — એ દરેકના એક એક ટ્યૂટર
(૭) ગણિતમાં એક પ્રોફેસર અને એક વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

(૮) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક; અને
(૯) ભૂગોળના એક પ્રાધ્યાપક.

વિજ્ઞાન કૉલેજ માટે

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ભૂસ્તરશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) હિન્દીના એક વ્યાખ્યાતા
(૪) અંગ્રેજીના બે વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૫) ગણિતના એક પ્રોફેસર તથા એક ટ્યૂટર
(૬) ભૂગોળના એક વ્યાખ્યાતા
(૭) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ દરેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર

જૂન ૧૯૬૫થી અમલી

(૮) ભૂસ્તરશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૯) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૧૦) ભૂગોળના એક પ્રાધ્યાપક.

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ગૃહવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૨) ભૂગોળ	...	રૂ. ૨,૦૦૦
(૩) આંકડાશાસ્ત્ર	...	રૂ. ૨,૦૦૦
(૪) ભૂસ્તરશાસ્ત્ર	...	રૂ. ૨,૦૦૦.

૩. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.
૪. ભૂગોળ માટે રૂ. ૧૦,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે.
૫. આંકડાશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ માટે પ્રત્યેક ૩ વિદ્યાર્થી માટે એક મશીન ખરીદવામાં આવે.
૬. ભૂસ્તરશાસ્ત્ર માટે રૂ. ૧૦,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે.
૭. ગ્રંથાલય માટે પ્રત્યેક કૉલેજ માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.
૮. એક નવા આચાર્ય, એક નવા રેક્ટર નીમવામાં આવે તથા તેમને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને
૯. બન્ને કૉલેજો માટે જુદી ઑફિસોની વ્યવસ્થા કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૧. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને જૂન ૧૯૬૪થી જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદથી સ્વતંત્ર કૉલેજ કરી તેને (૧) બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ અને બી.એ. (પ્રિન્સિપલ) માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

(૧) કૉલેજ માટે આચાર્ય તથા માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે.

(૨) રમતગમત માટે વધારાના મેદાનની સ્વતંત્ર જોગવાઈ કરવામાં આવે.

(૩) એક છાત્રાલયની જોગવાઈ અને તે માટે નિયુક્ત થયેલ ગૃહપતિને ભાડા-મુક્ત મકાન આપવા અંગેની વ્યવસ્થા કરવામાં આવે.

(૪) આચાર્યને હોદ્દાની રૂએ ગવર્નિંગ બૉડીના સભ્ય બનાવવામાં આવે.

(૫) આચાર્યને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે.

(૬) માનસશાસ્ત્રનાં પુસ્તકોની પાછળ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

(૭) પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

(૮) કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૨. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૪થી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું

જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, જે. ઍન્ડ જે. સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી વિજ્ઞાન વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનટને ભલામણ કરવી :

૧. નીચે બતાવ્યા પ્રમાણે શિક્ષક વર્ગની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર
(૩) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા.

જૂન ૧૯૬૫થી અમલી

આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક.

૨. (૧) વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન—એ દરેક વિષયના પ્રયોગો માટે પ્રયોગશાળાની જરૂરી વ્યવસ્થા કરી તેને રૂા. ૬૦,૦૦૦નાં સાધનોથી સુસજ્જ કરવામાં આવે.

(૨) એક સંગ્રહસ્થાન માટેની વ્યવસ્થા કરવામાં આવે.

(૩) એક "હર્બેરિયમ રૂમ"ની વ્યવસ્થા કરવામાં આવે; અને

(૪) આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે દર ત્રણ વિદ્યાર્થીએ એક કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે.

૩. વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર એ દરેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦ એમ કુલ રૂ. ૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પાછળ કરવામાં આવે.

૫. કૉલેજની હાલની વ્યવસ્થામાં જો વધારાના વર્ગો, પ્રયોગશાળાઓ અને તે માટે જરૂરી શિક્ષકોનો ઉમેરો કરવામાં ન આવે તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહિ.

૬. કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૭. સાયન્સ કૉલેજ માટે સ્વતંત્ર કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૮. આચાર્યશ્રી અને ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૩. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો તથા બી.એ. (સબ્સેડિનેટ)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ પ્રભુદાસ ઠક્કર કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી તેને પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૫-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર તથા બી.એ. (સબ્સેડિનેટ)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

૧૯૬૪ના જૂનથી અમલી

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

૧૯૬૫ના જૂનથી અમલી

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. હાલના ખંડો ઉપરાંત નીચેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે:

(૧) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૨) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ; અને
(૩) વધારાના વર્ગો માટેના ખંડો.

૩. અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો તથા સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્ર — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે તથા અગાઉના વર્ષના શરતના રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો પણ મગાવી લેવામાં આવે (કુલ રૂ. ૧૨,૦૦૦).

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે.

૬. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે તથા ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં કોઈ ખોટ જાય તો તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૪. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ પ્રભુદાસ ઠક્કર કૉમર્સ કૉલેજ, અમદાવાદથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને બી.કૉમ. તથા પ્રી-યુનિવર્સિટી સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી કૉમર્સ વિભાગ જુદો કરી તેની સાથે નવા થનાર સાયન્સ વિભાગને જોડી પ્રભુદાસ ઠક્કર સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ, બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય

(૨) કૉમર્સના એક વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) હિન્દીના એક વ્યાખ્યાતા

(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૮) ગણિતના એક વ્યાખ્યાતા

(૯) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૨) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—દરેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ; અને

(૧૩) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ**—(૧) ઉપરના વિષયો સિવાયના વધારાના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે અલગ શિક્ષક નીમવાનો જરૂર નથી.]

૨. ૧૯૬૪ સુધીમાં નીચેની સગવડવાળું કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ

(૨) કાર્યાલયનો ખંડ

(૩) શિક્ષકોનો ખંડ

(૪) ગ્રંથાલય માટેનો ખંડ

(૫) વિદ્યાર્થીઓનો ખંડ

(૬) વિદ્યાર્થિનીઓનો ખંડ

(૭) જરૂરી વ્યાખ્યાન ખંડો; અને

(૮) પ્રયોગશાળા માટેના ખંડો.

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૬,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૪. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા કૉમર્સ વિભાગ માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો માટે કરવામાં આવે.

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૬. આચાર્ય અને ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત મકાન આપવામાં આવે.

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૮. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં, સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજમાં દરેક વિદ્યાશાખાના કોઈ પણ વર્ગ માટે એકથી વધુ ડિવિઝન રાખવા દેવા નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કૉલેજમાં દરેક વિદ્યાશાખાના કોઈ પણ વર્ગ માટે એકથી વધુ ડિવિઝન રાખવાં નહિ.

૪૫. સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૬૪થી હાલની શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીથી શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજને અલગ કરી આર્ટ્સ કૉલેજને બી.એ. (સબૉર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી તા. ૧૫-૬-૧૯૬૪થી આર્ટ્સ વિભાગ અલગ કરી તેને શ્રી ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબૉર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે:

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસ અથવા રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અત્યારે જે વ્યાયામ શિક્ષક છે તે વિનયન વિભાગ માટે ચાલુ રહે.

૨. કૉલેજના મકાન માટે નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે:

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) પુસ્તકાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો.

૩. માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૨,૦૦૦);

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. સંયુક્ત છાત્રાલયમાં ૧૦ બેઠકો વિનયન વિભાગ માટે અલાયદી રાખવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૭. આર્ટ્સ કૉલેજ માટે અલાયદા કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૬. સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈ તરફથી જૂન ૧૯૬૪થી હાલની શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબકુંવરબા જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીથી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજને અલગ કરી કૉમર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલી અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી તા. ૧૫-૬-૧૯૬૪થી કૉમર્સ વિભાગ અલગ કરી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના સ્ટાફ ઉપરાંત નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૬) ગણિતના એક વ્યાખ્યાતા

(૭) કૉમર્સના એક વ્યાખ્યાતા

(૮) સ્ટેટિસ્ટિક્સના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)

(૯) એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)

(૧૦) વ્યાયામ શિક્ષક.

૨. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. છાત્રાલયમાં કૉમર્સના વિદ્યાર્થીઓ માટે ૧૦ બેઠક અલગ રાખવામાં આવે,

૫. આચાર્યને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે,

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૭. કૉમર્સ કૉલેજ માટે સ્વતંત્ર કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૭. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૬૪થી (અ) બી.એ. (જન./સ્પે.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સમાજશાસ્ત્ર અને અર્ધમાગધી માટે ચાલુ જોડાણ આપવા માટે તથા બી.એ. (પ્રિન્સિ.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને માનસશાસ્ત્રમાં વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ, અને (બ) ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, રજની પારેખ આર્ટ્સ કૉલેજ અને કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (જનરલ-સ્પેશિયલ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સમાજશાસ્ત્ર અને પ્રાકૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને મનોવિજ્ઞાન તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) હિન્દીના એક વ્યાખ્યાતા
(૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક તથા એક ટ્યૂટર
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૫) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના એક ટ્યૂટર
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) સંસ્કૃતના એક વ્યાખ્યાતા.

૨. કૉલેજના હાલના મકાનને બદલે કૉલેજને અન્ય સ્થળે ખસેડવાની વ્યવસ્થા જૂન ૧૯૬૪થી કરવામાં આવે તથા ૧૫મી મે ૧૯૬૫ સુધીમાં કૉલેજનું પોતાનું નવું મકાન નીચેની સગવડ સાથે બાંધી તૈયાર કરવામાં આવે :

(નોંધ.—અત્યારના મકાનમાં કોઈ પણ વિદ્યાશાખાના વર્ગો ચલાવી શકાય નહિ.)

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) શિક્ષકો માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) ગ્રંથાલય માટેનો ખંડ
(૬) કાર્યાલય માટેનો ખંડ
(૭) વર્ગો માટેના જરૂરી ખંડો.

૩. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને માનસશાસ્ત્ર, એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૯,૦૦૦),

૪. ૧૯૬૪-૬૫ના વર્ષ માટે વિનયન વિભાગ માટે પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

૧. કૉલેજનું ચાલુ તથા વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી આપવું.

૨. શરત ક્રમાંક ૧ (૧૦)માં સંસ્કૃતને બદલે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ રાખવું.

૪૮. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પે.)માં રેટરિસ્ટિક્સ તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન અને

પ્રાણીવિજ્ઞાનના વિષયોમાં જોડાણ આપવા અંગે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબોર્ડિનેટ)માં સ્ટેટિસ્ટિક્સ તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) માનસશાસ્ત્ર માટે એક વધારાના વ્યાખ્યાતા

(૨) સમાજશાસ્ત્ર માટેના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૩) રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર— એ દરેક વિષય માટે એક એક વધારાના વ્યાખ્યાતા

(૪) જરૂર પ્રમાણે ટ્યૂટર, ડેમોન્સ્ટ્રેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ.

૨. રસાયણવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, એ દરેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૭,૦૦૦),

૩. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. લેબોરેટરી સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
	કુલ	રૂા. ૮૫,૦૦૦

૫. રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન પ્રાણીવિજ્ઞાનના વિષયો માટે સુસજ્જ ત્રણ પ્રયોગશાળાઓ તથા તૃતીય વર્ષ બી.એસસી. માટે ફિઝિકલ કેમિસ્ટ્રીના વિષય અંગેની એક પ્રયોગશાળાની જોગવાઈ અત્યારે અસ્તિત્વ ધરાવતી પ્રયોગશાળા ઉપરાંત કરવામાં આવે; અને

૬. આચાર્યશ્રીની નિમણૂક કાર્યકારી હોય તોપણ તેમને માટે ઘરભાડું કે ભાડામુક્ત મકાન આપવાની જોગવાઈ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૯. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત; બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ-સ્પેશિયલ) અર્થશાસ્ત્ર, બી.એસસી. (ઑનર્સ-પ્રિન્સિપલ) રસાયણશાસ્ત્ર, બી.એસસી. (જનરલ-સબોર્ડિનેટ) ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત; બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૬-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકવર્ગની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગણિતના એક વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવનાર વ્યાયામ શિક્ષક.

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૩) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતના એક પ્રાધ્યાપક
(૫) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક પ્રાધ્યાપક
(૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. જો મકાનનો પહેલો માળ તૈયાર ન થઈ શકે તો ચાર કામચલાઉ ઓરડા બનાવવાની બાંયધરી આપે અને નીચે પ્રમાણેના ઓરડાનો પ્રબંધ કરવામાં આવે :

(૧) શિક્ષક વર્ગ માટેનો ઓરડો
(૨) વિદ્યાર્થિનીઓ માટેનો ઓરડો
(૩) વિદ્યાર્થીઓ માટેનો ઓરડો
} (જરૂરી સેનેટરી વ્યવસ્થા સાથે).

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન માટે રૂા. ૩૦,૦૦૦ના ખર્ચે પ્રયોગશાળાનાં સાધનો વસાવવામાં આવે. સ્ટેટિસ્ટિક્સની લેબોરેટરી માટે ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે.

૪. અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત— એ દરેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા સમાજશાસ્ત્ર માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૫,૦૦૦).

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૦. એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીને જૂન ૧૯૬૪થી બી.એ. (જન./સબ્સિ.)માં સમાજશાસ્ત્ર અને બી.એસસી. (જન./સબ્સિ.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (જનરલ/સબ્સિડિયરી)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (સબ્સિડિયરી/જનરલ)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. બાયોલોજી વિભાગમાં એક વધુ પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે,

૨. પ્રતિ વર્ષ પુસ્તકો અને સામયિકો પરત્વે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. કૉલેજ વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજમાં પ્રાણીવિજ્ઞાનના વિષય માટે ૧૫થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ, એમ કૉલેજને જણાવવું.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કૉલેજમાં પ્રાણીવિજ્ઞાનના વિષય માટે ૧૫થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.

૫૧. શ્રી. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. ઇતિહાસ, અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦ પુસ્તકો માટે ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૮,૦૦૦);

૩. પુસ્તકો માટે અગાઉનાં વર્ષોમાં ઓછા ખર્ચાયેલા રૂા. ૧૦,૦૦૦નાં પુસ્તકો તાત્કાલિક ખરીદવામાં આવે;

૪. સામયિકો, સમાચારપત્રો વગેરે મૂકવા માટે તેમ જ વાંચવા માટે ગ્રંથાલયમાં પૂરી સગવડ ઊભી કરવામાં આવે, તથા ગ્રંથાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. વિજ્ઞાનની હાલની પ્રયોગશાળાઓમાં, મકાન તેમ જ સાધનસામગ્રીમાં, સુધારાવધારા કરી યોગ્ય રીતે તૈયાર કરવી અને તેમ ન થાય તો પ્રથમ વર્ષ બી.એસસી.ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ;

૬. ગૃહપતિને હૉસ્ટેલ નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૨. વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પે./પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, ગણિતશાસ્ત્ર તથા બી.એ. (જન./સબો.)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.એસસી. (પ્રિન્સિ.)માં રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (સબ્સ./જન.)માં ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ/પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, ગણિત; બી.એ. (જનરલ/સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ અને સંસ્કૃત; બી.એસસી. (પ્રિન્સિપલ/ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને ગણિત તથા બી.એસસી. (સબ્સિડિયરી/જનરલ)માં ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૨) માનસશાસ્ત્રના એક ટ્યૂટર
(૩) રસાયણવિજ્ઞાનના બે ડેમોન્સ્ટ્રેટર
(૪) ભૌતિકવિજ્ઞાનના બંડ સમયના શિક્ષકોને પૂરા સમયના બનાવવામાં આવે
(૫) હિન્દીના એક પ્રાધ્યાપક.

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા.

૨. પુસ્તકાલયમાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે,

૩. પુસ્તકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. પ્રયોગશાળાઓ માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

	અનાવર્તક	આવર્તક
	રૂા.	રૂા.
(૧) ભૌતિકવિજ્ઞાન	૭,૫૦૦	૧,૫૦૦
(૨) રસાયણવિજ્ઞાન	૧૬,૦૦૦	૮,૦૦૦
(૩) જીવવિજ્ઞાન	૧૨,૦૦૦	૪,૦૦૦
(૪) વનસ્પતિખ્યાગ	૨,૦૦૦	૧,૦૦૦

૫. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૩. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા, વધારાનું જોડાણ આપવા, આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો, તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન — એ દરેકમાં એક એક ડેમોન્સ્ટ્રેટર.

જૂન ૧૯૬૫થી અમલી

સંસ્કૃતના એક પ્રાધ્યાપક.

૨. વનસ્પતિશાસ્ત્ર માટે એક વધારાની પ્રયોગશાળા ઊભી કરવી તથા રૂા. ૧૫,૦૦૦ સાધનસામગ્રી પાછળ ખર્ચવામાં આવે,

૩. વનસ્પતિવિજ્ઞાનના બાગની વ્યવસ્થા કરવામાં આવે,

૪. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા સમાજશાસ્ત્ર તથા વનસ્પતિશાસ્ત્ર—એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૪,૦૦૦),

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૪. બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી તરફથી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. અને બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, બારડોલી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર, ઇતિહાસ તથા સમાજશાસ્ત્ર, તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના બે વ્યાખ્યાતા (તેમાંની એક નિમણૂક ૧૯૬૩ માટે)
(૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) રસાયણશાસ્ત્રના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર

(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર
(૭) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર
(૮) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર
(૯) સંસ્કૃતના એક ટ્યૂટર
(૧૦) હિન્દીના એક ટ્યૂટર
(૧૧) માનસશાસ્ત્રના એક ટ્યૂટર.

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) રસાયણશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક.

૨. ૧૯૬૩ના વર્ષના પ્રયોગશાળા માટેના બાકીના રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૩. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૪૦,૦૦૦ તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન—એ પ્રત્યેકની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે,

૪. ૧૯૬૩ના વર્ષનાં પુસ્તકો માટેના બાકીના રૂા. ૨,૨૨૮-૩૫ ન.પૈ.નો ખર્ચ કરવામાં આવે.

૫. ગુજરાતી, અર્થશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન અને ગણિત—એ દરેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો; તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૮,૦૦૦),

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૭. રમતગમતનું મેદાન યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની કૉલેજના સંચાલન મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૫. શ્રી. અમરેલી જિલ્લા વિદ્યાસભા, અમરેલી તરફથી કામાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને જૂન ૧૯૬૪થી બી.એ. (રૂપે./પ્રિન્સિપલ)માં ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (જન./સબૉર્ડિનેટ)માં અંગ્રેજી, ઇતિહાસ, અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં

ગણિતશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એ. (સબ્સિડિયરી)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

   (૯) નોન-ક્લિનિકલ સ્ટાફ — પેથોલોજી, ફાર્માકોલોજી, પ્રીવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન, અને ફોરેન્સિક મેડિસિન માટે નિયમ અનુસાર નિમણૂક કરવામાં આવે.
૨. કૉલેજનું પોતાનું મકાન સંપૂર્ણ સગવડવાળું તૈયાર થાય ત્યાં સુધી પોસ્ટ-ગ્રેજ્યુએટ વિભાગમાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવે.
૩. ફાર્માકોલોજી, પેથોલોજી, પ્રીવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન અનેફોરેન્સિક મેડિસિન વગેરે માટે યાદી પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે.
૪. ઓટો-રિહ્નો લેરિંગોલોજી, ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી, પેડિયાટ્રિક્સ અને ઑપ્થેલ્મોલોજી તથા ડેન્ટિસ્ટ્રીના વિષયો માટે જરૂરી પથારીઓ માટે વ્યવસ્થા કરવામાં આવે.
૫. દ્વિતીય અને તૃતીય વર્ષ એ પ્રત્યેકને માટે રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે (કુલ રૂ. ૧૦,૦૦૦).
૬. પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પરત્વે કરવામાં આવે; અને
૭. આચાર્ય અને ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૭. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી પ્રથમ વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ અને દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય

વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકવર્ગની નિમણૂક કરવામાં આવે:

પ્રથમ વર્ષ બી.ડી.એસ. માટે

(૧) પ્રોસ્થેટિક્સના પ્રાધ્યાપક
(૨) પ્રોસ્થેટિક્સના વ્યાખ્યાતા
(૩) ડેન્ટલ એનેટોમી અને ફિઝિયોલોજીના વ્યાખ્યાતા; અને
(૪) ફિઝિયોલોજીના અર્ધ સામયિક વ્યાખ્યાતા.

દ્વિતીય વર્ષ બી.ડી.એસ. માટે

(૧) જનરલ એન્ડ ડેન્ટલ ફાર્માકોલોજી એન્ડ થેરાપ્યુટિક્સમાં એક વ્યાખ્યાતા અને એક જુનિયર વ્યાખ્યાતા
(૨) જનરલ પેથોલોજી એન્ડ બેક્ટેરિયોલોજીમાં એક વ્યાખ્યાતા અને એક જુનિયર વ્યાખ્યાતા
(૩) ડેન્ટલ પ્રોસ્થેટિક્સમાં બે જુનિયર વ્યાખ્યાતા
(૪) ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રીમાં એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા અને બે જુનિયર વ્યાખ્યાતા
(૫) પિરિયોડોન્શિયા એન્ડ પ્રીવેન્ટિવ ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા અને એક ડેન્ટલ સર્જન
(૬) પિરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૭) ઓર્થોડોન્શિયાના એક વ્યાખ્યાતા, એક જુનિયર વ્યાખ્યાતા અને એક ડેન્ટલ સર્જન; અને
(૮) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા.

૨. દ્વિતીય વર્ષ બી.ડી.એસ.ના વર્ગ માટે વધુ બેઠકની વ્યવસ્થા કરવામાં આવે.

૩. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૪. કૉલેજના અલાયદા મકાનની વ્યવસ્થા જૂન ૧૯૬૫ સુધીમાં કરવામાં આવે.

૫. જરૂરી પ્રાયોગિક સાધનસામગ્રી ખરીદવામાં આવે અને પ્રયોગશાળામાં ગોઠવવામાં આવે.

૬. ગ્રંથાલય માટે ગયા વર્ષની બાકીની રકમ રૂા. ૫,૦૦૦ ખર્ચવામાં આવે અને ચાલુ વર્ષ માટે રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે; અને

૭. ડીન તેમ જ સ્ટાફના સભ્યો માટે કૉલેજના પટાંગણમાં રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કૉલેજમાં નવા ૩૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા દેવા નહિ, પરંતુ વધારાની સગવડો કરવામાં આવે તો નવા ૫૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે પરવાનગી આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કૉલેજમાં નવા ૩૦થી વધુ વિદ્યાર્થીઓને દાખલ કરવા દેવા નહિ અને વધારાની સગવડો કરવામાં આવે તો નવા ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૮૮. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ તરફથી જૂન ૧૯૬૪થી બી.એસસી. (એગ્રિકલ્ચર)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી, સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને બી.એસસી. (ઍગ્રિ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૯. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી અમદાવાદ ખાતે શરૂ થનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને પ્રી-યુનિ. આર્ટ્સ તથા પ્રી-યુનિ. સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી શરૂ થનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂંક કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) ઇતિહાસ-રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
(૧૨) ગણિતના એક વ્યાખ્યાતા
(૧૩) એક વ્યાયામ શિક્ષક.

[નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને તેની જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે જુદા વ્યાખ્યાતા નીમવાની જરૂર રહેશે નહિ.]

૨. કૉલેજ માટે વપરાનાર મકાનમાં નીચે પ્રમાણેની સગવડો માટે પ્રબંધ કરવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ
(૨) શિક્ષકોનો ખંડ
(૩) કાર્યાલયનો ખંડ
(૪) વિદ્યાર્થીઓનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૬) ગ્રંથાલય
(૭) જરૂરી વર્ગ-ખંડો
(૮) પ્રયોગશાળા માટેના ખંડો.

૩. જૂન ૧૯૬૭ સુધીમાં પોતાનું મકાન તૈયાર કરવામાં આવે.

૪. છાત્રાલય માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે.

૫. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ અને વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦—એમ કુલ રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે.

૬. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૭. આચાર્ય તથા ગૃહપતિને ભાડા-મુક્ત મકાન આપવામાં આવે.

૮. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે.

૯. મંડળને કાયદેસર રજિસ્ટર કરાવી આચાર્યને હોદ્દાની રૂએ કૉલેજની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૧૦. કૉલેજની વ્યવસ્થામાં જતી ખોટ પૂરી કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

શરત ક્રમાંક ૬ નીચે પ્રમાણે સુધારવી:

"પ્રયોગશાળાને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે તે પૈકી રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં કરવામાં આવે તથા બાકીના રૂા. ૫૦,૦૦૦ તા. ૧૪-૬-૧૯૬૫ સુધીમાં ખર્ચવામાં આવે."

૬૦. શ્રી. નૂતન કેળવણી મંડળ, વલસાડ તરફથી જૂન ૧૯૬૪થી હાલની એન. કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરી આર્ટ્સ વિભાગ જુદો કરી આર્ટ્સની કૉલેજને બી. એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા હિંદીના અભ્યાસક્રમ અંગેનું ચાલુ જોડાણ મેળવવા તથા ફર્સ્ટ ઇયર બી. કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, નૂતન કેળવણી મંડળ સાયન્સ ઍન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડમાંથી આર્ટ્સ વિભાગને તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી તેની સાથે નવા શરૂ થનાર વાણિજ્ય વિભાગને જોડી નૂતન કેળવણી મંડળ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; અને બી.એ. (જનરલ/સબોર્ડિનેટ)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે

(૧) આચાર્ય
(૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૩) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

[**નોંધ.**— આર્ટ્સ વિદ્યાશાખાના હાલના બધા જ શિક્ષકો (વ્યાયામ શિક્ષક સહિત) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં શિક્ષણ કાર્ય કરે.]

૨. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ માટે હાલ તૈયાર થતા બાંધકામ ઉપરાંત નીચે પ્રમાણેનું વધારાનું બાંધકામ કરવું:
(૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય માટેનો ખંડ
(૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના શિક્ષકો માટેનો ખંડ
(૩) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના કાર્યાલય માટેનો ખંડ.

૩. કૉમર્સના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે.

૪. પાછળનાં વર્ષોની પુરવણી પેટે પુસ્તકાલયમાં બધાં મળીને રૂા. ૩૦,૦૦૦નાં પુસ્તકો ત્રણ વર્ષમાં ખરીદવામાં આવશે એવી બાંયધરી આપવામાં આવે તથા વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં યોગ્ય ફાળવણી કરવામાં આવે.

૫. વાણિજ્યની વિદ્યાશાખામાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૬. આર્ટ્સ વિભાગના પુસ્તકાલય માટે પ્રતિ વર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૭. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્ય તથા ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે.

૮. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્યને મંડળની વ્યવસ્થાપક સમિતિમાં હોદ્દાની રૂએ સભ્ય બનાવવામાં આવે.

૯. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૧૦. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે અલાયદું કાર્યાલય કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૧. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ થનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર બી.એ. તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ તથા તે પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે મુજબની નિમણૂકો કરવામાં આવે:
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના વ્યાખ્યાતા
(૯) ઍકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૦) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૧) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ

(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો;

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજે પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવી.

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. વિનયન માટે રૂા. ૫,૦૦૦ તથા વાણિજ્ય માટે રૂા. ૫,૦૦૦નો પુસ્તકો માટે ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૦,૦૦૦);

૬. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. કૉલેજ માટે રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૨. સ્ટે. ૧૧૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત:

St. 118:

The Board of University Teaching shall consist of—

(1) The Vice-Chancellor;
(2) The Rector;
(3) Deans of Faculties;
(4) Two members nominated by the Syndicate for a period of three years;
(4)(*a*) Heads of University Departments;
(5) Heads of Constituent Degree Colleges and Heads of Constituent recognised Institutions, provided they are also recognised Post-graduate Teachers in the University;
(6) Seven teachers recommended by the Academic Council of whom at least four shall be the teachers in the affiliated colleges or recognised Institutions or University Departments, but shall not be a Principal or a Head of the recognised Institution or a University Department, provided they are members of the Senate for a period of three years, one from each Faculty, provided they are also recognised Post-graduate Teachers in the University.

આથી ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૧૧૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 118 :

The Board of University Teaching shall consist of—

(1) The Vice-Chancellor;
(2) The Rector;
(3) Deans of Faculties;
(4) Two members nominated by the Syndicate for a period of three years;
(5) Heads of University Departments (i.e. the Post-graduate Schools);
(6) Heads of Constituent Degree Colleges and Heads of Constituent Recognised Institutions, provided they are also recognised Post-graduate Teachers in the University;
(7) Eight recognised Post-graduate teachers to be nominated, one from each faculty, by the Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments, but shall not be Principals or Heads of Colleges, Recognised Institutions or University Departments.

૯૩. તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઓકયૂપેશનલ હાઇજીન (ડી. આઇ. એમ. એન્ડ ઓ. એચ.) માટે એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા સારુ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઓકયૂપેશનલ હાઇજીન (ડી. આઈ. એમ. એન્ડ ઓ. એચ.)નો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૯૪. સિન્ડિકેટની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભાના ઠરાવ અન્વયે નેશનલ કૉલેજ, કુમેરનગરનો વહીવટ સિંધી એજ્યુકેશન સોસાયટી સંભાળે તે પરત્વે મજકૂર કૉલેજની જોડાણ-અરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને અભિપ્રાય આપવા જણાવેલું, તેઓ તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નેશનલ કૉલેજ, કુમેરનગર, ઉપર બાબત ક્રમાંક ૨૮માં જણાવેલ જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન કરે તે શરતે સદરહુ કૉલેજનો વહીવટ સિંધી એજ્યુકેશન સોસાયટી સંભાળે તેમાં યુનિવર્સિટીને કશો વાંધો નથી તેમ જણાવવું.

૯૫. સ્વામિનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદમાં સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. શુક્લ ભૂપતરાય અમૃતલાલની નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીના આવેલા તા. ૧૧-૨-૧૯૬૪ના પત્રાંક ૬-પી બી.એ. શુક્લ-૫૪૧૦ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શુક્લને બે વર્ષનો શૈક્ષિણક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. શુક્લ ભૂપતરાય અમૃતલાલને ટ્યૂટર તરીકે માન્ય કરવા, પણ લેક્ચરર તરીકે માન્ય કરવા નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને સમાજશાસ્ત્રના ટ્યૂટરથી ચલાવવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી, પણ જૂન ૧૯૬૪થી યોગ્ય લાયકાત ધરાવનાર સમાજશાસ્ત્રના લેક્ચરરની નિમણૂક કરે નહિ તો તે વિષય માટે તેઓ નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે નહિ એમ જણાવવું.

૯૬. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં શિક્ષણકાર્ય કરતા નીચેના સહયો તેમનાં નામ સામે જણાવેલ હોદ્દા અંગે જરૂરી અનુભવ ધરાવતા ન હોઈ તેમની નિમણૂકમાં છૂટછાટ મૂકવા વિનંતી કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૧-૨-૧૯૬૪ના પત્રાંક ૩૫૦૨ પર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કારણ	નોંધ
(૧)	શ્રી. રાવળ એન. સી.	અંગ્રેજીના વ્યાખ્યાતા	સાત વર્ષનો અનુભવ જોઈએ. અઢી વર્ષનો અનુભવ ધરાવે છે.	ટ્યૂટર તરીકે માન્ય કરવા આચાર્ય વિનંતી કરે છે.
(૨)	શ્રી. બધેકા કે. પી.	સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા	ટ્યૂટર તરીકેનો બે વર્ષનો અનુભવ જોઈએ. એક વર્ષનો અનુભવ ધરાવે છે.	,, ,,
(૩)	શ્રી. ઠાકર બી. એમ.	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	અધ્યાપક તરીકે સાત વર્ષનો અનુભવ જોઈએ. ચાર વર્ષનો અનુભવ ધરાવે છે.	પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રાવળ એન. સી.ને તથા શ્રી. બધેકા કે. પી.ને અનુક્રમે અંગ્રેજીના અને સમાજશાસ્ત્રના ટ્યૂટર તરીકે માન્ય કરવા પણ લેક્ચરર તરીકે માન્ય કરવા નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અનુક્રમે અંગ્રેજીના અને સમાજશાસ્ત્રના ટ્યૂટરથી ચલાવવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી, પણ જૂન ૧૯૬૪થી યોગ્ય લાયકાત ધરાવનાર અંગ્રેજી અને સમાજશાસ્ત્રના લેક્ચરરની નિમણૂક કરે નહિ તો તે વિષયો માટે તેઓ નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકશે નહિ, એમ જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે. શ્રી. ઠકાર બી. એમ.ને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા નહિ, અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જરૂરી લાયકાત ધરાવનાર વ્યક્તિની નિમણૂક જૂન ૧૯૬૪ સુધીમાં તેઓ કરે નહિ તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકશે નહિ, એમ જણાવવું.

૯૭. ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટામાં વ્યાયામ શિક્ષકની નિમણૂક અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ જગ્યા પર જુલાઈ ૧૯૬૩થી જરૂરી લાયકાત ધરાવતા શિક્ષક નથી અને આચાર્યે નીમેલા એક ભાઈની નિમણૂક સિન્ડિકેટે તેની તા. ૭-૯-૧૯૬૩ની સભામાં માન્યતા આપી ન હતી છતાં ચાલુ છે. દરમિયાન એમ જણવા મળ્યું છે કે, કૉલેજને જરૂરી શૈક્ષણિક લાયકાતવાળા એક શિક્ષકની સેવાઓ ઉપલબ્ધ થતી હતી, છતાં તેમણે વધુ પગાર માગ્યાથી કૉલેજે તે ભાઈને લીધા ન હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિમણૂક ફકત ચાલુ સત્ર પૂરતી માન્ય કરવી અને કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૪થી યોગ્ય લાયકાત ધરાવનાર વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૮. પ્રી-યુનિવર્સિટી વિનયનના વિષયો શીખવવા માટે અધ્યાપકની લાયકાત નીચે પ્રમાણે રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

(૧) તર્કશાસ્ત્ર, એમ.એ. બીજો વર્ગ, તત્ત્વજ્ઞાન અથવા મનોવિજ્ઞાન વિષય સાથે,
(૨) આંકડાશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ, પ્રી-યુનિવર્સિટી તથા એફ.વાય.બી.એ. માટે, બી.એ. આંકડાશાસ્ત્ર સાથે,
(૩) નાગરિકશાસ્ત્ર, એમ.એ. ઇતિહાસ અથવા રાજ્યનીતિશાસ્ત્ર સાથે,
(૪) ભૂગોળ, પ્રી-યુનિવર્સિટી માટે જેમ ચાલે છે તેમ રાખવું. એફ.વાય.બી.એ. માટે, એમ.એ. ભૂગોળ સાથે,
(૫) જગતના ધર્મો, એમ.એ. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અથવા તત્ત્વજ્ઞાન અથવા સંસ્કૃત સાથે,
(૬) જગતનો ઇતિહાસ, એમ.એ. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ અથવા રાજ્યનીતિશાસ્ત્ર સાથે,
(૭) સામાન્ય જ્ઞાન (એફ.વાય. બી.એ.), કોઈ પણ વિષયના પ્રોફેસર કક્ષાના શિક્ષક સામાન્ય જ્ઞાનનો આખો વિષય શીખવી શકે.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિનયન/પ્રથમ વર્ષ બી.એ.ના અભ્યાસક્રમમાં નીચેના વિષયો શીખવવા માટે તેમનાં નામ સામે જણાવેલ વિષયો શીખવવા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ મંજૂર કરવું :

(૧) તર્કશાસ્ત્ર—એમ. એ. બીજો વર્ગ (તત્ત્વજ્ઞાન અથવા મનોવિજ્ઞાનના વિષય સાથે)
(૨) આંકડાપદ્ધતિ—એમ.એ. બીજો વર્ગ અર્થશાસ્ત્ર કે આંકડાશાસ્ત્ર સાથે
(૩) નાગરિકશાસ્ત્ર—એમ.એ, બીજો વર્ગ ઇતિહાસ અથવા રાજ્યનીતિશાસ્ત્ર સાથે
(૪) ભૂગોળ—એમ.એ. બીજો વર્ગ ઇતિહાસ સાથે

(૫) જગતના ધર્મો—એમ.એ. બીજો વર્ગ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અથવા તત્ત્વજ્ઞાન અથવા સંસ્કૃત સાથે

(૬) જગતનો ઇતિહાસ—એમ.એ. બીજો વર્ગ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અથવા ઇતિહાસ અથવા રાજ્યનીતિશાસ્ત્ર સાથે

(૭) સામાન્યજ્ઞાન (જનરલ એજ્યુકેશન)—કોઈ પણ વિષયના પ્રોફેસર કક્ષાના શિક્ષક અથવા જે તે વિભાગમાં આવતા વિષયના લેક્ચરર તે વિભાગ પૂરતાં જ.

૯૯. કાયદાની વિદ્યાશાખામાં નિમાતા પ્રાધ્યાપકની લાયકાતના ધોરણની કંડિકા-૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"A Bar-at-law with at least a standing of five years' at the Bar."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૦૦ "લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસ" તથા "ટેક્ષેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસ"ના ડિપ્લોમા અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો નીચે મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

Taxation Laws And Practice

Professor :

Chartered Accountant with five years' Practice and should be LL.B.

Lecturer :

1. For General Principles of Accountancy—Chartered Accountant with three years' practice,
2. For all other subjects —
   LL.B. Second Class with five years' practice,
   or
   LL.B. and Chartered Accountant with three years' practice.

Labour Laws and Practice

Professor :

Same as in Law subject.

Lecturer :

1. For Labour Economics—Same qualifications as required for the lecturer's post in economics under Arts Faculty.
2. For all other subjects—same as in Law subjects.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૦૧. બાર કાઉન્સિલના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૩-૧-૧૯૬૪ના પત્રાંક એસ. ઈ. (સ૨.) ૧-૧૯૬૪ તથા તે સાથે આવેલ ધારાકીય શિક્ષણ અંગેની પ્રશ્નાવલિ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૧૦૨. સેનેટના હોદ્દાગત સભ્ય સર્વશ્રી ઈશ્વરભાઈ જે. પટેલ અને એચ. જે. કોએલ્હોને અનુક્રમે વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલને વિનયનની વિદ્યાશાખાનું અને શ્રી. એચ. જે. કોએલ્હોને વાણિજ્યની વિદ્યાશાખાનું સભ્યપદ આપવું.

૧૦૩. જનરલ એજ્યુકેશનની પરીક્ષા અંગે નીચેના રેગ્યુ. આર્ટ્સ ૧-એ, રેગ્યુ. એસસી. ૧-એ, રેગ્યુ. કૉમ. ૧-એ, રેગ્યુ. એસસી. ૭-એ તથા રેગ્યુ. આર્ટ્સ ૬-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"Notwithstanding anything contained elsewhere, it is hereby provided that the examination in General Education shall be held by the college concerned and the marks obtained by each candidate appearing thereat shall be communicated confidentially by the Principal on or before the 20th March separately for (*i*) Internal Evaluation, (*ii*) the written examination, and (*iii*) The total. The marks so communicated shall be treated as marks obtained by the candidate for the purpose of determining his result."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. આર્ટ્સ ૧-એ, રેગ્યુ. એસસી. ૧-એ, રેગ્યુ. કૉમ. ૧-એ, રેગ્યુ. એસસી. ૭-એ અને રેગ્યુ. આર્ટ્સ-૬નો ઉપરનો પાઠ મંજૂર કરવો, તથા આ રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

૧૦૪. આર્ટ્સ-૨ તથા આર્ટ્સ-૭ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવાની તથા તેને જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬ ૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

R. Arts-2:

(1) English:

Paper V:

This paper will contain a study of one prescribed form of literature. One of the following two forms will be prescribed in turn:

(1) Short story (2) Essay.

R. Arts-7 :

(1) English :

Paper III :

This paper will comprise study of a prescribed form of literature. One of the following two forms will be prescribed in turn :
(1) Lyric, and (2) Comedy.

Two works of that form will be prescribed.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુલેશન આર્ટ્સ-૨ તથા આર્ટ્સ-૭ સુધારવા અને આ સુધારેલા રેગ્યુલેશનોને જૂન ૧૯૬૪થી અમલમાં આવેલા ગણવા.

૧૦૫. રેગ્યુ. આર્ટ્સ-૨ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. Arts-2 :

(4) Hindi :

Paper IV Poetry
Paper V Prose.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૨ માં જરૂરી સુધારો કરવો, અને સુધરેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

૧૦૬. રેગ્યુ. પ્રી-૧૪(૪) ફિઝિકસ તથા રેગ્યુ. એસસી.-૨(૩) ફિઝિકસમાં નીચે મુજબ ઉમેરો કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

Scheme of Distribution of Marks (out of 30) for each Experiment at Pre-University Science and F.Y.B.Sc. Physics Practical Examination.

Marks to be assigned out of 30 :

(1) Approach to the experiment (correct drawing of electrical) circuits and a decent lay out of connected circuits correct setting of the apparatus, etc. .. 8 marks

(2) Record and tabulation with proper units .. 4 marks

(3) Understanding of the experiment (total jointly judged from the observations recorded by the candidate and by setting him a few fundamental oral questions) .. 8 marks

(4) Correct usage, working formula, accurate calculation and proper graph .. 6 marks

(5) Accuracy of results .. 4 marks

Total...30 marks."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. પ્રી-૧૪(૪) ફિઝિકસ તથા રેગ્યુ. એસસી.-૨(૩)-ફિઝિકસમાં જરૂરી સુધારા કરવા અને આ સુધારેલા રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં આવેલ ગણવા.

૧૦૭. સેકન્ડ બી.કોમ. અને થર્ડ બી.કોમ.ના અભ્યાસક્રમ અંગેના ઓ. કોમ. ૩, ૪, ૫, ૬ અને ૭ તથા રેગ્યુ. કોમ.-૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ઓર્ડિ. કોમ.-૩, ૪, ૫, ૬ અને ૭ તથા રેગ્યુ. કોમ.-૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૫ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા આ ઓર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૦૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ મુજબ રેગ્યુ. ૨૯-એમાં પેપર-૧૫, રિસર્ચ મેથડ્સ ઇન સાયકોલોજીમાં કેટલાક સુધારાઓ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. ૨૯-એ માં જરૂરી સુધારો કરવો અને આ સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સદરહુ રેગ્યુલેશનમાં કરવામાં આવેલા સુધારાની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦૯. ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાના ઠરાવ મુજબ મંજૂર કરવા તથા તેને ૧૯૬૪ની પરીક્ષાથી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ. હોમ સાયન્સના રેગ્યુ. ૨૯-બીમાં દરેક પ્રશ્નપત્ર ૭૫ ગુણ અને ત્રણ કલાકનો રાખવો અને મૌખિક (viva voce) પરીક્ષા ૨૦૦ ગુણની રાખવી અને તે માટે રેગ્યુ. ૨૯-બી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ છે.

Resolved that 200 marks for Viva voce under R. 29-B Home Science should be distributed as under:

(1) *Paper II:* Food and Nutrition — Experimental Cookery and *Paper VI:* Food and Nutrition — Advanced Nutrition. Viva voce 100 marks.

It is recommended that the Viva voce for Papers II and VI should be arranged to ascertain the detail knowledge of students regarding the calculation of Nutritional requirement and the familarity of the student with coloid chemistry. If necessary the student may be tested regarding knowledge of Master food plans for low cost requirements. The Viva voce for each student in these two papers should be at least for 30 minutes. This Viva voce should be taken jointly by the Examiners for Food and Nutrition papers.

(2) *Paper III*: Clothing and Textiles — Viva voce 50 marks (For at least 15 minutes).

Each student should be examined in detail regarding the ability to recognise different textile fabrics and also to recognise different weaves from testing samples. The student should also possess knowledge regarding the price curability and suitability of fabrics and should be conversant with microscopic examination of fabrics indicated in the syllabus. Each student should be examined for at least 15 minutes. Examiners of Paper–III will take this Viva voce.

(3) Paper IV and VII Home Management — Viva-voce 50 marks (For at least 15 minutes).

Each student should be examined regarding colour combinations and its relation to emotion. They should also be tested in the ability to identify craftwork; like Batick, Alpana and in creating original design for specific use. Each student should be the examine at least 15 minutes. The viva voce should be taken by the examiners in Home Management including the examiners for craft and fine arts."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. ૨૯–બી માં જરૂરી સુધારો કરવો, અને આ સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સુધારેલા રેગ્યુ. ૨૯–બીના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૧૦. રેગ્યુ. ૧૫૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"R. 156 :

A student who fails at the First LL.B. or Second LL.B. Examination but secures at least 50% marks in any paper or papers

at the examination shall at his option be exempted from appearing in the said paper or papers when he reappears at the Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૫૬ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૧૧. પ્રી-યુનિવર્સિટી (ઍગ્રિ.)ની પરીક્ષામાં હિંદી અને ગુજરાતીમાં એક પ્રશ્નપત્રના ૧૦૦ ગુણ રાખવા તથા અંગ્રેજીના બે પ્રશ્નપત્રોને બદલે એક પ્રશ્નપત્ર રાખવા રેગ્યુ. ૧૩૧-એ અને ૧૩૧-સી સુધારવા તથા તેને જૂન ૧૯૬૪ની પરીક્ષાથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૩૧-એ અને ૧૩૧-સી સુધારવા તથા તેને માર્ચ ૧૯૬૪ની પરીક્ષાથી અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા રેગ્યુ. ૧૩૧-એ અને ૧૩૧-સીની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૧૨. બી.એ.એમ.એસ.માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની જોગવાઈ કરવાની વિનંતી કરતા ગુજરાત રાજ્યના ડિરેક્ટર ઑફ આયુર્વેદના તા. ૨૩-૧-૧૯૬૪ના પત્રાંક એ. વાય. સી. ૨૪-૬૪-એમ-૩૩૩-૩૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તબીબી કૉલેજને રાજ્ય સરકારને હસ્તક ચાલતી હોઈ તેમાં પ્રવેશ આપવા અંગેના આ પ્રશ્ન પરત્વે રાજ્ય સરકારે વિચારવાનું રહે છે એ મતલબનો જવાબ તબીબી કૉલેજોના આચાર્યો તથા ડિરેક્ટર ઑફ મેડિકલ સર્વિસને લખવો.

૧૧૩. રેગ્યુ. ૩૦, રેગ્યુ. ૯૧ તથા રેગ્યુ. ૨૧૯ સુધારવા તથા તે ૧૯૬૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓને લાગુ પાડવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. ૩૦, ૯૧ અને ૨૧૯ સુધારવા. સુધારેલા આ રેગ્યુલેશનોનો અમલ ૧૯૬૫ના વર્ષ અને તે પછી લેવાનારી પરીક્ષાઓ માટે કરવો.

(સુધારેલા રેગ્યુ. ૩૦, ૯૧ અને ૨૧૯ના પાઠની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૧૪. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશનની તા. ૮-૧-૧૯૬૪ની સભાની ભલામણો જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાએ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૧૫. સમકક્ષતા અંગે મંજૂર કરવામાં આવેલી ઇક્વિવેલેન્સ કમિટીની ભલામણો તથા પરસ્પર માન્યતાના ધોરણે સમકક્ષ ગણાતી બીજી યુનિવર્સિટીઓની પરીક્ષાઓને અનુલક્ષીને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાએ સુધારેલા રેગ્યુ. ૭ મંજૂર કરવા તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. ૭ સુધારવો.

(સુધારેલા રેગ્યુ. ૭ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૧૬. માર્ચ-એપ્રિલ તથા ઑક્ટોબર ૧૯૬૩માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાક્ટિકલ-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

૧૧૭. એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર પહેલા, બીજા અને ત્રીજા વર્ષની સંગીતની ક્રિયાત્મક પરીક્ષાઓ અંગેનો તાસ (સમય) જરૂરી સહાયક સ્ટાફ, તેમ જ તેમના મહેનતાણાના દર નક્કી કરવા બાબત સંગીત, નૃત્ય, નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટના આચાર્યશ્રી તરફથી આવેલ તેમના તા. ૨૧-૧૨-૧૯૬૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પહેલા, બીજા અને ત્રીજા વર્ષની સંગીતની ક્રિયાત્મક પરીક્ષાઓ અંગેના તાસ (Practicals), જરૂરી સહાયક સ્ટાફ અને તેમના મહેનતાણાના દર નીચે મુજબ રાખવા :

(૧) પરીક્ષાનો સમય

પહેલા વર્ષની, બીજા વર્ષની તેમ જ ત્રીજા વર્ષની પરીક્ષાઓના એક વિદ્યાર્થી દીઠ સમય અનુક્રમે પોણો કલાક, એક કલાક તેમ જ દોઢ કલાકનો રાખવો. (સાધારણ રીતે, એક પરીક્ષક એક દિવસમાં પાંચથી છ કલાકની ક્રિયાત્મક પરીક્ષા લઈ શકે. એ જ રીતે તબલાં વાદક વધુમાં વધુ પાંચ કલાક સુધી સાથ આપી શકે.)

(૨) અન્ય સહાયકો

આ પરીક્ષાઓ માટે એક તબલાં વાદક, એક વાદ્ય-સહાયક અને એક લહેરા-વાદકને રોકવા. આ ઉપરાંત વાદ્યોને સાચવનાર અને તેની ભાંગતૂટ તરત જ સરખી કરનાર એક ઇન્સ્ટ્રૂમેન્ટ એટેન્ડન્ટને તેમ જ વાદ્યોની લે-મૂક કરનાર એક પટાવાળાને રોકવો.

(૩) મહેનતાણાના દર

૧. પરીક્ષકોને વિદ્યાર્થી દીઠ રૂા. ૫-૦૦.

(એક મોસમમાં કોઈ પણ પરીક્ષકને ઓછામાં ઓછા રૂા. ૧૦૦નું મહેનતાણું આપવાનો નિયમ અહીં પણ લાગુ પડશે.)

(**નોંધ.**—વિદ્યાર્થી દીઠ રૂપિયા પાંચનું આ મહેનતાણું બધા જ પરીક્ષકોમાં સરખે હિસ્સે વહેંચાશે.)

૨. તબલા-વાદકને રૂપિયા દસ રોજના
૩. વાદ્ય-સહાયકને રૂપિયા પાંચ રોજના
૪. તબલા વાદનની પરીક્ષા વખતે સહેરા-વાદકને રૂપિયા પાંચ રોજના
૫. વાદ્યો સાચવનારને રૂપિયા ત્રણ રોજના
૬. હમાલને રૂપિયા બે રોજના
૭. પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧ ઘસારા પેટે કૉલેજને ઉચ્ચક ફી આપવી.

૧૧૮. નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી તે સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂકો કરવા અંગેની જુદી જુદી અભ્યાસસમિતિની સભાઓની ભલામણો અથવા સ્ટે. ૧૧૩-ઈ અન્વયે થયેલ ભલામણો, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાએ મંજૂર રાખી છે તે પર વિચારણા કરવા બાબત:

(૧) હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થીનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ છે:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. એ. એન. શુકલ	પીએચ.ડી.	'કવિવર કૃષ્ણદાસ ઔર ઉનકે સાહિત્ય કા આલોચનાત્મક અધ્યયન'	(૧) શ્રી. દીનદયાલ ગુપ્તા, હિંદી ડિપાર્ટમેન્ટ, લખનૌ યુનિવર્સિટી, લખનૌ (૨) શ્રી. જી. એસ. સહ્યેન્દ્ર, ડિરેક્ટર કે. એમ. મુન્શી ઇન્સ્ટિટ્યૂટ, આગ્રા (૩) શ્રી. નંદદુલારે બાજપેયી, હિંદી ડિપાર્ટમેન્ટ, સાગર યુનિવર્સિટી, ગયા (૪) શ્રી. વિશ્વનાથ પ્રસાદ મિશ્રા, હિંદી ડિપાર્ટમેન્ટ, મગધ યુનિવર્સિટી, ગયા.

(૨) સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૧-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થિનીના નામ સામે જણાવેલી પદવી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ

કરવામાં આવે છે :

વિદ્યાર્થિનીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રીમતી વી. પી. જાની	પીએચ.ડી.	'મેઘદૂતની મુખ્ય ટીકાઓ'	૧. પ્રો. જી. સી. ઝાલા, સંત ઝેવિયર કૉલેજ, મુંબઈ ૨. પ્રો. જી. કે. ભટ્ટ, એલફિન્સ્ટન કૉલેજ, મુંબઈ ૩. પ્રો. જી. એચ. ભટ્ટ, ઓરિયેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, રામાયણ ડિપાર્ટમેન્ટ, વડોદરા."

(૩) સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થીના પીએચ.ડી.ના મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવામાં આવે :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. પી. એસ. જેઠવા	પીએચ.ડી.	સોશિયોલોજી : 'રાજકોટની ભીલકોમ'	(૧) શ્રી. આઈ. પી. દેસાઈ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા (૨) શ્રી. એ. આર. દેસાઈ, મુંબઈ યુનિવર્સિટી, સોશિયોલોજી વિભાગ, મુંબઈ (૩) શ્રી. ટી. બી. નાયક, ટ્રાઈબલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ છીંદવાડા, મધ્યપ્રદેશ.

(૪) માનસશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થિનીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે નીચેના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવામાં આવે :

વિદ્યાર્થિનીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
કુ. કે. કે. સિંઘ	પીએચ.ડી.	'An analysis of Social Attitudes and construction and standardisation of five Social Attitude Scales.'	(1) Prof. Dan Henley Jones, Dept. of Psychology, Uni. of Detroit, 4001, West McNichols Rd., Detroit–21, Michigan (U.S.A.).

વિદ્યાર્થિનીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
			(2) Prof. B. Kuppuswamy, Director, India International Centre, 40, Lodi Estate, New Delhi-3
			(3) Dr. H. S. Asthana, Ph.D. (Chicago), Head. of Dept. of Psy., University of Saugar, Saugar (M. P.)."

(૫) ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"આથી ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. બી. ગોટલીબ પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કર્યા પછી રિસર્ચ એપોઇન્ટમેન્ટ સ્વીકારી વધુ અભ્યાસ માટે ડલાસ (યુનાઇટેડ સ્ટેટ્સ) ગયા હોઈ તેમની મૌખિક પરીક્ષા માટે નીચેના રેફરીની નિમણૂક કરવા ભલામણ છે:

Prof. Alex Desaler,
Department of Space Sciences, Rice Institute,
Houston, Texas, U.S.A.,

or

Prof. K. G. McCracken,
South-West Centre for Advanced Studies,
Dellas, Texas, U.S.A."

(૬) ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ છે:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. જે. એન. દેસાઈ	પીએચ.ડી.	"Optical properties of certain Magnetic Fields"	1. Wilfried Heller, Prof. of Chemistry, Wayne State University, Detroit-2, Michigan (U.S.A.)

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
			2. H. C. Van De Hulst, Leiden Conservatory, Leiden Netherlands.
			For Viva-voce
			1. Prof. R. S. Krishnan, Prof. of Physics, Indian Inst. of Science, Bangalore-12
			2. Prof. S. S. Dharmatti, Tata Inst. of Fundamental Research, Apollo Pier, Bombay-1."

(૭) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"આથી ફરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલા મહાનિબંધ અંગે તેઓનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
(૧)	શ્રી. એ. એ. મુનશી	પીએચ.ડી.	"Synthesis of sulphonyl hydrazines and Aryl Sulphone derivatives"	1. Prof. William Bradley, Rosedale, Broadasands Park Rd., Paignton, S. Devon (U.K.) 2. Prof. Abraham Tanb, Prof. of Pharmaceutical Chemistry, College of Pharmacy, Columbia University, New York (U.S.A.) 3. Dr. William Tanb, Head of Pharmaceutical Chemistry Laboratory, Daniel Sieff Research, Rahovoth, Israel.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				For Viva-voce 1. Dr. K. H. Shah, Uni. Dept. of Chemical Technology, Matunga, Bombay 2. Dr. K. S. Nargund, Parel College, Ville Parle, Bombay-57.
(૨)	શ્રી. જી. આર. દવે	પીએચ.ડી.	"Studies in -3-Aryl-z Mercapto--quinazol-4-ones"	1. Dr. D. Woodcock, (Head of Dept.), Dept. of Agriculture and Horticulture, University of Bristol, Research Station, Long Ashton, Bristol (U.K.), England 2. Dr. Richard Baitzly (Director of Research), The Wellcome Research Laboratories Tuckahoe-7, New York (U.S.A.) 3. Dr. Thomas R. M. Szell (Visiting Fellow from Hungary), Division of Applied Chemistry, National Research Council of Canada, Ottawa-2, Canada. *For Viva-voce* 1. Dr. S. M. Shethna, Prof. of Organic Chemistry, M. S. Uni. of Baroda, Baroda

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				2. Dr. S. R. Patel, Reader in Organic Chemistry, Sardar Vallabhbhai Vidyapeeth, Vallabh Vidyanagar (Via Anand)
				3. Dr. A. B. Kulkarni, Prof. of Organic Chemistry, Institute of Science, Mayo Road, Fort, Bombay-1."

(૮) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. કે. પંડ્યા તરફથી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે નીચે પ્રમાણે ક્રમાનુવર્તી રેફરીઓની નિમણૂક કરવા ભલામણ કરવી :

1. Dr. Henry Freiser,

   Dept. of Chemistry, The Uni. of Arizona, Tucson, Arizone

2. Dr. Charles Banks,

   Dept. of Chemistry, Iowa State University, Ames, Iowa

3. Prof. Lynne Merriff,

   Dept. of Chemistry, Indiana University, Bloomington, Indiana.

શ્રી. પી. કે. પંડ્યાના *Viva-voce* માટેના રેફરીની નિમણૂક સિન્ડિકેટે તેની તા. ૧૩-૪-૧૯૬૩ની સભામાં કરેલી છે."

(૯) અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૩ની સભાની ભલામણ

"નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ માટે નીચેના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ કરવામાં આવી છે :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
(૧)	શ્રી. આર. એમ. ભટ્ટ	પીએચ.ડી.	"Socialism in an under-developed Economy with Special reference to India"	1. Prof. L. Robbins, Prof. of Economics, London School of Economics, London (U.K.)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ફેરીનું નામ
				2. Mrs. J. Robinson, Prof. of Economics, University of Cambridge, Cambridge (U.K.)
				3. Arthur Lewes, Stahely Jevons Professor of Political Economy, University of Manchester, Manchester (U.K.)
				4. Prof. A. K. Dasgupte, Prof. of Economics, Calcutta University, Calcutta.
(૨)	શ્રી. પી. એમ. મજમુદાર	પીએચ.ડી.	"Industrial Relation in the Cotton Textiles Mill Industry of Ahmedabad"	1. Shri G. D. Ambedker, Mazdur Manzil, Parel, Tank Road, Bombay–13
				2. Prof. P. R. Brahmanand, Uni. School of Economics, Bombay University, Bombay
				3. Prof. S. D. Punekar, Tata Institute of Social Sciences, Chembin' Bombay–71
				4. Prof. V. B. Singh, Prof. of Economics, University of Lucknow, Lucknow."

(૧૦) હિંદીની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર રૂ. ૧૧૩-ઈ અન્વયે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
"શ્રી. આર. આર. શર્મા	પીએચ.ડી.	"૧૯૫૫ સુધીની છાયાવાદોત્તર હિન્દી કવિતા"	1. Dr. Nagendra, M.A., D.Litt., Head, Hindi Department, Delhi University, Delhi 2. Acharya Nanddulare Vajpai, Head, Hindi Department, Saugar University, Sagar 3. Dr. Bhagirath Mishra, M.A.,D.Litt., Head, Hindi Department, Poona University, Poona 4. Dr. Ramkumar Verma, M.A., D.Litt., Head, Hindi Department, Allahabad University, Allahabad."

(૧૧) અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર રૂ. ૧૧૩-ઈ અન્વયે પત્રવ્યવહારથી મેળવેલ ભલામણ:

નામ	પદવી	વિષય	એક્સ્ટર્નલ રેફરીનું નામ
"શ્રી. એન. એચ. દફ્તર	પીએચ.ડી.	"A study of the Economics of the Municipal Corporation of the County Borough of Bolton (U.K.)"	1. William Appleyard, Esq. F.I.M.I.A., F.S.A.A., Professor and Local Director,

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	એક્સ્ટર્નલ રેફરીનું નામ
			Institute of Municipal Treasurers and Accountants, Borough Treasurer, Bolton (Lancheshire) U.K. 2. Chunilal D. Barfiwala, Esq., M.A., LL.B., M.L.C., Director General, All India Institute of Local Self Government, 331, Horiniman Circle, Fort, Bombay-1 3. B. P. Patel, Esq.,I.C.S., Managing Director, State Trading Corporation, New Delhi."

(૧૨) ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર રૂ. ૧૧૩-૬ અન્વયે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
"શ્રી. બી. જી. પંડ્યા	પીએચ.ડી.	"Some studies in equilibrium of self-gravitating liquid masses in Hydro-magnetics"	1. Prof. V.C.A. Ferraro, Queen Mary College, Mile End Road, London E.I. (England) 2. Prof. T. G. Cowling, The Leeds University, Leeds-2 (England)."

(૧૩) મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર રૂ. ૧૧૩-ઈ અન્વયે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
"ભટ્ટ અશ્વિનકુમાર હરિશંકર	પીએચ.ડી.	"Psychological and Cultural factors Affecting Productivity"	1. Professor S. K. Bose, Head, Department of Psychology, University of Calcutta, 92, Acharya Prafulla Chandra Road, Calcutta–9 (He was appointed by the Unesco to direct their research project on a similar topic. He is, therefore, particularly well-qualified in this connection.) 2. Professor G. D. Boaz, D.Phill (Oxon), Head, Department of Psychology, Madras University, Examination Hall, Marina, Madras 3. Dr. B. Cuppuswamy, Director, India International Centre, 40, Lody Estate, New Delhi."

(૧૪) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર રૂ. ૧૧૩-ઈ અન્વયે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
"શ્રી. પી. આર. પઠાણ	પીએચ.ડી.	"Synthesis of Sulphonyl Thioureas, and 1:3:4 Thiadiazoles"	1. De Harry L., Director, Squibb Institute for Medical

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ફેરીનું નામ

Research, New Brunswick, N. J. (U.S.A.)

2. Dr. Hans Zimmer, Head of Chemistry Department, University of Cincinnati, Cincinnati (U.S.A.)

For Viva-voce

1. Dr. A. B. Kulkarni, Prof. of Organic Chemistry, The Institute of Science, Mayo Road, Bombay-1

2. Dr. C. L. Delivala, Haffkine Institute, Parel, Bombay."

આથી ફરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરી.

૧૧૯. પીએચ.ડી.ની પદવી માટે મહાનિબંધ રજૂ કર્યા પછી જ વિદ્યાર્થીઓ પરદેશ ગયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે તે જે દેશમાં ગયા હોય ત્યાંના રેફરીની મૌખિક પરીક્ષા માટે નીમવાની જોગવાઈ કરવા અને તે મુજબ ધારાધોરણોમાં ઘટતો ફેરફાર કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ
૧.	શ્રી. કે. સી. પટેલ	કેશિયર	૧૨-૩-૧૯૬૪
૨.	શ્રી. મોહનસિંગ વિક્રમસિંગ ઝાલા	પટાવાળા	૧૩-૩-૧૯૬૪.

સદરહુ સભ્યોની કામગીરીનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચે જણાવેલ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ થવાની તારીખ
૧.	શ્રી. કે. સી. પટેલ	કેશિયર	૧૩-૩-૧૯૬૪
૨.	શ્રી. મોહનસિંગ વિક્રમસિંગ ઝાલા	પટાવાળા	૧૪-૩-૧૯૬૪

૧૨૧. તા. ૨૮-૧-૧૯૬૪ના રોજ સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-ઇકોનોમિક્સની બે જગ્યા માટે મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રાજેન્દ્રકુમારને રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે રીડર-ઇન-ઇકોનોમિક્સ તરીકે નીમવા.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૨૨. તા. ૨૭-૧-૧૯૬૪ના રોજ ભાષા-ભવનમાં રીડર-ઇન-પર્શિયનની જગ્યા માટે મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. આર. નાયકને રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૬૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે રીડર-ઇન-પર્શિયન તરીકે નીમવા.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૧૨૩. ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે શ્રી. ગ્રંથપાલ તથા તે વર્ગના અધ્યક્ષ શ્રી. પી. એફ. પટેલે તૈયાર કરેલી યોજના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યોજના મંજૂર કરવી તથા તેમાં સૂચવ્યા પ્રમાણે ગ્રંથપાલ તાલીમ વર્ગના શિક્ષકની એક પૂરા સમયની જગ્યા રૂા. ૩૨૦-૨૦-૪૪૦ના પગારધોરણમાં ઊભી કરવાનું સિન્ડિકેટની તા. ૪-૧-૧૯૬૪ની સભામાં ઠરાવવામાં આવ્યું છે તે જગ્યાનું નામાભિધાન મદદનીશ ગ્રંથપાલનું રાખવામાં આવે અને તેમને શિક્ષણ ઉપરાંત ગ્રંથાલયનું કામકાજ જરૂર પ્રમાણે સોંપવામાં આવે.

(મંજૂર કરેલી યોજનાની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૨૪. તા. ૪-૧-૧૯૬૪ની સિન્ડિકેટના ઠરાવ નં. ૩૫થી મળેલા આદેશ અનુસાર કૉલેજોમાં આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવે તો તે અંગે આપવાની મદદ માટેની યોજના બાબત.

તા. ૪-૧-૧૯૬૪નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટ મંજૂર કરવો તથા તે રિપોર્ટને આધારે યોજના ઘડીને રજૂ કરવા કાર્યાલયને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજોનાં આરોગ્ય કેન્દ્રોને મદદ આપવા માટેની યોજના મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યોજનાની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૧૨૫. 'વિદ્યા'ના સંપાદક મંડળે તેની તા. ૧૩-૧-૧૯૬૪ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"First Issue may be published on 15 January instead of 15 March. Second Issue may be published on 15 August instead of 15 October. The material for the above issue will be sent to the Publication Department two months before the above dates of publication, i.e. on *15 November for January Issue* and on *15 June for August Issue.*"

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૪-૨-૧૯૬૪ના રોજ બંધ કરવામાં આવ્યું, અને સભા તા. ૧૫-૨-૧૯૬૪ના રોજ ફરી મળી ત્યારે નીચેનાં કામો હાથ પર ધરવામાં આવ્યાં :

૧૨૬. સિન્ડિકેટની તા. ૧૦-૮-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા અનુસાર ગુજરાતી ભાષામાં લોકોપયોગી પુસ્તિકા અંગે 'અખિલ બ્રહ્માંડ'માંના વિષય પર એક પુસ્તિકા લખવાનું કામ શ્રી. પી. સી. વૈદ્યને સોંપેલ, પરંતુ આપણા નિમંત્રણ અગાઉ શ્રી. વૈદ્યે પ્રસ્તુત વિષય પર લખેલ ચાર મણકા 'સુગણિતમ્' નામના છમાસિકમાં પ્રસિદ્ધ થયેલ હોઈ તેમને 'સુગણિતમ્'માં ક્રમશઃ બાકીનું લખાણ આપવા માટે મુક્તિ આપવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—મુક્તિ આપવામાં આવે તો નીચે પ્રમાણે કરારનામામાં ઉમેરો કરવાનો થાય :

"Provided that in the event of (*i*) the publisher intending to publish translation in any language other than Hindi, it shall be incumbent up on the author to sell his copyright to the Publisher in preference to any other Publisher, (*ii*) provided further that it shall be competant for the writer to contribute the text of the publication in the periodical 'Suganitam' prior to the publication in the form of a book by Gujarat University."]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રકાશન અંગે ડૉ. પી. સી. વૈદ્ય સાથે કરવાના કરારનામામાં ઉપરનો પ્રોવીઝો ઉમેરવો.

૧૨૭. તા. ૧૪-૧૨-૧૯૬૩ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૩ના ડિસેંબર માસની સભાના કામકાજની નોંધમાં બાબત ક્રમાંક ૪૬૬ના ઠરાવ ૩(ઘ)માં આવતા શબ્દો '૧૨૦૦ સ્કેવર યાર્ડ'ને બદલે '૧૨૦૦ ચો. ફૂટ' વાંચવા તથા તે શાબ્દિક ફેરફાર મંજૂર કરવા બાબત.

[નોંધ.—ઉપરના સુધારા સહિત ૩(ઘ) નીચે પ્રમાણે વંચાશે:

"૩(ઘ) પ્રયોગશાળા માટેની જગ્યા ઓછામાં ઓછી ૧૨૦૦ ચો. ફૂટ જેટલી હોવી જોઈએ.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શાબ્દિક ફેરફાર મંજૂર કરવો.

૧૨૮. ૧૯૬૩માં એપ્રિલ-મે દરમિયાન આબુ મુકામે પર્વતારોહણ ટ્રેઇનિંગ કૅમ્પ યોજવામાં આવેલ તે માટે કેન્દ્ર સરકારે તેમના તા. ૩૧-૧૨-૧૯૬૩ના પત્રાંક એફ. ૪૬-૧-૧૯૬૩ પી.ઈ. રથી રૂા. ૧૦,૨૮૬-૫૦ ન.પૈ.ની ગ્રાન્ટ મંજૂર કરેલ તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૯. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) ગુજરાત રાજ્યના નિર્ણયને અનુસરીને તા. ૨૬-૧-૧૯૬૪ને સોમવારના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે યુનિવર્સિટી કાર્યાલયમાં રજા પાળ્યાના;

(૨) સને ૧૯૬૪ની પરીક્ષા માટે એફ.વાય.બી.એ., બી.એસસી., બી.કૉમ.ના થિયરી તથા પ્રાયોગિકના પરીક્ષકોને આપવાના દર, લેબોરેટરી સ્ટાફને આપવાના દર તથા કેમિકલ્સના દર હાલના ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કૉમર્સના ધોરણે આપવાનું મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૩૦. સંલગ્ન કૉલેજોમાં અંગ્રેજીના સર્ટિફિકેટ અભ્યાસક્રમો શીખવવાની મંજૂરી આપવા અંગે કાર્યપદ્ધતિ (પ્રોસીજર) નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીના સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ (affiliation)ની કારવાઈ કરવાની જરૂર નથી, પરંતુ ઑર્ડિ. ૩૭૩, ૩૭૩–એ અને ૩૭૩–બી અન્વયે આ અભ્યાસક્રમ શીખવવા માગતી કોઈ પણ જોડાયેલી કૉલેજ સિન્ડિકેટની પરવાનગી મેળવીને તે શીખવવાનું શરૂ કરી શકે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અભ્યાસક્રમ શીખવવા માટે જોડાયેલી કૉલેજોએ જરૂરી માહિતી સાથે યુનિવર્સિટીને અરજી કરવી આવશ્યક રહેશે, તે માટે ઘટતા નિયમો ઘડીને રજૂ કરવાનું રાખવું.

(નોંધ.—સદરહુ અભ્યાસક્રમના શિક્ષણમાં ભાગ લેતા શિક્ષકોનું કામ મરજિયાત રહેશે અને યુનિવર્સિટીએ આંકેલા વધુમાં વધુ કાર્યભોજના નિયમોમાં તેને ગણવામાં આવશે નહિ એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૧૩૧. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. પી. કે. પંડ્યાએ રસાયણવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજૂ કરેલ મહાનિબંધ અંગે તેમના આંતરિક પરીક્ષક ડૉ. વી. એમ. ઠાકોર અને બાહ્ય પરીક્ષક ડૉ. હેનરી ફ્રેઝર (યુ.એસ.એ.) વચ્ચે મતભેદ પડતાં ઑ. ૩૨૧ મુજબ ત્રીજા રેફરીની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૦-૧૯૬૩ની સભામાં ડૉ. હેનરી ફ્રેઝર પછી ડૉ. ચાર્લ્સ બેન્કર, યુ.એસ.એ. તથા પ્રો. પ્રિન્સ મેરિટ, યુ.એસ.એ.ની ક્રમાનુવર્તી નિમણૂક કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ મહાનિબંધ તપાસવા માટે ડૉ. ચાર્લ્સ બેન્કર (યુ.એસ.એ.)ની નિમણૂક કરવી.

૧૩૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તેમ જ એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી., એફ.વાય.બી.કૉમ. તથા બી.કૉમ. અને બી.એડ., ટી.ડી., ફાર્મસી, એગ્રિકલ્ચર તથા એમ.ડી., એમ.એસ. વગેરે પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—જુદી જુદી કૉલેજો પરથી આવેલ ભલામણો પરથી તૈયાર કરેલ નામોની યાદી સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો ઉપર કામ કરવા માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી મુખ્ય નિરીક્ષકોની યાદી પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૩૩. યુનિવર્સિટી ભાષા-ભવનમાં એક કાયમી લેક્ચરર-ઇન-લિંગ્વિસ્ટિક્સની જગ્યા માટે તથા યુનિવર્સિટી કાર્યાલયમાં એક કાયમી રેસિડેન્શિયલ મેડિકલ ઑફિસર તથા હંગામી એક બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે તા. ૧૩-૨-૧૯૬૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૩૪. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તરફથી પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે જૂન ૧૯૬૪થી કાયમી માન્યતા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંસ્થાની માન્યતા માટે આવેલ અરજીની બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૨. શ્રી. ડોલરરાય ર. માંકડ.

૧૩૫. **"અમેરિકન સ્ટડીઝ રિસર્ચ સેન્ટર"ના સંસ્થાકીય સભ્ય (કોર્પોરેટ મેમ્બર) થવા અંગે તથા મજકૂર સંસ્થાના આગામી એપ્રિલ માસની તા. ૧થી ૪ દરમિયાન હૈદરાબાદ મુકામે યોજાનાર પ્રારંભિક અધિવેશનમાં, ઉપકુલપતિશ્રી અને/અથવા કોઈ સભ્યની આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવા અંગે તે સેન્ટરના અધ્યક્ષશ્રીના તા. ૨૩-૧-૧૯૬૪ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

૯. સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૬૪ની સભામાં જોડાયેલી કૉલેજોના શિક્ષકો અંગે મંજૂર કરવામાં આવેલાં પગારધોરણો અંગે પુનર્વિચારણા કરવા માટે આવેલ આચાર્ય ચિમનભાઈ પટેલના તા. ૨૫-૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૬૪ની સભામાં બાબત નં. ૧૪૦થી જોડાયેલી કૉલેજોના શિક્ષકોના પગારધોરણની બાબતમાં કરવામાં આવેલા ઠરાવમાં કશો ફેરફાર કરવો નહિ.

૧૦. રજિસ્ટ્રાર શ્રી. કે. ચં. પરીખ પરદેશ જવાના હોઈ તેઓની ગેરહાજરી દરમિયાન યુનિવર્સિટીનાં જુદાં જુદાં ખાતાંનાં જુદી જુદી બૅંકો સાથેનાં ચાલુ ખાતાં, સેઇફ કસ્ટડી એકાઉન્ટ, ટૂંકી મુદતની ડિપોઝિટ ખાતાં, પોસ્ટઑફિસ સાથેના સેવિંગ્સ બૅંક એકાઉન્ટની લેવડદેવડ કરવા બાબત તથા કારખાનાના કાયદા પ્રમાણે તેઓ યુનિવર્સિટી પ્રેસના 'ઑકયૂપાયર' હોવાથી તે અંગેની ફરજો બજાવવા અંગે બીજી વ્યવસ્થા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, બૅન્ક ઑફ ઇન્ડિયા અને બૅન્ક ઑફ બરોડા સાથેનાં ચાલુ ખાતાનાં, નવરંગપુરા પોસ્ટઑફિસ સાથેનાં સેવિંગ્ઝ બૅન્ક એકાઉન્ટ, સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા સાથેનો સેઇફ કસ્ટડી એકાઉન્ટ તથા બૅન્ક ઑફ ઇન્ડિયા, બૅન્ક ઑફ બરોડા સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા, પંજાબ નેશનલ બૅન્ક, ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ બૅન્ક, અમદાવાદ સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅન્ક સાથે નાણાંની લેવડદેવડ માટે ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી. કંચનલાલ સી.

પરીખ પરદેશ જતા હોવાથી તેમની ગેરહાજરી દરમિયાન શ્રી. જયંતિલાલ એમ. મહેતાને સત્તા આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી પ્રેસના 'ઓફ્યુપાયર' તરીકે પણ શ્રી. જયંતિલાલ એમ. મહેતાએ ફરજ બજાવવી.

૧૧. સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કેમિકલ ટેકનોલોજી, કેમિકલ એન્જિનિયરિંગ, વનસ્પતિવિજ્ઞાન અને કૃષિના વિષયોમાં પીએચ.ડી.ની પદવીની માન્યતા માટે આવેલ અરજી અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫/૧૬/૧૭-૨-૧૯૬૪ની સભામાં બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગને પણ વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ તે પરત્વે બી.યુ.ટી.ની તા. ૭-૨-૧૯૬૪ની સભાની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે નીચેની શરતે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી માન્યતા આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

તેમની સંસ્થામાં કામ કરતા શિક્ષકો રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે માન્યતા મેળવી લે."

બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત વિચારણા માટે સિન્ડિકેટને મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે, સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મેરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી ૧૪-૬-૧૯૬૬ સુધી બે વર્ષ માટે નીચેની શરતે માન્યતા આપવી:

"સદરહુ સંસ્થામાં કામ કરતા શિક્ષકો રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે યુનિવર્સિટીની માન્યતા મેળવે."

(**નોંધ.**— પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવાની સગવડ સદરહુ સંસ્થા પોતાના કર્મચારીઓ પૂરતી મર્યાદિત રાખશે નહિ એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

૧૨. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી પીએચ.ડી.માં માનસશાસ્ત્રમાં અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા મેળવવા માટે આવેલ અરજી અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫/૧૬/૧૭-૨-૧૯૬૪ની સભામાં બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગને પણ વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ છે તે પરત્વે બી.યુ.ટી.ની તા. ૭-૨-૧૯૬૪ની સભાની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પી.એચ.ડી.માં માનસ-શાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે માન્યતા આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

(૧) કુલ પાંચ માન્ય અનુસ્નાતક શિક્ષકો શિક્ષણકાર્ય માટે રાખવામાં આવે,

(૨) યુનિવર્સિટી સાથેની માન્યતા સંબંધમાં સંસ્થાના અધ્યક્ષ તરીકે કામ કરનાર વ્યક્તિ અંગે સ્પષ્ટ અને કાયમી વ્યવસ્થા કરવામાં આવે."

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત વિચારણા માટે સિન્ડિકેટને મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં નીચેની શરતોનું, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, પાલન કરે તો તેને મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે સંશોધન કરવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી ૧૪-૬-૧૯૬૬ સુધી બે વર્ષ માટે માન્યતા આપવી :

(૧) પીએચ.ડી.ની પદવી માટે માન્યતા મેળવવાને પાત્ર હોય તેવા એક શિક્ષક સહિત અનુસ્નાતકના શિક્ષણ માટે માન્યતાને પાત્ર હોય તેવા ત્રણ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે; અને

(૨) યુનિવર્સિટી સાથેની માન્યતાના સંબંધમાં સંસ્થાના અધ્યક્ષ તરીકે કામ કરનાર વ્યક્તિ અંગે સ્પષ્ટ અને જરૂરી વ્યવસ્થા કરવામાં આવે.

૧૩. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પરીક્ષાના સ્થળો પરથી પરીક્ષકોને મોકલતાં તે ઉત્તરવહીઓનો વીમો ઉતરાવીને મોકલવા બાબતના પ્રશ્ન પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પરીક્ષકોને મોકલવા માટે વીમો ઉતરાવવાની જરૂર નથી અને તેથી તે અંગેની નિરીક્ષકોને અપાતી સૂચના રદ કરવી.

૧૪. બાંધકામ સમિતિની તા. ૧૦-૨-૧૯૬૪ની સભાની નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની તા. ૧૦-૨-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૧૫. ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ રચાયેલી મૅથેમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિ (૧) મૅથેમેટિક્સ, અને (૨) સ્ટેટિસ્ટિક્સની, એમ બે અભ્યાસસમિતિઓ જુદી પાડવી.

(૨) મૅથેમેટિકસની અભ્યાસસમિતિ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય તેમ જ ઇજનેરી વિદ્યાશાખાની સંયુક્ત અભ્યાસસમિતિ તરીકે રચવા સૂચન છે અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની સંયુક્ત અભ્યાસસમિતિ તરીકે રચવા સૂચન છે."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની સદરહુ ભલામણ મંજૂર કરવા તથા સ્ટે. ૯૯માં ઘટતો ફેરફાર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, ગણિત અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની સદરહુ ભલામણ મંજૂર કરવા તથા સ્ટે. ૧૦૮માં ઘટતો ફેરફાર કરવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી તથા તે પ્રમાણે સ્ટે. ૯૯ અને ૧૦૮માં જરૂરી સુધારા કરીને તેનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે.

૧૬. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં નિમાતા શિક્ષકોની લાયકાતનાં ધોરણોમાં નીચે જણાવેલ બે નોંધ ઉમેરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ:

"*Note-1* : In all cases in which minimum qualifications have been indicated equivalent qualifications or eminence recognised by the Syndicate shall be accepted as satisfying the requirements for teaching appointments.

Note-2 : Where no class is awarded, a Master's degree obtained by thesis and partly by thesis and partly by papers in a subject will be considered equivalent to a Master's degree by papers in Second Class".

(નોંધ.— જૂના ધોરણોમાં સદરહુ બે નોંધ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં નિમાતા શિક્ષકોની લાયકાતનાં ધોરણોમાં ઉપરની બે નોંધ ઉમેરવામાં આવે.

૧૭. વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં નિમાતા ટ્યૂટરની લાયકાતનું બાબતમાં ઓછું ધોરણ અનુસ્નાતક પદવી હોવું જોઈએ તેવા નિયમ કરેલ છે, તે સંદર્ભમાં વાણિજ્યની વિદ્યાશાખામાં નિમાતા ટ્યૂટરની જગ્યા માટે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે નક્કી કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વાણિજ્યની વિદ્યાશાખામાં જોડાયેલ કૉલેજોમાં કામ કરતા ટ્યૂટરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ અનુસ્નાતક પદવી રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૮. કૃષિ વિદ્યાશાખામાં શિક્ષકોની માન્યતા અંગેના નિયમો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ:

"(1) Three years research experience (exculding extension) may be taken as one year's teaching experience).

(2) Five years research experience (excluding extension) may be taken as two years' teaching experience.

(3) Ten years research experience (excluding extension) may be taken as five years' teaching experience."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે.

૧૯. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખામાં પદવી પરીક્ષાના છેલ્લા વર્ષમાં કોઈ પણ વિષયનું શિક્ષણ એ સામાન્ય (જનરલ) વિષય તરીકે શીખવવામાં આવે તોપણ તે વિષયના પ્રોફેસરની નિમણૂક કૉલેજે કરવી આવશ્યક ગણવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.એસસી.ના અભ્યાસક્રમમાં જ્યાં જ્યાં ઑનર્સ શબ્દપ્રયોગ કરવામાં આવ્યો હોય ત્યાં ત્યાં તેને બદલે સ્પેશિયલ શબ્દપ્રયોગ કરવાનું રાખવા તથા તે પ્રમાણે સંબંધકર્તા ઑ. એસસી.-૫ અને રેગ્યુ. એસસી.-૧૨, ૧૩, ૧૪ અને ૧૫માં સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવામાં આવે તથા ઑર્ડિ. એસસી.-૫ અને રેગ્યુ. એસસી.-૧૨, ૧૩, ૧૪ અને ૧૫માં જ્યાં 'ઑનર્સ' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે ત્યાં 'સ્પેશિયલ' શબ્દ મૂકીને એ સુધારવા અને સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને તા. ૧૫-૬-૧૯૬૪થી અમલમાં મૂકવા.

૨૦. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના ફિઝિક્સ વિષયના સેમિનારના રિપોર્ટ ઉપર વિચારણા કરી આ સભા ઠરાવે છે કે, સેમિનારના રિપોર્ટમાં આપેલા પરિશિષ્ટ મુજબનો અભ્યાસક્રમ સ્વીકારવો."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રે. પ્રી-૧૪માં જરૂરી સુધારો કરવો અને એ સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાનના વિષયનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તે પ્રમાણે રેગ્યુ. ૧૪ સુધારવો, તથા તેને તા. ૧૫-૬-૧૯૬૪થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૧૪ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૧. વિનયન વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના સેકન્ડ ઇયર બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૬માં મરજિયાત વિષયોમાં ગૌણ વિષય તરીકે ૧૮-એ સ્ટેટિસ્ટિકલ મેથડ્સ વિષય ઉમેરવા તથા રેગ્યુ. આર્ટ્સ-૭માં ૧૮-એ સ્ટેટિસ્ટિકલ મેથડ્સનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અંગે અભ્યાસસમિતિની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫-૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૬ અને ૭ સુધારવા. સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૬ અને ૭ને તા. ૧૫-૬-૧૯૬૪થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૬ અને ૭ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૨. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર વિનયન વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના સેકન્ડ ઇયર બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૭ના અર્થશાસ્ત્રના વિષયો નીચે જણાવેલા પ્રશ્નપત્રોના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Paper III — Principles of Economics
Paper IV — Indian Economic Problems
Paper V — Economic History of India.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭માં અર્થશાસ્ત્રના વિષયમાં ઉપર જણાવેલા પ્રશ્નપત્રોનો વિગતવાર અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭ સુધારવો અને તેને જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૭માં ઘટતો સુધારો કરવો, અને તેને તા. ૧૫-૬-૧૯૬૪થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ–૭ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫-૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"The following ammendment should be made in the courses prescribed for the Junior and Senior Certificate courses for English :

Regulations :

In addition to the two papers of 100 marks each there will be an oral examination carrying 50 marks. The student will be asked simple questions of a general nature, about the texts he has studied, about his own interests and activities, and about every day common general topics of the day.

Out of 200 periods for each certificate course, twenty periods will be engaged for practice in conversation and 20 will be engaged for general tutorial work in small betches of not more than 15 students each.

This will help students to express themselves in viva voce of public examinations and to communicate their ideas through simple English, whenever they are required to do so either in India or abroad."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે ઘટતા ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોમાં ઘટતો સુધારો કરવો.

૨૪. ઑર્ડિ. ૧૭૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને ૧૫મી જૂન ૧૯૬૪થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"O. 174 :

A candidate who has passed the B.Com. Examination *of this University will be permitted to take the B.A. Examination without keeping any terms* subject to the following conditions :

(1) He will be required to pass the *First B.A. Examination* in a Classical or a Modern European Language, either before or in the same examination season as that in which he appears for the B.A. Final Examination :

(2) He will be required to appear and pass in the paper in Compulsory English on Shakespeare only at the B.A. Examination:

Provided that the marks obtained by him in any of the examinations mentioned in (1) and (2) above shall be treated proata on the basis of the written papers set at the University examination concerned."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા ઑડિ. ૧૭૪ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૫. 'ટેકસેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ' તથા 'લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ'ના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે પેપરસેટર્સ-પરીક્ષકોની લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવા અંગેની લૉ ફેકલ્ટીની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫-૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"So far as the two courses are concerned there is no need of separate Boards of Paper-setters and Examiners at present.

The matter may be revised at a future date when a sufficiently large number of candidates appear at this examination.

The qualifications for both, that is, Paper-setters and Examiners are the same as prescribed for the degree examination in Law.

In addition preference should be given to Advocates practising on the Taxation and Labour Laws side and Chartered Accountants so far as the Section of General Principles of Accountancy is concerned. For the paper on Labour Economics, a person qualified to teach this subject should be considered for appointment."

આથી ઠરાવવામાં આવે છે કે, ટેકસેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ તથા લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના ડિપ્લોમા માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક માટે લાયકાતનું ધોરણ ઉપર મુજબ રાખવું.

૨૬. લૉ ફેકલ્ટીની તા. ૨૯-૮-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫-૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"Resolved to recommend that since all appointments are made for the First LL.B. and Second LL.B. and different branches of LL.M. for Diploma Courses, applicant also apply for these examinations separately. Panels are prepared examinationwise and not paperwise. In fact we have separate panels for 1st LL.B. and 2nd

LL.B. Diploma course and different branches of LL.M. and this practice should be followed and continued."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૭. તા. ૧૭-૯-૧૯૬૩ના રોજ મળેલ ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિએ કરેલા નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૧-૧૯૬૪ની સભાની ભલામણ:

"નવા અભ્યાસક્રમની એમ.એસસી. પરીક્ષાનાં પ્રશ્નપત્રોમાં જે વૈકલ્પિક પ્રશ્નો પૂછાય છે તે પ્રશ્ન દીઠ વિકલ્પે પૂછવા જોઈએ."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ બધી જ વિદ્યાશાખાઓના બધા જ વિષયો માટે લાગુ પાડવી અને તેને ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં મૂકવા માટે પ્રાશ્નિકોને ઘટતી સૂચના આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીમાંથી જે વિદ્યાર્થિનીઓ પ્રી-યુનિવર્સિટી વિનયનની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરીને આ યુનિવર્સિટીના પ્રથમ વર્ષ બી.એ.ના વર્ગમાં પ્રવેશ મેળવવા આવે તેમને પ્રવેશપાત્ર ગણવા અને તે મુજબ રે. ૭માં ઘટતો ફેરફાર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫ ૧૬ ૧૭-૧-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૯. જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ ઇંગ્લિશ કોર્સની પરીક્ષા શરૂ થવાની તારીખ, ફોર્મ સ્વીકારવાની તારીખ, ફી વગેરે માટે કાર્યાલયે કરેલ નીચેના સૂચન પર વિચારણા કરી તે અંગે ઓ. ૧૨૯માં સુધારો કરવા બાબત:

O. 129:

Examination	*How many times held in a year*	*Date of commencement*	*Date of application*	*Examination fee*
Junior Certificate Examination in English	Once	2nd Monday In October	One Month before the Examination	Rs. 40/-
Senior Certificate Examination in English	Once	2nd Monday In October	One Month before the Examination	Rs. 40/-

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીના જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમની પરીક્ષા અંગે તથા ડ્રામેટિક્સના બીજા વર્ષની પરીક્ષા અંગે ઑર્ડિ. ૧૨૯માં નીચે મુજબનો સુધારો કરવો :

O. 129 :

	Examination	*How many times held in a year*	*Date of commencement*	*Date of Application*	*Examination fee*
(1)	Junior Certificate Examination in English	Once	2nd Monday in October	One month before the Examination	Rs. 20/-
(2	Senior Certificate Examination in English	Once	2nd Monday in October	One month before the Examination	Rs. 20 -
(3)	Second Year Diploma in Drama	Once	4th Monday in March	8 weeks before the Examination	Rs. 40/-

૩૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૩માં લેવાયેલ પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય પરીક્ષાઓમાં લેખિત તેમ જ આંતરિક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને મળેલા ગુણાંકનો અભ્યાસ કરીને હકીકત શોધીને (Factfinding) રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તા. ૨૨/૨૩-૬-૧૯૬૩ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. તા. ૧૮-૧-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં બાબત ક્રમાંક ૧૪થી કૃષિ વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષા માટે હમાલની સંખ્યા ઘટાડવા અંગે સદરહુ વિદ્યાશાખાના ડીનને સૂચવ્યું હતું તેને અનુસરીને તેમના પત્રને આધારે ફરીથી ઘડેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કૃષિ વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષા માટે સ્ટાફ અને તેની જરૂરિયાત અને ફી અંગેનો પ્રસ્તાવ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ પ્રસ્તાવની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૨. જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની તા. ૭-૧૨-૧૯૬૩ની સભાના નીચે જણાવેલ ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that the Government of India, the Ministry of Education be informed that the Board agrees to admit provisinally

at their own risk, Indian Nationals migrating from Pakistan, on the strength of the Nationality Certificates issued by the Government of India. However, the question of fixing up the procedure for ascertaining the academic achievements of the students in such cases be left to individual Universities."

આથી ઠરાવવામા આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં છે તથા પ્રત્યેક કેસ પર તેના ગુણદોષ જોઈને ઘટતો નિર્ણય કરવામાં આવશે એમ સદરહુ બોડના મંત્રીને જણાવવું.

૬૩. **સમાજવિદ્યા ભવનની વિદ્યાર્થિની કુ. કોકિલા બી. મહેતા સને ૧૯૬૨-૬૩માં જુનિયર એમ.એ.માં અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર જૂથ 'સી' અને 'ઈ' સાથે દાખલ થયાં હતાં. તેમની સને ૧૯૬૨-૬૩માં બીજા સત્રમાં હાજરી ખૂટવાનું કારણ તેમની માંદગી છે. સને ૧૯૬૩-૬૪માં પ્રથમ સત્રમાં તેઓ યુનિવર્સિટી યોજિત 'કૈલાસ એક્સપીડિશન'માં ગયાં હતાં માટે તે સત્રમાં ખૂટતી હાજરી રાખી શકયાં નથી તો તેમની બીજા સત્રની માંદગીને લીધે ખૂટતી હાજરી માફ કરવા અંગે તથા ત્રીજા સત્રમાં 'કૈલાસ એક્સપીડિશન'માં ભાગ લેવાથી તે સત્ર મંજૂર કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.**

(નોંધ.— તેમની હાજરીની વિગતો નીચે મુજબ છે:

વર્ષ	સત્ર	વિષય જૂથ	સત્રમાં અપાયેલ કુલ વ્યાખ્યાન	સત્ર મંજૂર થવા જરૂરી વ્યાખ્યાન	ભરેલ હાજરી	ખૂટતી હાજરી	નોંધ
૧૯૬૨-							
૬૩	પ્રથમ	'સી'	૯૬	૬૪	૬૪		
		'ઈ'	૮૫	૫૬	૫૭		
	બીજું	'સી'	૯૫	૬૨	૫૬	-૬	સત્રમાં હાજરી ૫૦ ટકા કરતાં વધારે છે.
		'ઈ'	૮૮	૫૯	૭૨		
૧૯૬૩-							
૬૪	ત્રીજું	'સી'	૧૦૪	૭૦	૪૬	-૨૪	
		'ઈ'	૭૩	૪૮	૩૬	-૧૨.)	

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનની વિદ્યાર્થિની કુ. કોકિલા બી. મહેતાની ૧૯૬૨-૬૩ના વર્ષની પ્રથમ સત્રની ખૂટતી હાજરી, તેઓ 'કૈલાસ એક્સપીડિશન'માં જવાને કારણે ખૂટે છે, તે હકીકત લક્ષમાં લઈને અપવાદ તરીકે તે સત્રની તેમની ખૂટતી હાજરી માફ કરવી, તથા આ બાબતને ભવિષ્યમાં શિરસ્તારૂપ ગણવી નહિ.

૩૪. સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થી શ્રી. પી. એસ. જેઠવા જેમણે સમાજશાસ્ત્ર વિષયમાં ડૉ. તારાબહેન પટેલના હાથ નીચે પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર થઈ મહાનિબંધની રૂપરેખા (સીનોપ્સિસ) તા. ૬-૯-૧૯૬૩ના રોજ રજૂ કરેલ છે. તેઓ એન.સી.સી. રાઇફલ્સ કંપની નં. ૧ અને રના કમાન્ડર હોવાથી કામના બોજાને લીધે મહાનિબંધ તા. ૬-૩-૧૯૬૪ સુધીમાં રજૂ કરી શકે તેમ ન હોવાથી તેમને તા. ૬-૫-૧૯૬૪ સુધીનો બે માસનો વધુ સમય આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મહાનિબંધની રૂપરેખા રજૂ કર્યા પછી જો છ માસમાં મહાનિબંધ રજૂ ન કરે તો અનુસ્નાતક નિયમ નં. ૨૦ મુજબ પરીક્ષા ફી રૂા. ૧૦૦ ફરીથી લેવાની હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એસ. જેઠવાની વિનંતી માન્ય કરવી નહિ.

૩૫. ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો સંબંધમાં આચાર્ય ચિમનભાઈ જે. પટેલના તા. ૧૪-૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી, અને અનુસ્નાતક વિદ્યાભવનોના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી યોજનામાં ભવનોની બહાર શિક્ષણકાર્ય શરૂ થઈ શકે કે કેમ તે અંગે તેમાં કોઈ ઉલ્લેખ કરેલો હોય તો તેના સંદર્ભમાં વિચાર કરવો.

૩૬. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૨-૧૯૬૪ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૨-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નવાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવે તે પહેલાં સ્થાનિક તપાસ કરવાનું રાખવું એમ બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગને સૂચવવું.

૩૭. પ્રોફેસર ઓફ ફિઝિક્સની જગ્યા માટે સિન્ડિકેટે તેની તા. ૨૮-૪-૧૯૬૨ની સભામાં વરણીસમિતિના સભ્ય તરીકે પ્રો. શિખંડેની નિમણૂક કરી છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઓફ ફિઝિક્સની જગ્યા માટે સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે ડૉ. એસ. એસ. શિખંડેને બદલે ડૉ. નાગચૌધરી, ડિરેક્ટર, શાહાની ઇન્સ્ટિટ્યૂટ ઓફ કલકત્તાની નિમણૂક કરવી, તથા અન્ય કોઈ જગ્યા ખાલી પડે તો તે પર નિમણૂક કરવા માટે અજિતરામ વર્મા (બનારસ હિન્દુ યુનિવર્સિટી)ને નીમવાનું રાખવું.

[નોંધ.—વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ હવે નીચે મુજબ રહેશે :

૧. ડૉ. આર. એસ. કૃષ્ણન (પ્રો. એચ. કે. ભગવન્તમને બદલે)
૨. પ્રો. આર. સી. મજમુદાર (પ્રો. એચ. જે. ભાભાને બદલે)
૩. પ્રો. જી. એમ. રામચન્દ્રન, પ્રોફેસર ઓફ ફિઝિક્સ, મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ.]

૩૮. યુનિવર્સિટી કાર્યાલયના હેલ્થ સેન્ટર માટે રેસિડેન્ટ મેડિકલ ઑફિસરની જગ્યા માટે શ્રીમતી ખાસગીવાલા સ્નેહલતા રાજેન્દ્રકુમારની સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં નીમવાનું ઠરાવ્યું છે તો આ જગ્યા માટે નિમાયેલ બહેનને ભાડામુક્ત રહેઠાણ આપવું કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રો. શ્રીમતી સ્નેહલતા રાજેન્દ્રકુમાર ખાસગીવાલાને તેમના પગાર ઉપરાંત ભાડા-મુક્ત રહેઠાણ આપવું.

૩૯. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતાં કુ. જે. જી. દેસાઈના 'Attitude Survey of women workers' ઉપરના સંશોધન માટેના રૂા. ૨,૫૫૦નું ખર્ચ મંજૂર કરવા અંગેના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષના તા. ૧૮-૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંશોધન-યોજના માટે રૂા. ૨,૫૫૦નું ખર્ચ મંજૂર કરવું.

૪૦. ચેરોતર મેડિકલ રિલીફ સોસાયટી એન્ડ ચતુરભાઈ ગંગારામ જનરલ હૉસ્પિટલ, ઉત્તરસંડાને ફરજિયાત હાઉસમેનશિપ અંગે ડૉક્ટરોને તાલીમ આપવા માન્યતા આપવા પરત્વે સિન્ડિકેટે તેની તા. ૧૮-૧૨-૧૯૬૩ની સભામાં નીમેલ તપાસસમિતિના હેવાલ મુજબ મજકૂર હૉસ્પિટલ જરૂરી પગવરો ધરાવતી નથી તો માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હૉસ્પિટલને ફરજિયાત હાઉસમેનશિપ માટે માન્ય કરવી નહિ.

૪૧. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતમાં ગુજરાતી તથા અર્થશાસ્ત્રના વિષયો માટે પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપક તથા સમાજશાસ્ત્રના વિષય માટે પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી વ્યાખ્યાતાથી શિક્ષણકાર્યની વ્યવસ્થા ચાલે છે તે પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સમાજશાસ્ત્રના શિક્ષક તે વિષય શીખવવાની લાયકાત ધરાવતા નથી.

(૨) ગુજરાતીના પ્રાધ્યાપક જે. એન્ડ જે. કૉલેજમાં ૧૨ અને ખંભાતમાં ૨ એમ કુલ ૧૪ તાસ લે છે.

(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક પેટલાદ કૉલેજમાં ૧૧ અને ખંભાતમાં ૨ એમ કુલ ૧૩ તાસ લે છે.

(૪) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા નડિયાદમાં ૮ અને ખંભાતમાં ૪ એમ કુલ ૧૨ તાસ લે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૫મી જૂન ૧૯૬૪ સુધીમાં સદરહુ જગ્યા ઉપર યોગ્ય લાયકાત ધરાવનાર શિક્ષકની નિમણૂક કરવા માટે કૉલેજના આચાર્યને જણાવવું અને ઉમેરવું કે, તે પ્રમાણે નિમણૂક કરી શકાય નહિ તો સંબંધકર્તા વિષયમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૪૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે જણાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. આર. બી. ભાવસાર	સુપરિન્ટેન્ડન્ડ (હોલેરિથ)	૧૭-૪-૧૯૬૪	૧૮-૪-૧૯૬૪
૨.	શ્રી. દિલીપ જે. શાહ	ટેલિફોન ઑપરેટર	૪-૪-૧૯૬૪	૫-૪-૧૯૬૪
૩.	શ્રી. ભાણજીભાઈ રાજારામ	પ્લમ્બર-કમ-વૉટરમેન	૪-૪-૧૯૬૪	૫-૪-૧૯૬૪

સદરહુ સભ્યોની કામગીરીનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. આર. બી. ભાવસારને હોલેરિથ વિભાગના સુપરિન્ટેન્ડન્ટ તરીકે તા. ૧૮-૪-૧૯૬૪થી કાયમ કરવા.

(નોંધ.—હોલેરિથ વિભાગના સુપરિન્ટેન્ડન્ટની જગ્યાને ઑફિસ સુપરિન્ટેન્ડન્ટની જગ્યાની સમકક્ષ ગણાશે નહિ એમ સ્પષ્ટતા કરવામાં આવે.)

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. દિલીપ જે. શાહને ટેલિફોન ઑપરેટર તરીકે તા. ૫-૪-૧૯૬૪થી કાયમ કરવા, અને શ્રી. ભાણજીભાઈ રાજારામને પ્લમ્બર-કમ-વૉટરમેન તરીકે તા. ૫-૪-૧૯૬૪થી કાયમ કરવા.

૪૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતાં કુમારી રેણુકા અ. શાહનો અજમાયશી સમય તા. ૨૫-૪-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. રેણુકા અ. શાહની કામગીરીનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને એક માસની નોટિસ આપીને છૂટાં કરવા.

૪૪. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. પી. એ. પટેલનો અમજમાયશી સમય તા. ૧૪-૪-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તે જગ્યા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. પી. એ. પટેલની કામગીરીનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકેની જગ્યા પર તા. ૧૫-૪-૧૯૬૪થી કાયમ કરવા.

૪૫. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. એમ. ઠાકરનો અજમાયશી સમય તા. ૧૪-૪-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તે જગ્યા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. બી. એમ. હાકારની કામગીરીનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને વિજ્ઞાનવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકેની જગ્યા પર તા. ૧૫-૪-૧૯૬૪થી કાયમ કરવા.

૪૬. યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો રોટા-પ્રિન્ટ મશીનથી છાપવા કે ગેસ્ટેટનર યંત્રના ઉપયોગથી છાપવા આર્થિક દૃષ્ટિએ અને ચોકસાઈની દૃષ્ટિએ હિતાવહ છે કે કેમ તે અંગેનો અહેવાલ સિન્ડિકેટની તા. ૨૮-૨-૧૯૬૪ની સભામાં રજૂ કરેલ જે પર સિન્ડિકેટે ઠરાવેલ કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી અને દરમિયાન રોટા-પ્રિન્ટ યંત્રથી થતા છાપકામના નમૂના મંગાવી રાખવા. ગુજરાત [illegible] તરફથી આ અંગેના નમૂના આવેલ છે તો આ અંગે ફરીથી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. ચાલુ વર્ષની ટાગોર વ્યાખ્યાનમાળા અંગે ક્રમાનુસાર નીચેની વ્યક્તિઓએ નિમંત્રણ સ્વીકારવાની અશક્તિ દર્શાવતાં કોને નિમંત્રણ આપવું તે અંગે વિચારણા કરવા બાબત :

૧. પં. ગુરુદયાલ મલ્લિક
૨. શ્રી. એસ. આર. દાસ.

(નોંધ.—આ વ્યાખ્યાનો નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે સુરત ખાતે યોજવાનાં રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ટાગોર વ્યાખ્યાનમાળા, સુરત મુકામે ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષના પ્રારંભમાં યોજવા અને તે માટે પ્રો. હજારીપ્રસાદ દ્વિવેદી (ચંદીગઢ)ને નિમંત્રણ આપવું.

૪૮. કેન્દ્ર સરકારની યોજના હેઠળ આપણે હાથ ધરેલ અનુવાદ તથા મૌલિક પ્રકાશનોના અંતે પારિભાષિક શબ્દસૂચિ (Glossary) (ગુજરાતીમાંથી અંગ્રેજી તથા અંગ્રેજીમાંથી ગુજરાતી) મૂકવા અંગેની તા. ૧૨-૨-૧૯૬૪ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પ્રત્યેક લેખકે-અનુવાદકે પારિભાષિક શબ્દસૂચિ તૈયાર કરી મૂકવી અને તે (અંગ્રેજી-ગુજરાતી અને ગુજરાતી-અંગ્રેજીની શબ્દસૂચિ) તૈયાર કરવા માટે લેખક-અનુવાદકને દર ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૩ દરે મહેનતાણું આપવાનું રાખવું. આ અંગે નીચે પ્રમાણેનો પાઠ લેખક તથા અનુવાદકના કરારનામામાં હવે પછી ઉમેરવો :

"and it is further agreed that for compilation of glossary of terms (English-Gujarati, Gujarati-English) to be appended to the manuscript, The Translator (s) / The Author (s) will be paid at the rate of Rs. 3/- per 300 words by the Publisher."

વધુમાં જે હસ્તપ્રતો તૈયાર થયેલ છે તેમ જ જે પ્રકાશનો બહાર પડ્યાં નથી તે માટે પણ પારિભાષિક શબ્દસૂચિ તૈયાર કરાવી ઉપર મુજબના દરે મહેનતાણું આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. તા. ૧૨-૨-૧૯૬૪ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે —

(૧) જે પરદેશી પેઢીઓ સાથે અનુવાદ અંગે કરાર થયેલા છે અને જેમાંથી હવે પછી રોયલ્ટી આપવાની થાય છે તેમાંથી નિયમાનુસાર આવકવેરો બાદ કરી રોયલ્ટી આપવાની રહેશે તેમ જણાવવું.

(૨) ભવિષ્યમાં જે પરદેશી પેઢી સાથે અનુવાદ અંગે કરાર કરવાના થાય ત્યારે આવકવેરો તેમણે ભરપાઈ કરવાનો રહેશે એમ સ્પષ્ટતા પ્રથમથી જ કરવાનું રાખવું.

(૩) જે કેસમાં આવકવેરા અંગેની જવાબદારી યુનિવર્સિટીને લેવાની આવે તે અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવમાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૦. તા. ૧૨-૨-૧૯૬૪ની પ્રકાશન વહીવટી સમિતિએ કેન્દ્ર સરકારની યોજના હેઠળ હાથ ધરેલા અનુવાદ તથા મૌલિક પ્રકાશનોમાં મૂકવા માટે આકૃતિઓ, આલેખ, ફોટોગ્રાફ, વગેરે તૈયાર કરાવવા માટે નીચેના દરને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

"(1) Mathematical figures : Vector diagram, polygons, force moment diagrams, graphs, sketches, etc. (Rs. 1 to 2/-).

(2) Schematic diagram : Electric circuit, flowcircuit, cycle diagrams, representative block diagrams and lay-outs (Rs. 2 to 3/-).

(3) Apparatus figures : Line Sketches, Shape Representative diagrams (Rs. 3 to 4/-).

(4) Cross Sectional machine sketches (Rs. 4 to 5/-).

(5) Photographs (Rs. 6 to 8/-).

(6) Coloured Sketches—One colour (Rs. 8/-) and more colours (Rs 8/- to 10/-)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. તા. ૨૩-૨-૧૯૬૪ના રોજ મળેલી બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના આચાર્યોને સૂચવવું કે છાત્રાલયના સંચાલન માટે આપવામાં આવતી જવાબદારી સ્વીકારશે એવી શરત છાત્રાલયમાં પ્રવેશ માગતા વિદ્યાર્થીઓએ ભરવાના આવેદનપત્રમાં રાખવી.

(૨) છાત્રાલયના સફળ અને સુવ્યવસ્થિત સંચાલન માટે દર ૫૦ વિદ્યાર્થીઓએ એક અનુસ્નાતક વિદ્યાર્થી અગર તો ટ્યૂટરને નિરીક્ષક (સુપરવાઈઝર) તરીકે રાખવાની પદ્ધતિ અપનાવવા માટે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના આચાર્યોને સૂચવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૨. તા. ૨૩-૧-૧૯૬૪ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

(૩) "વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ 'યૌવનપ્રવેશ' પુસ્તિકા પ્રસિદ્ધ કરવા અંગે તથા તે માટે થનાર આશરે રૂા. ૪,૨૪૫નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. તા. ૨૨-૧-૧૯૬૪ના રોજ મળેલી આરોગ્યકેન્દ્ર સ્થાયી સમિતિની નીચેની ભલામણો મંજૂર કરવા બાબત :

"(૧) આ આરોગ્યકેન્દ્રનો લાભ વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટીના બધા કર્મચારીઓને આપવો. કર્મચારીઓના આશ્રિતો અંગે એક વર્ષ બાદ વિચાર કરવો.

(૨) સિન્ડિકેટે આરોગ્યકેન્દ્ર માટે ઓનરરી રેડિયોલોજિસ્ટની જગ્યા મંજૂર કરી છે પરંતુ તેટલું પૂરતું નથી. સ્ક્રીનિંગ ઉપરાંત એક્સ-રે પ્લેટ્સ લેવાની સગવડ પણ હોવી જોઈએ, એમ આ સમિતિ માને છે. અને તેથી રૂા. ૭૫ થી ૧૦૦ સુધીમાં એક પાર્ટ-ટાઇમ રેડિયોગ્રાફર (ટ્રેઇન્ડ એક્સ-રે ટેકનિશિયન)ની નિમણૂક કરવા ભલામણ કરે છે.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કેન્દ્ર માટે એક લેબોરેટરી ટેકનિશિયનની આવશ્યકતા છે અને તેથી રૂા. ૧૨૫-૧૦-૩૨૫ની ગ્રેડમાં એક લેબોરેટરી ટેકનિશિયનની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—આ ટેકનિશિયનને ત્રણ મહીના ટ્રેઇનિંગ માટે મોકલી એક્સ-રે લેતાં શીખવી શકાશે અને પછી રેડિયોગ્રાફરની આવશ્યકતા રહેશે નહિ.)

(૪) યુનિવર્સિટી કૅમ્પસમાં રહેતા વિદ્યાર્થીઓ તથા આજુબાજુની કૉલેજોના છાત્રાલયોમાં વસતા વિદ્યાર્થીઓના આરોગ્ય (પોઝિટિવ હેલ્થ) માટે એક આહારશાસ્ત્રી (ડાયેટિશિયન) નીમવાની સિન્ડિકેટને ભલામણ કરવી, જે વિદ્યાર્થીઓના આહારવિહાર પર દેખરેખ રાખશે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૪. તા. ૧૯-૨-૧૯૬૪ના રોજ મળેલ યુવક-કલ્યાણ-સમિતિની સભાએ કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) માઉન્ટ આબુ પર ગયે વર્ષે યોજ્યા હતા તે પ્રમાણે આઠ આઠ દિવસના ત્રણ પર્વતારોહણ તાલીમશિબિરો આશરે ૬૦થી ૮૦ વિદ્યાર્થીઓ માટે યોજવા અને તે માટે ગયા વર્ષની માફક આ સાથે જોડયા પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવો અને તે માટે જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(૨) વિદ્યાર્થી-નેતા-તાલીમ-શિબિરો આગલા વર્ષમાં યોજ્યા હતા તે પ્રમાણે અને વિદ્યાર્થિની-નેતા તાલીમ-શિબિર ગયા વર્ષે નિયત કર્યું હતું તે પ્રમાણે, બંને શિબિરો ૪૦થી ૫૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના યોજવા અને તે માટે સંચાલક, વ્યાખ્યાતા, સમય, સ્થળ વગેરે નક્કી કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(૩) ઉપરની યોજના પ્રમાણે પર્વતારોહણ શિબિરો, વિદ્યાર્થી અને વિદ્યાર્થિની-નેતા-તાલીમ-શિબિર અને શ્રમશિબિરો માટેનો જરૂરી ખર્ચ વિદ્યાર્થીઓના શિબિરોના રૂા. ૨૫,૦૦૦ અને શ્રમ-શિબિરો માટેના રૂા. ૫,૦૦૦ મળીને કુલ રૂા. ૩૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવી છે તેમાંથી કરવા તથા તે અંગે જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૫૫. તા. ૧૯-૨-૧૯૬૪ના રોજ મળેલ યુવક-કલ્યાણ-સમિતિની સભાની નીચે જણાવેલ ભલામણ પર વિચારણા કરવા બાબત:

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે, યુવક-કલ્યાણ પ્રવૃત્તિઓની યોજના કૉલેજોમાં આ પ્રવૃત્તિમાં રસ લેતા અધ્યાપકો બરાબર સમજી રસપૂર્વક અમલ કરી શકે તે માટે અનુકૂળ સમયે અને સ્થળે શિક્ષકો માટે નેતા-તાલીમ-શિબિર યોજવો અને તેમાં આ પરિસંવાદની કાર્યવાહી સમાવી લેવી. અને આ માટે સંચાલકો, વ્યાખ્યાતા, સમય, સ્થળ, ખર્ચ તથા અન્ય જરૂરી વિગતો નક્કી કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(૨) આ અધ્યાપકોના યુવક-નેતા-તાલીમ શિબિર યોજવા માટેનો જરૂરી ખર્ચ શિબિરો માટે યુવક-કલ્યાણ-પ્રવૃત્તિઓમાં રૂા. ૩૦,૦૦૦ મંજૂર કર્યો છે તેમાંથી કરવા તથા તે અંગે જરૂરી સત્તા ઉપકુલપતિશ્રીને આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૬. તા. ૧૯-૨-૧૯૬૪ના રોજ મળેલ યુવક-કલ્યાણ-સમિતિની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"(૧) હિમાલયમાં બરફની તાલીમ માટે જે યોજના મૂકવામાં આવી છે તે યોજના આ વર્ષ માટે મોકૂફ રાખવી અને તેને બદલે પર્વતારોહણની તાલીમ માટે જે બે સંસ્થાઓ દાર્જિલિંગ તથા મનાલીમાં ચાલે છે ત્યાં વૈજ્ઞાનિક રીતે પર્વતારોહણની તાલીમ મળે તે માટે યુનિવર્સિટીના આ વિભાગના બંને આસિ. ડિરેક્ટરને યુનિવર્સિટીના ખર્ચે તાલીમ લેવા મોકલવા કે જેથી આવી તાલીમ માટે એક કાયમી ગોઠવણ થઈ શકાય.

(૨) વધુમાં પર્વતારોહણ તાલીમ લીધેલા વિદ્યાર્થીઓ માટે તથા અધ્યાપકો અને વ્યાયામ શિક્ષકોમાંથી પણ વર્ષ દરમિયાન ૧૦થી ૧૫ સભ્યોને મનાલી કે દાર્જિલિંગમાં યોજનાર જુદા જુદા શિબિરોમાં, જેમાં પસંદ થાય તેમાં, મોકલવા અને આ માટે પસંદ થયેલ વિદ્યાર્થી તથા

અધ્યાપકોનો આ અંગે આશરે રૂા. ૩૫૦થી ૪૦૦ સુધીનો ખર્ચ થવા સંભવ છે જે પૈકી યુનિવર્સિટી તરફથી તેમને રૂા. ૨૫૦ મદદરૂપે આપવા અને બાકીના આશરે રૂા. ૧૫૦ની રકમને કૉલેજ વિભાગ અને વિદ્યાર્થીઓએ મળીને ભોગવવાની રહેશે.

(૩) વધુમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, હિલાલયમાં બરફની પર્વતારોહણ તાલીમ માટે મનાલી તથા દાર્જિલિંગમાંના તાલીમ શિબિરોમાં શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને મોકલવાનો આશરે રૂા. ૩,૫૦૦નો ખર્ચ શિબિરો માટેના રૂા. ૩૦,૦૦૦માંથી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૭. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિતશાસ્ત્રના અધ્યાપક શ્રી. પી. સી. વૈદ્યને યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ફુલબ્રાઇટ કાર્યક્રમમાં સીનિયર પ્રોફેસર તરીકે ૩૦૦ દિવસ માટેનું આમંત્રણ હોવાથી તે સ્વીકારવા તેઓને મંજૂરી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને તેમને ફુલબ્રાઇટ કાર્યક્રમ હેઠળ સીનિયર પ્રોફેસર તરીકે ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન જવાનું થાય તો, વિદેશથી પાછા ફર્યા બાદ ઓછામાં ઓછાં બે વર્ષ પર્યંત આ યુનિવર્સિટીને સેવાઓ આપશે એવી બાંયધરીની શરતે, પૂરા માસિક પગારે (બીજાં ભથ્થાં સિવાય) જરૂરી ખાસ-રજા (Special leave) આપવી.

૫૮. યુનિવર્સિટી છાત્રાલયો તથા છાત્રાલયોના ગૃહપતિઓના રહેઠાણ માટેની યોજના માટેની રાજ્ય સરકારે પોતાના હિસ્સાની રકમના ⅔ જેટલી ગ્રાન્ટ રૂપે તથા ⅓ લોન રૂપે યુનિવર્સિટીને સહાય આપવા અંગેના રાજ્ય સરકારના તા. ૫-૨-૧૯૬૪ના ઠરાવ નં યુ.એસ.જી. ૧૧૬૦-બી અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં રાજ્ય સરકારે ખર્ચના પોતાના હિસ્સાની રકમ, ⅔ જેટલી ગ્રાન્ટ અને ⅓ જેટલી લોન રૂપે આપવાનું કહ્યું છે તો તેનો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબ ગ્રાન્ટનો સ્વીકાર કરીને રાજ્ય સરકારને ગ્રાન્ટનો કોઈ પણ ભાગ લોન તરીકે રાખવો નહિ એ મતલબનું લખાણ કરવું.

૫૯. ધી બૅંક ઑફ ઇન્ડિયાની ગુજરાત રાજ્યની શાખાઓ તરફથી ગુજરાત યુનિવર્સિટીને મોકલવાનાં નાણાંના ડ્રાફ્ટ વિના મૂલ્યે આપવા અંગેના તથા તે અંગે વ્યવસ્થા ઊભી કરવા અંગેના બૅંકના મૅનેજરના તા. ૨૦-૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બૅન્ક ઑફ ઇન્ડિયાએ તેની જુદી જુદી શાખાઓ દ્વારા યુનિવર્સિટીને નાણાં ભરવાની જે સગવડ વગર વટાવે કરી આપવા તૈયારી બતાવી છે, તે સગવડનો સ્વીકાર કરવો.

તથા આ બાબતની જાણ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય અનુસ્નાતક સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને કરવી.

૬૦. ગુજરાત રાજ્ય સરકારના નાણા ખાતાના તા. ૧૦-૨-૧૯૬૪ના ઠરાવ નં.સી.પી.એ. ૧૦૬૩-૧-સી. એચ.થી સ્થાનિક વળતર ભથ્થા તથા ઘરભાડા ભથ્થાના દરોમાં તા. ૧-૧-૧૯૬૪થી થયેલા સુધારાને અનુલક્ષીને યુનિવર્સિટીના કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થાં તથા ઘરભાડાભથ્થાં આપવા અંગે વિચારણા કરવા બાબત:

(નોંધ.— સિન્ડિકેટે તેની તા. ૮-૬-૧૯૫૬ની સભામાં બાબત નં ૭૨ (૭)થી ઠરાવેલ છે કે યુનિવર્સિટી કર્મચારીઓને આ ભથ્થાં રાજ્ય સરકારના આ અંગેના નિયમો પ્રમાણે આપવાં.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૧. સિન્ડિકેટે તેની તા. ૨૨-૬-૧૯૬૩ની સભામાં બાબત નં. ૭૧ તથા ૯૮ના ઠરાવના પેટાવિભાગ-૨થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પાંચ સંશોધન-શિષ્યવૃત્તિઓનો યુનિવર્સિટીની ૨૪ શિષ્યવૃત્તિઓમાં સમાવેશ કરેલ છે તેમાં સુધારો કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પાંચ શિષ્યવૃત્તિઓનો યુનિવર્સિટી તરફથી અપાતી ૧૦ પીએચ.ડી.ની શિષ્યવૃત્તિઓમાં સમાવેશ કરવા તેમ જ વિજ્ઞાનવિદ્યા ભવનની ૧૪ શિષ્યવૃત્તિઓને જુદી ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. વર્ષ ૧૯૬૩-૬૪ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર થયેલ ૫ સંશોધન-શિષ્યવૃત્તિઓ, યુનિવર્સિટી તરફથી પીએચ.ડી. પદવી માટેની ૧૦ શિષ્યવૃત્તિઓ તેમ જ યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવન માટે ઊભી કરવામાં આવેલ ૧૪ રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા માટે વિદ્યાર્થીઓ તરફથી અરજીઓ મગાવી. સિન્ડિકેટ તેની તા. ૨૨-૬-૧૯૬૩ની સભામાં મજકૂર શિષ્યવૃત્તિઓ આપવા અંગે નીમેલી કમિટિએ આવેલ અરજીઓ ચકાસી ઉપરોક્ત શિષ્યવૃત્તિઓમાંથી નીચે પ્રમાણેની શિષ્યવૃત્તિઓ ફાળવવામાં આવેલ પરંતુ યોગ્ય અને લાયક વિદ્યાર્થીઓના અભાવે બાકીની શિષ્યવૃત્તિઓ આપી શકાઈ નહોતી તેની નોંધ લેવા બાબત:

ક્રમાંક	શિષ્યવૃત્તિનું નામ		ફાળવવામાં આવેલ શિષ્યવૃત્તિઓ
(૧)	યુ.જી.સી.ની પાંચ શિષ્યવૃત્તિઓ	...	૨ વિનયન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને
			૩ વિજ્ઞાન ,, ,,
(૨)	પીએચ.ડી. પદવીની ૧૦ શિષ્યવૃત્તિઓ	...	૩ વિનયન ,, ,,
			૫ વિજ્ઞાન ,, ,,
(૩)	વિજ્ઞાનવિદ્યા ભવનની ૧૪ રિસર્ચ ફેલોશિપ		૩ રસાયણશાસ્ત્રના વિદ્યાર્થીઓને
			૪ રસાયણશાસ્ત્ર
			૪ ભૌતિકશાસ્ત્ર
			૨ બોટેની
			૪ મૅથેમેટિકસ

[નોંધ.— (૧) બોટેનીના બે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ શિષ્યવૃત્તિઓ વિદ્યાર્થીઓએ સ્વીકારેલ નથી.

(૨) પીએચ.ડી.ની ૧૦ શિષ્યવૃત્તિમાંથી ૨ શિષ્યવૃત્તિઓ બાકી રહેલ છે.

(૩) બાકી રહેલ શિષ્યવૃત્તિઓ એનાયત કરવા ફરીથી યુનિવર્સિટીએ અરજીઓ મગાવતાં બે વિદ્યાર્થીઓ કે જેઓ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા ન હતા તેમના તરફથી અરજીઓ આવેલી તેથી તે શિષ્યવૃત્તિઓ આપવામાં આવેલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. યુનિવર્સિટીના સને ૧૯૬૨-૬૩ના વર્ષના હિસાબો અંગેનો ઑડિટ ઑફ એકાઉન્ટ્સે સેનેટને કરેલા અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટની નોંધ લેવી.

૬૪. ઉપકુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત:

સિન્ડિકેટે તેની તા. ૧૮-૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલા ઠર પ્રમાણે ૧૯૬૨ અને ૧૯૬૩માં લેવાયેલી પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફને મહેનતાણું મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યની નોંધ લેવી.

૬૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. સુલતાનભાઈ જલમભાઈ વહોરા તા. ૧૩-૨-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમને બાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧૦-૧-૧૯૬૪થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧૩-૨-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે, જુનિયર ક્લાર્ક શ્રી. સુલતાનભાઈ જલમભાઈ વહોરાને બાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૬૬. ડૉ. જે. જે. શાહે રીડર તરીકેની પોતાની જગ્યાનું રાજીનામું મૂકયું હોઈ યુનિવર્સિટી છાત્રાલય માટે રેસિડેન્ટ પ્રોફેસરની જગ્યા પૂરવા માટે યોગ્ય વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી, તે દરમિયાન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષો સિવાયના પ્રોફેસરોને રેસિડેન્ટ પ્રોફેસરની જગ્યા તેમને આપવામાં આવે તો તેઓ સ્વીકાર કરવા ઇચ્છે છે કે કેમ, તે લખી પુછાવવું.

૬૭. ડેન્ટલ કૉલેજ, અમદાવાદના ડીન ડૉ. એ. એમ. મલાવવાલાને ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે તેમના તા. ૨૬-૨-૧૯૬૪ના પત્રથી આવેલી વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— હાલ તેઓ પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ વગેરેની અભ્યાસસમિતિ ઉપર સભ્યપદ ધરાવે છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એ. એમ. મલાવવાલાને ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૬૮. તા. ૪-૨-૧૯૬૪ની સિન્ડિકેટના ઠરાવ મુજબ કુ. નયના જે. શાહની ઇન્ટર્નશિપ અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીન તરફથી માહિતી મંગાવતા બી. જે. મેડિકલ કૉલેજના ડીનના તા. ૨૩મી જાન્યુઆરીના પત્રાંક ૯૫૫થી તાલીમ અંગે નીચે મુજબના તેમના કાર્યક્રમ અંગેની માહિતીની નોંધ લેવા બાબત:

(૧) તા. ૧૬-૬-૧૯૬૩થી	તા. ૧૫-૯-૧૯૬૩	સિ. એસ. હૉસ્પિટલ, અમદાવાદ
(૨) તા. ૧૬-૯-૧૯૬૩થી	તા. ૧૫-૧૨-૧૯૬૩	આણંદ
(૩) તા. ૧૬-૧૨-૧૯૬૩થી	તા. ૧૫-૩-૧૯૬૪	એલ. જી. હૉસ્પિટલ, અમદાવાદ (હાલમાં)
(૪) તા. ૧૬-૩-૧૯૬૪થી	તા. ૧૫-૬-૧૯૬૪	આવળી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. જોડાણ મેળવવા માટેની અરજીનું સુધારેલું ફૉર્મ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજના જોડાણ માટે અરજીનું સુધારેલું ફૉર્મ મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલ ફૉર્મની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૭૦. નીચેની ત્રણ કૉલેજો જેમાં અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે પહેલી કક્ષાએ શિખવાય છે તેમાં શિક્ષકગણ અંગેની માહિતી જોતાં નીચે મુજબની સ્થિતિના સંદર્ભમાં પ્રો. પી. એમ. શ્રીનિવાસાચારી ત્રણેય કૉલેજોમાં અંડ-શિક્ષક તરીકે કામ કરતા જણાય છે તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	અધ્યાપક	વ્યાખ્યાતા	ટ્યૂટર
૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારી બી.એ., એમ.એ., બન્ને સેકન્ડ ક્લાસ ૩૦ વર્ષનો અનુભવ	શ્રી. એન. બી. જાની, એમ.એ. સેકન્ડ ક્લાસ અર્થશાસ્ત્ર	—
૨.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	૧. ,, ,,	શ્રીમતી અમીતાબેન શેઠ બી.એ., સેકન્ડ ક્લાસ અને એમ.એ. થર્ડ ક્લાસ, ચાર વર્ષ ટ્યૂટર તરીકેનો અનુભવ	—
		૨. શ્રી. જે. આઈ લાલીવાળા, બી.એ. સેકન્ડ ક્લાસ, એમ.એ. સેકન્ડ ક્લાસ, એન્ટાયર ઇકો., ચાર વર્ષનો અનુભવ		

ક્રમાંક	કૉલેજનું નામ	પ્રાધ્યાપક	વ્યાખ્યાતા	ટ્યૂટર
૩.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	૧. ડૉ. જે. કે. કડકે, બી.એ. સેકન્ડ ક્લાસ, એમ.એ., પીએચ.ડી., ૪ કે.ા., ૧૧ વર્ષના વ્યાખ્યાતા અને ૩ વર્ષ પ્રાધ્યાપક તરીકેનો અનુભવ ૨. શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારી બી.એ., એમ.એ., અને સેકન્ડ ક્લાસ (૩૦ વર્ષનો અનુભવ)	શ્રી. કે. એમ. દેસાઈ, એમ.એ. પાસ વર્ગ હિસ્ટ્રી. ગ્રુપ બી. એન્ડ સી. એલએલ.બી., ૧૩ વર્ષનો અનુભવ	શ્રી. સી કે. ગાંધી, એમ.એ., ગ્રુપ 'સી' એન્ડ 'ડી'

આથી ઠરાવવામાં આવે છે કે, પદવી કક્ષાએ છેલ્લા વર્ષમાં કોઈ વિષય સ્પેશિયલ વિષય તરીકે શીખવાતો હોય તો તે માટે પ્રત્યેક કૉલેજમાં ઓછામાં ઓછો એક પૂર્ણ સમયનો પ્રાધ્યાપક હોવો આવશ્યક છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારી ત્રણ કૉલેજોમાં કામ કરતાં જણાય છે તે વ્યવસ્થા મંજૂર કરી શકાય નહિ.

૭૧. જાહેર સાહસ પર આર્થિક સંશોધન અંગે એક ગ્રીષ્મ શાળા ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ મુકામે આગામી એપ્રિલ ૧૫મીથી બે અઠવાડિયાં સુધી યોજવાનું નક્કી કરેલ હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા, સમર સ્કૂલ ઑફ પબ્લિક એન્ટરપ્રાઇઝીઝના માનદ અધ્યક્ષશ્રીના તા. ૨૯મી ફેબ્રુઆરીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રીષ્મ શાળા માટે આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિ મોકલવો નહિ.

૭૨. ૧૯૫૬ના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટના પ્રથમ ભાગના ત્રીજા શીડ્યુલમાં દર્શાવેલી લાયકાતોનો પ્રથમ શીડ્યુલમાં સમાવેશ કરવા અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના તા. ૨૧-૨-૧૯૬૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન, પ્રથમ બી.એ. અને બી.એસસી. પરીક્ષાઓમાં અમરેલી કેન્દ્ર પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

(નોંધ.— કૉલેજોમાંથી આવેલ ભલામણોમાંથી નીચે પ્રમાણેના બે સભ્યોને નીમી શકાય :

૧. પ્રિ. કે. આર. દવે, ૨. પ્રો. એન. પી. શાસ્ત્રી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર બી.એ., બી.એસસી., લૉ., એમ.એ., એમ.એસસી., એમ.કૉમ., એન્જિનિયરિંગ, બી.એ., એમ.એસ.એમ.બી.,બી.એસ. વગેરે પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. પંડ્યાને પણ મુખ્ય નિરીક્ષક તરીકે નીમવા એ ફેરફાર સાથે કાર્યાલયે સૂચવેલ મુખ્ય નિરીક્ષક અંગેની નિમણૂકની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ નિમણૂકની યાદી આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૭૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર જૂના અભ્યાસક્રમ મુજબની છેલ્લી વધારાની ઇન્ટર આર્ટ્સ એક્સ્ટર્નલ પરીક્ષામાં આવેદનપત્રો પાછા ખેંચતા વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન ફી પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઑ. ૧૭૪-ઈમાં ઑક્ટોબરના વિદ્યાર્થી માટે તા. ૨૭મી ઑગસ્ટ ફૉર્મ પાછા ખેંચવા નિયત થયેલ છે. તો માર્ચના વિદ્યાર્થીઓ માટે તા. ૨૯-૨-૧૯૬૩ સુધીમાં જે જે વિદ્યાર્થીઓએ આવેદનપત્ર પાછું ખેંચવાનું જણાવ્યું હોય તેમને ઑ. ૧૭૪ મુજબ ફી પરત કરવી એવું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન ઇન્ટર આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ પૈકી જેમણે તા. ૨૯-૨-૧૯૬૪ સુધીમાં પરીક્ષામાં બેસવાની પોતાની અરજી પાછી ખેંચી લીધી હોઈ તેમના ફૉર્મમાંથી રૂા. ૧૦-૦૦ કાપીને બાકીની રકમ પરત કરવી.

૭૬. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના લેક્ચરરની કાયમી જગ્યા માટે તા. ૧૩-૩-૧૯૬૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી બહુમતે ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં નીચેના ઉમેદવારોની ક્રમાનુવર્તી લેક્ચરર-ઇન-સોશિયોલોજીની કાયમી જગ્યા પર રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં એ વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી :

૧. શ્રી. ઈ. જે. મશીહી
૨. શ્રીમતી ઉષા એસ. કન્હારે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. મશીહીને તથા શ્રીમતી ઉષા એસ. કન્હારેને તેઓને હાલ મળતા વેતન કરતાં ઓછું મળે નહિ એમ કુલ વેતન મળે તે રીતે યોગ્ય પગથીયે મૂકીને મૂળ પગાર નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણની નોંધ આ સાથે પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૭૭. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ પોલિટિક્સ-ઇતિહાસ અને રીડર-ઇન-હિસ્ટ્રીની જગ્યા માટે તા. ૧૨-૩-૧૯૬૪ના રોજ મળેલ સમિતિઓની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઑફ પોલિટિક્સ-ઇતિહાસ અને રીડર-ઇન-હિસ્ટ્રીની જગ્યા માટે વરણી સમિતિની ભલામણ મંજૂર કરવી નહિ, અને (૧) પોલિટિક્સ-ઇતિહાસ, અને (૨) રીડર-ઇન-હિસ્ટ્રીની જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને નવી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણનો નોંધનો નકલ આ સાથે પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૭૮. તા. ૧૦-૩-૧૯૬૪ના રોજ ભાષા-ભવનમાં પ્રોફેસર-ઑફ-સંસ્કૃતની જગ્યા માટે મુંબઈ ખાતે મળેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ભાષા-ભવનમાં પ્રોફેસર-ઇન-સંસ્કૃત તરીકે રૂા. ૮૦૦-૫૦૦-૧૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૮૦૦થી શ્રી. જી. કે. ભટ્ટને બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંજોગવશાત્ શ્રી. જી. કે. ભટ્ટ પ્રોફેસર-ઇન-સંસ્કૃતની જગ્યા સ્વીકારી શકે નહિ તો પ્રોફેસરની જગ્યાને રીડરની જગ્યામાં ફેરવવી અને તે પર ડૉ. એસ્થર એ. સોલોમનને રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૬૦૦થી રીડર-ઇન-સંસ્કૃત તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવાં.

(સદરહુ વરણીસમિતિની નોંધનો નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૭૯. તા. ૯-૩-૧૯૬૪ના રોજ મુંબઈ ખાતે યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવનમાં રીડર-ઇન-વોકેશનલ ગાઇડન્સ તથા રીડર-ઇન-એજ્યુકેશનની જગ્યાઓ માટે મળેલ વરણી સમિતિઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિદ્યાભવનમાં રીડર-ઇન-વોકેશનલ ગાઇડન્સની જગ્યા પર રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં ડૉ. કુ. ડી. એમ. પાવરીને મૂળ માસિક પગાર રૂા. ૫૦૦ના પગારે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રીડર-ઇન-એજ્યુકેશનની જગ્યા માટે—ફરી જાહેરાત આપી અરજીઓ મંગાવવી.

સદરહુ વરણીસમિતિઓનો નોંધનો નકલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૮૦. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં પ્રોફેસર-ઑફ-ઝૂલોજી રીડર-ઇન-ઝૂલોજીની જગ્યા માટે તા. ૧૧-૩-૧૯૬૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને પ્રોફેસર-ઇન-ઝૂલોજીની જગ્યા માટે યોગ્ય ઉમેદવાર મળી શકેલ નથી, તે જોતાં તે જગ્યાને રીડરની જગ્યામાં ફેરવવી અને આમ રીડરની કુલ બે જગ્યાઓ થતાં રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂા. ૬૫૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નીચેના ઉમેદવારોને નીમવા :

૧. ડૉ. એમ. એસ. દુબલે
૨. ડૉ. આર. એમ. નાયક.

(સદરહુ વરણીસમિતિની નોંધનો નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

(૨) આંકડાશાસ્ત્રના રીડરની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૨-૩-૧૯૬૪ની ભલામણો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, તે જગ્યા પર રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૦૦-થી શ્રી. એમ. એસ. જયસ્વાલની નિમણૂક તા. ૧૫-૬-૧૯૬૪થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની નોંધ પરિશિષ્ટ "ધ-૧" તરીકે સામેલ છે.)

૮૧. સને ૧૯૬૩-૬૪ (એપ્રિલ ૧૯૬૩થી માર્ચ ૧૯૬૪)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રો. ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.

(**નોંધ.**— ૧. સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટે પ્રો. ફંડની ઉઘડતી બાકી ઉપર ૪ ટકાના દરે અને વર્ષ દરમિયાનના પહેલા ૭ મહિનાના ફાળા ઉપર ૨ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

૨. સને ૧૯૬૩-૬૪ના વર્ષ માટે ગુજરાત સરકારે ૪ ટકા વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

૩. હાલનું રોકાણ જોતાં આપણને રોકાણ ઉપર વ્યાજ વાર્ષિક લગભગ ૪.૭૦ ટકા ઊપજે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૩-૬૪ (૧લી એપ્રિલ ૧૯૬૩થી ૩૧મી માર્ચ ૧૯૬૪)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં ચાર ટકાના દરે વ્યાજ આપવું.

૮૨. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની મુદત તા. ૨૮-૨-૧૯૬૪ સુધી સિન્ડિકેટે લંબાવેલી હતી, પરંતુ આશરે ૨૦૦ જેટલા નિયમિત અને ૭ જેટલા એકસ્ટર્નલ વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવેલ નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન તા. ૨૮-૨-૧૯૬૪ સુધીમાં પ્રવેશપાત્રતાનું પાકું પ્રવેશપત્ર કઢાવી ન શકનાર વિદ્યાર્થીઓને તેમના હિસાબે અને જોખમે પરીક્ષામાં બેસવા દેવા, પરંતુ પાકું પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર કઢાવી શકે નહિ ત્યાં સુધી તેમનું પરિણામ જાહેર કરવું નહિ.

૮૩. ઉપકુલપતિશ્રીનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઇજનેરી વિદ્યાશાખાના ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનોને નવા ક્રમાંક આપ્યાના.

(૨) ચાલુ વર્ષે પડેલી પ્રણાલિકા અનુસાર નીચેની પરિષદમાં કોઈ પ્રતિનિધિ નહિ મોકલ્યાના :

ક્રમાંક	પરિષદનું નામ	સ્થળ	તારીખ
૧.	ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન એસોસિયેશનની રજત જયંતી પરિષદ	નવી દિલ્હી	માર્ચ ૧ થી ૭, ૧૯૬૪ દરમિયાન
૨.	ઇન્ડિયન સોસાયટી ઑફ એન્ડોક્રિનોલોજીનો ઉદ્ઘાટન પ્રસંગ	બનારસ	માર્ચ ૩૧, ૧૯૬૪.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(જૂના અને નવા ક્રમાંક દર્શાવતી યાદીની નકલ પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૮૪. આર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી લીગલ એજ્યુકેશન કમિટીની પ્રશ્નોત્તરી તા. ૧૩-૧-૧૯૬૪ના ક્રમાંક એલ. ઈ. (સી. આઈ. આર.) તા. ૧-૧૯૬૪થી આવેલી જે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર કાયદાની વિદ્યાશાખાએ તેની તા. ૧૦-૩-૧૯૬૪ની સભામાં તૈયાર કરેલ જવાબો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. પૂર્વસ્નાતક શિક્ષણના વિવિધ પ્રશ્નોની ચર્ચાવિચારણા કરવા કૉલેજોના આચાર્યોની એક પરિષદ આગામી મે માસની ૮થી ૯ દરમિયાન દિલ્હી મુકામે મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીમાંથી ત્રણ આચાર્યોને પ્રતિનિધિ તરીકે મોકલવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રીશ્રીના તા. ૪, માર્ચ ૧૯૬૪ના પત્રાંક એફ. ૯-૧-૬૩-સી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— જવા આવવાનું પ્રથમ વર્ગનું મુસાફરીભથ્થું યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી:

૧. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
૨. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૩. આચાર્ય એમ. સી. દેસાઈ.

૩૩. આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખામાં પી.એચ.ડી. પદવી માટે રજિસ્ટર થનાર વિદ્યાર્થીઓ જો નિયમ મુજબના તેમના ચાર સત્રો પૂરાં થયા પછી પણ પ્રાયોગિક કામ કરવાનું ચાલુ રાખે તો તેવા વિદ્યાર્થીઓ પાસેથી તા. ૧ એપ્રિલથી ૩૧ ઑક્ટોબર સુધી તથા તા. ૧ નવેંબરથી ૩૧મી માર્ચ સુધીના સમય માટે પ્રત્યેક રૂા. ૧૦૦ પ્રમાણે પ્રયોગશાળા ફી રાખવા અંગે તથા તે પ્રમાણે નિયમમાં સુધારાવધારા કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૪. આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩૫. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. એ. જોશીના પી.એચ.ડી. પદવી માટે ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના માર્ગદર્શક ડૉ. એમ. એમ. પારેખ, શ્રી. જોશીનું બાકીનું સંશોધન કાર્ય પૂરું કરાવવા

તયાર છે કે કેમ તે ડૉ. પારેખને પુછાવવું અને તેઓ તૈયાર હોય તો શ્રી. આઈ. એ. જોશીને તેમનું બાકીનું સંશોધનકાર્ય ડૉ. પારેખના હાથ નીચેજ પૂરું કરવા જણાવવું.

૩૬. આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એમ. સી. દેસાઈ કે જેઓ એમ.એ. પદવી માટે અર્થશાસ્ત્ર જૂથ 'સી' વિષય માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમને તેને બદલે વાણિજ્ય વિદ્યાશાખામાં એમ.કૉમ. પદવી માટે નીચેના વિષયોમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા તેમજ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં એમ.કૉમ. પદવી માટે જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. પબ્લિક ઇકોનોમિકસ
૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ
૩. ઑર્ગેનિઝેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ
૪. લેબર એડમિનિસ્ટ્રેશન.

અને પ્રમુખસ્થાનેથી નીચેની બાબત બૉર્ડ સમક્ષ મૂકવામાં આવી :

૩૭. ગુજરાત કૉલેજના પ્રોફેસર વી. એ. વ્યાસ કે જેઓ પી.એચ.ડી. પદવી માટે ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં સંશોધન માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા નથી તેમણે તેમની હેઠળ રજિસ્ટર કરાયેલા વિદ્યાર્થીઓ અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વ્યાસના હાથ નીચે રજિસ્ટર થયેલ વિદ્યાર્થીઓને આવતા સત્રથી જરૂરી લાયકાત ધરાવનાર શિક્ષક માર્ગદર્શક તરીકે મેળવીને અરજી કરવા જણાવવું.

વધુમાં શ્રી. વ્યાસે પીએચ.ડી. પદવી ઑર્ગેનિક વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે પોતે અરજી ન કરેલી હોવા છતાં તથા માન્યતાની જાણ તેમને કરવામાં આવેલી ન હોવા છતાં આ વિદ્યાર્થીની અરજીઓ શી રીતે પેશ થવા પામી તે અંગે ઘટતી તપાસ કરવી.

પરિશિષ્ટ "ક"

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	પટેલ વેરીભાઈ અંબાલાલ	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી"	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૨.	બદામી હરકાન્ત ધીરજલાલ	એમ.એ.	મનોવિજ્ઞાન	શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત
૩.	પટેલ કાનજીભાઈ મંછારામ	એમ.એ.	પાલિ	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ
૪.	શ્રી. ચંદ્રા કે. રિશભ	એમ.એ.	અર્ધમાગધી	એલ. ડી. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ
૫.	શ્રી. કાપડિયા સુંદરલાલ નાથુભાઈ	એમ.એડ.	એજ્યુકેશન	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૬.	દેસાઈ હર્ષદભાઈ મોતીભાઈ	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૭.	પટેલ પ્રહ્લાદભાઈ ખેચરદાસ	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત
૮.	શાહ વલ્લભ ચિમનલાલ	એમ.એસસી.	ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૯.	વૈષ્ણવ મહેશ રમણિકલાલ	બી.એસસી. (એગ્રિ.)	બોટેની	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ
૧૦.	પરીખ રસિકચંદ્ર છોટાલાલ	એમ.ડી. મેડિસિન બ્રાન્ચ ૧	મેડિસિન એન્ડ થેરાપ્યુટિક્સ	બી. જે. મેડિકલ કૉલેજ. અમદાવાદ
૧૧.	હજારી રમેશ વિઠ્ઠલભાઈ	એમ.એસ. બ્રાન્ચ ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૨.	પારઘી ગૌતમ હરિપ્રસાદ	એમ.એસ. બ્રાન્ચ ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૩.	ડૉ. પરેરા એ. એફ.	એમ.ડી. બ્રાન્ચ ૧	પેથોલોજી એન્ડ એકટોરિયોલોજી	એમ. પી. શાહ મેડિકલ કૉલજ, જામનગર
૧૪.	શાહ વસંતલાલ રતિલાલ	એમ.કૉમ.	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ કૉસ્ટિંગ	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
૧૫.	દેસાઈ નરેન્દ્ર ચંદુલાલ	એમ.કૉમ.	કૉર્પોરેશન ફિનાન્સ એન્ડ ઑર્ગેનાઈઝ્ડ માર્કેટ્સ	શેઠ એમ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૬.	શર્મા પરમેશ્વર નારાયણ	એમ.એસસી.	સ્ટેટિસ્ટિક્સ	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ
૧૭.	કંઝરિયા મોરભાઈ વસરામભાઈ	એમ.એસસી. (એગ્રિ.)	એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી એન્ડ સોઈલસાયન્સ	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ.
૧૮.	શ્રી. રાજાની હસાનંદ જયકીશનદાસ	એમ.એસસી. (એગ્રિ.)	એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી એન્ડ સોઈલ સાયન્સ	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૩

આરોગ્ય કેન્દ્રનો લાભ આપવા અંગેના નિયમો

(અ) વિદ્યાર્થીઓ :

૧. યુનિવર્સિટીના બધા વિદ્યાર્થીઓને આ કેન્દ્રની મદદ માટે હકદાર ગણવા ને મદદ મફત આપવી. આ મદદમાં નીચેની સગવડોનો સમાવેશ થશે :

(ક) ચાલુ રોગો માટેની, કમિટીએ નક્કી કરેલી દવાઓ તથા ઇંજેક્શનો મળશે.

(ખ) એક્સ-રે થી સ્ક્રીનિંગની સગવડ મળશે.

(ગ) લોહી, ગળફો, પેશાબ તથા ઝાડાની તપાસ કરી આપવામાં આવશે.

(બ) યુનિવર્સિટીના કર્મચારીઓ :

યુનિવર્સિટીના કર્મચારીઓ માટે ભલામણ કરવામાં આવે છે કે, આ કર્મચારીઓના ત્રણ ભાગ પાડી નાખવા :

૧. જે કર્મચારીઓને ૪૦૧ કે તેથી વધારે કુલ વેતન મળતું હોય તે,

૨. જે કર્મચારીઓનું વેતન ૨૦૧ થી ૪૦૦ સુધીનું હોય તે, અને

૩. જે કર્મચારીઓને કુલ વેતન ૨૦૦ થી નીચે મળતું હોય તે.

આ કર્મચારીઓને મદદ આપવાની શરતો નીચે મુજબ રાખવી :

(ક) ત્રીજા વર્ગના કર્મચારીઓને વિદ્યાર્થીઓને અપાતી બધા પ્રકારની મદદ મફત આપવી.

(ખ) બીજા વર્ગના સભ્યોને કમિટીએ નક્કી કરેલા દર કરતાં અર્ધા દરે બધી મદદ આપવી.

(ગ) પ્રથમ વર્ગના સભ્યોને કમિટીએ નક્કી કરેલા પૂરા દરે મદદ આપવી.

(નોંધ.— " નો પ્રોફીટ નો લોસ " એ સિધ્ધાંત મુજબ દર નક્કી કરવામાં આવશે. દરની બાદી કમિટી થોડા વખત બાદ નક્કી કરશે.)

(ક) દાક્તરની વિઝિટ્સ, ઇંજેક્શન વગેરે માટે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. યુનિવર્સિટી હૉસ્ટેલના વિદ્યાર્થીઓની વિઝિટ્સ મફત કરવામાં આવશે. ઇંજેક્શન પણ મફત મૂકવામાં આવશે.

૨. સ્ટાફ માટે નીચે મુજબ ધોરણ રાખવું :

(ક) ત્રીજા વર્ગના કર્મચારીઓ :

વિઝિટ્સ	...	એક રૂપિયો
ઇંજેકશન મૂકવાનો ચાર્જ	...	કાંઈ નહિ

(ખ) બીજા વર્ગના કર્મચારીઓ :

વિઝિટ્સ	...	બે રૂપિયા
ઇંજેકશન	...	ઇંજેકશનની કિંમત + મૂકવાનો ચાર્જ ૦–૫૦ ન.પૈ.

(ગ) પ્રથમ વર્ગના કર્મચારીઓ :

વિઝિટ્સ	...	ત્રણ રૂપિયા
ઇંજેકશન	...	ઇંજેકશનની કિંમત + મૂકવાનો ચાર્જ એક રૂપિયો.

રાતના ૯ થી ૬ દરમિયાન એવડી ફી રાખવી. આવી રીતે જે ફી આવે તેમાંથી અડધી રકમ દાકતરને આપવી. બધા કર્મચારીઓની એક યાદી યુનિવર્સિટી ઑફિસે તૈયાર કરવી અને દરેક કર્મચારીને ઓળખપત્ર આઈડેન્ટિટી કાર્ડ આપવું.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૫૪

પર્વતારોહણ પ્રાથમિક તાલીમશિબિર

આવતી ઉનાળાની રજાઓમાં યોજવા ધારેલ પર્વતારોહણ શિબિરના ખર્ચની વિગતો :

		રૂા. ન.પૈ.
૧.	આશરે ૬૦થી ૮૦ વિદ્યાર્થીઓ તથા ૧૫થી ૨૦ ઇન્સ્ટ્રક્ટર્સ મળી કુલ ૭૫થી ૧૦૦નો રહેવા-જમવાનો ખર્ચ (રોજના રૂા. ૪–૦૦ લેખે) આશરે દરેક શિબિરના દશ દિવસ પ્રમાણે ૨૮થી ૩૦ દિવસના.	૧૦,૦૦૦–૦૦
૨.	આશરે ૨૨૫ વિદ્યાર્થીનું ત્રીજા વર્ગનું ધરથી માઉન્ટ આબુ સુધીનું રેલવે-ભાડું તથા બસભાડું	૩,૫૦૦–૦૦
૩.	૧૫થી ૨૦ ઇન્સ્ટ્રક્ટર્સનું ઘેરથી આબુ આવવા-જવાનું બીજા વર્ગનું રેલવે-ભાડું તથા એક ઇન્સિડેન્ટલ ખર્ચ તરીકે વધારાનું બીજા વર્ગનું રેલવેભાડું ગણીને આશરે...	૭૦૦–૦૦
૪.	સંચાલકો તથા આમંત્રિતોને યુનિવર્સિટીના ડેલીગેટને અપાતા ભાડાભથ્થાના નિયમ પ્રમાણે આશરે ખર્ચ.	૨૦૦–૦૦
૫.	વિદ્યાર્થીઓ અને ઇન્સ્ટ્રક્ટર્સનો બૂટનો ખર્ચ... ...	૪૨૫૦–૦૦
૬.	ઇન્સ્ટ્રક્ટર્સને બીસાખર્ચ અથવા માનદ વેતન તરીકે રૂા. ૫૦ લેખે ત્રણ શિબિર માટે...	૭૫૦–૦૦
૭.	પરચૂરણ ખર્ચ (દવાઓ, મજૂરી, વાહન, છાપા, સાધન, ભાડું, વીજળી વગેરે)	૧,૧૦૦–૦૦
		૨૦,૫૦૦–૦૦
	ઓછા	
	વિદ્યાર્થીઓ અને કૉલેજ પાસેથી રૂા. ૧૫+૧૦=રૂા. ૨૫ લેખે બૂટ તેમ જ બીજા ખર્ચ પેટે	૬,૦૦૦–૦૦
	સિન્ડિકેટે મંજૂર કરેલ રૂા. ૩૦,૦૦૦/–ના ખર્ચમાંથી ...	૧૩,૫૦૦–૦૦

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૬૯

નવી કૉલેજના જોડાણ મેળવવા માટે

અરજીપત્રક

[નોંધ.—(૧) આ ફક્ત અરજીનો નમૂનો છે. આ નમૂના પ્રમાણે અને તેમાં માગેલ સંપૂર્ણ માહિતી સાથે અરજીની પાંચ નકલો ટાઈપ કરાવીને મોકલવી.

(૨) અરજીની સાથે જ ઑ. ૧૨૦માં જણાવ્યા મુજબની અનામત રકમ મોકલવી.

(૩) નીચેનાં બિડાણો આપવાં:

(અ) સંસ્થાના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટની પ્રમાણિત નકલ

(બ) સંસ્થાના બંધારણની નકલ

(ક) મકાન, છાત્રાલય ઇત્યાદિના પ્લાન્સ (બનાવ્યા હોય તો)

(ડ) છેલ્લાં બે વર્ષનાં અંદાજપત્રો.

(૪) અધૂરી વિગતોવાળી અને/અથવા અનામત રકમ વિના મળેલી અરજી પરત કરવામાં આવશે.]

૧. અરજી કરનાર સંસ્થાનું નામ અને પૂરું સરનામું:

૨. સંસ્થાની સ્થાપના કયારે થઈ ?

૩. સંસ્થાએ મેળવેલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટની તારીખ અને ક્રમાંક દર્શાવવો.

૪. સંસ્થાના હોદ્દેદારોનાં પૂરાં નામ અને સરનામાં :

૫. અરજી કરનારનું નામ, પૂરું સરનામું અને સંસ્થામાં તેમનો હોદ્દો :

૬. આ અરજી કરવા માટે સંસ્થાએ તેમને સત્તા આપી છે? હા, તો અત્રે સંસ્થાનો મજકૂર ઠરાવ ટાંકવો.

૭. કયા ગામમાં કૉલેજ શરૂ કરવા માગો છો ?

૮. કયા અભ્યાસક્રમો શીખવવા માગો છો ?

[વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાવાળી કૉલેજોએ પ્રી-યુનિવર્સિટી તથા પ્રથમ વર્ષમાં કયા મરજિયાત વિષયો શીખવવા માગે છે તે સ્પષ્ટ દર્શાવવું.]

૯. મજકૂર ગામની વસ્તી કેટલી છે ?

૧૦. મજકૂર ગામમાં અને/અથવા તેની આસપાસની ૫ માઈલની ત્રિજ્યામાં કોઈ કૉલેજ છે? હા, તો કઈ?

૧૧. મજકૂર કૉલેજ શરૂ કરવા માટે કયાં વિશિષ્ટ કારણો છે ?

૧૨. કૉલેજ શરૂ કરવા માટે મજકૂર ગામની શા માટે પસંદગી કરવામાં આવી છે ?

૧૩. કૉલેજ શરૂ કરવાની પૂર્વતૈયારી રૂપે આચાર્ય અને અન્ય શિક્ષકોની નિમણૂક અંગે કાંઈ પગલાં લેવામાં આવ્યાં છે ? હા, તો નિમાયેલ શિક્ષકોનાં નામ, હોદ્દા, પગારધોરણ, શૈક્ષણિક લાયકાત, અનુભવ ઇત્યાદિની માહિતી દર્શાવવી.

૧૪. કૉલેજ માટે હાલ મકાનની વ્યવસ્થા છે ? હા, તો તેમાં શી સગવડો છે ? દરેક ઓરડાનાં માપ આપવાં.

૧૫. વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા છે ? હા, તો વિગતો આપવી, ઓરડાઓનાં માપ સાથે.

૧૬. રમતગમતના મેદાનની વ્યવસ્થા છે ? હા, તો કેટલા સમચોરસવાર ખુલ્લી જગા છે ?

૧૭. વિદ્યાર્થીઓને રમતગમતની, શારીરિક તાલીમની તથા તબીબી રાહતની સુવિધાઓ આપવા માટે કઈ કઈ વ્યવસ્થા કરી છે ?

૧૮. ગ્રંથાલયની શી વ્યવસ્થા છે ?

૧૯* પ્રાયોગિક વિજ્ઞાન શીખવવા માટે શી વ્યવસ્થા રાખી છે ? જગા, પ્રયોગશાળા, સાધનો ઇત્યાદિની માહિતી આપવી.

૨૦. સંસ્થા પાસે હાલ કેટલું નાણાંભંડોળ છે ? કૉલેજના મકાન વગેરે તથા નાણાકીય બોટ અંગે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

૨૧. સત્ર-ફી કેટલી રાખી છે ? તે નક્કી કરવામાં આજુબાજુની કૉલેજ સાથે સ્પર્ધાનું તત્ત્વ રાખવામાં આવ્યું નથી તેની બાંયધરી આપો છો ?

વધુમાં હું બાંયધરી આપું છું કે, કૉલેજને જોડાણ મળ્યા બાદ કૉલેજના વહીવટકર્તાઓમાં અને અધ્યાપકોમાં જ્યારે જ્યારે કાંઈ ફેરફાર થશે ત્યારે ત્યારે તુરત તેની યુનિવર્સિટીને જાણ કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટી તરફથી વખતોવખત જે કાંઈ માહિતી મંગાવવામાં આવશે તે પણ સત્વરે પૂરી પાડવામાં આવશે.

સ્થળ : _____ (સહી) _____

તારીખ : _____ (હોદ્દો) _____

* તબીબી કૉલેજો માટે, જે હૉસ્પિટલમાં ક્લિનિકલ શિક્ષણ માટે વ્યવસ્થા કરવાની હોય તે હૉસ્પિટલમાં કુલ પથારીઓ કેટલી છે ? તે કેટલી મોટી છે ? તેમાં તબીબી સાધનોની શી જોગવાઈ છે અને તેમાં નિવાસી અને નર્સિંગ સ્ટાફ કેટલો છે તેની માહિતી આપવી.

ઇજનેરી કૉલેજ માટે વર્કશોપ કેટલી મોટી છે અને કેટલી સુસજ્જ છે તે દર્શાવવું.

કૃષિ કૉલેજ માટે એગ્રિકલ્ચર ફાર્મની જગા અને વિસ્તાર દર્શાવવો.

સંલગ્ન કૉલેજોને માટે જોડાણનું અરજીપત્રક

[નોંધ—અરજી તેમાં માંગેલ સંપૂર્ણ વિગતો સહિત પાંચ નકલથી અને ઓ. ૧૨૦માં દર્શાવ્યા પ્રમાણેની અનામત સાથે મોકલવી. અધૂરી વિગતોવાળી અને/અથવા અનામત રકમ વિના મળેલ અરજી પરત કરવામાં આવશે.]

૧. અરજી કરનાર કૉલેજનું નામ:

૨. હાલ કયા અભ્યાસક્રમો માટે અને કઈ મુદત સુધી જોડાણ માંગેલું છે?

૩. આમાંથી હાલ કયા અભ્યાસક્રમો શીખવાય છે?

૪. કયા અભ્યાસક્રમો/વિષયો માટે જોડાણની અરજી કરી છે? શા માટે?

અભ્યાસક્રમ/વિષયો	ચાલુ/વધારાનું/કાયમી

૫. જે અભ્યાસક્રમો/વિષયો માટે જોડાણની અરજી કરી છે તે શીખવવા માટે હાલ શિક્ષકો અંગે શું વ્યવસ્થા છે?

નીચેના કોઠામાં માહિતી આપવી:

શિક્ષકનું નામ	હોદ્દો	નિમણૂક યુનિ. તરફથી માન્ય થયેલ છે?	કાર્યભાર Workload

૬. સદરહુ અભ્યાસક્રમ/વિષયો માટે ગ્રંથાલયમાં હાલ આશરે કેટલી કિંમતનાં પુસ્તકો છે? (દરેક વિષયવાર જુદી માહિતી અત્રે આપવી.)

૭. જ્યાં પ્રયોગોની જરૂરિયાત હોય તેવા અભ્યાસક્રમો/વિષયો શીખવવા માટે પ્રયોગશાળા, સાધનો ઇત્યાદિની શી વ્યવસ્થા છે? (વિગતો અત્રે આપવી.)

૮. ઉપરની ઉપરાંત કોઈ પ્રકીર્ણ વિગતો આપવાની હોય તો આપવી.

આથી હું બાંયધરી આપું છું કે—

(૧) કૉલેજના વહીવટકર્તાઓ કે અધ્યાપકવર્ગમાં ફેરફાર થશે તે તથા યુનિ તરફથી વખતોવખત જે કાંઈ માહિતી મગાવવામાં આવે તે હું સત્વરે મોકલી આપીશ.

(૨) યુનિ.નાં ધારાધોરણોનું હું યથાર્થ પરિપાલન કરીશ તથા કરાવીશ.

સ્થળ _____ સહી _____

તારીખ _____ હોદ્દો _____

"O. 120:

All applications for affiliation, extension of affiliation or continuation of affiliation of College, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the first of August of the year preceding the year from which affiliation is intended to take effect.

Every application for affiliation shall be accompanied with a deposit of Rs. 1,000/- which will be returned after the same is finally disposed of, but will be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted, provided that in the case of an application for continuation or extension of affiliation the deposit fee will be Rs. 200/- only. No request for postponement of consideration of the application for affiliation, renewal of affiliation or extension of affiliation, as the case may be, shall be entertained.

The Syndicate may, however, consider any application received after the aforesaid date for reasons deemed sufficient by it."

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૭૪

એપ્રિલ ૧૯૬૪માં લેવાનાર બી.એ.–બી.એસસી., એમ.એ.–એમ.એસસી., એમ.કૉમ., લૉ, એન્જિનિયરિંગ, બી.એ.એમ.એસ, એમ.બી.,બી.એસ. વગેરે પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા માટેના નામોની યાદી :

કેન્દ્ર	પરીક્ષાનું નામ	પરીક્ષાર્થી ઓની આશરે સંખ્યા	સીનિયર સુપરવાઈઝરનું નામ
૧	૨	૩	૪
અમદાવાદ	બી.એ.	૨૭૨૫ ...	૧. પ્રિ. પી. જી. માવળંકર (એલ. ડી.)
			૨. પ્રિ. એસ. આર. ભટ્ટ (બી. ડી.)
			૩. પ્રો. આર. એન. શુકલ (એલ. ડી.)
			૪. પ્રો. આર. વી. ઉપાધ્યાય (એલ. ડી.)
			૫. પ્રો. કે. સી. દેસાઈ (એલ. ડી.)
			૬. પ્રો. આર. યુ. જાની (એલ. ડી.)
			૭. પ્રો. એન. જે. પટેલ (એમ. જી.)
			૮. પ્રો. એચ. જે. મજમુદાર (એમ. જી.)
			૯. પ્રો. એસ. એમ. શાહ (ગુ. કૉ.)
			૧૦. પ્રો. એચ. એચ. ભુચ (ગુ. કૉ.)
			૧૧. પ્રો. વી. બી. અધ્વર્યુ (બી. ડી.)
			૧૨. પ્રો. એચ. એમ. શુકલ (સરદાર આર્ટ્સ)
			૧૩. પ્રો. ડી. એમ. શીખ (સરદાર કૉમર્સ)
			૧૪. પ્રિ. આર. ડી. દેસાઈ (એમ. જી.)
			૧૫. પ્રો. જે. વી. પારધી (બી. ડી.)
અમદાવાદ	બી.એસસી.	૧૦૬૪ ...	૧. પ્રિ. એચ. એ. ડિસોઝા (સંત ઝેવિયર)
			૨. પ્રો. સી. એલ. શાસ્ત્રી (સંત ઝેવિયર)
			૩. પ્રો. જી. ટી. પંડ્યા (ગુ. કૉ.)
			૪. પ્રો. એમ. એસ. દુબલે (એમ. જી.)
અમદાવાદ	પહેલી એલએલ.બી	૭૫૦ ...	૧. પ્રિ. એમ. એસ. પંડિત (સર એલ. એ. શાહ)
	બીજી એલએલ.બી.	૫૦૦	
	ડી.એલ.પી.	૬૦	૨. પ્રિ. ડી. ડી. દેસાઈ (સિટી લૉ)
	ડી.ટી.પી.	૪૦	૩. પ્રિ. એન. એસ. પંડ્યા (નહેરુ)

૧	૨	૩	૪
અમદાવાદ	એમ.એ.	૫૧૨ ...	૧. પ્રિ. વાય. જી. નાયક (ગુ. કૉ.)
	એમ.એસસી.	૨૨૫	૨. પ્રિ. કે. એચ. દેસાઈ (ન્યૂ લૉ)
	એમ.કૉમ.	૧૨૭	૩. પ્રૉ. જે. ડી. ઓઝા (ગુ. કૉ.)
	એમ.ફાર્મ.	૯	૪. પ્રૉ. પી. વી. પારેખ (ગુ. કૉ.)
	પીએચ.ડી.	૧૦	૫. પ્રૉ. આર. પી. રાવલ (એચ. કે.)
	ડી. એલ. ડબલ્યુ.	૩૦	૬. પ્રિ. વાય. પી. શુક્લ (એચ. કે.)
	ડિપ.-ઇન-ડ્રામા, જર્નાલિઝમ વગેરે	૧૫	
અમદાવાદ	પહેલી એમ.બી., બી.એસ.	૧૫૫ ...	૧. ડૉ. ઈ. એમ. એસ્ટ (બી. જે.)
	બીજી એમ.બી.,બી.એસ.	૮૦	૨. ડૉ. એમ. એલ. રાવળ (બી. જે.)
	ત્રીજી એમ.બી.,બી.એસ.	૭૫	
	ફર્સ્ટ બી.ડી.એસ.	૩૩	
અમદાવાદ	એફ.ઈ.	૫૦૦ ...	૧. પ્રિ. એસ. કે. કાત્રક (એલ. ડી. એન્જિ.)
	એસ.ઈ.	૪૭૫	(નામ સૂચવેલ નથી)
	બી.ઈ.	૩૨૫	૨. પ્રૉ. કે. જે. ભટ્ટ (એલ. ડી. એન્જિ.)
			૩. પ્રૉ. એચ. આર. રામન્ના (એલ. ડી. એન્જિ.)
			૪. પ્રૉ. બી. કે. ખત્રી (એલ. ડી. એન્જિ.)
અમદાવાદ	એમ.એડ.	૨૫ ...	૧. પ્રિ. એસ. કે. કાત્રક (એલ. ડી. એન્જિ.)
	એમ.ઈ.	૧૦	૨. પ્રિ. એમ. એસ. પંડિત (સર એલ. એ. શાહ)
			અથવા
	એલએલ.એમ.	૩૫	૩. પ્રિ. કે. જી. દેસાઈ (ઝે. જી.)
ભાવનગર	બી.એ.	૩૬૦ ...	૧. પ્રિ. બી. સી. દેસાઈ (શામળદાસ)
	બી.એસસી.	૨૦૦	૨. પ્રિ. એ. આર. રાવ (પી. પી.)
	પહેલી એલએલ.બી.	૧૬૦	૩. પ્રિ. એમ. ડી. માણેક (લૉ)
	બીજી એલએલ.બી.	૬૫	૪. પ્રૉ. આઈ. આર. દવે (શામળદાસ)
			૫. પ્રૉ. આર. એચ. દવે (પી. પી.)
			૬. પ્રૉ. સી. સી. ત્રિવેદી (લૉ)
ભૂજ	બી.એ.	૧૩૫ ...	૧. પ્રિ. એન. બી. નાયક (લાલન)
	બી.એસસી.	૩૪	૨. પ્રૉ. ડી. એમ. જાની (લાલન)
			૩. પ્રૉ. એસ. એસ. પુરાણિક (લાલન)
			૪. પ્રૉ. કે. પી. મહેતા (લાલન)
			૫. પ્રૉ. સી. એ. શુકલ (લાલન)

૧	૨	૩	૪
ભરૂચ	બી.એ.	૧૩૦ ...	૧. પ્રો. જી. કે. જી. જોષી (જયેન્દ્રપુરી)
	બી.એસસી.	૮૦	૨. પ્રો. એન. જે. દેસાઈ (જયેન્દ્રપુરી)
			૩. પ્રો. એન. એમ. વાલંદ (જયેન્દ્રપુરી)
			૪. પ્રો. એ. વાય. મીરઝા (જયેન્દ્રપુરી)
			૫. પ્રો. મોઝેઝ ઇઝેકીયલ (જયેન્દ્રપુરી)
વલસાડ	બી.એ.	૧૧૦ ...	૧. પ્રિ. કે. જી. નાયક (એન. કે. એમ.)
	બી.એસસી.	૧૬૧	૨. પ્રો. ડી. જે. પંડયા (એન. કે. એમ.)
			૩. પ્રો. એમ. આર. ત્રિવેદી (એન. કે. એમ.)
			૪. પ્રો. પી. જી. મોરે (એન. કે. એમ.)
			૫. પ્રો. એમ. સી. શાહ (એન. કે. એમ.)
			૬. પ્રો. એન. કે. પંડયા (એન. કે. એમ.)
જામનગર	બી.એ.	૧૬૦ ...	૧. પ્રિ. જે. બી. સાણ્ડિલ (ડી. કે. વી.)
	બી.એસસી.	૮૯	૨. પ્રો. એ. ડી. ટેમ્બે (ડી. કે. વી.)
	પહેલી એલએલ.બી.	૧૧૦	૩. પ્રો. એ. એસ. કાદરી (ડી. કે. વી.)
	બીજી એલએલ.બી.	૫૦	૪. પ્રો. આર. એચ. દવે (ડી. કે. વી.)
			૫. પ્રો. કે. વી. વસાવડા (ડી. કે. વી.)
			૬. પ્રો. પી. ટી. છાયા (એમ. પી. લૉ)
			૭. પ્રો. એમ. બી. રાણે (ડી. કે. વી.)
જામનગર	પહેલી એમ.બી.,બી.એસ.	૧૩૦ ...	૧. ડૉ. એ. ડી. જોસેફ (એમ. પી. મેડ.)
	બીજી એમ.બી., બી.એસ.	૫૩	૨. ડૉ. વી. પી. ભટ્ટ (એમ. પી. મેડ.)
	ત્રીજી એમ.બી., બી.એસ.	૩૨	
જામનગર	પહેલી બી.એ. એમ.એસ.	૩૫ ...	૧. શ્રી. આર. આર. પાઠક (ગુલાબકુંવરબા)
	બીજી બી.એ. એમ.એસ.	૩૦	૨. શ્રી. જી. એમ. પટેલ (ગુલાબકુંવરબા)
	ત્રીજી બી.એ. એમ.એસ.	૧૫	
જૂનાગઢ	બી.એ.	૧૮૦ ...	૧. પ્રિ. એસ. ડી. નોરોન્હા (બહાઉદ્દીન)
	બી.એસસી.	૧૧૨	૨. પ્રિ. પી. યુ. વસાવડા (બહાઉદ્દીન) (બંને તા. ૬, ૭, ૮, ૯ માટે)
મોરબી	એફ.ઈ.	૧૩૦ ...	૧. પ્રિ. ટી. એમ. પરીખ (લખધીરજી)
	એસ.ઈ.	૧૭૫	૨. પ્રો. વી. કે. ચાવડા (લખધીરજી)
	બી.ઈ.	૧૦૮	૩. પ્રો. આઈ. એ. મહેતા (લખધીરજી)

૧	૨	૩	૪
નડિયાદ	બી.એ.	૩૭૦ ...	૧. પ્રિ. સાં. સાં. શાહ (જે. જે.)
	બી.એસસી.	૧૦૬	૨. પ્રિ. વી. આર. રણદીવે (લૉ)
	પહેલી એલએલ.બી.	૭૫	૩. પ્રો. એ. એસ. પટેલ (જે. જે.)
	બીજી એલએલ.બી.	૩૦	૪. પ્રો. એન. એલ. નાયક (જે. જે.)
			૫. પ્રો. પી. એસ. તૂર (જે. જે.)
			૬. પ્રો. આર. એચ. વ્યાસ (આઈ. વી.)
નવસારી	બી.એ.	૨૨૦ ...	૧. પ્રો. આર. ડી. અડવાણી (ગાર્ડા)
	બી.એસસી.	૩૯૦	૨. પ્રો. જે. કે. ફડકે (ગાર્ડા)
			૩. પ્રો. એમ. એફ. કુરેશી (ગાર્ડા)
			૪. પ્રો. એમ. કે. પટેલ (ગાર્ડા)
			૫. પ્રો. ડી. ડી. મહેતા (ગાર્ડા)
			૬. પ્રો. ડી. પી. પટેલ (ગાર્ડા)
			૭. પ્રો. જે. એસ. જોશી (ગાર્ડા)
			(બી.એસસી.માં સગા બેસે છે.)
			૮. પ્રો. પી. એચ. નાયક (ગાર્ડા)
			(દરેક ચાર દિવસ)
પાટણ	બી.એ.	૧૦૦ ...	૧. પ્રિ. પી. એ. પંડ્યા (પાટણ)
	બી.એસસી.	૧૩૦	૨. પ્રો. જે. ડી. તલાટી (પાટણ)
			૩. પ્રો. બી. એમ. ઉપાધ્યાય (પાટણ)
			૪. પ્રો. આર. એચ. ત્રિવેદી (પાટણ)
			૫. પ્રો. કે. એમ. પટેલ (પાટણ)
રાજકોટ	બી.એ.	૪૫૦ ...	૧. પ્રિ. એચ. એસ. સંઘવી (લૉ કૉલેજ)
	પહેલી એલએલ.બી.	૧૪૦ ...	૨. પ્રો. આર. આર. મિશ્રા (ધર્મેન્દ્ર.)
	બીજી એલએલ.બી.	૧૨૫	(એમ.એ.માં સગા બેસે છે.)
	એમ.એ.		૩. પ્રો. ડી. વી. ભટ્ટ (ધર્મેન્દ્ર.)
	એમ.એસસી. (મેથ્સ.)	૧૫૦	૪. પ્રો. એમ. એચ. એસ. મૂર્થી (કોટક)
	એમ.કૉમ.	૩૩	૫. પ્રો. આઈ. યુ. દવે (ધર્મેન્દ્ર.)
			(એમ. કૉમ.માં સગા બેસે છે.)
			૬. પ્રો. એ. જી. મુન્શી (કોટક)
			૭. પ્રો. એમ. એમ. શાહ (લૉ)
	બી.એસસી.	૨૦૩ ...	૧. પ્રિ. એમ. એન. કોરગાંવકર (કોટક)
	એમ.એસસી.	૧૫	૨. પ્રો. પી. વાય. દેશપાંડે (કોટક)
			૩. પ્રો. યુ. સી. પંડ્યા (ધર્મેન્દ્ર.)

૧	૨	૩	૪
સુરત	બી.એ.	૪૫૦ ...	૧. પ્રિ. જે. ટી. પરીખ (એમ.ટી.બી.)
	પહેલી એલએલ.બી.	૧૦૦	૨. પ્રિ. એ. આર. દેસાઈ (કે. પી.)
	બીજી એલએલ.બી.	૬૦	૩. પ્રિ. સી. ડી. વ્યાસ (લૉ)
	એમ.એ. એમ.એસસી. (મેથ્સ).	૨૬૦	૪. પ્રો. પી. સી. જોશી (એમ.ટી.બી.)
	એમ.કૉમ.	૩૪	૫. પ્રો. એ. એમ. દેસાઈ (એમ.ટી.બી.)
	ડી.ટી.પી.	૨૦	૬. પ્રો. આઈ. એન. સોલંકી (એમ.ટી.બી.)
	ડી.એલ.પી.	૧૨	
સુરત	બી.એસસી.	૩૦૦	૧. પ્રો. સી. એમ. દેસાઈ (સાયન્સ)
	એમ.એસસી.	૭૨	૨. પ્રો. બી. એ. પરીખ (એમ.ટી.બી.)
			૩. પ્રો. આર. જી. સારંગપાણી (સાયન્સ)
સુરત	પહેલી બી.એ.એમ.એસ.	૨૦	૧. શ્રી. એસ. એન. વૈદ્ય (નાઝર)
	બીજી બી.એ.એમ.એસ.	૪૦	૨. શ્રી. કે. ડી. પટેલ (નાઝર)
	ત્રીજી બી.એ.એમ.એસ.	૨૫	
સુરત	એફ.ઈ.	૧૪૦	૧. પ્રિ. કે. ડી. ઓઝા (એન્જિ.)
	એસ.ઈ.	૮૦	૨. પ્રો. જે. આર. ચૌધરી (એન્જિ.)
	બી.ઈ.	૨૫	૩. પ્રો. જી. એન. દેસાઈ (એન્જિ.)
સુરેન્દ્રનગર	બી.એ.	૧૭૦	૧. પ્રિ. વાય. ડી. ભાવે (એમ.પી.શાહ) (પહેલા ચાર દિવસ પછી)
	બી.એસસી.	૯૨	૨. પ્રો. ડી. એન. પંડિત (એમ.પી.શાહ) (પહેલા ચાર દિવસ) ૩. પ્રો. આર. જી. મજમુદાર (એમ.પી.શાહ) (પહેલા ચાર દિવસ) ૪. પ્રો. એચ. બી. સુખવાલ (એમ.પી.શાહ) ૫. પ્રો. એસ. જે. ત્રિવેદી (એમ.પી.શાહ) ૬. પ્રો. એમ. જી. કોટેચા (એમ.પી.શાહ)
વીસનગર	બી.એ.	૧૬૦	૧. પ્રિ. કે. બી. વ્યાસ (એમ.એન.)
	બી.એસસી.	૨૮૪	૨. શ્રી. કે. એસ. શુક્લ (એમ.એન.) ૩. શ્રી. જી. આર. ત્રિવેદી (એમ.એન.) ૪. શ્રી. એચ. સી. નાયક (એમ.એન.)

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૭૬

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા, તા. ૧૩–૩–૧૯૬૪ના રોજ, સવારના ૧૧–૩૦ વાગ્યે, યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-સોશિયોલોજીની કાયમી જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત માટે મળી હતી.

ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ	હાજર
૩. આચાર્ય જે. બી. સાવ્હિડલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૭. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૮. શ્રી. હાકોરભાઈ મ. દેસાઈ	હાજર
૯. ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગારાંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	ગેરહાજર
૧૪. ડૉ. જે. જે. ચીનોય	ગેરહાજર
૧૫. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૬. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૭. આચાર્ય ય. ગુ. નાયક	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

નિષ્ણાત તરીકે ડૉ. તારાબેન એન. પટેલની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યાં હતાં.

લેક્ચરર-ઇન-સોશિયોલોજીની કાયમી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એસ. જી. લેલે	હાજર
૨. શ્રી. ઈ. જે. મરીહી	હાજર
૩. શ્રી. યશપાલ ત્યાગી	ગેરહાજર
૪. શ્રી. રમેશચન્દ્ર ગુપ્તા	હાજર.

ડૉ. બી. વી. શાહના રાજીનામાથી ખાલી થતી બીજી જગ્યા પૂરવાનું પણ વિચારવામાં આવ્યું, અને હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી તથા અગાઉ તા. ૧૬-૧૧-૧૯૬૩ના રોજ તથા તા. ૨૨-૬-૧૯૬૩ના રોજ બોલાવેલા ઉમેદવારોની અરજીઓ ઉપર વિચારણા કરવામાં આવી, અને પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના ઉમેદવારોની ક્રમાનુવર્તી લેક્ચરર-ઇન-સોશિયોલોજીની કાયમી જગ્યા ઉપર તેઓનાં નામ સામે બતાવેલા મૂળ માસિક પગારથી રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. ઈ. જે. મરીહી
૨. શ્રીમતી ઉષા એચ. કન્હારે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, શ્રી. મરીહીને તથા શ્રીમતી ઉષા એચ. કન્હારેને-તેઓને મળતા વેતન કરતાં ઓછું મળે નહિ તે રીતે કુલ વેતન મળે તે રીતે યોગ્ય પગથિયે મૂળ પગાર મૂકવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૭૭

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor / Reader-in-Politics / History in the University School of Social Sciences was held on 12–3–1964, the Thursday at 12–30 p.m. at the office of the Gujarat University, Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri A. G. Pawar	Absent
2. Kum. Alu Dastur	Present
3. Prof. George A. Moras	Present
4. Dr. Appa Dorai	Absent.

The following candidates appeared for interview.

For the post of Professor	*For the post of Reader*
1. Shri V. K. Chavda	1. Shri G. K. Bhatt
2. Shri C. B. Sheth	2. „ V. K. Chavda
	3. „ R. K. Dharaiya
	4. „ S. S. Dave
	5. „ K. D. Desai
	6. „ S. N. Kazi
	7. „ R. G. Parikh
	8. „ N. B. Shukla
	9. „ C. B. Sheth.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

No candidate was good enough for being appointed a Professor-in-History.

Mr. Chavda be appointed a Reader-in-History on Rs. 550/– P.M.

L. R. Desai
Alu Dastur
G. A. Moras

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૭૮

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Sanskrit in the University School of Language & Literature was held on 10-3-'64 at 12-30 p.m. at the office of the University of Bombay, Bombay-1, Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University, presiding.

The following was the attendance of the members :

1. Shri L. R. Desai	Present
2. Prof. K. V. Abhyenkar	Present
3. Prof. G. C. Zala	Present
4. Prof. R. N. Dandekar	Present
5. Prof. G. H. Bhatt	Absent.

The following candidates appeared for the interview :

1. Dr. B. H. Kapadia
2. Miss E. A. Solomon
3. Shri D. P. Joshi
4. Shri R. G. Aste
5. Dr. A. N. Jani
6. Shri G. K. Bhat

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

Prof. G. K. Bhat be appointed as Professor of Sanskrit on Rs. 800/- p.m. failing him Miss E. A. Solomon as a Reader-in-Sanskrit on Rs. 700/- p.m. if she is not appointed as a Professor (being a little Junior) and failing her Mr. Jani A. N. if willing to join as a Reader-in-Sanskrit on Rs. 700/- p.m. (Prof. Bhat has not sent his application through the department but is prepared to resign and join by June 1964. He is however deaf, but uses a earphone.)

L. R. Desai
K. V. Abhyenkar
G. C. Zala
R. N. Dandekar.

પરિશિષ્ટ "૬/૧"
કામકાજ ક્રમાંક ૭૬(૧)

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader-in-Vocational Guidance in the University School of Philosophy, Psychology and Education was held on 9-3-1964 at 12-30 p.m. at the office of the Bombay University, Bombay-1, Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri L. R. Desai	Present
2. Shri J. K. Shukla	Present
3. Shri S. N. Mukerji	Present
4. Mrs. Madhuri R. Shah	Present
5. Miss S. Panandikar	Absent.

The following candidates appeared for the interview :

1. Shri K. V. Limaye
2. Miss D. M. Pavri.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

Miss Pavri may be appointed as Reader in Vocational Guidance on an initial salary of Rs. 500/- p.m. plus allowances although she does not possess the necessary teaching experience. She has a teaching experience of nine years in Secondary Schools and teaching experience of Vocational Guidance in U.S.A. for 2 years and looking to dearth of qualified hands in this field her case may be treated as a special one.

L. R. Desai
S. N. Mukerji
Madhuri Shah
J. K. Shukla.

પરિશિષ્ટ "૬/૨"
કામકાજ ક્રમાંક૩૬/૨

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader-in-Education in the University School of Philosophy, Psychology and Education was held on 9–3–1964 at 2–30 p.m. at the office of the Bombay University, Bombay–1, Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members :

1. Shri L. R. Desai	Present
2. Shri J. K. Shukla	Present
3. Mrs. M. R. Shah	Present
4. Shri S. N. Mukerji	Present
5. Miss S. Panandikar	Absent.

No applicant turned up for interview and therefore we have none to recommend.

L. R. Desai
J. K. Shukla
Mrs. M. R. Shah
S. N. Mukerji

પરિશિષ્ટ "ધ" તથા "ધ૧"
કામકાજ ક્રમાંક ૮૦

A meeting of the Selection Committee for recommending names for appointment to the post (*i*) Professor, and (*ii*) Reader in Zoology in the University School of Sciences was held on 11th March 1964 at Ahmedabad at the office of the Gujarat University, Ahmedabad, Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University presiding.

The following was the attendance of the members:

1. Shri L. R. Desai, Vice-Chancellor	Present
2. Prof. J. G. George	Present
3. Dr. M. C. Bhatia	Absent
4. Prof. S. P. Raychaudhri	Absent
5. Prof. L. S. Ramswami	Absent.

(Dr. Bhatia and Prof. Raychaudhri had agreed to but could not attend.)

Dr. J. J. Chinoy was specially invited to attend the meeting and he was present.

The following candidates appeared for interview for the post of Professor-of-Zoology :

1. Shri Naik R. M.
2. Shri Tiwari H. B.
3. Shri Dubale M. S.

The following candidate appeared for interview for the post of Reader-in-Zoology :

1. Shri Dubale M. S.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

(1) That the post of a Professor need not be filled in at present.

(2) That two posts of Readership may be filled in.

(3) That Dr. Dubale and Dr. R. M. Naik be appointed as Readers-in-Zoology on a salary of Rs. 650/- p.m. each (plus allowance).

L. R. DESAI
J. C. GEORGE
J. J. CHINOY

પરિશિષ્ટ "ન"
કામકાજ કમાંક ૮૩

Faculty of Technology including Engineering

Ordinances B.E.			*Regulations* B.E.	
Old No.	*New No.*		*Old No.*	*New No.*
O · 211	Tech. O · 1		R. 92	Tech. R. 1
O · 212	,, O · 2		R. 93	,, R. 2
O · 213	,, O · 3		R. 94	,, R. 3
O · 213–A	,, O · 4		R. 95	,, R. 4
O · 214	,, O · 5		R. 96	,, R. 4–A
O · 215	,, O · 6		R. 97	,, R. 5
O · 216	,, O · 7		R. 98	,, R. 6
O · 217	,, O · 8		R. 99	,, R. 7
O · 217–A	,, O · 9		R. 100	,, R. 8
O · 218	,, O · 10		R. 101	,, R. 9
O · 219	,, O · 11		R. 101–A	,, R. 10
O · 220	,, O · 12		R. 102	,, R. 11
O · 221	,, O · 13		R. 103	,, R. 12
O · 222	,, O · 14		R. 104	,, R. 13
O · 223	,, O · 15		R. 105	,, R. 14
O · 224	,, O · 16		R. 106	,, R. 15
O · 225	,, O · 17		R. 107	,, R. 16
O · 226	,, O · 18		R. 107–A	,, R. 17
O · 227	,, O · 19		R. 108	,, R. 18
O · 228	,, O · 20		R. 109	,, R. 19
O · 229	,, O · 21			
O · 230	,, O · 22			*M.E.*
O · 231	,, O · 23		R. 110	Tech. R. 20
			R. 111	,, R. 21
	M.E.		R. 111–A	,, R. 22
O · 232	Tech. O · 24		R. 112	,, R. 23
O · 233	,, O · 25		—	,, R. 24
			—	,, R. 25

પરિશિષ્ટ "૫"
કાર્યક્રમ ક્રમાંક ૮૮

An agreement made the day of the month of of between_____ residing at _____ hereinafter called the lecturer (context be deemed to include his heirs, successors, assigns, executors, administrators, representatives, etc.) and the Registrar, Gujarat University, Ahmedabad–9, hereinafter called "Publisher" (which expression shall unless excluded by or repugnant to the context be deemed to include the Gujarat University).

WHEREAS:

1. The lecturer has delivered lectures from _____ to _____ entitled "_____" in the Gujarat University language and as such he is the owner of the copyright.

2. In order to avoid all manner of doubts and difficulties, it has been agreed by the Lecturer that he will sell, transfer and assign all his copyright in the above Lectures for publication in language including all editions, abridgement, booklets, etc. to the Publisher absolutely for Rs._____.

NOW IT IS HEREBY AGREED AS FOLLOWS:

In consideration of the above amount to be paid to the Lecturer by the Publisher, the Lecturer hereby grants, transfers, and assigns to the Publisher absolutely all that the copyright in the above mentioned work in and outside Republic of India for the period of copyright herein and also all and singular the benifit and privilages and advautages there and all the right, title, interest, claim and demand whatsoever of the Lecturer to in or upon the same.

2. The Publisher will pay to the Lecturer an honararium of Rs. after the publication of the said lecture(s).

3. The Publisher shall not, during the life time of the Lecturer, make alteration, Subtraction, addition, abridgement or variation in the above work without first obtaining the consent of the Lecturer.

4. The Lecturer shall be entitled to receive 10(ten) presentation copies of the book from the Publisher on its publication. He shall also be given on demand 5(five) presentation copies of the Second and subsequent edition and only two copies of reprints, abridgements and booklets of the book by the Publisher after publication.

5. The Lecturer warrants that he is the owner of the copyright in the said work, and that he has not made any assignment of or granted any licence in respect of any of the right in the said work comprised in the AGREEMENT.

6. The Lecturer shall keep the publisher idemnified against all actions, proceedings, or demands made against the Publisher by reason of anything contained in the said work constitution an infringement of copyright or being defamatory, and against all cost, demages or expenses in respect of any such action, proceedings or demand.

7. The full copyright over the said work shall henceforth be held, used and enjoyed by the Publisher without any interruption, interference, claim or demand whatever by or from the Lecturer or any other person.

8. For all purposes the jurisdiction will be of Ahmedabad Court.

In witness whereof the above named parties have set their hands hereto the day and year First above written.

Witness

Signature of the Lecturer.

1.

2.

Witness

Signature of the Publisher.

1.

2.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૬૬

Terms and Conditions of the Donations accepted by the University

પુસ્તિકામાં નવા અભ્યાસક્રમને અનુલક્ષીને નીચે દર્શાવ્યા પ્રમાણે સુધારો કરવા અંગેની વિચારણા માટે :

પાનું નં. ૧	Intermediate Science	ને સ્થાને	First B.Sc.
પાનું નં. ૧	With 'B'	ને સ્થાને	in Biology
પાનું નં. ૧	With 'A'	ને સ્થાને	in Mathematics
પાનું નં. ૭	Intermediate Commerce	ને સ્થાને	First B.Com.
પાનું નં. ૨૨	Intermediate Examination in Science	ને સ્થાને	First B.Sc.
પાનું નં. ૨૨	Group "B"	ને સ્થાને	Biology
પાનું નં. ૨૨	Intermediate Commerce	ને સ્થાને	First B.Com.
પાનું નં. ૨૮	Inter Commerce	ને સ્થાને	First B.Com.
પાનું નં. ૩૨	દ્વિતીય વર્ષ વિજ્ઞાન ગ્રુપ "બી"	ને સ્થાને	ફર્સ્ટ બી.એસસી. બાયોલોજી.

G.U.P. 138-350-5-64

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૧૧-૪-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. અને રવિવાર તા. ૧૨-૪-૧૯૬૪ના રોજ પણ સવારના ૯-૦૦ વાગ્યેથી ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૧-૪-૧૯૬૪	તા. ૧૨-૪-૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. કે. જી. બાદલાણી	હાજર	હાજર
૩. આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહા[redacted]
૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	હાજર	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૪. પ્રો. જે. જે. ત્રિવેદી	હાજર	હાજર
૧૫. આચાર્ય ત્રિભુવનભાઈ જે. પટેલ	હાજર	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છો. દેસાઈ	હાજર	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર.

૧. તા. ૧૩-૩-૧૯૬૪ના રોજ મળેલ માર્ચ માસની સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૩-૩-૧૯૬૪ના રોજ મળેલ માર્ચ માસની સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. માન્ય સંસ્થાઓની અરજી અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ના સંદર્ભમાં નવેા ઑર્ડિ. ૧૨૦-સી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦-સી સભામાં કરેલા શાબ્દિક ફેરફારો સાથે મંજૂર કરવેા.

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિ. ૧૨૦-સીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. સંલગ્ન કૉલેજોમાં નિમાતા શિક્ષકોની નોકરીના હાલના નિયમોમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે એમ ઠરાવવામાં આવ્યું કે, આ બાબત ઑર્ડિનન્સ કરવાની જરૂર નથી, પરંતુ તા. ૧૦-૩-૧૯૫૮નેા પરિપત્ર શિક્ષકોના પગાર, કાર્યભાર, તાસનેા સમય વગેરે અંગે સિન્ડિકેટે કરેલા જુદા જુદા ઠરાવેા ધ્યાનમાં લઈ સુધારી લેવેા.

૪. અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૨૩-૩-૧૯૬૪ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની નોંધને મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી નોંધની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૫. ત્રિવાર્ષિક તપાસસમિતિની તા. ૨૪-૩-૧૯૬૪ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિના રિપોર્ટની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભેા. જે. વિદ્યાભવનની તપાસસમિતિના હેવાલમાં તેના પેરા ૧૪, ૧૫ અને ૧૬માં જે બાબત જણાવી છે તે સ્વતંત્ર રૂપે વિચારણા માટે સિન્ડિકેટ સમક્ષ હવે પછી રજૂ કરવી.

(મંજૂર કરવામાં આવેલ સમિતિની નોંધ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬. ૧૯૬૫ના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ ઍક્ટના પ્રથમ ભાગના ત્રીજા શિડ્યુલમાં દર્શાવેલી લાયકાતોનેા પ્રથમ શિડ્યુલમાં સમાવેશ કરવા અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીના તા. ૨૧-૨-૧૯૬૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીને પરિશિષ્ટ ૧ અને ૩ જુદાં રાખવાં એવેા અભિપ્રાય આપવેા.

૭. આર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી લીગલ એજ્યુકેશન કમિટીની પ્રશ્નોત્તરી તા. ૧૩-૧-૧૯૬૪ના ક્રમાંક એલ. ઈ. (સી. આઈ. આર.)-૧-૧૯૬૪થી આવેલી જે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર કાયદાની વિદ્યાશાખાએ તેની તા. ૧૦-૩-૧૯૬૪ની સભામાં તૈયાર કરેલ જવાબો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રશ્નાવલીના જવાબો સભામાં કરવામાં આવેલા સુધારા સહિત મોકલી આપવા.

(પ્રશ્નાવલી તથા તેના જવાબો **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે).

૮. સને ૧૯૬૩ના માર્ચ-એપ્રિલ તથા ઑક્ટોબર માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાક્ષિક-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૯-૨-૧૯૬૪ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

૯. પ્રાદ્યોગિક વિદ્યાશાખાની ફર્સ્ટ ડયર એન્જિનિયરિંગ અને સેકન્ડ ડયર એન્જિનિયરિંગની પરીક્ષાઓ જે હાલ વર્ષમાં એક વાર લેવાય છે તે વર્ષમાં બે વાર લેવા અંગે ગુજરાત રાજ્યના ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન તરફથી તા. ૨૧-૩-૧૯૬૪ના પત્રાંક ડી.ઓ. પરીક્ષા ૫૮૫૪-૧૬૫૦૦-એ-૨ થી કરવામાં આવેલ સૂચન પર વિચારણા કરવા અને તે અંગે ઑર્ડિ. ૧૨૯માં જરૂરી સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પ્રાદ્યોગિક વિદ્યાશાખાને મોકલવી અને તે અંગે હાલમાં જુદી જુદી યુનિવર્સિટીઓમાં પ્રચલિત એ.ટી.કે.ટી.ના નિયમો જોઈ આ અંગે સિન્ડિકેટને અભિપ્રાય સુપરત કરવા જણાવવું.

૧૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૩માં લેવાયેલ પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય પરીક્ષાઓમાં લેખિત તેમ જ આંતરિક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને મળેલા ગુણાંકનો અભ્યાસ કરીને હકીકત શોધીને (Fact-finding) રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તા. ૨૨/૨૩-૬-૧૯૬૩ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટની નોંધ લેવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વર્ષે પણ પ્રી-યુનિવર્સિટી તથા પ્રથમ વર્ષ સ્નાતક અભ્યાસક્રમનાં આંતરિક ગુણાંકોનું અભ્યાસ કરવાનું ચાલુ રાખવું.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે, સુરત, રાજકોટ અને અમદાવાદમાં આચાર્યો-શિક્ષકો સાથે આ અંગે જરૂરી ચર્ચા અને સમજ આપવા ડૉ. પી. સી. વૈદ્યને જણાવવું.

૧૧. એક વાર કાઢી આપેલું માઇગ્રેશન સર્ટિફિકેટ ખોવાઈ જતાં વિદ્યાર્થીને ડુપ્લિકેટ માઇગ્રેશન સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અન્ય યુનિવર્સિટીઓને પુછાવતાં આવેલા જવાબોનું તારણ સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, રૂા. ૫-૦૦ની ફી લઈ ડુપ્લિકેટ માઇગ્રેશન સર્ટિફિકેટ કાઢી આપવાની પ્રથા શરૂ કરવી.

૧૨. શ્રી. ટી. એમ. ઓઝા કે જેઓ પહેલાં એમ.એસસી. પદવી તથા પી.એચડી. પદવી માટે ઇનોર્ગેનિક કેમિસ્ટ્રીના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હતા તેમની નિવૃત્ત શિક્ષકોની નિમણૂક અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ ફરીથી એમ. એન. કૉલેજ, વીસનગરમાં નિમણૂક થઈ હોવાથી તેમને એમ.એસસી. પદવી તથા પીએચ.ડી. પદવી ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં, તેમને તે કૉલેજના શિક્ષક ગણીને, માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ચાલુ કરી આપવાના પ્રશ્ન પ્રત્યે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યને પુછાવવું:

(૧) પ્રો. ટી. એમ. ઓઝા સદરહુ કૉલેજના સ્ટાફ પર છે કે કેમ? અને જો હોય તો તેમનો હોદ્દો શો છે?

(૨) તેમને જરૂરી સંશોધન-કાર્ય કરવા માટે સદરહુ કૉલેજની પ્રયોગશાળાનો ઉપયોગ કરવા માટે પરવાનગી આપી છે કે કેમ?

૧૩. વિજ્ઞાન વિદ્યાશાખામાં પી.એચડી. પદવી માટે રજિસ્ટર થનાર વિદ્યાર્થીઓ, જો નિયમ મુજબનાં ચાર સત્રો પૂરાં થયા પછી પણ પ્રાયોગિક કામ કરવાનું ચાલુ રાખે તો તેવા વિદ્યાર્થીઓ પાસેથી તા. ૧લી એપ્રિલથી તા. ૩૧મી ઑકટોબર સુધી અને તા. ૧લી નવેંબરથી તા. ૩૧મી માર્ચ સુધીના સમય માટે પ્રત્યેક રૂા. ૧૦૦ પ્રમાણે પ્રયોગશાળા-ફી રાખવા અંગેની અને નિયમમાં સુધારો કરવા અંગેની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૩-૩-૧૯૬૪ની સભામાં મંજૂર રાખેલી હોવાથી તે અંગેના અનુ. નિયમ નં. ૨૬-બીમાં જરૂરી સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે પ્રમાણેનો નિયમ ૨૬-બી મંજૂર કરવો:

26-B:

"Students for the Ph.D. degree shall pay their tuition fees to the University.

The college or the institution concerned shall collect the tuition fees from the students registered from June 1956 and onwards according to the University scales and remit the same within 30 days of the receipt to the University.

However, if a candidate who is registered for Ph.D. degree in any of the subjects, comprised under the Faculty of Arts or Science, is required to make use of the laboratory of the College, University Department or Institution for laboratory work, even after completion of the necessary four terms, he may be required to pay to the College / University Department / Institution, a sum of Rs. 100/- per term, i.e., for the period 1st April to 31st October or 1st November to 31st March."

૧૪. સિન્ડિકેટે તેની તા. ૨૨-૬-૧૯૬૩ની સભામાં બાબત નં. ૭૨ તથા ૯૮ના ઠરાવના પેટાવિભાગ-૨ થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પાંચ સંશોધન શિષ્યવૃત્તિઓનો યુનિવર્સિટીની ૨૪ શિષ્યવૃત્તિઓમાં સમાવેશ કરેલ છે તેમાં સુધારો કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પાંચ શિષ્યવૃત્તિઓનો યુનિવર્સિટી તરફથી અપાતી ૧૦ પી.એચ.ડી.ની શિષ્યવૃત્તિઓમાં સમાવેશ કરવા તેમ જ વિજ્ઞાનવિદ્યા ભવનની ૧૪ શિષ્યવૃત્તિઓને જુદી ગણવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પાંચ શિષ્યવૃત્તિઓને યુનિવર્સિટીની પીએચ.ડી. માટેની શિષ્યવૃત્તિઓમાં સમાવી લેવાનું મંજૂર કરવું.

ત્યાર બાદ બાબત નં. ૪૯ હાથ ધરવામાં આવી હતી.

૪૯. ઇતિહાસના રીડરની જગ્યા અંગે શ્રી. ઝીણાભાઈ દેસાઈના તા. ૩-૪-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

શ્રી. ઝીણાભાઈ દેસાઈના પત્ર પર લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી. ત્યાર બાદ શ્રી. ઝીણાભાઈએ વધુ ચર્ચા માટે આગ્રહ ન રાખતાં સદરહુ બાબતને પડતી મૂકવામાં આવી.

૧૫. સ્ટેચ્યૂટ ૧૨૧-ડી અંગે સ્પષ્ટતા કરવા માટે શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨-૧૨-૧૯૬૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

અને

૧૬. ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોના સંબંધમાં આચાર્ય ચિમનભાઈ જે. પટેલના તા. ૧૪-૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આ બન્ને બાબતો પર સાથે ચર્ચા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ગુજરાતીમાં શિક્ષણ આપવા માટે પ્રબંધ કરવો.

(૨) જે વિદ્યાભવનોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય તો ગુજરાતીમાં શિક્ષણ આપવા માટે અલગ વર્ગ ઉઘાડીને પણ ગુજરાતીમાં શિક્ષણ આપવાની જોગવાઈ કરવી.

(૩) આ વ્યવસ્થા કરવામાં શિક્ષકોની જરૂર પડે તો ભવનોના શિક્ષકો ઉપરાંત યુનિવર્સિટી વિસ્તારમાં માન્ય થયેલા શિક્ષકોને આમંત્રણ આપી તેમની મારફતે પણ ગુજરાતીમાં શિક્ષણકાર્ય કરાવવાનો પ્રબંધ કરવો.

(૪) ભવનોમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ જે જે ઐચ્છિક વિષયોની પસંદગી કરે તે તે વિષયોનું શિક્ષણ આપવા ભવનના અધ્યક્ષે જરૂર પડે તો યુનિવર્સિટી વિસ્તારના માન્ય થયેલા શિક્ષકો (Recognised Teachers)ની મદદ લઈને પણ તે તે વિષયો શીખવવાનો પ્રબંધ કરવો.

૧૭. યુનેસ્કો પ્રસ્થાપિત ધી ઇન્ટરનેશનલ બ્રેઇન રિસર્ચ ઓર્ગેનિઝેશન (આઈ. બી. આર. ઓ.) ઑક્ટોબર-નવેંબર ૧૯૬૪ દરમિયાન દિલ્હી મુકામે ટ્રાવેલિંગ સેમિનાર યોજનાર હોવાથી તે માટે યોગ્ય વ્યક્તિ/વ્યક્તિઓની નિમણૂક (રેપ્યુટેશન) કરવા બાબત ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, ન્યૂ દિલ્હીના ડિરેક્ટર તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી સદરહુ સેમિનારમાં કોઈને મોકલવા નહિ.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે જણાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. પી. શાહ	મદદનીશ સુપરિ. (હોલેરિથ)	૨૪-૫-૧૯૬૪	૨૫-૫-૧૯૬૪
૨.	શ્રી. જે. પી. ગજ્જર	ભાષાંતરકાર	૮-૫-૧૯૬૪	૯-૫-૧૯૬૪
૩.	શ્રી. દલ્લાસિંગ લાલસિંગ	ચોકીદાર	૧-૫-૧૯૬૪	૨-૫-૧૯૬૪

સદરહુ સભ્યોની કામગીરીનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચે જણાવેલ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. પી. શાહ	મદદનીશ સુપરિ. (હોલેરિથ)	૨૫-૫-૧૯૬૪
૨.	શ્રી. જે. પી. ગજ્જર	ભાષાંતરકાર	૯-૫-૧૯૬૪
૩.	શ્રી. દલ્લાસિંગ લાલસિંગ	ચોકીદાર	૨-૫-૧૯૬૪

૧૯. યુનિવર્સિટી પ્રેસમાં મદદનીશ પ્રેસ મૅનેજર શ્રી. જિતેન્દ્ર એમ. પુરોહિતનો અજમાયશી સમય તા. ૩૧-૫-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧-૬-૧૯૬૪થી તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. જિતેન્દ્ર એમ. પુરોહિતની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને યુનિવર્સિટી પ્રેસમાં, મદદનીશ પ્રેસ-મેનેજર તરીકેની જગ્યા પર તા. ૧-૬-૧૯૬૪થી કાયમ કરવા.

૨૦. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પરસોતમદાસ હરદાસ પટેલ	જુ. કંપોઝીટર	૪-૩-૧૯૬૪	૫-૩-૧૯૬૪
૨.	શ્રી. જેઠાભાઈ ડાહ્યાભાઈ પટેલ	,,	૨૨-૩-૧૯૬૪	૨૩-૩-૧૯૬૪

સદરહુ સભ્યોની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, જુ. કંપોઝીટર સર્વશ્રી પરસોત્તમદાસ હરદાસ પટેલ અને જેઠાભાઈ ડાહ્યાભાઈ પટેલના અજમાયશી સમયની મુદત વધુ એક વરસ માટે લંબાવવી અને તેમની કામગીરી બાબતમાં તેઓને ઘટતી ચેતવણી આપવી.

૨૧. યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં નીચે જણાવેલા શિક્ષકોનો, પ્રત્યેકનો બે વર્ષનો, અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને દર્શાવેલ જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. રમણલાલ જે. જોશી	લેક્ચરર, ભાષા-ભવન	૧૪-૬-૧૯૬૪	૧૫-૬-૧૯૬૪
૨.	કુ. કુસુમ કે. ભટ્ટ	લેક્ચરર, મનોવિજ્ઞાન વિદ્યાભવન	૧૪-૬-૧૯૬૪	૧૫-૬-૧૯૬૪
૩.	કુ. જયશ્રી જે. દેસાઈ	લેક્ચરર, સમાજવિદ્યા ભવન	૧૪-૬-૧૯૬૪	૧૫-૬-૧૯૬૪

સદરહુ સભ્યોની કામગીરીનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચે જણાવેલ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. રમણલાલ જે. જોષી	લેકચરર, ભાષા-ભવન	૧૫-૬-૧૯૬૪
૨.	કુ. કુસુમ કે. ભટ્ટ	લેકચરર, મનોવિજ્ઞાન વિદ્યાભવન	૧૫-૬-૧૯૬૪
૩.	કુ. જયશ્રી જે. દેસાઈ	લેકચરર, સમાજવિદ્યા ભવન	૧૫-૬-૧૯૬૪

૨૨. સમાજવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. શકરાભાઈ કાળીદાસ વાઘેલાનો અજમાયશી સમય તા. ૩૦-૪-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧-૫-૧૯૬૪થી તે જગ્યા પર કાયમ કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. શકરાભાઈ કાળીદાસ વાઘેલાને સમાજવિદ્યા ભવનમાં પટાવાળાની જગ્યા પર તા. ૧-૫-૧૯૬૪થી કાયમ કરવા.

૨૩. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ની ઑડિટ નોંધને અનુલક્ષીને બોર્ડ ઑફ એકાઉન્ટ્સની હિસાબ વિભાગમાં નીચેની જગાઓ ઊભી કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

૧. આસિસ્ટંટ એકાઉન્ટન્ટ અને ૫ જુનિયર ક્લાર્કનો બનેલો ઑડિટ વિભાગ.

૨. વધારાના કામકાજને પહોંચવા ૮ જુનિયર ક્લાર્કની નવી જગ્યાઓ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ તરફ વિચારણા કરી રિપોર્ટ કરવા માટે મોકલી આપવી.

૨૪. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગ માટેના કર્મચારીઓની મુશ્કેલીઓના નિકાલ અંગે 'ટ્રિબ્યૂનલ' નીમવા બાબત ડિરેક્ટર ઑફ એજ્યૂકેશન તરફથી આવેલ તા. ૬-૩-૧૯૬૪ ના પત્રાંક એચ. ૯૫-એ-ગુજ. યુનિ.માં જણાવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલકને જણાવવું કે આ યુનિવર્સિટીમાં એ અંગે નીચે પ્રમાણે વ્યવસ્થા છે :

> "So far as the University is concerned, machinery already exists for making representations and appeals by teaching as well as non-teaching staff under the Gujarat University rules."

૨૫. યુનિવર્સિટી પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો રોટાપ્રિન્ટ મશીનથી છાપવા કે જેસ્ટેટનર યંત્રના ઉપયોગથી છાપવા આર્થિક દૃષ્ટિએ અને ચોકસાઈની દૃષ્ટિએ હિતાવહ છે કે કેમ તે અંગેનો અહેવાલ સિન્ડિકેટની તા. ૧૯-૧-૧૯૬૪ની સભામાં રજૂ કરેલ, જે પર સિન્ડિકેટે ઠરાવેલ કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી અને દરમિયાન રોટાપ્રિન્ટ યંત્રથી થતા છાપકામના નમૂના મંગાવી રાખવા. ગુજરાત એસ.એસ.સી. બોર્ડ તરફથી આ અંગેના નમૂના આવેલ છે તો તે અંગે ફરીથી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં એક રોટા-પ્રિન્ટ મશીન વસાવવું.

૨૬. વિજ્ઞાનવિદ્યા ભવનમાં બોટેની વિભાગમાં રીડર તરીકે કામ કરતા ડૉ. જે. જે. શાહની સંશોધન અંગેની 'Botanical Studies in Plantago Ovta.' યોજના માટેની રૂા. ૩,૪૦૦ની ગ્રાન્ટ ડિરેક્ટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી તેમના તા. ૧૨-૩-૧૯૬૪ના પત્રાંક Gen./SIRC 4/-૨૬૦૬થી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત તથા ડૉ. શાહનું રાજીનામું મંજૂર થયેલું હોઈ એ ગ્રાન્ટનાં નાણાંના ઉપયોગ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકાર તરફથી સદરહુ બાબત અંગે જે ગ્રાન્ટ આવે તે ડૉ. જે. જે. શાહ વલ્લભ વિદ્યાનગરમાં જોડાય પછી ત્યાં મોકલી આપવી.

૨૭. અમદાવાદ શહેર પુસ્તકાલય મંડળના માનદ મંત્રી તરીકે સેવાઓ આપવા યુનિવર્સિટીના ગ્રંથાલયના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને સદરહુ પરવાનગી આપવી.

૨૮. તા. ૨૩-૧-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ 'યૌવનપ્રવેશ' પુસ્તિકા પ્રસિદ્ધ કરવા અંગે તથા તે માટે થનાર આશરે રૂા. ૪,૨૪૫નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

૨૯. કેન્દ્ર સરકારની યોજના હેઠળ આપણે હાથ ધરેલા અનુવાદ તથા મૌલિક પ્રકાશનોના અંતે પારિભાષિક શબ્દસૂચિ (Glossary) (ગુજરાતીમાંથી અંગ્રેજી તથા અંગ્રેજીમાંથી ગુજરાતી) મૂકવા અંગેની તા. ૧૨-૨-૧૯૬૪ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પ્રત્યેક લેખક-અનુવાદકે પારિભાષિક શબ્દસૂચિ તૈયાર કરી મૂકવી અને તે (અંગ્રેજી-ગુજરાતી અને ગુજરાતી-અંગ્રેજીની શબ્દસૂચિ) તૈયાર કરવા માટે લેખક-અનુવાદકને દર ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૩-૦૦ના દરે મહેનતાણું આપવાનું રાખવું. આ અંગે નીચે પ્રમાણેનો પાઠ લેખક તથા અનુવાદકના કરારનામામાં હવે પછી ઉમેરવો :

"And it is further agreed that for compilation of glossary

of terms (English-Gujarati & Gujarati-English) to be appended to the manuscript. The Translator(s)/The Author(s) will be paid at the rate of Rs 3/- per 300 words by the publisher."

વધુમાં જે હસ્તપ્રતો તૈયાર થયેલ છે તેમ જ જે પ્રકાશનો બહાર પડયાં નથી તે માટે પણ પારિભાષિક શબ્દસૂચિ તૈયાર કરાવી ઉપર મુજબના દરે મહેનતાણું આપવું.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન વહીવટી સમિતિની સદરહુ ભલામણ સ્વીકારવી અને કરારનામામાં સૂચવેલો ઉમેરો કરવો.

૩૦. **કેન્દ્ર સરકારની યોજના હેઠળ પ્રકાશિત થનારાં પુસ્તકો પૈકી હાલમાં આ યુનિવર્સિટીએ ૩૪ અનુવાદ અંગે તથા ૨૭ મૌલિક લખાણ માટે અનુવાદકો તથા લેખકો સાથે કરાર કરેલા છે તેનું જ પ્રકાશન કામ આગળ ચલાવવું, જ્યારે ગ્રાન્ટ અને પરિભાષા અંગે ઘટતી સ્પષ્ટતા કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવે ત્યાં સુધી બાકીનું કામ હાલ મોકૂફ રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ હાથ ધરેલ પ્રકાશન યોજનાને હાલમાં મોકૂફ રાખવાની જરૂર નથી.

આ વખતે બાબત નં. ૩૫ની પણ ચર્ચા કરવામાં આવી.

૩૫. **હિંદી અને પ્રાદેશિક ભાષામાં પ્રમાણભૂત ગ્રંથોનાં ભાષાંતર અને મૌલિક પ્રકાશનોની કેન્દ્ર સરકારની યોજના હેઠળ આ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થનારાં તમામ પ્રકાશનોમાં કેન્દ્ર સરકારના શિક્ષણમંત્રાલય દ્વારા તૈયાર કરાવવામાં આવેલ પરિભાષાનો જ ઉપયોગ કરવાનો રહેશે તેમ જણાવતા કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી. એમ. સી. ચાગલાના તા. ૨૬/૩૦-૩-૧૯૬૪ના ડી.ઓ. પત્ર ક્રમાંક ૨૦-૧૯/૬૩ એચ-૧ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ કેન્દ્ર સરકારના પરિભાષા કમિશનને મળવા મોકલવું :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૩. શ્રી. જે. બી. સાણ્ડેલ
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ.

૩૬. **આ યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોને અથવા તેમના તરફથી ચલાવવામાં આવતા 'સહકારી ભંડાર'ને નીચેની શરતોએ પ્રકાશનો વેચવા અંગે વિચારણા કરવા બાબત :**

યુનિવર્સિટીનાં પ્રકાશનો વેચવા અંગેની શરતો

૧. કમિશનનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

(અ)	ગદ્યપદ્યસંગ્રહો માટે	... ...	૧૦ ટકા
(બ)	અન્ય પ્રકાશનો માટે	... ...	૧૫ ટકા

૨. દરેક કૉલેજને પંદર દિવસની શાખ આપવામાં આવશે.

૩. રવાનગીનો ખર્ચ કમિશનમાંથી બાદ કરવાનો રહેશે.

૪. યુનિવર્સિટીએ એક વાર વેચેલ પુસ્તકો પરત લેવામાં કે બદલી આપવામાં આવશે નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજોમાં ચલાવવામાં આવતા 'સહકારી ભંડાર'ને નીચેની શરતોએ પ્રકાશનો વેચવા મંજૂરી આપવી :

૧. કમિશનનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

(અ) ગદ્યપદ્યસંગ્રહો માટે	...	...	૧૦ ટકા
(બ) અન્ય પ્રકાશનો માટે	...	...	૧૫ ટકા

૨. દરેક કૉલેજને પંદર દિવસની શાખ આપવામાં આવશે.

૩. રવાનગીનો ખર્ચ કમિશનમાંથી બાદ કરવાનો રહેશે.

૪. યુનિવર્સિટીએ એક વાર વેચેલ પુસ્તકો પરત લેવામાં કે બદલી આપવામાં આવશે નહિ.

૩૨. આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં અધ્યાપન-કાર્ય કરતા અધ્યાપકોના અન્ય યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારાયેલા મહાનિબંધોના પ્રકાશન માટે આર્થિક સહાય આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પ્રકાશન સમિતિ તરફ અભિપ્રાય માટે મોકલવી.

૩૩. નીચેની બાબતોની નોંધ લેવા અંગે :

(૧) સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં જનરલ એજ્યુકેશનની પરીક્ષા બાબતનો રેગ્યુ. એસસી. ૧-એ અને રેગ્યુ. કૉમ. ૧-એ નીચે મુજબ મંજૂર કર્યો છે તે ક્રમાંક એવડાતો હોવાથી તેને રેગ્યુ. એસસી. ૧-બી અને રેગ્યુ. કૉમ. ૧-બી નંબર આપ્યાની :

"Notwithstanding anything contained elsewhere, it is hereby provided "that the examination in General Education shall be held by the college concerned and the marks obtained by each candidate appearing thereat shall be communicated confidentially by the Principal on or before the 20th March separately for (*i*) Internal Evaluation, and (*ii*) the written examination, and (*iii*) the total. The marks so communicated shall be treated as marks obtained by the candidate for the purpose of determining his results."

૩૧૪.	કુ. વાસંતી વી. બામ	અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા	,,	,,	,,
૩૧૫.	શ્રી. વી. પી. જોષી	ગુજરાતીના ટચૂટર	,,	,,	,,
૩૧૬.	શ્રી. પી. કે. ઠાકર	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	,,	,,

એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૩૧૭.	શ્રી. કુરેશી એમ. ઝેડ.	પર્શિયનના ખંડ સમયના વ્યાખ્યાતા	,,	૦૫૯૩૦	તા. ૧૭–૩–૧૯૬૪

૨૬–૨–૬૪/૧૬ ૧૫૦ (ફાજીપ્રા) (ફાજીગુમુ)

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કાર્યાલયનો પત્રાંક		
	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ				
૩૧૮.	ડૉ. પી. પી. પ્રભુણે	પેથોલોજીના વ્યાખ્યાતા (Blood Transfusion officer તરીકે નહિ.)	સિં. અધ્યા.	૮૧૯૫	તા. ૧૬-૩-૧૯૬૪
૩૧૯.	ડૉ. નવીન ટી. દેસાઈ	ડેન્ટિસ્ટ્રીના વ્યાખ્યાતા	,,	૯૦૧૩	તા. ૧૨-૩-૧૯૬૪
	કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ				
૩૨૦.	ડૉ. સુમંત એન. શાહ	આસિ. પ્રો. ઑફ સર્જરી ઑર્થોપિડિક સર્જરી	,,	૮૫૪૧	તા. ૨૯-૨-૧૯૬૪
	ગુજરાત કૉલેજ, અમદાવાદ				
૩૨૧.	શ્રી. જોષી એન. એમ.	ઝૂલોજીના વ્યાખ્યાતા	,,	૧૬૨૮	તા.
	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા				
૩૨૨.	શ્રી. જોષી જે. સી.	સંસ્કૃતના ટ્યૂટર	,,	,,	,,
૩૨૩.	શ્રી. દરજી એ. એ.	ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૨૪.	કુ. દેસાઈ સરલાબહેન કે.	સંસ્કૃતનાં વ્યાખ્યાતા	,,	,,	,,
૩૨૫.	શ્રી. પંડ્યા જે. પી.	સંસ્કૃતના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૨૬.	શ્રી. વશી બી. આર.	રસાયણવિજ્ઞાનના ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર	,,	,,	,,
૩૨૭.	શ્રી. પાઠક આર. એન.	માનસશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૨૮.	શ્રી. દેસાઈ એન. બી.	ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	,,	,,	,,
૩૨૯.	શ્રી. મહેતા આર. કે.	આંકડાશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર	,,	,,	,,
૩૩૦.	શ્રી. ફડકે આર. કે.	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૩૧.	શ્રી. પટેલ એસ. વી.	અર્થશાસ્ત્રના ટ્યૂટર	,,	,,	,,
૩૩૨.	શ્રી. પંડ્યા બી. ડી.	ગણિતના વ્યાખ્યાતા	,,	,,	,,

અમાન્ય કરેલી નિમણૂકો

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કાર્યાલયનો પત્રાંક
	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ		
૧.	શ્રી. દવે આર. ડી.	અંગ્રેજીના ટ્યૂટર	સિં. અધ્યા. ૭૩૫૧૩ તા. ૫-૧૧-૧૯૬૩
	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ		
૨.	શ્રી. ભુપ્તાણી પ્રવીણચંદ્ર મૂળચંદ	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિં. અધ્યા. ૩૨૦૬૭ તા. ૨૪-૧૨-૧૯૬૩
	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ		
૩.	શ્રી. દોશી ચંદુલાલ દીપચંદ	વ્યાયામશિક્ષક	સિં. અધ્યા. ૬૩૬૪૨ તા. ૩૦-૯-૧૯૬૩
	ડી. કે. વી. કૉલેજ, જામનગર		
૪.	શ્રીમતી જસાણી તરુલતા ક.	ઇતિહાસ અને અર્થશાસ્ત્રનાં વ્યાખ્યાતા	સિં. અધ્યા. ૬૬૦૨૮ તા. ૨૬-૯-૧૯૬૩
૫.	શ્રી. રાવલ નર્મદાશંકર વિશ્વનાથ	સંસ્કૃતના વ્યાખ્યાતા	સિં. અધ્યા. ૩૧૫૮૮ તા. ૨૪-૧૨-૧૯૬૩
	રામણ્યા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદર		
૬.	શ્રી. ચોકસી અરવિંદ શાંતિલાલ	શિક્ષણના અધ્યાપક	સિં. અધ્યા. ૨૫૫૫૩ તા. ૨૩-૧૦-૧૯૬૩
	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર		
૭.	શ્રી. દેસાઈ બી.એ.	ઑડિટિંગના પ્રાધ્યાપક	સિં. અધ્યા. ૨૪૦૮૦ તા. ૪-૧૦-૧૯૬૩
	એન્જિનિયરિંગ કૉલેજ, સુરત		
૮.	શ્રી. કૉન્ટ્રાક્ટર જેઠાલાલ છોટાલાલ	સિવિલ એન્જિનિયારંગના વ્યાખ્યાતા	સિં. અધ્યા. ૨૫૦૫૬ તા. ૨૫-૧૦-૧૯૬૩
૯.	શ્રી. નાયક ગુણવંત ભીખુભાઈ	મિકેનિકલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	,, ,,
૧૦.	શ્રી. રાવલ મનુભાઈ મણિલાલ	ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	,, ,,
	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર		
૧૧.	ડૉ. પી. કે. શાહ	ડેમોન્સ્ટ્રેટર-ઇન-એનેસ્થેસિયોલોજી	સિં. ૨૯-૭૨૦ તા. ૧-૨-૧૯૬૪

૨૬

(ક્રમાંક ૧૬૬૬) ૨૬-૨-૨૧/૧૨ નં.

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	કાર્યાલયનો પત્રાંક
	સિટી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ		
૧૨.	શ્રી. નિઝામી જી. આર.	અંગ્રેજીના પ્રાધ્યાપક	સિં. ૨૯-૨૫૭૫ તા. ૬-૨-૧૯૬૪
	સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ અને શેઠ વા. સા. હૉસ્પિટલ અને શેઠ ચિ. મે. હોમ, એલિસબ્રિજ, અમદાવાદ-૬.		
૧૩.	ડૉ. ગાંધી વાડીલાલ કે.	એસો. પ્રો. ઑફ પેડિયાટ્રિક્સ	સિં. અધ્યા. ૦૬૧૧૨ તા. ૧૮-૩-૧૯૬૪
	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર		
૧૪.	શ્રી. દોશી વી. એમ.	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિં. અધ્યા. ૯૨૪૪ તા. ૧૭-૩-૧૯૬૪
૧૫.	શ્રી. બ્રહ્મભટ્ટ કે. એમ.	ઇતિહાસ અને અર્થશાસ્ત્રના ટ્યૂટર	,, ,, ,,

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૫

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલો તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૪-૩-૧૯૬૪ના રોજ મંગળવારે બપોરના ૧૨-૩૦ કલાકે ઉપકુલપતિશ્રીના પ્રમુખપદે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૩. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૪. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૫. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૬. આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર.

૧. તા. ૨૭-૧૧-૧૯૬૩ના રોજ મળેલી ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૭-૧૧-૧૯૬૩ના રોજ મળેલી ત્રિવાર્ષિક તપાસસમિતિના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચે દર્શાવેલ કૉલેજો તથા માન્ય સંસ્થાના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલા હેવાલો અને તે અંગે જે તે કૉલેજના આચાર્યો અને સંસ્થાના વડાઓ તરફથી નોંધ આવી હોય તો તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — પ્રથમ સભા તા. ૨૭-૧૧-૧૯૬૩ના રોજ મળેલી હતી અને તેમાં નીચેની કૉલેજોની માહિતી બાકી હતી :

૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
*૨. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ-૯
૩. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત
૪. એમ. ટી. બી. કૉલેજ, સુરત
*૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯
*૬. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.

*આ કૉલેજોને તેમની કૉલેજ/સંસ્થાના તપાસના અહેવાલ પર તેમનું વક્તવ્ય રજૂ કરેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની કૉલેજો (*)દ્વારા દર્શાવવામાં આવેલી બાબતમાં જરૂરી માહિતી મંગાવવી અને તે અંગે યોગ્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

(ક) એનેસ્થેટોલોજીના વ્યાખ્યાતા ડૉ. બી. પી. તામનકરની નિમણૂકની નોંધ લીધી.

*(ખ) એનેટોમીના બંડ સમયના વ્યાખ્યાતા ચાલી શકે નહિ, પરંતુ પૂરા સમયના વ્યાખ્યાતા નીમાવા જોઈએ.

*(ગ) ફિઝિયોલોજીના વ્યાખ્યાતાની ગેરહાજરી ચલાવી શકાય નહિ, પરંતુ તેઓની જગ્યાએ યોગ્ય વ્યાખ્યાતાની નિમણૂક કરી તેમનો હોદ્દો, અનુભવ, લાયકાત, શૈક્ષણિક અનુભવ વગેરે જણાવવા માટે લખવું.

(ઘ) આ. ઓ. સર્જન-ઇન-આર્થોપેડિકની નિમણૂકની નોંધ લેવામાં આવી.

(ચ) સર્જરીના વ્યાખ્યાતા ડૉ. આર. એલ. વાડીની નિમણૂકની નોંધ લેવામાં આવી.

*(છ) જ્યુરિસ્પ્રુડન્સના વ્યાખ્યાતા ડૉ આર. એમ. ઝાલાની નિમણૂક ચલાવી શકાય નહિ તેમ આચાર્યશ્રીને જણાવવું.

*(જ) પેડિયાટ્રિક્સના વ્યાખ્યાતા અને ઓર્થોપેડોલોજીના વ્યાખ્યાતા નીમવા માટે શું પગલાં લીધાં તે જણાવવા તેમ આચાર્યને લખવું.

*(ઝ) ન્યૂરોસ-ન્યૂરો-સર્જરી અને થેરોરી-સર્જરીના નવા વધારાના વિભાગો શરૂ કરવા અંગે શાં પગલાં લેવાયાં છે તે જણાવવા માટે આચાર્યને લખવું.

(ટ) બર્ન્સ અને પ્લાસ્ટિક યુનિટ શરૂ કરવા અંગે શું પરિસ્થિતિ હાલમાં છે તે જણાવવા આચાર્યને લખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, (ઉપરોક્ત બાબત માહિતી સિન્ડિકેટ સમક્ષ મૂકવી અને તેના ઠરાવ અનુસાર) બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યને તેમ જ નિયામક, મેડિકલ સર્વિસીઝને જણાવી જરૂરી યોગ્ય લાયકાતવાળો સ્ટાફ તાકીદે નીમવા લખવું.

૨. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે, અધ્યાપકોમાં ખાલી પડેલી જગ્યાઓ પૂરીને તેનો રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને કરવો તેમ આચાર્યને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કૉલેજમાં સમયપત્રકમાં તાસ (Period)નો સમય યુનિવર્સિટીના નિયમ મુજબનો, એટલે કે, દરેક પિરિયડ ૩૫+૫ મિનિટ્સને બદલે ૪૦+૫ મિનિટનો રાખવો જરૂરી છે. આગામી વરસથી સમયપત્રકની તે ખામી દૂર કરવી તેમ આચાર્યને જણાવવું.

૩. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની સભાએ નોંધ લીધી.

૪. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની સભાએ નોંધ લીધી.

૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની સભાએ નોંધ લીધી.

૬. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે, પેરા ૧૪, ૧૫ અને ૧૬ સિન્ડિકેટની વિચારણા માટે મૂકવા.

જ. મં. મહેતા,
કાર્યકારી રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭

The Bar Council of India Legal Committee

Questionnaire on Legal Education in India

Duly Answered

I. Perspectives of Legal Education :

1. Are you satisfied with the present system of legal education in India ? If not, please state reasons :	... Legal Education is not quite satisfactory. Students who join Law courses are inequipped for the purpose, and the present method of instructions is not adequate.
2. Do you accept that law is a major means of social adjustment in modern secular and complex societies ? If so, what, according to you, should be the broad outlines of a good and broad-based legal education ?	.. Yes.
3. What should, in your view, be the purpose of legal education in India ?	.. To promote good citizenship specially for the respect of Law and order. To equip students for the profession of Law. To provide personnels for public and private institutions which need persons with proper legal Training. To promote research in Law.

4. Do you think that legal education should be the same for law teachers, judges and lawyers ? Give reasons for your answer.	Yes.
5. In what professions and services do you think that a good and broad-based legal education will be useful ? Could you suggest a scheme of utilising law graduates in India in a socially useful way ?	Administrative, judiciary, Management of Business and Industries, Account Audit.

II. Admission Requirements :

6. Should the number of law students be restricted ? If so, how ?	No.
7. What should be the minimum academic qualifications for admission to LL.B. or First Law Degree Course ?	Bachelor's Degree in Arts, Science, Commerce, Technology including Engineering, Medicine and Agriculture.
8. What tests, if any, would you suggest to ascertain a candidate's worth for admission to the First Law Degree Course ? —say	
(*a*) Academic qualifications only.	Yes.
(*b*) Admission test only if so, what kind of test ?	No.
(*c*) Personal interview only if so, what type ?	No.
(*d*) A mixture of some or all of these — If the last, how will you divide a total of 100 marks ?	No.

	(e) Any other method of selection such as a common entrance examination:	No.
9.	Are there any subjects, in your view, in which a student must have passed in his pre-legal college education ? What place, if any, would you like to attach to English language in this connection ?	No.
10.	What views do you hold on continuance of English as a midium of instruction for legal education ?	—
11.	Are you in favour of including law as one of the subjects for the first degree in Arts, Science or Commerce ?	No.
12.	Are you in favour of restricting the number of law colleges in order to integrate legal education in a few centres only ? Are you in favour of abolishing law teaching from affiliated Colleges ?	No. No.
13.	Are you in favour of confining the teaching of law to Law Colleges only and restricting the number of colleges to concentrate on Legal Education ?	Yes. No restriction.
14.	What should be the maximum number of students in each class (i.e., section) ? (Please	100 students in each class (i.e., section)

refer to Section X of this questionnaire before giving your reply).

III. Duration of the First Law (LL.B.) Degree Course :

15. What should, in your opinion.. be the duration of the LL.B. Course ?

Two years for a Degree for day students.
Three years for a Degree for other students.

IV. In Service Candidates :

16. Are you in favour of day cla-.. sses or evening classes or both? Should employed candidates have a longer period of study than the day scholars, particularly in view of a scheme of compulsory tutorials, seminars and moot courts ?

In favour of Day classes employed candidates should have a longer period of study vide item 15 above.

V. Subjects for the First Law Degree Course :

17. What subjects, according to.. you, should form the content of the First Law Degree Course, particularly with regard to the duration you give to the course ?

And

18. How would you distribute the.. subjects, both compulsory and optional, over your proposed period of study ?

First Year (Five Papers)

1. Law of crimes with special reference to Indian Penal code and criminal procedure code.
2. (*a*) Law of Torts
   (*b*) Principles of the Law of contract with special reference to First 75 Sections of the Indian Contract Act.
3. Principles of the Law of Indemnity, Bailments, surety, Agency. Sale of Goods Act, partnership and Negotiable Instruments.
4. Equity, Public and Private Trusts and Specific Relief.

5. Indian constitution.

Second Year (Six Papers)

1. Hindu Law.
2. Mohamedan Law and Indian Succession Act.
3. Law of Property, Easements and Registration.
4. Jurisprudence.
5. Civil procedure code, Indian Evidance Act and Limitations Act.
6. One of the following :
   (*a*) Public and Private International Law.
   (*b*) Company Law and Insolvancy.

VI. Combining First Law Degree Course with other courses :		
19.	Do you think that the First Law Degree Course and M.A. or other one-year certificate or diploma courses can be effectively combined for study ? If so, what minimum period of such a study would be prescribed ?	Yes.
VII. Extra Curricular Activities :		
20.	Are extra-curricular activities necessary or desirable at all stages of legal education ? If so, please list the activities.	Extra curricular activities are desirable.
VIII. Method of Instruction :		
21.	Is the present method of instruction satisfactory, and, if	Present method of instructions is not quite satisfactory. It must be

not, what suggestions would you like to give to improve it ?

supplemented by Tutorials, Seminars, case methods, etc.

22. Which method of teaching in the classes would you prefer ?
(*a*) Lecture Method : ... Lecture method supplemented by case method and problem-discussion.
(*b*) Cash Method :
(*c*) Problem-discussion method
(*d*) Any variants of the above three methods ?

23. Do you think class lectures alone are sufficient or should they be supplemented by : .. Class lectures alone are not sufficient. They should be supplemented by Seminars and Tutorials.
(*a*) Seminars :
(*b*) Tutorials :
(*c*) Any other form of written or oral work ?

24. Do you think law teaching could be more effective by—
(*a*) taking students periodically to law courts : .. No.
(*b*) holding moot courts on a small scale weekly in the classes : .. Yes.
(*c*) By organising a full-dress moot court ? .. Yes

25. If you think that taking students to courts is necessary, what scheme would you suggest to make this method of instruction effective ? .. No

IX. Method of Examination :

26. Do you think the present examination system is a satisfactory test of the knowledge of the student ? Comment briefly. .. Fairly satisfactory

27. Do you think the law Examinations should be —	
(*a*) through written papers, supplemented by *viva-voce* tests :	Through written papers. No viva-voce tests.
(*b*) through answers to specific problems.	Yes.
(*c*) Any other method ? What value will you attach to Seminar, tutorial and other academic work in your system of examination.	No.
28. Should the examinations be —	
(*a*) Annual; or	Half-yearly.
(*b*) half-yearly; or	
(*c*) periodically, throughout the session ? or	
(*d*) would you suggest a system which combines all the three ?	
29. What in your view should be the qualification for examinership in Law ?	Law Teachers or Law practitioners of not less than 10 years.
X. Recruitment of Teaching Staff :	
30. What, according to you, should be the equipment of a good law teacher, both whole-time and part-time ? Comment briefly.	First Class LL.B. or LL.M. or Second Class LL.B. with 10 years standing at the Bar.
31. What, in your view, should be the ratio of the teachers in relation to students ? Should the number of teachers depend	1 Teacher to 50 students.

	only on the number of students or also on the number of subjects taught ?	
32.	Do you think that the system of visiting professors will help in the improvement of teaching standards ?	Yes.
Xi. Library facilities :		
33.	What are the minimum requirements of a working law School library ?	A well equipped library with Law books worth at least Rs. 25,000/- to start with for reference and for students.
XII. Law Journal :		
34.	What, according to you, should be the place of a Law Journal training in the First Law Degree and the LL.M. courses ? If Law Journal work is optional, what suggestions would you make to attract suitable students ?	The work should be optional. Students should be encouraged to Law Journals.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૦

St. 99 :

"The subject comprised in each of these faculties shall be as follows :

1. Faculty of Arts including Education :

HUMANITIES

Modern India Languages :

Gujarati
Marathi
Hindi
Urdu
Sindhi
Bengali.

Other Modern Languages :

English
German
French

Classical Languages :

Sanskrit
Pali
Prakrit (Ardhamagadhi), Avesta and Pahlavi
Persian and Arabic
History
Archaeology
Epigraphy and Numismatics
Logic and Philosophy
Mathematics
Statistics
Education
Fine Arts

Ancient Indian or Eastern Culture
Town Planning and Architecture
Physical Education
Journalism
Library Science

Social Studies :

Politics
Economics
Sociology
Civics
Psychology
Anthropology
Geography
Home Science
Labour Welfare
Co-operation

2. Faculty of Science :

Mathematics
Statistics
Geography
Physics
Chemistry
Botany
Zoology
Microbiology
Geology

3. Faculty of Technology including Engineering :

Engineering Technology
Civil Engineering
Mechanical Engineering
Electrical Engineering
Sanitary Engineering
Tele-Communications
Chemical Engineering

Automobile Engineering
Aeronautical Engineering
Textile Engineering
Town Planning and Architecture
Mathematics

4. Faculty of Agriculture :

Agriculture including Veterinary Science
Forestry

5. Faculty of Law :

Law and Jurisprudence

6. Faculty of Medicine :

Medicine including Indigenous Systems
Surgery including Ophthalmology
Midwifery and Gynaecology
Medical Jurisprudence
Pharmacy
Dental Surgery

7. Faculty of Commerce :

Economics
Politics
Statistics
Commerce
Geography
Accounting and Acturial Science
Co-operation
Mathematics

8. Faculty of Ayurveda Medicine :

Ayurvedic Medicine

St. 108 :

The following Boards of Studies may be constituted under the provisions of Section 25(*i*):

Faculty of Arts (including Education) :

1. Gujarati
2. Marathi
3. Hindi
4. Sindhi
5. Bengali
6. English
7. Modern European Languages : German and French
8. Sanskrit
9. Prakrit and Pali
10. Persian, Arabic and Urdu
11. Avesta and Pahlavi
12. History, Archeaology, Epigraphy and Numismatics
13. Political Science
14. Sociology and Anthropology
15. Logic, Philosophy and Political Philosophy
16. Psychology
17. Education
18. Ancient Indian or Eastern Culture
19. Home Science
20. Physical Education
21. Journalism
22. Labour Welfare
23. Fine Arts
24. Library Science

Faculties of Arts and Science :

25. Geology

Faculties of Arts and Commerce :

26. Economics
27. Co-operation

Faculties of Arts, Science and Commerce :

28. Geography
29. Statistics

Faculties of Arts including Education and Technology including Engineering :

30. Town Planning and Architecture

Faculties of Arts including Education, Science, Commerce and Technology including Education :

31. Mathematics

Faculty of Science :

32. Physics
33. Chemistry
34. Botany
35. Zoology
36. Microbiology

Faculty of Commerce :

37. Commerce
38. Accounting
39. Acturial Science and Statistics

Faculty of Law :

40. Board of Studies in Jurisprudence, International Law (Private and Public), Constitutional Law
41. Board of Studies in Crimes, Law of Obligation (i.e. Torts, Contracts and Labour Laws) Procedural Laws
42. Board of Studies in Law of Property and Personal Laws, Taxation Laws

Faculty of Technology including Engineering :

43. Civil Engineering
44. Mechanical Engineering
45. Electrical Engineering

Faculty of Medicine (including Pharmacy) :

46. Pre-Clinical subjects comprising Anatomy, Physiology, Pharmacology and Pathology

47. Medicine comprising Medicine, Preventive Medicine and Forensic Medicine, Surgery comprising Surgery, Ophthalmology, Midwifery and Gynaecology
48. Pharmacy comprising Pharmaceutical Technology, Pharmaceutical Microbiology and Bio-chemical Engineering, Pharmaceutical Chemistry, Pharmacognosy, Physiology, Pharmacology, Bio-essays Pharmacy Management and Drug Marketing
49. Dental Surgery

Faculty of Ayurvedic Medicine :

50. Ayurvedic Medicine

Faculty of Agriculture :

51. Agriculture.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૪૧

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલ સ્થાયી સમિતિની એક સભા તા. ૮-૪-૧૯૬૪ના રોજ ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રી એલ. આર. દેસાઈ એ લીધું હતું. હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. આચાર્ય ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૩. આચાર્ય ય. ગુ. નાયક	હાજર
૪. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી	હાજર
૫. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૬. શ્રી. એમ. એસ. પંડિત	હાજર.

૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા કર્મચારીઓના કામનો પ્રકાર 'ગ્રંથાલય એટેન્ડન્ટ' ગણી તે અંગે ખાસ પ્રકારનાં પગારધોરણ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઈઝ યુનિયનના ઑનરરી સેક્રેટરીના તા. ૨૩-૯-૧૯૬૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મુંબઈ યુનિવર્સિટીમાં લાયબ્રેરી એટેન્ડન્ટનું પગારધોરણ આપણી યુનિવર્સિટી ગ્રંથાલયના પટાવાળાના પગારધોરણ જેટલું, એટલે કે, રૂા. ૪૦-૨-૬૦નું છે. આપણી યુનિવર્સિટીમાં મુંબઈ યુનિવર્સિટી લાયબ્રેરી મુજબ ક્વોલિફાઈડ એટેન્ડન્ટની જગ્યાઓ નથી, તેથી આ સમિતિને હાલના પગારધોરણમાં કોઈ સુધારો કરવાની જરૂર જણાતી નથી.

૨. અને ૩. સિન્ડિકેટે તેની તા. ૧૩-૩-૧૯૬૪ની સભામાં નીચેની બાબત આ સમિતિ સમક્ષ વિચારણા માટે મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત :

ગુજરાત રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૧૦-૨-૧૯૬૪ના ઠરાવ નં. સી. પી. એ. ૧૦૬૩/૧સી.એચ.થી સ્થાનિક વળતર તથા ઘરભાડાં-ભથ્થાંના દરોમાં તા. ૧-૧-૧૯૬૪થી થયેલ સુધારાને અનુલક્ષીને યુનિવર્સિટીના કર્મચારીઓને સ્થાનિક વળતર ભથ્થાં તથા ઘરભાડા-ભથ્થાં આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

ગુજરાત સરકાર તરફથી નાણાખાતાના તા. ૧૮-૩-૧૯૬૪ના ઠરાવ નં. સી. પી. એ. ૧૭૬૪/જે થી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંમાં વધારો કર્યો હોવાથી સુધારેલા દરનો અમલ યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓ માટે કરવા બાબત.

(નોંધ.— યુનિવર્સિટી રાજ્ય સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું આપે છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત સરકારના નાણાખાતાના તા. ૧૦-૨-૧૯૬૪ના ઠરાવ નં. સી. પી. એ. ૧૦૬૩/૧૨સી. એચ. તથા તા. ૧૮-૫-૧૯૬૪ના સી. પી. એ. ૧૭૬૪/ને પ્રમાણે યુનિવર્સિટીના કર્મચારીઓને ઘરભાડા-ભથ્થાં અને મોંઘવારી ભથ્થાં જે તે ઠરાવમાં જણાવેલ તારીખથી આપવાં.

૪. ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓનો ઓવરટાઇમ એલાઉન્સનો દર રૂા. ૧-૨૫ નયા પૈસાને બદલે મુંબઈ યુનિવર્સિટીના ધોરણે વધારીને રૂા. ૧-૫૦ નયા પૈસા આપવાની કર્મચારીઓની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સ્થાનિક પરિસ્થિતિ જોતાં મુંબઈ યુનિવર્સિટીનાં ધોરણો દરેક બાબતમાં સ્વીકારવાં ઉચિત નથી, તેથી ઓવરટાઇમનો દર મુંબઈ યુનિવર્સિટીના ધોરણે વધારવાની કર્મચારીઓની અરજી સ્વીકારવી નહિ.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૫૧

ફાઇનાન્સ સમિતિની ભલામણો

૧. આથી ઠરાવવામાં આવે છે કે, આ સાથેના **પરિશિષ્ટ "અ"**માં જણાવ્યા પ્રમાણે રસાયણ વિભાગ માટેનાં તાત્કાલિક જરૂરિયાતનાં રસાયણો ખરીદવા ઉપકુલપતિશ્રીએ મંજૂરી આપેલ તેની નોંધ લેવી.

૧-(અ) આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીક્ષાનાં પ્રશ્નપત્રો છાપવા માટે રાજકોટ તથા ભાવનગર કેન્દ્રો પરના સરકારી પ્રેસોને સરકારી ભાવે તથા ગોધરા કેન્દ્ર પર શ્રી. કૃષ્ણ પ્રિ. પ્રેસને તેઓના તા. ૬-૨-૧૯૬૩ના કાગળમાં જણાવેલા ભાવે સને ૧૯૬૪થી ૧૯૬૬ સુધીનાં પ્રશ્નપત્રો છાપવા માટે આપેલી મંજૂરીની નોંધ લેવી.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીની કેન્ટીન ચલાવવા માટે જૂન ૧૯૬૪ સુધી હાલના કોન્ટ્રાક્ટર શ્રી. નટવરલાલ એસ. પટેલને ચાલુ રાખવા. વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અંગે સારી રીતે કેન્ટીન ચલાવી શકે તેવા બીજા કોન્ટ્રાક્ટરો સાથે વાટાઘાટ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ સાથેના **પરિશિષ્ટ "બ"**માં જણાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગ માટે ઇમ્પોર્ટ લાયસન્સ મેળવીને આયાત કરવાં.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે રૂા. ૪૭૨૬-૨૫ ન.પૈ.ની કિંમતનાં નીચે જણાવ્યા પ્રમાણેનાં રસાયણો, સાધનો વગેરે ઇમ્પોર્ટ લાયસન્સ મેળવીને આયાત કરવાં:

Sr.No.	*Firm*	*Description*	*C.I.F. Value*
1.	M/s. Ditillation Products U.S.A.	Research Chemicals	Rs. 71·25
2.	M/s. British Drug House Ltd. England.	,, ,,	Rs. 366·00
3.	Bureau of minerals England	,, ,,	Rs. 432·00
4.	M/s. C. Jansen, Belgium	,, ,,	Rs. 110·00
5.	M/s. Glen Creston, England	Apparatus	Rs. 250·00
6.	M/s. Toshniwal Brothers (Sole agent for Beckmann Instruments, U.S.A.)	,,	Rs. 570·00

Sr. No.	*Firm*	*Description*	*C.I.F. Value*
7.	M/s. Scientific Instruments Co. (Sole agent for Unicam Instruments, Cambridge, London)	Accessories for Spectrophotometer	Rs. 2600·00
8.	M/s. Mcgraw Hill Publishing Co., London or New York.	Filmstrips for educational purposes.	Rs. 330·00
			Total Rs. 4729·25

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે નીચે પ્રમાણેનું ફર્નિચર તે સામે જણાવેલ વેપારી પાસેથી ખરીદવું:

ક્રમાંક	વસ્તુનું નામ	જરૂરિયાત	વેપારીનું નામ	ભાવ
૧.	વલસાડી સાગની ખુરશીઓ. બે હાથાવાળી, બેઠકમાં પાટિયા પાછળ ગોળાકાર બેઠક, વેકસ પૉલિશ સાથે યુનિવર્સિટીના નમૂના પ્રમાણે.	૨૦૪ નંગ	પેરેડાઈઝ ફરનિચર માર્ટ	રૂા. ૧૭ (નંગના) ટેકસ સાથે યુનિવર્સિટી ડિલિવરી
૨.	વાંચવા માટેનાં ટેબલો. ૩/૨ વલસાડી સાગનું ૩/૪" જાડું પ્લાયવુડનું ટોપ તથા વેક્ષ પૉલિશ સાથે યુનિવર્સિટી કાર્યાલયના નમૂના મુજબ એક બાજુ ખાનાં તથા સેલ્ફવાળું.	૧૦૮ નંગ	ઇન્ડિયન ફરનિચર વૂડ વર્કસ	રૂા. ૫૮ (નંગના) ટેકસ સાથે યુનિવર્સિટી ડિલિવરી
૩.	લાકડાના વલસાડી પલંગ અમારા સ્કેચ મુજબના, મચ્છરદાની માટેના હૉલ રાખીને, સૂવાની બેઠકમાં ૧" જાડું વલસાડી પાટિયું વાપરીને વેકસ પૉલિશ સાથે.	૨૦૪ નંગ	જે. મનુભાઈ એન્ડ કું., નડિયાદ	રૂા. ૭૧ (નંગના) ટેકસ સાથે યુનિવર્સિટી ડિલિવરી

૬. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય, લાયબ્રેરી, પ્રેસ વગેરે માટે નીચે પ્રમાણેનું સ્ટીલનું ફરનિચર ખરીદવું:

ક્રમાંક	વસ્તુનું નામ	જરૂરિયાત	વેપારીનું નામ	ભાવ
૧.	લોખંડનું પીજિયન હૉલ કબાટ: ૧૦ ખાનાંવાળું. યુનિવર્સિટીના નમૂના પ્રમાણેનું. (હૉલેરિથ વિભાગ માટે):	૧ નંગ	રવીન્દ્ર એન્ડ કું. એજન્સી	રૂા. ૩૩૦ (નંગના) ટેકસ સાથે યુનિવર્સિટી ડિલિવરી

ક્રમાંક	વસ્તુનું નામ	જરૂરિયાત	વેપારીનું નામ	ભાવ
૨.	લોખંડનું પીજિયન હૉલ કબાટ : ૨૪ આડી છાજલીઓવાળું, યુનિવર્સિટીના નમૂના મુજબ. હૉલેરિથ વિભાગ માટે	૧ નંગ	રવીન્દ્ર એન્ડ કું. એજન્સી	રૂા. ૪૮૫ ટેક્સ સાથે. યુનિવર્સિટી ડિલીવરી.
૩.	લોખંડનાં કબાટો : ગ્રંથાલય માટે–૬, પ્રેસ માટે –૨, એસ્ટેટ માટે –૨	૧૦ નંગ	,,	રૂા. ૨૯૫ ,, નંગના
૪.	લોખંડના ઘોડા : ૭૮" × ૩૬" × ૧૮" યુનિવર્સિટીના નમૂના મુજબ, હિસાબ વિભાગ–૩, ડી. પી. ઈ.–૧	૪ નંગ	,,	રૂા. ૧૧૦ ,, નંગના
૫.	લોખંડના નાના ઘોડા : ૨૯" × ૨૭" × ૧૦" અમારે ત્યાંના નમૂના પ્રમાણે, એમ્પ્લોયમેન્ટ બ્યૂરો માટે	૪ નંગ	,,	રૂા. ૨૪–૫૦ ન.પૈ. નંગના ટેક્સ સહિત. યુનિવર્સિટી ડિલિવરી.
૬.	લોખંડનું ફાઈલિંગ કેબિનેટ અમારે ત્યાંના નમૂના મુજબ, (ડી. પી. ઈ. માટે)	૧ નંગ	,,	રૂા. ૩૧૫–૦૦ ,,
૭.	બ્લૉક સ્ટોરેજ કેબિનેટ ૭૮" × ૩૬" × ૧૯"–૫ છાજલી. કેબિનેટની સઘળી વિગતો યુનિવર્સિટી પ્રેસમાંથી મેળવવી. (યુનિવર્સિટી પ્રેસ માટે)	૧ નંગ	,,	રૂા. ૩૧૦–૦૦ ,, જો પેમેન્ટ માલ મલ્યા પછીથી એક અઠવાડિયામાં આપશે તો ૦।। ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઇલેક્ટ્રિક પંખાઓ માટે પી. ડબલ્યુ. ડી. ના સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી. એમ. બી. જસાણીનાં સલાહસૂચનો લઈને કંપની પાસેથી સરકારી રેઈટ કોન્ટ્રેકટ પ્રમાણે વસ્તુઓ ખરીદવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૭. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલય માટે સામયિકો તથા પુસ્તકો બાંધવાનું કામ નીચે પ્રમાણે કરાવવું :

૧.	પીઠ તથા ખૂણાઓ ચામડાના અને બાકીના ભાગમાં છીંટ તેમ જ સોનેરી અક્ષરો સાથે.	રૂા. ૧૧ નંગના	મે. યુનાઈટેડ બુકબાઇન્ડિંગ વર્ક્સ એન્ડ સપ્લાયર્સ
૨.	સળંગ છીંટમાં જૂનાં પુસ્તકો બાંધવા માટે	રૂા. ૧–૩૧ ન.પૈ. નંગના	મે. શમ્મીર બુક બાઇન્ડિંગ વર્ક્સ.

परिशिष्ट "अ"

Sr. No.	*Name of the Chemical*	*Quality*	*Rate*	*Quant. Reqd.*	*Price*
		V. M. Shah & Co.			
1.	Cyclohexanone	U.S.A.L.P.	7·20/lb.	4 lbs.	28·80
2.	Diphenyl carbazide		32·00/25 g.	50 gms.	64·00
3.	Furfurai	Chem.pure	30·00/lb.	5 lbs.	150·00
4.	2-furoic acid	BDH	30·00/25 g.	100 gms.	120·00
5.	Sodium azide	EM	34·06/100 g.	100 gms.	34·06
6.	Tetrahydrofurfuryl alcohol		72·00/500 g.	500 g.	72·00
7.	Arachidic acid		12·00/10 g.	10 g.	12·00
8.	Phenyl hydrazine		85·00/500 g.	1 kg.	170·00
		Impex Chemical Corporation			
1.	n-butyraldehyde	Light	80·00/500 g.	1½ kg.	240·00
2.	L cystine	EM.	18·00/25 g.	100 g.	72·00
3.	Quinoline	Riedel	28·00/500 g.	5 lbs.	140·00
4.	Isooctane	BDH	55·00/500 ml.	1 lt.	110·00
5.	Lauric acid	BDH	40·00/500 g.	500 g.	40·00
6.	n-propylamine	Fulka Light	80·00/100 g.	100 g.	80·00
		Chempure Pvt. Ltd.			
1.	Dicyclohexylamine	BDH	25·00/100 ml.	300 ml.	75·00
2.	Thiodiglycol	Light	60·00/100 g.	200 g.	120·00
3.	n-heptane	LP	10·00/lb.	5 lb.	50·00
4.	Pelargonic acid	Light	10·00/10g.	10 g.	10·00
5.	n-valeric acid	BDH	24·00/25 ml.	25 ml.	24·00
		Vora Brothers			
1.	Cyclohexanol	Eng. LP	8·00/lb.	4 lbs.	32·00
2.	ninhydrin	EM	32·00/500 g.	2 lbs.	64·00
3.	Glutaric acid	Swiss/BDH	45·00/10 g.	10 g.	45·00
4.	Iso butyraldehyde	BDH	72·00/250 ml.	250 ml.	72·00
5.	Acrolein	Riedel/Eng.	68·00/250 g.	250 g.	68·00

Sr. No.	Name of the Chemical	Quality	Rate	Quant. Reqd.	Price
		V. M. Shah & Co.			
1.	Propionic acid	BDH	28·00/500 ml.	1 lb.	28·00
2.	Menthol	France	127·00/lb.	3 lbs.	381·00
3.	Pronionhenone	BDH/EM	91·50/100 ml.	100 ml.	91·50
4.	Iso-amyi alcohol	BDH	9·80/500 ml.	15 lbs.	120·00
5.	Ethylene Glycol	BDH	9·50/500 ml.	10 lbs.	95·00
6.	Diethyl malonate	Narden	50·00/lb.	10 lbs.	500·00
		B. Babulal & Co.			
1.	Ethylene chlorohydrin	EM	50·00/500 g.	5 lbs.	250·00
2.	Di methyl amine	M&B	40·00/500 g.	5 lbs.	200·00

Indian Aluminium Co. Ltd., Calcutta

*Quotations submitted by the Manufacturer directly :

1. Indal Aluminium Sheets is M 57S ½ hd. temper, size 2438 mm x 914 mm x 0·56 mm. Quant. reqd. 75 kg. Approximately Rs. 675·00.
2. Indal Aluminium Sheets in 65S alloy 'O' temper, size 2438 mm x 914 mm x 0·91 mm Quant. reqd. 75 kg. Approximately Rs. 660/-.

परिशिष्ट 'ब'

Details for Import of Scientific Equipments and Laboratory Goods

Sr. No.	*Brief description of the item*	*Name of the supplier*	*Requirements*	*Price*
1.	Condenser Microphone Assembly Type 1551—P 1 L	M/s. General Radio Company, Massachusetts, U.S.A.	1 pc.	Rs. 2,615 C.I.F. Value
2.	Transistor Oscillator Type 1307—A	,, ,,	1 pc.	Rs. 550 C.I.F.
3.	The Handbook of Noise Measurement	,, ,,	1 copy	Rs. 6 C.I.F.
4.	A primer of Noise Measurement	,, ,,	1 copy	Free of charge
5.	Aluminium Rod	M/s. Johnson, Matthey & Co.,	1 pc.	Total C.I.F. value Rs. 1,829
6.	Arsenic Powder		1 gm.	
7.	Antimony Ingot	London—England	10 gm.	
8.	Cadmium Rod	,, ,,	1 pc.	
9.	Cadmium Sheet	,, ,,	1 pc.	
10.	Cobalt Rod	,, ,,	1 pc.	
11.	Cobalt Sheet	,, ,,	1 pc.	
12.	Gallium Grains	,, ,,	1 gm.	
13.	Germanium Ingot	,, ,,	5 gms.	
14.	Indium Wire	,, ,,	5 gms.	
15.	Indium Foil/Sheet	,, ,,	1 pc.	
16.	Magnesium Rod	,, ,,	1 pc.	
17.	Molybdenum Rod	,, ,,	1 pc.	
18.	Nickle Rod	,, ,,	1 pc.	
19.	Silicon Ingot	,, ,,	1 gm.	
20.	Tellurium Rod	,, ,,	2 pc. s	
21.	Zinc Rod	,, ,,	1 pc.	
22.	Zirconium Sheet	,, ,,	3 pc.s	

23.	Electron Paramagnetic Resonance Apparatus	M/S Ealing Corp., London, England	1 set	}	Rs. 500 C.I.F.
	Supplementary Kit	,, ,,	1 set		
24.	Organic Crystal	M/S Nash and Thompson Ltd., Surrey – England	1 pc.	}	Rs. 250 C.I.F.
	Zinc Sulphide Screens	,, ,,	2 pc.s		
25.	Chart Rolls	M/S Hartmann & Braun, Germany	60 rolls		Rs. 165 C.I.F.
26.	Termination Unit	M/S General Radio Co., U.S.A.	1 pc.	}	Rs. 230 C.I.F.
	Dummy Antenna	,, ,,	1 pc.		
27.	Variable Air Capacitors	M/S Hammerlund Mfg. Co., N.Y., U.S A.	3 pc.s		Rs. 140 C.I.F.
28.	Valve Tubes	M/S Barry Electronics Export Corp., U.S.A.	2 pc.s		Rs. 215 C.I.F.
29.	Improved Valves	M/S Mullard Overseas Ltd., England	3 pc.s		Rs. 275 C.I.F.
30.	Chart Rolls	M/S Philips Inda Limited, Bombay	30 rolls		Rs 360 C.I.F.
31.	G. M. Tubes	,, ,,	3 pc.s		Rs. 365 C.I.F.

Details For Purchase of Laboratory And Workshop Tools

1	2	3	4	5
1.	High Voltage Transformer	M/s. Bombay Radio House, Ahd.	1 pc.	Rs. 130·00
2.	,, ,,	,, ,, ,,	1 pc.	Rs. 100·00
3.	Power Transformer	,, Norman Bros., Bombay	1 pc.	Rs. 89·00
4.	,, ,,	,, ,, ,, ,,	1 pc.	Rs. 54·50
5.	Filament Transformer	,, Amsu Trading Co., Bombay	1 pc.	Rs. 9·00
6.	,, ,,	,, ,, ,, ,,	2 pc.s	Rs. 38·00

1	2		3	4	5
7.	,, ,,	,,	Bombay Radio House, Ahd.	1 pc.	Rs. 18·00
8.	,, ,,	,,	Amsa Trading Co., Bombay	1 pc.	Rs. 8·50
9.	Choke : 600 mA	,,	Bombay Radio House, Ahd.	2 pc.s	Rs. 100·00
	300 mA	,,	Amsu Trading Co., Bombay	4 pc.s	Rs. 100·00
10.	High Voltage Condensers				
	2 Mfd, 2000 V	,,	Bombay Radio House, Ahd.	2 pc.s	Rs. 160·00
	4 Mfd, 2000 V	,,	Amsu Trading Co., Bombay	4 pc.s	Rs. 360·00
	8 Mfd, 2000 V	,,	,, ,,	2 pc.s	Rs. 350·00
11.	Glass cartridge fuses 500 mA, 1 A, 2 A, 3 A and 5 A	,,	Norman Brothers, Bombay	2½ doz. (6 pc.s each)	Rs. 18·75
	Fibre type fuse holder base-board type single	,,	,, ,,	1 doz.	Rs. 7·50
	Glass cartridge fuses 500 mA, 1 A and 3 A with panel type Bulgin F. 55 holder	,,	Bombay Radio House, Ahmedabad	¾ doz. (3pc.s each)	Rs. 75·50
12.	Constant Voltage Transformer	,,	Automatic Elec. Pvt. Ltd., Bombay	1 pc.	Rs. 1,035·00
13.	Valves : 5 U 4	,,	Amsu Trading Co., Bombay	4 pc.s	Rs. 40·00
	866 A		Norman Bros., Bombay	4 pc.s	Rs. 160·00
14.	Hand blower	,,	Regal Trading Co., Ahmedabad	1 pc.	Rs. 424·60
15.	Sport-welding machine	,,	Batliboi & Co., Ahmedabad	1 pc.	Rs. 925·00

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૩

બાંધકામ સમિતિની એક સભા, તા. ૬-૪-૧૯૬૪ને સોમવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જે સમયે સભાના નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કસ્તુરભાઈ લાલભાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૪. શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. એસ. કે. કાત્રક	ગેરહાજર
૬. શ્રી. એલ. બી. જસાણી	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૦-૨-૧૯૬૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૦-૨-૧૯૬૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. 'બી' ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સમાં નીચેની સવલતો પૂરી પાડવા માટે વિચારણા કરવા બાબત (કુલ ખર્ચ આશરે રૂા. ૪૮,૨૫૬ જેટલું થાય છે):

(૧) છાજલી, ચોકડી, બીટીઓ તથા લેવલરોડના માટે	...	રૂા. ૧,૯૧૧
(૨) કુકીંગ પ્લેટફોર્મ, લાકડાના કબાટ, વોશબેસીન તથા પ્લેટફોર્મની નીચેના કબાટ માટે	...	રૂા. ૧૫,૯૬૦
(૩) ચોક પર સ્લેબ તા. ૬-૮-૧૯૬૩ની બાંધકામ સમિતિમાં આ કામની મંજૂરી મળેલી છે:	...	રૂા. ૧૬,૯૦૦
(૪) બહારથી સીડી કરી આપવા બાબત	...	રૂા. ૧૨,૪૮૦
(૫) બારીઓમાં ફીકસ્ડ પેનલને બદલે વૂડન શટર્સ કરવા બાબત.	...	રૂા. ૯૭૫
કુલ	...	રૂા. ૪૮,૨૫૬

આથી ઠરાવવામાં આવે છે કે, 'બી' ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સમાં લાકડાના કબાટ સિવાયની વધારાની સવલતો પૂરી પાડવા માટે રૂા. ૪૫,૬૫૬નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. વિદ્યાર્થિનીઓના છાત્રાલયના બાંધકામમાં વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓના છાત્રાલયના બાંધકામમાં નીચેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1. 1 : 5 : 10 Brickbat Cement concrete $4\frac{1}{2}$" average thick. .. Rs. 50/- per % sft.
2. $1\frac{1}{2}$" cc. Patent stone with top finish and Asphalt lining, etc., complete. Rs. 65/- per % sft.

૪. વિદ્યાર્થિનીઓના છાત્રાલયની આસપાસ તારની વાડ કરવા માટે આવેલાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયની આસપાસ તારની વાડ કરવા માટે આવેલાં ટેન્ડર્સ તપાસી યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. વિદ્યાર્થીઓના છાત્રાલયના કોન્ટ્રાક્ટરની પેઢીનું નામ મે. વીજ્યોર પ્રા. લિ.ને બદલે તેઓએ 'વીજ્યોર લિમિટેડ' બદલ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયના કોન્ટ્રાક્ટરની પેઢીનું નામ મે. વીજ્યોર (ઇન્ડિયા) પ્રા. લિ.ને બદલે તેઓએ 'વીજ્યોર લિમિટેડ' બદલ્યું છે તેની નોંધ લેવી.

૬. સેનેટ હૉલ માટે સભાગૃહના નીચેના ભાગ માટે ખુરશીઓની પસંદગી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત હાલ મુલતવી રાખવી અને પુશબેક ટાઇપની ખુરશીનો સેમ્પલ મંગાવી આગામી સભા વખતે સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૭. ઓવરહેડ ટેંકમાં કન્સલ્ટિંગ એન્જિનિયર શ્રી. રાસબિહારી એન. વકીલના પત્ર પ્રમાણે વધારાના ખર્ચની મંજૂરી મેળવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઓવરહેડ ટાંકા તથા પંપહાઉસને જોડતી ફ્લેન્જવાળી પાઈપ લાઈનો નાખવાના ખર્ચમાં કુલ રૂા. ૩૪,૦૦૦નો વધારો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. લાયબ્રેરીના મકાન માટે આવેલાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

લાયબ્રેરીના બાંધકામ માટે કુલ ૧૦ ટેન્ડરો આવ્યાં હતાં. આવેલાં ટેન્ડરોને તપાસીને સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિનિયરિંગ કંપનીને આ કામ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, તેમની ટેન્ડરની રકમ રૂા. ૭,૦૬,૮૬૨ : રૂા. ૩૩,૦૦૦ ઘાબા પરના વોટર પ્રૂફિંગના અલગમાંથી ૫ ટકાનો ઘટાડો કરવા અંગે સદરહુ કંપની સાથે વાટાઘાટો કરીને યોગ્ય કરવાની સત્તા શ્રી. કસ્તુરભાઈ લાલભાઈને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઉપકુલપતિશ્રીએ વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિનિયરિંગ કંપનીના ભાગીદાર તરીકે પોતાના ભાઈ હોવાને કારણે આ કંપની સિવાય બીજાને કામ આપવા સૂચવ્યું હતું; પરંતુ સદરહુ કંપનીએ મોટાં તથા સારાં કામો કરેલાં છે અને કંપનીની સારી ખ્યાતિને ધ્યાનમાં લઈ કમિટીએ ઉપકુલપતિશ્રીની સ્પષ્ટતા છતાં

તથા સ્થપતિ શ્રી. બી. વી. દોશીની ભલામણોનો વિચાર કરી તે કંપનીને કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય કર્યો હતો.

૯. સાયન્સ બિલ્ડિંગના એપ્રોચ રોડના કામ માટે આવેલાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ બિલ્ડિંગના એપ્રોચ રોડના કામ માટે આવેલાં ટેન્ડર્સમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. શાહપુરા એન્ડ કંપનીનું રૂા. ૧૪,૯૨૫-૫૦નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. 'બી' ટાઇપના ક્વાર્ટર્સમાં ચોકને સ્લેબથી બંધ કરવા માટે આવેલાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, 'બી' ટાઇપના ક્વાર્ટર્સના ચોકને સ્લેબથી બંધ કરવા માટે આવેલા ટેન્ડર્સમાંથી મે. વેલ બીલ્ટ કન્સ્ટ્રક્શન અને મે. શાહપુરા એન્ડ કંપનીનાં ટેન્ડર્સ તપાસી યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રી વિભાગ માટે ગેસ હાઉસના બાંધકામ માટે આવેલાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં કેમિસ્ટ્રી વિભાગ માટે ગેસ હાઉસના બાંધકામ માટે નીચેના ત્રણ કોન્ટ્રાક્ટરોનાં ટેન્ડર્સ તપાસીને યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) પ્રવીણ કન્સ્ટ્રક્શન

(૨) વેલબીલ્ટ કન્સ્ટ્રક્શન

(૩) શાહપુરા એન્ડ કંપની.

૧૨. શુટિંગ રેંજના આલેખ, અંદાજ તથા તેની સાઇટ અંગે વિચારણા કરવા બાબત. (અંદાજી ખર્ચ આશરે રૂા. ૧૧,૦૦૦ જેટલું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શુટિંગ રેંજની સાઇટ નક્કી કરવા અંગેની બાબત મુલતવી રાખવી અને તે અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશીનો અભિપ્રાય મેળવી આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૧૩. યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર સાયકલ શેડના બાંધકામ માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી અને હવેની સભા વખતે સાયકલ શેડની ડિઝાઇન રજૂ કરવી. આ ડિઝાઇન સમિતિના સભ્યોને વેળાસર મોકલી આપવી.

૧૪. કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે પોતાને લેવા માટે મેસર્સ આરગોન એન્જિનિયરની તા. ૧૮-૨-૧૯૬૪ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અરજી દફ્તરે કરવી.

૧૫. ઝુલેાજીના મકાન માટે સ્થપતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં આવનાર ઝુલેાજીના મકાનના બાંધકામ માટે સ્થપતિ શ્રી. બી. વી. દોશીની નિમણૂક કરવા તથા તેમનેા મહેનતાણાનેા દર મકાનની કિંમત પર ૩½ ટકાનેા રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. લાયબ્રેરીના મકાન માટેના બધા આલેખેા તૈયાર થઈ ગયા હેાઈ હવે વધારાના માળ માટેનું પ્રેાવિઝન કરવા અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરીના મકાન માટે સ્થપતિના તેમ જ કન્સલ્ટિંગ એન્જિનિયરના સ્ટ્રકચરલ ડ્રેાઇંગ તૈયાર થઈ ગયા હેાઈ અને ભવિષ્યમાં એ પ્રકારના જ મકાનનેા વિસ્તાર બાજુમાં જ થઈ શકે તેવું પ્રેાવિઝન રાખેલું છે તે જોતાં આ મકાન પર વધારાના માળનું પ્રેાવિઝન રાખવાની જરૂર જણાતી નથી.

૧૭. સાયન્સ બિલ્ડિંગ તથા અન્ય મકાનેા માટે ઇલેક્ટ્રિકલ કેબલનાં આવેલાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ બિલ્ડિંગ તથા અન્ય મકાનેા માટે ઇલેક્ટ્રિક કેબલ પૂરાં પાડવાનાં ટેન્ડર્સ અંગે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીનેા અભિપ્રાય આવે તે મેળવીને તે અંગે ઘટતું કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. સાયન્સ બિલ્ડિંગના બાંધકામમાં કેટલાક વધારાના દરેા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ બિલ્ડિંગના બાંધકામમાં નીચેના વધારાના દરેા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1.	Providing and fixing the gate at Botany Department.	.. Rs. 6/– per sft.
2.	Providing 7/32" thick glasses instead of ¼" thick. These glasses will be fixed on skylight in Botany Deptt.	.. Rs. 4/– per sft.
3.	Marble partition 1" thick for urinals in lavatory block.	.. Rs. 8·50 per sft
4.	Junction Kundis in laboratory channels	.. Rs. 15/– per No.
5.	Grill on Chemistry first floor for verandah as per the design of Architect.	.. Re. 1/– per Lb.
6.	Fixing the grills.	.. Rs. 10/– per No.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, લેબેારેટરીની ચેનલ પર મેાસ્ક સ્ટેાન મૂકવા.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયના મકાનને બંધ કરવા (unclosed) માટેની ડિઝાઇન કરવા અંગે સ્થપતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનના ખુલ્લા પ્રવેશો બંધ કરવા અંગે સ્થપતિ શ્રી. હસમુખ પટેલનો અભિપ્રાય મેળવવો અને તે અંગેનાં ડિઝાઇન અંગેનાં સૂચનો મંગાવવાં.

૨૦. સાયન્સ બિલ્ડિંગનાં મકાનો માટે ઇલેક્ટ્રિક ફીટિંગ, જેવાં કે, સીલિંગ ફેન, એકઝોસ્ટ ફેન, ટ્યુબલાઈટ વગેરે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ બિલ્ડિંગનાં મકાનો માટે ઇલેક્ટ્રિક ફીટિંગ, જેવાં કે, સીલિંગ ફેન, એકઝોસ્ટ ફેન, ટ્યુબલાઈટ વગેરે ગવર્નમેન્ટ એજન્સી મારફત ખરીદવા અંગે સુપ્રિ. એન્જનેર શ્રી. એલ. બી. જસાણીનાં સલાહસૂચનો લઈ તે અંગે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. સ્ટાફ ક્વાર્ટર્સના રોડના કોન્ટ્રાક્ટર મે. હાકારભાઈ પટેલ એન્ડ કું.ના રોડ પરથી મુરમના ભાવમાં ઘટાડો કરવાની માગણી સ્વીકારીને પાથરવા દેવાની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ ક્વાર્ટર્સના કોન્ટ્રાક્ટર મે. હાકારભાઈ પટેલ એન્ડ કું.ની ડ પરની મુરમના ભાવમાં ઘટાડો કરવાની માગણી સ્વીકારીને તે પાથરવા દેવાની મંજૂરી આપવી તથા અંગે કેટલો ઘટાડો નક્કી કરવો તે માટેની સત્તા ઉપકુલપતિશ્રીને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. આરોગ્ય કેન્દ્રના સફાઈ કામદારને કેન્દ્રના મકાનના કમ્પાઉન્ડમાં જ મકાન આપવા માટેની ફ મેડિકલ ઑફિસરની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્ય કેન્દ્રના સફાઈ કામદારને કેન્દ્રના મકાનના કમ્પાઉન્ડમાં જ કાન આપવા અંગેની બાબતનો નિર્ણય સિન્ડિકેટ પર છોડવો.

૨૩. ગેસ્ટ હાઉસ તથા ટીચર્સ હૉસ્ટેલના મકાન માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા બત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગેસ્ટ હાઉસ તથા ટીચર્સ હૉસ્ટેલના મકાન માટે કન્સલ્ટિંગ ન્જિનિયર તરીકે શ્રી. રાસબિહારી એન. વકીલની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૪. યુનિવર્સિટીનો સ્થપતિઓના પેનલ પર લેવા અંગે સ્થપતિ શ્રી. બર્નાડ કોનના તા. -૨-૧૯૬૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

જ. મં. મહેતા,
[illegible]

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૫૭

૧. તા. ૨૦-૫-૧૯૬૪થી તા. ૩૦-૫-૧૯૬૪સુધી શારીરિક શિક્ષકો માટેનો ઓપ વર્ગ 'ગ્રીષ્મ શિબિર' યોજવો. જો જરૂર લાગે તો આ તારીખોમાં ફેરફાર કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પોર્ટસના પ્રમુખ અને મંત્રીને આપવી.

૨. ઓપ વર્ગ અનુક્રમે નારગોળ, ગુરુકુળસુપા, નવસારી કે અન્ય અનુકૂળ આવે તે સ્થળે યોજવો.

૩. આ વર્ષે બાસ્કેટ બૉલ અને ઍથલેટિક્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું, અને સાથે સાથે Recreational રમતો, જેવી કે, ટેબલ ટેનિસ, બેડમિન્ટનની રમતો રમાડવાનું-શીખવવાનો પ્રબંધ કરવો, તથા હૉકી, ફૂટબૉલ, કબડ્ડી વગેરેની રમતોના સામાન્ય નિયમો વિષેની માહિતીની ચોખવટ કરવી, તથા રમતોના પુસ્તકોનું વાચન કરાવવું અને આ અંગેની ફિલ્મો બતાવવાની વ્યવસ્થા કરવી.

૪. આ શિબિર માટે ૪૦થી ૫૦ની વચ્ચેનો અનુકૂળ આવે તે સંખ્યા પસંદ કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી.

૫. શિબિરના મુખ્ય સંચાલક તરીકે શારીરિક શિક્ષણ અને યુવક-કલ્યાણ ખાતાના અધ્યક્ષ શ્રી. વાસુદેવ મહેતાને નિયુક્ત કરવા અને સહ-સંચાલક તરીકે મદદનીશ શારીરિક શિક્ષણ અધ્યક્ષ શ્રી. લાલજીભાઈ ઠક્કર અને શિબિરના જોડાયેલામાંથી અન્ય એકને પસંદ કરીને નિયુક્ત કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખને આપવી. (શ્રી. વાસુદેવ મહેતા અન્ય રોકાણને લીધે ન જઈ શકે તો શ્રી. ઠક્કરે મુખ્ય સંચાલકની કામગીરી બજાવવી.)

૬. રમતોના સંચાલક તરીકે શ્રી. જેરામ દેસાઈ, શ્રી. છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલય, રાજપીપળાને નિયુક્ત કરવા.

૭. આ ઓપ વર્ગમાં વાર્તાલાપ આપવા માટે નીચેનામાંથી અનુકૂળ લાગે તે સભ્યોને આમંત્રણ આપવા માટે બૉર્ડ ઑફ સ્પોર્ટસના પ્રમુખ અને મંત્રીને સત્તા આપવી:

(૧) પ્રિ. વસંત કપ્તાન અગર શ્રી. રહીમ, હૈદરાબાદ
(૨) પ્રિ. પી. એમ. જોસેફ અગર પ્રો. શ્રીવાસ્તવ અગર પ્રો. કરણસીંગ, ગ્વાલિયર
(૩) પ્રિ. એસ. આર. ભટ્ટ, પ્રિ. વાય. પી. શુકલ, પ્રિ. સાવિડલ, પ્રિ. ડીસોઝા
(૪) ડૉ. પી. સી. વૈદ્ય
(૫) બૉર્ડ ઑફ સ્પોર્ટના સભ્યોમાંથી જે અનુકૂળ આવે તે.

૮. આમંત્રિતોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ભાડું-ભથ્થું આપવું.

૯. ઓપ વર્ગના ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ સમારંભ માટે યોગ્ય વ્યક્તિઓને આમંત્રણ આપવાની સત્તા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી.

૧૦. ગ્રૉપ વર્ગ અંગે ખર્ચની ફાળવણી નીચે પ્રમાણે કરવી, પરંતુ તેમાં એક બાબતમાંથી બીજી બાબતમાં જરૂર લાગે તેમ ફેરફાર કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી અને શિબિરના ખર્ચને મંજૂર કરવાની સત્તા યુનિવર્સિટીના શારીરિક શિક્ષણના અધ્યક્ષને આપવી:

		રૂા. ન.પૈ.
૧. શિબિરાર્થીઓનું ભોજનખર્ચ (આશરે ૪૫ વ્યાયામ શિક્ષકો તથા સંચાલકો તથા ઇન્સ્ટ્રક્ટર્સ મળીને ૫૦ જણનું રોજનું માથા-દીઠ વધુમાં વધુ રૂા. ૩-૫૦ પ્રમાણે ગણતાં)	...	૧,૭૫૦-૦૦
૨. શિબિરાર્થીઓને તથા ઇન્સ્ટ્રક્ટર્સને આવવા-જવાનું બીજા વર્ગનું રેલવે ભાડું તથા આવતાં-જતાંનું પરચૂરણ ખર્ચના કુલ રૂા. ૬-૦૦ આપવાનું ગણતાં આશરે	...	૨,૦૦૦-૦૦
૩. આમંત્રિતો અંગેનો યુનિ.ના નિયમ પ્રમાણે આપતાં થતાં ભાડાં-ભથ્થાંનો ખર્ચ	...	૪૦૦-૦૦
૪. માનદ વેતન	...	૩૦૦-૦૦
૫. પરચૂરણ ખર્ચ—રમતનાં સાધનો, મેદાનો તૈયાર કરવાની મજૂરી, ટપાલ, દવા છાપાં વગેરે.	...	૫૫૦-૦૦
કુલ	...	૫,૦૦૦-૦૦

૧૧. શિબિરાર્થીઓ એક દિવસ આવે તે તથા પછીથી એક દિવસ રહીને જાય તે અંગેના ભોજન ખર્ચને મંજૂર કરવું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના જૂન માસની સભા, શનિવાર, તા. ૬-૬-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ એ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

તા. ૬-૬-૧૯૬૪

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, સહશિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. શ્રી. જે. બી. સાવિડત્ર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બકુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. હાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છો. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. તા. ૧૧-૪-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૪ના એપ્રિલ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૧-૪-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૪ના એપ્રિલ માસની સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી વડાપ્રધાન પંડિત નહેરુના અવસાન પ્રત્યે શોક દર્શાવતો નીચેનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો અને તે સભાગૃહે ઊભા થઈ બે મિનિટ મૌન જાળવી પસાર કર્યો :

"ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા ભારતના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના તા. ૨૭-૫-૧૯૬૪ના રોજ થયેલા અવસાનની નોંધ લેતાં અત્યંત દિલગીરી અને દુઃખની લાગણી અનુભવે છે. પૂજ્ય ગાંધીજીના સિદ્ધાંતોનો લોકશાહીના ઉચ્ચત્તમ આદર્શો સાથે સુમેળ સાધી તથા સતત પરિશ્રમ અને સ્વાર્પણ દ્વારા રાષ્ટ્રના નવનિર્માણના કાર્યમાં જીવનની અંતિમ પળો સુધી કાર્યરત રહી, પ્રજાના હૃદયમાં વસેલા પંડિતજી આંતરરાષ્ટ્રીય રાજનીતિજ્ઞ મહાપુરુષ હતા એટલું જ નહિ, પણ પોતાની સાંસ્કૃતિક તથા સાહિત્યિક ક્ષેત્રોની સેવાઓ મારફત તથા દેશની વૈજ્ઞાનિક પ્રગતિના સુકાની તરીકે પોતે આપેલા ફાળા દ્વારા એક તેજસ્વી સાહિત્યકાર અને વિજ્ઞાનના પ્રખર હિમાયતી તરીકેની કીર્તિ સંપાદન કરનાર આજીવન કેળવણીકાર પણ હતા. તેમણે પ્રાધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓનાં અપ્રતિમ આદર અને પ્રીતિ સંપાદન કર્યાં હતાં એટલું જ નહિ, પણ તેમની સમક્ષ તેઓ એક ઉચ્ચ આદર્શ તરીકે હતા.

વિશ્વશાંતિ, માનવતા અને સ્વાતંત્ર્યના એક પ્રમુખ પુરસ્કર્તા તરીકે તેઓ અમર બન્યા છે.

રાષ્ટ્રને તેમ જ જગતને તેમના અવસાનથી પડેલી ખોટ તેમણે સેવેલા આદર્શોને માર્ગે આગળ વધીને જ પૂરી પાડી શકાય એમ આ સભા માને છે, અને પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ બક્ષે અને ભારતના દરેક નાગરિકને તેમણે ચીંધેલા માર્ગે પ્રયાણ કરવા માટે શક્તિ બક્ષે એવી પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ યોગ્ય સ્થળે મોકલી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે"

ત્યાર બાદ સૌપ્રથમ બાબત ક્રમાંક ૬૬ની વિચારણા હાથ ધરવામાં આવી.

૬૬. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈના તા. ૪-૬-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાને અંતે, ૧૫મી જૂન ૧૯૬૪થી શરૂ થનાર કૉલેજોની બાબતમાં સભાગૃહ સમક્ષ રજૂ થયેલી માહિતી પરથી ઠરાવવામાં આવે છે કે —

(૧) જે જે કૉ[illegible] હજુ સુધી શરતોનું પૂરેપૂરું પરિપાલન કર્યું નથી તેમને લખી જણાવવું કે [illegible] પૂરું પરિપાલન કર્યાનો રિપોર્ટ તા. ૧૨મી જૂન સુધીમાં આવશે નહિ તો તેઓ [illegible]માં જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હશે તે બાબતમાં જોખમદારી તેમની જ રહે[illegible]

(૨) અમદાવાદમાં આવેલી અમદાવાદ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નવગુજરાત સાયન્સ કૉલેજ તથા પ્રમુદાસ ઠક્કર સાયન્સ કૉલેજની બાબતમાં મળેલી માહિતીના આધારે તે બાબતમાં તપાસ કરી રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી અને તે સમિતિને તેમનો રિપોર્ટ તા. ૧૧-૬-૧૯૬૪ પહેલાં રજૂ કરવા જણાવવું :

૧. આચાર્ય જે. બી. સાણિડલ
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૩. પ્રો. જે. જે. ત્રિવેદી
૪. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી.

(૩) પેરા ૨માં જણાવેલી કૉલેજો સિવાયની જ ૬૪થી શરૂ થનાર નવી કૉલેજોની બાબતમાં નિયુક્ત થયેલી સમિતિઓને જે તે કૉલેજોમાં જ તપાસ કરવા માટે ઓ તાત્કાલિક રિપોર્ટ કરવા માટે જણાવવું.

(૪) ઉપકુલપતિશ્રીએ પેરા ૨માં જણાવેલી કૉલેજોના આચાર્યોને નીચેની બાબતોની સ્પષ્ટતા કરવા રૂબરૂમાં જણાવ્યું હતું તે બાબતો અંગે પણ જરૂરી તપાસ કરી સમિતિને રિપોર્ટ કરવા જણાવવું :

૧. જાહેરખબર, ખાસ કરીને શિક્ષકોની નામાવલિ અંગે,
૨. બે સત્રની સામટી ફી લેવા અંગે,
૩. દાન લેવા અંગે,
૪. વર્ગની સંખ્યા અંગે,
૫. શિક્ષકો અને સાધનસામગ્રી અંગે,
૬. મૈત્રી-યોજના અંગે,
૭. મકાન અને જગ્યા અંગે.

ત્યાર બાદ બાબત ક્રમાંક ૬૭ પર વિચારણા કરવામાં આવી.

૬૭. ૧૯૬૪ના માર્ચ/એપ્રિલમાં લેવાયેલ ફાઇનલ બી.ફાર્મની પરીક્ષાના પરિણામ અંગે કેટલાક વિદ્યાર્થીઓ તરફથી આવેલ આવેદન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી કૉલેજના આચાર્ય ડૉ. સી. એસ. શાહ તરફથી ફાઇનલ બી. ફાર્મના પરિણામ અંગે આવેલ પત્રની બાબતમાં તથા તે અંગે વિદ્યાર્થીઓ તરફથી આવેલ આવેદન અંગે જરૂરી તપાસ, જો જરૂર લાગે તો બહારના નિષ્ણાતની મદદ લઈને, બને તેટલી જલદી કરવા અને જો જરૂર જણાય તો પરિણામમાં યોગ્ય સુધારો કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

ત્યાર બાદ બાબત ક્રમાંક ૩૦ પર વિચારણા કરવામાં આવી.

૩૦. ગુજરાત રાજ્યની શાળાઓમાંથી ૧૨ વર્ષનો અભ્યાસક્રમ કરી સેન્ટ્રલ બોર્ડ ઑફ એજ્યુકેશનની હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીમાં ડિગ્રી કોર્સના પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવા અંગે ડૉ. વિક્રમ સારાભાઈ તેમ જ સિન્ડિકેટના બીજા આઠ સભ્યોની સહી સાથે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે, શ્રેયસ્ શાળામાં બાર વર્ષનો નિયમિત અભ્યાસક્રમ કરીને વિદ્યાર્થીઓ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, દિલ્હીની હાયર સેકન્ડરી મલ્ટીપરપઝ પરીક્ષામાં બેસે છે તેથી તેમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવા માટે સિન્ડિકેટની તા. ૨૭-૨-૬૩ની સભામાં બાબત ક્રમાંક ૮થી મંજૂર કરેલા નિયમોને અનુલક્ષીને લાયક ગણવા.

૨. જૂન ૧૯૬૪થી છોટાઉદેપુર ખાતે છોટાઉદેપુર નગર પંચાયત તરફથી શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું સંચાલન અને સત્તા શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી છોટાઉદેપુરને સોંપવા અંગે ઉપરની બન્ને સંસ્થાઓ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના વહીવટકર્તા મંડળનો ફેરફાર મંજૂર રાખવો.

૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, નડિયાદને માયક્રોબાયોલોજીનો વિષય શીખવવા માટે યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા પ્રાધ્યાપક નહિ મળ્યા હોવાથી ૧૯૬૪-૬૫ના વર્ષ માટે શ્રી. જે. એસ. શુક્લને મજકૂર વિષય શીખવવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. જે. એસ. શુક્લની શૈક્ષણિક લાયકાત બી.એસસી. બીજો વર્ગ અને એમ.એસસી. (સંશોધન)ની છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એસ. શુક્લને માયક્રોબાયોલોજીના પ્રાધ્યાપક તરીકેની માન્યતા આપવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો આ વર્ષે પૂરતી લાયકાતવાળા પ્રાધ્યાપક નીમવામાં ન આવે તો સદરહુ વિષય માટે નવા વિદ્યાર્થીઓને ૧૯૬૪-૬૫ના વર્ષમાં પ્રવેશ આપવો નહિ એમ કૉલેજને જણાવવું.

૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદમાં વ્યાયામ શિક્ષક તરીકે કામ કરતા શ્રી. સી. ડી. દોશી જરૂરી લાયકાત ધરાવતા નથી તો તેમણે ૧૯૬૩-૬૪ના વર્ષ દરમિયાન કરેલ કામને માન્ય કરવા બાબત.

(નોંધ.—શ્રી. દોશી ફક્ત સી.પી.એડ.ની લાયકાત ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વ્યાયામ શિક્ષક તરીકે શ્રી. સી. ડી. દોશીની ૧૯૬૩-૬૪ના વર્ષની નિમણૂકને તે વર્ષ પૂરતી જ માન્ય રાખવી.

૫. નવયુગ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરનું નામ બદલીને નવયુગ એજ્યુકેશન સોસાયટી સંચાલિત 'કાલિદાસ હરિદાસ માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ' રાખવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના નામાભિધાનમાં થયેલા ફેરફારની નોંધ લેવી, અને રાજ્ય સરકારને તે બાબતની જાણ કરી યોગ્ય કરવા જણાવવું.

૬. સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટનું નામ બદલીને 'મ્યુઝિક કૉલેજ' રાખવાની પરવાનગી માગતા મજકૂર કૉલેજના આચાર્યના તા. ૨-૫-૧૯૬૪ના પત્રાંક સી.એમ.ડી. ૬૬-૨૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે, સદરહુ કૉલેજના નામાભિધાનમાં થયેલા ફેરફારની નોંધ લેવી, અને રાજ્ય સરકારને તે બાબતની જાણ કરી યોગ્ય કરવા જણાવવું.

૭. નીચે જણાવેલ કૉલેજો/સંસ્થાઓએ જૂન ૧૯૬૪થી જોડાણ મેળવવા માટે કરેલ અરજી જે તે કૉલેજ સંસ્થાના સત્તાવાળાઓએ પાછી ખેંચ્યાની નોંધ લેવા બાબત:

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
૧.	શ્રી. વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા ટ્રસ્ટ, ગ્રેઇન માર્કેટ, જામનગર	પ્રથમ વર્ષ વિનયન
૨.	રાજરત્ન શેઠશ્રી નાનજીભાઈ કાળિદાસ મહેતા, આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ, પોરબંદર	,,

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

ત્યાર બાદ નીચેની બાબત ક્રમાંક ૮, ૯, ૧૦ અને ૧૧—ની ભેગી વિચારણા કરવામાં આવી:

૮. સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલા વેતન અંગે આવેલ યુજીસી.ના તા. ૨૨-૪-૧૯૬૪ના પત્રાંક ડી. ઓ. એફ. ૯-૩-૬૨ (એસ. એસ.) પર વિચારણા કરવા બાબત;

૯. સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ અને તેમને આપવાના મકાન ભાડાભથ્થા અંગે એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલા તા. ૧૧-૫-૧૯૬૪ના પત્રાંક ૨૩૬ અને ૨૩૭ પર વિચારણા કરવા બાબત;

૧૦. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્ય મારફતે મળેલ મજકૂર કૉલેજના વહીવટકર્તા 'ઉત્તર ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ', પિલવાઈએ પસાર કરેલ નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત:

(૧) પહેલી જુલાઈ ૧૯૬૪થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નિયત કરેલ પગારધોરણ આપવાનું નક્કી કર્યું હોઈ, યુનિવર્સિટીએ નિયત કરેલ નવું પગારધોરણ અમલમાં મૂકવાની અશક્તિ દર્શાવતા;

(૨) ગ્રામ્ય વિસ્તારોમાં સસ્તા દરે મકાનો ભાડે મળતાં હોઈ યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે મકાનભાડાભથ્થું આપવાની જરૂર નથી તેમ દર્શાવતા...

અને

૧૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ પર આપવાનાં મોંઘવારીભથ્થાંના દર અંગે સ્પષ્ટતા કરવા બાબત.

ઉપરની બાબતો પરત્વે ઠરાવવામાં આવ્યું કે,

(૧) સિન્ડિકેટે સુધારેલા સંલગ્ન કૉલેજોનાં શિક્ષકોનાં પગારધોરણનો અમલ કરવાનું યુનિવર્સિટી કાયદાની કલમ ૨૦(૧૫) મુજબ દરેક કૉલેજ માટે આવશ્યક છે.

(૨) બધી જ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને અગાઉ સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે ઘરભાડું આપવું આવશ્યક છે.

(૩) શિક્ષકોને મોંઘવારી ભથ્થું જાન્યુઆરી ૧૯૬૪ પહેલાં જે સરકારી દરો હતા તે દરોએ, તેમાં તે પછી જે કાંઈ વધારો થયો હોય તે વધારા સહિત, આપવાં.

(૪) પગારના ધોરણ અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) જે કૉલેજોએ હાલમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણ સ્વીકાર્યાં છે તે કૉલેજો જો પોતાના શિક્ષકો માટે તે જ ધોરણ ચાલુ રાખવાનું સ્વીકારે તો તેમને તેમ કરવા દેવું.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો ન સ્વીકારનાર કૉલેજે યુનિવર્સિટીએ નિયત કરેલાં, ૧૫મી જૂન ૧૯૬૪થી અમલમાં આવતાં પગારધોરણો સ્વીકારવાનાં રહેશે. જે કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો સ્વીકાર્યાં હોય તેને બદલે યુનિવર્સિટીએ નિયત કરેલાં પગારધોરણ જો તે સ્વીકારવા માગતી હોય તો તે તેમ કરી શકે છે, પરંતુ તેમ કરવાનું સ્વીકાર્યા પછી તેમાં કોઈ ફેરફાર પાછળથી કરી શકાશે નહિ.

(૫) યુનિવર્સિટીનાં અત્યાર અગાઉના પગારધોરણોમાંથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો સ્વીકારતી વખતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના નિયમો પ્રમાણે જે શિક્ષકને એક વખત તેમની અગાઉની નોકરી વગેરે બાબત અંગે ઇન્ક્રીમેન્ટ મળ્યાં હોય તેવા શિક્ષકોને યુનિવર્સિટીનાં નવાં પગારધોરણો તે કૉલેજ સ્વીકારે તો તે વખતે તેમને ફરીથી તેમની નોકરી વગેરેની મુદતના કારણે ઇન્ક્રીમેન્ટ્સ ગણી એવડો લાભ મળી શકશે નહિ.

૧૨. ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ નીચેની હૉસ્પિટલોને ફરજિયાત હાઉસમૅનશિપ માટે માન્યતા આપવાના બી. જે. મેડિકલ કૉલેજના ડીનના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

૧. રેલવે હૉસ્પિટલ, વડોદરા
૨. રેલવે હૉસ્પિટલ, દાહોદ
૩. વેસ્ટર્ન રેલવે હૉસ્પિટલ, રાજકોટ
૪. વેસ્ટર્ન રેલવે હૉસ્પિટલ, ભાવનગર.

(નોંધ.—મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ઉપરોક્ત હૉસ્પિટલોને માન્યતા આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હૉસ્પિટલોને ફરજિયાત હાઉસમૅનશિપ માટે માન્ય કરવી.

૧૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓને માનસિક રોગોમાં તાલીમ લેવા માટે મેન્ટલ હૉસ્પિટલ અમદાવાદને જૂન ૧૯૬૩થી પશ્ચાદ્‌વર્તી માન્યતા આપવા સદરહુ કૉલેજના ડીન તરફથી આવેલ તા. ૧૩-૫-૧૯૬૪ના પત્રાંક ૪ (એફિ.) મેન્ટલ ૫૮૭૦-૧૯૬૪ દ્વારા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજના કામકાજ માટે સદરહુ હૉસ્પિટલને માન્ય રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ હૉસ્પિટલની માન્યતા અંગે જોડાણ અંગેની કાર્યવાહી કરવાની જરૂર નથી.

૧૪. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદની ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલની કંડિકા નં. ૧૪ થી ૧૬ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની વાર્ષિક સભામાં નીચેનો સ્ટે. ૧૧૮ સિન્ડિકેટને રિફર-બૅક કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

St. 118 :

The Board of University Teaching shall consist of—

1. The Vice-Chancellor;
2. The Rector;
3. Deans of Faculties;
4. Two members nominated by the Syndicate for a period of three years;
5. Heads of University Departments, i.e., the post-graduate schools;
6. Heads of Constituent Degree Colleges and Heads of Constituent Recognised Institutions, provided they are also recognised post-graduate teachers in the University;
7. Eight recognised post-graduate teachers to be nominated, one from each faculty, by the Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments but shall not be Principals or Heads of Colleges, Recognised Institutions or University Departments.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની વાર્ષિક સભામાં ઑર્ડિ. ૧૩૫-એ સિન્ડિકેટને રિફર-બૅક કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સને ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં પ્રતિનિધિત્વ આપવા તથા યુનિવર્સિટી ધારાની કલમ ૧૬માં તે પ્રમાણે ફેરફાર કરવા ગુજરાત વેપારી મહામંડળના મંત્રીશ્રીના તા. ૨૨મી એપ્રિલ ૧૯૬૪ના પત્રાંક ૪૬૦૫-૬૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઉપક્રમે તબીબી શિક્ષણ અંગેની એક પરિષદ નવી દિલ્હી મુકામે તા. ૨૨થી ૨૬ નવેંબર ૧૯૬૪ દરમિયાન યોજનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા મેડિકલ કાઉન્સિલના મંત્રીશ્રીના

તા. ૧૦મી એપ્રિલ ૧૯૬૪ના પત્રાંક એમસી. આઈ. ૨૮(૩)-૬૪ મેડજન-૬૮૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.ની પરીક્ષા પહેલા અને બીજા વર્ગમાં પાસ કરી શકાય તે માટે રેગ્યુ. ૬૦, ૯૨ અને ૨૧૯ સુધારી તે ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં લાવવા સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં ઠરાવેલું છે અને તે કૉલેજોને પરિપત્રિત કરેલ છે, તેને ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં લાવવા એસ. બી. ગાર્ડા કૉલેજ નવસારીના આચાર્ય શ્રી. એન. એન. ભરૂચાના તા. ૮-૫-૧૯૬૪ના પત્રાંક ૪૦૬-૬૪-૬૫થી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. ડિપાર્ટમેન્ટ ઑફ આફ્રિકન સ્ટડીઝ, યુનિવર્સિટી ઑફ દિલ્હી, દિલ્હી તરફથી તા. ૨૬-૪-૧૯૬૪ના પત્રાંક એ. એફ. એસ-ડીસી-૬૬૬૪ દ્વારા 'ઑપ્શનલ પેપર્સ ઑન આફ્રિકા' દાખલ કરવા તથા દાખલ કરવાનું નક્કી કરાય તો આપણી યુનિવર્સિટીના એક અથવા વધુ શિક્ષકોને 'ઑપ્શનલ પેપર્સ ઑન આફ્રિકા' દાખલ કરવા માટે સહાયરૂપે તાલીમ માટે મોકલવા અંગેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. મરાઠીની અભ્યાસસમિતિના સભ્યપદે કેવળ એક જ હોદ્દાગત સભ્ય આચાર્ય શ્રી. વાય. ડી. ભાવે રહેતા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની નિવૃત્ત શિક્ષકોની યોજના હેઠળ શ્રી. ટી. એમ. ઓઝાની એમ. એન. કૉલેજ, વીસનગરમાં ફરીથી નિમણૂક થતાં તેમના તરફથી પીએચ.ડી. પદવી તથા એમ.એસસી. પદવી ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટે આવેલ અરજી ઉપરથી સિન્ડિકેટે કરેલ ઠરાવ અનુસાર એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી મંગાવેલ માહિતી પરત્વે વિચારણા કરી શ્રી. ટી. એમ ઓઝાને માગેલ પદવીઓ અને વિષયમાં માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રી તરફથી આવેલ માહિતી નીચે મુજબ છે:

(૧) શ્રી. ટી. એમ. ઓઝા કૉલેજના સ્ટાફ પર નથી. તેઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૫-૨૨-૬૪(જી), તા. ૨૮-૩-૧૯૬૪ અંતારે નિવૃત્ત શિક્ષકની સેવાઓના ઉપયોગ અંગેની યોજના પ્રમાણે રસાયણશાસ્ત્રના રિસર્ચના કામ અંગે પસંદ થયેલ છે અને આ કૉલેજમાં કામ કરવા નિયુક્ત કરેલ છે. જૂનમાં કૉલેજ ઊઘડે ત્યારથી તેઓ ૪-૬ સમય જેટલું બી.એસસી. તથા એમ.એસસી. વિષયો સાથે કામ કરનાર છે.

(૨) શ્રી. ઓઝાને જરૂરી સંશોધનકાર્ય માટે આ ટ્રોલેજની પ્રયોગશાળાનો ઉપયોગ કરવાની મંજૂરી આપેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં પરિસ્થિતિની ચોખવટ કરવા અંગે શિક્ષણ-સંચાલકને પુછાવી તે અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. "Travel Grant to University Teacher attending International Conferences Abroad" એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૮-૪-૧૯૬૪નો પત્ર ક્રમાંક એફ ૪૦-૨-૬૪(સીયુપી) જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

૨૪. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષાના વિદ્યાર્થી નં. ૨૧૩૫ને ભાવનગર કેન્દ્ર પર ફિઝિકસ વિષયની પ્રાયોગિક પરીક્ષા તા. ૬-૪-૧૯૬૪ના રોજ આપવાનું ચૂકી જતાં અમરેલી કેન્દ્ર પર સદરહુ પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવેલ નહિ હોવા છતાં અમરેલી કેન્દ્ર પર જઈ પરીક્ષકો આગળ ખોટું નિવેદન કરી પરીક્ષા આપ્યાની બાબત પર વિચારણા કરવા અંગે.

(નોંધ.—મજકૂર વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. એપ્રિલ ૧૯૫૪માં લેવાયેલ બી.એડ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને કે પ્રથમ વર્ગ ડિસ્ટિંકશન સાથે પાસ થનાર વિદ્યાર્થીને પારિતોષિક અને સુવર્ણચંદ્રક આપવા તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. બાલુભાઈ રતનચંદ શાહ પારિતોષિક અને આચાર્ય લાલભાઈ રતનજી દેસાઈ સુવર્ણચંદ્રક ઐનાયત કરવાના છે. વિદ્યાર્થી X પ્રથમ વર્ગમાં સૌથી વધારે ગુણાંક ૪૯૦ મેળવે છે, જ્યારે Y પ્રથમ વર્ગ ડિસ્ટિંકશન સાથે ૪૭૨ ગુણ મેળવે છે).

આથી ઠરાવવામાં આવે છે કે, આ પારિતોષિક અને સુવર્ણચંદ્રક બી.એડ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધારે કુલ ગુણ મેળવનારને આપવા.

૨૬. તા. ૩/૪-૯-૧૯૬૩ની એકેડમિક કાઉન્સિલની સભા તેમ જ તા. ૪/૫-૧૦-૧૯૬૩ની સેનેટની સભાએ 'ગુજરાત યુનિવર્સિટી પુરસ્કાર' રૂા. ૧૦૦નો આપવાનું મંજૂર રાખ્યું છે તે અંગે ઘડેલ સામાન્ય નિયમ મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પુરસ્કાર અંગેની યોજના તૈયાર કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. વાય. જી. નાયક
૨. ડૉ. એમ. ડી. પટેલ
૩. આચાર્ય એમ. સી. દેસાઈ.

૨૭. સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૦-૧૯૬૪ની સભામાં ડ્રામેટિક્સના બીજા વર્ષની પરીક્ષા અંગે રૂા. ૪૦ ફી રાખવાનું ઠરાવી, ઓ. ૧૨૯ સુધાર્યો છે, તેથી ડ્રામેટિક્સના પહેલા અને ત્રીજા વર્ષની પરીક્ષાઓ માટે નક્કી થયેલ ફી-ધોરણમાં અસંગતતા થતી હોવાથી નવેસરથી પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ ડ્રામેટિક્સ પરીક્ષાની ફીનું ધોરણ નીચે મુજબ રાખવાના સૂચન પર વિચારણા કરવા બાબત અને તે મુજબ ઓ. ૧૨૯માં ઘટતો સુધારો કરવા બાબત:

પ્રથમ વર્ષ ડ્રામેટિક્સ	... રૂા. ૨૫
દ્વિતીય વર્ષ ડ્રામેટિક્સ	... રૂા. ૪૦
તૃતીય વર્ષ ડ્રામેટિક્સ	... રૂા. ૫૦

(નોંધ.—એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીએ તૃતીય વર્ષ ડ્રામેટિક્સ માટે રૂા. ૪૦ ફી રાખવા સૂચવ્યું છે, પણ તેમ કરીએ તો બીજા વર્ષની ફી રૂા. ૩૦ રાખવી પડે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ માટે નીચે જણાવ્યા પ્રમાણે પરીક્ષા-ફી રાખવી અને તે મુજબ ઑર્ડિ. ૧૨૯ સુધારવો:

પહેલું વર્ષ ડ્રામેટિક્સ	... રૂા. ૨૫
બીજું વર્ષ ડ્રામેટિક્સ	... રૂા. ૪૦
ત્રીજું વર્ષ ડ્રામેટિક્સ	... રૂા. ૫૦

૨૮. ઑક્ટોબર ૧૯૬૪માં લેવાનારી એક્સ્ટર્નલ પરીક્ષામાં દાદરાનગર હવેલીમાં વસતા કેટલાક વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન અંગે અરજીઓ આવેલી છે તેમને ગુજરાત પ્રદેશના ગણી તેમનાં નામ એક્સ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, દાદરાનગર હવેલીના વિદ્યાર્થીઓને એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નોંધવા.

૨૯. જૂનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીના સર્ટિફિકેટ કોર્સમાં દાખલ થનાર વિદ્યાર્થીને એનરોલમેન્ટ સર્ટિફિકેટ લેવાની જરૂર નથી.

બાબત ક્રમાંક ૩૦ની વિચારણા બાબત ક્રમાંક ૬૭ પછી કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે જગ્યાએ આપવામાં આવી છે.

૩૧. સામાન્ય શિક્ષણના વિષયની પરીક્ષા અંગે પરીક્ષકોને મહેનતાણું આપવા અને તેને ચાલુ સાલથી અમલી ગણવા અંગેના શ્રી. રામપ્રસાદ શુક્લના તા. ૬-૪-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ અને ફોર્થ બી.ડી.એસ. તથા એફ.વાય., એસ.વાય. અને ફાઇનલ ડયર ડિપ્લોમા-ઇન-મ્યુઝિક તથા એફ.વાય., એસ.વાય. અને થર્ડ ડયર ડિપ્લોમા-ઇન-ડ્રામા પરીક્ષાના થિયરી અને પ્રાયોગિક પરીક્ષાના [illegible]તાણાના દર તથા સ્ટાફ રોકવા માટે સાથે બતાવેલ સ્ટેટમેન્ટ મુજબ દર મંજૂર કરવા બાબત.

(૧) બી.ડી.એસ. માટે મુંબઈ પ્રમાણે.

(૨) ડિપ્લોમા-ઇન-મ્યુઝિકની પ્રયોગિક પરીક્ષા માટે તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં મંજૂરી મળેલ છે. (Theory papers આપણા મુજબ).

(૩) ડ્રામા (Drama) માટે વડોદરા મુજબ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. ઓ. ૧૧૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. 117 :

Out of the interest earned on the amount invested by the Fund subject to deduction of $\frac{1}{4}\%$ per annum to meet the expenses incurred by the University in operation of the Fund, each subcriber's account shall be credited yearly on *31st March* as under:

(1) 3% per annum on the opening balance.

(2) $1\frac{1}{2}\%$ per annum on the subscriptions for the first half of the year.

(*Note.*— The above rates of interest be revised by the Syndicate from time to time taking into consideration the interest earned by the Fund.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ સુધારેલો ઑર્ડિનન્સ મંજૂર કરવો.

૩૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી ધર્મિષ્ઠા એસ. શાહ તા. ૧૪-૨-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા બાબત.

(તેઓ ગ્રંથાલયમાં તા. ૧-૫-૧૯૬૨થી જોડાયાં હતાં અને તા. ૧૪-૨-૧૯૬૪થી રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી ધર્મિષ્ઠા એસ. શાહને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૩૫. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા ડો. જે. જે. શાહ તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થતા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ ઉપર વિચારણા કરવા બાબત.

*(તેઓ તા. ૩-૧૦-૧૯૫૯થી જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયાનાં છે)

આથી ઠરાવવામાં આવે છે [redacted]વિદ્યાભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. જે. જે. શાહને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૩૬. રાજ્ય સરકારે નીમેલી નવી યુનિવર્સિટીઓ ઊભી કરવા અંગેની સમિતિના કામકાજ કરવા અંગે ઉપકુલપતિશ્રીના મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવનાર રૂા. ૧૦૦નું માસિક ભથ્થું સ્વીકારવા પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. એમ. વૈશ્યને મજકૂર બાબતનું માસિક રૂા. ૧૦૦નું ભથ્થું સ્વીકારવા પરવાનગી આપવી.

૩૭. યુનિવર્સિટી પ્રેસના કર્મચારી શ્રી. બી. આર. ભાવસારની વર્તણૂક બાબતના કેસની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. ટી. એમ. મિસ્ત્રીનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. એ. એમ. ત્રિવેદીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨-૬-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૩-૭-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી તરીકે કામ કરતા શ્રી. આઈ. જી. વશીની તા. ૨-૪-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. યુનિવર્સિટી ભાષા-ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિક્સ તથા વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર-ઇન-બોટેનીની જગ્યા માટે ઑર્ડિનન્સ ૬૬ પ્રમાણે બન્ને સમિતિઓ માટે સિન્ડિકેટના બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. વરણીસમિતિ પર નિમાતા નિષ્ણાતોને આપવામાં આવતાં ભાડાં-ભથ્થાં અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં જૂન ૧૯૬૪થી ઝૂલોજી વિભાગ શરૂ થતો હોવાથી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૪-૪-૧૯૬૪ના પત્રાંક જી. યુ. ઝૂ. ૧-૫૦૩-૬૪થી ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઝૂલોજીની એક નવી જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિભાગમાં રીડરની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે પ્રોફેસર અને લેક્ચરરની નિમણૂક કરવાની બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. "Grant towards summer institute for High Higher Secondary School Teachers in Physics to be organised at Ahmedabad from 8th June to 15th July 1964" અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૩-૩-૧૯૬૪થી રૂા. ૩૭,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. યુનિવર્સિટી એસ્ટેટ વિભાગમાં બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા પર કામ કરતા શ્રી. પંકજ સી. પટવાની મુદતમાં બે માસનો વધારો કર્યાના તથા આ જગ્યા હાલનું કામ જોતાં એક વર્ષ માટે લંબાવવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પંકજ સી. પટવાની નોકરીની મુદત એક વર્ષ વધુ લંબાવવી.

૪૬. બાંધકામ સમિતિની તા. ૨૭-૪-૧૯૬૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે એન.સી.સી. ફરજિયાત થયેલ હોવાથી હવે કૉલેજો માટે પૂરા સમયના વ્યાયામ શિક્ષક રાખવા કે કેમ તે પૂછાવતા માણસાની આર્ટ્સ અને સાયન્સ કૉલેજના સંચાલક મંડળના માનદ મંત્રીઓ તરફથી આવેલ તા. ૫-૫-૧૯૬૪ના પત્રાંક ૩૨૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. ગુજરાતી ભાષામાં લોકોપયોગી 'અર્થ વ્યવસ્થા અને આયોજન'ના વિષય પર એક પુસ્તિકા લખવાનું કામ શ્રી. ડી. ટી. લાકડાવાળાને સોંપવા ઠરાવેલ, પરંતુ તેઓશ્રીએ સદરહુ કામ હાથ ધરવા અશક્તિ દર્શાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. ગુજરાતી ભાષામાં લોકોપયોગી 'ગુજરાતમાં સામાજિક પરિવર્તન'ના વિષય પર એક પુસ્તિકા લખવાનું કામ શ્રી. અક્ષયકુમાર ર. દેસાઈને સોંપેલ તે અંગે શ્રી. દેસાઈએ આપણા રાબેતા મુજબના કરારમાં ફેરફાર સૂચવી નીચેની શરતોએ કામ કરવા તૈયારી

ઠરાવેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

Conditions :

1. If I am permitted to prepare it by the end of March 1965. (તેમને આપણે ૭ માસ આપીએ છીએ).
2. If this book-let of mine is permitted to be printed by me in my future collections.
3. If the University authorities are agreeable to permit me to retain copyright of the sime for the second edition.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની કૉલેજોએ જોડાણ અંગેની શરતોનું પરિપાલન કર્યાથી, રાજ્ય સરકારને જોડાણ અંગે જાહેરનામું બહાર પાડવા ભલામણ કર્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨.	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૩.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૪.	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૫.	વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરત
૬.	એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ.

(૨) નીચે જણાવેલ કૉલેજોને અંગ્રેજી સર્ટિફિકેટ કોર્સ શીખવવા માટે મંજૂરી આપ્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૨.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૪.	એમ. એન. કૉલેજ, વીસનગર
૫.	સ્વામિનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ
૬.	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૭.	જી. એમ. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

(૩) મૈસૂર મુકામે ૧૦થી ૧૨ જૂન ૧૯૬૪ના રોજ મળનાર ઑલ ઇન્ડિયા એસોસિયેશન ઑફ ટ્રેઇનિંગ કૉલેજીઝની સાતમી પરિષદમાં આચાર્ય એન. યુ. ત્રિવેદીને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૪) નીચેનાં પરિષદ/પરિસંવાદમાં કોઈ પ્રતિનિધિઓને નહિ મોકલ્યાના :

ક્રમાંક	પરિષદ/પરિસંવાદ	સ્થળ	તારીખ
૧.	"Raman and Infrared Spectroscopy" પર પરિસંવાદ	એર્નાકુલમ	૧૫થી ૧૭ જૂન, ૧૯૬૪ દરમિયાન
૨.	"Summer School for Village development and Co-operation."	વારાણસી	૧૦થી ૩૦ જૂન, ૧૯૬૪ દરમિયાન

(૫) નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના :

ક્રમાંક	નામ	વિષય	પદવી
૧.	શ્રી. મજમુદાર પરેશ મધુસૂદનરાય	અર્થશાસ્ત્ર	પીએચ.ડી.
૨.	શ્રી. શુકલ અંબાપ્રસાદ નર્મદાશંકર	હિન્દી	,,
૩.	કુ. અમીન કુમુદ છોટાલાલ	રસાયણવિજ્ઞાન	,,

(૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાય વડે યુનિવર્સિટીના આશ્રયે તા. ૮-૬-૧૯૬૪થી તા. ૧૫-૭-૧૯૬૪ સુધીના પાંચ અઠવાડિયા માટે, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના માધ્યમિક શાળાના શિક્ષકો માટેના ભૌતિક વિજ્ઞાન અંગે યોજનાર પરિસંવાદ માટે શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને જરૂરી કામ કરવા તથા તે બદલ કમિશન તેઓને જે મહેનતાણું આપે તે સ્વીકારવા આપેલ પરવાનગીના; અને

(ભૌતિકવિજ્ઞાન વિભાગના શિક્ષકગણના શ્રી. પી. ડી. પાઠક, શ્રી. કે. જી. જાની તથા બિનશિક્ષકગણના લેબોરેટરી આસિસ્ટંટ શ્રી. વાય. એફ. કાનપુરવાલા અને એક પટાવાળા તથા યુનિવર્સિટી હિસાબ વિભાગના એક જુનિયર કલાર્કની જરૂર રહેશે.)

(૭) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાય વડે યુનિવર્સિટીના આશ્રયે તા. ૮-૬-૧૯૬૪થી તા. ૧૫-૭-૧૯૬૪ સુધીના પાંચ અઠવાડિયા માટે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કૉલેજ-શિક્ષકો માટેના ગણિત માટેના યોજનાર પરિસંવાદ અંગે શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને જરૂરી કામ કરવા તથા તે માટે કમિશન તેઓને જે મહેનતાણું આપે તે સ્વીકારવા આપેલ પરવાનગીના.

(ગણિત વિભાગના શિક્ષકગણના પ્રોફેસર પી. સી. વૈદ્ય, શ્રી. એચ. એન. રાવલ, ડૉ. એસ. આઈ. હુસેન, શ્રી. દર્શનસિંઘ તથા બિનશિક્ષકગણના ટાઇપિસ્ટ કલાર્ક શ્રી. એચ. કે. મહેતા અને ત્રણ પટાવાળા તથા યુનિવર્સિટી હિસાબ વિભાગના એક જુનિયર કલાર્કની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં કાર્યોની નોંધ લેવી.

૫૧. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. પી. કે. પંડ્યાનો પીએચ.ડી. પદવી રસાયણવિજ્ઞાન વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલ રેફરી ડૉ. હેનરી ફ્રેઝરના રિપોર્ટ પરત્વે આંતરિક પરીક્ષક ડૉ. વી. એમ. દાફેારને મતભેદ પડતાં બીજા બાહ્ય રેફરી ડૉ. ચાર્લ્સ બેન્કસને તે મહાનિબંધ તપાસવા મોકલતાં ડૉ. ચાર્લ્સ બેન્કસના આવેલ રિપોર્ટ સાથે ડૉ. વી. એમ. દાફેાર સહમત થતાં શ્રી. પંડ્યાની મૌખિક પરીક્ષા લેવામાં આવેલ અને તે પરત્વે ત્રણે રેફરીઓના રિપોર્ટ પર વિચારણા કરી ઓ. ૩૨૧ અનુસાર શ્રી. પંડ્યાને પીએચ.ડી. પદવી માટે પાત્ર ગણવા કે કેમ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૦-૪-૧૯૬૪ની સભાએ કુ. પ્રફુલ્લા સી. ત્રિવેદીને બાર કેસ તરીકે પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા ભલામણ કરેલી છે, તો એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ તે બહેનને કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. પ્રેસ-મેનેજર તરીકે કામ કરતા શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલને તેઓના પગાર-ધોરણમાં તા. ૧૦-૫-૧૯૬૪થી એફિશિયન્સી બાર ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

(નોંધ.—તેઓનું પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૪૨૦-ઈ.બી.-૨૦-૬૦૦ છે અને હાલ તેઓનો પગાર રૂા. ૪૨૦ છે)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. કેન્દ્ર યુનિવર્સિટી ઑર્ડ ઑફ કેન્ડિયાની ૩૮મી વાર્ષિક સભાના નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત :

બાબત :

"Resolved that the recommendations made by study Group appointed by the National Institute of Community Development Ministry of C.D. P.R., & C., regarding Community Development Co-operation and Panchayati Raj in University curricula be brought to the notice of Universities so that their expert bodies may study the relevant portions of the syllabi and take steps to include these in the various University courses."

(Ministry of Community Development & Co-operation)

ઠરાવ :

Resolved that the proposal of the Ministry of Community Development, Panchayati Raj and Co-operation be communicated to the Universities for taking such action as they deem necessary.

બાબત :

"Resolved that in view of the growing demand for Technical personnel trained in the art of preparing maps of various types, the Universities in India be urged to institute a post-graduate diploma course in Geographical Cartography which deals with map-making, map-drawing and map-reproduction." (Ministry of S. R. & C. A.)

ઠરાવ :

Resolved to recommend to the Universities the introduction of post-graduate diploma in Geographical Cartography.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫-૪-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વાણિજ્યની પરિભાષાના કામને વેગ મળે તે માટે વાણિજ્ય વિદ્યાશાખાની આ સભા નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરે છે :

૧. વાણિજ્ય વિદ્યાશાખાના ડીન
૨. પ્રિ. એ. આર. દેસાઈ
૩. પ્રિ. એસ. આર. મહેતા
૪. પ્રિ. સી. એન. હકાણી
૫. પ્રિ. એમ. સી. શાહ
૬. પ્રિ. એચ. કે. બુખારી.

વધુમાં, આ વિદ્યાશાખા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આ સમિતિને જરૂરી સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"જૂન ૧૯૬૪માં બી.એ. પાસ થયેલા વિદ્યાર્થીઓને ઓ. ૩૦૯ હેઠળ પ્રવેશ આપવાની વ્યવસ્થા એ વર્ષ પૂરતી ચાલુ રાખવી અને ૧૯૬૫ની પરીક્ષા ઇન્ટર કૉમર્સના એકાઉન્ટન્સીના પ્રશ્નપત્રને બદલે એફ.વાય.બી.કૉમ.ના ફરજિયાત એકાઉન્ટન્સી-૧ના પ્રશ્નપત્રમાં પાસ થવાનું રાખવું. આ ઉપરાંત ઑર્ડિ. ૩૦૯ હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે તે ઑર્ડિનન્સમાં જણાવેલા બીજા કોઈ વિષયોમાં ફેરફાર થતો નથી."

[**નોંધ.**—(૧) આ ઑર્ડિ. હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે આંતરિક ગુણાંકન રહેશે નહિં અને દરેક પ્રશ્નપત્ર ૧૦૦ માર્કસનો રહેશે.

(૨) ઉપરોક્ત ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ મંજૂર કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં જૂનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એચ. સી. પંડ્યાને તા. ૩૧-૫-૧૯૬૪થી તેઓની સેવાઓ ટર્મિનેટ કરી હોવાથી, તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.** તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૩-૧૯૬૦થી જોડાયા હતા અને તેઓની સેવાઓ તા. ૩૧-૫-૧૯૬૪થી ટર્મિનેટ કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. જી. જે. પરમાર તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થતા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.** તેઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં તા. ૧-૩-૧૯૬૬થી જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. સિન્ડિકેટે તેની તા. ૪-૧-૧૯૬૪ની સભામાં પ્રેસની ગેરરીતિઓ અંગે નીમેલી પ્રેસ તપાસસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૦. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૬-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયો માટેની ઑફિસમાં તથા કૉમન રૂમમાં ગૃહગતિની માગણી મુજબ નીચેનું ફર્નિચર પૂરું પાડવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.** અંદાજ આશરે રૂા. ૬,૦૦૦ થશે.)

૧. રેકિઝન ટૉપ મોટું ટેબલ	...	૧ નંગ
૨. ઑફિસ ટેબલ ૪' × ૨'	...	૫ નંગ
૩. ગોદરેજનું લોખંડનું કબાટ	...	૨ નંગ
૪. ઑફિસ ચેર	...	૪ ડઝન
૫. ફોલ્ડિંગ કેબિનેટ	...	૧ નંગ
૬. ટાઇપરાઇટર	...	૧ અંગ્રેજી
૭. લાયબ્રેરી ટેબલ	...	૩ નંગ
૮. આરામ ખુરશી	...	૪ ડઝન

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શેકસ્પિયરની જન્મશતાબ્દી અંગે યોગ્ય કાર્યક્રમ ઘડવા નીચેની સમિતિ નીમવી અને તે માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. પ્રો. ચંદ્રશેખર (કન્વિનર)
૨. પ્રિ. હર્બર્ટ ડિસોઝા
૩. પ્રિ. કે. એલ. દેસાઈ
૪. પ્રિ. એસ. આર. ભટ્ટ.

ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી યોજાનાર આંતર-કૉલેજ હરીફાઈ માટે ઘટતો સહકાર આપવા અંગે આ બાબત એરિયા કમિટીઓને મોકલી આપવા યૂથ વેલ્ફેર બૉર્ડને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. ત્રીજી એમ.બી.,બી.એસ.ની એક વધારાની પરીક્ષા ૨૭મી જુલાઈથી લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા ૨૭મી જુલાઈથી લેવાનું મંજૂર કરવું.

૬૪. અંગ્રેજીના સર્ટિફિકેટ અભ્યાસક્રમ અંગે ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) આ અભ્યાસક્રમમાં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓ પાસેથી એનરોલમેન્ટ સર્ટિફિકેટ લેવું કે કેમ ?

(૨) આ અભ્યાસક્રમ કેટલા સમયમાં પૂરો કરવો જોઈએ ?
(૩) આ અભ્યાસક્રમ શીખવવા માટે કૉલેજોએ ટ્યુશન ફી કેટલી રાખવી ?
(૪) આ અભ્યાસક્રમ શીખવવા શિક્ષકોની લઘુતમ શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ ?
(૫) શિક્ષકો માટે આ કામ વધારાના કામ તરીકે ગણવું કે કેમ ? આ કામ માટે તેઓને શું વધારાનું મહેનતાણું મળવું જોઈએ ?
(૬) પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ કેટલો સમય હોવો જોઈએ ?
(૭) પરીક્ષાઓ વર્ષમાં કેટલી વાર લેવાની ?

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની કૉલેજોની જોડાણઅરજી અંગે રાજ્ય સરકારને જાહેરનામું બહાર પાડવા ભલામણ કર્યાના :

૧. એમ. પી. શાહ મ્યુ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર
૨. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ

૩. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ

૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ

૫. એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, સુરત

૬. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત.

(૨) નીચેની પરિષદ/પરિસંવાદોમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિ નહિ મોકલ્યાના :

ક્રમાંક	પરિષદ/પરિસંવાદ	તારીખ	સ્થળ
૧.	ગ્રામનિર્માણ તથા સહકાર અંગેની ગ્રીષ્મ શાળા	૧૦ જૂનથી ૩૦ જૂન ૧૯૬૪	વારાણસી
૨.	ભારતમાંના તમાકુ સંશોધનના કાર્યકરોની એક પરિષદ	—	—

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

બાબત ક્રમાંક ૬૬ની વિચારણા બાબત ક્રમાંક ૧ પછી કરવામાં આવી હોઈ તેની નોંધ તે જગ્યાએ આપવામાં આવી છે.

બાબત ક્રમાંક ૬૭ની વિચારણા આગળ બાબત ક્રમાંક ૬૬ પછી કરવામાં આવી હોઈ, તેની નોંધ તે જગ્યાએ આપવામાં આવી છે.

૬૮. યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલમાં પ્રવેશ માટે રૂા. ૭૫ ટર્મ ફી નક્કી કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૬/૯૫૨૩/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જૂન ૧૦, ૧૯૬૪.
જ્યેષ્ઠ ૨૦, ૧૮૮૬ (શક).

જ. મં. મહેતા
કાર્યકારી રજિસ્ટ્રાર.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ; અમદાવાદ-૯

O.U.P. 212-350-6-64

સિન્ડિકેટ (જૂન)
તા. ૧૧-૬-'૬૪

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના જૂન માસની એક ખાસ સભા, ગુરુવાર, તા. ૧૧-૬-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ એ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૧-૬-૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, સહશિક્ષણના સંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાણ્ડેસરા	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. હાકોરભાઈ એમ. દેસાઈ	ગેરહાજર
૧૦. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છો. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. તા. ૬-૬-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૪ના જૂન માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૬-૬-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધની બાબતમાં શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ તરફથી બાબત નં. ૩૦ની નોંધ બરાબર નથી એ બાબતનો વાંધો લેવામાં આવતો પત્ર મળ્યો હતો, તે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. કેટલીક ચર્ચા બાદ બાબત નં. ૩૦ની જે નોંધ આપવામાં આવી હતી, તેમાં "ચર્ચાવિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે," તે શબ્દોને બદલે "ચર્ચાવિચારણા દરમિયાન અધ્યક્ષશ્રીના રૂલિંગ પ્રમાણે નક્કી કરવામાં આવ્યું કે," એટલો સુધારો કરવામાં આવ્યો; અને તે મુજબ સુધારેલી નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદના ત્રિવાર્ષિક તપાસસમિતિના હેવાલની કંડિકા નં. ૧૪થી ૧૬ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતમાં હાલ કશું કરવાની આવશ્યકતા જણાતી નથી.

૩. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની વાર્ષિક સભામાં નીચેનો સ્ટે. ૧૧/ સિન્ડિકેટને 'રિફર બેક' કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

S. 118:

The Board of University Teaching shall consist of —

1. The Vice-Chancellor;
2. The Rector;
3. Deans of Faculties;
4. Two members nominated by the Syndicate for a period of three years;
5. Heads of University Departments, i.e., the post-graduate schools;
6. Heads of constituent degree colleges and Heads of constituent recognised institutions, provided they are also recognised post-graduate teachers in the University;
7. Eight recognised post-graduate teachers to be nominated, one from each Faculty, by the Academic Council from amongst the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments but shall not be Principals or Heads of colleges, recognised institutions or University Departments.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્ટેચ્યૂટ નીચેની સમિતિ, જેણે આ સ્ટેચ્યૂટનો મુસદ્દો તૈયાર કર્યો હતો, તેને જરૂરી વિચારણા કરવા પાછો મોકલવો :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૨. ડૉ. ય. ગુ. નાયક
૩. ડૉ. જે. જે. ચિનોય
૪. આચાર્ય એમ. એસ. પંડિત
૫. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર (આવાહક).

૪. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની વાર્ષિક સભામાં ઑર્ડિ. ૧૩૫-એ સિન્ડિકેટને 'રિફર બૅક' કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑર્ડિનન્સમાં જરૂરી વિચારણા કરી યોગ્ય સુધારો સૂચવવા માટે ઉપર બાબત નં. ૩માં જણાવેલ સમિતિને એ મોકલી આપવો.

૫. ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સને ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં પ્રતિનિધિત્વ આપવા તથા યુનિવર્સિટી ધારાની કલમ ૧૬માં તે પ્રમાણે ફેરફાર કરવા ગુજરાત વેપારી મહામંડળના મંત્રીશ્રીના તા. ૨૨મી એપ્રિલ, ૧૯૬૪ના પત્રાંક ૪૬૦૫-૬૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતમાં હાલને તબક્કે વિચારણા કરવાની જરૂર નથી.

૬. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઉપક્રમે તબીબી શિક્ષણ અંગેની એક પરિષદ નવી દિલ્હી મુકામે તા. ૨૨થી ૨૬ નવેંબર, ૧૯૬૪ દરમિયાન યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા મેડિકલ કાઉન્સિલના મંત્રીશ્રીના તા. ૧૦મી એપ્રિલ, ૧૯૬૪ના પત્રાંક એમસી આઈ. ૧૮-(૩)-૬૪-મેડ.-જન.-૭૮૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૭. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષા પહેલા અને બીજા વર્ગમાં પાસ કરી શકાય તે માટે રેગ્યુલેશન ૩૭, ૬૧ અને ૨૧૯ સુધારી તે ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં લાવવા સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ની સભામાં ઠરાવેલું છે અને તે કૉલેજોને પરિપત્રિત કરેલું છે તેને ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં લાવવા એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્ય શ્રી. એન. એન. ભરૂચાના તા. ૮-૫-૧૯૬૪ના પત્રાંક ૪૦૯-૬૪-૬૫થી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજના આચાર્યશ્રીની વિનંતી સ્વીકારવી નહિ.

વધુમાં જણાવવામાં આવે છે કે, એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ.માં નવો કોર્સ ૧૯૬૫ના જૂનથી શરૂ થાય તે માટે સઘળી તૈયારીઓ તાકીદે પૂરી કરવી.

૮. ડિપાર્ટમેન્ટ ઑફ આફ્રિકન સ્ટડીઝ, યુનિવર્સિટી ઑફ દિલ્હી, દિલ્હી, તરફથી તા. ૨૯-૪-૧૯૬૪ના પત્રાંક એ.એફ.એસ.ડીસી-૭૯૬૪ દ્વારા "ઑપ્શનલ પેપર્સ ઑન આફ્રિકા" દાખલ કરવા તથા દાખલ કરવાનું નક્કી કરાય તો આપણી યુનિવર્સિટીના એક અથવા વધુ શિક્ષકોને "ઑપ્શનલ પેપર્સ ઑન આફ્રિકા" દાખલ કરવા માટે સહાયરૂપે તાલીમ માટે મોકલવા અંગેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત હિસ્ટરી અને પોલિટિકસની અભ્યાસસમિતિઓને વિચારણા માટે મોકલી આપવી.

૯. મરાઠીની અભ્યાસસમિતિના સભ્યપદે કેવળ એક જ હોદ્દાગત સભ્ય આચાર્ય શ્રી. વાય. ડી. ભાવે રહેતા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મરાઠીની અભ્યાસસમિતિને બદલે ઍડહૉક સમિતિ નીમવા માટે ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી, અને આચાર્ય વાય. ડી. ભાવેના તે અભ્યાસસમિતિના સભ્યપદ તરીકેના રાજીનામાની નોંધ લેવી.

૧૦. એપ્રિલ, ૧૯૬૪માં લેવાયેલ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષાના વિદ્યાર્થી નં. ૨૧૩૫ને ભાવનગર કેન્દ્ર પર ફિઝિક્સ વિષયની પ્રાયોગિક પરીક્ષા તા. ૬-૪-૧૯૬૪ના રોજ આપવાનું ચૂકી જતાં અમરેલી કેન્દ્ર પર જઈ પરીક્ષકો આગળ ખોટું નિવેદન કરી પરીક્ષા આપ્યાની બાબત પર વિચારણા કરવા અંગે.

[નોંધ.— મજકૂર પરીક્ષાર્થીનું પરિણામ અનામત રાખ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થીને ફિઝિક્સ વિષયની પ્રાયોગિક પરીક્ષામાં ગેરહાજર ગણી તેનું પરિણામ જાહેર કરવું.

૧૧. સામાન્ય શિક્ષણના વિષયની પરીક્ષા અંગે પરીક્ષકોને મહેનતાણું આપવા અને તેને ચાલુ સાલથી અમલી ગણવા અંગેના શ્રી. રામપ્રસાદ શુકલના તા. ૬-૪-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સામાન્ય શિક્ષણના વિષયની પરીક્ષા અંગે પરીક્ષકોને મહેનતાણું આપવા અંગેની વિનંતી માન્ય કરવી નહિ.

૧૨. યુનિવર્સિટી પ્રેસના કર્મચારી શ્રી. બી. આર. ભાવસારની વર્તણૂક બાબતના કેસની વિચારણા કરવા બાબત.

સદરહુ કેસની વિગતો ઉપકુલપતિશ્રીએ તથા શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહ સમક્ષ રજૂ કરી હતી. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. બી. આર. ભાવસારની ગેરવર્તણૂક બદલ તેમનો વધારો (Increment) એક વર્ષ માટે અટકાવવો.

૧૩. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. ટી. એમ. મિસ્ત્રીનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

શ્રી. ટી. એમ. મિસ્ત્રીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકેની જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમ કરવા.

૧૪. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. એ. એમ. ત્રિવેદીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨-૭-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૩-૭-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

ડૉ. એ. એમ. ત્રિવેદીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં કેમિસ્ટ્રીના રીડર તરીકેની જગ્યા પર તા. ૩-૭-૧૯૬૪થી કાયમ કરવા.

૧૫. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી તરીકે કામ કરતા શ્રી. આઈ. જી. વશીની તા. ૨-૪-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેસ વિચારી તે અંગે યોગ્ય ન્યાય મળે તે માટે જરૂરી કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

આ બાબત પછી બાબત નં. ૪૪ હાથ ધરવામાં આવી.

૪૪. અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, નવગુજરાત સાયન્સ કૉલેજ અને પ્રભુદાસ હકકર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજની જોડાણ-અરજીઓ અંગે સિન્ડિકેટે તેની તા. ૬-૬-૧૯૬૪ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

નવી શરૂ થતી (૧) અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, (૨) નવગુજરાત સાયન્સ કૉલેજ, અને (૩) પ્રભુદાસ હકકર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગે સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે જોડાણ અંગેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં કરવાનું હતું. એ શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે નહિ તેની તપાસ કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તા. ૬-૬-૧૯૬૪ની સભામાં જે સમિતિ નીમી હતી, તે સમિતિના રિપોર્ટમાં આપેલી બધી બાબતો ઉપર લંબાણ ચર્ચાવિચારણા કરીને સિન્ડિકેટ આથી ઠરાવે છે કે શરતોના યથાર્થ પરિપાલન અંગે રાજ્ય સરકારને એવી ભલામણ કરવી કે, (૧) અમદાવાદ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ માટે સિન્ડિકેટને સંતોષ થાય એ રીતે શરતોનું પાલન — ખાસ કરીને સાયન્સ વિભાગ અંગે — થયું નથી તેથી સદરહુ કૉલેજને સાયન્સના વર્ગો માટે માગેલું જોડાણ ન આપવું, અને ફક્ત વિજ્ઞાન વિભાગના વર્ગો માટે આપવું; (૨) નવગુજરાત સાયન્સ કૉલેજને, સિન્ડિકેટને સંતોષ થાય એ રીતે શરતોનું પાલન થયું નથી, તેથી સદરહુ કૉલેજને, સાયન્સના વર્ગો માટે માગેલું જોડાણ ન આપવું; તથા (૩) પ્રભુદાસ હકકર કૉમર્સ અને સાયન્સ કૉલેજને, સિન્ડિકેટને સંતોષ થાય એ રીતે શરતોનું પાલન — ખાસ કરીને સાયન્સ વિભાગ અંગે — થયું નથી તેથી સદરહુ કૉલેજને, સાયન્સના વર્ગો માટે માગેલું જોડાણ ન આપવું, અને ફક્ત વાણિજ્યના વર્ગો માટે આપવું.

(સદરહુ સમિતિના અહેવાલની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટી ભાષા-ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિક્સ તથા વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર-ઇન-બૉટેનીની જગ્યા માટે ઑર્ડિ. ૬૬ પ્રમાણે બંને સમિતિઓ માટે સિન્ડિકેટના બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. વરણીસમિતિ પર નિમાતા નિષ્ણાતોને આપવામાં આવતાં ભાડાં-ભથ્થાં અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિ માટે આવતા નિષ્ણાતોને તેમનાં મુસાફરી-ભાડાંભથ્થાં ઉપરાંત એક દિવસના કે તેના ભાગ માટે દરરોજના રૂા. ૧૫ કરતાં વધારે નહિ તે રીતે ભથ્થું (Incidental Charge) આપવાનું રાખવું.

૧૮. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં જૂન ૧૯૬૪થી ઝૂલોજી વિભાગ શરૂ થતો હોવાથી વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૪-૪-૧૯૬૪ના પત્રાંક જી. યુ. ઝૂ. ૧. ૫૦૩-૬૪થી ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઝૂલોજીની એક નવી જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઝૂલોજીની એક જગ્યા ઊભી કરવાનું મંજૂર કરવું.

૧૯. બાંધકામ સમિતિની તા. ૨૭-૪-૧૯૬૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

ઝૂલોજીના મકાન માટે સ્થપતિ તરીકે શ્રી. બી. વી. દોશીની નિમણૂક કરવા બાબત સિવાયની બાંધકામ સમિતિની બધી ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઝૂલોજીના મકાનનું કામ શ્રી. દોશી સિવાય બીજા કોઈ સ્થપતિને સોંપવા માટે બાંધકામ સમિતિને ફરી જણાવવું.

(સદરહુ સમિતિની સભાની ભલામણો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૦. સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે એન.સી.સી. ફરજિયાત થયેલ હોવાથી હવે કૉલેજો માટે પૂરા સમયના વ્યાયામ શિક્ષક રાખવા કે કેમ તે પુછાવતા માણસાની આર્ટ્સ-સાયન્સ કૉલેજના સંચાલક મંડળના માનદ મંત્રીઓ તરફથી આવેલ તા. ૫-૫-૧૯૬૪ના પત્રાંક ૩૨૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, દરેક સંલગ્ન કૉલેજમાં પૂરા સમયના, પૂરતી લાયકાતવાળા, ઓછામાં ઓછા એક વ્યાયામ શિક્ષક હોવાનું આવશ્યક છે, એમ માણસા આર્ટ્સ અને સાયન્સ કૉલેજના સંચાલક મંડળને ખબર આપવી.

૨૧. ગુજરાતી ભાષામાં લોકોપયોગી "અર્થવ્યવસ્થા અને આયોજન"ના વિષય પર એક પુસ્તિકા લખવાનું કામ શ્રી. ડી. ટી. લાકડાવાળાને સોંપવા ઠરાવેલ, પરંતુ તેઓશ્રીએ સદરહુ કામ હાથ ધરવા અશક્તિ દર્શાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ કામ કોને સોંપવું તે બાબત નક્કી કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૨. ગુજરાતી ભાષામાં લોકોપયોગી "ગુજરાતમાં સામાજિક પરિવર્તન"ના વિષય પર એક પુસ્તિકા લખવાનું કામ શ્રી. અક્ષયકુમાર ર. દેસાઈને સોંપેલ તે અંગે શ્રી. દેસાઈ આપણા રાબેતા મુજબના કરારમાં ફેરફાર સૂચવી નીચેની શરતોએ કામ કરવા તૈયાર છે તો તે અંગે વિચારણા કરવા બાબત:

Conditions:

1. If I am permitted to prepare it by the end of March 1965. (તેમને આપણે ૭ માસ આપીએ છીએ.)
2. If this booklet of mine is permitted to be printed by me in my future collections.
3. If the University authorities are agreeable to permit me to retain copyright of the same for the second edition.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દેસાઈએ રજૂ કરેલી શરતો પૈકી નં. ૧ની બાબતમાં તેમને જરૂરી સમય આપવો.

શરત નં. ૨ની બાબતમાં તેઓ તે શરત દ્વારા શું સૂચવવા માગે છે તેની સ્પષ્ટતા કરવા કહેવું.

શરત નં. ૩ની બાબતમાં તેમને જણાવવું કે, તેમના પુસ્તકની બીજી આવૃત્તિ યુનિવર્સિટીને જ આપવી જોઈએ, અને જો યુનિવર્સિટી તેની ના પાડે તો જ તે બીજે આપી શકે.

૨૩. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. પી. કે. પંડ્યાની પીએચ.ડી. પદવી રસાયણવિજ્ઞાન વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલ રેફરી ડૉ. હેનરી ફ્રેઝરના રિપોર્ટ પરત્વે આંતરિક પરીક્ષક ડૉ. વી. એમ. ઠાકોરને મતભેદ પડતાં બીજા બાહ્ય રેફરી ડૉ. ચાર્લ્સ બૅન્કર્સને તે મહાનિબંધ તપાસવા મોકલતાં ડૉ. ચાર્લ્સ બૅન્કર્સના આવેલ રિપોર્ટ સાથે ડૉ. વી. એમ. ઠાકોર સહમત થતાં શ્રી. પંડ્યાની મૌખિક પરીક્ષા લેવામાં આવેલ અને તે પર ત્રણે રેફરીઓના રિપોર્ટ પર વિચારણા કરી ઑ. ૩૨૧ અનુસાર શ્રી. પંડ્યાને પીએચ.ડી. પદવી માટે પાત્ર ગણવા કે કેમ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં ડૉ. ચાર્લ્સ બૅન્કર્સ અને ડૉ. વી. એમ. ઠાકોરનો રિપોર્ટ સ્વીકારી, શ્રી. પી. કે. પંડ્યાને પીએચ.ડી.ની પદવી માટે લાયક ગણવા.

૪૭. પ્રમુખસ્થાનેથી મોરબી એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રથમ વર્ષ એન્જિનિયરિંગના વર્ગમાં ૧૬૦ને બદલે ૨૪૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે પરવાનગી માગતો ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના સચિવશ્રીનો તા. ૧૦-૬-૧૯૬૪નો પત્ર વિચારણા માટે રજૂ કરવામાં આવ્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગેની વિનંતી તે કૉલેજની તપાસણી સમિતિનો રિપોર્ટ ધ્યાનમાં લઈ નીચેની શરતોએ માન્ય રાખવી:

"(૧) ૧૯૬૪-૬૫થી ૧૯૬૬-૬૭ સુધીનાં વર્ષોમાં ત્રણ વધારાના વર્ગ-ખંડો ક્રમશઃ તૈયાર કરવામાં આવે, અને (૨) સદરહુ વર્ષોમાં જ સાધનો માટે રૂા. ૬ લાખ ખર્ચવામાં આવે."

ત્યાર બાદ સમયના અભાવે નીચેની બાબત નં. ૨૪થી ૪૬ (બાબત નં. ૪૪ સિવાય) પર વિચારણા કરવાનું મુલતવી રહ્યું હતું અને સભા પૂરી થઈ હતી :

૨૪. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૩૦-૪-૧૯૬૪ની સભાએ કુ. પ્રફુલ્લા સી. ત્રિવેદીને આસ કેસ તરીકે પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા ભલામણ કરેલી છે; તો એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ તે બહેનને કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

૨૫. પ્રેસ-મેનેજર તરીકે કામ કરતા શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલને તેઓના પગાર-ધોરણમાં તા. ૧૦-૫-૧૯૬૪થી એફિશિયન્સી બાર ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

(નોંધ.—તેઓનું પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૪૨૦-ઇ.બી.-૨૦-૬૦૦ છે અને હાલ તેઓને પગાર રૂા. ૪૨૦ મળે છે.)

૨૬. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ૩૮મી વાર્ષિક સભાના નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત:

બાબત:

Resolved that the recommendations made by Study Group appointed by the National Institute of Community Development, Ministry of C. D. P. R. & C., regarding Community Development Co-operation and Panchayati Raj in University curricula be brought to the notice of Universities so that their expert bodies may study the relevant portions of the syllabi and take steps to include these in the various University courses.

(Ministry of Community Development and Co-operation)

ઠરાવ:

RESOLVED that the proposal of the Ministry of Community Development, Panchayati Raj and Co-operation be communicated to the Universities for taking such action as they deem necessary.

બાબત:

Resolved that in view of the growing demand for Technical personnel trained in the art of preparing maps of various types, the Universities in India be urged to institute a post-graduate diploma course in Geographical Cartography which deals with map-making, map-drawing and map-reproduction.

(Ministry of S. R. & C. A.)

ઠરાવ:

RESOLVED to commend to the Universities the introduction of post-graduate diploma in Geographical Cartography.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫-૪-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"વાણિજ્ય પરિભાષાના કામને વેગ મળે તે માટે વાણિજ્ય વિદ્યાશાખાની આ સભા નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરે છે:

૧. વાણિજ્ય વિદ્યાશાખાના ડીન
૨. પ્રિ. એ. આર. દેસાઈ
૩. પ્રિ. એસ. આર. મહેતા
૪. પ્રિ. સી. એન. હકાણી
૫. પ્રિ. એમ. સી. શાહ
૬. પ્રિ. એચ. કે. બુખારી.

વધુમાં આ વિદ્યાશાખા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આ સમિતિને જરૂરી સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી."

૨૮. ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"જૂન ૧૯૬૪માં બી.એ. પાસ થયેલ વિદ્યાર્થીઓને ઑ. ૩૦૯ હેઠળ પ્રવેશ આપવાની વ્યવસ્થા એ વર્ષ પૂરતી ચાલુ રાખવી અને ૧૯૬૫ની પરીક્ષા ઇન્ટર કૉમર્સના એકાઉન્ટન્સીના પ્રશ્નપત્રને બદલે એફ.વાય. બી.કૉમ.ના ફરજિયાત એકાઉન્ટન્સી-૧ના પ્રશ્નપત્રમાં પાસ થવાનું રાખવું. આ ઉપરાંત ઑર્ડિ. ૩૦૯ હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે તે ઑર્ડિનન્સમાં જણાવેલા બીજા કોઈ વિષયોમાં ફેરફાર થતો નથી."

[નોંધ.—(૧) આ ઑર્ડિનન્સ હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે આંતરિક ગુણાંકન રહેશે નહિ અને દરેક પ્રશ્નપત્ર ૧૦૦ માર્કસનાં રહેશે.

(૨) ઉપરોક્ત ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ મંજૂર કરી છે.]

૨૯. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એચ. સી. પંડ્યાને તા. ૩૧-૫-૧૯૬૪થી તેઓની સેવાઓ ટરમિનેટ કરી હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—શ્રી. પંડ્યા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૩-૧૯૬૦થી જોડાયા હતા અને તેઓની સેવાઓ તા. ૩૧-૫-૧૯૬૪થી ટરમિનેટ કરવામાં આવી છે.)

૩૦. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. જી. જે. પરમાર તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—શ્રી. પરમાર વિજ્ઞાનવિદ્યા ભવનમાં તા. ૧-૩-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

૩૧. સિન્ડિકેટની તા. ૪-૧-૧૯૬૪ની સભામાં યુનિવર્સિટી પ્રેસની ગેરરીતિઓ અંગે નીમેલી પ્રેસ તપાસસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૩૨. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૬-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

૩૩. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયો માટેની ઑફિસમાં તથા કૉમન રૂમમાં ગૃહપતિની માગણી મુજબ નીચેનું ફર્નિચર પૂરું પાડવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—ખર્ચ અંદાજે આશરે રૂા. ૬,૦૦૦ થશે.)

(૧)	રેકિઝન ટોપ મોટું ટેબલ	... ૧ નંગ
(૨)	ઑફિસ ટેબલ — ૪' × ૨'	... ૫ નંગ
(૩)	ગોદરેજનું લોખંડનું કબાટ	... ૨ નંગ
(૪)	ઑફિસ ચેર	... ૪ ડઝન
(૫)	ફાઇલિંગ કેબિનેટ	... ૧ નંગ
(૬)	ટાઈપરાઇટર	... ૧ (અંગ્રેજી)
(૭)	લાઇબ્રેરી ટેબલ	... ૩ નંગ
(૮)	ઈઝી ચેર (ખુરશી)	... ૪ ડઝન.

૩૪. બૉર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શેકસ્પિયરની જન્મશતાબ્દી અંગે યોગ્ય કાર્યક્રમ ઘડવા નીચેની સમિતિ નીમવી અને તે માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. પ્રો. ચંદ્રશેખર (આવાહક)
૨. પ્રિ. હર્બર્ટ ડિસોઝા
૩. પ્રિ. કે. એલ. દેસાઈ
૪. પ્રિ. એસ. આર. ભટ્ટ.

ડિરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી યોજાનાર આંતર-કૉલેજ હરીફાઈ માટે ઘટતો સહકાર આપવા અંગે આ બાબત એરિયા કમિટીઓને મોકલી આપવા યૂથ વેલ્ફેર બૉર્ડને વિનંતી કરવી."

૩૫. અંગ્રેજીના સર્ટિફિકેટ અભ્યાસક્રમ અંગે ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત:

(૧) આ અભ્યાસક્રમ કેટલા સમયમાં પૂરો કરવો જોઈએ?

(૨) આ અભ્યાસક્રમ શીખવવા માટે કૉલેજોએ ટ્યૂશન-ફી કેટલી રાખવી?

(૩) આ અભ્યાસક્રમ શીખવવા શિક્ષકોની લઘુતમ શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ?

(૪) શિક્ષકો માટે આ કામ વધારાના કામ તરીકે ગણવું કે કેમ?
આ કામ માટે તેઓને શું વધારાનું મહેનતાણું મળવું જોઈએ?

(૫) પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ કેટલો સમય હોવો જોઈએ?

(૬) પરીક્ષાઓ વર્ષમાં કેટલી વાર લેવાની?

૩૬. યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલ માટે રૂા. ૭૫ ટર્મ ફી નક્કી કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૩૭. નવયુગ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરની જોડાણ અરજી અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન પરત્વે મજકૂર કૉલેજના અહેવાલ પર વિચારણા કરવા બાબત:

(નોંધ.—વાણિજ્યના પ્રાધ્યાપક શ્રી. સી. જી. સારડાનો જરૂરી શૈક્ષણિક અનુભવ જોતાં પોસ્ટ-ઇન્ટરમીડિયેટમાં ૭ મહિનાનો અને કુલ સમયમાં એક વર્ષનો અનુભવ ખૂટે છે, જે કૉન્ડોન કરવા આચાર્યશ્રી વિનંતી કરે છે.)

૩૮. સેકન્ડ યર બી.કૉમ. અને થર્ડ યર બી.કૉમ.નાં વર્ષો માટે ટ્યુટોરિયલ સ્કીમ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

૩૯. એમ.ડી. અને એમ.એસ. પરીક્ષાના રેઝર્વેશનની નકલોની સંખ્યા એમ.ડી., બ્રાન્ચ ૧, ૩ અને એમ.એસ., બ્રાન્ચ ૨ની પરીક્ષા માટે પાંચની રાખવી, જ્યારે બાકીની પરીક્ષાઓ માટે તે ત્રણની રાખવાના તબીબી વિદ્યાશાખાના ડીનના સૂચન પર વિચારણા કરવા અને આથી ઓ. ૨૭૮ તથા ઓ. ૨૯૧માં સુધારો કરવો જરૂરી બનતું હોઈ કાર્યાલયે રજૂ કરેલ સુધારેલ ઓ. ૨૭૮ અને ઓ. ૨૯૧ મંજૂર કરવા બાબત.

૪૦. એફ.વાય.બી.એ.ની પરીક્ષા માટેની "સ્વ. શ્રી. પોપટલાલ ગિરધરલાલ શિષ્યવૃત્તિ" સંસ્કૃતના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનારને આપવાની હોય છે. નવા અભ્યાસક્રમ મુજબ એફ.વાય. બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત મુખ્ય વિષય રાખી બેસનાર કે ક્લાસિકલ લેંગ્વેજ તરીકે સંસ્કૃત રાખી બેસનાર પૈકી સદરહુ શિષ્યવૃત્તિ કોને એનાયત કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૪ની એફ.વાય.બી.એ.ની પરીક્ષામાં આ શિષ્યવૃત્તિ જાહેર કરી નથી.)

૪૧. એફ.વાય. બી.કૉમ.ની પરીક્ષા માટેનો "શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" ઐચ્છિક વિષયોમાં સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારને ક્રમાનુવર્તી વિષયોમાં (By rotation) આપવાનો હોય છે. બનાવો-ચંદ્રકોની પુસ્તિકામાં ૪૩ નંબરના મજકૂર ચંદ્રકની શરતોમાં જૂના બેન્ચર કૉમર્સના વૈકલ્પિક વિષયો લખાયા છે, જે સુધારીને નવા અભ્યાસક્રમના વૈકલ્પિક વિષયોમાં મજકૂર સુવર્ણચંદ્રક એનાયત કરવો જોઈએ. તો તે પ્રમાણે સુધારો કરી ચંદ્રકો

એનાયત કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—નવા અભ્યાસક્રમના એફ.વાય.બી.કૉમ.ની પરીક્ષાના વૈકલ્પિક વિષયોની યાદી નીચે પ્રમાણે છે:

૧. Acturial Science,
૨. Statistics,
૩. Banking,
૪. Economics of Cotton,
૫. Economics of Transport,
૬. Theory and Practice of Co-operation,
૭. Public Finance and Administration,
૮. Theory and Practice of Economic Development,
૯. Advanced Accounting and Auditing).

૪૨. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. આર. સી. પટેલને બે વર્ષની અભ્યાસ-રજા તેઓ પરદેશથી પાછા ફર્યા બાદ ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીને સેવા આપે તે શરતે મંજૂર કરવામાં આવી છે. તેઓની વધુ એક વર્ષ એટલે તા. ૩૧-૧૨-૧૯૬૫ માટે અભ્યાસ-રજા લંબાવવા તા. ૨૬-૫-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૪૩. તા. ૧૮-૧-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ મુજબ એપ્રિલ, ૧૯૬૩માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ પરીક્ષાર્થી શ્રી. ચંદ્રવદન રમણલાલ ભટ્ટ બાબતમાં કૉલેજના આચાર્યશ્રીને તપાસ કરી જણાવવા પત્ર લખેલ; તે અંગે કૉલેજના આચાર્યશ્રીનો જવાબ આવેલ છે તે જોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીનું ડિગ્રી સર્ટિફિકેટ અટકાવેલ છે.)

૪૪. સદરહુ બાબતની વિચારણા બાબત ક્રમાંક ૧૫ પછી કરવામાં આવી હોઈ તે બાબતની નોંધ તે જગ્યાએ આપવામાં આવેલ છે.

૪૫. સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણ-વિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— રસાયણશાસ્ત્રમાં પૂરતો સ્ટાફ ચાર સભ્યોનો છે. વનસ્પતિવિજ્ઞાનમાં એક જ શિક્ષક છે.)

૪૬. ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ અને ફોર્થ બી.ડી.એસ. તથા એફ.વાય., એસ.વાય. અને ફાઇનલ ડયર ડિપ્લોમા ઇન ન્યુઝિક તથા એફ.વાય., એસ.વાય. અને થર્ડ ડયર ડિપ્લોમા ઇન ડ્રામા પરીક્ષાના થિયરી તથા પ્રાયોગિક પરીક્ષા માટેના સ્ટાફ તથા તેમનાં મહેનતાણાંના દર મંજૂર કરવા બાબત.

નં. સિં. /૧૬/૧૦૧૦૪/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જૂન ૧૫, ૧૯૬૪.
જ્યેષ્ઠ ૨૫, ૧૮૮૬ (શક).

જ. મં. મહેતા
કાર્યકારી રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૯

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭-૪-૧૯૬૪ને સોમવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જે સમયે નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. એલ. બી. જસાણી	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૬-૪-૧૯૬૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૬-૪-૧૯૬૪ની સભાની કાર્યવાહી મંજૂર રાખવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. સેનેટ હૉલ માટે સભાગૃહના નીચેના ભાગ માટે ખુરશીઓની પસંદગી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ખુરશીઓનો નમૂનો આવી શકયો ન હોવાથી આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. પ્રેસના મકાનમાં બાંધકામમાં થયેલા વધારાના ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસના મકાનમાં બાંધકામમાં થયેલો વધારાનો ખર્ચ રૂા. ૧૫,૦૦૦ સ્થપતિની ફી સહિત મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. પ્રેસના મકાનમાં બાંધકામમાં કેટલીક આઇટેમમાં સ્થપતિ શ્રી. આશરપોટાએ સૂચવેલા ઘટાડા અંગે વિચારણા કરવા બાબત.

પ્રેસના મકાનમાં બાંધકામમાં નીચેની આઇટેમના ભાવમાં ઘટાડો કરવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

Flush-door shutters :		Deduction in rate
1. Difference in rate for $1\frac{1}{4}$" thickness of doors used instead of $1\frac{1}{2}$" thickness as specified in the tender.	..	Re. 1·00 per sft.

Steel Windows :

2. Locking arrangement is not provided by the contractor as per tender	..	Rs. 6·00 per No.
3. Top cover of water storage tanks not provided by the contractor	..	Rs. 150·00 per No.
4. Urinal vessels St. quality with all necessary fittings.	..	Rs. 70·00 per No.

૫. સાયન્સ લેબોરેટરીના કામમાં વધારાનો ખર્ચ તથા વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ લેબોરેટરીના કામમાં આ સાથેની યાદી "અ" મુજબ વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, લેબોરેટરી માટેના વધારાના ૬૫૦ નંગ થી વે સ્ટાન નેક કોક માટે ટેન્ડર્સ મગાવી યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. અધ્યક્ષના બંગલાના બાંધકામમાં કેટલાક વધારાના કામકાજના દરો તથા વધારાનું ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ:સ્થપતિની ફી સહિત રૂા. ૭,૩૦૦નું વધારાનું ખર્ચ થાય છે).

આથી ઠરાવવામાં આવે છે કે, અધ્યક્ષના બંગલાના કામ માટે આ સાથેની યાદી "બ" પ્રમાણેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે, આ કામ માટે થયેલો રૂા. ૭,૩૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી વિસ્તારમાં શૂટિંગ રેંજનું સ્થાન નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં શૂટિંગ રેંજની સાઇટ સ. નં. ૨૦૨માં પસંદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. ટીચર્સ હોસ્ટેલના મકાન માટે સ્થપતિ શ્રી. હસમુખ પટેલે તૈયાર કરેલા આલેખો તથા તેના સ્થાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટીચર્સ હોસ્ટેલના મકાન માટે સ્થપતિ શ્રી. હસમુખ પટેલે તૈયાર કરેલા આલેખો અને અંદાજ અંગે શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈનાં સલાહસૂચનો લઈ, તે અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં વધારાનો ખર્ચ મંજૂર કરવા બાબત તથા વધારાના કામકાજના દરો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયના કામ માટે આ સાથેની યાદી "ક" પ્રમાણેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિદ્યાર્થિનીઓના છાત્રાલયના બાંધકામમાં સર્વિસીઝ, ઇલેક્ટ્રિકલ વાયરિંગ તથા સ્થપતિની ફી સહિતનો કુલ ખર્ચ રૂા. ૫,૯૨,૦૦૦ થશે, તેની નોંધ લેવામાં આવી. આથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ રકમ રૂા. ૪,૩૮,૯૫૨ કરતાં રૂા. ૧,૫૩,૦૪૮નો વધારાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૧૦. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓનાં છાત્રાલયના બાંધકામમાં આ સાથેની યાદી "ઙ" પ્રમાણેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામમાં થયેલ વધારાનો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "બી", "સી" અને "ડી" ટાઈપના સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામમાં કુલ ખર્ચ રૂા. ૫,૧૨,૦૦૦નો થયો છે તેની નોંધ લેવી આ બાંધકામ સમિતિની તા. ૨૨-૧૨-૧૯૬૦ની સભાએ ભલામણ કરેલા રૂા. ૫,૮૬,૦૦૦ના અંદાજની મર્યાદામાં છે.

૧૨. યુનિવર્સિટી વિસ્તારનાં નીચેનાં મકાનોનાં ફાઇનલ બિલ ૩૧મી માર્ચ ૧૯૬૪ પહેલાં થઈ શકયાં ન હોવાથી તે મકાનો માટે ૧૯૬૪-૬૫ના વર્ષમાં જરૂરી બજેટ પ્રોવિઝન કરવા અંગે :

૧. પ્રેસનું મકાન
૨. નોન-રેસિડેન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટર
૩. હેલ્થ સેન્ટર
૪. સ્ટાફ ક્વાર્ટર્સ "બી", "સી" અને "ડી" ટાઈપ
૫. વિદ્યાર્થિનીઓનું છાત્રાલય
૬. ઉપકુલપતિશ્રીના કમ્પાઉન્ડમાં બાંધેલ મોટર ગેરેજ
૭. અધ્યક્ષના ત્રણ બંગલા
૮. પાણીના પુરવઠા અંગે અને ટાંકી
૯. વીજળીવિષયક પુરવઠા.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારનાં નીચેનાં મકાનો તથા પ્રોજેક્ટ ૧૯૬૩-૬૪ના વર્ષમાં સંપૂર્ણ થઈ શકયાં ન હોવાથી ૧૯૬૪-૬૫ના વર્ષ માટે તે અંગે નીચે મુજબનું જરૂરી બજેટ પ્રોવિઝન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. અધ્યક્ષના ત્રણ બંગલા	૬,૦૦૦
૨. યુનિવર્સિટી કર્મચારી વર્ગનાં મકાનો માટે	૫૪,૦૦૦
૩. યુનિવર્સિટી મુદ્રણાલય તથા રહેઠાણનું મકાન	૯,૦૦૦
૪. બિનનિવાસી વિદ્યાર્થી કેન્દ્ર	૨૩,૦૦૦
૫. આરોગ્ય કેન્દ્ર	૧૦,૦૦૦
૬. વિદ્યાર્થિનીઓના છાત્રાલયનું મકાન તથા ગૃહપતિનું મકાન	૧,૨૦,૦૦૦
૭. ઉપકુલપતિશ્રીના મકાનનું ગેરેજ	૧,૫૦૦
૮. પાણીના પુરવઠા અંગે સારકામ અને ટાંકી	૪૦,૦૦૦

૧૩. વર્કશૉપના બાંધકામમાં વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વર્કશૉપના બાંધકામમાં નીચેની બાબતના વધારાના કામકાજના દર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

	Rate	*Per*
Extra rate for gas welding in the main steel of the perimetre edge-beam of shell–Rood.	Re. 1·00	inch

૧૪. ઝૂલૉજીના મકાન માટે નવા સ્થપતિની નિમણૂક કરવા બાબત.

વિજ્ઞાનવિદ્યા ભવનનાં મકાનો તથા તેની વચ્ચે આવેલા વર્કશૉપના મકાનની ડિઝાઇન સ્થપતિ શ્રી. બી. વી. દોશીની છે. વિજ્ઞાનવિદ્યા ભવનના એક વિભાગ ઝૂલૉજીના મકાન માટેની ડિઝાઇન આ મકાનોને અનુરૂપ અને સામ્ય આવે તેવી યોગ્ય ડિઝાઇન કરવી જોઈશે, અને ઝૂલૉજીનું મકાન પણ તે જ સાઇટ પર થનાર હોઈ, સમગ્ર રીતે જોતાં આ સભાગૃહ ઠરાવે છે કે આ મકાન સ્થપતિ શ્રી. બી. વી. દોશીને સોંપવું હિતાવહ છે. અને તે અંગે પુનર્વિચારણા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. ટીચર્સ હૉસ્ટેલના સ્થપતિ શ્રી. હસમુખ પટેલનો મહેનતાણાનો દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલના સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલનો મહેનતાણાનો દર નક્કી કરવા અંગે શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈનાં સલાહ-સૂચનો લઈ તે અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. વિજ્ઞાનવિદ્યા ભવનના કેમિસ્ટ્રી વિભાગ માટે ગૅસ હાઉસથી લેબોરેટરી સુધીની ગૅસ માટેની પાઇપ લાઇનો (Distribution Line) ફિટ કરવા અંગેનો અંદાજ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનમાં કેમિસ્ટ્રી વિભાગ માટે ગૅસ હાઉસથી લેબોરેટરી સુધીની ગૅસ માટેની પાઇપ લાઇનો નાખવાનો રૂા. ૧૦,૦૦૦નો અંદાજ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭. લાઇબ્રેરીના સૂચિત મકાનમાં પેસ્ટ કન્ટ્રોલ ટ્રીટમેન્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થપતિ શ્રી. બી. વી. દોશીના અભિપ્રાય મુજબ રૂા. ૯,૦૦૦નો અંદાજી ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે લાઇબ્રેરીના સૂચિત મકાનમાં પેસ્ટ કન્ટ્રોલ ટ્રીટમેન્ટ કરવા અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશીની સલાહ અનુસાર આ કામ મે. ઇન્ડિકિવપ પેસ્ટ કન્ટ્રોલ, મીરજાપુર રોડ, અમદાવાદ-૧ને તેમના તા. ૧૬-૪-૧૯૬૪ના પત્ર પ્રમાણે રૂા. ૯,૦૦૦ના ખર્ચે સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. સ્થપતિ શ્રી. બર્નાડ કહોનની યુનિવર્સિટીના સ્થપતિઓની પેનલમાં સમાવેશ કરવા અંગેની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જ્યારે સ્થપતિઓની નવી પેનલ બનાવવા અંગે વિચારણા થાય ત્યારે આ વિચારવું. હાલમાં કોઈ સ્થપતિને પેનલમાં ઉમેરવાની આ સભાગૃહને જરૂર જણાતી નથી.

यादी 'अ'

Extra items for the work of Science Laboratories

Sr. No.	*Items*	*Rate Sanctioned Rs. nP.*
1.	Providing patent stone in required shape and finishing the top with neat cement	0·75 per Sft.
2.	Finishing channel in ground floor of Botany and Chemistry Building with patent stone	1·87 per Rft.
3.	Providing and fixing rough stone 10" wide for cover drains and Providing grooves in the side of channel to fix the cover stone	1·50 per Rft.
4.	Removing and Existing titles and preparing drains in bricks without finish	1·00 per Rft.

यादी 'ब'

Extra items for Director's Bungalows

Sr. No.	*Items*	*Rate Rs. nP.*	*Per*
1.	Item No. 17 R.C.C. Stair steps	23·00	No.
2.	Dado in Director's Bungalows	00·75	Sft.
3.	10" dia. R.C.C. Round column with cement plaster	50·00	No.
4.	4½" thick R.C.C. slab	210·00	%Sft.
5.	Extra Steel	50·00	cwt.
6.	Brick masonry chamber 9"×12" with C.I. Cover	11·00	No.
7.	Providing and fixing Gun Metal Wheel Values		
	Size 3/4"	10·00	No.
	Size 1/2"	8·00	No.

यादी 'क'

Extra items for the work of Ladies' Hostel and Lady Superintendent's quarter

Sr. No.	*Items*	*Rate Rs. nP.*	*per*
1.	White Wash	3·50	%Sft.
2.	Brick paving	65·00	%Sft.
3.	Brick coping	1·50	Rft.
4.	Extra for lead in earth filling	7·00	%Cft.

यादी 'ड'

Extra items for the work of Hostel for Men students

Items	*Rate Rs. nP.*	*per*
White washing	3·50	%Sft.
Providing and fixing Welded mesh in ventilators	5·50	Sft.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૪૪

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૪ના રોજ મળેલી મીટિંગના નિર્ણયથી નિમાયેલ કમિટીના સભ્યો તરીકે અમોએ તા. ૭-૬-૧૯૬૪ના રોજ (૧) અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, (૨) નવગુજરાત સાયન્સ કૉલેજ, અને (૩) પ્રભુદાસ દક્કર સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજની મુલાકાત લીધી અને જે માહિતી પ્રાપ્ત કરી તેનો અહેવાલ અમે અનુક્રમે નીચે પ્રમાણે સાદર કરીએ છીએ:

અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ

'સંદેશ' કાર્યાલય પાસે ઘીકાંટા રોડ પર બંધાઈ રહેલ કૉલેજ અંગેના મકાનમાં સંસ્થાના ટ્રસ્ટી અને વ્યવસ્થાપક મંડળના સભ્ય શ્રી. રસિકલાલ ગોરધનદાસ શાહ, નવગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય અને આ સંસ્થાના વ્યવસ્થાપક મંડળના સભ્ય શ્રી. એમ. સી. શાહ, શરૂ કરવા ધારેલ કૉલેજના નિમાયેલ આચાર્ય શ્રી. કે. એન. શાહ, નવગુજરાત સાયન્સ કૉલેજના આચાર્ય શ્રી. પટ્ટણી વગેરે હાજર હતા અને અમને તેઓએ જરૂરી માહિતી આપી હતી તે નીચે મુજબ છે:

૧. આ સંસ્થા જે ટ્રસ્ટ ચલાવે છે તે ટ્રસ્ટને આજ સુધીમાં દાનની રકમ કેટલી મળી છે તે અંગે ટ્રસ્ટી શ્રી. રસિકલાલ તરફથી અમને જણાવવામાં આવ્યું કે ટ્રસ્ટને હજુ સુધી કોઈ દાન મળેલું નથી. સંસ્થાના વિકાસ માટેનાં નાણાંની જોગવાઈ અંગે પૂછતાં તેમણે જણાવ્યું કે બૅંકર્સ પાસેથી વ્યાજે નાણાં લઈ વહીવટ ચલાવાય છે.

૨. કૉલેજ માટે જે મકાન બંધાઈ રહ્યું છે તે ટ્રસ્ટનું છે કે કેમ એવો સવાલ પુછાતાં જવાબ મળ્યો કે એ મકાન ટ્રસ્ટે ભાડે લીધેલું છે. મકાન અધૂરું હતું એટલે અમે પૂછ્યું કે, મકાનમાલિકે મકાન હજુ પૂરું નથી કરી આપ્યું અને હવે પછી પણ લાંબા વખત સુધી પૂરું નહિ કરી શકે તો ટ્રસ્ટ શું કરશે? એના જવાબમાં જણાવવામાં આવ્યું કે, શ્રી. રસિકલાલ પોતે અને એમના ભાઈઓ એ મકાનના માલિક છે, અને એ ટ્રસ્ટી મંડળમાં પણ છે એટલે મકાનમાલિક અને ટ્રસ્ટીઓ એક હોઈ તેમની વચ્ચે ગૂંચ ઊભી થવાની શકયતા નથી. ભાડું ઠરાવવાના ધોરણ અંગે જણાવવામાં આવ્યું કે, એક્ઝિકયુટિવ એન્જિનિયરના પ્રમાણપત્ર મુજબ ભાડું લેવાશે.

૩. માન્યતા માટે યુનિવર્સિટી તરફથી જે શરતો નક્કી થઈ હતી તે અંગે તપાસ હાથ ધરતાં અમે જોયું કે સવારબપોરના સાયન્સ અને સવારના આર્ટ્સ કૉલેજનો સમય ધ્યાનમાં રાખી મકાનની યોજના થઈ રહી છે. મકાન હજુ ઘણું અધૂરું છે. એ પૂરું બંધાઈ રહેશે ત્યારે પાંચ મજલાનું થશે. કુલ ૬૦૦૦ ચો. વાર જમીન ઉપર મકાનનું બાંધકામ થયું છે અને એ ઉપરાંત બીજી કોઈ વધારાની જમીન મકાન આસપાસ નથી. અમે ગયા તે તા. ૭-૬-૧૯૬૪એ આખા મકાનમાં વાપરી શકાય એવો

ભાગ ભોંયરાનો હતો. એ ઓરડાઓ લાઇબ્રેરી, રીડિંગ રૂમ, એન.સી.સી. વગેરે માટે ઉપયોગમાં લેવાશે. એ બાદ કરતાં બીજા બધા જ ઓરડા અધૂરા હતા. ટાઈલ્સ, પ્લાસ્ટર, બારીબારણાં વગેરે કાંઈને કાંઈ બાકી હતું. કેટલાક ઓરડાની એક બાજુની દીવાલ અધૂરી કે બાકી હતી. શ્રી. રસિકલાલે અમને ખાતરી આપી કે, ૧૫મી જૂન સુધીમાં એ બધું પૂરું થઈ જશે, પણ અમે જે કંઈ જોયું તે ઉપરથી ૧લી જુલાઈ સુધીમાં પણ એ કામને પહોંચી વળી શકાશે એ અંગે પૂરો સંદેહ રહેલો હતો. સેનિટરી બ્લૉક, લેબોરેટરીમાં સિંક વગેરેની વ્યવસ્થા ને એવું બધું હજુ બાકી હતું. ફર્નિચરમાંની કોઈ વસ્તુ મકાનમાં ન હતી. અમને જણાવવામાં આવ્યું કે જેમને ઑર્ડર આપેલો છે તેમના ગોડાઉનમાં ફર્નિચર તૈયાર છે. સમયાભાવે અમે ત્યાં જઈ એ અંગે તપાસ કરી નથી શકયા.

૪. લેબોરેટરી માટેના ઓરડા નક્કી થયેલા છે તે અમે જોયા, પણ તેનાં લેબોરેટરી માટેનાં કોઈ ફિટિંગ, ગેસ લાઇન, ઇલેક્ટ્રિક ફિટિંગ આદિની કોઈ પણ રીતે શરૂઆત થયેલી નથી. ગેસ પ્લેંટ અંગે તપાસ કરતાં જાણવા મળ્યું કે, તેને માટે ઑર્ડર આપવામાં આવેલો છે. લેબોરેટરી માટેનો સામાન, ઘણો મોટા ભાગનો, હજુ આવ્યો નથી. સંચાલકોનું માનવું એવું હતું કે ૧૫મી જૂન સુધીમાં બધો જરૂરી માલ આવી જશે, પણ અમને એવી પ્રતીતિ થઈ શકી નથી.

૫. લાઇબ્રેરી માટે યુનિવર્સિટીએ જણાવેલી શરત મુજબનો ઑર્ડર મૂકવામાં આવેલો છે એવું અમને જણાવવામાં આવ્યું પણ પુસ્તકો આવ્યાં નથી. તે બધાં વખતસર આવી જશે એવું સંચાલકોનું માનવું છે. પણ એ કયારે આવે અને કયારે ગોઠવાઈ રહે અને વિદ્યાર્થીઓ એનો કયારે લાભ લેતા થઈ શકે એ માટે કોઈ ચોક્કસ અનુમાન પર આવવું અમારી સમક્ષની હકીકત પરથી અમારે માટે શકય નથી.

૬. યુનિવર્સિટીએ નક્કી કરી આપેલા સ્ટાફની સંખ્યા એક વર્ગ માટેની હોવાનો અમારો અંદાજ છે, પણ અમને જણાવવામાં આવ્યું કે, સંચાલકોએ પોતાની અરજીમાં ત્રણ વર્ગ માટેની ગણતરી રાખી હતી અને એમણે દાખલ કરેલા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રી-યુનિવર્સિટીના પાંચ વર્ગ અને એફ.વાય.-બી.એસસી.ના ત્રણ વર્ગ જેટલી છે. એ હિસાબે સ્ટાફ ઠીક પ્રમાણમાં અધૂરો લેખાય. સ્ટાફની વિગતમાં ઊતરતાં અમે સંસ્થાના માહિતીપત્રમાં આપેલા ૪૨ અધ્યાપકોમાંથી ૨૮ અંગે તપાસ કરી તો એમાંના કેટલાક આ કૉલેજ તેમ જ નવગુજરાત કૉલેજના સ્ટાફ પર પણ હતા; કેટલાક સ્ટાફમાં જોડાવાનું સ્વીકારી પાછળથી ના પાડી ગયા હતા. એવી રીતે ના પાડી જનાર દસ અધ્યાપકોને સંસ્થા તરફથી આચાર્યના નિમણૂકપત્ર અને એ અધ્યાપકોના સ્વીકૃતિપત્ર અમે જોવા માગ્યા પણ તે અમને સંચાલકો બતાવી શકયા ન હતા.

આમ યુનિવર્સિટી તરફથી નક્કી થયેલી એક પણ શરતનું સંતોષકારક રીતે પાલન થયું છે એવું કહેવાની સ્થિતિમાં અમે નથી.

આ ઉપરાંત અમને બીજી પણ કેટલીક બાબતો તપાસવાનું જણાવવામાં આવ્યું હતું તે અંગે અમે મેળવેલી માહિતી નીચે પ્રમાણે છે:

અમને જે માહિતી ભેગી કરવાનું સોંપવામાં આવ્યું હતું તે માટે સંસ્થાએ છાપીને વહેંચેલા માહિતીપત્રનો અમે આધાર લીધો તો નીચે પ્રમાણેની માહિતી મળી શકી:

(ક) અમને માહિતીપત્રની જે નકલ સંચાલકો તરફથી આપવામાં આવી તેના પૂંઠા પર અંગ્રેજીમાં નીચે પ્રમાણે હતું :

Ahmedabad Arts & Science College,
(Affiliated to the Gujarat
University.)

માન્યતા અંગે આવું વિધાન કયે આધારે માહિતીપત્રમાં કરવામાં આવ્યું હતું તે અંગે કશો ખુલાસો અમે માગ્યો નથી.

(ખ) મિત્રયોજના અંગે ખુલાસો માગતાં અમને જણાવવામાં આવ્યું કે, એ યોજના રદ કરવામાં આવી છે. અમને આપેલા માહિતીપત્રમાં એ રદ કરેલી ન હતી તે અમે તેમને બતાવ્યું અને જણાવ્યું કે માહિતીપત્ર મુજબ તો એ યોજના ચાલુ જ લેખાય. એ યોજના માહિતીપત્રમાં આપવામાં આવી છે તે કરતાં જુદી રીતે અમલમાં મૂકવાના પ્રયત્ન થયા હતા એની માહિતી અમને મળી હતી, પણ એ પ્રયત્ન કેટલા પ્રમાણમાં થયા, એટલે કે સાયન્સમાં દાખલ થવું હોય તો એક આર્ટ્સના વિદ્યાર્થીને લાવવો જ પડે તે કેટલે અંશે અમલમાં મુકાયું અને સફળ થયું તે અંગે અમે કોઈ માહિતી ભેગી કરી શકયા નથી. અમને જણાવવામાં આવ્યું કે, સાયન્સમાં પોતાના પાલ્યને દાખલ કરાવવા ઇચ્છતા એક વાલી તરફથી આર્ટ્સ માટેના એક વિદ્યાર્થી માટેની ફી આપવાની ઇચ્છા દર્શાવાઈ હતી તેનો સંસ્થાએ સ્વીકાર કર્યો ન હતો. આ યોજના કેળવણીની સંસ્થાને છાજે એવી નથી એમ સ્પષ્ટ છાપ અમારા મન પર રહી છે.

(ગ) માહિતીપત્રમાં સંચાલકો તરફથી એક એન્જિનિયરિંગ કૉલેજ શરૂ કરવાની યોજનાનો ઉલ્લેખ છે અને આવી કૉલેજ શરૂ થતાં આ સંસ્થાના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની પ્રથમ પસંદગી મળશે એવી જાહેરાત છે. અમે આ સૂચિત કૉલેજ અંગે પૂછપરછ કરી તો જણાવવામાં આવ્યું કે, દસેક લાખ રૂપિયાથી સિવિલ એન્જિનિયરિંગના અભ્યાસક્રમથી શરૂઆત કરી ક્રમે ક્રમે ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ એન્જિનિયરિંગના કોર્સ માટેની એમની યોજના છે. આ દસ લાખ રૂપિયાનો પ્રબંધ કેવી રીતે કરવા ધાર્યો છે એનો ખ્યાલ આપતાં સંચાલકો તરફથી અમને જણાવવામાં આવ્યું કે, એન્જિનિયરિંગ માટે ભારે પડાપડી છે અને જગ્યા મળતી નથી, તો અમદાવાદના નાગરિકોની મદદ મેળવી એટલું ભંડોળ ઊભું કરવાની એમની ધારણા છે. આ જાહેરાતની અસર એ રીતે થવા પામી કે, પ્રથમ વર્ષ બી.એસસી. માટે ગણિતવાળા લગભગ સાડાત્રણસો વિદ્યાર્થીઓએ દાખલ થવા માટે ફી ભરી છે. આવી ભરમાવનારી લાલચ ગરજવાન વિદ્યાર્થીઓ અને વાલીઓને આપવી એ શિક્ષણક્ષેત્રે કેટલું બધું અજુગતું છે એ, અમે સંચાલકો સાથે આ મુદ્દાની ચર્ચા વખતે જણાવ્યા વિના રહી શકયા ન હતા.

(ઘ) માહિતીપત્રમાંના ફીના નિયમોમાં એવું આપ્યું છે કે, જે વિદ્યાર્થીને બે સત્રની ફી સાથે આપવી હોય તો તેમ કરવાની તેને છૂટ છે. દેખીતી રીતે જ વિચિત્ર લાગે એવા આ નિયમ અંગે સંચાલકો પાસે કોઈ સંતોષકારક ખુલાસો ન હતો. તેમનો દાવો એવો હતો કે, બે સત્રની ફી વિદ્યાર્થીઓ પર દબાણ કરીને લેવામાં નથી આવી. આ અંગે એટલું નોંધવું પૂરતું થઈ પડશે કે ઉપકુલપતિશ્રીને સંસ્થાના આચાર્ય મળ્યા તે પછી બેવડી ફી નથી લેવાઈ, પણ તે પહેલાં ૨૬૪

વિદ્યાર્થીઓએ બે સત્રની ફી ભરેલી હતી એ બાબતની પહોંચમાંથી અમે જોયું. આ હકીકતના સંદર્ભમાં આ નિયમનો અર્થ ઘટાવવાની જરૂર છે અને કેળવણી ક્ષેત્રે આમ કરવું કેટલું બધું અનિષ્ટ છે તે દેખીતું છે. વળી ફી પાછી આપવા અંગેનો નિયમ પણ વિદ્યાર્થીને કેવળ આચાર્યની દયા ઉપર જ મૂકી દે છે.

ફીનું ધોરણ અમદાવાદની કૉલેજના હિસાબે ઘણું વધારે પડતું ઊંચું છે અને શિક્ષણને હાનિકારક ન હોય એવા ફીના ધોરણને લગતા યુનિવર્સિટીના નિયમનો એનાથી ભંગ થાય છે. વળી અરજીમાં ફીનું જે ધોરણ સંસ્થા તરફથી રજૂ થયેલું તે અંગે ઇન્સ્પેક્શન કમિટીએ સૂચના કરેલી કે જે ધોરણ અમદાવાદની કૉલેજની ટ્યૂશનની ફીના ધોરણ જેવું હોવું જોઈએ તેના જવાબમાં સંચાલકોએ સત્રફીમાં ઘટાડો કર્યો તો લેબોરેટરી ફીમાં વધારો કર્યો અને અરજીમાં એકંદર ફી સત્રના રૂા. ૨૨૫ હતી તે ૨૪૫ કરી.

(ચ) કૉલેજ માટે અપાયેલી જાહેરખબરો અંગે પણ અમારે તપાસ કરવાની હતી. ઉપકુલપતિશ્રીએ આપેલી દોરવણીનો ભંગ થાય એવી રીતે એ જાહેરખબરો અપાઈ હતી એ તો દેખીતું છે પણ જે પડોશી સંસ્થામાંથી અધ્યાપકોને રાખી તેમના નામ સાથે તેમની આગલી સંસ્થાનો નિર્દેશ કરવામાં આવ્યો હતો તે કેળવણીક્ષેત્રે અઘટિત દેખાય એવું હતું. એ પ્રતિ સંચાલકોનું અમે ધ્યાન દોર્યું, ત્યારે અમને જણાવવામાં આવ્યું કે છાપાંઓએ સંસ્થાનો પરિચય આપતાં આ ઉલ્લેખ કર્યો હતો. અમે એમને સ્પષ્ટ કર્યું કે, એવા ઉલ્લેખ જાહેરખબર માટે અપાતાં નાણાં કરતાં પણ વધુ નાણાં આપીને કરાવાતા હોય છે એ જાણીતી વાત છે, અને એ પણ જાહેરખબર જ છે. અમારી તપાસમાં અમને એ જણાયું કે આ જાતની સાયક્લોસ્ટાઇલ કરેલી યાદી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આપવામાં આવી છે તેની એક નકલ અમને જોવા મળી અને તેમાં આપેલી ૧૮ અધ્યાપકોની યાદીમાં સેંટ ઝેવિયર્સના સાત અને એમ.જી.ના છ અધ્યાપકોનાં નામ અમે જોયાં. આવી રીતે જે અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી છે તેમને અંગે જે કૉલેજમાંથી એ અધ્યાપકો આવ્યા છે તેમાં એમને જે પગાર મળતો હતો અને અહીં એમને જે પગાર આપવામાં આવ્યો છે તેની યાદી અમે માગી તે વખતે અમને જણાવવામાં આવ્યું કે યાદી તૈયાર કરી અમને પહોંચતી કરવામાં આવશે, પણ આજ તા. ૧૧મી સવાર સુધીમાં અમને એ યાદી મળી નથી.

આમ, શરતોના પાલનની દૃષ્ટિએ તેમ જ શિક્ષણ સંસ્થાએ જાળવવાં જોઈતાં જાહેર નીતિનાં ધોરણોની દૃષ્ટિએ આ સંસ્થા અંગે નોંધવા જેવું અમને જે જણાયું છે તેનો અમારો આ હેવાલ અમારા મન પર પડેલી પ્રતિકૂળ છાપનો પૂરો ખ્યાલ ભાગ્યે જ આપી શકશે. અમને એમ લાગે છે કે આપણી યુનિવર્સિટીએ શિક્ષણક્ષેત્રે જે વિશ્વાસ અને સૌજન્યભર્યા વલણની પરંપરાનો આગ્રહ રાખ્યો છે તેનાં આવાં અણધાર્યાં પરિણામની કલ્પના કરતાં પણ એ મુશ્કેલી અનુભવશે; પણ અમારે સખેદ નોંધવું પડે છે કે એ બધી નક્કર હકીકત છે અને અમે નોંધી છે તેવી રીતરસમનો આશરો કોઈ પણ સંજોગોમાં કોઈ પણ જગ્યાએ નહિ લેવાય એવી વ્યવસ્થા ઊભી કરવાની નવી જવાબદારી સિન્ડિકેટને અને યુનિવર્સિટીને શિરે હવેથી આવે છે.

પરિશિષ્ટ "અ"

અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ

આર્ટ્સ અને સાયન્સમાં સ્ટાફ

ગુજરાત યુનિવર્સિટીએ પ્રી-યુનિવર્સિટીના પ્રથમ વર્ષના એક એક વર્ગની જરૂરિયાત લેખી નિમણૂકો કરવા શરત મૂકેલી પરંતુ સદર કૉલેજ જે પ્રમાણમાં જે વર્ગો ખોલવા માગે છે અને પ્રથમ વર્ષ બી.એસસી. માં "એ" ગ્રુપની જ જોગવાઈ રાખે છે તે જોતાં નીચે પ્રમાણે સ્ટાફની નિમણૂક થવી જોઈએ :

	લેક્ચરર	ટ્યૂટર	ડેમોન્સ્ટ્રેટર
અંગ્રેજી	૨	૧	—
ગુજરાતી	૧	—	—
	૧–પાર્ટ-ટાઇમ		
ફિઝિક્સ	૨	૨	૫
કેમિસ્ટ્રી	૨	૨	૫
બાયોલોજી	૧	૧	૨
મેથેમેટિક્સ	૪	૩	—
હિંદી	૧	—	—
સંસ્કૃત	૧	—	—
અર્ધમાગધી	૧–પાર્ટ-ટાઇમ	—	—
ઇકોનોમિક્સ	૧	—	—
લૉજિક-ફિલોસોફી	૧	—	—
પોલિટિક્સ	૧	—	—

જ્યારે સદર સંસ્થાએ જે નિમણૂકો કરેલ તે જોતાં હજુ નીચે પ્રમાણે નિમણૂકો કરવાની બાકી છે :

૧. ઇંગ્લિશ — ૧ લેક્ચરર

૨. ફિઝિક્સ — ૪ ડેમોન્સ્ટ્રેટર

શ્રી. એન. એ. ગોરની નિમણૂક પ્રભુદાસ ઠક્કર સાયન્સ કૉલેજમાં બતાવવામાં આવી છે, જેથી જો તેઓ અહીં ના જોડાય તો એક ટ્યૂટર નીમવાનો બાકી રહે છે.

૩. કેમિસ્ટ્રી — ૧ ટ્યૂટર અને ૩ ડેમોન્સ્ટ્રેટર

૪. મેથેમેટિક્સ — ૧ લેક્ચરર અને ૨ ટ્યૂટર

પરંતુ, કુ. ચોકસીની નિમણૂક પ્રભુદાસ ઠક્કર સાયન્સ કૉલેજમાં પણ બતાવવામાં આવી છે, જેથી જો તે અહીં ના જોડાય તો ૧ લેક્ચરર વધુ નીમવાનો બાકી રહે છે.

૫. બાયોલોજી — ૧ લેક્ચરર, ૧ ટ્યૂટર અને ૩ ડેમોન્સ્ટ્રેટર

———

નવગુજરાત સાયન્સ કૉલેજ

એલિસબ્રિજ વિસ્તારમાં ગુજરાત વિદ્યાપીઠ સામે આવેલ નવગુજરાત કેળવણી મંડળ સંચાલિત સંસ્થામાં અમો બપોરના ગયા, જ્યાં મંડળના ટ્રસ્ટી અને વ્યવસ્થાપક કમિટીના સભ્યો શ્રી. રસિકલાલ ગોરધનદાસ શાહ અને શ્રી. એમ. સી. શાહ કે જેઓ આ મંડળ સંચાલિત આર્ટ્સ-કૉમર્સ કૉલેજના આચાર્ય પણ છે તે, અને શરૂ કરવા ધારેલ સાયન્સ કૉલેજ માટે નિમાયેલ આચાર્ય શ્રી. પટ્ટણી મળ્યા. અમને જાણવા મળ્યું કે આ ટ્રસ્ટ ૧૯૬૨ જુલાઈમાં અસ્તિત્વમાં આવ્યું. આ મંડળના ટ્રસ્ટીઓ તરીકે શ્રી. ચંપકલાલ નાથાલાલ, શ્રી. દિલીપકુમાર ચંપકલાલ, શ્રી. રસિકલાલ ગોરધનદાસ શાહ, અને આચાર્ય શ્રી. એમ. સી. શાહ છે.

જ્યારે ગવર્નિંગ બૉર્ડના સભ્યો તરીકે શ્રી. ચંપકલાલ નાથાલાલ, અને રસિકલાલ ગોરધનદાસ શાહ, આચાર્ય શ્રી. ચિમનભાઈ પટેલ, આચાર્ય શ્રી. સી. એન. હકાણી (રાજકોટ કૉલેજ), આચાર્ય શ્રી. એમ. સી. શાહ અને આચાર્ય શ્રી. પટ્ટણી છે.

આ મંડળની પાસે હાલ ભોંયતળિયાનો ભાગ, પહેલો માળ અને બીજો માળ છે અને ત્રીજા માળે બાંધકામ ચાલી રહ્યું છે, જેમાં ઘણું કામ કરવાનું બાકી છે. આ મકાન શ્રી. ચંપકલાલ નાથાલાલે લૉન તરીકે આ મંડળને આપેલ છે, અને કાયમી દાન તરીકે મંડળને આપી દે એવી શકયતા છે તેમ અમને જણાવવામાં આવ્યું. આ મંડળને આજ સુધીમાં કોઈ દાન મળ્યું નથી, પણ કૉલેજમાં પુસ્તકાલય વગેરે માટે દાન મળ્યાં છે તેમ જણાવવામાં આવ્યું. ૧૫મી જૂન ૧૯૬૩થી તૈયાર થયેલ આ મકાનમાં આ મંડળ સંચાલિત આર્ટ્સ-કૉમર્સ કૉલેજ ચાલે જ છે અને તે કૉલેજ સવારમાં ચાલશે તેમ અમને જણાવવામાં આવ્યું. બપોરના આ જ મકાનમાં સાયન્સ કૉલેજ ચલાવવા માગે છે. અને લાઇબ્રેરી, ગર્લ્સ રૂમ, સ્ટુડન્ટ્સ રૂમ, સ્ટાફ રૂમ, તમામ કૉલેજો માટે કૉમન રહેશે તેમ જણાવવામાં આવ્યું. આ મંડળ ચાલુ વર્ષથી બી. ટી. કૉલેજ શરૂ કરનાર છે. તે કૉલેજ પણ આ જ મકાનના ત્રીજે માળ કે જે હાલ બંધાઈ રહ્યો છે તેમાં બેસશે, તેમ અમને માહિતી આપવામાં આવી. આ કૉલેજની જોડે ૫૦૦૦ વાર જેટલી છૂટી જમીન છે જે કૉલેજની ઇતર પ્રવૃત્તિઓ માટે ઉપયોગી થઈ શકશે, તેમ જણાવવામાં આવ્યું. સાયન્સ કૉલેજ માટે જરૂરી પ્રયોગશાળા માટે અમને બતાવવામાં આવ્યું કે ચાલુ મકાનની બાજુમાં તેના પાયા ખોદાઈ રહ્યા છે અને પ્લાન અ પી જણાવવામાં આવ્યું કે અંદાજે ૩૬×૩૨ની રસાયણશાસ્ત્રની, ૩૬×૩૨ની ભૌતિકશાસ્ત્રની અને ૨૮×૩૨ની જીવપદાર્થવિજ્ઞાનની પ્રયોગશાળાઓ શેડ્ઝ ટાઇપથી બાંધવાનો ઇરાદો છે; અને વધુમાં એમ પણ જણાવવામાં આવ્યું કે આ અમારું કામચલાઉ સ્થાન હશે. ભવિષ્યમાં બીજા મકાનમાં અમે જઈએ ત્યારે આ બાંધકામ ઉપાડી લઈ શકાય. અમને એમ જણાવવામાં આવ્યું કે ૧૫મી જૂન સુધીમાં અમારું આ અંગેનું બાંધકામ પૂરું થઈ જશે, જે ૧૫મી જુલાઈ સુધીમાં થાય તોય કમિટીને નવાઈ લાગે.

સંસ્થા માટે જરૂરી ફર્નિચર માટે પિનાકિન ફર્નિચર માર્ટને ઑર્ડર આપવામાં આવેલ છે તેમ જણાવ્યું અને અમરીશ ફર્નિચર માર્ટ તરફથી કન્ફર્મ થયેલો ઑર્ડર અમને જોવા મળ્યો. આ સંસ્થા માટે જરૂરી પુસ્તકાલય, ફર્નિચર, પ્રયોગશાળાનાં સાધનો વગેરે માટે ઑર્ડર્સ મૂકવામાં આવ્યા છે એમ જણાવવામાં આવ્યું; પરંતુ અમારા પર એ છાપ પડી છે કે આ કૉલેજ આ જ વર્ષે શરૂ કરવા માટે તૈયારી મે મહિનામાં જ શરૂ કરવામાં આવી છે, અને ૧૫મી મે કે જે તારીખ સુધીમાં તો યુનિવર્સિટીએ

મુકરર કરેલ શરતોનું પરિપાલન કરવાનું હતું તે તારીખથી તો આ સંસ્થા તરફથી જરૂરી સાધનસામગ્રી માટે ઑર્ડર્સ મૂકવામાં આવ્યા છે. અમને એમ જણાવવામાં આવ્યું કે પ્રયોગશાળાનાં સાધનો માટે પલ્લવી સાયન્ટિફિક ઇન્ડસ્ટ્રીઝને ૩, ૪ મેથી ઑર્ડર મૂકવામાં આવેલા પરંતુ તે અંગેની યાદીના જુદા જુદા પાના પર કેટલાકમાં જૂનને ચેકી મે અથવા ૬ને ચેકી પનો આંકડો મૂકવામાં આવેલો. આ છેકછાકના જે ખુલાસા અમને આપવામાં આવ્યા છે તે અમને સંતોષકારક લાગ્યા નથી (જે અમને એમ માનવા પ્રેરે છે કે આ અંગેના ઑર્ડર્સ ૩, ૪ જૂનના રોજ આપવામાં આવ્યા હોય); અને કોઈ સાધનો પ્રયોગશાળામાં હજુ આવ્યાં નથી. લાયબ્રેરી માટે રૂા. ૫,૦૦૦નાં ઑર્ડર આપેલ પુસ્તકોની યાદી અમને જોવા મળી નથી.

વિગતે કેટલીક માહિતી માગતાં, તે સંસ્થાની ઑફિસે, એટલે કે અમદાવાદ કેળવણી ટ્રસ્ટની અને નવગુજરાત ટ્રસ્ટની ઑફિસનું સંચાલન જ્યાંથી થાય છે ત્યાં છે એમ માહિતી પ્રાપ્ત થઈ.

ગેસ પ્લાન્ટનો ઑર્ડર ૧૫ મેના રોજ મૂકયો છે પરંતુ તે આવે ત્યારે તેને મૂકવા માટેની રૂમ હજુ બાંધવાની રહેશે.

સ્ટાફની જરૂરિયાત બાબતમાં કેટલી નિમણૂકો બાકી છે તે આ સાથેના પરિશિષ્ટ "બ"માં જણાવેલ છે.

આ પરિસ્થિતિમાં અમો એટલું સ્પષ્ટપણે કહી શકીએ છીએ કે યુનિવર્સિટીએ આ કૉલેજની માન્યતા માટે મૂકેલ શરતોનું પરિપાલન જે ૧૫મી મે ૧૯૬૪ પહેલાં થવું જોઈતું હતું તેમાંથી મૂળભૂત શરતોનું પાલન થયું નથી એટલું જ નહિ, પરંતુ શરતોનું પરિપાલન કરવાની તૈયારી જ મે મહિનાની કોઈ તારીખે શરૂ કરી. પણ જૂન છના રોજ અમારી કમિટી જ્યારે તપાસ માટે ગઈ ત્યારે ઉપરોક્ત પરિસ્થિતિ હતી છતાં બીજી બાજુ પ્રી-યુનિવર્સિટી સાયન્સ માટે તા. ૨-૬-૧૯૬૪થી શરૂ કરી તા. ૬-૬-૧૯૬૪ સુધીમાં ૨૬૫ વિદ્યાર્થીઓ પાસે દરેક વિદ્યાર્થી દીઠ રૂા. ૨૬૫ જેટલી ફી લઈ એડમિશન આપવામાં આવેલ છે, જેમાંથી ૪૦ વિદ્યાર્થીઓની ફી આખા વર્ષની એટલે કે રૂા. ૫૦૫ એક સાથે લેવામાં આવેલ છે. આ ફીનું ધોરણ અને એક વર્ષની સામટી ફી લઈ લેવાની નીતિ તેમ જ યુનિવર્સિટીની શરતોનું પરિપાલન કરવા માટેની દૃષ્ટિએ, શૈક્ષણિક હિતની દૃષ્ટિએ, ગંભીર વિચારણા માગી લે છે.

પરિશિષ્ટ "બ"

નવગુજરાત સાયન્સ કૉલેજ

ગુજરાત યુનિવર્સિટીએ સાયન્સમાં પ્રી-યુનિવર્સિટી અને પ્રથમ વર્ષ બી.એસસી.માં એક એક વર્ગની જરૂરિયાત લેખે નિમણૂકો કરવા શરત મૂકેલી, પરંતુ સદરહુ કૉલેજ પ્રી-યુનિવર્સિટીના ત્રણ વર્ગો જ

ખોલવા માગે છે તે જોતાં નીચે પ્રમાણે સ્ટાફની નિમણૂક થવી જરૂરી છે:

		લેક્ચરર	ટ્યૂટર	ડેમોન્સ્ટ્રેટર
કેમિસ્ટ્રી	...	૨	—	૨
ફિઝિક્સ	...	૧	૧	૨
બાયોલોજી	...	૧	૧	૨
મૅથેમેટિક્સ	...	૧	૨	—
ઇંગ્લિશ	...	૧	—	—
ગુજરાતી	...	૧	—	—

જે નિમણૂકો થઈ છે તે જોતાં નીચે પ્રમાણે નિમણૂકો કરવાની રહે છે:

કેમિસ્ટ્રીમાં ૨ ડેમોન્સ્ટ્રેટર
ફિઝિક્સમાં ૨ ડેમોન્સ્ટ્રેટર
બાયોલોજીમાં ૧ ડેમોન્સ્ટ્રેટર, ૧ ટ્યૂટર
મૅથેમેટિક્સમાં ૧ ટ્યૂટર.

પ્રભુદાસ ઠક્કર સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ

ભગવદાચાર્ય ટ્રસ્ટ તરફથી પાલડીથી સરખેજ રોડ ઉપર નદી કિનારે બંધાઈ રહેલ આ સંસ્થાના મકાન પર અમો કમિટીના સભ્યો તા. ૭-૬-૧૯૬૪ના રોજ સાંજે ગયા, જ્યાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી. પ્રભુદાસ લલ્લુભાઈ ઠક્કર, શ્રી. જયકૃષ્ણ પ્રભુદાસ ઠક્કર, શ્રી. દશરથભાઈ પ્રભુદાસ ઠક્કર, કે જેઓ આ ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ કૉલેજના આચાર્ય પણ છે તે અને શ્રી. ચંદ્રકાન્ત પ્રભુદાસ જેરાજાણી કે જે શરૂ કરવા ધારેલ પ્રભુદાસ ઠક્કર સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યપદે નિમાયેલ છે તેઓની મુલાકાત થઈ. તેમણે આપેલ માહિતી મુજબ આ ટ્રસ્ટને શ્રી. પ્રભુદાસ ઠક્કર તરફથી રૂા. ૫૦,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. તેમના જણાવ્યા મુજબ ૬ થી ૭ લાખના ખર્ચે તૈયાર થતું આ મકાન રેન્ટ-ફ્રી કૉલેજને મળશે.

આ મકાન કે જેનું બાંધકામ ચાલી રહ્યું છે તેમાં ૧૬૦૦ સ્કવે. ફૂટની ત્રણ પ્રયોગશાળાઓ, ૮૦૦ સ્કવે. ફૂટના ૭ ઓરડાઓ અને બીજા નાના ૭ ઓરડાઓ ઉપરાંત બે આચાર્યના કાર્યાલય માટેના ઓરડાઓ અને એક સંયુક્ત ઑફિસ માટેના ઓરડાનો સમાવેશ થાય છે. મોટા ભાગના ઓરડાઓમાં ઇલેક્ટ્રિક ફિટિંગ્ઝ ચાલતું હતું તથા લાદી બેસાડવાનું કામ ચાલતું હતું. પ્રયોગશાળાઓના ઓરડાઓમાં ટેબલો પડ્યાં હતાં પરંતુ તેનાં ફિટિંગ્ઝ તેમ જ પાણી, ગેસ, વગેરેનું જોડાણ બધું જ બાકી હતું. ગેસ પ્લાન્ટ માટે ઑર્ડર મૂકવામાં આવેલ છે એમ જણાવવામાં આવ્યું પરંતુ તે અંગેનો રૂમ બાંધવાનો રહેશે. સંચાલકો ફર્નિચર કૉલેજના મકાનમાં જ પોતાની જાત દેખરેખ હેઠળ બનાવી રહ્યા છે તે પણ જોવા મળ્યું. પ્રયોગશાળાનાં સાધનો અંગે ઑર્ડર્સ મૂકવામાં આવેલ યાદી બતાવવામાં આવી અને સાધનો

૧૫મી જૂન સુધીમાં આવી જશે એમ જણાવવામાં આવ્યું, પરંતુ અમોએ લીધેલ મુલાકાતના દિવસે, એટલે કે ૭-૬-૧૯૬૪ સુધીમાં મોટા ભાગની ચીજો આવવાની બાકી હતી. પુસ્તકાલય માટે ઑર્ડર્સ મૂકવામાં આવેલ છે તેમ જણાવી કેટલાંક પુસ્તકો આવ્યાં છે અને બીજાં આવી જશે, અને આવેલ પુસ્તકો, સાધનો બંધાઈ રહેલ મકાનમાં હાલ ના રોકી શકાય એટલે સંચાલકોના નિવાસસ્થાને છે તેમ અમને જણાવવામાં આવ્યું, પરંતુ સમયના અભાવે અમે તે જોઈ શકયા નથી.

આ ટ્રસ્ટે ગયા વર્ષે આર્ટ્સ-કૉમર્સ કૉલેજ માટે ગુજરાત યુનિવર્સિટી પાસે માન્યતા મેળવેલી પરંતુ અમને જણાવવામાં આવેલ કે મકાનની બાબતમાં વિલંબ થતાં ઘણી જ જૂજ સંખ્યાથી તેમને કૉલેજનું સંચાલન કરવું પડેલું અને આ વર્ષે મકાનનું બાંધકામ સંચાલકો જાતે જ કૉન્ટ્રાક્ટર વગર કરાવી રહ્યા છે. ચાલુ વર્ષે કૉમર્સ વિભાગને આર્ટ્સથી અલગ પાડી સાયન્સ અને કૉમર્સ કૉલેજ સંયુક્ત ચલાવવા વિચાર્યું છે. અને આ શરૂ કરવા ધારેલ કૉલેજ માટે શ્રી. ચંદ્રકાન્ત પ્રભુદાસ જેરાજાણી કે જેઓ આ સંસ્થાની આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં ગયા વર્ષે વ્યાખ્યાતા હતા તેમની આચાર્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી. જેરાજાણી એમ.એ. દ્વિતીય વર્ગમાં પાસ થઈ ચાર વર્ષથી વ્યાખ્યાતા તરીકે હોઈ, તેઓ પ્રોફેસરની લાયકાત ધરાવતા ના હોઈ, આચાર્ય તરીકે યુનિવર્સિટીના નિયમથી રહી શકે નહિ તેમ અમોએ તેમને જણાવ્યું, જ્યારે અમને જણાવવામાં આવ્યું કે યુનિવર્સિટી નિયમ કરે તે અગાઉથી અમે શ્રી. જેરાજાણીની આચાર્ય તરીકે નિમણૂક કરેલ છે. આ પ્રશ્ન યુનિવર્સિટીની ધ્યાન પર અમે લાવીએ છીએ.

શરૂ કરવા ધારેલ સાયન્સ-કૉમર્સ કૉલેજમાં પ્રી-યુનિવર્સિટી સાયન્સના પાંચ, પ્રથમ વર્ષ બી.એસસી.ના બે અને પ્રી-યુનિવર્સિટી કૉમર્સ તેમ જ પ્રથમ વર્ષ બી.કૉમ.નો એક એક વર્ગ શરૂ કરવા માગે છે. એ મતલબનો પત્ર તા. ૨૫મી મેના રોજ રજિસ્ટ્રારને લખી દેવામાં આવેલ છે એમ અમને જણાવવામાં આવ્યું. પ્રી-યુનિવર્સિટી કૉમર્સમાં ૧૫ અરજીઓ આવેલ છે. પ્રથમ વર્ષે એક પણ અરજી આવેલ નથી, જ્યારે પ્રી-યુનિવર્સિટી સાયન્સમાં ૪૫૦ વિદ્યાર્થીઓની રૂા. ૨૫૫ લેખે ફી અને પ્રથમ વર્ષ બી.એસસી.માં ૧૧૩ વિદ્યાર્થીઓની રૂા. ૨૬૦ લેખે ફી લઈ એડમિશન આપવામાં આવ્યાં છે એમ અમને માહિતી પ્રાપ્ત થઈ. કોઈ પણ વિદ્યાર્થીની ફી આખા વર્ષની લેવામાં આવી નથી એમ જાણવા મળ્યું. અમારા પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય શ્રી. જેરાજાણીએ જણાવ્યું કે ફક્ત એક વિદ્યાર્થીની હઠને કારણે વાલીના કહેવાથી અમે તેની પાસે લખાવેલું છે કે જો સાયન્સના પ્રથમ ટેસ્ટમાં નબળો માલૂમ પડે તો આર્ટ્સમાં મોકલવામાં આવે તો વાંધો લેવામાં આવશે નહિ.

સ્ટાફ અંગેની નિમણૂકો તા. ૭-૬-૧૯૬૪ સુધી સંપૂર્ણ થઈ નથી અને જે પરિસ્થિતિ છે તે આ સાથેના પરિશિષ્ટ 'ક'માં દર્શાવેલ છે.

આ પરિસ્થિતિમાં અમો નોંધીએ છીએ કે યુનિવર્સિટી તરફથી મુકાયેલ શરતોનું પરિપાલન જે ૧૫મી મે સુધીમાં થવું જોઈતું હતું તે મહદ્ અંશે તા. ૭-૬-૧૯૬૪ સુધીમાં થયું નથી અને સંચાલકો જણાવે છે કે ૧૫ જૂન સુધીમાં થઈ જશે, તે અંગે અમને શંકા છે. જેટલી સંખ્યામાં વર્ગો ખોલવા માગે છે તે પ્રમાણમાં સાધનો અંગેના ઑર્ડર્સ મુકાયા નથી તો યુનિવર્સિટીની શરતોનું પરિપાલન કરવા માટેની દૃષ્ટિ, ઊંચું ફીનું ધોરણ અને પૂરી તૈયારી સિવાય અનેક વર્ગો માટે આપી દેવામાં આવતાં એડમિશન્સ શૈક્ષણિક હિતની દૃષ્ટિએ ગંભીર વિચારણા માગી લે છે.

પરિશિષ્ટ "ક"

શ્રી. પ્રભુદાસ ઠક્કર સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ

ગુજરાત યુનિવર્સિટીએ સાયન્સ અને કૉમર્સમાં એક એક વર્ગ પ્રી-યુનિવર્સિટી અને પ્રથમ વર્ષમાં શરૂ કરવાની જરૂરિયાત લેખે નિમણૂકો કરવા શરત મૂકેલી, પરંતુ સદર કૉલેજ જે પ્રમાણમાં વર્ગો શરૂ કરવા માગે છે તે જોતાં નીચે પ્રમાણેની નિમણૂકો થવી જરૂરી છે:

	લેક્ચરર	ટ્યૂટર	ડેમોન્સ્ટ્રેટર
કેમિસ્ટ્રી	૨	૧	૫
ફિઝિક્સ	૨	૧	૫
બાયોલોજી	૧	૧	૪
મૅથેમેટિક્સ	૩	૨	–
ઇંગ્લિશ	૨	–	–
ગુજરાતી	૨	–	–
હિંદી	૧	–	–
કૉમર્સ	૧	–	–
એકાઉન્ટન્સી	૧	–	–
ઇકોનોમિક્સ	૧	–	–
લેબો. આસિસ્ટન્ટ	૩	–	–
પી. ટી. ઇન્સ્ટ્રક્ટર	૧	–	–

જે નિમણૂકો થઈ છે તે જોતાં નીચે પ્રમાણે નિમણૂકો કરવાની બાકી રહે છે:

કેમિસ્ટ્રી	૧ ટ્યૂટર	૪	ડેમોન્સ્ટ્રેટર	
ફિઝિક્સ	૧ ,,	૪	,,	
બાયોલોજી	૧ ,,	૩	,,	૧ લેક્ચરર
મૅથેમેટિક્સ	૧ ,,	૧	લેક્ચરર	
ઇંગ્લિશ	૧ લેક્ચરર			
લેબો. આસિસ્ટન્ટ	૨			

ફિઝિક્સમાં શ્રી. એમ. એન. ગોરની નિમણૂક લેક્ચરર તરીકે કરી છે. પરંતુ તેમની નિમણૂક અમદાવાદ આર્ટ્સ-સાયન્સ કૉલેજમાં પણ અમને જોવા મળી છે, તેથી જો તેઓ અત્રે ના જોડાય તો એક લેક્ચરરની નિમણૂક ફિઝિક્સ ખાતે બાકી રહે છે.

એ જ રીતે કુ. ચોકસીની નિમણૂક મૅથેમેટિક્સમાં લેક્ચરર તરીકે બતાવવામાં આવી છે, પરંતુ તેમની નિમણૂક અમદાવાદ આર્ટ્સ-સાયન્સ કૉલેજમાં અમને જોવા મળી છે. આથી જો કુ. ચોકસી અત્રે ના જોડાય તો મૅથેમેટિક્સમાં લેક્ચરરની નિમણૂક કરવાની વધુ બાકી રહે.

કમિટીના સભ્યો તરીકે—આચાર્ય શ્રી. સાણ્ડિલ, શ્રી. જમશેદજી ચિનોય, શ્રી. ઝીણાભાઈ દેસાઈ, શ્રી. રણજિત શાસ્ત્રીની નિમણૂક થયેલી હોઈ ચારે જણાએ તા. ૭-૬-૧૯૬૪ના રોજ ઉપરોક્ત ત્રણેય સંસ્થાની મુલાકાત લઈ તપાસ કરી હતી. જ્યારે રિપોર્ટ તૈયાર કરવા કમિટી મળી ત્યારે આચાર્ય શ્રી. સાણ્ડિલ હાજર રહી શકયા ન હતા, પરંતુ તેઓએ શ્રી. ઝીણાભાઈ દેસાઈ પર તેમના તરફનો અહેવાલ મોકલી આપ્યો છે, જેની એક નકલ ઉપકુલપતિશ્રીને તેમણે મોકલી છે, તે પ્રત્યે નિર્દેશ કરી અમો ઉપરોક્ત અહેવાલ સર્વાનુમતે પેશ કરીએ છીએ.

(સહી) ઝીણાભાઈ દેસાઈ
(સહી) રણજિત ગં. શાસ્ત્રી
(સહી) જમશેદજી ચિનોય

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

NAVGUJARAT SCIENCE COLLEGE

This College is proposed to be housed in the building of the Navgujarat Arts & Commerce College (run by the same Trust). The cellar and two floors of this building are ready and third floor is nearing completion.

(1) Since the Arts & Commerce College is to run in the mornings till 11-30 a.m., necessary rooms for the Lectures and Tutorials of the proposed 3 divisions of Pre-University Science classes of the Science College can be considered to be ready.

(2) Since the same staff rooms, students' and ladies' common rooms that are used for Arts and Commerce students are to be used for Science students, these could also be considered as ready.

(3) Since the room which houses the Library of the Arts & Commerce College is to be used for the Science College, the Library room could also be considered to be ready.

(4) Books for the Library for the Science side worth about Rs. 5,000/- have been orderd. We were informed (we could not get the copies of the orders placed) books are since to be received.

(5) We were shown orders for Scientific equipment ordered. No equipment has been received so far. We were told that all this would be received by 15th June. It appears doubtful to me.

(6) Gas-plant has been ordered. It has not been received yet. Even after it is received, it will have to be housed in a room which has still to be built.

(7) Orders placed for Laboratory and Office furniture for the College were shown to us. We were told that all the items were ready.

(8) A Laboratory each for Physics (about 36′ × 32′), Chemistry (about 36′ × 32′) and Biology (28′ × 32′) is proposed to be constructed on the ground floor in continuation with the existing ground floor of the building. On the day of our visit, even the digging of the foundation was hardly complete.

I found it very difficult, if not impossible, to agree with the view of the Management that the Laboratories will be ready fully filled up and equipped by 1st July, 1964—though the Management has given this undertaking in writing.

(9) Most (not all) of the teaching staff, including the Principal has been appointed. Some Tutors and Lecturers and most of the Demonstrators, Laboratory Assistants, Peons, etc., remain to be appointed.

(10) It may be noted that, the proposed B.Ed. College to be run by the same Trust, is also to be housed in the same building on its 3rd floor, the construction of which is nearing completion.

In short, while it may be accepted that the affiliation condition regarding class rooms, office rooms and students' rooms are satisfied, the conditions regarding Library and staff are only partially satisfied, while those regarding Laboratories and their equipment are not satisfied at all. The Management's view that these can be fully satisfied by 1st July, I find difficult to accept.

It may also be pointed out that in about 50–60 cases, this College also has collected two-term fees. What inducements persuded students to pay voluntarily two-term fees together would be worth checking up.

Fees charged (Rs. 250/– per term) also seem to be quite high.

J. B. SANDIL.

AHMEDABAD ARTS AND SCIENCE COLLEGE, AHMEDABAD

Technically speaking, no condition of affiliation could be said to have been entirely fulfilled because neither the building is fully ready for class rooms purposes, nor laboratories filled up with furniture, Gas, water, electricity lines, etc. All the staff required for the proposed 5 divisions in Pre-University Science and 4 divisions in F.Y.B.Sc. has not yet been appointed. Library room has not been filled up with cup-boards nor cup-boards filled up with books. Since the class rooms and laboratory rooms are not yet ready for occupation, the question of their being filled up with fixtured, Laboratory equipment, etc., does not arise.

The position on 7–6–'64 was something as follows:

A well-planned building is being constructed. When completed and fully furnished and equipped, it has the potential for providing adequate accommodation of class rooms, laboratory rooms, students' rooms, laboratories, etc., but on the day of our visit bare rooms were just there — some of them not fully built even. All the necessary services of water, electricity and gas have still to be provided; the class room furniture, Laboratory furniture and office furniture still to be brought to the premises and filled up in the rooms.

We were shown orders worth about Rs. 70,000/- for Scientific equipment, already placed. We were informed that some of these items were already received and that the remaining will be shortly received, and that the Management will see that everything is obtained and filled up in time by 15th June 1964. In spite of all the great efforts that the Management has already put in and continues to put in, we are very doubtful whether the rooms can be ready for lectures and laboratories for practical work by 15th June 1964. All finishing, fitting of Gas, Water and Electric fixtures, fitting up of Laboratory Table, fitting of up of the gas plant and providing connection from the same to the Laboratories — all this has still to be done.

We were told that all furniture was ready in the godowns of the dealers and that as soon as building work was over the same would be brought in and filled up.

Library books worth Rs. 10,000/- have been ordered. It was not known when they would be received and installed in the Library.

Similar was the position regarding Laboratory equipment, apparatus, chemicals, etc.

Only about 60 to 70% of the total staff required has been appointed. The remaining has still to be appointed though the Management felt confident of making all appointments and getting the acceptance from the persons appointed by 15th June.

In short, to-day (7–6–'64) it cannot be said that a single condition is fulfilled completely. The Management feels that it will be able to satisfy all conditions of affiliation by 15th June. This is very doubtful. Great efforts have been put in by the Management but it will be a wonderful achievement, if all the conditions of affiliation are completely satisfied by even 1st July 1964.

A part from the physical conditions of affiliation, a few other points required to be noted.

1. Full term fees of Rs. 245/– each have been collected from nearly 900 students — about 250 students, we were informed, had voluntarily paid fees for two terms but that after the talk, the Principal had with the V. C. even voluntary collection of two terms' fees from students had been discontinued. It is difficult to understand how students could be persuaded to pay voluntarily two terms' fees at one time. It is possible that students with lower percentage of marks were told that they could get admission only, if they paid two terms' fees together. It would be worth while getting a statement of marks percentages of students who have paid two terms' fees.

2. The prospectus hints that if and when the Engineering College proposed to be started by the Management comes into existence the students of the College would get preference in admission to that College. This type of inducement for attracting students to this college, does not appear to be desirable.

3. The fees charged seem to be quite high. It should be a matter of consideration for the Syndicate whether any upper or lower ceiling of fees could be laid down for all its affiliated institutions.

J. B. SANDIL.

SHRI PRABHUDAS THAKKER SCIENCE COLLEGE

(1) The College building is still under construction --when completed it will have the necessary accommodation for the Arts and Commerce sections of Pre-University Arts and First B.A. and Pre-University Commerce and First B.Com. in the morning and Science Section (proposed 5 divisions in Pre-University Science and 2 divisions in First B.Sc.) in the afternoon (from 11-30 a.m. onwards).

At present only a few rooms are ready and most of the rooms require flooring, plastering, finishing, etc.

(2) Bare rooms for the Laboratories are nearly ready but they all need being filled up with Laboratory tables, Sinks, Laboratory equipment, Gas, Water and Electricity lines, etc.

(3) We have been told that most of the Science equipment required was ordered and same was received — though the exact figure of orders placed was not available. Similarly, we were informed that glassware and chemicals required were ordered and part of the order already received. Since all this had to be classified and arranged, one could not definitely know what items were received.

(4) Similar was the position regarding Library for the Science side.

(5) The gas plant, we were informed, had been already ordered and was soon expected. Its filling up and connection with Laboratories, etc., naturally still remained to be executed.

(6) Part of the staff required has been appointed — Demonstrators, Tutors, etc., still remain to be appointed. The Principal-designate Shri Jairajani has not the necessary qualifications for a Professor (which now has been prescribed the minimum qualification for the Principal).

(7) The Management felt that they would be able to satisfy all conditions of affiliation regarding Staff, Library, Building, Laboratories, etc., by 15th June. This appears extremely doubtful to us. On the date of our visit, none of the conditions of affiliation could be considered to have been fully satisfied.

(8) The fees of Rs. 250/- per term seem to be very high.

J. B. SANDIL.

O. 120–D :

NOTWITHSTANDING anything contained in Ordinance 120–B and the maximum limit of 1500 students laid down therein, the Vice-Chancellor may, at his discretion, allow a College to admit 50 % more students in place of 10% per division of 100 students in the Pre-University Science and the First Year B.Sc. classes only for the academic year 1964–65.

That this Ordinance having been framed in view of the special circumstances that have arisen this year, the operation of this Ordinance shall cease from the close of the academic year 1964–65.

This Ordinance comes into force immediately.

Gujarat University Press, Navrangpura, Ahmedabad–9.

સિન્ડિકેટ (જૂન)
તા. ૨૩-૬-'૬૪

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના જૂન માસની એક ખાસ સભા, મંગળવાર, તા. ૨૩-૬-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનેાટ, સહશિક્ષણુસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છો. દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. તા. ૧૧-૬-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની આસ સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૧-૬-૧૯૬૪ની સભાની નોંધ મંજૂર કરવાની બાબતમાં શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેની બાબતોનો ઉલ્લેખ કરવા જણાવ્યું :

(૧) તા. ૬-૬-૧૯૬૪ની સભાની નોંધમાં સુધારો કરવાની બાબતમાં તેમનો પત્ર પરિશિષ્ટ તરીકે મૂકવો જોઈએ.

(૨) કામકાજ નં. ૪૪ની બાબતમાં "બહુમતીથી" એ શબ્દો ઉમેરવા જોઈએ.

ઉપરોક્ત બાબતની ચર્ચા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે—

(૧) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના સદરહુ પત્રનો ઉલ્લેખ નોંધમાં હોવાને કારણે તેમના પત્રને પરિશિષ્ટ તરીકે મૂકવાની જરૂર નથી.

(૨) બાબત નં. ૪૪ના ઠરાવમાં "માહિતી ઉપર લંબાણ ચર્ચાવિચારણા કરીને સિન્ડિકેટ આથી ઠરાવે છે કે," ને બદલે "માહિતી ઉપર લંબાણ ચર્ચાવિચારણા કરીને સિન્ડિકેટ બહુમતીથી ઠરાવે છે કે," શબ્દો મૂકવા.

વધુમાં એમ ઠરાવવામાં આવ્યું કે—

(૧) આચાર્ય જે. બી. સાણ્ડિલનો રિપોર્ટ પણ પરિશિષ્ટ તરીકે તપાસસમિતિના રિપોર્ટ સાથે જોડવો.

(૨) બાબત નં. ૪૪ની નોંધની નીચે, નીચે પ્રમાણે ઉમેરવું :

"ઉપરના ઠરાવને કારણે ઊભી થતી પરિસ્થિતિ ધ્યાનમાં લઈ હાલના ઑર્ડિનન્સ ૧૨૦-બી માં છૂટછાટ આપવાની આવશ્યકતા હોવાથી આ સાથે પરિશિષ્ટમાં જોડેલા પ્રમાણેનો કામચલાઉ ઑર્ડિનન્સ ૧૨૦-ડી ફક્ત ચાલુ વર્ષ પૂરતો જ મંજૂર કરવો, અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો."

(ઑર્ડિ. ૧૨૦-ડીના પાઠની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

ત્યારપછી ઉપરના સુધારાવધારા સહિતની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. જનતા કેળવણી મંડળ, જંબુસર, સંચાલિત આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન થયેલ હોઈ, સદરહુ કૉલેજના જોડાણ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવા રાજ્ય સરકારને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩. શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર, સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુરના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અંગ્રેજીના વિષયમાં વ્યાખ્યાતાને બદલે ટચૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી, તથા રસાયણશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર અને લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂકો તાકીદે કરી યુનિવર્સિટીને રિપોર્ટ કરવા જણાવવું અને તેમ કર્યાનો રિપોર્ટ આવે રાજ્ય સરકારને જોડાણ આપવા વિનંતી કરવી.

૪. કરજણ કેળવણી મંડળ, કરજણ, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન પરત્વે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૫. જિતુ ભગત વિદ્યોત્તેજક ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૬. શ્રી પ્રગતિ મંડળ, ભાદરણ, સંચાલિત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અંગ્રેજીના વિષયમાં વ્યાખ્યાતાને બદલે ટચૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી.

૭. શેઠ એચ. એચ. શિરોરીવાલા હાઇસ્કૂલ, બોરૂલી, સંચાલિત આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન પરત્વે સદરહુ સંસ્થાના મંત્રી તરફથી આવેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત; તથા શેઠ એચ. એચ. શિરોરીવાલા હાઇસ્કૂલ, બોરૂલીએ સદરહુ કૉલેજનું સંચાલન, હક તથા જવાબદારીઓ 'શ્રી બોરૂલી વિભાગ કેળવણી મંડળ, બોરૂલી'ને સોંપેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અંગ્રેજીના વિષયમાં વ્યાખ્યાતાને બદલે ટચૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી.

૮. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ પૈકી આર્ટ્સ વિભાગના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના વિનયન વિભાગને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૯. ધંધુકા તાલુકા કેળવણી મંડળ, ધંધુકા, સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને વાણિજ્યના વિષયમાં વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી.

૧૦. ગોંડળ મ્યુનિસિપાલિટી, ગોંડળ, સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગોંડળના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૧. હળવદ-ધ્રાંગધ્રા એજ્યુકેશન સોસાયટી, ધ્રાંગધ્રા, સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધ્રાંગધ્રાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને વ્યાયામ શિક્ષકની નિમણૂક તાકીદે કરી યુનિવર્સિટીને રિપોર્ટ કરવા જણાવવું.

૧૨. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોરસદના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને ફારસી શીખવવાની પરવાનગી આપવી નહિ.

૧૩. દાહોદ અનાજ-મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને અંગ્રેજીના નિયત લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક તાકીદે કરી યુનિવર્સિટીને તે બાબતની જાણ કરવા જણાવવું.

૧૪. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેસાણાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૫. કપડવણજ કેળવણી મંડળ, કપડવણજ, સંચાલિત કૉમર્સ કૉલેજ, કપડવણજના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ કૉલેજની સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વાણિજ્યમાં વ્યાખ્યાતાને બદલે ટચૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી, તથા અલાયદા વ્યાયામ શિક્ષકની નિમણૂક તાકીદે કરી યુનિવર્સિટીને રિપોર્ટ કરવા જણાવવું.

૧૬. ડિરેક્ટર ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ, ગુજરાત રાજ્ય, સંચાલિત મેડિકલ કૉલેજ, સુરતના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં એનેટોમીના એક વ્યાખ્યાતા અને ફિઝિયોલોજીના બે વ્યાખ્યાતાની નિમણૂકો તાકીદે કરી યુનિવર્સિટીને રિપોર્ટ કરવા જણાવવું.

૧૭. ભાવનગર એજ્યુકેશન સોસાયટી, ભાવનગર, સંચાલિત એજ્યુકેશન કૉલેજ, ભાવનગરના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૧૮. નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત એજ્યુકેશન કૉલેજ, અમદાવાદના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય તથા પ્રોફેસરની નિમણૂક તાકીદે કરી તે અંગેની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે તેમ કૉલેજને જણાવવું, અને હાલમાં કરેલી ગોઠવણને ચાલુ રાખવા મંજૂરી આપવી.

૧૯. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વાણિજ્યમાં વ્યાખ્યાતાને બદલે ટચૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી.

૨૦. બારિયા કેળવણી મંડળ, દેવગઢ-બારિયા, સંચાલિત આર્ટ્સ કૉલેજ, દેવગઢ-બારિયાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— મૂળ અરજી વિનયન અને વિજ્ઞાનની કૉલેજ શરૂ કરવા માટે હતી, પરંતુ હવે ફક્ત વિનયનની જ કૉલેજ શરૂ કરવા માગે છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને હવે વિનયન વિભાગ માટે જ જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટર તરીકે માન્ય કરી તેમને સને ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ માટે વ્યાખ્યાતાનું કામ કરવાની છૂટ આપવી.

૨૧. બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ, પાલનપુર, સંચાલિત આર્ટ્સ કૉલેજ, પાલનપુરના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થાના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— મૂળ અરજી વિનયન અને વિજ્ઞાનની કૉલેજ શરૂ કરવા માટે કરેલી, પરંતુ હવે ફક્ત વિનયનની જ કૉલેજ શરૂ કરવા માગે છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને હવે વિનયન વિભાગ માટે જ જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અંગ્રેજી અને ઇતિહાસના વિષયોમાં વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી કામ ચલાવવા ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી.

૨૨. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડા, સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨-અ. ત્યાર બાદ વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વર્ષે અપાયેલાં પરિણામોને ધ્યાનમાં લઈને કૉલેજોના જોડાણ અંગેનાં વિધિનો આખો કાર્યક્રમ ઘડી કાઢી તે અંગે સિન્ડિકેટને એક માસમાં રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. આચાર્ય જે. બી. સાવ્હિડલ
૩. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી
૪. પ્રો. જે. જે. ચિનોય
૫. આચાર્ય એમ. સી. દેસાઈ.

૨૩. યુનિવર્સિટી ભાષા-ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિક્સ તથા વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર-ઇન-બોટેનીની જગ્યા માટે ઑર્ડિનન્સ ૬૬ પ્રમાણે બન્ને સમિતિઓ માટે સિન્ડિકેટના બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ત્યાર બાદ બાબત નં. ૪૮ની વિચારણા હાથ ધરવામાં આવી.

૪૮. બી.ફાર્મ.ની પરીક્ષા અંગે જરૂરી તપાસ કરી તે પરના ઉપકુલપતિશ્રીના રિપોર્ટની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત અંગે ઉપકુલપતિશ્રીએ રજૂ કરેલ રિપોર્ટની નોંધ લેવામાં આવી.

(સદરહુ રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ બાબત નં. ૫૯ની વિચારણા હાથ ધરવામાં આવી હતી.

૫૯. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ પ્રથમ એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના ફિઝિયોલોજી પ્રાયોગિક વિષયના પરિણામ બાબત ડૉ. એસ. બી. શાહ તરફથી આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતમાં કંઈ કરવાની જરૂર નથી.

૫૯-અ. આ પછી પ્રમુખશ્રી તરફથી એસ.ઈ. (સિવિલ)ના પરિણામની બાબતમાં સિન્ડિકેટના સભ્ય આચાર્ય એમ. એસ. પંડિત તરફથી આવેલ પત્ર રજૂ કરવામાં આવ્યો.

સદરહુ પત્ર પર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે, આ પરીક્ષાના પરિણામ અંગે જરૂરી તપાસ કરી રિપોર્ટ કરવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૨૪. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૩૦-૪-૧૯૬૪ની સભાએ કુ. પ્રફુલ્લા સી. ત્રિવેદીને ખાસ કેસ તરીકે પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા ભલામણ કરેલી છે; તો એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ તે બહેનને કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. પ્રફુલ્લા સી. ત્રિવેદીને કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા મંજૂર રાખવું.

ત્યાર બાદ બાબત નં. ૨૫ અને ૩૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૫. પ્રેસ-મૅનેજર તરીકે કામ કરતા શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલને તેઓના પગાર-ધોરણમાં તા. ૧૦-૫-૧૯૬૪થી એફિશિયન્સી બાર ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

(નોંધ.—તેઓનું પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૪૨૦-ઇ.બી.-૨૦-૬૦૦ છે અને હાલ તેઓને પગાર રૂા. ૪૨૦ મળે છે.)

૩૧. સિન્ડિકેટની તા. ૪-૧-૧૯૬૪ની સભામાં યુનિવર્સિટી પ્રેસની ગેરરીતિઓ અંગે નીમેલી પ્રેસ તપાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તા. ૪-૧-૧૯૬૪ની સભામાં નીમેલી સમિતિના રિપોર્ટનો સ્વીકાર કરવો અને સમિતિના રિપોર્ટની એક નકલ શ્રી. પ્રેસ-મૅનેજરને મોકલી પ્રેસમાં હિસાબી અને દફ્તરી કામ વ્યવસ્થિત રાખવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલ, પ્રેસ-મૅનેજરને એફિશિયન્સી બાર ઓળંગવાની પરવાનગી આપવી.

(સદરહુ સમિતિનો રિપોર્ટ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૬. ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની ૩૮મી વાર્ષિક સભાના નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત:

બાબત:

Resolved that the recommendations made by Study Group appointed by the National Institute of Community Development, Ministry of C. D. P. R. & C., regarding Community Development, Co-operation and Panchayati Raj in University curricula be brought to the notice of Universities so that their expert bodies may study the relevant portions of the syllabi and take steps to include these in the various University courses.

(Ministry of Community Development and Co-operation)

ઠરાવ:

Resolved that the proposal of the Ministry of Community Development, Panchayati Raj and Co-operation be communicated to the Universities for taking such action as they deem necessary.

બાબત:

Resolved that in view of the growing demand for Technical personnel trained in the art of preparing maps of various types, the Universities in India be urged to institute a post-graduate diploma course in Geographical Cartography which deals with map-making, map-drawing and map-reproduction.

(Ministry of S. R. & C. A.)

ઠરાવ:

Resolved to commend to the Universities the introduction of post-graduate diploma in Geographical Cartography.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી બૉર્ડની ભલામણ પૈકી પહેલો ઠરાવ કો-ઓપરેશનની અભ્યાસસમિતિને તથા બીજો ઠરાવ જોગ્રોફીની અભ્યાસસમિતિને યોગ્ય વિચારણા કરવા મોકલી આપવો.

૨૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫-૪-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"વાણિજ્ય પરિભાષાના કામને વેગ મળે તે માટે વાણિજ્ય વિદ્યાશાખાની આ સભા નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરે છે:

૧. વાણિજ્ય વિદ્યાશાખાના ડીન
૨. પ્રિ. એ. આર. દેસાઈ
૩. પ્રિ. એસ. આર. મહેતા

૪. પ્રિ. સી. એન. હકાણી
૫. પ્રિ. એમ. સી. શાહ
૬. પ્રિ. એચ. કે. બુખારી.

વધુમાં આ વિદ્યાશાખા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આ સમિતિને જરૂરી સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજ્યની વિદ્યાશાખાની સભાએ નીમેલી સમિતિને મંજૂર રાખવી અને જરૂરી સભ્યો કો-ઓપ્ટ કરવાની સત્તા આપવી.

૨૮. એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"જૂન ૧૯૬૪માં બી.એ. પાસ થયેલ વિદ્યાર્થીઓને ઑર્ડિ. ૩૦૯ હેઠળ પ્રવેશ આપવાની વ્યવસ્થા આ વર્ષ પૂરતી ચાલુ રાખવી અને ૧૯૬૫ની પરીક્ષા ઇન્ટર કૉમર્સના એકાઉન્ટન્સીના પ્રશ્નપત્રને બદલે એફ.વાય. બી.કૉમ.ના ફરજિયાત એકાઉન્ટન્સી–૧ના પ્રશ્નપત્રમાં પાસ થવાનું રાખવું. આ ઉપરાંત ઑર્ડિ. ૩૦૯ હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે તે ઑર્ડિનન્સમાં જણાવેલા બીજા કોઈ વિષયોમાં ફેરફાર થતો નથી."

[નોંધ.—(૧) આ ઑર્ડિનન્સ હેઠળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે આંતરિક ગુણાંકન રહેશે નહિ અને દરેક પ્રશ્નપત્ર ૧૦૦ માર્ક્સના રહેશે.

(૨) ઉપરોક્ત ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ મંજૂર કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણને મંજૂર રાખવી.

૨૯. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એચ. સી. પંડ્યાને તા. ૩૧-૫-૧૯૬૪થી તેઓની સેવાઓ ટર્મિનેટ કરી હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ડ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૩-૧૯૬૦થી જોડાયા હતા અને તેઓની સેવાઓ તા. ૩૧-૫-૧૯૬૪થી ટર્મિનેટ કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. સી. પંડ્યાના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના નિયમ મુજબ પરત કરવી.

૩૦. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. જી. જે. પરમાર, તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી, તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં તા. ૧-૩-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જી. જે. પરમારના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના નિયમ મુજબ પરત કરવી.

૩૧. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૫ સાથે કરવામાં આવી હોઈ, તેની નોંધ ત્યાં મૂકવામાં આવી છે.

૩૨. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૬-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફાઇનાન્સ સમિતિની ભલામણો મંજૂર કરવામાં આવે.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૩. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયો માટેની ઑફિસમાં તથા કૉમન રૂમમાં ગૃહપતિની માગણી મુજબ નીચેનું ફર્નિચર પૂરું પાડવા અંગે વિચારણા કરવા બાબત:

(૧) રેકિઝન ટોપ મોટું ટેબલ	૧ નંગ
(૨) ઑફિસ ટેબલ ૪' × ૨'	૫ નંગ
(૩) ગોદરેજનું લોખંડનું કબાટ	૨ નંગ
(૪) ઑફિસ ચેર	૪ ડઝન
(૫) ફાઇલિંગ કેબિનેટ	૧ નંગ
(૬) ટાઇપરાઇટર	૧ (અંગ્રેજી)
(૭) લાઇબ્રેરી ટેબલ	૩ નંગ
(૮) ઇઝી-ચેર	૪ ડઝન.

(નોંધ.— ખર્ચ અંદાજે રૂા. ૬,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, છાત્રાલયો માટે માગવામાં આવેલ ફર્નિચર ખરીદવાને માટે પરવાનગી આપવી.

૩૪. બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"શેકસ્પિયરની જન્મશતાબ્દી અંગે યોગ્ય કાર્યક્રમ ઘડવા નીચેની સમિતિ નીમવી અને તે માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. પ્રો. ચંદ્રશેખર (કન્વીનર)
૨. પ્રિ. હર્બર્ટ ડિ સોઝા
૩. પ્રિ. કે. એલ. દેસાઈ
૪. પ્રિ. એસ. આર. ભટ્ટ.

ડિરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી યોજાનાર આંતર-કૉલેજ હરીફાઈ માટે ઘટતો સહકાર આપવા અંગે આ બાબત એરિયા કમિટીઓને મોકલી આપવા યૂથ વેલ્ફેર બૉર્ડને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની ભલામણ મંજૂર કરવી, અને સદરહુ બૉર્ડે સૂચવેલ સમિતિમાં પ્રો. દાવરને પણ ઉમેરવા.

૩૫. અંગ્રેજીના સર્ટિફિકેટ અભ્યાસક્રમ અંગે ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત:

(૧) આ અભ્યાસક્રમ કેટલા સમયમાં પૂરો કરવો જોઈએ?

(૨) આ અભ્યાસક્રમ શીખવવા માટે કૉલેજોએ ટ્યૂશન-ફી કેટલી રાખવી?

(૩) આ અભ્યાસક્રમ શીખવવા શિક્ષકોની લઘુતમ શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ?

(૪) શિક્ષકો માટે આ કામ વધારાના કામ તરીકે ગણવું કે કેમ? આ કામ માટે તેઓને શું વધારાનું મહેનતાણું મળવું જોઈએ?

(૫) પ્રત્યેક પ્રશ્નપત્ર દીઠ કેટલો સમય હોવો જોઈએ?

(૬) પરીક્ષાઓ વર્ષમાં કેટલી વાર લેવાની?

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) અંગ્રેજીના સર્ટિફિકેટના અભ્યાસક્રમો શીખવવા માટે આખું શૈક્ષણિક વર્ષ ઉપયોગમાં લેવામાં આવે.

(૨) આ અભ્યાસક્રમ માટે રૂા. ૨૫-૦૦ કરતાં વધુ સત્ર-ફી રાખી શકાય નહિ.

(૩) આ અભ્યાસક્રમ શીખવનાર શિક્ષકો પ્રોફેસર, લેક્ચરર અને ટ્યૂટરની લાયકાત ધરાવતા હોવા જોઈએ. તેવી લાયકાત ન ધરાવનાર શિક્ષકો આ અભ્યાસક્રમ શીખવી શકે નહિ.

(૪) આ અભ્યાસક્રમો માટેનું શિક્ષણ-કામ શિક્ષકોના નિયત કરેલા કાર્યભારમાં ગણાશે નહિ, અને કૉલેજને જે યોગ્ય લાગે તે મહેનતાણું તે કામ બદલ આપી શકશે.

(૫) આ અભ્યાસક્રમનો પ્રત્યેક પ્રશ્નપત્ર ત્રણ કલાકનો રાખવો, અને ચાલુ વર્ષે પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવી.

૩૬. યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલ માટે રૂા. ૭૫ ટર્મ-ફી નક્કી કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓના છાત્રાલયની સત્ર-ફી વિદ્યાર્થીઓના છાત્રાલયના સત્ર-ફી જેટલી જ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં અનુસ્નાતક વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપ્યા બાદ જો જગા ખાલી રહે તો પૂર્વસ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને તે છાત્રાલયમાં પ્રવેશ આપવાનું સ્વીકારવું.

૩૭. નવયુગ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરની જોડાણ-અરજી અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન પરત્વે મજકૂર કૉલેજના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વાણિજ્યના પ્રાધ્યાપક શ્રી. સી. જી. સારડાનો જરૂરી શૈક્ષણિક અનુભવ જોતાં પોસ્ટ-ઇન્ટરમીડિયેટમાં ૭ મહિનાનો અને કુલ સમયમાં એક વર્ષનો અનુભવ ખૂટે છે, જે ફોરવર્ડ કરવા આચાર્યશ્રી વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. જી. સારડાને જરૂરી શૈક્ષણિક અનુભવ ન હોવાને કારણે તેમની વાણિજ્યના પ્રાધ્યાપક તરીકેની નિમણૂકને મંજૂરી આપવાની નવયુગ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, પોરબંદરના આચાર્યની વિનંતી સ્વીકારવી નહિ, અને પૂરતી લાયકાત ધરાવનાર પ્રાધ્યાપકની નિમણૂક કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જ્યાં સુધી પૂરતી લાયકાતવાળા પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે નહિ ત્યાં સુધી જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકાશે નહિ, તેમ કોલેજને જણાવવું.

૩૮. સેકન્ડ ઇયર બી.કોમ. અને થર્ડ ઇયર બી.કોમ.નાં વર્ષો માટે ટ્યૂટોરિયલ સ્કીમ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ

૨. આચાર્ય એસ. આર. મહેતા

૩. આચાર્ય એસ. વી. દેસાઈ.

૩૯. એમ.ડી. અને એમ.એસ. પરીક્ષાના ડેઝર્ટેશનની નકલોની સંખ્યા એમ.ડી., બ્રાન્ચ ૧, ૩ અને એમ.એસ., બ્રાન્ચ ૧ની પરીક્ષા માટે પાંચની રાખવી, જ્યારે બાકીની પરીક્ષાઓ માટે તે ત્રણની રાખવાના તબીબી વિદ્યાશાખાના ડીનના સૂચન પર વિચારણા કરવા અને આથી ઓ. ૨૭૮ તથા ઓ. ૨૯૧માં સુધારો કરવો જરૂરી બનતું હોઈ કાર્યાલયે રજૂ કરેલ સુધારેલ ઓ. ૨૭૮ અને ઓ. ૨૯૧ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાના ડીનની સૂચનાનો સ્વીકાર કરવો અને સુધારેલા ઑર્ડિ. ૨૭૮ અને ૨૯૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા :

O. 278:

Every candidate presenting himself for Part II of the M.D. Examination for the first time, shall submit, with his application for admission to the examination, five type-written copies of a dissertation for Br. I and Br. III examination and three type-written copies of a dissertation for all other remaining branches, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy record, discussion of topics (Modern or Historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for the particular Branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva voce examination and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners shall clearly specify the reasons for the same for the guidance of the candidate.

O. 291 :

Every candidate presenting himself for Part II of the M.S. Examination for the first time, shall submit with his application for admission to the examination, five type-written copies of a dissertation for Br. I examination and three type-written copies of a dissertation for all other remaining branches, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy records, discussion of a topic (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for the particular branch and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva voce examination and due credit may be given to the same.

Whe the dissertation is rejected, the Examiners should clearly specify the reasons for the same for the guidance of the candidate.

૪૦. એફ.વાય. બી.એ.ની પરીક્ષા માટેની "સ્વ. શ્રી. પોપટલાલ ગિરધરલાલ શિષ્યવૃત્તિ" સંસ્કૃતના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનારને આપવાની હોય છે. નવા અભ્યાસક્રમ મુજબ એફ.વાય. બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત મુખ્ય વિષય રાખી બેસનાર કે ક્લાસિકલ લેંગ્વેજ તરીકે સંસ્કૃત રાખી બેસનાર પૈકી સદરહુ શિષ્યવૃત્તિ કોને બેનાયત કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧૯૬૪ની એફ.વાય.બી.એ.ની પરીક્ષામાં આ શિષ્યવૃત્તિ જાહેર કરી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી રિપોર્ટ કરવો.

૪૧. એફ.વાય. બી.કોમ.ની પરીક્ષા માટેનો "શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" ઐચ્છિક વિષયોમાં સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારને ક્રમાનુવર્તી વિષયોમાં (By rotation) આપવાનો હોય છે. ઇનામો-ચંદ્રકોની પુસ્તિકામાં ૪૩ નંબરના મજકૂર ચંદ્રકની શરતોમાં જૂના ઇન્ટર કોમર્સના વૈકલ્પિક વિષયો લખાયા છે, જે સુધારીને નવા અભ્યાસક્રમના વૈકલ્પિક વિષયોમાં મજકૂર સુવર્ણચંદ્રક બેનાયત કરવો જોઈએ. તો તે પ્રમાણે સુધારો કરી ચંદ્રકો બેનાયત કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—નવા અભ્યાસક્રમના એફ.વાય. બી.કોમ.ની પરીક્ષાના વૈકલ્પિક વિષયોની યાદી નીચે પ્રમાણે છે:

1. Acturial Science,
2. Statistics,
3. Banking,
4. Economics of Cotton,
5. Economics of Transport,
6. Theory and Practice of Co-operation,

7. Public Finance and Administration,
8. Theory and Practice of Economic Development,
9. Advanced Accounting and Auditing).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવી રિપોર્ટ કરવો.

૪૨. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. આર. સી. પટેલને બે વર્ષની અભ્યાસ-રજા તેઓ પરદેશથી પાછા ફર્યા બાદ ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીને સેવા આપે તે શરતે મંજૂર કરવામાં આવી છે. તેઓની વધુ એક વર્ષ (એટલે તા. ૩૧-૧૨-૧૯૬૫) માટે અભ્યાસ-રજા લંબાવવા માટેની તા. ૨૬-૫-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જો શ્રી. આર. વી. પટેલ, પરદેશથી પાછા ફર્યા બાદ પાંચ વર્ષ સુધી સેવાઓ આ યુનિવર્સિટીને આપવાની બાંયધરી આપે તો તેમને એક વર્ષ માટે અભ્યાસ-રજા લંબાવી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. પટેલ સાથેના કરારનામામાં યોગ્ય પેનલ્ટી-ક્લોઝ ઉમેરવું, અને તે અંગે જરૂરી જામીન પણ લેવા.

૪૩. તા. ૧૮-૧-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ મુજબ એપ્રિલ, ૧૯૬૩માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી. ચંદ્રવદન રમણલાલ ભટ્ટ બાબતમાં કૉલેજના આચાર્યશ્રીને તપાસ કરી જણાવવા પત્ર લખેલ; તે અંગે કૉલેજના આચાર્યશ્રીનો જવાબ આવેલ છે તે જોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીનું ડિગ્રી સર્ટિફિકેટ અટકાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. ફર્સ્ટ, સેકન્ડ, થર્ડ અને ફોર્થ બી.ડી.એસ. તથા એફ.વાય., એસ.વાય. અને ફાઇનલ ડયર ડિપ્લોમા-ઇન-ન્યુઝિક તથા એફ.વાય., એસ.વાય. અને થર્ડ ડયર ડિપ્લોમા-ઇન-ડ્રામા પરીક્ષાના થિયરી તથા પ્રાયોગિક પરીક્ષા માટેના સ્ટાફ તથા તેમના મહેનતાણાના દર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ માટે આ સાથે જોડયા પ્રમાણેના દરો મંજૂર કરવા.

(મજકૂર દરો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૫. જૂના અભ્યાસક્રમ હેઠળ લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. અને સેકન્ડ બી.કૉમ.નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવી છે તે વિદ્યાર્થીઓના દ્વિતીય વર્ષ વિનયન, દ્વિતીય વર્ષ વિજ્ઞાન અને દ્વિતીય વર્ષ વાણિજ્યના બાકી રહેલ વિષયને બદલે નવા અભ્યાસક્રમ હેઠળની ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને ફર્સ્ટ બી.કૉમ.ના કયા વિષયોની પરીક્ષામાં બેસવા દેવા તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ—જૂના અને નવા અભ્યાસક્રમની પરીક્ષાઓના વિષયોની યાદી સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, જૂના અભ્યાસક્રમ મુજબની ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષામાં પસાર થયેલા વિદ્યાર્થીઓને અથવા તો તે પરીક્ષામાં જેમને સત્રો ભરવાની છૂટ આપવામાં આવી છે તે વિદ્યાર્થીઓને ત્રિવાર્ષિક અભ્યાસક્રમના દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષા માટે જે ઐચ્છિક વિષયો તેને પસંદ કરવા હોય તે પસંદ કરવાની છૂટ આપવી.

૪૬. સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરને રસાયણ-વિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— રસાયણશાસ્ત્રમાં પૂરતો સ્ટાફ, ચાર સભ્યોનો છે. વનસ્પતિવિજ્ઞાનમાં એક જ શિક્ષક છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંસ્થાને કેમિસ્ટ્રી તથા બૉટનીના પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટે એફ્‌ડ સંસ્થા તરીકે માન્યતા આપવી.

૪૭. યુનિવર્સિટી ઘોરણે સરકારી કૉલેજોમાં ઘરભાડા-ભથ્થું આપવું સ્વીકાર્ય નથી એવું જણાવતા ગુજરાત રાજ્યના કેળવણી અને મજૂર ખાતાના તા. ૩૦-૬-૧૯૬૪ના પત્રાંક એમ.આઈ.એસ.-૧૬૬૪-૬૫૫૯ કે એચની નકલ શિક્ષણસંચાલક તરફથી આવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. સદરહુ બાબતની નોંધ બાબત ક્રમાંક ૨૩ પછી કરવામાં આવી છે.

૪૯. કમાણી સાયન્સ કૉલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીની જોડાણ-અરજી અંગે મૂકેલી શરતોના પરિપાલનના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકનો, વ્યાખ્યાતા તરીકે ૭ વર્ષનો અનુભવ છે.

(૨) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાનો, ટ્યૂટર તરીકેનો એક વર્ષનો અનુભવ ખૂટે છે જે ક્ષતિ ચલાવી લેવા વિનંતી કરે છે.

(૩) કાર્યભાર જોતાં અંગ્રેજીના વ્યાખ્યાતા અને ફિઝિક્સના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકો કરવાની જરૂર નથી તેમ જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂકની બાબતમાં નિયત કરેલી લાયકાતમાં છૂટછાટ મૂકવાની વિનંતી સ્વીકારવી નહિ, અને જો પૂરતી લાયકાતવાળા રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક નીમવામાં ન આવે તો રસાયણશાસ્ત્રના બી.એસસી.ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ એમ આચાર્યને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક બાબતમાં પણ છૂટછાટ મૂકવાની વિનંતી સ્વીકારવી નહિ, અને નિયત કરેલી લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા નીમવા આચાર્યને જણાવવું.

ઉપરોક્ત શરતોનું પરિપાલન થયેથી રાજ્ય સરકારને જોડાણ આપવા માટે વિનંતી કરવામાં આવશે તેમ આચાર્યને જણાવવું.

૫૦. નેશનલ કૉલેજ, અમદાવાદની જોડાણ-અરજી અંગેની શરતોના પરિપાલનના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત, તથા મજકૂર કૉલેજને સ્થળ બદલવાની પરવાનગી આપવા અંગે.

[**નોંધ.**—(૧) સેનેટે વધારાના જોડાણ માટે ભલામણ ન કરી હોઈ, કોઈ નવી શરત મૂકી નથી, પરંતુ જૂની શરતોમાં પોતાનું મકાન બાંધવા અંગેની બાંયધરી આપેલી છે તે અંગે હજુ કાંઈ પગલાં લીધાં નથી.

(૨) સંસ્થા સરસપુર ખાતે સ્થળાંતર કરવા માગે છે, જે માટે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિએ સરસપુર ખાતેનું મકાન સંતોષજનક છે તેવું મંતવ્ય દર્શાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૫૧. શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અંગ્રેજીના વ્યાખ્યાતા ટ્યૂટરની લાયકાત ધરાવે છે, અને ગણિતના વ્યાખ્યાતા તથા વ્યાયામશિક્ષક નીમવાના બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અંગ્રેજીના વિષયના શિક્ષકને ટ્યૂટર તરીકે માન્ય કરી તેઓને ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ પૂરતી વ્યાખ્યાતાનું કાર્ય કરવાની છૂટ આપવી, તથા ગણિતના વ્યાખ્યાતા તથા વ્યાયામ શિક્ષકની નિમણૂક તાબડતોબ કરી યુનિવર્સિટીને રિપોર્ટ કરવા આચાર્યને જણાવવું.

૫૨. ગવર્નમેન્ટ ઇન્ટલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી આપવાના જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શરત ૧. પ્રથમ વર્ષ બી.ડી.એસ. માટે કરવાની નિમણૂકોમાંથી પ્રોસ્થેટિકસના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. દ્વિતીય વર્ષ બી.ડી.એસ. માટે કરવાની નિમણૂકો શરત પ્રમાણે મૂકી નથી, પરંતુ દ્વિતીય વર્ષમાં જે વિષયો શીખવાય છે તે પ્રમાણે પણ પાંચ નિમણૂકો કરવાની બાકી છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન મારફતે જાહેર ખબર આપી છે તેમ જણાવે છે.

શરત ૪. જૂન ૧૯૬૫ સુધીમાં મકાન બાંધવા માટે પી. ડબ્લ્યુ. ડી. ડિપાર્ટમેન્ટ કામ શરૂ કરશે. **મકાન** બાંધવા બાંયધરી આપી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. યુ. એન. મહેતા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોરબીમાં અર્થશાસ્ત્રના શિક્ષક તરીકે કામ કરતા શ્રી. એસ. આર. દવેની પ્રાધ્યાપક તરીકેની નિમણૂક કામચલાઉ માન્ય કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રાધ્યાપક બનવા માટે શ્રી. દવેનો એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. આર. દવેની અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકેની નિમણૂકને માન્ય કરવી નહિ, અને આચાર્યને જણાવવું કે, પૂરતી લાયકાત ધરાવનાર અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક નીમવામાં ન આવે ત્યાં સુધી અર્થશાસ્ત્ર(સ્પેશિયલ)ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૫૪. સને ૧૯૬૪ના માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૦-૬-૧૯૬૪ના રોજ મળેલી પરીક્ષા-શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની નોંધને મંજૂર રાખવી.

(સમિતિની નોંધને છાપી આ સાથે જોડવામાં આવી નથી.)

૫૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના તા. ૧૭/૧૮-૪-૧૯૬૪ના પ્રશ્નપત્ર-૧ અને ૨—એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર વિષયના બન્ને દિવસે એક જ પેપરને લગતા નીકળતા હોવાનું જણાતાં મજકૂર વિષયમાં બેઠેલ વિદ્યાર્થીઓની તે પ્રશ્નપત્ર ૧ અને ૨ની તા. ૩૧-૪-૧૯૬૪ અને તા. ૧-૫-૧૯૬૪ના રોજ ફરી પ્રશ્નપત્ર કઢાવી, પરીક્ષા લીધાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ.—પ્રો. કે. એમ. કાપડિયા તથા પ્રો. ટી. એન. દવેએ કાર્યાલયમાં રૂબરૂમાં તા. ૨૩-૪-૧૯૬૪ના રોજ આવી ફરી પ્રશ્નપત્ર તૈયાર કર્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના આ કાર્યને બહાલી આપવી.

૫૬. યુ.પી. આર્ટ્સ એન્ડ એસ.ડી. સાયન્સ કૉલેજ, પિલવાઈને તર્કશાસ્ત્ર અને માનસ-શાસ્ત્રના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી કામ ચલાવવા માટે કામચલાઉ મંજૂરી મેળવવા સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં તર્કશાસ્ત્રના અને માનસશાસ્ત્રના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી શિક્ષણ આપવા ચાલુ વર્ષ પૂરતી મંજૂરી આપવી.

૫૭. એસ. બી. ગાર્ડા કૉલેજ એન્ડ બી. પી. આરિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદે ૧૫૦૦થી વધુ ૩૦૦ વિદ્યાર્થીઓને દાખલ કર્યા હોઈ, મજકૂર પ્રવેશને મંજૂરી આપવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફક્ત પ્રી-યુનિ. સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ના વર્ગોમાં જ વધારેમાં વધારે વર્ગ દીઠ ૧૫૦ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે દાખલ કરવાની પરવાનગી તા. ૧૧-૬-૧૯૬૪ની સભામાં ઘડવામાં આવેલા કામચલાઉ ઑર્ડિનન્સની રૂએ આપવામાં આવે છે તેની કૉલેજોને સ્પષ્ટતા કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એસસી ના કે બી.એસસી. અથવા વિનયન કે વાણિજ્યના કોઈ પણ વર્ગ માટે આ છૂટ લાગુ પડશે નહિ તેમ કૉલેજોને પરિપત્રિત કરવું.

૫૮. જુલાઈ ૧૯૬૪માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રાયોગિક-પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુલાઈ માસમાં લેવાનારી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા માટે પરીક્ષાસમિતિની ભલામણો મેળવી રજૂ કરવી.

૫૯. સદરહુ બાબતની નોંધ બાબત ક્રમાંક ૪૮ પછી આપવામાં આવી છે.

૬૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૬-૧૯૬૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી, અને જે જે સ્થળોએ નવાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે ભલામણો કરી છે તે અંગે જરૂરી પગલાં લેવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૩૭૮૬/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જુલાઈ ૯, ૧૯૬૪.
અષાઢ ૧૮, ૧૮૮૬ (શક).

જ. મં. મહેતા
કાર્યકારી રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧

O. 120-D :

"Notwithstanding anything contained in Ordinance 120-B and the maximum limit of 1500 students laid down therein, the Vice-Chancellor may at his discretion allow a College to admit 50% more students in place of 10% per division of 100 students in the Pre-University Science and the First Year B.Sc. classes only for the academic year 1964-65.

That this ordinance having been framed in view of the special circumstances that have arisen this year, the operation of this Ordinance shall cease from the close of the academic year 1964-65."

This Ordinance comes into force immediately.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૪૮

સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૪ની સભાના ઠરાવ પ્રમાણે છેલ્લી બી.ફાર્મ.ની આખી પરીક્ષાનું પરિણામ જોયું. એ જોતાં એમ લાગે છે કે, થિયરીનાં પેપરો ફરીથી તપાસરાવ્યા સિવાય, કેટલે અંશે પ્રિન્સિપાલની વૈરવૃત્તિથી પરીક્ષકોએ જવાબપત્રો ખૂબ સખતાઈથી તપાસ્યા છે એ સહેલાઈથી કહી શકાય એવું નથી, તેમ જ જવાબપત્રો ફરીથી તપાસવાની પ્રણાલિકા શરૂ કરવી એ એકંદરે જોતાં યોગ્ય લાગતું નથી. પ્રેક્ટિકલ પરીક્ષામાં કેટલાક સારા સારા વિદ્યાર્થીઓને ખૂબ જ ઓછા માર્ક મળેલા છે, પણ પ્રેક્ટિકલ પરીક્ષાના જવાબપત્રો કે બીજા કોઈ પ્રકારનું સાહિત્ય રાખવાની પ્રથા નહીં હોવાને લીધે, વૈરવૃત્તિથી એ થયું છે એમ કહેવું એ કેવળ અટકળ જ કહી શકાય. એમ છતાં, પ્રેક્ટિકલમાં સારા વિદ્યાર્થીઓ જ મોટા ભાગે બહુ ઓછા માર્ક મેળવે છે એ થોડું વિચિત્ર તો લાગે જ છે.

વરસ દરમિયાનના કામ (sessional work)માં છેલ્લા ત્રણ-ચાર વરસના માર્ક સાથે સરખામણી કરતાં એમ લાગે છે કે, આ વરસે આ બે વિષયો (sessional work)માં માર્કનું ધોરણ ખૂબ જ નીચું છે. જ્યાં કોઈ પણ વિદ્યાર્થીને ૧૦થી ઓછા માર્ક ભૂતકાળમાં નહોતા મળતા તેને બદલે આ વરસે મોટી સંખ્યાના વિદ્યાર્થીઓને ૧૦ કરતાં ઓછા માર્ક મળે છે. કૉલેજનું રેકૉર્ડ મંગાવીને તપાસતાં તેમાંથી કાંઈ વધારે પ્રકાશ પડી શકતો નથી.

ફરીથી પેપરો તપાસવાની પ્રણાલિકા શરૂ કરવી એ યોગ્ય નહીં લાગવાથી મેડિકલ ફેકલ્ટીના ડીનને બોલાવીને તેમની સાથે પરિણામપત્રકનો અભ્યાસ કરી અમે એવા નિર્ણય પર આવ્યા કે sessional workના માર્ક, જે વિદ્યાર્થીઓ એક કે બે જ વિષયમાં નાપાસ થતા હોય તેમને વધારી આપવા. અને તેમ કરવામાં સાથે જોડેલું ધોરણ અમે અપનાવ્યું છે, જેને પરિણામે ૨૨ વિદ્યાર્થીઓનાં પરિણામ સુધરશે.

અમદાવાદ.
તા. ૨૨ જૂન, ૧૯૬૪.

(સહી) લા. ૨. દેસાઈ
ઉપકુલપતિ.

સિન્ડિકેટે તેની તા. ૬ઠ્ઠી જૂન ૧૯૬૪ની સભામાં બાબત નં. ૬૭ અંગે ઠરાવ્યા પ્રમાણે ફાઇનલ બી.ફાર્મ.ની પરીક્ષા અંગે જરૂરી તપાસ કરી તથા તે પરીક્ષાના પરિણામપત્રકો તેમ જ કૉલેજમાંથી આપવામાં આવેલ આંતરિક ગુણાંકનની નોંધ વગેરે જોઈ તથા મેડિકલ ફેકલ્ટીના ડીન ડૉ. ટી. બી. પટેલની સાથે તે અંગે જરૂરી ચર્ચા કરી. તપાસ દરમિયાન માલૂમ પડયું કે,

૧. મોટા ભાગના નાપાસ થયેલ વિદ્યાર્થીઓ કુલ ૯૫માંથી ૪૯ ફાર્માસ્યુટિકલ ટેકનોલોજી અને માયકોબાયોલોજીના વિષયમાં નાપાસ થયા છે.

૨. પરીક્ષકો બન્ને બહારના હતા. તેમનું થિયરીના પેપરનું પરિણામ આગલા વર્ષોના પરિણામને લગભગ મળતું હતું.

૩. પ્રેક્ટિકલની પરીક્ષામાં માયક્રોબાયોલોજીમાં ૧૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, જે પૈકી બે વિદ્યાર્થીઓ બીજી રીતે પહેલા પાંચ પૈકીના છે. પ્રેક્ટિકલ પરીક્ષાનાં પેપરો જેવું કાંઈ રાખવામાં આવતું નથી, એટલે એ અંગે કશું કહી શકાય નહીં.

૪. સેસનલ વર્કના આ વર્ષના ગુણ આગલા ત્રણ વર્ષના ગુણની સરખામણીમાં બહુ કડક માલૂમ પડયા છે.

૫. આવા સેસનલ વર્કના માર્કને કારણે કેટલાક વિદ્યાર્થીઓ તો ફક્ત બે, ત્રણ કે ચાર માર્કથી બન્ને વિષયમાં નાપાસ થાય છે.

એ બધું તપાસતાં અને વર્ષ દરમિયાનની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં તેમ જ આ વર્ષે આ બે વિષયના પરીક્ષકો બહારના હોઈ તેમને સેસનલ માર્કનો ખ્યાલ ન હતો એ પણ ધ્યાનમાં લઈ અમને એમ લાગ્યું છે કે, નીચેનું ધોરણ સ્વીકારવાથી વિદ્યાર્થીઓને રાહત મળશે :

(૧) એક જ વિષમાં અને/અથવા ટોટલના હેડમાં નાપાસ થવાને કારણે આખી પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને તે વિષયમાં અથવા તો તે હેડમાં ૧૦ ગુણ ઉમેરી આપવા.

(૨) બે વિષયમાં અને/અથવા ટોટલમાં નાપાસ થવાને કારણે આખી પરીક્ષામાં નાપાસ થયા હોય તેને પાસ થવા માટે વધુમાં વધુ એકંદરે ૧૫ ગુણ ઉમેરી આપવા, પરંતુ તેમ કરવામાં કોઈ એક વિષયમાં ૧૦ કરતાં વધારે ગુણ ઉમેરવા નહીં.

(૩) ઉપર પ્રમાણે ગુણ ઉમેરવાથી વિદ્યાર્થીઓના વિષયના તથા તેમના કુલ ગુણ બદલાશે, અને તેથી જો તે વિદ્યાર્થીને નવા ટોટલ પર વિષયમાં કે ટોટલના હેડમાં યુનિવર્સિટીના કોન્ડોનેશનના નિયમ નં. ૧૩૮, ૧૩૯, ૧૪૦ અને ૧૪૧નો લાભ મળતો હોય તો તે આપવો.

ઉપર પ્રમાણે ફેરફારથી નીચેના વિદ્યાર્થીઓને બી.ફાર્મ.ની પરીક્ષાના પરિણામમાં ઉત્તીર્ણ જાહેર કરવા :

નં. ૪, ૬, ૧૨, ૧૮, ૨૧, ૨૩, ૨૪, ૪૧, ૪૩, ૪૭, ૫૨, ૫૯, ૬૦, ૬૧, ૬૩, ૬૪, ૬૬, ૬૭, ૭૦, ૭૨, ૯૦ અને ૯૩.

(સહી) લા. ૨. દેસાઈ

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૧

સિન્ડિકેટે તેની તા. ૪-૧-૧૯૬૪ની બેઠકમાં અમારી સમિતિ નીમતો ઠરાવ નીચે મુજબ કર્યો હતો :

નં. ૨૧ : યુનિવર્સિટી પ્રેસ-સંચાલન અંગેની કેટલીક ગેરરીતિઓ બાબત વિચારણા કરવા.

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે તપાસ કરીને, પોતાને યોગ્ય લાગે તેવા મુદ્દાઓ લક્ષમાં લઈને, ઘટતો રિપોર્ટ કરવા, નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૨. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. આચાર્ય એમ. એસ. પંડિત
૫. શ્રી. બી. એમ. પટેલ, એકાઉન્ટન્ટ — આવાહક."

તેની રૂએ અમારી સમિતિએ ઘટતી તપાસ કરી છે અને તે વિષે નીચે મુજબ અમે હેવાલ રજૂ કરીએ છીએ :

૧. સમિતિને સોંપવામાં આવેલા આ કામ બાબતમાં જે કોઈ અમને મળવા ઇચ્છે તેવા બધા પ્રેસ-કામદારોને અમે મળવા બોલાવ્યા હતા. તે ઉપરાંત, અમારા કામને અંગે જેમને મળવાની જરૂર અમે માની એવા બધા માણસોને પણ (યુનિવર્સિટીના સેવકો) અમે મળવા બોલાવ્યા હતા. એમ લગભગ ૩૨ જણને અમે મળ્યા હતા.

૨. આ કામને અંગે રજિસ્ટ્રાર શ્રી. પરીખ અને હિસાબનીશ શ્રી. પટેલે કેટલીક તપાસ કરેલી તેનો હેવાલ પણ અમારી પાસે હતો. શ્રી. પટેલ તો અમારા મંત્રી જ હતા, અને શ્રી. રજિસ્ટ્રારને આ બાબતમાં અમે મળવાને બોલાવ્યા હતા.

૩. અમારા કામકાજને અંગે જે કોઈ માહિતી તથા મદદ વગેરે જોઈએ તે અમને સૌ તરફથી મળેલાં છે, તે માટે અમે તેમના આભારી છીએ તથા પ્રેસના અનેક કામદારોએ અમને મળવાની ઇચ્છા બતાવીને તેમ જ અમે બોલાવ્યા ત્યારે આવીને અમારા કામમાં જે સહકાર્ભર્યું વલણ બતાવ્યું છે એની અમે સહર્ષ નોંધ લઈએ છીએ. યુનિવર્સિટીના હિત અને કામકાજને કોઈ રીતે નુકસાન ન થવું જોઈએ એવી ચીવટ તેમણે અમારા આગળ બતાવી હતી, તે પણ અમને આનંદજનક લાગ્યું છે.

૪. અમારી તપાસનો મુખ્ય મુદ્દો પ્રેસ-કામદારોએ સિન્ડિકેટના સભ્યોને ઉદ્દેશીને જે એક નનામો પત્ર લખેલો (તા. ૪-૯-૧૯૬૩) તેને અમે ગણીને ચાલ્યા છીએ. તેમાં એમ જણાવ્યું છે કે, પ્રેસના

મૅનેજરે ખોટી ઓવરટાઇમની રકમો ઊભી કરી હતી, અને ચારથી પાંચ હજાર રૂપિયાનો ગોટાળો કર્યો છે, તથા આ અંગેનાં દફ્તરી કાગળિયાંમાં કંઈક ઘાલમેલ પણ કરી છે. આ એક ગંભીર આક્ષેપ ગણાય. તેથી અમે અમારી તપાસ મુખ્યત્વે એને કેન્દ્રમાં રાખીને કરી હતી. તપાસને અંતે અમને જણાયું છે તે ટૂંકમાં નીચે મુજબ છે :

૫. મૅનેજરે ખોટી રકમો ઊભી કરી પૈસાનો ગોટાળો કર્યો છે એવા આક્ષેપમાં અમને કાંઈ વજૂદ જણાયું નથી. અમને મળવા આવેલા અને મળવા બોલાવેલા દરેક કામદારોને આ બાબતમાં અમે સ્પષ્ટ સવાલ પૂછેલો કે, મૅનેજરે ઓવરટાઇમના રૂપિયા ખાધા છે તેવું તમે માનો છો? તથા કોઈ પણ કામદારને તેના ઓવરટાઇમનાં નાણાં ન મળ્યાં હોય એવું બન્યું છે?

આ બેઉ સવાલોના જવાબમાં દરેક કામદારે સ્પષ્ટ "ના" જવાબ આપ્યો હતો, અને બીજી રીતે પણ જોતાં નાણાં ખવાયાં હોય એવો આક્ષેપ મૅનેજર ઉપર મૂકવા જેવું કાંઈ અમારી તપાસમાં મળ્યું નથી.

૬. કામદારોના બનાવટી પત્રમાં દફ્તરી કાગળોમાં ઘાલમેલ કર્યાનો આક્ષેપ છે. આ બાબતમાં પણ અમે ઠીક ઠીક ઊંડે ઊતરીને જોયું છે. એ વિષે ખૂબ વિગતે તપાસ કરીને શ્રી. રજિસ્ટ્રાર તથા શ્રી. હિસાબનીશનો રિપોર્ટ આ અગાઉ ઉપકુલપતિશ્રીની પાસે આવેલો જ છે. એ વાત સાચી લાગે છે કે, ઓવરટાઇમ અંગેના દફ્તરનાં અમુક કાગળિયાંમાં પછીથી કાંઈક લખાણો, સુધારાવધારા વગેરે જેવું થયું છે. પરંતુ એની કશી જ અસર ઓવટાઇમનાં નાણાં ચૂકવવાનું જે મુખ્ય કામ એના ઉપર નથી. તે નાણાં તો તેના સમયે, વ્યવસ્થિત રીતે, હિસાબનીશની કચેરીમાં, તેના પગારદિને, પગારપત્રક મુજબ ચૂકવાયાં છે. આ ચેકાચેકી વગેરે દફ્તરી સુધારાવધારા તે પછી થયા લાગે છે, અને તેથી કોઈ રીતની નાણાકીય ગેરરીતિ થઈ લાગતી નથી.

૭. ઓવરટાઇમનું કામ સામાન્યપણે માર્ચ–એપ્રિલની પરીક્ષાઓ વખતે હોય છે. ત્યારે ઘણો વધારે વખત કામ કરવા માણસોને બોલાવવા પડે છે. આ બધાની નોંધણીમાં જૂનેથી એવી પદ્ધતિ જોવા મળે છે કે, જે બરાબર વ્યવસ્થિત ન કહેવાય. એ બાબતમાં યોગ્ય સુધારણા કરવાને વાસ્તે નવા આવેલા મૅનેજર શ્રી. ડાહ્યાભાઈ હજી સુધીમાં ઝાઝું કરી શકયા નથી. ગયા વર્ષે આ અરસામાં તે માંદા પડયા હતા, તેવું પણ એમણે અમને જણાવ્યું હતું.

૮. ઓવરટાઇમ અંગેની આ જાતની દફ્તરી નોંધણીનો વ્યવસ્થા પ્રેસના શરૂના જૂના કામદારો શ્રી. ત્રિવેદી, શ્રી. પંડયા અને શ્રી. ભટ્ટ કરતા હતા. તેમાંથી શ્રી. ભટ્ટ ત્યાર પછી યુનિવર્સિટીની બીજી વિભાગીય કચેરીમાં ગયા છે. આ ત્રણે ભાઈઓને પણ અમે મળવા બોલાવ્યા હતા. અમને જાણવા મળ્યું છે કે, તેમાંના એક ભાઈ શ્રી. ત્રિવેદીને પ્રેસના કોઈ બીજા હિસાબી કામને અંગે સસ્પેન્ડ કરવા પડયા છે. આ અંગે પણ અમારી જાણને માટે તેનાં કાગળિયાં મંત્રીએ અમને બતાવ્યાં હતાં, પરંતુ એ પ્રકરણને અમે અલગ માનીને એને અમારી તપાસમાં લીધું ન હતું. એમની સામે કરવામાં આવેલા ચાર્જશીટમાં ઓવરટાઇમના દફ્તરી કાગળોમાં ઘાલમેલ કરવાનો આક્ષેપ પણ મૂકવામાં આવ્યો છે. અમે ઉપર (પેરા ૬માં) કહી ગયા જ છીએ કે, આવી જાતની ઘાલમેલ જરૂર થઈ છે.

૯. પ્રેસ-કામદારોની બનાવટી અરજીમાં કેટલીક ફૂટકળ બીજી બાબતોનો પણ ઉલ્લેખ છે. તે વિષે પણ અમે સામાન્યરૂપે જોયું હતું. એમાં જે આક્ષેપ જેવું છે તેવું કાંઈ અમને લાગ્યું નથી.

૧૦. અંતે અમારે જણાવવાનું છે કે, આ જાતની નનામી અરજી વગેરે કોણે કે શા માટે કરાવી હશે, તે તો અમે ચોક્કસ કહી શકીએ તેમ નથી. પ્રેસમાં મદદનીશ વ્યવસ્થાપકની નિમણૂક થઈ તે વખતે તેના જૂના એક કામદાર પણ એને માટે ઉમેદવાર હતા, અને એ લેવાયા નહિ, એમાંથી કાંઈક વૈમનસ્ય ઊભું થઈને આવી રીતે ફૂટી નીકળ્યું હોય, એવી ગંધ અમને ગઈ છે.

૧૧. પ્રેસના કામમાં સરળતાથી અને દફતરી કામમાં ચોખવટભેર બધું ચાલે એને માટે જાગ્રતરૂપે તરત ધ્યાન આપવું જોઈએ એમ અમે સૂચવીએ છીએ.

મ. પ્ર. દેસાઈ
રણજિત ગં. શાસ્ત્રી
એમ. સી. દેસાઈ
એમ. એસ. પંડિત
બી. એમ. પટેલ

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૩૨

તા. ૫-૬-૧૯૬૪ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની સિન્ડિકેટને ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનના કેમિસ્ટ્રી તથા બોટેની વિભાગ માટે સ્વાન નેક ટાઈપ વોટર ટેપ નં. ૧૫૦ માટેનાં આવેલાં ટેન્ડરો નામંજૂર કરવાં અને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનાં નવાં છાત્રાલયો માટે લાકડાના પલંગ નં ૨૦૪ મે. ગ્રેઇસ ફર્નિચર્સ પાસેથી રૂા. ૫૯ નંગના ભાવેથી ખરીદવા ઉપકુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવી.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનાં નવાં છાત્રાલયો માટે સ્ટેઇનલેસ સ્ટીલ તથા પીત્તળનાં વાસણો અને લોખંડનાં પિપો અનુક્રમે શાહ ભોગીલાલ દેવચંદ તથા એફ. એ. બાલ્દીવાલા પાસેથી ખરીદવા ઉપકુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવી.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલય માટે બાસ પ્રકારના કબાટો નીચે જણાવેલા વેપારીઓ પાસેથી ખરીદવા :

1. Signal-faced block of steel-glass-door cupboards of size 78" × 36" × 1'-00".	25 Nos.	Nutan Steet Products	Rs. 310/- each
2. A single-faced block of four-glass-door cupboards of size 7'-6" (*h.*) × 12'-0" (*l.*) × 1'-00".	1 No.	,,	Rs. 1,390/- each
3. A single-faced block of three-door-steel-shelving cupboards of size: 7'-6" (*h.*) × 9'-0" (*l.*) × 1'-0" D.	Block 1	,,	Rs. 1,050/- each

4. A double-faced 3-glass-door-steel-shelving cupboards of size: 7'-6" (*h.*) × 9'-0" (*l.*) × 2'-0" D.	2 Blocks	Sarvodaya steel	Rs. 1,725/- each.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સુરેન્દ્રનગર કેન્દ્ર પર યુનિવર્સિટીના પ્રશ્નપત્રો છાપવા માટે સુરેન્દ્રનગર જિલ્લા સહકારી પ્રિન્ટિંગ પ્રેસને ખાસ કેસ તરીકે નીચે પ્રમાણેના ભાવો આપવા :

નકલ	એક પાનાના	બે પાનાંના	ત્રણ પાનાંના	ચાર પાનાંના	પાંચ પાનાંના
૫૦	૨૦	૪૦	૬૦	૮૦	૧૦૦
૧૦૦	૨૧	૪૨	૬૩	૮૪	૧૦૫
૨૦૦	૨૩	૪૬	૬૯	૯૨	૧૧૫
૩૦૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૨૫
૪૦૦	૨૭	૫૪	૮૧	૧૦૮	૧૩૫
૫૦૦	૨૮	૫૬	૮૪	૧૧૨	૧૪૦
૧૦૦૦	૩૬	૭૨	૧૦૮	૧૪૪	૧૮૦
વધારાની ૧૦૦ નકલના	૨	૪	૬	૮	૧૦

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૪

૧. બી.એસસી. (એગ્રિકલ્ચર) :

એગ્રિકલ્ચર ફેકલ્ટીના પ્રાયોગિક તથા થિયરી પરીક્ષાના તમામ જાતના દરો મંજૂર થયેલા છે; જાણ સારુ.

૨. બી.ડી.એસ. પરીક્ષા :

મુંબઈ યુનિવર્સિટીના દર નીચે મુજબ છે :

1st & 2nd B.D.S. Examination (Theory):

1.	Drawing up a paper of three or four hours	..	Rs. 75-00
2.	Drawing up a paper of two hours	..	Rs. 50-00
3.	Examining an answer-paper of two, three or four hours	..	Re. 1-00

3rd & 4th B.D.S. Examination (Theory):

1.	Drawing up a question-paper of four hours	..	Rs. 100-00
2.	Drawing up a question-paper of three hours	..	Rs. 75-00
3.	Drawing up a question-paper of two hours	..	Rs. 50-00
4.	Examining an answer-paper of four hours	..	Rs. 2-00
5.	Examining an answer-paper of three hours	..	Rs. 1-50
6.	Examining an answer-paper of two hours	..	Re. 1-00

પ્રાયોગિક પરીક્ષા :

આપણી યુનિવર્સિટીના મેડિકલ પરીક્ષાના દરો જે નીચે મુજબ છે તે બી.ડી.એસ. પરીક્ષાને પણ લાગુ પડશે :

1.	Expert Assistant	..	Rs. 10-00 per day per subject
2.	Laboratory Assistant	..	Rs. 5-00 per day per subject
3.	Qualifide Nurse	..	Rs. 5-00 per day per subject
4.	Machine	..	Rs. 5-00 per day per subject
5.	Store-Keeper	..	Rs. 4-00 per day per subject
6.	Hamal	..	Rs. 2-00 per day per subjebt

બી.ડી.એસ. પરીક્ષા — મુંબઈ યુનિવર્સિટી મુજબ :

Subject	*Nurse*	*Exp. Asst.*	*Leb. Asst.*	*Hamals*	*Store-keeper*	*Days for pre-paration*	*Days for clean-ing*	*No. of students per day*
General Human Anatomy including Histology	—	2	1	2	—	One day 1. Exp. Asst. 2. Hamals	1	2
General Human Physiology including Biochemistry	—	2	2	2	1	1	1	20
General & Dental Mataria-Medica	—	1	1	1	—	2	1	20
General Pethology & Bacteriology	—	1	1	2	—	1	1	20
General Surgery	*1	2	—	1	—	1	1	15
General Madicine	*1	2	—	1	—	1	1	15
Dental Prostheses and Crown and Bridge Prostheses @	—	2	1	2	1	1	1	30
Operative Dentistry	—	2	—	2	1	1	1	15
Oral Surgery, Exodontia and Anaesthesia	2	2	—	2	1	1	1	15
Human Dental Anatomy, Physiology and Dental Histology	—	2	—	2	—	1	1	20
Dental Pathology and Bacteriology	—	1	1	1	—	1	1	20

3. Diploma in Music and Drama (According to Baroda University).
4. Drawing up a question-paper of three or four hours ..Rs. 60–00
   Drawing up a question-paper of two hours ..Rs. 40–00
   Examining an answer-paper of two, three or four hours ..Re. 1–00

* The Nurse pay day if required for female patients.

@ Payment will be made on the basis of two practicals.

પ્રાયોગિક પરીક્ષાનો દર:

1. Accompanist per students per day ..Re. 1–00
2. Instrument and/or Stage Attender per batch per day ..Rs. 2–00
3. Peon per batch per day ..Rs. 2–00

Staff:

	Subject	*Attender*	*Accompanist*	*Hamal*	*No. of students per batch*
1.	Vocal Practical	1. Inst. Attender	1. Tambura Player 1. Tabla Palyer 1. Mrudang Player	1	5
2.	Inst. Practical (Sitar, Violin Dilruba and Fluet)	1. Inst. Attender	1. Tambura Player 1. Tabla Palyer	1	5
3.	Tabla Practical	1. Inst. Attender	1. Lehra Player	1	5
4.	Dramatics Practical	1. Stage Attender	1. Make-up man	1	6

Gujarat University Press, Ahmedabad-9

G.U.P. 348-250-8-64

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સને ૧૯૬૪ના જુલાઈ માસની સભા, શનિવાર, તા. ૧૧–૭–૧૯૬૪ના રોજ બપોરના ૧૨–૩૦ વાગે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. આચાર્ય જે. બી. સાવિડલ	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. હાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. તા. ૨૩-૬-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૨૩-૬-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. શ્રી. એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગરના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) અંગ્રેજીના ટ્યૂટરથી ચલાવવા માંગે છે, જેઓ બી.એ. (બીજો વર્ગ) અને એમ.એ. (પાસ વર્ગ) છે.

(૨) વાણિજ્ય માટે વધારાના ટ્યૂટર છે.

(૩) આંકડાશાસ્ત્ર માટે નિમાયેલ વ્યાખ્યાતા વાણિજ્ય વિષયના સમયો પણ લેશે, એમ આચાર્ય જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે અંગ્રેજીના ટ્યૂટરથી ચલાવવા સદરહુ કૉલેજને પરવાનગી આપવી, અને તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩. અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. ડી. પી. સોમપુરાની, ટ્યૂટર તરીકેના અનુભવની ઊણપ પુનઃ માફ કરવા, આર્ટ્સ કૉલેજ, સંખેડાના આચાર્ય તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તેઓ બી.એ. (બીજો વર્ગ) અને એમ.એ. (પાસ વર્ગ) છે અને ગઈ સાલ તેમની અનુભવની ઊણપ માફ કરેલી.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. પી. સોમપુરાને ચાલુ વર્ષે લેક્ચરર તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૪. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગરમાં વ્યાયામ શિક્ષક તરીકે કામ કરતા શ્રી. જે. પી. ગોહેલને કામચલાઉ ધોરણે નવા શૈક્ષણિક વર્ષથી ચાલુ રાખવા માટેના સદરહુ કૉલેજના આચાર્યના તા. ૩૦-૫-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. પી. ગોહેલને વ્યાયામ શિક્ષક તરીકે માન્ય કરવા નહિ, અને સદરહુ કૉલેજને જણાવવું કે, યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરીને ૩૧મી જુલાઈ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને રિપોર્ટ કરે.

૫. સંલગ્ન કૉલેજોના કાર્યકારી આચાર્યને સેનેટનું સભ્યપદ આપવું કે કેમ તથા તેઓને આચાર્યશ્રી માટે નિયત થયેલ લાયકાતનું ધોરણ પણ લાગુ પાડવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જો કોઈ વ્યક્તિને કૉલેજના કાર્યકારી આચાર્ય તરીકે નીમવામાં આવે અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આચાર્યના પદને માટે તે પાત્ર હોય તો તેમને આચાર્ય તરીકે માન્ય ગણીને સેનેટનું સભ્યપદ મળે એમ સ્પષ્ટતા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય એલ. ઈ. કૉલેજ, મોરબીએ તથા એસ. વી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, સુરતે જૂન ૧૯૬૩માં એફ.ઈ.ના વર્ગમાં ૬૦ વિદ્યાર્થીઓને આપેલા વધારાના પ્રવેશને મંજૂરી આપવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા અનુસાર ઉપર જણાવેલ પ્રત્યેક કૉલેજમાંથી વધારાના પ્રવેશના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણ, જગા અને સગવડો વગેરે પૂરતા પ્રમાણમાં છે કે નહિ તે તપાસ કરવા માટે શ્રી જી. એસ. દેસાઈની નિમણૂક કરી હતી. તેઓના અહેવાલ પ્રમાણે ત્યાં સ્ટાફ ઇત્યાદિની પૂરી વ્યવસ્થા છે ચાલુ વર્ષે શ્રી. જી. એસ. દેસાઈના રિપોર્ટ અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૦ થી ૨૪૦ લઈ જવા મંજૂરી સિન્ડિકેટની છેલ્લી સભામાં આપવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજે જૂન ૧૯૬૩માં વધુ ૬૦ વિદ્યાર્થીઓને આપેલો પ્રવેશ મંજૂર રાખવો.

૭. નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી નવગુજરાત સાયન્સ કૉલેજ શરૂ નહિ કરવા અંગે આવેલ તા. ૧૫-૬-૧૯૬૪ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૮. પ્રમુખશ્રી, દેવેન્દ્રપ્રસાદ રજતજયંતિ મહોત્સવ સમિતિ, સ્વામીનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ તરફથી જૂન ૧૯૬૪થી વિનયન અને વિજ્ઞાનની કૉલેજ શરૂ કરવા માટે કરેલ જોડાણ અરજી તેઓએ પાછી ખેંચ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

(યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તે કૉલેજની અનામત ફી જપ્ત કરવી જોઈશે.)

૯. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ૩૯મી વાર્ષિક સભાના ઠરાવ ક્રમાંક ૩૧ થી ૩૪, ૪૩, ૪૪ અને ૫૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની ૩૯મી વાર્ષિક સભાના ઠરાવ નં. ૩૧થી ૩૪, ૪૩, ૪૪ અને ૫૧ ઉપર નીચે મુજબ પગલાં લેવાનું રાખવું :

૩૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના ઠરાવ સાથે સિન્ડિકેટ સંમત છે :

"31(*c*). that any further development must depend upon the funds that are made available to the Universities over and above the committed expenditure. Guarantees for matching

grants cannot be given by universities, as universities have not the requisite funds at their disposal."

૩૨. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

૩૩. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની પેટાકલમ 'એ'માં જણાવેલા સિદ્ધાંત સ્વીકારવા અને તે બાબત અંગે ઘટતું કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૩૩-બી. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સિન્ડિકેટની આ સભા સંમત નથી.

૩૩-સી. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સિન્ડિકેટની આ સભા સંમત નથી.

૩૩-ડી. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩-ઈ. આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં વિનયન વિદ્યાશાખામાં ખાનગી રાહે અભ્યાસ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે, તેની જાણ કરવી.

૩૩-ઈ(૨). આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સાથે સિન્ડિકેટની આ સભા સંમત નથી.

૩૩-ઈ(૩). આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સાથે સિન્ડિકેટની આ સભા સંમત નથી.

૩૪. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

૪૩. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવ તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવો.

૪૪. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

૫૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવની નોંધ લેવી.

૫૧-એ. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવ સાથે સિન્ડિકેટની આ સભા સંમત છે.

૫૧-બી. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧-સી. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧-ડી. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૫૧-ઈ. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧-એફ. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

(નોંધ.—ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની સભાના ઉપર જણાવેલા ઠરાવોના નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૦. "Promotion on Research in Corporate Matters" પર એક પરિષદ નવી દિલ્હી મુકામે આગામી ઑગસ્ટ માસમાં મળનાર હોઈ, જેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા કંપની લૉ બૉર્ડ તરફથી આવેલ તા. ૯મી જૂન ૧૯૬૪ના પત્રાંક ૯ (૧૦) આર. એસ.-૬૪ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) બૉર્ડ તરફથી આચાર્ય એસ. સી. પાઠકનું નામ સૂચવેલ છે.
(૨) જવા આવવાનું ભથ્થું યુનિવર્સિટીને શીરે રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૧. ઑર્ડિ. ૧૮૫ મુજબ નીચેની હાઇસ્કૂલોને 'પ્રેક્ટિસિંગ સ્કૂલ' તરીકે માન્યતા આપવા અંગે ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડાના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૬-૬-૧૯૬૪ના પત્રાંક ૬/ગે./મ. ૬૪-૬૫-૯૭૭ ઉપર વિચારણા કરવા બાબત:

૧.	શ્રી. વિનય મંદિર અલિયાબાડા, વિવિધલક્ષી વિજ્ઞાન અને ખેતી	બિનસરકારી
૨.	શ્રી. ડી. સી. સી. હાઇસ્કૂલ, જામનગર	,,
૩.	શ્રી. સરદાર પટેલ વિદ્યાલય, જામનગર	,,
૪.	શ્રી. સી. વી. હિંદી હાઇસ્કૂલ, જામનગર	,,
૫.	શ્રી. સેંટ ઝેવિયર્સ હાઇસ્કૂલ, જામનગર	,,
૬.	શ્રી. નવાનગર હાઇસ્કૂલ, જામનગર	સરકારી
૭.	શ્રી. સજુબા ગર્લ્સ હાઇસ્કૂલ, જામનગર	,,
૮.	શ્રી. દિગ્વિજય ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ, જામનગર	,,

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શાળાઓને 'પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ' તરીકે માન્ય કરવી.

૧૨. ખંજનેરી વિદ્યાશાખાની તા. ૧૧-૪-૧૯૬૩ની સભાની નીચેની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૩-૪-૧૯૬૩ની સભાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

(*i*) That a system of provisional promotions be introduced in the case of the students failing in two subjects and getting an aggregate of 45%; (*ii*) that two examinations should be conducted for all undergraduate engineering examinations during the academic years.'

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ: તા. ૩/૪-૯-૧૯૬૩

"આથી ઠરાવવામાં આવે છે કે ખંજનેરી વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. (૧) અને (૨) બેઉ નામંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ખંજનેરી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલી આપવી.

૧૩. પ્રી-યુનિ., ફર્સ્ટ યર બી.એ., બી.એસસી. અને બી.કૉમ. પરીક્ષાઓમાં કૉલેજોએ આપવાના આંતરિક ગુણાંકન માટે એક ટીચર્સ યુનિટ સ્થાપવા તથા તે અંગે અંદાજી

ખર્ચ રૂા. ૩,૦૦૦ મંજૂર કરવા બાબત. સિન્ડિકેટે સદરહુ બાબત અંગે અભ્યાસ કરવા નીમેલ કમિટીના સભ્ય ડૉ. પી. સી. વૈદ્ય તરફથી આવેલ ભલામણ પર વિચારણા કરવા બાબત તેમ જ સદરહુ સમિતિના એક સભ્ય ડૉ. સી. જી. ખત્રી પરદેશ ગયા હોવાથી તેમની જગ્યાએ ડૉ. એમ. સી. જયસ્વાલને નીમવા તેમ જ પોતે સપ્ટેંબરમાં પરદેશ જાય તો તેમની જગ્યાએ શ્રી. એચ. એન. રાવલને કામ આપવાના ડૉ. વૈદ્યના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આંતરિક ગુણાંકન અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧-૪-૧૯૬૪માં નીમેલી સમિતિનું કામકાજ ચાલુ વર્ષે પણ ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિના કામકાજ માટે રૂા. ૩,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૪. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પ્રો. વી. એમ. દેસાઈ, જેઓ તા. ૧૫-૬-૧૯૬૪ના રોજ નિવૃત્ત થતા હોવાથી તેમની જગ્યાએ શ્રી. આર. આઈ. પટેલ, જેઓ અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમનેપ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. આઈ. પટેલને સુરત ખાતે અંગ્રેજીના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રમાં નીમવા.

૧૫. શેઠ બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ. એ. પદવી એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કામ કરતા શ્રી. આર. સી. પરીખની જગ્યાએ ડૉ. એચ. જી. શાસ્ત્રી જેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે તેમને તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા તે સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદના પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. એચ. જી. શાસ્ત્રીને નીમવા.

૧૬. ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે યુનિવર્સિટીના શિક્ષકોની પારસ્પરિક સેવાઓ આપવા-લેવા અંગેના નિયમો ઘડવા નીમેલી સમિતિએ તેની તા. ૧૮-૬-૧૯૬૪ની સભામાં પસાર કરેલા નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના શિક્ષકોની પારસ્પરિક સેવાઓ આપવા-લેવા અંગેના નિયમોની બાબતમાં નીચેના મુદ્દાઓને અનુલક્ષીને આ યુનિવર્સિટીનો અભિપ્રાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી જણાવવો :

(1) When a reputed Professor or an expert is invited for a period of a month or more, the University shall pay all the emoluments drawn by the invitee to his University.

(2) He shall be paid travelling allowance at three first class railway fares for journey both ways.

(3) A suitable allowance for boarding, lodging and transport for such a visiting professor be made.

(4) The visiting Professor may be required to deliver at least three lectures per week, each lecture to be followed by a discussion.

(5) At the termination of the exchange programme the visiting Professor will make the substance of his lectures available to the University for publication.

(6) He will be paid a suitable honorarium depending upon the period of his stay, provided that stay is less than a month, in which case emoluments mentioned in No. (1) shall not be payable.

૧૭. પંજાબી યુનિવર્સિટી, પતિયાળાના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા. ૧૨-૫-૧૯૬૪ના પત્ર પરત્વે ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદના અધ્યક્ષશ્રીનાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પંજાબી યુનિવર્સિટીના જે છાત્રને આપણી યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં અભ્યાસ કરવા મોકલવામાં આવે તેમની પાસેથી ટ્યૂશન ફી લેવી નહિ પણ તેમને યુનિવર્સિટી હૉસ્ટેલમાં રહેવું હોય તો તે માટે તેમની પાસેથી રહેવાજમવાનું ખર્ચ તેમણે ભોગવવું પડશે તે સ્પષ્ટતા સાથે તેમને જરૂરી સગવડ કરી આપવી.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં, ભવનમાં તથા પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા ઉપર કાયમ કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમી કરવાની તારીખ
૧.	શ્રી. કે. આઈ. ભટ્ટ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	કાર્યાલય	૧૭-૮-૬૪	૧૮-૮-૬૪
૨.	શ્રી. રાજારામ રામનાથન	ચોકીદાર	,,	૧૫-૮-૬૪	૧૬-૮-૬૪
૩.	શ્રી. એસ. સી. શાહ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	પ્રેસ	૧૫-૮-૬૪	૧૬-૮-૬૪
૪.	શ્રી. એન. વી. શાહ	લૅબોરિયમ આસિ.	વિજ્ઞાનવિદ્યા ભવન	૧-૮-૬૪	૨-૮-૬૪
૫.	શ્રી. વી. એમ. બ્લીશ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	મનોવિજ્ઞાનવિદ્યા ભવન	૩૧-૭-૬૪	૧-૮-૬૪
૬.	શ્રી. જાલમસિંહ પહાડસિંહ	પટાવાળા	સમાજવિદ્યા ભવન	૧૭-૮-૬૪	૧૮-૮-૬૪

નીચેના સભ્યોના ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. કે. આઈ. ભટ્ટ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	યુનિવર્સિટી કાર્યાલય	૧૮-૮-૧૯૬૪
૨.	શ્રી. એસ. સી. શાહ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	યુનિવર્સિટી પ્રેસ	૧૬-૮-૧૯૬૪
૩.	શ્રી. વી. એમ. બ્લીશ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	મનોવિજ્ઞાનવિદ્યા ભવન	૧-૮-૧૯૬૪
૪.	શ્રી. જાલમસિંહ પહાડસિંહ	પટાવાળા	સમાજવિદ્યા ભવન	૧૮-૮-૧૯૬૪.

૫. શ્રી. રાજારામ રામનાથનને હાલ કાયમ ન કરતાં તેમનો પ્રોબેશનનો સમય એક વર્ષ માટે લંબાવવો.

૬. શ્રી. એન. વી. શાહને કાયમ કરવાની બાબત વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષનો રિપોર્ટ આવ્યેથી હવે પછી રજૂ કરવી.

૧૯. અમેરિકન સરકાર તરફથી પી. એલ. ૪૮૦ નીચે યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં જે સંશોધન અંગે ગ્રાન્ટ આપવામાં આવી છે તેમાંથી ભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયને તેના સંચાલક તરીકે રૂા. ૨૫૦/- આપવાની જોગવાઈ છે, તો તે રકમ સ્વીકારવા તેઓને પરવાનગી આપવા અંગેના તેઓના પત્રાંક નં. જીયુ. બોટ. ૧૮૨-૨-૬૪ તા. ૧૫-૬-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સંશોધનયોજના અંગે તેના સંચાલક તરીકે ડૉ. જે. જે. ચિનોયને અમેરિકન સરકાર તરફથી મળેલ પી. એલ. ૪૮૦ની ગ્રાન્ટમાંથી માસિક રૂા. ૨૫૦નું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૦. ડૉ. જે. જે. ચિનોય (અધ્યક્ષ, વિજ્ઞાનવિદ્યા ભવન)ને યુ. કે. અને બર્લિનની જુદી જુદી લેબોરેટરીની મુલાકાત લેવા તથા "X International Botanical Congress"માં હાજરી આપવા માટે રજા આપવાની તેઓની તા. ૨૩-૬-૧૯૬૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. જે. જે. ચિનોયને પરદેશના પ્રવાસ માટે એક માસ સુધીની રજા ચાલુ પગારે (ભથ્થાં સહિત) ખાસ રજા તરીકે મંજૂર કરવી.

૨૧. ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઇન્સ્ટિટ્યૂશન તરફથી રચાયેલી પેટા-સમિતિઓમાં, વિજ્ઞાનવિદ્યા ભવનના પ્રોફેસર-ઇન-કેમિસ્ટ્રી ડૉ. બી. કે. વૈદ્યને આપેલું પ્રતિનિધિત્વ ચાલુ રાખવું કે કેમ તે અંગે ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઇન્સ્ટિટ્યૂશન તરફથી આવેલ તા. ૧૮મી જૂન ૧૯૬૪ના પત્રાંક ટી.ડી.સી. ૫ (૧) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. બી. કે. વૈદ્યને ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઇન્સ્ટિટ્યૂશન તરફથી રચાયેલી પેટાસમિતિનું સભ્યપદ ચાલુ રાખવા માટે પરવાનગી આપવી.

૨૨. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. આર. પરમારને પી.એલ. ૪૮૦ યોજના હેઠળ રૂા. ૭૫/- માસિક મહેનતાણું સ્વીકારવા

અંગે વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૫-૬-૧૯૬૪ના પત્રાંક નં. જીયુ.બોટ.એફ.જી. ઇનિ. ૧૮૨-૩-૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનના નીચે જણાવેલ સભ્યોને સદરહુ સંશોધન-યોજના અંગેના કામ બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન આ કામ ચાલે ત્યાં સુધી આપવાનું મંજૂર કરવું :

૧. શ્રી. એસ. આર. પરમાર	રૂા. ૩૫-૦૦.
૨. શ્રી. કે. ડી. સોની	રૂા. ૨૦-૦૦.
૪. શ્રી. બી. એમ. ઠાકર	રૂા. ૨૦-૦૦.

૨૩. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૩ની સભામાં (બાબત નં. ૩૫) શ્રી. કે. ડી. દેસાઈને (લેક્ચરર, સમાજવિદ્યા ભવન) સપ્ટેંબર ૧૯૬૪થી એક વર્ષ માટે બાસ રજા આપેલ પણ યુ. એસ. ઈ. એસ. તરફથી તેમને ઑગસ્ટની શરૂઆતમાં બોકલવાની વ્યવસ્થા થવાથી આ ફેરફાર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. ડી. દેસાઈને ચાલુ વર્ષે તેઓ જે તારીખથી પરદેશ જાય તે તારીખથી એક વર્ષ માટેની અભ્યાસ-રજા મંજૂર કરવી.

૨૪. તા. ૧૫-૮-૧૯૬૪થી એમ્પ્લોયીઝ સ્ટેટ ઇન્સ્યુરન્સનો અમલ અમદાવાદમાં થતો હોવાથી યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓના પગારના રા ટકા કોન્ટ્રિબ્યુશન આપવા મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૫. યુનિવર્સિટીનાં ફાજલ નાણાં ડૂંકી મુદતની ડિપોઝિટમાં રોકવા અંગે અલ્લાહાબાદ બેંક લિમિ.,ના તા. ૧૭-૬-૧૯૬૪ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૨૬. કૉલેજના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત એન.સી.સી. તાલીમ ન રાખવા અંગે અખિલ ભારત શાંતિસેના મંડળના કુ. મારજરી સાઈક્સ તથા ભાવનગરની કૉલેજના એક વિદ્યાર્થી તરફથી આવેલ પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે, એન.સી.સી. તાલીમમાંથી મુક્તિ આપવા અંગેના હાલના નિયમોમાં કશો ફેરફાર કરવો નહિ.

૨૭. તા. ૧૯-૨-૧૯૬૪ના રોજ મળેલ મધ્યસ્થ યુવક-કલ્યાણ સમિતિમાં ઠરાવ્યા પ્રમાણે યુવક-કલ્યાણ-પ્રવૃત્તિઓ માટે ધોળકાની કૉલેજને નડિયાદ વિભાગમાં, વીરમગામમાં થનાર કૉલેજને મહેસાણા વિભાગમાં અને ધંધુકામાં થનાર કૉલેજને ભાવનગર વિભાગમાં મૂકવાનું મંજૂર કરવા બાબત તથા તે અન્વયે ઓ. પ૭-અ ના સુધારાને મંજૂર કરવા બાબત.

(સુધારેલા ઓર્ડિનન્સ ૫૭-અ માં કલમ નં. ૯ નીચે પ્રમાણે વંચાશે. ઉમેરેલું લખાણ ઇટાલિક્સ ટાઇપોમાં છાપ્યું છે.) :

"In order to organise the youth welfare activities over all the colleges affiliated to the University, the Univesity region will be divided into the following eight areas, each comprising of the colleges located in that area.

1. Ahmedabad Ellisbridge Area	..	Comprising of the colleges situated on the West side of the river Sabarmati.
2. Ahmedabad City Area	..	Comprising of the colleges situated on the East side of the river Sabarmati.
3. Mehsana Area	..	Comprising of the colleges situated in Mehsana, Banaskantha, Kutch Districts and *Viramgam and Sanand Taluka.*
4. Nadiad Area	..	Comprising of the colleges situated in Kaira, Sabarkantha and Panchmahals Districts and *Dholka Taluka.*
5. Surat Area	..	Comprising of the colleges situated in Surat, Broach and *Baroda* Districts.
6. Rajkot Area	..	Comprising of the Colleges situated in Rajkot and Jamnagar Districts except Upleta.
7. Bhavnagar Area	..	Comprising of the colleges situated in Surendranagar, Amreli and Bhavnagar Districts and *Dhandhuka Taluka.*
. , n gadh Area	..	Coprising of the colleges situated in Junagadh Districts and Upleta.

The Area youth welfare committee for each of the above area shall also work as a committee of the Board of students welfare and their constitution and functions shall be as follows."

આથી ઠરાવવામાં આવે છે કે, ઓ. ૫૭-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૮. તા. ૧૮-૫-૧૯૬૪થી તા. ૩૦-૫-૧૯૬૪ સુધી નારગોળ મુકામે યોજાયેલ વિદ્યાર્થીઓ માટેના યુવક-નેતા તાલિમ શિબિરના સંચાલનનું કાર્ય કરનાર અધ્યાપકોને અત્યાર સુધી યોજાયેલ આવા પ્રકારના શિબિરના સંચાલકોને અપાયેલ રૂા. ૧૦૦નું માનદ વેતન આપવાનું મંજૂર કરવા બાબત.

(નોંધ.—આ શિબિરના સંચાલક તરીકે ગુજરાત કૉલેજના પ્રો. વી. જે. ત્રિવેદી અને સહસંચાલક તરીકે ગુજરાત કૉલેજના પ્રો. વી. જી. પંડ્યા અને પોરબંદરની આર. જી. ટીચર્સ કૉલેજના પ્રો. એસ. જે. મણિયાર નિયુક્ત થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિક્ષકોને ચાલુ વર્ષે તેમને કરેલા શિબિરના સંચાલન અંગે પ્રત્યેકને રૂા. ૧૦૦ (એકસો)નું માનદ વેતન આપવું.

૨૯. સને ૧૯૬૪-૬૫ના વર્ષની આંતર-યુનિવર્સિટીની આરકેટ-બોલ (બહેનો માટે)ની હરીફાઈઓ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ ખાતે યોજવાના આપણા આમંત્રણનો આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડે સ્વીકાર કર્યો છે તેની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ હરીફાઈઓ ૧૯૬૪ના નવેંબરમાં યોજવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૦. તા. ૧૧-૪-૧૯૬૪ની સિન્ડિકેટની સભામાં થયેલ ઠરાવ પ્રમાણે તા. ૧૭-૬-૧૯૬૪ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિએ નીચે પ્રમાણે અભિપ્રાય આપેલ છે જે અંગે વિચારણા કરવા બાબત :

"આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે સામાન્ય રીતે અન્ય યુનિવર્સિટીઓમાં સ્વીકારાયેલા મહાનિબંધોનું આ યુનિવર્સિટી દ્વારા પ્રકાશન કરવા હવે પછી આર્થિક સહાય આપવી નહિ તેમ જ યુનિવર્સિટીએ પોતે પણ તેનું પ્રકાશન હાથ ધરવું નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની કૉલેજોની જોડાણ-અરજીઓ અંગે જાહેરનામું બહાર પાડવા રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

૧. સાયન્સ અને કૉમર્સ કૉલેજ, મોડાસા
૨. સંગીત-નૃત્ય-નાટય મહાવિદ્યાલય, રાજકોટ
૩. આર્ટ્સ કૉલેજ, મોરબી
૪. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ
૫. પેટલાદ કૉલેજ, પેટલાદ
૬. ભવન્સ કૉલેજ, ડાકોર
૭. કૉમર્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડ
૮. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા

(નોંધ.—અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરની નિમણૂક કરી છે.)

૯. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, બીલીમોરા
૧૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૧૧. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, રાજપીપળા
૧૨. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, બારડોલી
૧૩. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પિલવાઈ
૧૪. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.

(૨) તા. ૩થી ૫ ડિસેમ્બર ૧૯૬૪ દરમિયાન જમ્મુ મુકામે મળનાર "Recent advances in the development production and Utilization of Medicinal and Aromatic Plants in India"—નામક પરિસંવાદમાં કોઈ પ્રતિનિધિ નહિ મોકલ્યાના.

(૩) માર્ચ–એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિક–પરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના.

(૪) શ્રી. અરવિંદકુમારને એફ.ઈ.ના વર્ગમાં પ્રવેશ માટે કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના.

(૫) નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલા વિષયમાં તે પદવી માટે પાત્ર થયેલા જાહેર કર્યાના:

ક્રમાંક	નામ	વિષય	પદવી
૧.	શ્રી. દવે ગિરીશ રામરાય	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. મુનશી અબ્દુલરહેમાન અબ્દુલગની	,,	,,
૩.	શ્રીમતી જાની વિનોદબાળા પ્રાણુલાલ	સંસ્કૃત	,,
૪.	શ્રી. પંડ્યા પી. કે.	રસાયણવિજ્ઞાન	,,
૫.	શ્રી. પંડ્યા આઈ. એમ.	ગણિતશાસ્ત્ર	,,

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૨. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ બી.એ.ની પરીક્ષા માટેની "શ્રીમતી બાયીબાઈ છોટાલાલ ચોકસી શિષ્યવૃત્તિ" વિદ્યાર્થી નં. ૬૩૬ અને ૬૩૭, કે જેઓ તત્ત્વજ્ઞાન સ્પેશિયલ વિષયમાં સરખા ગુણ મેળવતા હોઈ બંનેમાંથી કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—બંને વિદ્યાર્થીઓનાં ૬ પેપરનો કુલ સરવાળો ૩૬૦ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિષ્યવૃત્તિ ઉપરના વિદ્યાર્થીઓ નં. ૬૩૬ અને ૬૩૭ને સમાન ભાગે વહેંચીને આપવી.

૩૩. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. વી. બી. બુચ તા. ૨૧-૬-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ ભવનમાં તા. ૧-૭-૧૯૬૩થી જોડાયા હતા અને તા. ૨૧-૬-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વી. બી. બુચને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૪. સને ૧૯૬૩-૬૪ના વર્ષમાં પુનર્નિમિત અંદાજ કરતાં કેટલાંક ખાતાંઓમાં વધારાનો ખર્ચ થયો તેને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૩-૬૪ના વર્ષમાં થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ ખર્ચનું પત્રક આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૫. સીનિયર બી.એ.ના વર્ગમાં વિષય બદલવા પરવાનગી આપવા અંગે ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટના આચાર્યશ્રી મારફતે આવેલી કુ. સુધા વી. દેસાઈની અરજીમાં જણાવેલ કારણો લક્ષ્યમાં લઈ સીનિયર બી.એ.ના વર્ગમાં વિષયો બદલવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થિનીને ચાલુ વર્ષે અપવાદ તરીકે બે પ્રશ્નપત્રો બદલવાની પરવાનગી આપવી.

૩૬. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડા સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને તેઓ વહેલી તકે અર્થશાસ્ત્રના લેક્ચરર નીમે તેમ જણાવવું, અને તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૭. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી આપવાના જોડાણ માટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પ્રથમ વર્ષ બી.ડી.એસ. માટે કરવાની નિમણૂકોમાંથી પ્રોસ્થેટિક્સના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. દ્વિતીય વર્ષ બી.ડી.એસ. માટે કરવાની નિમણૂકો શરત પ્રમાણે મૂકી નથી, પરંતુ દ્વિતીય વર્ષમાં જે વિષયો શીખવાય છે તે પ્રમાણે જેટલા શિક્ષકો જોઈએ તેટલા બતાવ્યા છે. તે પ્રમાણે પણ પાંચ નિમણૂકો કરવાની બાકી છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન મારફતે જાહેરખબર આપી છે તેમ જણાવેલ છે.

શરત (૪) જૂન ૧૯૬૫ સુધીમાં મકાન બાંધવા માટે પી.ડબલ્યુ.ડી. ડિપાર્ટમેન્ટ કામ શરૂ કરશે. મકાન બાંધવા બાંયધરી આપી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૮. શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીના જોડાણ અંગેની શરતોના પરિપાલનના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અંગ્રેજીના વિષયમાં વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવી લેવાની પરવાનગી આપવા વિનંતી કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરરને બદલે ટચૂટરથી ચલાવવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી તેમણે યોગ્ય લાયકાત ધરાવનાર લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૯. માણસા આર્ટ્સ અને સાયન્સ કૉલેજના આચાર્ય, સીનિયર બી.એ.માં અર્થશાસ્ત્ર વિષયમાં કોઈ વિદ્યાર્થી આ વર્ષે ન હોવાથી દ્વિતીય વર્ષ બી.એ.માં વ્યાખ્યાતાથી વર્ગ ચલાવવા મંજૂરી માગે છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના હાલનાં ધારાધોરણ હેઠળ ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમમાં બી.એ.ના બીજા વર્ષમાં પ્રોફેસરની નિમણૂક કરવી આવશ્યક નથી, પરંતુ ત્રીજા વર્ષના શિક્ષણ માટે અર્થશાસ્ત્રના પ્રોફેસરની નિમણૂક કરવી પડશે તેમ સદરહુ કૉલેજને જણાવવું.

૪૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણના જોડાણ માટે મૂકેલ શરતોના પરિપાલનમાં લૉજિક અને સાયકોલોજીના યોગ્ય વ્યાખ્યાતા નીમેલ. પરંતુ તેઓ જોડાયા નહિ તેથી ટચૂટરની નિમણૂક કરી હોઈ તેને કામચલાઉ પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ચાલુ સત્ર પૂરતી તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના લેક્ચરરને બદલે ટચૂટરથી ચલાવવા માટે પરવાનગી આપવી.

૪૧. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના પૂરા સમયના અંગ્રેજીના પ્રાધ્યાપકની પ્રત્યેક રવિવારે અમુક સમયોની સેવાઓ, પેટલાદ કૉલેજ, પેટલાદમાં સીનિયર બી.એ.ના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓ માટે, લેવા દેવાની પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ સમયો તેના નિયત કાર્ય કરતા વધુ હશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ચાલુ વર્ષે અપવાદ તરીકે નડિયાદથી અંગ્રેજીના પ્રાધ્યાપકને, શિક્ષણકાર્ય માટે બોલાવવા માટે પરવાનગી આપવી.

૪૨. યુનિવર્સિટી ધોરણે સરકારી કૉલેજોમાં ઘરભાડા-ભથ્થું આપવું સ્વીકાર્ય નથી એવું જણાવતા ગુજરાત રાજ્યના કેળવણી અને મજૂર ખાતાના તા. ૩૦-૪-૧૯૬૪ના પત્રાંક એમ. આઈ.એસ. ૧૬૬૪-૬૫૫૯-કેએચની નકલ શિક્ષણ સંચાલક તરફથી આવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની તમામ જોડાયેલી કૉલેજોને માટે યુનિવર્સિટીએ શિક્ષકો માટે નક્કી કરેલા પગાર અને ભથ્થાનું ધોરણ પાળવું આવશ્યક છે તે મુદ્દાના સંદર્ભમાં રાજ્ય સરકારને ઘટતો પત્ર લખવો.

૪૩. કૉલેજના શિક્ષકોની નોકરીની શરતો અંગેના પરિપત્રમાં સિન્ડિકેટે વખતોવખત કરેલા સુધારાઓને આધારે સુધારવામાં આવેલા પરિપત્રને મંજૂર કરવા બાબત તથા આ

અંગેના નીચેના વધારાના મુદ્દાઓ પર નિર્ણય કરવા બાબત:

(૧) નિયમના પ્રોવિઝો-બીમાં "Provided further that a teacher falling under Category (*a*) and (*c*) above shall not be paid for the vacation" તેમાંથી "and (*c*)" શબ્દો રદ કરવાની જરૂર છે, કારણ કે આ પ્રોવિઝો ચાલુ વર્ષે કામ કરનારને જ લાગુ પડે છે. જ્યારે નિયમ ૨(સી) ફક્ત બીજા સત્રમાં કામ કરનાર શિક્ષકને જ લાગુ પડે છે.

(૨) નિયમ ૬માં કેજ્યુઅલ રજા ૨૦ છે તેને બદલે ૧૫ કરવી હોય તો વિચારણા માટે.

(૩) નિયમ ૧૦માં કોઈ પણ શિક્ષક બીજી કૉલેજમાં અરજી કરે તો જે કૉલેજમાં નોકરી કરતા હોય તેના આચાર્ય મારફતે કરવાની જોગવાઈ છે, પરંતુ જે કૉલેજમાં નોકરી કરતા હોય તે કૉલેજના આચાર્ય અરજી બીજી કૉલેજમાં મોકલવાની ના પાડે તો સીધી અરજી મોકલી શકાય એવો અપવાદ તે નિયમમાં મૂકવો હોય તો વિચારણા માટે.

(નોંધ.—આ જાતની ઘણી ફરિયાદો યુનિવર્સિટીને અત્યારે મળી છે.)

(૪) કોઈ પણ શિક્ષકને સત્રની અધવચમાં કોઈ પણ કૉલેજ છૂટા ન કરી શકે તેમ જ કોઈ પણ શિક્ષક સત્રની અધવચ્ચે છૂટા કરવાની માંગણી ન કરી શકે તેવો નિયમ કરવાની જરૂર જણાય છે.

(૫) આ બધા નિયમોમાં ઉપકુલપતિશ્રીનો નિર્ણય છેવટનો અને બંને પક્ષે બંધનકર્તા રહેશે એવો વધારાનો નિયમ ઉમેરવાની જરૂર છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનાં સૂચન નં. ૧, ૨, ૩ અને ૪ મંજૂર કરવાં, અને સૂચન નં. ૫ મંજૂર કરવું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પોતાની કૉલેજમાં કામ કરતા શિક્ષક અન્યત્ર નોકરી માટે અરજી કરે તો તે મોકલી આપવી આચાર્યને માટે આવશ્યક છે, એ મતલબનો ઉલ્લેખ સુધારેલા નિયમમાં કરવો.

ઉપરના ઠરાવોને અનુલક્ષીને સુધારેલા નિયમોનો મુસદ્દો ઘડીને રજૂ કરવો.

૪૪. જુલાઈ ૧૯૬૪માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ. પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષક તરીકે કામ કરવા માટે તબીબી વિદ્યાશાખાની પરીક્ષાસમિતિની તા. ૩-૭-૧૯૬૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુલાઈ ૧૯૬૪માં લેવાનારી ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા માટે પ્રાશ્નિક અને પરીક્ષકની નિમણૂક અંગે સદરહુ ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ નિમણૂકોની યાદી આ સાથે આપવામાં આવી નથી.)

૪૫. સને ૧૯૬૪ના માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેરરીતિઓના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો અને નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૬-૬-૧૯૬૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૬-૬-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

૪૬. તા. ૧૮-૧-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ મુજબ એપ્રિલ ૧૯૬૩માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ પરીક્ષાર્થી શ્રી. ચંદ્રવદન રમણલાલ ભટ્ટ બાબતમાં કૉલેજના આચાર્યશ્રીને તપાસ કરી જણાવવા પત્ર લખેલ. તે અંગે કૉલેજના આચાર્યશ્રીનો જવાબ આવેલ છે તે જોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીનું ડિગ્રી સર્ટિફિકેટ અટકાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૬-૧૯૬૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. તા. ૯-૭-૧૯૬૪ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં એક ડેમોન્સ્ટ્રેટર-ઇન-ફિઝિક્સ, ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સ તથા યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ (ટીચિંગ)ની જગ્યા માટે તા. ૧૦-૭-૧૯૬૪ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૦. ફાઇનાન્સ સમિતિની તા. ૭-૭-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૭-૭-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૧. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ એફેર્સ, ન્યૂ દિલ્હીના જનરલ સેક્રેટરી તરફથી કાઉન્સિલને પાંચ વર્ષ માટે વાર્ષિક રૂા. ૧,૫૦૦ની પ્રકાશન તથા સંશોધન અંગે મદદ કરવા વિનંતી કરતા તા. ૨૩-૬-૧૯૬૪ના પત્રાંક ૪૩૧૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૫૨. યુનિવર્સિટી કાર્યાલય માટે એક રોટા પ્રિન્ટ મશીન ખરીદવા સિન્ડિકેટે તેની એપ્રિલ ૧૯૬૪ની સભામાં ઠરાવ્યું હતું. આ અંગે પત્ર વ્યવહાર કરતાં રોટા પ્રિન્ટ મશીન પરદેશથી આયાત કરવા અંગે મનાઈ હોવાથી તે ખરીદી શકાશે નહિ તેની જાણ થવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૩. એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના ઉપક્રમે "Commnuity devlopment and Change in India" નામક પરિસંવાદ ચાલુ વર્ષે નવેંબર માસના પ્રથમ સપ્તાહમાં વડોદરા મુકામે યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ પરિસંવાદના અધ્યક્ષશ્રીના તા. ૨૭-૬-૧૯૬૪ના પત્રાંક વિટીકે-૫૬૧ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટીના શિક્ષકગણમાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર અથવા તેને આનુષંગિક વિષયમાં શિક્ષક, જેમણે કંઈક સંશોધનકાર્ય કરેલું હોય, તેમની નિમણૂક કરવા જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. તારાબેન પટેલ અને શ્રી. જે. એલ. ધોલકિયાને મોકલવા.

૫૪. ઑક્ટોબર ૧૯૬૪માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ કાર્યાલયે સૂચવેલ તારીખોએ શરૂ કરવાના કાર્યાલયના સૂચનને મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ શરૂ કરવાની બાબતમાં કાર્યાલયે રજૂ કરેલાં સૂચનો મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલ સૂચનોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.

૫૫. કૉલેજ-શિક્ષક મતદારવિભાગમાંથી ફાકલ્ટી વિદ્યાશાખામાં ડૉ. એચ. એસ. ઝંઢેરિયાની ખાલી પડેલી જગ્યા માટે જે પેટા-ચૂંટણી યોજાનાર છે તે માટે મતદાનકેન્દ્રો, મતદાનમથક તથા ચૂંટણી અધિકારીની નિમણૂક અંગે નીચે મુજબના કાર્યાલયના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	મતદાનકેન્દ્ર	મતદાનમથક	ચૂંટણી અધિકારી
૧.	અમદાવાદ	ગુજરાત કૉલેજ, અમદાવાદ	આચાર્ય ડૉ. વાય. જી. નાયક, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬
૨.	જામનગર	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	આચાર્યશ્રી જે. બી. સાવિડલ, ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર
૩.	સુરત	એમ.ટી.બી. કૉલેજ, સુરત	આચાર્યશ્રી જે. ટી. પરીખ, એમ. ટી. બી. કૉલેજ, સુરત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૫૬. યુનિવર્સિટી ભાષા-ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિકસ તથા વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર-ઇન-બોટેનીની જગ્યા માટે ઓ. ૬૬ પ્રમાણે બન્ને સમિતિઓ માટે સિન્ડિકેટના બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિકસની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રો. રામપ્રસાદ બક્ષી
૨. પ્રો. એસ. એમ. કત્રે
૩. પ્રો. એ. એમ. ઘાટગે.

રીડર-ઇન-ઓટેનીની જગ્યા માટેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. આર. ડી. આઠનિયા, મુંબઈ
૨. પ્રો. પી. એન. મહેરા, ચંદીગઢ
૩. પ્રો. આર. બી. રસાણા, દિલ્હી.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ ડી. પી. ઈ. શ્રી. એલ. એ. ઠક્કરને શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયમાં સવારના કોચિંગ આપવા અંગે તેઓને પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એલ. એ. ઠક્કરની સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૫૮. યુનિવર્સિટી હૉસ્ટેલમાં તથા લેડીઝ હૉસ્ટેલમાં નિમાયેલ સુપરિન્ટેન્ડન્ટને આપવામાં આવેલા ક્વાર્ટર્સનું ભાડું લેવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે નિમાયેલ લેડી સુપરિન્ટેન્ડન્ટને આપવામાં આવેલ રહેઠાણ માટે તેમની પાસેથી ભાડું લેવું નહિ, પરંતુ સર્વિસ ચાર્જિસ વસૂલ કરવા.

૫૯. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક (વિનયન વિદ્યાશાખા) ૧૯૬૪ના વર્ષ માટે આપવા બાબતમાં સંશોધનો વગેરે તપાસી સુવર્ણચંદ્રક માટે લાયક વ્યક્તિનો નિર્ણય કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૦-૧૯૬૩ની સભામાં નીમેલી સમિતિ પર કામ કરવા માટે અશક્તિ દર્શાવતા તા. ૨૪-૬-૧૯૬૪ના પ્રો. એમ. બી. દેસાઈના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૦. બિલ્ડિંગ કમિટીની તા. ૬-૭-૧૯૬૪ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૬-૭-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.
(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૬૧. હેલ્થ સેન્ટરના મકાન પાસે સફાઈ કામદારનું એક રહેઠાણ બાંધવાની ચીફ મેડિકલ ઑફિસરની માગણી પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની કૉલેજોની જોડાણ-અરજીઓ અંગે જાહેરનામું બહાર પાડવા રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

૧. નવગુજરાત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા

૩. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ

૪. સ્વામીનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ

૫. સિટી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

(૨) પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગો માટે સંસ્કૃત ગદ્યપદ્યસંગ્રહની ૧૦,૦૦૦ નકલ તથા અર્ધમાગધી ગદ્યપદ્યસંગ્રહની ૫૦૦ નકલના પુનર્મુદ્રણ અંગે મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૩. પંજાબ યુનિવર્સિટીની હાયર સેકન્ડરી પરીક્ષાની માન્યતા અંગે કુલપતિશ્રીના તા. ૪-૭-૧૯૬૪ના ડી. ઓ. પત્રાંક જી-એસ-XI-૧૮૩૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના પ્રથમ વર્ષ માટે પ્રવેશપાત્ર ગણી શકાય નહિ.

૬૪. આ યુનિવર્સિટીના ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં પોતાના પુત્રને પ્રવેશ મળે તે બાબતમાં શ્રી. એસ. એન. ઘોષે કુલપતિશ્રીને લખેલ તા. ૯-૭-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૯-૭-૧૯૬૪ના પત્રાંક જી.એસ. ૧૯૧૩-૬૪થી આ પત્ર કુલપતિશ્રી તરફથી આવેલ છે.

શ્રી. ઘોષના પુત્રે ૧૯૬૪માં ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા પાસ કરી છે અને તે પરીક્ષા આપણે એસ.એસ.સી. તુલ્ય ગણી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એન. ઘોષના પુત્રને ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના પ્રથમ વર્ષ માટે પ્રવેશપાત્ર ગણી શકાય નહિ.

૬૫. ૧૯૬૪ની એસ.ઈ.ની પરીક્ષાના પરિણામ બાબતમાં સિન્ડિકેટની તા. ૨૩-૬-૧૯૬૪ની સભામાં ઉપકુલપતિશ્રીને રિપોર્ટ કરવા વિનંતી કરી હતી તે અંગે ઉપકુલપતિશ્રીના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગયા માર્ચ-એપ્રિલમાં લેવાયેલ એસ.ઈ.ની પરીક્ષાનું જે પરિણામ જાહેર થયું છે તેમાં ફેરફાર કરવાનું કશું કારણ જણાતું નથી, અને તેથી તેમાં કશો ફેરફાર કરવો નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે, ખાસ કેસ તરીકે, આગામી ઑકટોબરમાં એસ.ઈ.ની એક વધારાની પરીક્ષા લેવાનું રાખવું, તથા ફાર્મસીની નીચેની પરીક્ષાઓ પણ ચાલુ વર્ષે ઑકટોબરમાં વધારાની પરીક્ષા તરીકે, ખાસ કેસ તરીકે, લેવાનું રાખવું :

૧. પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસી
૨. ઇન્ટરમીડિયેટ ફાર્મસી ડિપ્લોમા
૩. ફર્સ્ટ બી.ફાર્મ.
૪. સેકન્ડ બી.ફાર્મ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી ઑકટોબરમાં એસ.ઈ.ની પરીક્ષા તા. ૧૬-૧૦-૧૯૬૪થી શરૂ કરવી, તથા ઉપર જણાવેલ ફાર્મસીની પરીક્ષાઓ તા. ૧૨-૧૦-૧૯૬૪થી શરૂ કરવી.

૬૬. ૧૯૬૪ની એમ.એ. તથા ઇન્ટર ફાર્મસીની પરીક્ષાઓનાં પરિણામો અંગે આવેલ શ્રી. રણજિત શાસ્ત્રીના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગયા એપ્રિલ માસમાં લેવાયેલ એમ.એ.ની પરીક્ષામાં ડબલ એસેસમેન્ટની બાબતમાં દશ ટકાથી વધુ ફેર જણાતો હોય તેની માહિતી કાઢીને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૬૭. વિજ્ઞાનવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની ખાલી પડેલી જગ્યા માટે જાહેર અખબર આપતાં નિયત કરેલી લાયકાત ધરાવતા કોઈ પણ અરજદાર નહિ મળવાથી ફરીથી જાહેરખબર આપવાની છે. પરંતુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવાથી શિક્ષણકાર્ય કરવા માટે હંગામી ધોરણે વ્યવસ્થા કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં ઘટતાં પગલાં લેવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતાં કુ. રેણુકા એ. શાહ તા. ૨૫-૪-૧૯૬૨ના રોજ જોડાયાં હતાં અને તા. ૨૫-૪-૧૯૬૪ના રોજ છૂટાં કરવામાં આવ્યાં હતાં. તો તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. રેણુકા એ. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૬૯. યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧-૭-૧૯૬૪ના રોજ આસિ. પ્રેસ-મેનેજર, મશીન-મેન તથા પ્રૂફરીડર વચ્ચે થયેલ ઝઘડા અંગે તપાસ કરી યોગ્ય નસિયત કરવા બે સભ્યોની સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે તપાસ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત
૨. શ્રી. આઈ. એમ. નાણાવટી.

૭૦. સિન્ડિકેટની તા. ૧૧-૬-૧૯૬૪ની સભામાં ઑ. ૧૩૫-એ સુધારવા માટે નિયુક્ત થયેલી સમિતિની તા. ૧૦-૭-૧૯૬૪ના રોજ મળેલી સભામાં સુધારેલા ઑર્ડિનન્સને મંજૂર કરવા બાબત તથા સમિતિના કામકાજની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૭૪૬૫/૧૯૬૪.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

ઑગસ્ટ ૪, ૧૯૬૪.
શ્રાવણ ૧૩, ૧૮૮૬ (શક).

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૯

31. To consider "that grants made by the Governments to universities or colleges affiliated to them should not be utilised for the purpose of exercising control not contemplated by the laws establishing universities or to interfere with their autonomy and that in particular the University Grants Commission of the kind established in some States are a serious violation of the autonomy needed by universities."

(Sri Venkateswara University)

RESOLVED that the view of the Inter-University Board be conveyed to the Governments that grants made by the Governments to universities or colleges affiliated to them should not be used as a means of exercising control not contemplated by the laws establishing universities and/or to interfere with their autonomy.

RESOLVED FURTHER that for the proper development of higher education the grants given by the State or the U. G. C. should be a blockgrant fixed for at least a period of five years and which may be reviewed at the end of that period.

RESOLVED ALSO—

(*a*) that such grants in future should be processed by co-operation and co-ordination between the U.G.C. and the State Government concerned.

(*b*) that expenditure of a recurring nature in any plan period which has necessarily to be continued for obvious reasons, must be the first charge on the funds of the U.G.C. and/or State Government for subsequent Plan periods.

(*c*) that any further development must depend upon the funds that are made available to the universities over and above the committed expenditure. Guarantees for matching grants cannot be given by universities, as universities have not the requisite funds at their disposal.

RESOLVED therefore, that the University Grants Commission and the State Governments should come to an agreement in this regard.

32. To consider the proposal forwarded by the Poona University regarding the staffing of African Universities by Indian Teachers.

RESOLVED that in regard to the making available of Indian teachers at the request of the African Universities the proposal of the Poona University be commended to the universities, the U.G.C. and the Government of India for such necessary action as they may deem fit to take.

RESOLVED FURTHER that Orientation courses be organised for the benefit of such of those Indian teachers who might like to proceed to African Universities.

33. To consider whether any of the following are acceptable solutions, temporarily or permanently, of the problem of continuous increase in the demand for admission to colleges in certain towns or admission for certain courses :

(*a*) Raising generally the qualifications fixed for adminission to all university courses or doing so only for certain courses.

(*b*) Providing evening courses in existing colleges.

(*c*) Permitting colleges to work in two or three shifts.

(*d*) Providing correspondence courses.

(*e*) Permitting appearance for University examinations after private study or doing so, subject to restrictions like some of the following :

(*i*) Restricted to arts courses.
(*ii*) In the case of Science Courses laboratory work should be done in some recognised college.
(*iii*) Restricted to women only.
(*iv*) Restricted to persons above a certain age.
(*v*) Restricted to teachers.
(*vi*) Restricted to government employees.
(*vii*) Restricted to courses below a certain level like post-graduate.

(Sri Venkateswara University)

RESOLVED that the whole problem of pressure of admissions into universities and colleges and the problem of providing more seats and more facilities for higher education be referred to the Standing Committee of the Board with the request that they may study the problem after collecting the individual opinion of members and the recommendations of the Standing Committee be placed before the next meeting of the Inter-University Board.

34. To consider the recommendations made by the Central Advisory Board of Education at its 30th Session held on 6/7th May, 1963 that "there should be no migratory restrictions imposed on students, and colleges and universities should aim at drawing students and teachers from as large an area as possible." (Marathwada University)

RESOLVED that in the opinion of the Inter-University Board facilities for migration of students and teachers should be provided as far as practicable and that there should be no restrictions imposed on such migration provided that the production of Migration Certificate be continued.

RESOLVED FURTHER that it be recommended to the universities to issue the Migration Certificate expeditiously.

43. "Institution of a Degree Course in Public Health in Indian Universities." (University of Kerala)

It was understood that a communication in the matter of the institution of a Degree in Public Health on the basis of the recommendation of the Health Survey Committee had been circulated to the universities by the Health Ministry.

RESOLVED that the opinion of the universities in the matter be obtained before the matter is considered by the Inter-University Board.

44. To consider the question as to how far the Inter-University Youth Festivals organised by the Union Ministry of Education have served the purpose. (Jadavpur University)

In the opinion of the Inter-University Board the Youth Festival does not fully serve the purpose for which it was started and expenditure incurred on it is not commensurate with its achievements.

RESOLVED that the Government of India be advised to hold Youth Festival on regional basis and the organisation of the festivals be left to the universities in the region concerned. Financial assistance may be provided to each region according to its needs.

51. To consider the following items received from the Ministry of Health :

(*a*) "Publication of University Examination Results of P. U. C. and Intermediate Science throughout the country by the 1st week of June, in order to complete the admission to Medical Colleges by the 1st week of July."

RESOLVED to recommend to the universities that the process of the publication of results of examination passing which is necessary (P.U.C./ Higher Secondary/Intermediate Science) for admission in the medical and engineering courses should be speeded up by the various agencies concerned so that the results of their examinations are published by the 1st week of June.

(*b*) "Duration of M.B.,B.S. Course to 4½ years in all Medical Colleges."

RESOLVED to recommend to the universities that the duration of the M.B.,B.S. course should be 4½ years followed by compulsory housemanship for one year involving training for 3 months in medicine, 3 months in surgery, 3 months in obstetrics and gynaecology and 3 months in preventive medicine.

(*c*) "Recognition of institutions for compulsory House Surgery."

RESOLVED that some non-teaching hospitals may also be recognised for the purpose of training housemen, in case the hospitals attached to the medical college concerned are not large enough to provide sufficient facilities for the training of all the students who pass the 4½ years degree course.

(*d*) "M.B.,B.S. Examination day to day assessment may be given due weight in final assessment."

RESOLVED to recommend that in the medical courses 25% marks for the various examinations may be allotted to internal assessment.

(e) "Exchange of teachers between medical Colleges."

RESOLVED to recommend the exchange of teachers and research workers to the extent to which it is possible between various medical institutions in the country in the interest of the advancement of medical education, the furtherance of research and the standardisation of course.

(f) "Exchange of students from different States and different Universities."

RESOLVED in order to promote National Integration, to recommend to be universities to reserve a certain percentage of seats in the medical Colleges for students coming from States and regions other than the State in which the college is situated.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૪

અનુક્રમ નંબર	અંદાજ ખર્ચ	પુનર્નિર્મિત અંદાજ પ્રમાણે રૂા. ન.પૈ.	કુલ ખર્ચ રૂા. ન.પૈ.	અંદાજ કરતાં કેટલું વધુ ખર્ચ થયું રૂા. ન.પૈ.	રિમાર્ક
૧	૨	૩	૪	૫	૬
૧.	પરીક્ષકોના મહેનતાણા — તપીળી	૪૯,૦૦૦–૦૦	૪૯,૬૬૮–૮૧	૬૬૮–૮૧	સિન્ડિકેટે નક્કી કરેલા નિયમો અનુસાર પરીક્ષા અગેનાં બિલો વ. ચૂકવતાં પરીક્ષા ખર્ચના આ જુદા જુદા પેટામથાળે અંદાજ કરતાં કુલ્લે રૂા. ૧,૨૬,૮૯૪–૦૦ના ખર્ચનો વધારો થવા પામ્યો છે. તેની સામે પુનર્નિર્મિત અંદાજમાં પરીક્ષા-ફીની આવક પણ અંદાજ કરતાં રૂા. ૧,૩૧,૧૧૬–૦૦થી વધવા પામી છે.
૨.	પરીક્ષકો વગેરેનાં મુસાફરી-ભથ્થાં	૧,૨૫,૦૦૦–૦૦	૧,૨૭,૮૧૭–૨૯	૨,૮૧૭–૨૯	
૩.	પરીક્ષાના સવાલપત્રોની છપામણી	૨,૮૨,૦૦૦–૦૦	૨,૯૩,૮૧૭–૦૩	૧૧,૮૧૭–૦૩	
૪.	પરીક્ષા છપામણી	૫૨,૦૦૦–૦૦	૭૨,૩૬૩–૯૩	૨૦,૩૬૩–૯૩	
૫.	પ્રાયોગિક પરીક્ષા માટે મદદનીશો તથા નોકરોના મહેનતાણાના ખર્ચના	૧,૪૦,૦૦૦–૦૦	૧,૪૧,૭૫૩–૨૫	૧,૭૫૩–૨૫	
૬.	રસાયણો તથા સાધનસામગ્રી	૧,૦૪,૦૦૦–૦૦	૧,૧૧,૮૬૩–૫૨	૭,૮૬૩–૫૨	
૭.	પરીક્ષાનું પરચૂરણ ખર્ચ — તાર તથા ટપાલ ખર્ચ	૬૦,૦૦૦–૦૦	૭૦,૦૦૦–૫૨	૧૦,૦૦૦–૫૨	
૮.	પરીક્ષાનું પરચૂરણ ખર્ચ — પારસલો અંગેનું ખર્ચ	૨૯,૦૦૦–૦૦	૩૦,૭૨૭–૬૬	૧,૭૨૭–૬૬	
૯.	પરીક્ષાનું પરચૂરણ ખર્ચ	૪૨,૦૦૦–૦૦	૪૨,૩૧૫–૭૫	૩૧૫–૭૫	

૧	૨	૩	૪	૫	૬
૧૦.	પરીક્ષાની ઉત્તરવહીઓ	૫૦,૦૦૦–૦૦	૧,૪૨,૯૬૪–૭૬	૯૨,૯૬૪–૭૬	ઉત્તરવહીઓનો હાજર સ્ટોક લક્ષમાં લઈ, વિદ્યાર્થીઓની સંખ્યા અને યુનિવર્સિટીએ મંજૂર કરેલા કેન્દ્રોની જરૂરિયાત પ્રમાણે યુનિવર્સિટી મુદ્રણાલયમાં ઉત્તરવહીઓ છપાવી તેના લીધે ખર્ચનો વધારો થવા પામ્યો છે. યુનિવર્સિટી મુદ્રણાલયના છાપકામ તથા કાગળ ખર્ચ અંગેનો આ હવાલો છે. જોકે આ વર્ષની જરૂરિયાત કરતાં કેટલીક ઉત્તરવહીઓ વધુ બનાવવામાં આવી છે, જે આવતા વર્ષની પરીક્ષામાં ઉપયોગમાં લેવામાં આવશે.
૧૧.	મુસાફરી-ભથ્થાં : વિદ્યાશાખા, બૉર્ડ્ઝ, સમિતિ વગેરે સભાઓ	૩૭,૦૦૦–૦૦	૪૧,૧૩૫–૯૨	૪,૧૩૫–૯૨	બૉર્ડ્ઝ, જુદી જુદી વિદ્યાશાખાઓ તથા સમિતિઓ વગેરેની ચાલુ વર્ષમાં જે સભાઓ યોજવામાં આવી તેના સભ્યોના મુસાફરી-ભથ્થા-ખર્ચનાં બિલો ચૂકવતાં આ પેટામથાળે ખર્ચ વધવા પામ્યું છે.
૧૨.	મુસાફરી-ભથ્થાં— કૉલેજતપાસણી અંગેનાં	૧૧,૦૦૦–૦૦	૧૧,૫૨૫–૩૦	૫૨૫–૩૦	ચાલુ વર્ષમાં નવી કૉલેજોની માન્યતા અંગેની ઘણી અરજીઓ આવેલી હોવાથી સ્થાનિક તપાસસમિતિઓના સભ્યોના મુસાફરી-ભથ્થાંના ખર્ચનાં બિલો ચૂકવતાં આ ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૧૩.	મુદ્રણખર્ચ	૫૧,૦૦૦–૦૦	૬૭,૫૮૬–૬૧	૧૦,૫૮૬–૬૧	પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી તેને લીધે કામકાજ વધવાથી યુનિવર્સિટીનું છપામણી કામ પણ વધ્યું. મુખ્યત્વે કરીને યુનિવર્સિટી મુદ્રણાલયના છાપકામના હવાલા પાડતાં આ વધારો થયો છે.

૧૪. તાર તથા ટપાલ ખર્ચ	૨૩,૦૦૦–૦૦	૨૮,૧૮૦–૪૯	૫,૧૮૦–૪૯	કાર્યાલયની જરૂરિયાત પ્રમાણે ટપાલ ખર્ચ થયું તેથી ખર્ચ વધવા પામ્યું છે.
૧૫. અભ્યાસેતર શિક્ષણપૂરક પ્રવૃત્તિ, વ્યાખ્યાનમાળા યોજના	૭,૦૦૦–૦૦	૯,૩૭૬–૫૮	૨,૩૭૬–૫૮	"જાપાન વીક" ઊજવ્યું હતું તે ખર્ચ આ મથાળા નીચે પાડવામાં આવ્યું છે અને તે અંગે "ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર", ન્યૂ દિલ્હી તરફથી રૂા. ૮૦૦–૦૦ ગ્રાન્ટ મળનાર છે.
૧૬. યુ. પી. એસ. સી. વર્ગો — વ્યાખ્યાનો અંગેનાં માનદ વેતન, મુસાફરી-ભથ્થાં વગેરે, મકાન તથા ફર્નિચરનું ઘસારા ખર્ચ	૩,૦૦૦–૦૦	૫,૮૬૦–૦૨	૨,૮૬૦–૦૨	ખર્ચનો વધારો છે પણ ગુજરાત રાજ્ય સરકાર તરફથી જેટલો ખર્ચ થયો હોય તેટલી ગ્રાન્ટ મળશે તેમ મંજૂર થયેલ છે.
૧૭. મકાન તથા ફર્નિચરનું ઘસારા ખર્ચ	૯૬,૦૦૦–૦૦	૯૯,૮૧૨–૦૦	૩,૮૧૨–૦૦	સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫–૨–૧૯૬૪ની સભામાં ઑડિટ જવાબો મંજૂર કર્યા તે મુજબ સુધારેલા દરથી ઘસારા અંગે જોગવાઈ કરવાનું હતું. તે મુજબ જોગવાઈ કરવાથી, આ વધારો થવા પામ્યો છે. આ માત્ર હવાલા છે. ગ્રંથાલયનાં પુસ્તકો ઉપર ઘસારાની જોગવાઈ અગાઉ કરવામાં આવતી ન હતી પણ ઉપર જણાવ્યા પ્રમાણે સિન્ડિકેટે પુસ્તકો ઉપર પણ ઘસારા અંગેની ૧૦ ટકા દરથી જોગવાઈ કરવાનું મંજૂર કર્યું તેથી ગ્રંથાલય-ઘસારા ખર્ચમાં જંગી વધારો થયો છે. આ પણ માત્ર હવાલો છે.
૧૮. યુનિવર્સિટી મુદ્રણાલય — ઘસારા ખર્ચ	૧૫,૦૦૦–૦૦	૨૧,૮૦૭–૦૦	૬,૮૦૭–૦૦	
૧૯. ભાષા-ભવન — ઘસારા ખર્ચ	૮,૦૦૦–૦૦	૮,૧૮૦–૦૦	૧૮૦–૦૦	
૨૦. સમાજવિદ્યા ભવન — ઘસારા ખર્ચ	૧૨,૦૦૦–૦૦	૧૨,૨૩૮–૦૦	૨૩૮–૦૦	
૨૧. વિજ્ઞાનવિદ્યા ભવન — ઘસારા ખર્ચ	૬૬,૦૦૦–૦૦	૮૬,૧૮૭–૦૦	૨૦,૧૮૭–૦૦	
૨૨. મનોવિજ્ઞાનવિદ્યા ભવન — ઘસારા ખર્ચ	૧૦,૦૦૦–૦૦	૧૧,૬૭૭–૦૦	૧,૬૭૭–૦૦	
૨૩. ગ્રંથાલય ઘસારા ખર્ચ	૯,૦૦૦–૦૦	૧,૪૦,૭૨૧–૦૦	૧,૩૧,૭૨૧–૦૦	

૧	૨	૩	૪	૫	૬
૨૪.	યુનિવર્સિટી કાર્યાલય સ્ટાફ — પ્રોવિડન્ટ ફંડ યુનિવર્સિટી કૉન્ટ્રિબ્યુશન	૧૮,૫૦૦–૦૦	૧૮,૭૧૦–૦૬	૨૧૦–૦૬	પગારના ખર્ચ ઉપર નિયત ધોરણે ગણતરી કરતાં ખર્ચ વધવા પામ્યું છે.
૨૫.	યુનિવર્સિટી મુદ્રણાલય — બંધામણી અને મુદ્રણસામગ્રી	૧૦,૦૦૦–૦૦	૧૫,૩૨૪–૦૩	૫,૩૨૪–૦૩	યુનિવર્સિટી મુદ્રણાલયની આવક પુનર્નિર્ભિત અંદાજના રૂા. ૨,૦૦,૦૦૦–૦૦ સામે વધીને રૂા. ૨,૨૪,૮૦૮–૦૦ થઈ છે. મુદ્રણાલયને તેના છાપકામને પહોંચી વળવા "બંધામણી અને મુદ્રણ" સામગ્રી માટે રૂા. ૫,૩૨૪–૦૩નો વધુ ખર્ચ કરવો પડ્યો છે.
૨૬.	યુનિવર્સિટી મુદ્રણાલય — ગ્રેચ્યુઇટી	—	૨,૪૧૦–૧૬	૨,૪૧૦–૧૬	ગ્રેચ્યુઇટી અંગેનો નવો સ્ટેચ્યૂટ કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોવાથી મુદ્રણાલયના કામદારોને હવેથી ગ્રેચ્યુઇટી આપવાની થાય છે તેથી આ મથાળે પ્રથમ વાર આ ખર્ચની જોગવાઈ કરવી પડી, તેને લીધે આ વધારો થયો છે. હવેથી દર વર્ષે આ અંગે જરૂરી જોગવાઈ કરવાની રહેશે.
૨૭.	ભાષા-ભવન — લેખનસામગ્રી તથા મુદ્રણ	૫૦૦–૦૦	૫૦૩–૦૪	૩–૦૪	ખર્ચનો વધારો સામાન્ય છે.
૨૮.	સમાજવિદ્યા ભવન — મુલાકાતી પ્રાધ્યાપકોને વ્યાખ્યાનો અંગેનાં માનદ વેતન, મુસાફરી-ભથ્થાં	૨,૫૦૦–૦૦	૩,૨૭૦–૦૦	૭૭૦–૦૦	મૂળ અંદાજમાં રૂા. ૪,૦૦૦–૦૦ની જોગવાઈ હતી. લેબર વેલ્ફેર અભ્યાસક્રમ અંગે શિક્ષકગણની નિમણૂકો થઈ શકી ન હતી, તેથી મુલાકાતી પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં, તેનાં માનદ વેતનનાં બિલોનાં રૂા. ૨,૯૮૦–૦૦ ચૂકવાયાં, તેથી આ વધારો થવા પામ્યો છે. મૂળ અંદાજના રૂા. ૪,૦૦૦–૦૦ સામે એકંદર ખર્ચ ઓછું છે.

૨૯. સમાજવિદ્યા ભવન — ફર્નિચર તથા સરંજામ	૨,૦૦૦–૦૦	૨,૮૦૫–૮૦	૮૦૫–૮૦	સમાજવિદ્યા ભવનમાં એક ગુજરાતી ટાઇપરાઇટરની જરૂર હતી જે ફાઇનાન્સ કમિટીએ તા. ૭–૧૧–૧૯૬૩ના રોજ ખરીદવાની મંજૂરી આપી તેનું રૂા. ૧,૧૧૬–૯૨ ન.પૈ. બિલ ચૂકવ્યું તેથી આ મથાળે ખર્ચનો વધારો થવા પામ્યો છે. મૂળ અંદાજના રૂા. ૫,૦૦૦–૦૦ કરતાં એકંદર ખર્ચ ઓછો થયો છે.
૩૦. સમાજવિદ્યા ભવન — કન્ટિન્જન્ટ ખર્ચ	૩,૦૦૦–૦૦	૩,૬૦૮–૪૧	૬૦૮–૪૧	કન્ટિન્જન્સી ખર્ચ ખાતામાં કામચલાઉ પટાવાળાઓનો પગાર પણ પાઠવામાં આવે છે તેથી ખર્ચ વધવા પામ્યું છે.
૩૧. સમાજવિદ્યા ભવન—અભ્યાસ-મુલાકાતો, પરિસંવાદ અને પરિષદો	૧,૫૦૦–૦૦	૧,૮૦૮–૭૩	૩૦૮–૭૩	યુનિવર્સિટીએ મંજૂર કરેલ પરિષદો વગેરેમાં અને અગાઉથી મંજૂરી મેળવેલ અભ્યાસ-મુલાકાતો ગોઠવતાં આ ખર્ચ વધવા પામ્યો છે.
૩૨. વિજ્ઞાનવિદ્યા ભવન — કાર્યાલય કર્મચારી વર્ગ — મોંઘવારી તથા બીજાં ભથ્થાં	૨૧,૦૦૦–૦૦	૨૧,૮૪૭–૦૮	૮૪૭–૦૮	રાજ્ય સરકારે મકાન-ભાડા-ભથ્થાં તથા સ્થાનિક વળતર ભથ્થાંના દરમાં વધારો કર્યો તે દર યુનિવર્સિટીએ પણ મંજૂર કર્યો તેથી ખર્ચમાં વધારો થવા પામ્યો છે.
૩૩. વિજ્ઞાનવિદ્યા ભવન — મુલાકાતી પ્રાધ્યાપકોને વ્યાખ્યાનો અંગે માનદ વેતન તથા મુસાફરી-ભથ્થાં	૨,૫૦૦–૦૦	૨,૯૭૬–૦૦	૪૭૬–૦૦	મૂળ અંદાજમાં રૂા. ૬,૫૦૦–૦૦ અંદાજવામાં આવેલા હતા. નવેંબર ૧૯૬૩ના સુધીનો ખર્ચ જોતાં પુનર્નિર્મિત અંદાજ ઘટાડીને રૂા. ૨,૫૦૦–૦૦ કરવામાં આવ્યો હતો. મુલાકાતી પ્રાધ્યાપકોને પહેલી અને બીજી ટર્મનાં વ્યાખ્યાનો અંગેનાં માનદ વેતન વગેરેનાં બિલો ચૂકવવા ખર્ચ વધવા પામ્યું છે. મૂળ અંદાજ રૂા. ૬,૫૦૦–૦૦ના કરતાં એકંદર ખર્ચ ઓછું છે.

૧	૨	૩	૪	૫	૬
૩૪.	વિજ્ઞાનવિદ્યા ભવન — લેખનસામગ્રી તથા મુદ્રણ	૪,૦૦૦–૦૦	૬,૩૨૯–૫૫	૨,૩૨૯–૫૫	ભવનની સ્ટેશનરી વગેરે તથા બીજું છપામણી કામ યુનિવર્સિટી મુદ્રણાલયમાં કરાવ્યું તેના હવાલા નાખતાં આ ખર્ચ મુખ્યત્વે વધવા પામ્યો છે.
૩૫.	વિજ્ઞાનવિદ્યા ભવન — કન્ટિન્જન્ટ ખર્ચ ખાતે	૩,૦૦૦–૦૦	૩,૬૪૬–૬૫	૬૪૬–૬૫	પુનર્નિર્મિત અંદાજ કરતાં આ ખર્ચ વધવા પામ્યું છે પણ મૂળ અંદાજના રૂા. ૬,૦૦૦–૦૦ કરતાં ઓછું છે.
૩૬.	વિજ્ઞાનવિદ્યા ભવન — જાહેરખબર ખર્ચ	૪,૦૦૦–૦૦	૪,૦૮૭–૧૦	૮૭–૧૦	ત્રીજી પંચવર્ષીય યોજના અંગેની મંજૂર થયેલી જગાઓ માટે વખતોવખત જાહેરખબરો આપવાની થઈ તેથી ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૩૭.	વિજ્ઞાનવિદ્યા ભવન—સંશોધનપ્રવૃત્તિ	૪,૦૦૦–૦૦	૪,૩૮૮–૨૦	૩૮૮–૨૦	અગાઉથી મંજૂર થયેલી યોજનાઓ ઉપર ખર્ચ કરવામાં આવ્યો છે. પુનર્નિર્મિત અંદાજ કરતાં વધુ ખર્ચ થયો છે પણ મૂળ અંદાજના રૂા. ૫,૦૦૦–૦૦ કરતાં આ ખર્ચ ઓછો છે.
૩૮.	વિજ્ઞાનવિદ્યા ભવન — વીમા ખર્ચ	૩,૦૦૦–૦૦	૪,૯૬૮–૦૦	૧,૯૬૮–૦૦	વિજ્ઞાનવિદ્યા ભવનના વૈજ્ઞાનિક સાધનસામગ્રી વગેરે વધવાથી "લૂંટ" અંગેના વીમાનું પ્રીમિયમ વધુ આપવાનું થયું તેથી આ ખર્ચ વધવા પામ્યું છે.
૩૯.	વિજ્ઞાનવિદ્યા ભવન — પી.એલ. ૪૮૦ યોજના હેઠળ સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ (સંશોધનખર્ચ)	—	૫,૪૦૦–૦૦	૫,૪૦૦–૦૦	અમેરિકન સરકારની પી.એલ. ૪૮૦ યોજના હેઠળ સંશોધન માટેની ગ્રાન્ટ આવતાં ૧૯૬૪–૬૫માં આવશે અને તે વર્ષમાં ખર્ચ થશે તેવી ધારણા હતી પણ આ યોજના હેઠળ રૂા. ૪૪,૨૫૦–૦૦ ચાલુ વર્ષમાં આવ્યા છે તે સામે આ ખર્ચ કરવામાં આવેલો છે. આ ખર્ચ ગ્રાન્ટમાંથી થયો છે.

૪૦. મનોવિજ્ઞાનવિદ્યા ભવન — માફી તથા ગુણવત્તા શિષ્યવૃત્તિ	૧,૬૦૦–૦૦	૨,૦૭૦–૦૦	૪૭૦–૦૦	ભવનના વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં નિયત ધોરણે માફી તથા ગુણવત્તા શિષ્યવૃત્તિ ચૂકવતાં આ ખર્ચ વધવા પામ્યો છે.
૪૧. મનોવિજ્ઞાનવિદ્યા ભવન — લેખનસામગ્રી અને મુદ્રણ	૨,૦૦૦–૦૦	૨,૬૩૬–૧૬	૬૩૬–૧૬	ભવનની જરૂરિયાત પ્રમાણે પેપર તથા ડુપ્લિકેટ પેપર તથા ડુપ્લિકેટિંગ મશીન અંગેની ગાદી વગેરે ખરીદવાને લીધે આ ખર્ચનો વધારો થવા પામ્યો છે.
૪૨. મનોવિજ્ઞાનવિદ્યા ભવન — કન્ટિન્જન્ટ ખર્ચ	૧,૦૦૦–૦૦	૧,૦૫૧–૦૦	૫૧–૬૪	ખર્ચનો વધારો સામાન્ય છે.
૪૩. મનોવિજ્ઞાનવિદ્યા ભવન — જાહેરખબર ખર્ચ	૨,૦૦૦–૦૦	૨,૦૫૯–૬૨	૫૯–૬૨	ત્રીજી પંચવર્ષીય યોજના અંગેની મંજૂર થયેલી જગ્યાઓ અંગે ફરીને જાહેરખબરો આપવાની થઈ તેથી ખર્ચમાં વધારો થયો છે.
૪૪. ગ્રંથાલય — ટપાલ ખર્ચ	૧,૦૦૦–૦૦	૧,૦૬૨–૦૪	૬૨–૦૪	ગ્રંથાલયની જરૂરિયાત પ્રમાણે ટપાલખર્ચ થયું, તેથી ખર્ચ વધવા પામ્યું છે.
૪૫. બિલ્ડિંગ એક્કા. — યુનિ. કર્મચારી વર્ગનાં મકાન માટે	૮,૦૦૦–૦૦	૧૬,૨૬૭–૦૦	૮,૨૬૭–૦૦	આ મકાનો અંગે ચાલુ વર્ષના રૂા. ૮,૦૦૦–૦૦ની જોગવાઈ સામે કામકાજ પ્રમાણે રૂા. ૧૬,૨૬૭નાં બિલો ચૂકવાયાં છતાં ફાઇનલ બિલો હજુ બાકી રહ્યાં છે. સિન્ડિકેટને તેની તારીખ ૧૧–૬–૧૯૬૪ની સભામાં આ મકાનો અંગે વધુ ખર્ચ થશે તેમ બાંધકામ સમિતિ મારફત જણાવવામાં આવેલ છે. સિન્ડિકેટે તેની આ સભામાં આ બાબત લક્ષમાં લઈને આવતા વર્ષના બજેટમાં જોગવાઈ ન હતી તે સુધારીને રૂા. ૫૪,૦૦૦ની જોગવાઈ કરવાનું ઠરાવ્યું છે.

૧	૨	૩	૪	૫	૬
૪૬.	બિલ્ડિંગ એકા.—વિદ્યાર્થીઓના છાત્રાલયનું મકાન તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયના ગૃહપતિનું મકાન	૧,૩૦,૦૦૦-૦૦	૧,૪૮,૭૦૭-૦૦	૧૮,૭૦૭-૦૦	આ કામ અંગે એકંદરે ખર્ચ વધારાના કામકાજને લીધે વધવા પામેલ છે. રૂા. ૧,૩૦,૦૦૦ના અંદાજ સામે રૂા. ૧,૪૮,૭૦૭-૦૦નાં બિલો કામકાજ સામે ચૂકવાયાં છે. સિન્ડિકેટને આ મકાનો અંગે વધુ ખર્ચ થશે તેમ બાંધકામ સમિતિ મારફત જણાવવામાં આવ્યું છે. સિન્ડિકેટે તેની તા. ૧૧-૬-૧૯૬૪ની સભામાં આ બાબત લક્ષમાં લઈને આવતા વર્ષનો અંદાજ રૂા. ૧૦,૦૦૦ હતો તે વધારીને રૂા. ૧,૨૦,૦૦૦નો મંજૂર કરેલ છે.
૪૭.	બિલ્ડિંગ એકા.—ગ્રંથાલયનું મકાન	૧૦,૦૦૦-૦૦	૧૨,૩૫૩-૦૦	૨,૩૫૩-૦૦	ગ્રંથાલયના નવા મકાન અંગે કુલ રૂા. ૯,૦૦,૦૦૦ના ખર્ચનો અંદાજ છે તે પૈકી પ્લાન્સ વગેરે અંગે ૧૯૬૩-૬૪ના વર્ષમાં રૂા. ૧૦,૦૦૦ ખર્ચ થશે તેમ અંદાજવામાં આવેલ અને રૂા. ૩,૦૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ ૧૯૬૪-૬૫ના વર્ષમાં કરવામાં આવેલ. પ્લાન્સ વગેરેના પ્રિલિમિનરી ખર્ચ અંગે રૂા. ૧૨,૩૫૩-૦૦ ચાલુ વર્ષમાં ચૂકવવાના થયા તેથી રૂા. ૨,૩૫૩-૦૦નો ખર્ચ જે આવતા વર્ષમાં પડત તે ચાલુ વર્ષમાં પડ્યો છે. આવતા વર્ષે તેટલો ખર્ચ પ્લાન્સ વગેરે અંગે ઓછો પડશે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૯

વિજ્ઞાનવિદ્યા ભવનમાં તથા યુનિવર્સિટી ગ્રંથાલય ડિપ્લોમા ઇન સાયન્સ માટે ડેમોન્સ્ટ્રેટર-ઇન-ફિઝિક્સ, ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સ તથા મદદનીશ ગ્રંથપાલ (ટીચિંગ)ની જગ્યા માટે, ઉમેદવારોની મુલાકાત લેવા માટે, સિન્ડિકેટની બનેલી વરણી સમિતિની એક સભા તા. ૧૦-૭-૧૯૬૪ના રોજ ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બી. આઈ. ભાનોટ	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૫. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૬. શ્રી. બદુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર
૭. શ્રી. રણજીતરાય ગં. શાસ્ત્રી	હાજર
૮. શ્રી. જે. જે. દેસાઈ	ગેરહાજર
૯. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૦. ડૉ. વિક્રમભાઈ અં. સારાભાઈ	ગેરહાજર
૧૧. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૨. ડૉ. એન. સી. શાહ	ગેરહાજર
૧૩. શ્રી. હાકોરભાઈ મ. દેસાઈ	ગેરહાજર
૧૪. શ્રી. ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૫. ડૉ. ય. ગુ. નાયક	ગેરહાજર
૧૬. શ્રી. જે. બી. સાવિડલ	ગેરહાજર
૧૭. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૮. શ્રી. એમ. એસ. પંડિત	હાજર.

(અ) ડેમોન્સ્ટ્રેટર-ઇન-ફિઝિક્સ

ડેમોન્સ્ટ્રેટર-ઇન-ફિઝિક્સની એક જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. શાહ એસ. કે.	ગેરહાજર
૨. શ્રી. મજમુદાર એસ. એસ.	હાજર
૩. શ્રી. યાજ્ઞિક સી. એમ.	હાજર
૪. શ્રી. નાયક એસ. બી.	ગેરહાજર
૫. શ્રી. ગોહેલ વી. બી.	હાજર.

નિષ્ણાત તરીકે વિજ્ઞાનવિદ્યા ભવનના રીડર શ્રી. પી. ડી. પાટકની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. ગોહેલ વી. બી.ને ડેમોન્સ્ટ્રેટર-ઇન-ફિઝિકસની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય ઉપર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(ખ) ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિકસ

ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિકસની કાયમી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. શાહ આર. જે.	હાજર
૨. શ્રી. શેઠ આર. જે.	હાજર
૩. શ્રી. પટેલ એસ. બી.	હાજર.

નિષ્ણાત તરીકે વિજ્ઞાનવિદ્યા ભવનના પ્રોફેસર શ્રી. પી. સી. વૈદ્યની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. શેઠ આર. જે.ને અને જો તે ના પાડે તો શ્રી. પટેલ એસ. બી.ને ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિકસની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

(ક) મદદનીશ ગ્રંથપાલ (ટીચિંગ)

યુનિવર્સિટી ગ્રંથાલયમાં ડિપ્લોમા ઇન લાયબ્રેરી સાયન્સ માટે મદદનીશ ગ્રંથપાલ (ટીચિંગ)ની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રીમતી ઠાકોર ઉષા બી.	હાજર
૨. શ્રી. ગાંધી આર. એસ.	હાજર
૩. શ્રી. જોશી ડી. વી.	હાજર
૪. શ્રી. ફૂલશેરસ્થા આર. બી.	હાજર
૫. શ્રી. યોદ્ધ એસ. એન.	હાજર.

નિષ્ણાત તરીકે હાલના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. આર. એસ. ગાંધીને મદદનીશ ગ્રંથપાલ (ટીચિંગ)ની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૨૦થી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઇ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૫૦

તા. ૭-૭-૧૯૬૪ના રોજ ફાઇનાન્સ સમિતિની મળેલ સભાની સિન્ડિકેટને ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસ માટે નીચે પ્રમાણેના જુદી જુદી જાતના કાગળોનાં આવેલ ટેન્ડરો તથા તેની સાથેના નમૂનાઓ જોઈને તે સામે જણાવેલા વેપારી પાસેથી ખરીદવા.

નં.	વેપારીનું નામ	માલની જાત	સાઈઝ	વજન	ખરીદવાનો જથ્થો	મંજૂર થયેલા ભાવ
૧.	મે. આર. ઓચ્છવલાલ એન્ડ કું., અમદાવાદ	સફેદ બૅંકપોસ્ટ	૪૫·૫×૫૮·૫	૬·૪ કિલો.	૩૦ રીમ રૂા. ૧૩–૫૦	એક રીમના+સેલ્સ ટેક્ષ
૨.	,, ,, ,,	રંગીન ,,	,, ,,	,,	૨૦ ,, રૂા. ૧૪–૦૦	,, + ,,
૩.	,, ,, ,,	મેનીફોલ્ડ	,, ,,	,,	૧૫ ,, રૂા. ૧૬–૦૦	,, + ,,
૪.	,, ,, ,,	,, ,,	૪૩·૦૦×૬૯·૦૦	—	૨૫ ,, રૂા. ૧૬–૦૦	,, + ,,
૫.	મે. મહાદેવ ગંગાપ્રસાદ, અમદાવાદ	ડબલ ફૂલ્સ્કેપ ક્રીમ લેડ	૪૨·૦૦×૬૭·૦૦	૮·૨ કિલો.	૫૦૦૦ ,, રૂા. ૧૫–૮૨	નેટ (અઢી-દોઢ ટકો ડિસ્કાઉન્ટ સાથે વેપારીની શરત પ્રમાણે)
૬.	મે. શ્રીપત ગોરધનદાસ એન્ડ સન્સ, અમદાવાદ	ફૂલ્સ્કેપ કવર પેપર	૪૨·૦૦×૬૭·૦૦	૧૨·૭ કિલો.	૨૫ ,, રૂા. ૨–૧૩	એક કિલોના + સેલ્સ ટેક્ષ
૭.	,, ,, ,,	સફેદ પોસ્ટકાર્ડ	૫૭·૦૦×૭૨·૫	૧૨·૭ કિલો.	૧૫ ગ્રોસ રૂા. ૨–૧૫	,, + ,,

૮. મે. હરિકૃપા પેપર કું., અમદાવાદ	ડ્રોઇંગ પેપર	૫૬·૦૦×૭૬·૦૦ ૨૦ કિલો.	૧૫ રીમ રૂા. ૪૨–૯૯	એક રીમના +	સેલ્સટેક્ષ
૯. ,, ,, ,,	એકાઉન્ટ પેપર	૭૧·૦૦×૮૬·૪૨૩·૬–બી કિલો.	૧૫ ,, રૂા. ૫૮–૨૪	,, +	,,
૧૦. ,, ,, ,,	સ્ટ્રો બોર્ડ	૬૫·૦૦×૭૭·૫ ૬ ઔંસ	૨૫ પૅકેટ રૂા. ૨૫–૫૦	પૅકેટના +	,,
૧૧. મે. એન. દેસાઈ ઍન્ડ કું., અમદાવાદ	ક્રાફ્ટ પેપર	૯૧·૦૦×૧૧૭·૦૦ ૨૯ કિલો.	૨૦ રીમ રૂા. ૫૮–૦૦ +	સેલ્સટેક્ષ	
* ૧૨. મે. નેશનલ સ્ટેશનરી માર્ટ, મુંબઈ	આર્ટ પેપર	૫૮·૫×૯૧·૪ ૨૨·૭ કિલો.	૫ ,, રૂા. ૮૮–૮૮	એક રીમના +	,, એફ.ઓ.આર., અમદાવાદ.
૧૩. ,, ,, ,,	ફોરેન આઈવરી કાર્ડ	૫૬·૦૦×૭૧·૦૦ ૧૨·૭ કિલો.	૫ ગ્રોસ રૂા. ૧૪૩–૯૦	એક ગ્રોસના +	,, એફ.ઓ.આર., અમદાવાદ.

* મુંબઈના આ વેપારીએ ડિપોઝિટ ભરેલ નથી, તો ડિપોઝિટ ભર્યા પછી ઑર્ડર આપવો.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં નવા થયેલા વિજ્ઞાનવિદ્યા ભવનનાં મકાનો અને સેનેટ હૉલ માટે નીચે મુજબ ઇલેક્ટ્રિક ફીટિંગ્સો ખરીદવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

નં. ડિપાર્ટમેન્ટનું નામ	સિલિંગફૅન	ટ્યૂબલાઈટ	એકઝોસ્ટ ફૅન	ઇલે. ઘડિયાળો	લાઈટના ગોળાઓ
૧. ફિઝિક્સ વિભાગ	૨૭ નંગ	૬૦ નંગ	૧ નંગ	૧ નંગ	૬૦ નંગ
૨. કેમિસ્ટ્રી વિભાગ	૪૧ નંગ	૧૭૩ નંગ	૧૫ નંગ	૭ નંગ	૧૨૦ નંગ
૩. બોટેની વિભાગ	૬૩ નંગ	૧૧૫ નંગ	૨ નંગ	૩ નંગ	૧૨૦ નંગ
૪. ગણિત વિભાગ	૪ નંગ	—	—	—	—
૫. સેનેટ હૉલ	—	૨૫ નંગ	—	—	—

ઉપરની જરૂરિયાતો ફરીથી તપાસી જઈ ઉપકુલપતિશ્રીની મંજૂરી લઈ ઑર્ડર મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, નીચેનાં ફિટિંગ્સો મે. વેસ્ટર્ન ઇન્ડિયા પ્રો. સિન્ડિકેટ પ્રા. લિ. પાસેથી ગવર્નમેન્ટ રેઈટ કૉન્ટ્રેક્ટ મુજબ ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. કેસલ સિલિંગ ફૅન રેગ્યુલેટર સાથે, ૫૬" સાઈઝ — ૧૩૫ નંગ

૨. ટ્યૂબ લાઈટો, ચોક, સ્ટાર્ટર, હોલ્ડર, કન્ડેન્સર સાથે કંપલીટ — ૩૭૩ નંગ

૩. ટ્યૂબ લાઈટ — ૩૭૩ નંગ રેઈટ — કોન્ટ્રેક્ટ પ્રમાણેના દર વત્તા એક ટકો

૪. લાઈટના ગોળા — ૩૦૦ નંગ ,, ,, ,, ,, ,, ,,

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એકઝોસ્ટ ફૅન તથા ઇલેક્ટ્રિક ઘડિયાળો રેઈટ કૉન્ટ્રેક્ટ મુજબ મળતાં ન હોવાથી તે માટે ફરીથી ભાવો મંગાવી આ બાબત આ સમિતિ સમક્ષ રજૂ કરવી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૫૪

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ પ્રમાણે પરીક્ષાઓ શરૂ થવાની તારીખ	કાર્યાલયના સૂચન મુજબની તારીખ
૧.	પ્રી-યુનિ. આર્ટ્સ (એકસ્ટર્નલ)	૧૨-૧૦-૧૯૬૪	૨૩-૧૦-૧૯૬૪
૨.	પ્રથમ વર્ષ બી.એ. (,,)	૧૯-૧૦-૧૯૬૪	૨૩-૧૦-૧૯૬૪
૩.	બી.કૉમ.	૧૯-૧૦-૧૯૬૪	૧૯-૧૦-૧૯૬૪
૪.	બી.એસસી. (સપ્લિ.)	૫-૧૦-૧૯૬૪	૨૩-૧૦-૧૯૬૪
૫.	પીએચ.ડી. (ફ્રેન્ચ અને જર્મન ટ્રાન્સલેશન)	૧૨-૧૦-૧૯૬૪	૨૩-૧૦-૧૯૬૪
૬.	બી.ઈ. (સી., એમ. એન્ડ ઈ.)	૧૯-૧૦-૧૯૬૪	૧૬-૧૦-૧૯૬૪
૭.	પ્રથમ એલએલ.બી.	૧૨-૧૦-૧૯૬૪	૧૬-૧૦-૧૯૬૪
૮.	બીજી એલએલ.બી.	૧૨-૧૦-૧૯૬૪	૧૬-૧૦-૧૯૬૪
૯.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૧૯-૧૦-૧૯૬૪	૨૩-૧૦-૧૯૬૪
૧૦.	પ્રથમ એમ.બી.,બી.એસ.	૯-૧૦-૧૯૬૪	૯-૧૦-૧૯૬૪
૧૧.	બીજી એમ.બી.,બી.એસ.	૯-૧૦-૧૯૬૪	૯-૧૦-૧૯૬૪
૧૨.	ત્રીજી એમ.બી.,બી.એસ.	૯-૧૦-૧૯૬૪	૯-૧૦-૧૯૬૪
૧૩.	પ્રથમ બી.ડી.એસ.	૫-૧૦-૧૯૬૪	૯-૧૦-૧૯૬૪
૧૪.	બી.ફાર્મ.	૧૨-૧૦-૧૯૬૪	૧૨-૧૦-૧૯૬૪
૧૫.	એમ.ડી.		
૧૬.	એમ.એસ.		
૧૭.	બી.એસસી. (મેડ.)		
૧૮.	એમ.એસસી. (મેડ.)		
૧૯.	ડી.એ.		
૨૦.	ડી.ઓ.એમ.એસ.	૫-૧૦-૧૯૬૪	૫-૧૦-૧૯૬૪
૨૧.	ડી.પેડ.		
૨૨.	ડી.વી. ઍન્ડ ડી.		
૨૩.	ડી.જી.ઓ.		
૨૪.	ડી.એમ.આર.ઈ.		
૨૫.	ડી.એલ.ઓ.		
૨૬.	પ્રથમ બી.એ.એમ.એસ.		
૨૭.	બીજી બી.એ.એમ.એસ.	૯-૧૦-૧૯૬૪	૯-૧૦-૧૯૬૪
૨૮.	ત્રીજી બી.એ.એમ.એસ.		

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૬૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૬-૭-૧૯૬૪ને સોમવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૪. શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	હાજર
૬. શ્રી. એલ. બી. જસાણી	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૭-૪-૧૯૬૪ની કાર્યવાહી મંજૂર કરવા બાબત

બાંધકામ સમિતિની તા. ૨૭-૪-૧૯૬૪ની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં વધારાની સવલતો—જેવી કે, લાકડાની છાજલીઓ, વૉશબેસિન, કૂકિંગ પ્લેટફૉર્મ, કિચનમાં અડધું જાળીવાળું કબાટ—પૂરી પાડવા અંગેનાં ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં વધારાની સવલતો—જેવી કે, લાકડાની છાજલીઓ, વૉશબેસિન, કૂકિંગ પ્લેટફૉર્મ, કિચનમાં અડધું જાળીવાળું કબાટ વગેરે—પૂરી પાડવા માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી શ્રી. હરિભાઈ રતનાભાઈનું રૂા. ૧૮,૬૯૦·૨૫ ન.પૈ. (દરેક આઇટેમમાંથી પાંચ ટકા બાદ)નું ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. વિજ્ઞાનવિદ્યા ભવનમાં કેમિસ્ટ્રી વિભાગમાં ગેસના ડિસ્ટ્રિબ્યુશન માટે "બી" ક્લાસ ગેલ્વેનાઇઝ્ડ પાઇપ લાઈનો નાખવા અંગેનું ટેન્ડર ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનમાં કેમિસ્ટ્રી વિભાગના મકાનમાં ગેસના ડિસ્ટ્રિબ્યુશન માટે "બી" ક્લાસ ગેલ્વેનાઇઝ્ડ પાઇપ લાઈનો નાખવા અંગેનું ટેન્ડર ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવી.

૪. યુનિવર્સિટી હૉસ્ટેલમાં છાપરું ઊડી ન જાય તે માટે સુપરિ. ઇજનેર શ્રી. જસાણીની સલાહ પ્રમાણે તાણિયા અને જાળિયા વગેરેના કામ માટે મંગાવેલ ટેન્ડર્સ તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી હૉસ્ટેલમાં બાપરું ઊડી ના જાય તે માટે સુપરિ. ઇજનેર શ્રી. જસાણીની સલાહ પ્રમાણે જાળિયા તથા તાણિયા વગેરેના કામ માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર શ્રી. મહાશક્તિ કન્સ્ટ્રક્શન વર્કર્સનું રૂા. ૩,૩૪૪નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. હેલ્થ સેન્ટરના મકાન પાસે સફાઈ કામદારનું એક રહેઠાણ બાંધવાની ચીફ મેડિકલ ઑફિસરની માંગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવી.

૬. "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના ઓકને ઢાંકવાના સ્લેબ અંગેના કામમાં વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના ઓકને ઢાંકવાના સ્લેબ અંગેના કામમાં આ સાથેની યાદી મુજબના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭. કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મે. આર્યોન એન્જિનિયર્સની અરજી પરત્વે પુનઃ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અરજી ફાઈલ કરવી.

૮. ઝૂલોજીના મકાન માટે નવા સ્થપતિની નિમણૂક કરવા બાબત.

આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઝૂલોજીના માટે સ્થપતિ તરીકે શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. (શ્રી. કસ્તૂરભાઈએ આ બાબત અંગે પોતે સંમત નથી એમ જણાવ્યું છે. આર્કિટેક્ચરની દૃષ્ટિએ આટલું કામ સ્થપતિ શ્રી. દોશીને આપવું એવો એમનો મત છે.)

૯. સેનેટ હૉલ માટે નીચેના સભાગૃહમાં બેઠકો માટે ખુરશી નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ હૉલ માટે નીચેના સભાગૃહમાં મે. પેન વર્કસ, મુંબઈ પાસેથી પુરાવેક ખુરશીના આવેલા નમૂનાઓ તપાસી તેમાં થોડી વધુ પહોળી કરાવી ખરીદવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ ખુરશીની કિંમત વગેરે નક્કી કરવા અંગેની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં વૉટરપ્રૂફિંગ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓની હૉસ્ટેલના મકાનમાં ટેરેસના ધાબા પર વૉટરપ્રૂફિંગ કરવા અંગે સ્થળ પર જઈને તપાસ કરીને યોગ્ય કરવા સુપરિ. ઇજનેર શ્રી. જસાણીને વિનંતી કરવી, તથા તે સમયે કૉન્ટ્રાક્ટર તથા સ્થપતિને હાજર રાખવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, શ્રી. જસાણીની સલાહ લઈને યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. સાયન્સ બિલ્ડિંગની લેબોરેટરીમાં સ્વાન નેકના થ્રી વે કૉક ફીટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેબોરેટરીના થ્રી વે કૉક મે. શાહ એન્ડ પટવા પાસે તેમના ટેન્ડર રેઇટથી ફીટ કરાવવા.

૧૨. ફિઝિકસ રિસર્ચ લેબોરેટરીથી સ્ટાફ કવાર્ટર્સના રોડમાં ઈંટોની ફિલંગ બન્ને બાજુએ કરવાના કામકાજનો દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રોડની બન્ને બાજુ ૪½" જાડા ૨'-૦" પહોળા ઈંટોના શોલ્ડર્સ કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. "સી" ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સમાં વધારાની સગવડો પૂરી પાડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "સી" ટાઇપના સ્ટાફ કવાર્ટર્સમાં નીચેની સવલતો આપવા તથા તે માટેનું અંદાજી ખર્ચ રૂા. ૨,૦૦૦·૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧. કીચન તથા રૂમોમાં કબાટને સ્થાને કોલામાં તથા અભરાઈ માટે ૭૦ ફૂટ પાટિયાં.
૨. બે યુનિટ વચ્ચે એક ચોકડી તથા નળ.

૧૪. "બી" ટાઇપના સ્ટાફ કવાર્ટર્સમાં વધારાના આળકૂવા તથા ડ્રેનેજ લાઈનના કામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "બી" ટાઇપના સ્ટાફ કવાર્ટર્સમાં આળકૂવા ઊભરાતા હોવાથી બીજા બે આળકૂવા (Soak Pits) બાંધવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. વિજ્ઞાનવિદ્યા ભવનમાં બોટેની, ફિઝિકસ તથા કેમેસ્ટ્રી વિભાગનાં મકાનોમાં ભોંયરામાં જવાના રસ્તા પર દાદરમાં રોલિંગ શટર ફિટ કરવા અંગેનો ભાવ મંજૂર કરવા બાબત. (કૉન્ટ્રાક્ટરની માંગણી ફિટ કરવા સાથે રૂા. ૭·૦૦ ચો. ફૂટ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવન અને બોટેની, ફિઝિકસ અને કેમિસ્ટ્રી વિભાગનાં મકાનોમાં ભોંયરામાં જવાના રસ્તા પર દાદરમાં રોલિંગ શટર ફિટ કરવા માટેનો રૂા. ૭·૦૦ ચો. ફૂટનો કૉન્ટ્રાક્ટર મે. શાહ એન્ડ પટવાનો ભાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે રોલિંગ શટરનો ગેજ ૨૨ ગેજનો રાખવો.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી.

૧૬. ટીચર્સ હૉસ્ટેલના આલેખો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલના આલેખોમાં સ્ટેરકેઇસનો ભાવ મુખ્ય મકાનમાં આવી જાય તેવી રીતે ફરીથી આલેખો બનાવીને સભાગૃહ સમક્ષ રજૂ કરવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ હૉસ્ટેલ માટે કિચન બ્લૉક તથા રીડિંગ રૂમની વ્યવસ્થા કરવી તથા તેના માટેના આલેખો બનાવવા સ્થપતિને જણાવવું.

યાદી

Sr. No.	*Item*		*Sanctioned Rate Rs. nP.*
1.	Demolition of 4½" Parapet Brick Masonry	..	0·12 Per Sft.
2.	Construction of 4½" B. K. Wall in 1:6 Cement Mortar	..	50·00 Per Sft.
3.	Cantilever R.C.C. (1:2:4) Slab	..	Not to be treated as extra item.
4.	Immediate Top finish on slab—in Cement Mortar—1:2 proportion.	..	20·00 Per % Sft.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 381-350-8-64

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની સને ૧૯૬૪ના ઑગસ્ટ માસની સભા શનિવાર, તા. ૮-૮-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૯-૮-૧૯૬૪ના રોજ પણ સવારના ૯-૦૦ વાગ્યેથી ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૮-૮-૧૯૬૪	તા. ૯-૮-૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. ફ. જ. બાદલાણી, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩. આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૪. ડૉ. જે. જે. ત્રિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫. આચાર્ય ત્રિભનભાઈ જે. પટેલ	હાજર	હાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર.

૧. તા. ૧૧-૭-૧૯૬૪ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૧-૭-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની જુલાઈ માસની સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ચાલુ વર્ષે દિવાળીના તહેવારો તા. ૪થી અને ૫મી નવેંબર ૧૯૬૪ના રોજ આવતા હોવાથી ઓ. ૭૫ અન્વયે ચાલુ સાલ પૂરતા સત્રોના દિવસોમાં ફેરફાર કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન દિવાળીની રજાઓ તા. ૪થી અને ૫મી નવેંબરના રોજ આવતી હોવાથી બીજા સત્રનો પ્રારંભ તા. ૭મી નવેંબર ૧૯૬૪ના રોજથી ગણવાનું રાખવું.

૩. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાને જૂન ૧૯૬૪થી આપવાના જોડાણ માટે મૂકેલી શરતોના પાલન અંગેના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) છાત્રાલયની શરત અંગે કૉલેજ જણાવે છે કે જ્યારે કૉલેજ શરૂ થઈ ત્યારે સાત વિદ્યાર્થીઓ હતા. ૧૯૬૨-૬૩માં ત્રણ વિદ્યાર્થીઓ હતા, તેથી ચાલુ સાલે છાત્રાલય શરૂ કર્યું નથી.

(૨) પુસ્તકો માટેના રૂા. ૭,૦૦૦ના ખર્ચ અંગે કૉલેજ જણાવે છે કે આ કૉલેજનું સંચાલન મ્યુનિસિપાલટી કરતી હોઈ રૂા. ૬,૦૦૦નાં ટેન્ડર મંગાવ્યાં છે તે મંજૂર થયે ઑર્ડર મૂકવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, છાત્રાલય અંગે તેમ જ પુસ્તકોની ખરીદી અંગેની શરતોનું યથાર્થ પરિપાલન કરવું આવશ્યક છે, અને તે ન થાય ત્યાં સુધી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવાનું બની શકશે નહિ, તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને સદરહુ કૉલેજમાં ચાલુ રાખી શકાશે નહિ.

૪. ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટામાં લેક્ચરરો તરીકે નિમાયેલા નીચેના શિક્ષકોની નિમણૂકો માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	ઊણપો
(૧)	શ્રી. કે. સી. જોશી	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	એક વર્ષનો ટ્યૂટરનો અનુભવ ખૂટે છે.
(૨)	શ્રી. એ. પી. પંડ્યા	કૉમર્સના વ્યાખ્યાતા	બે વર્ષનો ટ્યૂટર તરીકેનો જરૂરી અનુભવ નથી.
(૩)	શ્રી. બી. એ. પટેલ	એકાઉન્ટસીના વ્યાખ્યાતા	બે વર્ષનો ટ્યૂટર તરીકેનો જરૂરી અનુભવ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના શિક્ષકોની નિમણૂકો માન્ય કરવી નહિ, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, ચાલુ સત્રના અંત સુધીમાં ઉપરની જગ્યાઓ પર યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે નહિ તો જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવાનું બની શકશે નહિ, તથા બીજા સત્રમાં વિદ્યાર્થીઓને સદરહુ કૉલેજમાં ચાલુ રાખી શકાશે નહિ.

૫. વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરાના પરિશયનના વ્યાખ્યાતા પરદેશ જતા હોઈ તે વિષયનું શિક્ષણકાર્ય ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રાધ્યાપક શ્રી. એમ. એફ. કુરેશીને સોંપવા અંગેની મંજૂરી માટે બીલીમોરા કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. કુરેશી ગાર્ડા કૉલેજમાં પૂરા સમયના શિક્ષક છે, તેથી ઑર્ડિ. ૧૨૦-એ પ્રમાણે બીલીમોરા કૉલેજમાં ચાર પીરિયડનું નિયમ મુજબ કરતાં વધારાનું શિક્ષણકાર્ય થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી માન્ય કરવી નહિ.

૬. "Welfare of Tribes and Denotified Communities" પર રાષ્ટ્રીય પરિસંવાદ ભોપાલ ખાતે તા. ૧૭થી ૨૦મી ઑગસ્ટ ૧૯૬૪ દરમિયાન યોજાનાર હોઈ આ પરિસંવાદમાં, યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા ઇન્ડિયન કૉન્ફરન્સ ઑફ સોશિયલ વર્કના સહઅધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૭મી જુલાઈ ૧૯૬૪ના પત્રાંક ૩૨૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૭. ગુજરાત ગણિતમંડળના આશ્રયે અખિલ ગુજરાત ગણિતશાસ્ત્રની પ્રથમ પરિષદ તા. ૨૨/૨૩-૮-૧૯૬૪ના રોજ ભાવનગર મુકામે મળનાર હોઈ, મજકૂર પરિષદમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનના ગણિતશાસ્ત્રના શિક્ષકોની પ્રતિનિધિઓ તરીકે નિમણૂક કરવા ગુજરાત ગણિતમંડળની સ્વાગતસમિતિના સ્થાનિક મંત્રીશ્રીના તા. ૧૧-૭-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભવનના ગણિતશાસ્ત્રના એક શિક્ષકને મોકલવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮. ડૉ. વિક્રમ સારાભાઈએ તેમના તા. ૨૦-૭-૧૯૬૪ના પત્રથી મોકલાવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

ઠરાવ

"Resolved that the Committee for studying mal-practices in examinations be requested to examine all aspects of the question arising from the high rate of failure in some papers in the Pharmacy Examinations conducted by the University in 1964 in order to ascertain if mal-practices have been practiced by the involved paper-setters and examiners. The Committee may also kindly report to the Syndicate measures which may be taken in future to prevent mal-practices of similar nature if these are proved to have occurred."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત યોગ્ય લાગે તે રીતે તપાસ કરવા માટે તથા વિદ્યાર્થીઓના ઉત્તરપત્રોનું સમાન ધોરણે ગુણાંકન કરવામાં આવ્યું છે કે કેમ તે તપાસવા માટે, જરૂર જણાય તો બહારના નિષ્ણાતોની મદદ લેવાની **સત્તા સાથે, પરીક્ષા શુદ્ધિસમિતિને મોકલી આપવી.**

આ પછી સભાગૃહની સંમતિથી બાબતો ક્રમાંક ૩૫ અને ૫૯ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૫. (૧) એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ ફાર્મસીની પરીક્ષાઓમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની ઑક્ટોબરમાં ખાસ કેસ તરીકે પરીક્ષા આપવા દેવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે તેના અનુસંધાનમાં તેવા વિદ્યાર્થીઓને ઓ. ૩૦૧-ઈ અને ૩૦૧-એચ મુજબ સત્રો ભરવાં જરૂરી છે, પણ આવા વિદ્યાર્થીઓને સત્રો રાખ્યા વગર મજકૂર પરીક્ષાઓમાં બેસવા દેવા અંગેના ડીન શ્રી. ટી. બી. પટેલના મંતવ્ય પર વિચારણા કરવા બાબત.

(૨) કૉલેજ તરફથી જે તે પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને અપાયેલ સેશનલ ગુણ કેરી ફૉરવર્ડ ન કરતાં પૂરા ૧૦૦ ગુણની લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓ યોજવા અંગેના શ્રી. આઈ. એમ. નાણાવટીના તા. ૨૭-૭-૧૯૬૪ના પત્ર દ્વારા કરાયેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ફાર્મસી કૉલેજના આચાર્યશ્રીએ જણાવ્યું છે કે ચાલુ સત્રમાં ઓછામાં ઓછી ત્રણ કસોટી પરીક્ષાઓ યોજવી શક્ય નથી.)

અને

૫૯. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ એસ. ઈ. (સિવિલ) અને એસ. ઈ. (મિકે. અને ઇલે.) પરીક્ષાઓનાં પરિણામો અંગે પુનર્વિચારણા કરવા અંગે ડૉ. જિતેન્દ્ર દેસાઈ તરફથી આવેલ તા. ૧-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આગામી ઑક્ટોબર માસમાં લેવાનાર ફાર્મસીની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ એક્સ-વિદ્યાર્થીઓ તરીકે બેસે તેમને માટે નવું સત્ર ભરવું આવશ્યક ગણવું નહિ, પરંતુ તેમની પ્રગતિથી આચાર્યને સંતોષ છે એવું પ્રમાણપત્ર મળેથી તેમને પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી ઑક્ટોબર માસમાં લેવાનારી ફાર્મસીની પરીક્ષાઓમાં એક્સ-વિદ્યાર્થી તરીકે બેસનાર વિદ્યાર્થીઓને તેમની ગયા વર્ષે લેવાયેલી "સેશનલ" પરીક્ષાના ગુણાંક ચાલુ રાખવા માટે તેઓ ઇચ્છતા હોય તો ચાલુ રાખવાની પરવાનગી આપવી; અગર જે વિદ્યાર્થીઓ ગયા વર્ષે લેવાયેલ "સેશનલ" પરીક્ષાના પોતાના ગુણાંક ચાલુ રાખવા ના ઇચ્છતા હોય તેમની બે "સેશનલ" પરીક્ષાઓ લઈને ગુણાંક આપવા માટે આચાર્યને જણાવવું.

ચર્ચા-વિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે, એક અથવા બે 'હેડ' (ટોટલ સુદ્ધાંત)માં નાપાસ થનાર વિદ્યાર્થીને એકંદરે ૧૦ માર્ક સુધી અને બધા વિષયમાં પાસ થનાર પણ કેવળ ટોટલમાં નાપાસ થનારને ૧૫ માર્ક સુધી ઉમેરી આપવા, અને ત્યારબાદ 'કૉ-ઑર્ડિનેશન'ના જે લાભો મળતા હોય તે આપી પરિણામ જાહેર કરવાં.

૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેર-વાજબી ઇલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૮-૭-૧૯૬૪ના રોજ સાંજે ૪-૦૦

વાગ્યે યુનિવર્સિટી કાયાલયમાં મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૮-૭-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો આ સાથે બીડવામાં આવી નથી.)

૧૦. તા. ૨૮-૧-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ મુજબ એપ્રિલ ૧૯૬૩માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ પરીક્ષાર્થી શ્રી. ચંદ્રવદન રમણલાલ ભટ્ટ બાબતમાં કૉલેજના આચાર્યશ્રીએ તપાસ કરી જણાવવા પત્ર લખેલ તે અંગે કૉલેજના આચાર્યશ્રીનો જવાબ આવેલ છે તે જોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીનું ડિગ્રી સર્ટિફિકેટ અટકાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. આ યુનિવર્સિટીની ડિપ્લોમા-ઇન-લાયબ્રેરી સાયન્સની પરીક્ષા માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક કરવા માટે પ્રાશ્નિક-પરીક્ષકોની લાયકાતનું ધોરણ નક્કી કરવા બાબત.

(નોંધ.—લાયકાતનું સૂચિત ધોરણ નીચે પ્રમાણે છે:

Diploma in Library Science Examination

No person shall ordinarily be recommended for appointment as Paper-setter or an Examiner in Diploma in Library Science Examination unless he holds a Bachelor Degree with a degree or a Diploma in Library Science of any recognised University or he has at least ten years' experience as the Head of a Library of the status of a State, University, Central or a big Public Library and five years' experience in the technique of Library Management in a library of adequate standard and status.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૧૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૬-૧૯૬૪ની સભાની ભલામણો ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સર્વશ્રી મિશ્ર અને નાગરની પીએચ.ડી.ની પદવી માટે માર્ગદર્શન આપવા માટે માન્યતા આપવા સારુ કરવામાં આવેલી અરજીઓ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે પાછી મોકલવી, તથા સદરહુ બોર્ડની ભલામણ નં. ૧૧માં જણાવેલ સેમિનારની યોજનાનો અમલ ૧૯૬૫થી કરવાનું રાખ્યું, તે સુધારા સાથે સદરહુ બોર્ડની તા. ૧૯-૬-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૯-૬-૧૯૬૪ની ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૩. સેનેટે તેની તા. ૨૫-૩-૧૯૬૪ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટેન્ચ્યૂટ ૧૨૮ પરત્વે રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨-૬-૧૯૬૪થી જે સમિતિ નીમી હતી તે સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિનો રિપોર્ટ મંજૂર કરવો તથા તે પ્રમાણે સ્ટે. ૧૨૮ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

(સદરહુ સમિતિનો રિપોર્ટ પરિશિષ્ટ "બ" તરીકે આપેલ છે.)

૧૪. શામળદાસ કૉલેજ, ભાવનગરમાં આપવામાં આવેલ એમ.એ. પહેલી ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી' વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રો. શ્રી. બી. એમ. ભટ્ટની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા બાબતની તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. બી. એમ. ભટ્ટની નિમણૂક કરવી.

૧૫. બી.એ.ની પરીક્ષામાં ગૃહવિજ્ઞાનનો વિષય લઈ બેઠેલ વિદ્યાર્થિનીઓમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી સાંકુબેન બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" આપવા માટેનું રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગેની વિનંતી કરતા તા. ૭-૭-૧૯૬૪ના શ્રી. ગોરધનદાસ બાલુભાઈના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દાનનો સાભાર સ્વીકાર કરવો, અને સુવર્ણચંદ્રક આપવા માટેના નિયમો ઘડીને રજૂ કરવા.

૧૬. ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં મેડિસિનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને 'ડૉ. હરિશ્ચંદ્ર એસ. ખંડેરિયા સુવર્ણચંદ્રક' તથા બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં ફાર્માકોલોજીના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ઉપરોક્ત નામનું એક પારિતોષિક આપવા માટે રૂા. ૬,૬૦૦નું દાન સ્વીકારવા અંગેની વિનંતી કરતા ડૉ. શ્રીમતી શારદા એચ. ખંડેરિયાના તા. ૬-૭-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષામાં મેડિસિનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ડૉ. હરિશ્ચંદ્ર એસ ખંડેરિયા સુવર્ણચંદ્રક આપવા માટેનું રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારી શકાશે, પરંતુ બીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષાના ફાર્માકોલોજીના વિષયમાં વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પારિતોષિક આપવા માટે બાકીની રકમ ઓછી હોઈ તેનો સ્વીકાર કરી શકાશે નહીં, એમ ડૉ. શ્રીમતી શારદા એચ. ખંડેરિયાને જણાવવું.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. વી. એમ. વ્યાસનો અજમાયશી સમય તા. ૧૦-૯-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગા પર તા. ૧૧-૯-૧૯૬૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. વી. એમ. વ્યાસનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. વ્યાસને હેડક્લાર્કની જગા પર તા. ૧૧-૯-૧૯૬૪થી કાયમ કરવા.

૧૮. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં આર્ટિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. બી. વાળંદનો અજમાયશી સમય તા. ૪-૯-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૫-૯-૧૯૬૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એસ. બી. વાળંદનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. વાળંદને વિજ્ઞાનવિદ્યા ભવનમાં આર્ટિસ્ટ તરીકે તા. ૫-૯-૧૯૬૪થી કાયમ કરવા.

૧૯. ભાષા-ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી. પી. બી. પંડિત તા. ૩૧-૩-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ ભવનમાં તા. ૯-૭-૧૯૫૬થી જોડાયા હતા અને તા. ૩૧-૩-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પી. બી. પંડિતને તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૦. ભાષા-ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી. પી. બી. પંડિત તા. ૩૧-૩-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-એ પ્રમાણે તેઓને ગ્રેચ્યુઇટી આપવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૯-૭-૧૯૫૬થી ભવનમાં જોડાયા હતા અને તા. ૩૧-૩-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પી. બી. પંડિતને તેમના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૨૧. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક વિનયન વિદ્યાશાખા-૧૯૬૪ના વર્ષ માટે આપવા બાબતમાં સંશોધનો વગેરે તપાસી સુવર્ણચંદ્રક માટે લાયક વ્યક્તિનો નિર્ણય કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૦-૧૯૬૩ની સભામાં નીમેલી સમિતિ પર કામ કરવા માટે અશક્તિ દર્શાવતા તા. ૨૪-૬-૧૯૬૪ના પ્રો. એમ. બી. દેસાઈના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર પ્રો. એમ. બી. દેસાઈની જગાએ પ્રો. જી. સી. [illegible]ની નિમણૂક કરવી.

૨૨. સિન્ડિકેટની તા. ૧૧-૬-૧૯૬૪ની સભામાં ઑ. ૧૩૫-એ સુધારવા માટે નિયુક્ત સમિતિની તા. ૧૦-૭-૧૯૬૪ના રોજ મળેલી સભામાં સુધારેલા ઑર્ડિનન્સને મંજૂર કરવા બાબત તથા સમિતિના કામકાજની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો ઑર્ડિ. ૧૩૫-એ મંજૂર કરવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(સિન્ડિકેટે નિયુક્ત કરેલ સમિતિની સદરહુ નોંધ તથા સુધારેલા ઑર્ડિ. ૧૩૫-એની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૩. ચાલુ વર્ષે કૉલેજની વિદ્યાર્થિનીઓને તથા એન.સી.સી.માંથી મુક્તિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર અને શુશ્રૂષાશાસ્ત્રની તાલીમ આપવા માટે ગોઠવાતાં વ્યાખ્યાનો અંગે થતા ખર્ચ પેટે ગ્રાન્ટ આપવા અંગે વિચારણા કરવા બાબત તથા તે અંગે જરૂરી રકમ મંજૂર કરવા અને કૉલેજને આપવાની વધુમાં વધુ રકમની મર્યાદા નક્કી કરવા બાબત.

(નોંધ—કૉલેજોની વિદ્યાર્થિનીઓને તથા ફરજિયાત એન.સી.સી.માંથી મુક્તિ મેળવનાર વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ ઉપરાંત પ્રથમોપચાર અને શુશ્રૂષાશાસ્ત્રની તાલીમ આપવાનું તથા તે માટે આવા વિદ્યાર્થીઓ માટે દશ વ્યાખ્યાનો ગોઠવવાનું તથા વ્યાખ્યાતાઓને વ્યાખ્યાન દીઠ રૂા. ૧૦ લેખે મહેનતાણું આપવાનું સંરક્ષણપોષક સમિતિની ૧૯૬૨-૬૩ની બેઠકની ભલામણને તા. ૨૭-૨-૧૯૬૩ની સિન્ડિકેટની બેઠકના કામકાજ નં. ૪૪થી મંજૂર કરવામાં આવ્યું હતું અને તે પેટે રૂા. ૫,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા.

તેના ખર્ચ પેટે ૫૦ ટકા મદદ યુનિવર્સિટી તરફથી કૉલેજોને આપવાનું મંજૂર કરવામાં આવે તો આ વર્ષે અંદાજે રૂા. ૮,૦૦૦નું ખર્ચ થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તાલીમ માટે કૉલેજને આર્થિક મદદ આપવી નહીં.

૨૪. હેલ્થ સેન્ટરના મકાન પાસે સફાઈ કામદારનું એક રહેઠાણ બાંધવાની ચીફ મેડિકલ ઑફિસરની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૨૫. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૬૪ની સભાના કામકાજ ક્રમાંક ૬૩ના ઠરાવનો નીચેનો પાઠ છાપવાનો રહી ગયેલો હોઈ તે મંજૂર કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, ભદ્ર, અમદાવાદની શાખામાં 'ગુજરાત યુનિવર્સિટી સેફ કસ્ટડી એકાઉન્ટ' એ નામથી હાલ જે ખાતું ચાલે છે તેને બદલે નીચે પ્રમાણે ત્રણ જુદાં ખાતાં ખોલવાં :

૧. ગુજરાત યુનિવર્સિટી એકાઉન્ટ — પ્રોવિડંટ ફંડ
૨. ગુજરાત યુનિવર્સિટી એકાઉન્ટ — એન્ડાઉમેન્ટ ફંડ
૩. ગુજરાત યુનિવર્સિટી એકાઉન્ટ — જનરલ ફંડ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેની લેવડદેવડ કરવાની સત્તા શ્રી. રજિસ્ટ્રારને આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૬. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની કૉલેજોની જોડાણ-અરજીઓ અંગે રાજ્ય સરકારને જોડાણનું જાહેરનામું બહાર પાડવા ભલામણ કર્યાના :

૧. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ
૨. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૩. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ.

(૨) એસ.વાય.બી.એ., બી.એસસી. અને બી.કૉમના સામાન્ય શિક્ષણના અભ્યાસક્રમ અંગેના પરિસંવાદમાં રૂા. ૪,૫૦૦ના ખર્ચને મંજૂર કર્યાના; અને

(૩) માર્ચ–એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન જુદાં જુદાં કેન્દ્રો પર નિમાયેલ મુખ્ય નિરીક્ષકોની નિમણૂકોમાં કરવા પડેલા ફેરફાર મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૭. ગુજરાત કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલન અંગેના આવેલા અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વિભાગીકરણ કરવા માગતા નથી.

(૨) આંકડાશાસ્ત્ર (રૂપે.)ના રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવશે તેમ જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, જોડાણની શરતો મુજબ આંકડાશાસ્ત્ર (રૂપે.) વિષયનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નું અનાવર્તક ખર્ચ કરવામાં આવે તે પછી જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવાનું બની શકશે એમ કૉલેજના આચાર્યને જણાવવું.

૨૮. અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિમાં, શ્રી. એસ. કે. કાત્રકની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર શ્રી. એસ. કે. કાત્રકની જગ્યાએ આચાર્ય ટી. એમ. પરીખની નિમણૂક કરવી.

૨૯. દોહુક અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત કૉલેજને કૉમર્સના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવવા દેવાની પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં કૉમર્સના લેક્ચરરને બદલે ટ્યૂટરથી ચલાવવાની ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવનાર શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૦. દસ હજારથી નીચેની વસ્તીવાળાં ગામોની સંલગ્ન કૉલેજના શિક્ષકોને નીચે પ્રમાણે ઘરભાડા-ભથ્થાં આપવાના ઉત્તર–પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈના મંત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત:

(૧) પગારના દસ ટકા સુધી ભાડું ભરતા હોય તો કાંઈ નહીં.

(૨) પગારના દસ ટકાથી વધારે ભાડું ભરતા હોય તો જેટલું વધારે ભાડું ભરતા હોય તેના પચાસ ટકા કે પગારના પાંચ ટકા જે ઓછું હોય તે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઘરભાડા-ભથ્થા અંગેના નિયમમાં કશો ફેરફાર કરવો નહીં.

૩૧. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામનો વહીવટ શેઠ મગનલાલ જયચંદ હાઈસ્કૂલ બોર્ડ, વીરમગામને સોંપવા અંગે સદરહુ બોર્ડ તથા ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, બંને તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. રાજસ્થાન વિશ્વવિદ્યાલયના આશ્રયે અખિલ ભારતીય દર્શન પરિષદનું ૧૦મું અધિવેશન તા. ૧૫થી ૧૮ ઑક્ટોબર, ૧૯૬૪ દરમિયાન જયપુર મુકામે મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ પરિષદના મંત્રીના તા. ૨૩-૭-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તત્ત્વજ્ઞાનના શિક્ષકો પૈકી કોઈ એકને સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ બહાલ કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યે ઇચ્છિત અભ્યાસસમિતિઓ
(૧)	આચાર્ય ડૉ. સી. સી. શાહ	તબીબી	૧. ફાર્મસી ૨. પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ
(૨)	આચાર્ય પી. એસ. કલવચવાળા	ઇજનેરી	૧. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ૨. મિકેનિકલ એન્જિનિયરિંગ
(૩)	આચાર્ય આર. ડી. મુન્શી	શિક્ષણ સહિતની વિનયન	૧. માનસશાસ્ત્ર ૨. સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર
(૪)	આચાર્ય એચ. સી. ત્રિવેદી	,,	૧. અંગ્રેજી ૨. લલિતકળા
(૫)	આચાર્ય બી. કે. રાવળ	વિજ્ઞાન	૧. રસાયણશાસ્ત્ર ૨. જીવવિજ્ઞાન
(૬)	આચાર્ય વી. આર. કાપડિયા	વાણિજ્ય	૧. અર્થશાસ્ત્ર ૨. સહકાર
(૭)	આચાર્ય જી. સી. પટેલ	ધારાશાસ્ત્ર	૧. જ્યુ. ઇન્ટ. લૉ ૨. ક્રાઇમ ઇ.
(૮)	આચાર્ય ડી. એમ. શીખ	વાણિજ્ય	૧. અર્થશાસ્ત્ર ૨. સહકાર
(૯)	આચાર્ય એમ. ડી. ત્રિવેદી	શિક્ષણ સહિતની વિનયન	૧. એજ્યુકેશન ૨. સાયકોલોજી
(૧૦)	આચાર્ય ડૉ. એ. જી. મુન્શી	વિજ્ઞાન	૧. રસાયણશાસ્ત્ર ૨. જીવવિજ્ઞાન
(૧૧)	ડૉ. કે. મ્હેરા	શિક્ષણ સહિતની વિનયન	૧. માનસશાસ્ત્ર ૨. નૃવંશશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર
(૧૨)	ડૉ. મિસ એસ. સી. પંડ્યા	તબીબી	૧. મેડિસિન ૨. પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાની બધ્ધે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૩૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષક, નિરીક્ષકો, કાર્યાલયના સભ્યો તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૮-૭-૧૯૬૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૮-૭-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(**નોંધ.**—સદરહુ સમિતિની ભલામણો આ સાથે બીડવામાં આવી નથી.)

૩૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૮ પછી કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૩૬. તા. ૨૧-૭-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે સને ૧૯૬૪માં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના જુદા જુદા વિષયોમાં બેવડા પરીક્ષણમાં ૧૦ કે ૧૦થી વધુ ગુણનો તફાવત માલુમ પડયો છે તેવા કેસોના તારણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓના બેવડા ગુણાંકનમાં દસ ટકાથી વધુ તફાવત પડયો હોય તે વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે ભાગમાં વહેંચીને તેના આંકડા સિન્ડિકેટની આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું :

(૧) જેમાં તફાવત દસથી વીસ ટકાની અંદર હોય;
(૨) જેમાં તફાવત વીસથી ત્રીસ ટકાની અંદર હોય; અને
(૩) જેમાં તફાવત ત્રીસ ટકાથી ઉપર હોય.

૩૭. એફ.વાય.બી.કોમ.ની પરીક્ષા માટેના 'શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક' ઐચ્છિક વિષયોમાંથી સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારને ક્રમાનુવર્તી વિષયોમાં આપવા અંગે સિન્ડિકેટની તા. ૨૩-૬-૧૯૬૪ની સભાના ઠરાવ અન્વયે વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય માંગતાં, તેમના તરફથી તા. ૨૧-૭-૧૯૬૪ના પત્રથી આવેલ અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડીનનો અભિપ્રાય છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ એકાઉન્ટન્સી અને બૅંકિંગ વિષય ન રાખતા હોવાથી ચંદ્રક એનાયત કરતી વખતે આ બે વિષયો લક્ષમાં લેવા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણચંદ્રકના નિયમમાં ડીનના અભિપ્રાય પ્રમાણે ફેરફાર કરવા માટે ચંદ્રકના દાતાઓની અનુમતિ મેળવીને તે નિયમમાં ઘટતો ફેરફાર કરવાનું વિચારવું.

૩૮. કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટના આધારે શ્રી. જી. એમ. યાજ્ઞિકે પ્રથમ એલએલ.બી. માટે અગાઉ રાખેલાં સત્રો માન્ય રાખી તેમને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયત મુદ્દતમાં માઇગ્રેશન સર્ટિફિકેટ રજૂ ન કર્યું હોવાથી કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ અને રાખેલાં સત્રો રદ કરવામાં આવ્યાં હતાં. આ ભાઈ જૂનાગઢ કૉલેજમાંથી મુંબઈ યુનિવર્સિટીની બી.એ. ૧૯૪૬માં પાસ કરેલ તેને લઈ માઇગ્રેશન કઢાવતાં વાર થઈ છે તેમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જી. એમ. યાજ્ઞિકને પ્રથમ એલએલ.બી.માં પ્રવેશ આપવા માટેનું પાકું પ્રમાણપત્ર કાઢી આપવું તથા તે પરીક્ષા માટે તેમને ભરેલાં સત્રો માન્ય કરવાં.

૩૯. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રો. શ્રી. ભટ્ટ કાંતિલાલ જગજીવનદાસને એમ.ઈ. પદવી મિકેનિકલ એન્જિનિયરિંગના વિષયોમાં સિન્ડિકેટની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તથા તેમને માન્યતા મળે તો એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.ઈ. પદવી મિકેનિકલ એન્જિનિયરિંગના વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકેની નિમણૂક કરવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. ભટ્ટ બી.ઈ. (મિકે.) અને એમ.ઈ. (મિકે.) પદવી બીજા વર્ગમાં ધરાવે છે અને ડિગ્રી કક્ષાનો તેમને પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.

(૨) હાલના ઑર્ડિ. ૬૫-એફ(ડી)(૨) અનુસાર માન્યતા મેળવવા માટે તેમને ખાતે સંશોધન પેપરો હોવાં જોઈએ. તેમણે બે પુસ્તકો લખ્યાં છે, અને સંશોધન પેપરો નથી તેથી નિયમ મુજબ માન્યતાને પાત્ર નથી, પરંતુ;

(૩) સિન્ડિકેટની તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં આ વિદ્યાશાખા અંગે નીચે મુજબ ઠરાવ્યું છે:

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણનું કામ કથળે કે અટકે નહિ તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને કોઈ કેસમાં ખાસ વિચારણા કરવા જેવું જણાય તો તે અંગે વિચારવાનું રાખવું."]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે સદરહુ અનુસ્નાતક કેન્દ્રનું કામ અટકે નહિ તે માટે ઉપકુલપતિશ્રીની મંજૂરીથી કરવામાં આવેલી વ્યવસ્થાની નોંધ લેવી.

૪૦. ગુજરાત કૉલેજ, અમદાવાદના ફિલોસોફી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં એમ.એ.ના વર્ગમાં દાખલ થયેલ નેત્રહીન વિદ્યાર્થી શ્રી. જે. જે. ગાંધીની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેમને સત્ર-ફી ભરવામાંથી મુક્તિ આપવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. જે. ગાંધીની સત્ર-ફી માફ કરવી.

૪૧. કેન્દ્ર સરકારના શિક્ષણખાતા તરફથી રાષ્ટ્રીય શિષ્યવૃત્તિઓ (નેશનલ સ્કૉલરશિપ) અને લોન સ્કૉલરશિપની યોજના હેઠળ નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષા અને સંખ્યામાં તે સ્કૉલરશિપ આપવામાં આવી છે તેની નોંધ લેવા બાબત:

ક્રમાંક	પરીક્ષાનું નામ	સંખ્યા	જે વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપવામાં આવી છે તેમનાં નામ
(૧)	પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ	૬	૧. અમિતા કે. પરીખ ૨. સંપત એમ. મોદી ૩. ચંદ્રિકા વી. પરમાર ૪. શંકરલાલ જે. દવે ૫. નીલમ સી. કડિયા ૬. તત્સત એન. મજમુદાર.
(૨)	પ્રી-યુનિવર્સિટી સાયન્સ	૪	૧. ગૌતમ આર. શાહ ૨. મનોજ સી. અધિકારી ૩. ભરત સી. પટેલ ૪. મહેન્દ્ર આર. પટેલ.
(૩)	પ્રી-યુનિવર્સિટી કૉમર્સ	૨	૧. ચૈતન્યકુમાર એચ. શાહ ૨. કિરીટકુમાર એલ. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. તા. ૧૮-૭-૧૯૬૪ તથા તા. ૨૪-૭-૧૯૬૪ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૪ અને તા. ૨૪-૭-૧૯૬૪ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓની તા. ૧૮-૭-૧૯૬૪ અને તા. ૨૪-૭-૧૯૬૪ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૩. બી.એડ. પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "પ્રોફે. ટી. કે. એન. મેનન સુવર્ણચંદ્રક" એ નામનો સુવર્ણચંદ્રક આપવા માટેના રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગેની વિનંતી કરતા "મેનન મેમોરિયલ કમિટીના" મંત્રી શ્રી. બી. એમ. વૈદ્યના તા. ૨૨-૭-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૪. શ્રી. પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ (ભાવનગર)એ તૈયાર કરેલ લખાણ "ગુજરાતનાં પંખીઓ"નું પ્રકાશન ગુજરાત યુનિવર્સિટી કરે એવા શ્રી. દેસાઈના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રસ્તુત લખાણમાં લગભગ ૨૨૫ પંખીઓ વિષે પરિચય આપવામાં આવ્યો છે. લેખકનો પુરસ્કાર બાદ કરતાં સદરહુ પુસ્તકનું અંદાજી પ્રકાશન ખર્ચ રૂા. ૧૫,૦૦૦થી રૂા. ૨૦,૦૦૦ થશે.) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(**નોંધ.**—સદરહુ હસ્તપ્રત શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈને મોકલી આપવા સૂચવવામાં આવ્યું.)

૪૫. તા. ૨૪-૭-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

"(અ) આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ સિવાયના વિભાગોની મુસાફરી તથા જમવા અંગેની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને તથા કૉલેજોની સંખ્યાની પરિસ્થિતિ પણ ધ્યાનમાં લઈને નીચે પ્રમાણેની ગ્રાન્ટની વહેંચણીને મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

(૧) અમદાવાદ વિભાગ	રૂા. ૩,૩૦૦
(૨) ઉત્તર-દક્ષિણ	રૂા. ૫,૭૦૦
(૩) પશ્ચિમ વિભાગ	રૂા. ૫,૦૦૦
	રૂા. ૧૪,૦૦૦

(બ) આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, તા. ૨૫-૭-૧૯૬૩ની બેઠકમાં અગાઉ ઠરાવ્યા પ્રમાણે ગઈ સાલ બોવાયેલ હૉકીની શીલ્ડ નવી બનાવીને મૂકવાના ખર્ચ પેટે રૂા. ૧,૦૦૦ની રકમ પશ્ચિમ વિભાગની રૂા. ૫,૦૦૦ની ગ્રાન્ટમાંથી કાપીને બાકી એટલે કે તે વિભાગને રૂા. ૪,૦૦૦ની રકમ મોકલી આપવાનું મંજૂર કરવા માટે તથા યુનિવર્સિટી તરફથી વધુ રૂા. ૧,૦૦૦ની રકમ આ ખર્ચ પેટે કરવા માટે તથા આ પ્રમાણે કુલ રૂા. ૨,૦૦૦ના ખર્ચે નવી શીલ્ડ બનાવવાનું મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૬. તા. ૨૪-૭-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટી બાસ્કેટ બૉલ (બહેનો)ની હરીફાઈ બોના સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની અને વધુ ત્રણ સભ્યો કો-ઓપ્ટ કરવાની સત્તા સહિત નીચેના સભ્યોની બોક સંચાલન સમિતિ નીમવાની સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) પ્રિ. ચિમનભાઈ જે. પટેલ, પ્રમુખ
(૨) પ્રિ. એસ. આર. ભટ્ટ
(૩) પ્રિ. પુ. ગ. માવળંકર
(૪) શ્રી. રતિલાલ કે. પટેલ
(૫) શ્રી. છગનભાઈ પી. પટેલ
(૬) શ્રી. ચંદ્રકાન્ત જગાભાઈવાળા
(૭) શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
(૮) પ્રિ. વાય. જી. નાયક

(૯) પ્રિ. એચ. એ. ડિ'સોઝા
(૧૦) ડૉ. બી. આર. સેજુ
(૧૧) રૉ. આર. એલ. રાવલ
(૧૨) શ્રી. વી. પી. મહેતા, મંત્રી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. આગામી નવેંબર માસમાં યોજાનાર યુવક મહોત્સવ અંગે ભારત સરકારના કેળવણી ખાતાના એફ. ૫૩-૧૯-૬૪-પીઈ. ૨. પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. યુવક મહોત્સવમાં આ યુનિવર્સિટીના કન્ટિન્જન્ટ-ઇન-ચાર્જ (જૂથ નેતા) તરીકે અને યુનિવર્સિટી નાટક માટેના ડિરેક્ટરને પસંદ કરીને ઑગસ્ટમાં યોજનાર પરિસંવાદમાં મોકલવાના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આગામી યુવક મહોત્સવમાં આ યુનિવર્સિટી ભાગ લેશે એમ ભારત સરકારને જણાવવું, અને આ બાબત અંગે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના ઠરાવ તરફ તેમનું ધ્યાન ખેંચવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી યુવક મહોત્સવના કન્ટિન્જન્ટ-ઇન-ચાર્જ તરીકે પ્રો. હકૂમત દેસાઈને અને નાટક માટેના ડિરેક્ટર તરીકે શ્રી. હરિહર શુકલની નિમણૂક કરવી, તથા તેમને પરિસંવાદમાં ભાગ લેવા માટે મોકલવા.

૪૮. અત્રેની ટ્યૂબરકયુલોસિસ રિલીફ ઑર્ગેનિઝેશન તરફથી આવેલા તા. ૮–૭–૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં વિદ્યાર્થીઓની તપાસ અંગેના ખર્ચ અંગે શી વ્યવસ્થા કરવામાં આવશે તેની સ્પષ્ટતા માગીને આ બાબત ફરીથી રજૂ કરવી.

૪૯. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, માણસાને જુનિયર સર્ટિફિકેટ કોર્સ એક વર્ષ પૂરતો શીખવવાની પરવાનગી આપ્યાના; અને
(૨) માર્ચ–એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી સુધારીને બહાર પાડયાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૦. વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાં જૂના અભ્યાસક્રમ મુજબ બી.એ. અને બી.એસસી. (પ્રિ. અને સપ્લિ.)ની છેલ્લી પરીક્ષાઓ એપ્રિલ ૧૯૬૫માં લેવાશે. જ્યારે વાણિજ્ય વિદ્યાશાખામાં બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની છેલ્લી પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૫માં લેવાશે, તો તેમાં નાપાસ થનાર નિયમિત વિદ્યાર્થીઓની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા કયાં સુધી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.

કાર્યાલયનું સૂચન

"પ્રત્યેક જૂના અભ્યાસક્રમની છેલ્લી પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની બે વધુ પરીક્ષાઓ જૂના અભ્યાસક્રમ મુજબ લેવાની પ્રથા છે તે મુજબ એપ્રિલ ૧૯૬૫ની બી.એ. અને બી.એસસી. (પ્રિ. અને સપ્લિસ.)ની પરીક્ષાઓમાં નિષ્ફળ જનાર નિયમિત વિદ્યાર્થીઓની વધુ બે પરીક્ષાઓ એપ્રિલ ૧૯૬૫ની પરીક્ષા માટે નિયત થયેલાં પાઠ્યપુસ્તકો (જો હોય તો) એવા અભ્યાસક્રમ મુજબ વધુ બે વાર ઑકટોબર ૧૯૬૫ અને એપ્રિલ ૧૯૬૬માં લેવી, જ્યારે બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની છેલ્લી પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની વધુ બે પરીક્ષાઓ એપ્રિલ ૧૯૬૬ અને ઑકટોબર ૧૯૬૬માં જૂના અભ્યાસક્રમ મુજબ ૧૯૬૫ની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો (જો હોય તો) મુજબ લેવી.

જૂના અભ્યાસક્રમ હેઠળ એપ્રિલ ૧૯૬૫ પછી લેવાનાર બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષા માટે પણ આ જ પાઠ્યપુસ્તકો રાખવાં.

છેલ્લી જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થનારને જે તે વિદ્યાશાખાના સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. કે સેકન્ડ બી.કૉમ.નાં સત્રો ભરવા જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૫૧. નીચેની સંસ્થાઓ તરફથી જોડાણ-માન્યતા અંગે આવેલી અરજીઓના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત:

(અ) ૧૯૬૫થી શરૂ થતી નવી કૉલેજો

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
(૧)	ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ	અમદાવાદ	એફ.વાય.બી.એ.
(૨)	માનવ મંદિર, અમદાવાદ	,,	એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.એસસી.
(૩)	ભારતીય વિદ્યાભવન, મુંબઈ	,,	,,
(૪)	ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	,,	,,
(૫)	સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ	રાજકોટ	એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.
(૬)	ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા	ઊંઝા	,,
(૭)	ગિરધરનગર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	અમદાવાદ	,,
(૮)	કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, વીસનગર	વીસનગર	એજ્યુકેશન
(૯)	સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી	કડી	એફ.વાય.બી.એસસી.
(૧૦)	ગોંડલ મ્યુનિસિપાલિટી, ગોંડલ	ગોંડલ	,,
(૧૧)	શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર	છોટાઉદેપુર	પ્રી-યુનિવર્સિટી કૉમ.

(અ) ચાલુ કૉલેજોની જોડાણ-અરજી

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૧)	નેશનલ કૉલેજ, અમદાવાદ	બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં હિન્દી, સિંધી, સંસ્કૃત, ઇતિહાસ, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૨)	ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર	બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, હિંદી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી, ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત.
(૩)	માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સમો.)માં ભૂગોળનું વધારાનું જોડાણ.
(૪)	શ્રી. જે. એમ. શાહ કૉલેજ, જંબુસર	એફ.વાય.બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં હિન્દી, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૫)	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	એફ.વાય.બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર અને બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૬)	બી બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુર	એફ.વાય.બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રી-યુનિ. સાયન્સનું વધારાનું જોડાણ.
	(નોંધ.—આ કૉલેજ કૉમર્સની પણ ત્રીજી વિદ્યાશાખા શરૂ કરવા માગે છે.)	
(૭)	ગો. મા. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગૃહવિજ્ઞાન, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા (સમો.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર અને ગણિતનું વધારાનું જોડાણ.
(૮)	શ્રી. યુ. એન મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	બી.એ. (રૂપે.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા (સમો.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રનું કાયમી જોડાણ.
(૯)	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનું ચાલુ જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૧૦)	આર્ટ્સ કૉલેજ, સંજેડા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસનું ચાલુ જોડાણ.
(૧૧)	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીનું વધારાનું જોડાણ.
(૧૨)	પેટલાદ કૉલેજ, પેટલાદ	બી.એ. (સંયો.)માં મનોવિજ્ઞાનનું વધારાનું જોડાણ.
(૧૩)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર; તથા (જન.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાનનું કાયમી જોડાણ; તથા બી.એસસી. (ઑનર્સ)માં ભૌતિકશાસ્ત્ર અને (જન.)માં આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૧૪)	શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર; તથા (ગૌણ)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૧૫)	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, ગણિતશાસ્ત્ર, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૧૬)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર; તથા બી.એસસી.માં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૧૭)	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	બી.એ. (પ્રિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; તથા બી.એ. (જન.)માં ઇતિહાસ; તથા બી.એસસી. (જન.)માં રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિ.)માં હિન્દી, અર્ધમાગધી તથા અંગ્રેજી; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીશાસ્ત્રનું વધારાનું જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૧૮)	એસ.બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	બી.એ. (પ્રિ.)માં ઇતિહાસનું વધારાનું જોડાણ.

[**નોંધ.**—હાલની આ કૉલેજનું વિભાગીકરણ કરી વિનયનની વિદ્યાશાખા સાથે વધારાના જોડાણ તરીકે વાણિજ્યની વિદ્યાશાખા જોડવા માગે છે, એટલે કે એ કૉલેજો થશે: (૧) વિજ્ઞાનની કૉલેજ, અને (૨) વિનયન અને વાણિજ્યની કૉલેજ.]

(૧૯)	અમદાવાદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	એ.વાય.બી.એ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, અંગ્રેજી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિન્દી; તથા બી.એસસી. (ઑન.)માં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૨૦)	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	એફ.વાય.બી.એ. સુધીનું ચાલું જોડાણ; તથા બી.એ. (પ્રિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનસશાસ્ત્ર તથા એફ.વાય. બી.એસસી.માં વધારાનું જોડાણ.
(૨૧)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને હિન્દી; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (મુખ્ય)માં રસાયણશાસ્ત્ર; બી.એસસી. (ગૌણ)માં ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનું ચાલુ જોડાણ.
(૨૨)	એમ. એન. કૉલેજ, વીસનગર	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા હિન્દી; તથા બી.એ. (સમો.)માં મનોવિજ્ઞાન અને આંકડાપદ્ધતિનું ચાલુ જોડાણ.
(૨૩)	સ્વામિનારાયણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ઇતિહાસનું ચાલુ જોડાણ.
(૨૪)	બી. ડી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર પ્રાકૃત અને પરિશીલન; તથા બી.એસસી. (ઑન.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૨૫)	યુ. પી. આર્ટ્સ કૉલેજ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને હિન્દી; તથા બી.એસસી. (ઑન.)માં રસાયણશાસ્ત્ર; તથા બી એસસી. (જન.)માં ભૌતિકશાસ્ત્રનું ચાલુ જોડાણ.
(૨૬)	ભવન્સ કૉલેજ, ડાકોર	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑન.)માં રસાયણશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અને આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (ઑન.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરશાસ્ત્રનું વધારાનું જોડાણ.
(૨૭)	કમાણી સાયન્સ કૉલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	ફર્સ્ટ ઇયર બી.એ. અને ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑન.)માં રસાયણશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનું ચાલુ જોડાણ.
(૨૮)	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને હિન્દી; તથા બી.એસસી. (ઑન.)માં રસાયણશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ.
(૨૯)	ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાન્યસ કૉલેજ, જામનગર	બી.એ. (પ્રિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, અંગ્રેજીનું કાયમી જોડાણ.
(૩૦)	શ્રી. એન. આર. આર્ટ્સ કૉલેજ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	ફર્સ્ટ ઇયર બી.એ. અને ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિ.)માં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑન.)માં પ્રાણીવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનનું વધારાનું જોડાણ.
(૩૧)	નવયુગ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત.
(૩૨)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડ	એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૩૩)	ધંધુકા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ.
(૩૪)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા (સબ્સિ.)માં ઇતિહાસ, તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગનું વધારાનું જોડાણ.
(૩૫)	ભક્ત વલ્લભ વોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા (સબ્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા સ્ટેટિસ્ટિકસનું વધારાનું જોડાણ.
(૩૬)	શ્રી. સાધુ શ્રેયાંસપ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિન્દી, અર્ધમાગધી; તથા બી.એ. (સબ્સિ.)માં અંગ્રેજી, હિન્દી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, ગણિત; તથા બી.કૉમ.માં બૅન્કિંગ, ઇકોનોમિકસ ઑફ કોટન, થિયરી એન્ડ પ્રેક્ટિસ ઑફ કો-ઑપરેશન.
(૩૭)	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગોંડલ	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબ્સિ.)માં અંગ્રેજી, હિંદી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્ય-નીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં ૭ વિષયોનું વધારાનું જોડાણ.
(૩૮)	દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામ	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; સેકન્ડ ઇયર બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; બી.એ.માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત તથા આંકડાશાસ્ત્રના વિષયો માટે વધારાનું જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૩૯)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ અને સેકન્ડ ઇયર બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર તથા (સબ્સિ.)માં માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના વિષયો માટે વધારાનું જોડાણ.
(૪૦)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ.
(૪૧)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.માં વધારાનું જોડાણ.
(૪૨)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમનું ચાલુ જોડાણ
(૪૩)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	બી.એડ.નું ચાલુ જોડાણ.
(૪૪)	માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર	બી.એડ.નું ચાલુ જોડાણ.
(૪૫)	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	બી.એડ.નું કાયમી જોડાણ.
(૪૬)	પ્રકાશ એજ્યુકેશનલ કૉલેજ, અમદાવાદ	બી.એડ. અને ટી.ડી.નું કાયમી જોડાણ.
(૪૭)	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત	બી.એડ.નું ચાલુ જોડાણ.
(૪૮)	શ્રી. પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ	બી.એડ.નું કાયમી જોડાણ.
(૪૯)	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	બી.એસસી. (જન.)માં સ્ટેટિસ્ટિક્સનું વધારાનું જોડાણ.
(૫૦)	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	બી.એસસી. (સ્પે.)માં ફીટાણુવિજ્ઞાનનું ચાલુ જોડાણ.
(૫૧)	મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	બી.એસસી. (ઑન.)માં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (ઑન.)માં સ્ટેટિસ્ટિક્સનું વધારાનું જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૫૨)	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ	બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું ચાલુ જોડાણ.
(૫૩)	પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	એફ.વાય.બી.કૉમ. સુધીનું જોડાણ; તથા એફ.વાય.-બી.એસસી. સુધીનું વધારાનું જોડાણ.
(૫૪)	શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી	ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું તથા બી.કૉમ.માં સ્ટેટિસ્ટિકસ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ.
(૫૫)	વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપવડવંજ	ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ સ્ટેટિસ્ટિકસનું વધારાનું જોડાણ.
(૫૬)	શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર	પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.નું ચાલુ જોડાણ.
(૫૭)	શ્રી. એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર	પ્રથમ એલએલ.બી.નું વધારાનું જોડાણ.
(૫૮)	શ્રી. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ	પ્રથમ એલએલ.બી. તથા દ્વિતીય એલએલ.બી.નું ચાલુ જોડાણ.
(૫૯)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	પ્રથમ એલએલ.બી. તથા દ્વિતીય એલએલ.બી.નું તથા ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસ તથા ડિપ્લોમા-ઇન-ટેક્સેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસનું ચાલુ જોડાણ.
(૬૦)	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	પ્રથમ એમ.બી.,બી.એસ.નું ચાલુ જોડાણ તથા દ્વિતીય એમ.બી,બી.એસ.નું વધારાનું જોડાણ.
(૬૧)	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	પ્રથમ અને દ્વિતીય બી.ડી.એસ.નું ચાલુ જોડાણ અને તૃતીય બી.ડી.એસ.નું વધારાનું જોડાણ.
(૬૨)	શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત	પ્રથમ, દ્વિતીય તથા તૃતીય બી.એ.એમ.એસ.નું ચાલુ જોડાણ.

(૬) ઑર્ડિનન્સ ૧૨૦ પ્રમાણે મોડી આવેલી અરજીઓ

(૧)	ઉપલેટા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં ભારતીય આર્થિક વિકાસની સમસ્યાઓનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્રનું વધારાનું જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
(૨)	એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	બી.એ. (સમો.)માં સંસ્કૃત, ઇતિહાસ તથા બી.એસસી. (રસે.)માં ગણિતનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિન્દી; તથા બી.એ. (સમો.)માં અંગ્રેજીનું વધારાનું જોડાણ.

(૬) માન્યતા મેળવવા માટે આવેલ અરજી

(૧)	શ્રી. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત	એમ.એ. અને પીએચ.ડી.માં ગુજરાતી શીખવવા માટેનું ચાલુ જોડાણ.
(૨)	શ્રી. દ્વારકાવંશ સંસ્કૃત એકેડેમિક ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા	પીએચ.ડી.માં સંસ્કૃત શીખવવા માટેનું ચાલુ જોડાણ.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની કૉલેજો અંગે તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિઓ નીમવી :

ક્રમાંક	સંસ્થાનું નામ		સ્થાનિક તપાસસમિતિના સભ્યો
(૧)	ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ	...	૧. આચાર્ય જે. ટી. પરીખ
		...	૨. આચાર્ય રામપ્રસાદ એમ. શુકલ
(૨)	માનવ મંદિર, અમદાવાદ		
(૩)	ભારતીય વિદ્યાભવન, મુંબઈ	...	૧. આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૪)	ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	...	૨. આચાર્ય ડી. પી. ઠાકર
(૫)	સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ	...	૧. આચાર્ય એમ. સી. દેસાઈ
		...	૨. આચાર્ય આર. જી. ભટ્ટ
(૬)	ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા	...	૧. આચાર્ય વાય. પી. શુકલ
			૨. આચાર્ય એ. આર. દેસાઈ
(૭)	ગિરધરનગર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	...	૧. આચાર્ય એન. એન. ભરૂચા
			૨. આચાર્ય એસ. આર. મહેતા
(૮)	કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, વીસનગર	...	૧. આચાર્ય કે. જી. દેસાઈ
			૨. આચાર્ય એન. યુ. ત્રિવેદી
(૯)	સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી.		૧. આચાર્ય ડૉ. વાય. જી. નાયક
(૧૦)	ગોંડલ મ્યુનિસિપાલિટી, ગોંડલ.		૨. આચાર્ય જે. જે. ત્રિવેદી
(૧૧)	શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર.	...	૧. આચાર્ય એસ. વી. દેસાઈ
		...	૨. આચાર્ય એચ. કે. ત્રિવેદી.

વધુમાં ઠરાવવામાં આવે છે, બાકીની કૉલેજોની સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેની સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે, સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત:

[નોંધ.—(૧) અંગ્રેજીના વ્યાખ્યાતાનો ૮ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.
(૨) પ્રયોગશાળાને સમૃદ્ધ કરવા રૂ. ૩૦,૦૦૦માંથી રૂા. ૧૦,૦૦૦ ખર્ચવાના બાકી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં શ્રી. જે. બી. દ્વિવેદીનો આઠ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે લક્ષમાં લઈને તેમને લેક્ચરર તરીકે માન્ય કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રયોગશાળા અંગે શરત મુજબ રકમ ખર્ચાઈ જાય તે પછી જ જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકાશે એમ આચાર્યને જણાવવું.

૫૩. સંલગ્ન કૉલેજોમાં ટ્યૂશન ફીના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન કૉલેજોમાં ટ્યૂશન ફી અંગે યુનિવર્સિટી કાંઈ કરી શકે તેમ છે કે કેમ, અને કરી શકે તો શું કરવા જેવું છે તે અંગે ઘટતી વિચારણા કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી:

૧. ઉપકુલપતિશ્રી, અધ્યક્ષ
૨. ડૉ. વાય. જી. નાયક
૩. શ્રી. ચિમનભાઈ જે. પટેલ
૪. આચાર્ય એમ. સી. દેસાઈ
૫. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૬. શ્રી. રણજિત ગં. શાસ્ત્રી
૭. ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલક.

૫૪. આસામ સરકારના આશ્રયે ડિસેંબર ૧૯૬૪માં ગૌહતી મુકામે "ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ"ના ૨૨મા અધિવેશનમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે સદરહુ પરિષદના મંત્રીશ્રીના તા. ૨૫-૬-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. એચ. જી. શાસ્ત્રી અને ડૉ. સી. આર. નાયકને મોકલવા.

૫૫. ઇજનેરી વિદ્યાશાખામાં જૂન ૧૯૬૫થી પાંચ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ દાખલ કરવા અંગેના ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનના તા. ૨૮-૬-૧૯૬૪ના પત્રાંક એફ.વાય. એસ.સી. -૫૪૬૪-એ-૧-૨૦૯૪૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા સિન્ડિકેટની આગામી સભામાં કરવાનું રાખવું, અને તે વખતે ગુજરાત રાજ્યના યાંત્રિક શિક્ષણસંચાલક શ્રી. ટી. એ. દેસાઈને હાજર રહેવા માટે વિનંતી કરવી.

૫૬. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં પ્રોફેસર-ઑફ-ફિઝિક્સની જગ્યા પૂરવા અંગેના ડૉ. વિક્રમ એ. સારાભાઈના તા. ૨૦-૭-૧૯૬૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપવાની જરૂર જણાય તો અને ત્યારે જાહેરખબરમાં નીચેની નોંધ ઉમેરવી :

"Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to appoint, on the recommendations of the Selection Committee appointed under O. 66, a person as a Professor or a Reader, provided he has to his credit independent and original achievement of recognised merit in the subject."

૫૭. ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીના ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ યોજનાઓ માટે રાજ્ય સરકારે તેમના હિસ્સાની યુનિવર્સિટીને આપવાની થતી ગ્રાન્ટ આપવા અંગેની અશક્તિ દર્શાવતા, રાજ્ય સરકારના શિક્ષણ અને શ્રમ ખાતાના સચિવશ્રી તરફથી તા. ૨૧-૭-૧૯૬૪ના પત્રાંક નં. યુ.એસ.જી. ૧૧૬૪-૬૧૨૮૧-ખ ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. યુનિવર્સિટી પ્રેસમાં યુનિવર્સિટી પ્રેસના કામદારોના યુનિયનના રોજબરોજના મુદ્દાઓ અંગે મજૂર કાયદાના જાણકાર એડવોકેટને સલાહકાર નીમવા અંગે યુનિવર્સિટી પ્રેસ વ્યવસ્થાપકના તા. ૨૯-૭-૧૯૬૪ના પત્રાંક ૪૮૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પ્રેસ કર્મચારીઓના પ્રશ્નો અંગે કાનૂની સલાહ માટે સલાહકાર નીમવાની બાબતમાં ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૯. સદરહુ બાબતની વિચારણા ઉપર બાબતો ક્રમાંક ૮ અને ૩૫ પછી કરવામાં આવી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલ છે.

૬૦. તા. ૩૦-૭-૧૯૬૪ની મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાએ ભારત સરકારની ભલામણ અનુસાર નાટ્યપ્રવૃત્તિ તાલીમ શિબિર યોજવા બાબત નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

ઠરાવ

"(૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિબિર અંગે કાર્યક્રમની રૂપરેખા, સ્થળ, સમય વગેરે નક્કી કરવા માટે નીચેના સભ્યોની એક ઉપસમિતિ નીમવી :

૧. પ્રિ. ધીરુભાઈ ઠાકર
૨. શ્રી. જશવંત ઠાકર
૩. પ્રો. આર. ડી. વસાવડા
૪. શ્રી. પ્રફુલ્લ ઠાકોર
૫. શ્રી. વી. પી. મહેતા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત સમિતિની ભલામણો અંગે જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૧. તા. ૩૦-૭-૧૯૬૪ની મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાએ આંતર-વિભાગીય યુવક મહોત્સવ અંગે કરેલ નીચેના ઠરાવોની નોંધ લેવા બાબત.

ઠરાવ

"(૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિભાગીય યુવક મહોત્સવ ગયા વર્ષે યોજાયો હતો તે પ્રમાણે યોજવા માટે જરૂરી પગલાં લેવાની અને જરૂરી પેટાસમિતિ નીમવાની તથા બીજા ત્રણ સભ્યો કો-ઓપ્ટ કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની એક સંચાલક સમિતિ નીમવી:

૧. ઉપકુલપતિશ્રી
૨. પ્રિ. એસ. વી. દેસાઈ
૩. ડૉ. વાય. જી. નાયક
૪. પ્રિ. વાય. પી. શુક્લ
૫ પ્રિ. એન. એસ. પંડયા
૬. પ્રો. આર. ડી. વસાવડા
૭. પ્રો. વી. જે. ત્રિવેદી
૮. પ્રો. એલ. એચ. ટેંગ્શે
૯. શ્રી. જે. એમ. મહેતા
૧૦. શ્રી. વી. પી. મહેતા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુવક મહોત્સવ અંગે જરૂરી ખર્ચ કરવાની તથા તે અંગેનાં બીજાં તમામ જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ સાથે જોડેલા પરિશિષ્ટ પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી અને તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીને આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરેલ ખર્ચની વિગત **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૨. તા. ૩૦-૭-૧૯૬૪ની મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાએ પર્વતારોહણ અને બીજા યુવક કલ્યાણ પ્રવૃત્તિઓના કાર્યક્રમ અંગે કરેલા નીચેના ઠરાવોની નોંધ લેવા બાબત.

ઠરાવ

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે, દિવાળીની રજાઓમાં એક પર્વતારોહણ શિબિર માઉન્ટ આબુ મુકામે આશરે ૬૦થી ૭૦ તાલીમાર્થીઓ માટે યોજવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, શિબિર અંગેનો જરૂરી ખર્ચ શિબિરો માટેના બજેટમાં મંજૂર કરેલ રકમમાંથી મંજૂર કરવો.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અંગે સઘળાં જરૂરી પગલાં લેવાની તથા આ સાથે રજૂ કરેલ છે તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી તથા તે પ્રમાણેના કાર્યના ખર્ચને મંજૂર કરવાની યુનિવર્સિટીના યુવક કલ્યાણ ખાતાના અધ્યક્ષને સત્તા આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, સાગરસફર, સાયકલપ્રવાસ. હાઈકિંગ વગેરે દરેક એરિયા સમિતિઓને પોતાના વિભાગ માટે કે જે કૉલેજો સ્વતંત્ર રીતે યોજવા માગે તો તે પ્રમાણે યોજવા જણાવવું અને આ અંગેની યોજનાના ખર્ચની વિગતો સાથે યુનિવર્સિટીને મોકલાવે તો તેના ખર્ચ પેટે જરૂરી અને યોગ્ય ગ્રાન્ટ આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવામાં આવે છે. આ માટેનો ખર્ચ શિબિરો અંગેના ખર્ચ માટે જે અંદાજપત્રમાં જોગવાઈ છે તેમાંથી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરેલ ખર્ચની વિગત પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૩. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ એસ.ઈ. (સિવિલ) પરીક્ષાના વિદ્યાર્થી નં. ૨૪૮ શ્રી. મહેન્દ્ર તિલકરાય શાહને તેણે ઑ. ૧૨૭ હેઠળ એફ.ઈ.ના બાકીના વિષયની પરીક્ષા આપવાની હોવા છતાં ઑક્ટોબર ૧૯૬૪માં ફક્ત એસ.ઈ. પરીક્ષા બાસ સંજોગોમાં લેવાનું વિચારાયું હોવાથી ઉપરોક્ત વિદ્યાર્થીને અપવાદ તરીકે તેમાં બેસવા દેવા અને તેનું પરિણામ તે એફ.ઈ.ના બાકીના વિષયમાં ઉત્તીર્ણ ન થાય ત્યાં સુધી ઑ. ૧૨૭ હેઠળ અનામત રાખવા મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યની નોંધ લેવી.

૬૪. ગુજરાત રાજ્ય સરકારની ૪½ ટકા ગુજરાત સ્ટેટ ડેવલપમેન્ટ લોન ૧૯૭૬માં નાણાં રોકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ લોનમાં યુનિવર્સિટીના જનરલ ફંડ એકાઉન્ટમાંથી રૂપિયા એક લાખનું રોકાણ કરવું.

૬૫. બાંધકામ સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટી વિસ્તારમાં પાણીના પુરવઠા માટે વધારાની ૪૦ હૉર્સ પાવરની મોટર તથા સ્પેરપાર્ટ્સ ખરીદવા માટે રૂા. ૩,૦૦૦ સુધીના ખર્ચ માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ બિલ્ડિંગના બોટાની વિભાગ માટે પ્લાન્ટ રૂમના બાંધકામના પ્લાન બનાવવા માટેનું કામ સ્થપતિ શ્રી. બી. વી. દોશીને સોંપવું. જો તેઓ તે સ્વીકારી શકે તેમ ન હોય તો શ્રી. હસમુખ પટેલને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(**નોંધ.**—એર-કન્ડિશનિંગ યુનિટ માટેની ઑરડી જુદી બાંધવાનું રાખી શકાય તો તે જોવા માટે સ્થપતિને બાસ સૂચના આપવી.)

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ બિલ્ડિંગના બોટાની વિભાગ માટે બોંયરાના પાણીના નિકાલ માટે એક બાળકૂવો તથા પંપ માટેની કેબિન કરવા માટેના અંદાજી ખર્ચના રૂા. ૩,૦૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં બોટાનિકલ ગાર્ડન, વિદ્યાર્થીઓના જૂના છાત્રાલય તથા ઉપકુલપતિશ્રીના મકાન પાસેના વૉચમેનના ક્વાર્ટર્સમાં પાણી માટેની

ગેલ્વેનાઈઝ્ડ પાઈપ લાઈન નાખીને કાસ્ટ આયર્ન પાઈપો મારફતે પાણીનો પુરવઠો પૂરો પાડવા માટેનું રૂા. ૧,૭૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ઑપનએર થિયેટર તથા ઓટોનિકલ ડિપાર્ટમેન્ટના કેઈજ સુધીની પાઈપ લાઈન નાખેલી હતી તે કાઢીને તેમાંથી આ પાઈપો નાખવાની છે, આથી પાઈપોનો ખર્ચ આમાં આવતો નથી. પરંતુ તેને કાઢીને નાંખવાનો તથા જરૂરી ગેલ્વેનાઈઝ્ડ ફિટિંગો નાંખવાના ખર્ચનો સમાવેશ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૬. જૂના અભ્યાસક્રમ હેઠળ લેવાયેલ ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કોમર્સની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. અને સેકન્ડ બી.કોમ.નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવી છે તે વિદ્યાર્થીઓના ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કોમર્સનાં બાકી રહેલા વિષયોની પરીક્ષા લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને જે વિષયમાં પાસ થવાનું બાકી રહ્યું હોય તે વિષયમાં તેમની પરીક્ષા જૂના અભ્યાસક્રમ પ્રમાણે વધુ એક વખત લેવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૬/૦૧૩૭૯૧/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑગસ્ટ ૨૪, ૧૯૬૪.
ભાદ્રપદ ૨, ૧૮૮૬ (શક).

કં. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૨

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૯-૬-૧૯૬૪ના રોજ મળેલી ૩૭મી સભાની ભલામણો

૧. (અ) આથી ઠરાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૭ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ક્રમાંક	નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ/સંશોધન
૧.	શ્રી. શુકલ તનભણિશંકર રામચંદ્ર, એમ.એ.	સર પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	ગુજરાતી	એમ.એ	શિક્ષણ
૨.	શ્રી. ભટ્ટ ઇન્દ્રપ્રસાદ જેઠાલાલ, એમ.એ., પીએચ.ડી.	પેટલાદ કૉલેજ, પેટલાદ	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૩.	શ્રી. પટેલ બાબુભાઈ જીવાભાઈ, એમ.એ.	શામળદાસ કૉલેજ, ભાવનગર	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણ
૪.	શ્રી. સુબ્રમન્યમ કૃષ્ણશિવા, એમ.એ.	ડી. કે. વી. કૉલેજ, જામનગર	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણ
૫.	શ્રી. શાહ ગોવિંદલાલ શંકરલાલ, એમ.એ.	શામળદાસ કૉલેજ, ભાવનગર	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ
૬.	શ્રી. દેસાઈ શાંતિલાલ કેશવલાલ, એમ.એ.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	એમ.એ.	શિક્ષણ
૭.	શ્રી. ગુપ્તા રામકલ્યાણ, એમ.એ.	શામળદાસ કૉલેજ, ભાવનગર	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	એમ.એ.	શિક્ષણ
૮.	શ્રી. ધારૈયા રમણલાલ કકલભાઈ, એમ.એ., બી.એડ., પીએચ.ડી.	સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	એમ.એ.	શિક્ષણ

૯. શ્રી. પટેલ સુભદ્રા એન., એમ.એ.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	હિંદી	એમ.એ.	શિક્ષણ	
૧૦. શ્રી. પાઠકજી મંગેશરાય જનાર્દન, એમ.એ., એલએલ.બી.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી"	એમ.એ.	શિક્ષણ	
૧૧. શ્રી. પારેખ ભગવાનદાસ ઉમેદચંદ, એમ.એડ.	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	એમ.એડ. એજ્યુકેશન	એમ.એડ.	શિક્ષણ	
૧૨. શ્રી. શાહ હિંમતલાલ મણિલાલ, એમ.એસસી.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ	ફિઝિક્સ	એમ.એસસી.	શિક્ષણ	
૧૩. શ્રી. પંડ્યા ચૈતન્ય જીવણલાલ, એમ.એસસી.	એમ. એન. કૉલેજ, વીસનગર	ફિઝિક્સ	એમ.એસસી.	શિક્ષણ	
૧૪. શ્રી. ત્રિવેદી મહેશચંદ્ર રામશંકર, એમ.એસસી.	એન. કે. એમ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	શિક્ષણ	
૧૫. શ્રી. શાહ ચીનુભાઈ સુનીલાલ, બી.કૉમ.,સી.એ.	શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ–૬	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ વગેરે	એમ.કૉમ.	શિક્ષણ	
૧૬. શ્રી. પુલે બાલકૃષ્ણ માધવરાવ, એમ.એ.	,, ,,	અર્થશાસ્ત્ર	એમ.કૉમ.	શિક્ષણ	

(**નોંધ.**—તેમની એમ.એ. પદવીની માન્યતા રદ કરવી.)

૧૭. શ્રી. મહેન્દ્રકુમાર નટવરલાલ શાહ, એફ.સી.એ.	શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ–૬	એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ વગેરે	એમ.કૉમ.	શિક્ષણ	
૧૮. શ્રી. પ્રબોધ જસવંતલાલ શાહ, એમ.કૉમ., એ.આઈ.સી. ડબલ્યુ.	,,	,,	એમ.કૉમ.	શિક્ષણ	
૧૯. ડૉ. શાહ રમેશચંદ્ર મણિલાલ, એમ.ડી.	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ	બ્રાંચ-૧, મેડિસિન એન્ડ થેરાપ્યુટિકસ	એમ.ડી.	શિક્ષણ	
૨૦. ડૉ. યેલાવર્થી, પીએચ.ડી.	સેન્ટ્રલ લેધર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મદ્રાસ	ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી એન્ડ લેધર કેમિસ્ટ્રી	પીએચ.ડી.	સંશોધન	
૨૧. ડૉ. આર. સેલ્વારંગન, પીએચ.ડી.	,, ,,	,, ,,	પીએચ.ડી.	સંશોધન	

(ચાલુ)

ક્રમાંક	નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ/સંશોધન
૨૨.	ડૉ. સુધીન્દ્ર નાથસેન, એમ.એસસી.,ડી.ફિલ.	સેન્ટ્રલ લેધર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મદ્રાસ	માયક્રોબાયોલોજી	પીએચ.ડી.	સંશોધન
૨૩.	ડૉ. ડી. રામસ્વામી, પીએચ.ડી.	,, ,,	કેમિસ્ટ્રી	પીએચ.ડી.	સંશોધન
૨૪.	ડૉ. એસ. એમ. બોઝ, પીએચ.ડી.	,, ,,	બાયો-કેમિસ્ટ્રી	પીએચ.ડી.	સંશોધન
૨૫.	ડૉ. સંબોશંકરન રાજદુરાઈ, પીએચ.ડી.	,, ,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી, સિન્થેટિક્સ કેમિકલ્સ કેમિસ્ટ્રી ઑફ નેચરલ પ્લાન્ટ પ્રોડક્ટ્સ	પીએચ.ડી.	સંશોધન
૨૬.	ડૉ. શિશિરકુમાર બારત, પીએચ.ડી.	,, ,,	કેમિસ્ટ્રી, લેધર કેમિસ્ટ્રી, કેમિસ્ટ્રી ઑફ ટેનીન્સ, કેમિસ્ટ્રી ઑફ ટેકનોલોજી ઑફ લેધર મેન્યુફેક્ચરર	પીએચ.ડી.	સંશોધન
૨૭.	ડૉ. કે. એમ. સામશાસ્ત્રી, પીએચ.ડી.	,, ,,	આર્ગેનિક કેમિસ્ટ્રી ઑફ પ્રોડક્ટ્સ	પીએચ.ડી.	સંશોધન
૨૮.	ડૉ. નાટેસન રામનાથન, પીએચ.ડી.	,, ,,	ફિઝિક્સ ટેકનોલોજી, ટેક્સટાઇલ ઍન્ડ અધર ફાઇબર્સ	પીએચ.ડી.	સંશોધન
૨૯.	શ્રી. જોષી નવીનચંદ્ર ઉમાશંકર, એમ.એ.	પેટલાદ કૉલેજ, પેટલાદ	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
	(**નોંધ.**—તેમને મળેલ હિંદી વિષયની મદદનીશ શિક્ષકની માન્યતા રદ કરવી.)				
૩૦.	શ્રી. જૈન હરિસિંગ સુજનમલ	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ-૯	ઇલેક્ટ્રિકલ પાવર	એમ.ઈ.(ઇલેક્ટ્રિક)	શિક્ષણ

૩૧.	શ્રી. પંડ્યા અમૃતલાલ ડાહ્યાભાઈ, બી.ઈ.	,,	,,	મિકેનિકલ એન્જિનિયરિંગ	એમ.ઈ. (મિકે.)	શિક્ષણ
૩૨.	ડૉ. મેવાડા ગોવિંદલાલ શંકરલાલ, પીએચ.ડી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ		ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	શિક્ષણ
૩૩.	શ્રી. જાની અરવિંદ જે., એમ.એ. (ગુજરાત) એલએલ.બી. એમ.એ. (યુ.એસ.એસ.)	બી.ડી. કૉલેજ, અમદાવાદ		ફિલોસોફી	એમ.એ.	શિક્ષણ
૩૪.	શ્રી. વોરા પ્રદ્યુમન રંગરાય, એમ.એ.	એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ		સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ
૩૫.	શ્રી. જોષી રમણલાલ જેઠાલાલ, પીએચ.ડી.	ભાષા-ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯		ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૩૬.	શ્રી. જાની દિનકર મોહનલાલ, એમ.એ.	શામળદાસ કૉલેજ, ભાવનગર		ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૩૭.	શ્રી. શાસ્ત્રી કે. એસ., એમ.એ.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા		સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ
૩૮.	શ્રી. કોઠારી જે. એસ., એમ.એ.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ		ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૩૯.	શ્રી. સંઘવી રજનીકાન્ત લક્ષ્મીચંદ, એમ.એ., એમ.એ. (યુ.એસ.એ.)	એન. એચ. કૉમર્સ એન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ		અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	એમ.એ.	શિક્ષણ
૪૦.	શ્રી. ચૌહાણ જી. એસ., એમ.ફાર્મ.	એલ. એચ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ		ફાર્માસ્યુટિકસ	એમ.ફાર્મ.	શિક્ષણ
૪૧.	શ્રી. ચંદ્રશેખર કે. આર., એમ.એ. (મદ્રાસ) એમ.એ. (ઑકસફર્ડ) ડી.લિટ. (મદ્રાસ)	ભાષા-ભવન, ગુજરાત યુનિ., અમદાવાદ–૯		અંગ્રેજી	એમ.એ., પીએચ.ડી.	શિક્ષણ સંશોધન

ક્રમાંક	નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ/સંશોધન
૪૨.	શ્રી. ત્રિવેદી હસમુખરાય કેશવલાલ, એમ.એ.	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ–૧	(૧) પબ્લિક ઇકોનોમિક્સ (૨) ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ (૩) ઇન્ટરનેશનલ બૅંકિંગ (૪) ફોરેન એક્સ્ચેંજ	એમ.કૉમ.	શિક્ષણ

(નોંધ.—શ્રી. ત્રિવેદીને એમ.એ. પદવી અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" વિષયની આપેલ માન્યતા રદ કરવી.)

૪૩.	શ્રી. શાહ જગદીશ રમણલાલ, એમ.એ.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	ઇકોનોમિક્સ જૂથ "સી" અને "ડી"	એમ.એ.	શિક્ષણ

(બ) નીચેના શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં :

ક્રમાંક	નામ	કૉલેજ/સંસ્થા	વિષય	પદવી	નોંધ
૧.	શ્રી. ત્રિવેદી રામરસિક હરિશંકર	પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ	સાયકોલોજી	એમ.એ.	તેઓ એમ.એ. સાયકોલોજી કે ફિલોસોફી વિષયમાં માન્યતા મેળવવા ઇચ્છે છે કે કેમ તે પુછાવવું અને આ માહિતી આવ્યેથી ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૨.	શ્રી. પાઠક જ્યંતિલાલ હિંમતલાલ	ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત	ગુજરાતી	પીએચ.ડી.	શ્રી. પાઠકનાં સંશોધન-પેપરો રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનાં છે કે કેમ તે અંગે શ્રી. ઉમાશંકર જોશીનો અભિપ્રાય મંગાવવો અને અભિપ્રાય આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૩.	શ્રી. જોસેફ એ. ડી.	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	ફાર્મેકોલોજી	પીએચ.ડી.	ડૉ. જોસેફનાં સંશોધન-પેપરો રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનાં છે કે કેમ તે અંગે મેડિકલ ફેકલ્ટીના ડીન ડૉ. ટી. બી. પટેલનો અભિપ્રાય મંગાવવો અને અભિપ્રાય આવ્યા બાદ યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪. શ્રી. મિશ્રા રામ દારાશ	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	હિંદી	પીએચ.ડી.	શ્રી. મિશ્રાનાં સંશોધન-પેપરો રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનાં છે કે કેમ તે અંગે ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીનો અભિપ્રાય મંગાવવો.
૫. શ્રી. સી. એસ. શાહ	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ–૯	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	એમ.ફાર્મ.	શ્રી. શાહ એમ.ફાર્મ. પદવીના ફાર્મેકોગ્નોઝી વિષયમાં માન્યતા ધરાવતા હોવાથી તેઓને પુછાવવું કે, તે બે વિષયમાંથી કયા એક વિષયમાં માન્યતા ઇચ્છે છે.
૬. શ્રી. એચ. આર. દેરાસરી	,,	ફાર્મેકોલોજી	એમ.ફાર્મ.	શ્રી. દેરાસરીને પુછાવવું કે, તેઓ કયો વિષય શીખવે છે અને જો તેઓ જણાવે કે, ફાર્મેકોલોજી વિષય ડિગ્રી કક્ષાએ શીખવે છે તો તેમને માગેલ વિષયમાં માન્યતા આપવી.
૭. શ્રી. એ. એસ. નાગર	ભાષા-ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	હિંદી	પીએચ.ડી.	શ્રી. નાગરનાં સંશોધન-પેપરો રેકગ્નાઇઝ્ડ મેરિટ્નાં છે કે કેમ તે અંગે ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીનો અભિપ્રાય મંગાવવો અને અભિપ્રાય આવ્યેથી યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે, માન્યતા માટે યુનિવર્સિટીએ નિયત કરેલાં ધારાધોરણો જોતાં નીચે જણાવેલા શિક્ષકોની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની આવેલ અરજીઓ માન્ય કરવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. શુક્લ રમેશચંદ્ર મહાશંકર	ગુજરાતી	એમ.એ.	શામળદાસ કૉલેજ, ભાવનગર
૨.	શ્રી. ત્રિવેદી નરેન્દ્રપ્રસાદ રતિલાલ	એજ્યુકેશન	એમ.એડ.	પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	પદવી	કૉલેજ/સંસ્થા
૩.	શ્રી. ધ્રુવ શશિકાન્ત હરિલાલ	ફિઝિક્સ	એમ.એસસી.	એચ. એન્ડ એચ. બી. કૉટક ઇન્સ્ટિ., રાજકોટ
૪.	શ્રી. તલાટી જશવંતલાલ દામોદરદાસ	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	,,	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૫.	શ્રી. શાહ ચંદ્રકુમાર કાંતિલાલ	બોટેની	,,	વિજ્ઞાનવિદ્યા ભવન, અમદાવાદ-૯
૬.	શ્રી. અમીન હરિકિશન ગલાભાઈ	હૉર્ટિકલ્ચર	એમ.એસસી. (એગ્રિકલ્ચર)	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ
૭.	શ્રી. ભટ્ટ અનંતરાય નારણભાઈ	અંગ્રેજી	એમ.એ.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ
૮.	શ્રી. રાવલ જયંતિલાલ નરભેરામ	સંસ્કૃત	એમ.એ.	શ્રી. યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી
૯.	શ્રી. ગાંધી રમણલાલ હીરાલાલ	હિન્દી	એમ.એ.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ
૧૦.	કુ. ભટ્ટ ચંપા લક્ષ્મણરાવ	એજ્યુકેશન	પીએચ.ડી.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૧૧.	શ્રી. દેસાઈ કિશકાન્ત ગોપાલજી	સાયકોલોજી	,,	,, ,, ,,
૧૨.	શ્રી. જગન્નાથ ફિલિપ	અંગ્રેજી	એમ.એ.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ
૧૩.	શ્રી. શાહ સી. કે.	બોટેની	પીએચ.ડી.	વિજ્ઞાનવિદ્યા ભવન, અમદાવાદ-૯.

૨. આથી ઠરાવવામાં આવે છે કે માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકોને ઉપકુલપતિશ્રીએ મદદનીશ શિક્ષક તરીકે આપેલી માન્યતાની નોંધ લેવી.

(મંજૂર કરવામાં આવેલ મદદનીશ શિક્ષકોની યાદી પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૩. આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના પ્રોફેસર શ્રી. એસ. બી. મહેતાને તેમની વિનંતી મુજબ એમ.કૉમ. પદવીના (૧) ઇકોનોમિક્સ ઑફ એગ્રિકલ્ચર, (૨) કો-ઑપરેશન એન્ડ રુરલ ડેવેલપમેન્ટ, (૩) આર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ, તથા (૪) પબ્લિક ઇકોનોમિકસના વિષયોમાંથી (૧) કો-ઑપરેશન એન્ડ રુરલ ડેવેલપમેન્ટ, તથા (૨) ઓર્ગેનાઇઝ્ડ માર્કેટ્સના વિષયોની માન્યતા રદ કરી બીજા બે વિષયો (૧) ઇન્ટરનેશનલ બૅંકિંગ, તથા (૨) ફોરેન એક્સ્ચેંજના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની તેમની વિનંતી સ્વીકારવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢમાં એમ.એસસી. પદવી (એગ્રિ.) માટે બોટેની વિષયમાં જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. કે. દેસાઈની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં એમ.એસસી. પદવી ફિઝિકસ વિષય માટે જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાની પરવાનગી આપવા તેમ જ તે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. વી. પી. ભટ્ટની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. પદવી (મેડ.) ફિઝિયોલોજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર વર્ષ ૧૯૬૩-૬૪ દરમિયાન અપૂરતા સ્થાનિક સ્ટાફને લઈને બંધ કરવામાં આવેલ તે કેન્દ્ર, ચાલુ સાલે વર્ષ ૧૯૬૪ દરમિયાન તે કેન્દ્રમાં પૂરતો સ્થાનિક સ્ટાફ થવાને લઈને જૂન ૧૯૬૪થી ફરી શરૂ કરવા પરવાનગી આપવા તથા તે અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. બલદત્તની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. આથી ઠરાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ શિક્ષકની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા તેમના નામ સામે જણાવેલ સંસ્થામાં બદલી આપવી :

શિક્ષકનું નામ	માન્યતાનો પદવી વિષય		પ્રથમની કૉલેજ/સંસ્થા	માન્યતા બદલી આપવામાં આવી તે કૉલેજ/સંસ્થા
શ્રી. આઈ કે. દવે	ગુજરાતી	એમ.એ.	પારેખ બધર્સ સાયન્સ એન્ડ શાહ એસ. કે. આર્ટ્સ કૉલેજ, કપડવણજ	જે. એમ. શાહ આર્ટ્સ કૉલેજ, જંબુસર

૮. આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં એમ.એ. પદવી માટે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જૂથ 'સી' અને 'ઈ'ના વિષયોમાં જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. ઇન્સ્ટિટયૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદને વર્ષ ૧૯૬૨-૬૩નાં અનુસ્નાતક કેન્દ્રોની કુલ બચત રૂા. ૪,૮૭૦-૭૧ ન. પૈસામાંથી રૂા. ૨,૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.એડ. પદવી એજ્યુકેશનના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જને વર્ષ ૧૯૬૨-૬૩ની અનુસ્નાતક કેન્દ્રોમાંથી રૂા. ૪,૪૧૧-૫૩ ન.પૈ.ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૧. આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણ અંગેની વ્યવસ્થા અંગે શ્રી. ડોલરરાય ર. માંકડનાં સૂચનો પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે જે સમિતિ નીમી હતી તે સમિતિનાં સૂચનો પરત્વે લંબાણ ચર્ચા-વિચારણાને અંતે નીચે પ્રમાણેની ભલામણો સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) જુદા જુદા વિષયોમાં શિબિરો યોજવા અંગેનો ખ્યાલ સ્વીકારવો.

(૨) ચાલુ સાલે અનુસ્નાતક કેન્દ્રોમાં જુનિયરના વર્ષમાં દાખલ થનાર વિદ્યાર્થીઓને જે સમયે અને સ્થળે આવા શિબિરો યોજવામાં આવે તેમાં ફરજિયાત હાજર રહેવું પડશે, એવી ખબર જે તે કેન્દ્રોએ આપવી.

(૩) શિબિરમાં આવનાર દરેક વિદ્યાર્થીએ પોતાને ખર્ચે આવવાનું રહેશે. મુસાફરીભાડું આપવામાં આવશે નહિ, પરંતુ રહેવાની તથા ભોજનની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે.

(૪) તા. ૨૫મી જુલાઈ સુધીમાં કયા વિષયમાં કેટલા વિદ્યાર્થીઓ છે તેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયે ભેગી કરવી.

(૫) જુદા જુદા વિષયોમાં શિબિરો યોજવા અંગે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી અને તે સમિતિએ તે અંગેનો પ્લાન અને ટાઇમટેબલ વગેરે તૈયાર કરવાં :

ક્રમાંક સમિતિના સભ્યોનાં નામ

૧. શ્રી. યશવંત પ્રા. શુકલ (કન્વીનર),
૨. શ્રી. જે. બી. સાવ્હિડલ,
૩. શ્રી. ડોલરરાય ર. માંકડ,
૪. શ્રી. અંબેલાલ આર. દેસાઈ, તથા
૫. યુનિ. વિદ્યાભવનોના ચારે અધ્યક્ષો.

(૬) ઉપરના સભ્યોની સમિતિએ જે તે વિષયોના શિબિરો યોજવા કાર્યક્રમ, સ્થળ વગેરે અંગેની સર્વ જવાબદારી સ્વીકારવી.

(૭) ઉપરની સમિતિએ શિબિરો યોજવા અંગેનો ફાઇનલ રિપોર્ટ તા. ૨૦ ઑગસ્ટ સુધીમાં આપવો.

(૮) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં નીચેના વિષયોના શિબિરો યોજવા :

(ક) વિનયનના વિષયો :
ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન.

(ખ) વિજ્ઞાનના વિષયો :
ફિઝિકસ, કેમિસ્ટ્રી—ઑર્ગેનિક અને ઇનઑર્ગેનિક, બોટની અને મૅથેમેટિકસ.

(ગ) વાણિજ્યના વિષયો :
સ્ટેટિસ્ટિકસ અને ઍકાઉન્ટિંગ.

આ શિબિરોના ખર્ચનો અંદાજ આશરે રૂા. ૪૦,૦૦૦ છે.

૧૨. આથી ઠરાવવામાં આવે છે કે, ખેતીવાડી વિદ્યાશાખાના અનુસ્નાતક વિષયોના વિદ્યાર્થીઓ પેટે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂા. ૧૫૦ની સબસિડી આપવી અને તે મુજબ અનુસ્નાતક નિયમ નં. ૪૪માં જરૂરી સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા અનુસ્નાતક નિયમ નં. ૪૪ની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૧૩. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી શાન્તિલા બી. ત્રિવેદીને તેઓ નિયમ મુજબ ફરીથી રૂા. ૨૦ ભરીને નિયમ નં. ૧૯ અનુસાર રજિસ્ટ્રેશન કરાવે તે શરતે વધુ એક વર્ષનો સમય-વધારો તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. વી. જોષી, કે જેઓ શ્રી. પી. એમ. મોદીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નોંધાયેલા, પરંતુ શ્રી. પી. એમ. મોદીના દ્વારકા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીમાંથી નિવૃત્ત થયા બાદ પણ શ્રી. જોષીએ જે સાડા-ત્રણ વર્ષ સુધી શ્રી. મોદીનું માર્ગદર્શન મેળવેલું તે સમયને માન્ય રાખવા તથા શ્રી. જોષીનું અધૂરું રહેલું કામ શ્રી. મોદીનું માર્ગદર્શન મેળવી તેમને પૂરું કરવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરના પ્રાધ્યાપક ડૉ. વી. ટી. ઓઝાને પીએચ.ડી. પદવી ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં જૂન ૧૯૬૭ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની Development of Post-graduate Studies in Humanities and Social Sciences during the Third Five Year Plan યોજના હેઠળ એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને સાયકૉલોજી વિષયના વિકાસ અર્થે રૂા. ૭૫,૦૦૦ની ગ્રાન્ટ યુ.જી.સી. તરફથી મળી છે તેની નોંધ લેવી.

૧૭. આથી ઠરાવવામાં આવે છે કે ડી. કે. વી. કૉલેજ, જામનગરને એમ એ.–એમ.એસસી. પદવી માટે ગણિતશાસ્ત્ર વિષયમાં જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપવા તેમ જ તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય શ્રી. જે. બી. સાણ્ડિલની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. કૉલેજ, જામનગરને એમ.એ. પદવી માટે ઇતિહાસ, અર્થશાસ્ત્ર વિષયમાં (જૂથ 'એ' અને 'સી') જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની ખાસ કેસ તરીકે પરવાનગી આપવા તેમ જ તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. કે. વી. વસાવડાની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૯. આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. કૉલેજ, જામનગરને એમ.એ. પદવી માટે હિંદી વિષયમાં જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. એ. જાનીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦. આથી ઠરાવવામાં આવે છે કે, પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરમાં એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૪થી ફરીથી શરૂ કરવા પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય શ્રી. એ. આર. રાવની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. આર. રાવની એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરમાં બદલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની Development of Post-graduate Studies in Humanities and Social Sciences during the Third Five Year Plan અંગેની યોજના હેઠળ એમ. ટી. બી. કૉલેજ સુરતને અંગ્રેજી અને સંસ્કૃત વિષયના વિકાસ અર્થે યુ.જી.સી. તરફથી રૂા. ૪૭,૫૦૦ની ગ્રાન્ટ મળતાં વધારાના સ્ટાફના રિકરિંગ ખર્ચ પેટે જે કાંઈ ખર્ચ થવા પામે તે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કે યુનિવર્સિટી પોતે ઉપાડશે નહિ પણ કૉલેજે જ ઉપાડવું જોઈએ તેવી સ્પષ્ટતા તે કૉલેજના આચાર્યને કરવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. આથી ઠરાવવામાં આવે છે કે, સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતને વર્ષ ૧૯૬૩-૬૪ના વર્ષને અંગે રહેલ અનુસ્નાતક કેન્દ્રની કુલ બચત રૂા. ૨૦,૩૮૫-૦૬ ન.પૈ. માંથી નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવાની તેમની વિનંતી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. પુસ્તકો	...	રૂા. ૭,૦૦૦
૨. કબાટો	...	રૂા. ૧,૫૦૦
૩. સ્ટેટિસ્ટિકસનાં મશીન રિપેર વગેરે માટે	...	રૂા. ૩૫૦
	કુલ્લે	રૂા. ૮,૮૫૦

૨૪. આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ શિક્ષકોની અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તેમનાં નામ સામે જણાવેલ કૉલેજ/સંસ્થામાં બદલી આપવી:

ક્રમાંક	શિક્ષકનું નામ	માન્યતાનો વિષય	પદવી	પ્રથમની કૉલેજ/સંસ્થા	માન્યતા બદલી આપવામાં આવેલ કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. ડી. એમ. જાની, મદદનીશ	ગુજરાતી	એમ.એ.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	શામળદાસ કૉલેજ, ભાવનગર
૨.	શ્રી. સી. આર. નાયક, શિક્ષક	પર્શિયન	એમ.એ. તથા પીએચ.ડી	બી.જે. ઇન્સ્ટિ. ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ	ભાષા-ભવન, અમદાવાદ
૩.	શ્રી. નાન્દી તપસ્વી એસ., શિક્ષક	સંસ્કૃત	એમ.એ.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	(ઉપર મુજબ)
૪.	પ્રો. બી. એમ. દેસાઈ, શિક્ષક	અંગ્રેજી	એમ.એ.	એમ. ટી. બી. કૉલેજ સુરત	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૫.	શ્રી. એલ. બી. પટેલ, મદદનીશ	ગુજરાતી	એમ.એ.	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	શ્રી. એન.એચ. કૉમર્સ અને એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ.

૨૫. આથી ઠરાવવામાં આવે છે કે, એન. એચ. કૉમર્સ કૉલેજ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડમાં એમ.એ. પદવી માટે ગુજરાતી વિષયમાં જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા પરવાનગી આપવા તેમ જ તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. એન. કે. પંડ્યાની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૬. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એચ. કૉમર્સ કૉલેજ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડમાં એમ.એ. પદવી માટે અર્થશાસ્ત્ર વિષયમાં (જૂથ 'સી' અને 'ડી') જૂન ૧૯૬૪થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા પરવાનગી આપવા તેમ જ તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. ડી. જે. પંડ્યાની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદનાં ડૉ. મિસિસ એ. બી. દેસાઈને તેઓ જી. ટી. હૉસ્પિટલ, મુંબઈમાં ડી.સી.એચ. અને એફ.સી.પી.એસ.ના અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિક્ષણ આપતાં હતાં તેને આધારે તેમને એમ.ડી., બ્રાન્ચ-૫ પેડિયાટ્રિક્સ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી શકાય કે કેમ તે બાબત તબીબી વિદ્યાશાખાના ડીન, ડૉ. ટી. બી. પટેલનો અભિપ્રાય મંગાવવો અને અભિપ્રાય આવ્યેથી તે અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ નીચેની બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી સભા સમક્ષ રજૂ કરવામાં આવેલી.

૨૮. એમ. ટી. બી. કૉલેજ, સુરતમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી' વિષયના અનુસ્નાતક કેન્દ્રને એક વર્ષ પૂરતું ચાલુ રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ટી. બી. કૉલેજ સુરતમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી' વિષયના અનુસ્નાતક કેન્દ્રનાં જરૂરી એવા સ્થાનિક શિક્ષકગણની નિમણૂક વર્ષ ૧૯૬૪-૬૫ દરમિયાન કરીને તે ઊણપ દૂર કરશે એ શરતે ચાલુ વર્ષ પૂરતું તે અનુસ્નાતક કેન્દ્રને ચાલુ રાખવા તે કૉલેજના આચાર્યશ્રીને પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. એસ.બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'ના વિષયોમાં જરૂરી સ્થાનિક શિક્ષકગણ થતો હોવાથી તે કેન્દ્રને ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અર્થશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક સ્ટાફ થતો હોવાથી તે વિષયના અનુસ્નાતક કેન્દ્રને ચાલુ રાખવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "અ"

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. શાહ જયેશકુમાર મણિલાલ	એમ.એ.	એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ.
૨.	શ્રી. પટેલ જયંતકુમાર પુરુષોત્તમ	,,	ગુજરાતી	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત.
૩.	શ્રી. પટેલ લલ્લુભાઈ ભાણાભાઈ	,,	,,	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ.
૪.	શ્રી. શાહ નવનીતલાલ છોટાલાલ	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ.
૫.	શ્રી. ભટ્ટ ભાલચંદ્ર રતિલાલ	,,	અંગ્રેજી	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત.
૬.	શ્રી. ઠાકર પ્રિયકાન્ત કેવલરામ	,,	,,	શામળદાસ કૉલેજ, ભાવનગર.
૭.	શ્રી. મઝમુદાર નીલેશ્વરી એસ.	,,	સંસ્કૃત	પેટલાદ કૉલેજ, પેટલાદ.
૮.	શ્રી. જોશી અરવિંદ હર્ષદરાય	,,	,,	એન. કે. એમ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ.
૯.	શ્રી. ઠાકર ચીનુભાઈ ભાઈશંકર	,,	હિંદી	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત.
૧૦.	શ્રી. આચાર્ય બચુભાઈ ડાહ્યાલાલ	,,	,,	એન. કે. એમ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ.
૧૧.	શ્રી. શુક્લ હરિપ્રસાદ ગજાનન	,,	,,	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ.
૧૨.	શ્રી. ભટ્ટ કાન્તિલાલ ચિમનલાલ	,,	,,	એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા.
૧૩.	શ્રી. ભરદ્વાજ શ્રીનારાયણ કલ્યાણમલ	,,	,,	,, ,, ,, ,,

૧૪.	શ્રી. જોશી અરવિંદકુમાર ત્રિકમભાઈ	એમ.એ.	હિન્દી	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૧૫.	શ્રી. પટેલ મનુભાઈ ધૂળાભાઈ	,,	ઇતિહાસ, અર્થશાસ્ત્ર જૂથ 'સી', 'ડી'	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવણજ.
૧૬.	શ્રી. દવે રમણીકલાલ જયંતિલાલ	,,	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ.
૧૭.	શ્રી. પંડ્યા ગિરીશચંદ્ર જમિયતરામ	,,	અર્થશાસ્ત્ર જૂથ 'ડી'	મહેન્દ્રસિંહજી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, રાજપીપળા.
૧૮.	શ્રી. કાપડિયા વિનય રતિલાલ	,,	અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'	કે. એમ. આર્ટ્સ કૉલેજ, કલોલ.
૧૯.	શ્રી. અંબાણી શશિકાન્ત માણેકલાલ	,,	ફિલોસોફી	એન. કે. એમ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ.
૨૦.	શ્રી. ત્રિવેદી મનસુખરામ દલપતરામ	એમ.એડ.	એજ્યુકેશન	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ.
૨૧.	શ્રી. ત્રિવેદી નરેન્દ્રપ્રસાદ રતિલાલ	,,	,,	,, ,, ,,
૨૨.	શ્રી. ત્રિવેદી નિરંજન ઉપેન્દ્ર શર્મા	,,	,,	,, ,, ,,
૨૩.	શ્રી. તલાટી મહેન્દ્ર ચિમનલાલ	એમ.એસસી.	ફિઝિકસ	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૨૪.	શ્રી. મહેતા દિવ્યકાન્ત હરિવદનરાય	એમ.એસસી.	ઓર્ગે. કેમિસ્ટ્રી	પી. ટી. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, મોડાસા.
૨૫.	શ્રી. દેસાઈ જશવંતરાય લલ્લુભાઈ	એમ.કૉમ.	કૉર્પો. ફાઇનાન્સ	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
૨૬.	શ્રી. પંડ્યા પ્રમોદરાય હરિશંકર	એમ.કૉમ.	ઓર્ગે. માર્કેટ્સ, ઓર્ગે. ઑફ ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ, ઓર્ગે. ઑફ ઇન્ડસ્ટ્રીઝ, પબ્લિક ઇકોનોમિકસ	એમ. પી. એસ. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, જામનગર.

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૨૭.	શ્રી. પટેલ કેશવલાલ મોહનલાલ	,,	સ્ટેટિસ્ટિક્સ	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
૨૮.	શ્રી. પટેલ નાથુભાઈ હરજીવનદાસ	એમ.ડી. બ્રાન્ચ-૧	મેડિસિન,	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૨૯.	શ્રી. જોશી નરેશચંદ્ર બલવંતરાય	એમ.કૉમ.	(૧) કોર્પોરેશન ફિનાન્સ (૨) પબ્લિક ઇકોનોમિક્સ (૩) કૃષિકળા (૪) ઉદ્યોગ	સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી.
૩૦.	શ્રી. શાહ રજનીકાન્ત કૃષ્ણપ્રસાદ	એમ.એ.	ઇતિહાસ જૂથ 'એ' અને 'બી'	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ.
૩૧.	શ્રી. દેસાઈ એચ. જે.	,,	ગુજરાતી	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.
૩૨.	શ્રી. બ્રહ્મભટ્ટ આર. ડી.	,,	ઇતિહાસ જૂથ 'એ' અને 'બી'	,, ,, ,, ,,
૩૩.	શ્રી. શાહ નવનીતલાલ આર.	એમ.એસસી.	ઇનઑર્ગે. કેમિસ્ટ્રી	યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ (ઉ. ગુ.).

परिशिष्ट "ब"

Post-graduate Rule 44 :

An affiliated College or Recognised Institution, other than a Post-graduate Department of the University, where a Post-graduate Centre for the Post-graduate teaching in one or more of the following subjects has been instituted by the University, or where authorised guidance for research for Ph.D. is given, will be entitled to receive financial assistance according to the rates mentioned against each subject. The financial assistance intended to assist the College or the institution concerned towards the maintenance of the laboratory, providing the necessary equipment and its replacement, expenditure on chemicals and all other services required for carrying out the laboratory work :

(*a*) *Faculty of Arts including Education :*

1. Home Science	Rs. 200	..	per student per year
2. Archaeology	Rs. 200	..	–do–
3. Statistics	Rs. 100	..	–do–
4. Experimental Psychology	Rs. 15	..	–do–

(*b*) *Faculty of Science :*

1. Chemistry	Rs. 300	..	–do–
2. Physics	Rs. 150	..	–do–
3. Botany	Rs. 150	..	–do–
4. Zoology	Rs. 150	..	–do–
5. Geology	Rs. 150	..	–do–
6. Microbiology	Rs. 150	..	–do–
7. Statistics	Rs. 100	..	–do–

(*c*) For the subject comprised under the Faculty of Medicine to those Post-graduate students who are registered for

M.D. & M.S. and have not got any house-post at a College/Institution.	Rs. 250	..	–do–
(*d*) In case of Pharmacy College	Rs. 300	..	per M.Pharm. student per year.
(*e*) In the case of students registered for M.Sc. by papers under the Faculty of Agriculture	Rs. 150	..	per student per year.

This assistance will be paid at the end of the year by the University on receipt of the certified statement from the Professor-in-charge of the centre and Principal of the College/Institution that the students concerned have worked satisfactorily during the year under payment and the actual expenditure incurred by the institution was not less than the amount claimed by them in that behalf. No expenditure other than that specifically provided for by the University under the relevant rules shall be paid by the University.

This rule regarding financial assistance shall also apply *Mutatis-Mutandis* to recognised Institutions in respect of students working for Ph.D. degree in the aforesaid subjects.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૩

સિન્ડિકેટે તેની તા. ૧૧-૬-૧૯૬૪ની સભામાં સ્ટેચ્યૂટ ૧૧૮ કે જે સેનેટે તેની તા. ૨૫-૩-૧૯૬૪ની સભામાં રિફર-બૅક કરેલો તે પરત્વે વિચારણા કરવા માટે જે સમિતિ નીમી હતી તે સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૦-૭-૧૯૬૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૨. ડૉ. વાય. જી નાયક	ગેરહાજર
૩. શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૪. શ્રી. જે. જે. ચિનોય	ગેરહાજર
૫. શ્રી. જે. એમ. મહેતા, કાર્યકારી રજિસ્ટ્રાર	હાજર.

સેનેટે તેની તા. ૨૫-૩-૧૯૬૪ની સભામાં રિફર-બૅક કરેલ સ્ટેચ્યૂટ ૧૧૮ જે સિન્ડિકેટે તેની તા. ૧૧-૬-૧૯૬૪ની બેઠકમાં ઉપર જણાવેલ સભ્યોની સમિતિને જરૂરી વિચારણા કરવા મોકલેલ તે પરત્વે સમિતિએ, સેનેટે રિફર-બૅક કરતી વખતે થયેલી ચર્ચાને ધ્યાનમાં લઈ યોગ્ય વિચારણાને અંતે નક્કી કર્યું કે સુધારેલો સ્ટેચ્યૂટ ૧૧૮ જેમ છે તેમ જ રાખવો.

વધુમાં, સમિતિએ તે સુધારેલા સ્ટેચ્યૂટ ૧૧૮ની કલમ ૭ અંગે એ સ્પષ્ટતા કરી છે કે મૂળ સ્ટે. ૧૧૮માં ૭ શિક્ષકોની જે જોગવાઈ છે તેને બદલે સુધારેલા સ્ટે. ૧૧૮માં ૮ અનુસ્નાતક શિક્ષકોની જે જોગવાઈ રાખવામાં આવી છે, તેમાંથી ૩ જગ્યાઓ ફક્ત અનુસ્નાતક શિક્ષકો કે જેઓ કોઈ કૉલેજોના આચાર્ય કે સંસ્થાના વડા ન હોય તેવા શિક્ષકો માટે અનામત રાખવાનો હેતુ છે, જ્યારે બાકીની પાંચ જગ્યાઓ શિક્ષકો માટે છે અને તે કોઈ પણ કૉલેજના આચાર્ય કે સંસ્થાના વડા હોય અને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોય તેઓ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર પ્રતિનિધિત્વ ધરાવી શકે એવી છૂટ રહે છે.

સુધારેલો સ્ટે. ૧૧૮ નીચે મુજબ છે:

St. 118:

The Board of University Teaching shall consist of—

1. The Vice-Chancellor,
2. The Rector,

3. Deans of Faculties,

4. Two members nominated by the Syndicate for a period of three years,

5. Heads of University Departments, i.e., the Post-graduate Schools,

6. Heads of constituent Degree Colleges and Heads of Constituent Recognised Institutions, provided they are also recognised Post-graduate Teachers in the University.

7. Eight recognised Post-graduate Teachers to be nominated, one from each Faculty, by the Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments but shall not be Principals or Heads of Colleges, Recognised Institutions or University Departments.

ર૧. પુ. મેઢ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૨

સિન્ડિકેટે તા. ૧૧-૬-૧૯૬૪ની સભામાં ઑર્ડિનન્સ ૧૩૫-એ સુધારવા માટે નીમેલી સમિતિની સભા, તા. ૧૦-૭-૧૯૬૪ના રોજ બપોરના ૩-૦૦ કલાકે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ભગનભાઈ દેસાઈ	હાજર
૨. પ્રિ. એમ. એસ. પંડિત	હાજર
૩. પ્રિ. વાય. જી. નાયક	ગેરહાજર
૪. પ્રો. જે. જે. ચિનોય	હાજર
૫. શ્રી. જે. એમ. મહેતા	હાજર.

નીચે પ્રમાણે કામકાજ થયું હતું :

૧. એન.સી.સી. ડિરેક્ટર તરફથી થયેલ ટેક્નિકલ યુનિટ અંગેનું સૂચન અપનાવવામાં આવ્યું હતું અને તે અંગેનો સુધારો કલમ ૬માં ઉમેરવામાં આવ્યો હતો. (Excepting those joining Technical Units for whom the training in that Unit will be compulsory for two years.)

આ શબ્દો કૌંસમાં ૩ ઇયર્સ પછી ઉમેરવાનું ઠરાવ્યું હતું.

૨. કમાતા અને ભણતા વિદ્યાર્થીઓ અંગેના સૂચન સાથે આ સમિતિ સહમત થતી નથી, કારણ કે તેથી જે ફરજિયાત તાલીમના ધોરણ પર આ ઑર્ડિનન્સની રચના થઈ છે તે રહેતી નથી. જો બદલવું જ હોય તો આખી ફરજિયાત યોજના છે તે જ બદલવી જોઈએ અને તે શક્ય ન હોય ત્યાં સુધી આ છે તે બરાબર છે. બીજું કે કમાતા વિદ્યાર્થીઓની વ્યાખ્યા કરવામાં પણ મુશ્કેલી ઊભી થવાનો સંભવ છે.

૩. નર્સિંગ અને ફર્સ્ટ એઇડની તાલીમ માટેના 'As far as possible' શબ્દો કૉલેજની મુશ્કેલીઓ જોઈને ઉમેર્યા હતા, તેથી તેમાં ફેરફાર કરવાની જરૂર આ સમિતિને લાગતી નથી.

૪. બીજા મુદ્દાઓ જે સેનેટમાં ચર્ચાયા હતા તે અંગે વિચાર કરતાં જે છે તે બરાબર છે, એમ આ સમિતિને લાગે છે.

વાસુદેવ મહેતા
રજિસ્ટ્રાર વતી.

O. 135-A :

(1) It shall be the duty of every male student other than a student reading for the final year in the Degree Examination, joining a college affiliated to this University for pursuing a course of studies leading to his first degree, or diploma, as the case may be, to join the N.C.C. and attend the parades, camps, and other programmes that may, from time to time, be prescribed by the N.C.C. authorities, as and when the N.C.C. is introduced in the affiliated college. For the purpose of admission to an examination, a student shall obtain a certificate from the Principals of his having attended during the course of the terms entitling him to admission to that Examination not less than 75% of the total number of parades in each year, provided that it shall be competent for the Principal of a college to condone a candidate's deficiency in attendance at parades to a further extent of 15% of parades on grounds of health or participation in Inter-collegiate, Inter-zonal or Inter-University tournaments.

(2) Notwithstanding anything contained in (1) above, students (*i*) who cannot be enrolled in N.C.C. on account of age restriction or other rules, laid down by N.C.C. authorities, or being overseas students or, having foreign domicile or (*ii*) who have not been found by N.C.C. authorities medically fit to join the N.C.C., will be exempted from N.C.C. training, provided that students so exempted shall complete to the satisfaction of the Principal of his college, a compulsory programme of physical training and also a course, as far as possible, of Preliminary Nursing including first-aid to be prescribed by the University.

(3) Notwithstanding anything contained in (1) above, it shall be competent for the Vice-Chancellor to exempt any male student from the N.C.C. training on medical grounds on the recommendation of the Chief Medical Officer of the University or the Civil Surgeon of the District where the college is situated, or a special Medical Board that may be constituted in that behalf by the Vice-Chancellor in his discretion.

Provided that a student so exempted or not enrolled for want of N.C.C. facilities, shall complete to the satisfaction of the Principal of his college, a compulsory programme of Physical Training and also a

course as far as possible, of Preliminary Nursing including first-aid, to be prescribed by the University.

(4) It shall be the duty, of every female student, other than a student reading for the final year in the Degree or Diploma examination, as the case may be, joining a college affiliated to the University, for pursuing a course of studies leading to her first degree, to complete to the satisfaction of the Principal of her college, a programme of compulsory physical training and also a course, as far as possible, of preliminary Nursing including first-aid, to be prescribed by the University. No female student shall be admitted to an examination unless she has, during the course of the terms entitling her to admission to that examination, completed to the satisfaction of the Principal of her college, the compulsory programme of physical training and also a course, as far as possible, of Preliminary Nursing including first-aid.

(5) Notwithstanding anything contained in (4) above, a female student who has joined the N.C.C. will be exempted from the programme of physical training and a course of Prelimnary Nursing including first-aid, provided she attends N C.C. training to the satisfaction of her Principal as per provisions in (1) above.

(6) Notwithstanding anything contained above, a student who has undergone N.C.C. training for three years (Excepting those joining technical units for whom the training in that Unit will be compulsory for two years) shall not be required to join the N.C.C. or undergo a compulsory programme of physical training and a course of Nursing including first-aid.

(7) Notwithstanding anything contained above, it is hereby provided that it shall be competent for the Principal of a college, to grant exemption from physical training on medical grounds to a candidate who is otherwise required to undergo a course of physical training under sub-clauses (2) and (4) above.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૨

સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલ સ્થાયી સમિતિની સભા તા. ૧૮-૭-૧૯૬૪ના રોજ ૨-૦૦ વાગ્યે તથા તા. ૨૪-૭-૧૯૬૪ના રોજ ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બંને સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

	તા. ૧૮-૭-૧૯૬૪	તા. ૨૪-૭-૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૩. પ્રિન્સિ. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪. પ્રિન્સિ. એમ. એસ. પંડિત	હાજર	હાજર
૫. પ્રિન્સિ. ડૉ. ય. ગુ. નાયક	ગેરહાજર	હાજર
૬. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી	હાજર	હાજર
૭. શ્રી. વી. એચ. ભાનોટ (ખાસ આમંત્રણથી)	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તેની તા. ૧૧-૪-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા પ્રમાણે યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ લાખિયા દેસાઈ એન્ડ કં.ની ઑડિટ નોંધ ઉપરથી બૉર્ડ ઑફ એકાઉન્ટ્સે હિસાબ વિભાગમાં નીચેની જગ્યાઓ ઊભી કરવા કરેલી ભલામણ સ્થાયી સમિતિ તરફ વિચારણા માટે મોકલેલી હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત:

(૧) આસિ. એકાઉન્ટન્ટ અને પાંચ જુ. કલાર્કનો બનેલો ઑડિટ વિભાગ.

(૨) વધારાના કામકાજને પહોંચવા આઠ જુ. કલાર્કની નવી જગ્યાઓ.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, હિસાબ વિભાગના વધેલા કામકાજ માટે આઠ જુ. કલાર્કની જગ્યાઓ રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-ઈ.બી.-૧૦-૨૫૦ના પગારધોરણમાં એક વર્ષ માટે ઊભી કરવી. તે દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયના બધા જ વિભાગોની કામકાજની તપાસ કરી યોગ્ય વ્યવસ્થા કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય સિવાયના બીજા વિભાગોના હિસાબોનું ઑડિટ કરવા માટે એક ઑડિટ વિભાગ શરૂ કરવો અને તે માટે નીચેની જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવી:

(૧) ઑડિટ સુપરિન્ટેન્ડન્ટ: એક જગ્યા રૂા. ૩૨૦-૨૦-૪૦૦-ઈ.બી.-૨૦-૪૪૦.
લાયકાત: ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા એમ.કૉમ. અને બી.કૉમ. એકાઉન્ટન્સી સાથે અને પાંચ વર્ષનો અનુભવ અથવા બીજા વર્ગના બી.કૉમ. એકાઉન્ટન્સી સાથે અને સાત વર્ષનો અનુભવ—જગ્યા ૧.

(૨) જુ. ક્લાર્ક રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-ઈ.બી.-૧૦-૨૫૦. જગ્યા ૩.

૨. સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૬-૧૯૬૩ની સભામાં કરેલા હિસાબ પ્રમાણે લાઇફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન પાસેથી મંગાવેલી ગ્રેચ્યુઇટી અંગેના વીમાની યોજના ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન તરફથી ગ્રેચ્યુઇટી અંગેની આપવામાં આવેલી યોજના મંજૂર કરવી. ગ્રેચ્યુઇટી અંગે અત્યાર સુધીની જવાબદારી પણ કૉર્પોરેશનને સોંપવી. વધુમાં આ અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩. વિજ્ઞાનવિદ્યા ભવનમાં રસાયણવિભાગમાં બિનશિક્ષણીય કર્મચારીઓની નવી જગ્યાઓ ઊભી કરવા માટે વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક જી.યુ.જી.સી.એસ. ૨૦૨૨ ઈ તા. ૮-૬-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

અને

૭. વિજ્ઞાનવિદ્યા ભવનમાં ભૌતિક વિભાગમાં એક હમાલ, એક ચોકીદાર અને એક પટાવાળાની નવી જગ્યાઓ ઊભી કરવા માટે વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક પી.એચ.વાય.ડી. ૭૫, ૧૭૪૮ તા. ૨૦-૫-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે કે યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવન માટે નીચેની જગ્યાઓ મંજૂર કરવી :

(૧) લેબોરેટરી આસિસ્ટન્ટ	એક જગ્યા	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-ઈ.બી.-૧૦-૨૫૦ના પગારધોરણમાં
(૨) પટાવાળા	બે જગ્યા	રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં
(૩) સફાઈ કામદાર	બે જગ્યા	રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં (વિજ્ઞાનવિદ્યા ભવન માટે)
(૪) ચોકીદાર	એક જગ્યા	રૂા. ૪૦-૨-૬૦ના પગાર ધોરણમાં. (આ જગ્યા એસ્ટેટ વિભાગમાં ગણવાની રહેશે.)

૪. ગુજરાત સરકારના સુધારેલા ઠરાવ મુજબ ઘરભાડાના નિયમો પ્રમાણે હવાલદાર શ્રી. તુલસીદાસને જૂના નિયમ પ્રમાણે રૂા. ૧નો ઘટાડો થાય છે તો તેઓને જૂના નિયમો પ્રમાણે ઘરભાડું રાખવા અંગે તેઓની તા. ૧૭-૪-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત સરકારના સુધારેલા ઘરભાડાના નિયમ પ્રમાણે હવાલદાર શ્રી. તુલસીદાસને ઘરભાડામાં રૂા. ૧નો ઘટાડો થાય છે, તેથી તેઓને ઘરભાડું નવા નિયમનો અમલ થયો તે અગાઉ જે મળતું હતું તેમાં ઘટાડો ન થાય તે પ્રમાણે આપવું. ઉપરાંત આવા બીજા દાખલાઓમાં પણ ઉપર પ્રમાણે કરવું.

૫. યુનિવર્સિટીના ડ્રાઇવરો સર્વશ્રી ગોવિંદ જે. પરમાર તથા કરસનદાસ કડિયાને પરીક્ષાના સમય દરમિયાન કાર્યાલયના સમય દરમિયાન કાર્યાલયના કર્મચારીઓને અપાતો ઓવર ટાઇમ તેઓને પણ મળે તે અંગે તેઓની તા. ૬-૪-૧૯૬૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ડ્રાઇવર સર્વશ્રી ગોવિંદ જે. પરમાર તથા કરસન ડી. કડિયાને પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષાના કામ માટે કાર્યાલયના સમય ઉપરાંત કામ કરવાનું રહે તો તેઓને પટાવાળાઓને આપવામાં આવતા દરે ઓવર ટાઇમ એલાવન્સ આપવું.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં બે સફાઈ કામદાર, એક હેડવોચમેનની નવી જગ્યાઓ ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં સફાઈ કામદારની એક જગ્યા રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૮. યુનિવર્સિટી કર્મચારીઓને પરીક્ષામાં બેસવા માટે ૬ માસની રજા લેવી પડે છે તેને બદલે રજાનો સમય ઘટાડવા આવેલી તેઓની તા. ૧૦-૬-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓને પરીક્ષામાં બેસવા માટે ૬ માસની રજાઓ લેવી પડે છે તેને બદલે ઓછામાં ઓછી નીચે પ્રમાણે રજાઓ લેવાનું આવશ્યક રાખવું :

(૧) પરીક્ષા અને સિન્ડિકેટ વિભાગમાં કામ કરતા કર્મચારીઓએ પરીક્ષાના પરિણામ બહાર પડવાની તારીખ અગાઉ ૭ માસની.

(૨) ઉપરોક્ત બંને વિભાગ સિવાયના કર્મચારીઓ માટે પરીક્ષાના પરિણામ બહાર પડવાની તારીખ અગાઉ ચાર માસની.

ઉપરાંત પરીક્ષામાં બેઠેલા આવા કર્મચારીઓએ જવાબપત્રોની ચકાસણી માટે અરજી આપવાની હોય તો તેઓએ તે અરજી રજિસ્ટ્રારને રૂબરૂમાં આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને ફેક્ટરી નિયમો પ્રમાણેના હુવેથી ૨૪૦ દિવસ પૂરા કરે તે પછી પ્રો. ફંડના નિયમો તા. ૧-૨-૧૯૬૨થી લાગુ પડે છે. પરંતુ તેઓને ત્યાર બાદ તા. ૧૩-૭-૧૯૬૩ સુધી યુનિવર્સિટી નિયમો પ્રમાણે પ્રો. ફંડ આપવામાં આવેલું છે તો અપાયેલા પ્રો. ફંડ બાબત શું કરવું તે માટે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ફેક્ટરીના નિયમો પ્રમાણે પ્રો. ફંડ કાપવાનું જે તારીખથી અમલમાં આવ્યું તે બાદ જે કર્મચારીઓનું પ્રો. ફંડ આ નિયમો પ્રમાણે કાપવાનું થતું ન હતું અને જેઓનું પ્રો. ફંડ કાપવામાં આવ્યું છે તેઓનું પ્રો. ફંડ હવે પછી સરકારને મોકલવાની રકમમાં એડજસ્ટ કરવું અથવા તેઓ પાસેથી વધારાની ભરાયેલી રકમ પરત મગાવવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગમાં વધારાના એક જુનિયર ક્લાર્કની કાયમી નવી જગ્યા ઊભી કરવા માટે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટની તા. ૨૯-૬-૧૯૬૪ની સૂચના ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગમાં એક કડિયાની કાયમી નવી જગ્યા રૂા. ૭૫-૫-૧૨૦ના પગારધોરણમાં ઊભી કરવા માટે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૨૯-૬-૧૯૬૪ના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, એસ્ટેટ વિભાગમાં એક કડિયાની કાયમી જગ્યા ઊભી કરવાની આ સમિતિને જરૂર જણાતી નથી, પરંતુ જરૂર પડે આ કામ માટે રોજિંદા દરે માણસો રાખીને કામ કરાવવાનું રાખવું.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયમાં માળી તરીકે કામ કરતા શ્રી. ગુરુદીન અરજુજીને પંપ ચલાવવા માટે વધારાનું મહેનતાણું આપવા અંગે તેઓની તા. ૨૫-૬-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, માળી તરીકે કામ કરતા શ્રી. ગુરુદીન અરજુજીને પંપ એટન્ડન્ટનો વધારાનો ચાર્જ નિયમ પ્રમાણે આપવો.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૭-૧૯૬૨ના રોજ નવા સુધારેલા પગારધોરણના નિયમો પ્રમાણે શ્રી. કે. આર. જ્યેશી, શ્રી. આર. ડી. ભગત અને કુ. ઇન્દુબેન પટેલને તેઓનો પગારવધારો તા. ૧-૭-૧૯૬૩થી આપવામાં આવેલો તે ફેરફારીને તેઓને તેઓની પગારવધારાની મૂળ તારીખથી આપવા અંગેની તા. ૨૫-૬-૧૯૬૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ વિભાગ માટે એક લિફ્ટમેન-કમ-એટેન્ડન્ટ, એક હેડમાળી, એક રેફ્રિજરેશન મિકેનિક, બે હેલ્પરો તથા સ્ટાફ ક્વાર્ટર્સ માટે એક સફાઈ કામદારની કાયમી જગ્યાઓ ઊભી કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૨-૭-૧૯૬૪ના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એક હેડમાળીની કાયમી જગ્યા રૂા. ૫૦-૩-૬૦ના પગારધોરણમાં એસ્ટેટ વિભાગ માટે ઊભી કરવી.

૧૫. યુનિવર્સિટીના ડ્રાઇવર શ્રી. કે. ડી. કડિયાને રજાના દિવસે યુનિવર્સિટી ડ્રાઇવરને અપાતા રૂા. ૨-૦૦ આપવા અંગે તેઓની તા. ૯-૭-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ડ્રાઇવર શ્રી. કરશનદાસ ડી. કડિયાને રવિવાર તથા રજાના દિવસોએ કામ ઉપર બોલાવવામાં આવે તો તે દિવસના રૂા. ૨ લેખે દૈનિક ભથ્થું આપવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૬૧(૩)

યુવક-કલ્યાણ સમિતિ તરફથી યોજાતા યુવક મહોત્સવ અંગેના ખર્ચની વિગતો

૧.	એકાંકી, સમૂહ નૃત્ય તથા સમૂહ ગાન તથા વૈયક્તિક હરીફાઈઓ માટેના ભાગ લેનારા તથા સાગરીતો — સાથ આપનારા — મળીને ૭ વિભાગમાંથી દરેક વિભાગના વધુમાં વધુ ૩૫ હરીફો ગણતાં થતા ૨૧૦ હરીફોના રોજના ૩-૫૦ લેખે દૈનિક ભથ્થાના ગણતાં ત્રણ દિવસના	આશરે	રૂા. ૨,૩૦૦-૦૦
૨.	૨૧૦ કલાકારોના તથા સાથે આવનાર અધ્યાપકોના રેલવે-ભાડાના	આશરે	રૂા. ૨,૪૦૦-૦૦
૩.	એકાંકી, સમૂહ નૃત્ય તથા સમૂહ ગાન તથા અન્ય વૈયક્તિક હરીફાઈઓ માટે સ્ટેજ તથા અન્ય સાધનો માટે થતો ખર્ચ ...	આશરે	રૂા. ૧,૨૦૦-૦૦
૪.	આર્ટ્સ, ક્રૅફ્ટસ વગેરેનાં પ્રદર્શનો માટેનાં પાર્સલોનો રેલવે ખર્ચ ...		રૂા. ૪૦૦-૦૦
૫.	બીજી વ્યવસ્થા અંગેનો ખર્ચ, જજીઝ માટે વાહનખર્ચ, તથા ચા-પાણીનો ખર્ચ તથા હરીફોને ચા-પાણી તથા પરચૂરણ વાહનખર્ચ, મજૂરી વગેરે...		રૂા. ૭૦૦-૦૦
		કુલ	રૂા. ૭,૦૦૦-૦૦

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૬૨(૩)

દિવાળીની રજાઓમાં યુનિવર્સિટીના ઉપક્રમે યોજવાના પર્વતારોહણ શિબિરનો વિગતવાર અંદાજી ખર્ચ

૧.	૭૦ વિદ્યાર્થી તથા ૧૫ ઇન્સ્ટ્રક્ટર્સ અને સંચાલકો મળી કુલ ૯૦ વ્યક્તિઓનો રહેવા-જમવાનો ખર્ચ આશરે રૂા. ૪-૦૦ લેખે વ્યક્તિ દીઠ આઠ દિવસનો	રૂા. ૩,૦૦૦-૦૦
૨.	ત્રીજા વર્ગનું ૭૦ વિદ્યાર્થીઓનું આવવા-જવાનું રેલવેભાડું તથા બસભાડું આશરે	રૂા. ૧,૦૦૦-૦૦
૩.	૧૫ ઇન્સ્ટ્રક્ટર્સનું બીજા વર્ગનું આવવા-જવાનું રેલવેભાડું તથા રસ્તાના ઇન્સિડેન્ટલ ખર્ચ પેટે એક વધુ બીજા વર્ગનું રેલવે-ભાડું મળી આશરે	રૂા. ૫૦૦-૦૦
૪.	સંચાલકો અને આમંત્રિતોનું પ્રથમ વર્ગનું રેલવેભાડું યુનિ.ના નિયમ પ્રમાણે	રૂા. ૨૦૦-૦૦
૫.	પંદર ઇન્સ્ટ્રક્ટર્સને આપવાના બાટા-હંટર શૂઝના	રૂા. ૨૨૫-૦૦
૬.	પરચૂરણ ખર્ચ, જેમાં દવાદારૂ, ફોટોગ્રાફ્સ, વાહન, મજૂરી, તારટપાલ, સફાઈ, સાધનો અને સાધનોનું ભાડું વગેરે	રૂા. ૭૦૦-૦૦
૭	વિદ્યાર્થીઓને બાટા-હન્ટર શૂઝ — કુલ ૬૦ જોડીના, એક જોડીના રૂા. ૧૫ લેખે	રૂા. ૧,૦૫૦-૦૦
		રૂા. ૬,૬૭૫-૦૦
	-૭૦ વિદ્યાર્થીઓ પાસેથી રૂા. ૨૫-૦૦ લેખે આવક (૧૫-૦૦ છુટના વત્તા ૧૦-૦૦ કૉલેજ પાસેથી)	રૂા. ૧,૭૫૦-૦૦
	યુનિવર્સિટીને મંજૂર કરવાનો ખર્ચ ...	રૂા. ૪,૯૨૫-૦૦

આશરે રૂા. ૫,૦૦૦નો ખર્ચ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯

G.U.P. 466-525-3-64

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની સને ૧૯૬૪ના ઓગસ્ટ માસની ખાસ સભા, ગુરુવાર, તા. ૨૭-૮-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાવિડલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. તા. ૮/૯-૮-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૪ના ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૮/૯-૮-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના સ્પષ્ટતાકારક સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી:

પાના નં. ૪ ઉપર આવતી બાબત નં. ૩૫ અને ૫૯ના જે ઠરાવો છાપવામાં આવેલા છે તે ઠરાવના પહેલા બે પેરેગ્રાફો, બાબત નં. ૩૫ના ઠરાવરૂપે છે, જ્યારે ત્રીજો પેરેગ્રાફ બાબત નં. ૫૯ના ઠરાવરૂપે છે. ઠરાવ નં. ૩૫ અને ૫૯ નીચે પ્રમાણે વંચાશે:

૩૫. (૧) એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ ફાર્મસીની પરીક્ષાઓમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની ઑક્ટોબરમાં બાસ કેસ તરીકે પરીક્ષા આપવા દેવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે તેના અનુસંધાનમાં વિદ્યાર્થીઓને ઑ. ૩૦૧-ઈ અને ૩૦૧-એચ મુજબ સત્રો ભરવાં જરૂરી છે. પણ આવા વિદ્યાર્થીઓને સત્રો રાખ્યા વગર મજકૂર પરીક્ષાઓમાં બેસવા દેવા અંગેના ડીન શ્રી. ટી. બી. પટેલના મંતવ્ય પર વિચારણા કરવા બાબત.

(૨) કૉલેજ તરફથી જે તે પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને અપાયેલ સેશનલ ગુણ કેરા ફૉરવર્ડ ન કરતાં પૂરા ૧૦૦ ગુણની લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓ યોજવા અંગેના શ્રી. આઈ. એમ. નાણાવટીના તા. ૨૭-૭-૧૯૬૪ના પત્ર દ્વારા કરાયેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ફાર્મસી કૉલેજના આચાર્યશ્રીએ જણાવ્યું છે કે ચાલુ સત્રમાં ઓછામાં ઓછી ત્રણ કસોટી-પરીક્ષાઓ યોજવી શકય નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, આગામી ઑક્ટોબર માસમાં લેવાનાર ફાર્મસીની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ એક્સ-વિદ્યાર્થીઓ તરીકે બેસે તેમને માટે નવું સત્ર ભરવું આવશ્યક ગણવું નહિ, પરંતુ તેમની પ્રગતિથી આચાર્યને સંતોષ છે એવું પ્રમાણપત્ર મળ્યેથી તેમને પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી ઑક્ટોબર માસમાં લેવાનારી ફાર્મસીની પરીક્ષાઓમાં એક્સ-વિદ્યાર્થીઓ તરીકે બેસનાર વિદ્યાર્થીઓને તેમની ગયા વર્ષે લેવાયેલી "સેશનલ" પરીક્ષાના ગુણાંક ચાલુ રાખવા માટે તેઓ ઇચ્છતા હોય તો ચાલુ રાખવાની પરવાનગી આપવી, અગર જે વિદ્યાર્થીઓ ગયા વર્ષે લેવાયેલ "સેશનલ" પરીક્ષાના પોતાના ગુણાંક ચાલુ રાખવા ના ઇચ્છતા હોય તેમની બે "સેશનલ" પરીક્ષાઓ લઈને ગુણાંક આપવા માટે આચાર્યને જણાવવું.

૫૯. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ એસ.ઈ. (સિવિલ) અને એસ.ઈ. (મિકે. અને ઇલે.) પરીક્ષાઓનાં પરિણામો અંગે પુનર્વિચારણા કરવા અંગે ડૉ. જિતેન્દ્ર દેસાઈ તરફથી આવેલ તા. ૧-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે, એક અથવા બે "હેડ" (ટોટલ સુધ્ધાંત)માં નાપાસ થનાર વિદ્યાર્થીને એકંદરે ૧૦ માર્ક સુધી અને બધા વિષયમાં પાસ થનાર પણ કેવળ ટોટલમાં નાપાસ થનારને ૧૫ માર્ક સુધી ઉમેરી આપવા, અને ત્યાર બાદ "ફોન્ડોનેશન"ના જે લાભો મળતા હોય તે આપી પરિણામ જાહેર કરવાં.

૨. ઇજનેરી વિદ્યાશાખામાં જૂન ૧૯૬૫થી પાંચ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ દાખલ કરવા અંગેના ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનના તા. ૨૮-૭-૧૯૬૪ના પત્રાંક એફ.વાય. એસ.સી.-૫૪૬૪-એ-૧-૨૦૯૪૮ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ગુજરાત રાજ્યના યાંત્રિક શિક્ષણસંચાલક શ્રી. ટી. એ. દેસાઈ, વિનંતીથી હાજર રહ્યા હતા.

ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત અંગે સભામાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને બનતી ત્વરાએ પોતાનો સુધારેલો પ્રસ્તાવ શ્રી. ટી. એ. દેસાઈ મોકલી આપે, અને તે પ્રસ્તાવ આવ્યેથી આ બાબતની વિચારણા કરવામાં આવશે.

૩. ઑક્ટોબર ૧૯૬૪માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણો, તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ના રોજ મળેલી ઍકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણો પરત્વે વિચારણા કરીને પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૪માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકની યાદી મંજૂર કરવામાં આવી.

(મંજૂર કરવામાં આવેલ યાદીની નકલ આ સાથે જોડવામાં આવી નથી.)

૪. વિક્રમ યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૫થી ૨૧મી નવેંબર ૧૯૬૪ દરમિયાન યોજનાર કાલિદાસ સમારોહમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા, કાલિદાસ સમિતિના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૮-૮-૧૯૬૪ના પત્રાંક કે. એસ.-૧૮૭૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમારોહમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, ભાષા-ભવનનાં રીડર ડૉ. ઈ. એ. સોલોમનને નીમવાં.

૫. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટાઉન પ્લાનર્સ, નવી દિલ્હી તરફથી, તેનો આગામી વાર્ષિક પરિસંવાદ અમદાવાદ મુકામે તા. ૧૭થી ૨૧ ઑક્ટોબર ૧૯૬૪ દરમિયાન યોજનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા પરિસંવાદના મંત્રીશ્રીના તા. ૪-૮-૧૯૬૪ના પત્રાંક ટીપી-સેમિનાર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રાદ્યોગિક વિદ્યાશાખાના ડીન શ્રી. ટી. એ. દેસાઈ તથા શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈને નીમવા.

૬. સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયોમાં યુનિવર્સિટીએ નક્કી કરેલા ક્ષેત્રફળના ધોરણમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં સૂચવેલાં ધોરણોને અનુલક્ષીને ફેરફાર કરવા અંગે

વિચારણા કરવા બાબત :

(નોંધ.—યુનિવર્સિટી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં ધોરણો નીચે મુજબ છે :

વિદ્યાર્થીની સંખ્યા	આપણી સૂચના	યુ. ગ્રા. કે.ની સૂચના
(૧) એક વિદ્યાર્થી માટેનો રૂમ	૧૦૦ સ્કવે. ફૂટ	૮૫થી ૯૦ સ્કવે. ફૂટ
(૨) બે વિદ્યાર્થીઓ માટેનો રૂમ	૧૭૫ ,, ,,	૭૫-૮૦ સ્કવે. ફૂટ વિદ્યાર્થી દીઠ, એટલે ૧૬૦ સ્કવે. ફૂટ
(૩) ત્રણ વિદ્યાર્થીઓવાળા રૂમ માટે	૨૦૦ ,, ,,	૭૦-૭૫ સ્કવે. ફૂટ વિદ્યાર્થી દીઠ, એટલે ૨૧૦-૨૨૫ સ્કવે. ફૂટ
(૪) અનુસ્નાતક વિદ્યાર્થી માટે	—	૧૦૦ સ્કવે. ફૂટ વિદ્યાર્થી દીઠ.)

આથી ઠરાવવામાં આવે છે કે, **સંલગ્ન** કૉલેજોનાં છાત્રાલયો માટે જગ્યાનું ધોરણ સુધારીને નીચે પ્રમાણે રાખવું :

(૧) એક વિદ્યાર્થી માટેનો રૂમ : ૮૫થી ૯૦ સ્કવે. ફૂટ
(૨) બે વિદ્યાર્થીઓ માટેનો રૂમ : ૭૫-૮૦ સ્કવે. ફૂટ વિદ્યાર્થી દીઠ, એટલે કે ૧૬૦ સ્કવે. ફૂટ
(૩) ત્રણ વિદ્યાર્થીઓવાળા રૂમ માટે : ૭૦-૭૫ સ્કવે. ફૂટ વિદ્યાર્થી દીઠ, એટલે કે ૨૧૦-૨૨૫ સ્કવે. ફૂટ
(૪) અનુસ્નાતક વિદ્યાર્થી માટે : ૧૦૦ સ્કવે. ફૂટ વિદ્યાર્થી દીઠ.

(નોંધ.—ઉપર પ્રમાણે મંજૂર કરેલાં ધારાધોરણ હવે પછી બંધાય તે નવાં છાત્રાલયોને માટે લાગુ પાડવામાં આવશે.)

૭. તા. ૧૧-૭-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે સને ૧૯૬૪માં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના જુદા જુદા વિષયોમાં બેવડા પરીક્ષણમાં ૧૦ કે ૧૦થી વધુ ગુણનો તફાવત માલૂમ પડયો છે તેવા કેસોના તારણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૮. એપ્રિલ ૧૯૬૩માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી. વી. એલ. ચેલારામાણીનાં, અમદાવાદની સેન્ટ્રલ એક્સાઈઝ ઑફિસમાંની નોકરી દરમિયાન બી.એ.નાં સત્રો સુરતની એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં કેવી રીતે ભરાયાં હોય તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સને ૧૯૬૨-૬૩માં ભરેલી સીનિયર બી.એ.ના બીજા સત્રની હાજરી વિષે શંકા રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વી. એલ. ચેલારામાણીનું બી.એ.ની પરીક્ષાનું પરિણામ રદ કરવું, તથા તે અંગે વર્તમાનપત્રોમાં પણ ઘટતી યાદી પ્રસિદ્ધ કરવા માટે મોકલવી.

૯. તા. ૬-૬-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે ગુજરાત યુનિવર્સિટી પુરસ્કારની યોજના ઘડવા અંગે નિમાયેલ સમિતિની તા. ૪-૮-૧૯૬૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી પુરસ્કાર અંગે નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) આ યુનિવર્સિટીની જે પરીક્ષામાં ચંદ્રકો-ઇનામો ન અપાતાં હોય તે પરીક્ષા પૂરતો જ આ પુરસ્કાર આપવા ગોઠવણ કરવી. આવા પુરસ્કાર આપવાનું નક્કી થયા બાદ જ્યારે કોઈ પણ પરીક્ષા માટે ચંદ્રક કે ઇનામ આપવાનું નક્કી થાય ત્યારે તે પરીક્ષા માટે આ પુરસ્કાર આપવાનું બંધ કરવું.

(૨) આ પુરસ્કાર રૂા. ૧૦૦નો રાખવો તથા વિદ્યાર્થીને તેની એક જ હપ્તેથી રોકડી રકમ આપવી.

(૩) જે વિદ્યાર્થીને આ પુરસ્કાર મળતો હોય તે વિદ્યાર્થીના નંબર અને નામની જાહેરાત, શક્ય હોય ત્યાં સુધી, પરીક્ષાનું પરિણામ જાહેર કરતી વખતે કરવી.

(૪) જે પરીક્ષામાં (તબીબી વિદ્યાશાખા સિવાયની) ચંદ્રક કે ઇનામ અપાતું ન હોય તે પરીક્ષા-માં નીચેની શરતોએ આ પુરસ્કાર આપવો :

(ક) એક્ઝમ્પ્શન રાખી બેસનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવામાં આવશે નહિ.

(ખ) જે વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં સૌથી વધારે ગુણ મેળવે તેને જ આ પુરસ્કાર આપવો.

(ગ) જે પરીક્ષામાં પ્રથમ વર્ગમાં કોઈ પણ વિદ્યાર્થી ઉત્તીર્ણ ન થયો હોય છતાં ઓછામાં ઓછા ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવતા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવો.

(ઘ) જે પરીક્ષામાં જે વિષયો વર્ગ આપવામાં ફરજિયાત ગણાતા હોય તે વિષયોના કુલ ગુણ જ ધ્યાનમાં લઈ નં. ૧ અને/અથવા ૨ શરતો પ્રમાણે આ પુરસ્કાર આપવો. અમુક વિષયોના ગુણ પરથી જ વર્ગ આપવામાં આવે છે તે પરીક્ષાના બધા વિષયોના કુલ ગુણ આ પુરસ્કાર આપતી વખતે ધ્યાનમાં લેવાના નથી.

(૫) તબીબી વિદ્યાશાખાની પરીક્ષાઓ પૈકીની જે પરીક્ષાનું પરિણામ ગુણાંકને આધારે જાહેર થતું હોય તે પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ૬૫ ટકા ઉપર ગુણ મેળવ્યા હોય તે વિદ્યાર્થી-ઓમાંથી સૌથી વધારે ગુણાંક પ્રાપ્ત કરી એક સાથે બધા વિષયોમાં બેસી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવો.

(૬) માસ્ટર ઑફ એન્જિનિયરિંગની બધી શાખાની પરીક્ષાઓમાંથી જે તે શાખાની પરીક્ષામાં જે વિદ્યાર્થી લેખિત પરીક્ષા અને ડિઝર્ટેશનની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પસાર કરીને તથા પ્રથમ વર્ગમાં સફળ થઈને સૌથી વધુ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેને આ પુરસ્કાર આપવો.

(૭) સદરહુ પુરસ્કાર જાન્યુઆરીથી ડિસેંબર સુધીના (કૅલેન્ડર) વર્ષનાં પરિણામોને આધારે આપવાનાં રહેશે.

આ યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓમાં આ પુરસ્કાર આપવા નહિ :

(૧) એફ. વાય. ફાર્મ. (ડિપ્લોમા કોર્સ)
(૨) ઇન્ટર ફાર્મ. (ડિપ્લોમા કોર્સ)
(૩) ફર્સ્ટ બી.એ.એમ.એસ.

(૪) સેકન્ડ બી.એ એમ.એસ.
(૫) થર્ડ બી.એ.એમ.એસ.
(૬) એફ.વાય. ડિપ્લોમા ઇન જર્નાલિઝમ
(૭) ડિપ્લોમા ઇન મ્યુઝિક (પ્રથમ વર્ષ)
(૮) ડિપ્લોમા ઇન મ્યુઝિક (બીજું વર્ષ)
(૯) ડી.જી.ઓ.
(૧૦) ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સ.

નીચેની પરીક્ષાઓમાં આ પુરસ્કાર આપવો :

(૧) પ્રી-યુનિવર્સિટી સાયન્સ
(૨) પ્રી-યુનિવર્સિટી કૉમર્સ
(૩) માસ્ટર ઑફ લેબર વેલ્ફેર
(૪) ફર્સ્ટ એમ.બી., બી.એસ.
(૫) એફ.ઈ.
(૬) એસ.ઈ. (સિવિલ)
(૭) એસ.ઈ. (મિકે. અને ઇલે.)
(૮) એમ.ફાર્મ.
(૯) એલએલ.એમ.
(૧૦) એમ.એડ.
(૧૧) એમ.ઈ. (મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ અને મશીન ડિઝાઈન)
(૧૨) બી.એસસી. (એગ્રિ.)
(૧૩) બી.ડી.એસ. (બધી જ)
(૧૪) ફર્સ્ટ બી.ફાર્મ.
(૧૫) સેકન્ડ બી.ફાર્મ.
(૧૬) પ્રથમ એલએલ.બી.
(૧૭) પ્રી-યુનિવર્સિટી (એગ્રિકલ્ચર)
(૧૮) એફ.વાય. બી.એસસી. (એગ્રિ.)
(૧૯) એસ.વાય. બી.એસસી. (એગ્રિ.)

૧૦. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના વિદ્યાર્થી શ્રી. આઈ. સી. દવેને યુનિવર્સિટીની રૂા. ૨૦૦ની માસિક એવી પીએચ.ડી. પદવી સંશોધન શિષ્યવૃત્તિ આપવામાં આવ્યા બાદ શ્રી. દવેએ પી.એલ. ૪૮૦ હેઠળ જુનિયર રિસર્ચ ફેલોશિપ તા. ૧૯-૬-૧૯૬૪થી સ્વીકારેલ હોવાથી શ્રી. દવેને નવેંબર ૧૯૬૩થી મે ૧૯૬૪ સુધી આપવામાં આવેલ શિષ્યવૃત્તિની રકમ પરત કરવામાંથી મુક્તિ આપવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. સી. દવે કેવળ સંશોધનનું કામ જ ચાલુ રાખતા હોવાથી તેમની પાસેથી યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિનાં નાણાં પાછાં લેવાં નહિ.

સદરહુ બાબતના સંદર્ભમાં શ્રીમતી જે. એચ. નાયકનો કેસ પણ રજૂ કરવામાં આવ્યો, અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે, શ્રીમતી નાયકે નોકરી સ્વીકારેલી હોઈ શિષ્યવૃત્તિનાં નાણાં તેમની પાસેથી પાછાં લેવાં.

૧૧. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ, ન્યૂ દિલ્હી તરફથી સૂચવવામાં આવ્યા પ્રમાણે આપણી યુનિવર્સિટીમાં Foreign Students Adviser નીમવા બાબત.

(નોંધ.—ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ, ન્યૂ દિલ્હી તરફથી Foreign Students Adviserને વાર્ષિક રૂા. ૫૦૦નું માનદ વેતન આપવાની તેમના તા. ૨૫મી જુલાઈ ૧૯૬૪ના પત્રથી જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, પરદેશી (ઓવરસીઝ) વિદ્યાર્થીઓની સંખ્યાની માહિતી કૉલેજોમાંથી મંગાવીને આ બાબત ફરીથી રજૂ કરવાનું રાખવું.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. બી. એમ. વૈશ્ય	ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર	૧૧-૧૦-૧૯૬૪	૧૨-૧૦-૧૯૬૪
(૨)	શ્રી. કે. જી. શાહ	રજિસ્ટ્રારના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર	૧૧-૧૦-૧૯૬૪	૧૨-૧૦-૧૯૬૪
(૩)	શ્રી. કે. એચ. દવે	મદદનીશ ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર	૩૧-૯-૧૯૬૪	૧-૧૦-૧૯૬૪

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા:

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. બી. એમ. વૈશ્ય	ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર	૧૨-૧૦-૧૯૬૪
(૨)	શ્રી. કે. જી. શાહ	રજિસ્ટ્રારના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર	૧૨-૧૦-૧૯૬૪
(૩)	શ્રી. કે. એચ. દવે	મદદનીશ ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર	૧-૧૦-૧૯૬૪

૧૩. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના શ્રી. એન. વી. શાહ લૅબોરેટરિયમ આસિસ્ટંટનો અજમાયશી સમય તા. ૧-૮-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. એન. વી. શાહનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. શાહને લૅબોરેટરિયમ આસિસ્ટન્ટ તરીકેની જગ્યા પર તા. ૨-૮-૧૯૬૪થી કાયમ કરવા.

૧૪. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ ફિઝિક્સની જગ્યા માટે તા. ૨૬-૮-૧૯૬૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, નીચેની નોંધ સાથે પ્રોફેસર ઑફ ફિઝિક્સની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી તથા ડૉ. સુધીર પંડ્યા, ડૉ. જી. બી. યોધ અને ડૉ. દેસાઈને પણ અરજી કરવા માટે ઘટતો પત્ર લખીને સૂચવવું :

"Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to appoint, on the recommendations of the Selection Committee appointed under O. 66, a person as a Professor or a Reader, provided he has to his credit independent and original achievement of recognised merit in the subject."

(નોંધ.— ભલામણો આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૫. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના લેક્ચરર શ્રી. આર. સી. પટેલની તા. ૧-૯-૧૯૬૪થી તા. ૩૧-૮-૧૯૬૫ સુધીની વધુ એક વર્ષની અભ્યાસ-રજા મંજૂર કરી હોવાથી તેઓની જગ્યાએ હાલમાં કામચલાઉ લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. એન. ટી. પરીખની હંગામી નિમણૂકની મુદતમાં પણ એક વર્ષનો વધારો કરવા બાબત.

(નોંધ.— શ્રી. એન. ટી. પરીખ ડેમોન્સ્ટ્રેટર છે અને તેઓની સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે તા. ૧-૮-૧૯૬૨થી તા. ૩૧-૮-૧૯૬૪ સુધી કામચલાઉ લેક્ચરર તરીકે નિમણૂક કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. ટી. પરીખની લેક્ચરર તરીકેની હંગામી જગ્યા તા. ૧-૯-૧૯૬૪થી તા. ૩૧-૮-૧૯૬૫ સુધી લંબાવવી.

૧૬. બી.ડી.એસ. પરીક્ષામાં પ્રાયોગિક પરીક્ષા લેવા માટે વિષય દીઠ પરીક્ષકોને કયા દરથી મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

મુંબઈ યુનિવર્સિટીના દર નીચે મુજબ છે :

B.D.S. Practical Examinations

(Two fees payable)

B.D.S. Examination

Subjects		*Rs. nP.*
1. General Human Anatomy including Histology	..	2–50
2. General Human Physiology including Biochemistry	..	2–50
3. General and Dental Materia Medica	..	2–50
4. General Pathology and Bacteriology	..	2–50
5. Human Dental Anatomy, Physiology and Dental Histology	..	2–50
6. General Medicine	..	3–00

7.	General Surgery	.. 4-00
8.	Dental Pathology and Bacteriology	.. 3-00
9.	Dental Prostheses	.. 2-50
10.	Crown and Bridge Prostheses	.. 2-50
11.	Operative Dentistry	.. 4-00
12.	Oral Surgery Exodontia and Anaesthesia	.. 4-00
13.	Examining journal	.. 00-50

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા માટે પરીક્ષકોના મહેનતાણાના દર ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના પરીક્ષકોને અપાતા મહેનતાણાના દર પ્રમાણે રાખવાં.

૧૭. વિજ્ઞાનવિદ્યા ભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વિભાગના વિદ્યાર્થીઓનાં દાર્જિલિંગ અથવા નૈનીતાલનાં અભ્યાસ-પર્યટનો ગોઠવવા અંગેના વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક જીયુ. બોટાની-૧૦-૧૨૩૬-૬૪, તા. ૩૦-૭-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— દાર્જિલિંગના પર્યટનનું પ્રવાસખર્ચ રૂા. ૩,૨૫૨ અને નૈનીતાલનું રૂા. ૨,૩૫૨નું થશે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૧૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓની લેવડદેવડ અંગેનું કામ વધવાથી પેટીકેશની રકમ જે હાલ રૂા. ૨૫૦ છે તે વધારીને રૂા. ૫૦૦ રાખવાની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઘટતો નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન અને વાણિજ્ય વગેરેના વર્ગો માટે ગુજરાતી વિષયના ગદ્યસંચયની ૧૦૦૦૦ નકલના પુનર્મુદ્રણ અંગે સિન્ડિકેટના તા. ૧૧-૮-૧૯૬૩ના ઠરાવ અન્વયે ઉપકુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૦. નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં તે પદવી માટે પાત્ર નીવડેલ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	નામ	વિષય	પદવી
૧.	શ્રી. બી. ગોટલીબ	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. શર્મા રમાકાન્ત રામરાજ	હિંદી	,,
૩.	શ્રી. પઠાણ પીરમોહંમદ રજ્જબઅલી	રસાયણવિજ્ઞાન	,,
૪.	શ્રી. દેસાઈ જયોતીન્દ્ર નવીનચંદ્ર	ભૌતિકવિજ્ઞાન	,,

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૧. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટમાં કૉમર્સના ટ્યૂટર તરીકે નિમાયેલ શ્રી. જે. પી. જોષનપુત્રાને સને ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન વ્યાખ્યાતાનું કામ કરવાની

મંજૂરી આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉમર્સના એક વ્યાખ્યાતા નીમવાની શરતે પ્રી-યુનિવર્સિટી વાણિજ્યનો ચોથો વધારાનો વર્ગ ખોલવાની પરવાનગી આપી હતી તે વ્યાખ્યાતા નહિ નીમતા ટયૂટરની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ટયૂટર શ્રી. જે. પી. જોષનપુત્રાને લેકચરરનું કામ સોંપવા માટે સદરહુ કૉલેજને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવનાર લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૨. ધી ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિકસના આશ્રયે અખિલ ભારતીય શ્રમ-અર્થ પરિષદનું ૮મું અધિવેશન ચાલુ વર્ષમાં મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા સંસ્થાના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થળ અને સમયનો નિર્દેશ હવે પછી સંસ્થા જણાવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં પ્રતિનિધિ નીમવાનો સવાલ પરિષદનું સ્થળ અને તારીખોની જાણ થયેથી વિચારવું.

૨૩. મનોવિજ્ઞાનવિદ્યા ભવન અને પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે "વૉટરકૂલર" ખરીદવા અંગેના ૫૦ ટકા ખર્ચનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ગુજરાત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૧૩-૭-૧૯૬૪ના પત્રાંક એફ ૩૩-૧-૬૩ (સી)માં જણાવ્યા પ્રમાણે આ યોજના હેઠળ ૫૦ ટકાની આર્થિક સહાય અપાશે. યુનિવર્સિટીને અંદાજે રૂા. ૨,૦૦૦ ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, વધુ બે વૉટરકૂલર મંગાવવાનો પ્રસ્તાવ મંજૂર કરવો અને તે માટે રૂા. ૨,૦૦૦ સુધીનું ખર્ચ યુનિવર્સિટીના હિસ્સા પેટે મંજૂર કરવું.

(નોંધ.—આ બે સહિત કુલ છ વૉટર કૂલર આવ્યેથી વૉટરકૂલરોની વહેંચણી જરૂર પ્રમાણે કરવાની રહેશે.)

૨૪. આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિની તા. ૪-૮-૧૯૬૪ની સભાના ઠરાવ નં. ૩, ૪, ૫, અને ૭માં કરેલી નીચેની ભલામણો મંજૂર કરવા બાબત :

(૧) ઠરાવ નં. ૩ : "ઠરાવવામાં આવ્યું છે કે, નક્કી કરેલી યાદી મુજબની દવાઓ સ્ટૉકમાં રાખવી અને તેની પડતર કિંમત નક્કી કરી તે મુજબ તેનો ભાવ નક્કી કરવાની સત્તા આર. એમ. ઓ.ને આપવી.

વધારામાં ઠરાવવામાં આવ્યું કે સામાન્ય સારવારની કિંમત નીચે મુજબ રાખવી :

૧. એક દિવસનું મિકશ્ચર	...	૦-૨૫ ન.પૈ.
૨. આંખ, કાન અને ગળાની દવા દવાખાનામાં જે નાંખે કે લગાડે તો ઘેર આપવાની હોય તો અર્ધા ઔંસના	...	મફત ૦-૨૫ ન.પૈ.

૩. સાદું ડ્રેસિંગ ... મફત

૪. ઇંજેકશન મૂકવાની ફી ... કાંઈ નહિ
ઇંજેકશનની દવાની કિંમત ... યાદી મુજબ
(યાદી દવાખાનામાં મૂકવામાં આવશે.)

૫. લેબોરેટરી ટેકનિશિયનની નિમણૂક થયા બાદ લોહી, ગળફો અને પેશાબ વગેરેની તપાસ દાક્તરને જરૂર લાગશે તો કરાવશે અને તે મફત થશે.

૬. રેડિયોગ્રાફરની નિમણૂક પછી, દાક્તરને આવશ્યક લાગશે તેવા કેસોમાં સ્ક્રીનિંગ મફત કરવામાં આવશે અને સ્ટાફના સભ્યોમાંથી માત્ર પહેલા વર્ગના (એટલે જેનું કુલ વેતન ૪૦૦થી વધારે હોય) સભ્યો પાસેથી પ્લેટના ખર્ચની કિંમત વસૂલ કરવામાં આવશે. બીજાને મફત થશે. આ કિંમત સાઇઝ પ્રમાણે આર. એમ. ઓ. અને સી. એમ. ઓ. મળી નક્કી કરશે."

(કાર્યાલયની નોંધ.—તા. ૧૩-૩-૧૯૬૪ની સિન્ડિકેટના ઠરાવ ૫૩ મુજબ કર્મચારીઓના ત્રણ ભાગ પાડ્યા છે: પહેલા ભાગવાળા પાસેથી ઠરાવેલા પૂરા દર લેવા, બીજા વર્ગ પાસેથી અર્ધા દર લેવા અને ત્રીજા વર્ગને મફત સારવાર આપવી એવું મંજૂર થયું છે.)

(૨) ઠરાવ નં. ૪: "ઠરાવવામાં આવ્યું છે કે વિઝિટ્સ સિવાયની સારવાર માટે કૅમ્પસ પર રહેતા અને બહાર રહેતા એવા કૃત્રિમ ભાગ પાડવા નહિ, પણ બધા સભ્યોને દવાખાનામાં સમાન સારવાર આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સ્ટાફના સભ્યોને જે રીતે અને જે પ્રકારની મદદ આપવાનું ઠરાવ્યું છે તે જ રીતે સભ્યનાં કુટુંબીજનોને પણ મદદ અપાશે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે કુટુંબીજનોમાં માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રીને ગણવાં પણ આ કોઈ સ્વતંત્ર કમાણી કરતાં હોય તો તેમને બાદ કરવાં ને તે ઉપરાંત જે કોઈ કુટુંબમાં કાયમ રહેતાં હોય અને આશ્રિત હોય તેને પણ આ વ્યાખ્યા પૂરતાં કુટુંબનાં સભ્ય ગણવાં. સભ્યને અપાતા આઇડેન્ટિટી કાર્ડમાં આ સગાંનાં નામ લખવાનું આવશ્યક રહેશે.

ત્રાહિત માણસો એટલે કે કૅન્ટીનના નોકરો, રસોડાના નોકરો, ધોબી વગેરેને દવાખાનામાં અપાતી મદદ આપવી પણ પૂરા દર લેવા."

(કાર્યાલયની નોંધ.—સિન્ડિકેટે મંજૂર કરેલી આ સમિતિની ભલામણમાં "કર્મચારીઓના આશ્રિતો અંગે એક વર્ષ બાદ વિચાર કરવો" એમ અગાઉ નક્કી થયું છે, પરંતુ કૅમ્પસ પર ઘણાં કુટુંબ રહેવા આવ્યાં હોવાથી આ તબક્કે કુટુંબીજનોનો વિચાર કરવાનું આવશ્યક બન્યું છે તેવી ઉપર્યુક્ત ભલામણ સમિતિએ કરી છે.)

(૩) ઠરાવ નં. ૫: "આરોગ્યકેન્દ્રમાં કામ કરતા સફાઈ કામદારોને મફત રહેઠાણ આપવાનું ઠરાવેલ છે તે મુજબ એને કેન્દ્રની બની શકે તેટલી નજીકમાં રહેઠાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(કાર્યાલયની નોંધ.—તા. ૮-૮-૧૯૬૪ની સિન્ડિકેટે બાબત ૨૪ મુજબ આ કામ બાંધકામ સમિતિને સોંપ્યું છે, તો આ ભલામણ તે સમિતિ તરફ મોકલવાની રહેશે.)

(૪) ઠરાવ નં. ૭: "ઠરાવવામાં આવ્યું છે કે કોઈ વસ્તુની તાત્કાલિક જરૂર પડે તો રૂપિયા દસ સુધી ખર્ચ કરવાની સત્તા આર. એમ. ઓ.ને તથા રૂપિયા સો સુધીનો ખર્ચ કરવાની સત્તા ચીફ મેડિકલ ઑફિસરને આપવાની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, **સદરહુ સમિતિની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :**

"યુનિવર્સિટીના કર્મચારીઓનાં કુટુંબીજનોને હાલ પૂરા દર લઈને તબીબી સેવાઓ આપવાનું રાખવું, અને આ બાબત અંગે એક વર્ષ બાદ ઘટતી પુનર્વિચારણા કરવી."

૨૫. ઑર્ડિ. ૧૭૪-ઈ માં સેકન્ડ બી.એ. પરીક્ષાને લગતી વિગતોની જોગવાઈ કરી તેનો પાઠ નીચે મુજબ વંચાય તેમ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 174-E :

The commencing date: The last date for receiving applications and fees for registration for the Pre-University, First B.A. and Second B.A. External examinations are as under :

Examination	*Last date for receiving application*	*Date of Commencement*	*Registration Fees*
Pre-Uni. Arts	28th February	Monday following the 5th Oct.	Rs. 50/-
First B.A.	,,	,,	Rs. 70/-
Second B.A.	,,	4th Monday in October	Rs. 85/-

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૭૪-ઈ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૨૬. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

નીચેની કૉલેજોનાં જોડાણ અંગે જાહેરનામાં બહાર પાડવા રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

(૧) એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી
(૨) એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર
(૩) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૪) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડી
(૫) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર
(૬) સાયન્સ કૉલેજ, ખંભાત
(૭) એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
(૮) મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૭. યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા યુનિવર્સિટી પ્રેસની વહીવટી તથા આર્થિક બાબતો અંગે એક સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે કાર્યાલયને ઘટતી નોંધ તૈયાર કરવા માટે સૂચવવું.

૨૮. યુનિવર્સિટી વિદ્યાર્થીઓના છાત્રાલય માટે નિમાયેલ સુપરિન્ટેન્ડન્ટને આપવામાં આવેલ રહેઠાણના ભાડા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલય માટે નિમાયેલ સુપરિન્ટેન્ડન્ટને આપવામાં આવેલ રહેઠાણ માટે તેમની પાસેથી ભાડું લેવું નહિ, પરંતુ સર્વિસ ચાર્જીસ વસૂલ કરવા.

૨૯. બાંધકામ સમિતિ પર શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈના રાજીનામાથી ખાલી પડેલ જગ્યા પર નવા સભ્યની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર ખાલી પડેલી જગ્યા પર શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈની નિમણૂક કરવી.

૩૦. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ બેનાયત કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યે ઇચ્છેલ અભ્યાસસમિતિઓ
(૧)	આચાર્ય આર. એલ. સંઘવી	વિનયન	... (૧) અર્થશાસ્ત્ર, (૨) રાજ્યનીતિશાસ્ત્ર.
(૨)	આચાર્ય આર. એચ. શાહ	વિજ્ઞાન	... (૧) રસાયણવિજ્ઞાન, (૨) ભૌતિકવિજ્ઞાન.
(૩)	આચાર્ય વી. એ. વ્યાસ	વિજ્ઞાન	... (૧) રસાયણવિજ્ઞાન, (૨) કીટાણુવિજ્ઞાન.
(૪)	આચાર્ય આર. એન. પંડ્યા	વિનયન	... (૧) ગુજરાતી, (૨) સંસ્કૃત.
(૫)	આચાર્ય આઈ. કે. દવે	વિનયન	... (૧) ગુજરાતી, (૨) લલિતકળા.
(૬)	ડૉ. એમ. સી. પટેલ	વિજ્ઞાન	... (૧) કેમિસ્ટ્રી, (૨) રેડિયો કેમિસ્ટ્રી અથવા ન્યુક્લિયર કેમિસ્ટ્રી. (આ અભ્યાસસમિતિ નથી.)
(૭)	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	વિનયન	... (૧) સંસ્કૃત, (૨) સહકાર.
(૮)	આચાર્ય એસ. એમ. નાગામિયા	વિનયન	... (૧) અંગ્રેજી, (૨) ફારસી, અરેબિક અને ઉર્દૂ.
(૯)	આચાર્ય પી. એચ. ભટ્ટ	વિનયન	... (૧) ગુજરાતી, (૨) પત્રકારિત્વ.

(૧૦) આચાર્ય ડી. એસ. જોષી	વિનયન	... (૧) હિન્દી, (૨) સહકાર.
(૧૧) આચાર્ય એ. એચ. આઈ. વોરા	વિનયન	... (૧) તત્ત્વજ્ઞાન, (૨) સહકાર.
(૧૨) આચાર્ય ડૉ. કે. એમ. તલાટી	વાણિજ્ય	... (૧) અર્થશાસ્ત્ર, (૨) એકચ્યૂએરિયલ સાયન્સ ઍન્ડ સ્ટેટિસ્ટિક્સ.
(૧૩) આચાર્ય એચ. જે. પંડિત	વિનયન	... (૧) ગુજરાતી, (૨) શિક્ષણ.
(૧૪) આચાર્ય ડૉ. જે. ડી. પાઠક	તબીબી	... (૧) ફિઝિયોલોજી, (૨) મેડિસિન.
(૧૫) આચાર્ય ડી. પી. જોષી	વિનયન	... (૧) સંસ્કૃત, (૨) અંગ્રેજી.
(૧૬) આચાર્ય આઈ. એમ. પટેલ	વિજ્ઞાન	... (૧) ફિઝિક્સ, (૨) ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર.
(૧૭) આચાર્ય વી. એસ. રાવલ	વાણિજ્ય	... (૧) અર્થશાસ્ત્ર, (૨) સહકાર.
(૧૮) આચાર્ય એસ. ડી. જેસલપુરા	વિનયન	... (૧) ગુજરાતી, (૨) સહકાર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૧. ભારતમાં સમાજશાસ્ત્ર (શિક્ષણ અને સંશોધન) નામક પરિસંવાદ, રાજસ્થાન યુનિવર્સિટીના આશ્રયે, આબુ મુકામે તા. ૯થી ૧૮ ઑક્ટોબર, ૧૯૬૪ દરમિયાન યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા પરિસંવાદના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૧૮મી ઑગસ્ટ ૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળના ઉપક્રમે પાંચમી અખિલ ભારતીય સંગીત શિક્ષકોની એક પરિષદ જયપુર મુકામે તા. ૮થી ૧૧ ઑક્ટોબર ૧૯૬૪ દરમિયાન યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણુક કરવા પરિષદના સ્વાગત સમિતિના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૨મી ઑગસ્ટ ૧૯૬૪ના પત્રાંક એમટીસી–ડી–૫૯, ૬૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય અમુભાઈ વી. દોશીને નીમવા.

૩૩. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનનું, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનું ગણિતશાસ્ત્ર—એમ ચાર વિભાગમાં તેમ જ તે પ્રમાણે વિનયન

વિદ્યાશાખાનાં ભવનોનું પણ અલગ વિભાગીકરણ કરવા માટેના આચાર્ય ડૉ. ય. ગુ. નાયકના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ફાર્બસ્લિયની નોંધ આવ્યેથી આગળ વિચારણા કરવાનું રાખ્યું.

૩૪. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં કાયમી લેક્ચરર-ઇન-ઝૂલોજી તથા સમાજ-વિદ્યા ભવનમાં કાયમી લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે તા. ૨૭-૮-૧૯૬૪ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણી સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૫. એમ.કોમ. પરીક્ષામાં પરિણામ તૈયાર કરતી વખતે છેવટની સભા બોલાવવા અંગેના આચાર્ય શ્રી. એસ. સી. પાઠકના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૩-૯-૧૯૫૫ની સિન્ડિકેટે બાબત નં. ૧૨થી પરીક્ષકોની ફાઇનલ મીટિંગ અંગે નિમાયેલ સમિતિની ભલામણો જે ઍકેડેમિક કાઉન્સિલે સ્વીકારી હતી તે સ્વીકારવાનું ઠરાવેલ. તેનો અમલ ૧૯૫૫ની ઑક્ટોબરની પરીક્ષાઓથી કરવાનું ઠરાવેલ. આ ભલામણ અનુસાર પરિણામ જાહેર કરતાં અગાઉ સીનિયર પરીક્ષકોની સભા બોલાવવાનું બંધ કરેલ છે અને યુનિવર્સિટીના કૃપા નિયમો અનુસાર વિદ્યાર્થીઓને જે લાભ મળતો હોય તે આપી પરિણામ જાહેર કરવાનું ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન મંજૂર કરવું નહિ.

૩૬. સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીની વિકાસ-યોજનાઓ ઘડી કાઢવા માટે જે સમિતિ નીમી હતી તે સમિતિએ તે અંગે તૈયાર કરેલ દરખાસ્તો પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૭. શ્રી. એન. કે. રાઠોડની અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક માન્ય કરવા માટે શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉમર્સ અને લૉ કૉલેજ, જામનગરના આચાર્યના તા. ૩૦-૭-૧૯૬૪ના પત્રાંક સી. સી. ૬૬૯ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. રાઠોડ રૂપે. અંગ્રેજી સાથે બી.એ. અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે અને ચાર વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. કે. રાઠોડને ચાલુ વર્ષે લેક્ચરર તરીકે કામ કરવા માટે કૉલેજે માંગેલી પરવાનગી આપવી, પણ જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવનાર લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે એમ તેને જણાવવું.

૩૮. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કડીને સને ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ દરમિયાન અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવવાની મંજૂરી આપવા માટે સદરહુ કૉલેજના આચાર્ય શ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ચાલુ વર્ષ માટે અંગ્રેજીના ટ્યૂટરથી ચલાવવા માટે પરવાનગી આપવી, પણ જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે, તેમ તેને જણાવવું.

૩૯. અલ્લાહાબાદ મુકામે ઑક્ટોબર તા. ૬થી ૧૨, ૧૯૬૪ દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા યોજાનાર અનુસ્નાતક કક્ષાએ હિંદીના શિક્ષણ અંગે વર્કશૉપમાં આપણી યુનિવર્સિટીના હિંદી વિભાગના વડાને પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે મજકૂર વર્કશૉપના અધ્યક્ષના તા. ૧૨-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વર્કશૉપમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. અંબાપ્રસાદ નાગરની નિમણૂક કરવી.

૪૦. લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગા માટે બે વખત જાહેરખબર આપવા છતાં યુનિવર્સિટીએ નક્કી કરેલાં ધોરણો પ્રમાણે જરૂરી લાયકાત ધરાવતા કોઈ ઉમેદવારની અરજી આવી નથી, તે સંજોગોમાં લાયકાતના ધોરણ પર પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.—લેક્ચરરની જગા માટે હાલ લાયકાતનું ધોરણ નીચે મુજબ છે:

For Lecturership :

1. (*a*) A First or Second Class both in Bachelor's Degree and Master's Degree in the subject;

and

(*b*) At least five years' experience of teaching the subject to Post-intermediate Classes or as a Demonstrator in Post-graduate Classes.

or

2. A Ph.D. Degree.**)**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગા માટેની લાયકાતનું ધોરણ નીચે મુજબ સુધારવું :

1. (*a*) A Bachelor's and Master's Degree both in the First Class;

or

2. A Bachelor's Degree in Second Class and a Master's Degree in First Class and at least two years' experience of teaching the subject to Post-intermediate Classes;

or

3. A Bachelor's Degree in First Class and a Master's Degree in Second Class and at least three years' experience of teaching the subject to Post-intermediate Classes;

or

4. A Ph.D. Degree;

or

5. Bachelor's Degree in Second Class and Master's Degree in Second Class plus five years' experience of teaching the subject to Post-intermediate Classes or five years' experience as a Demonstrator in Post-graduate Classes.

૪૧. સિન્ડિકેટના તા. ૧૧-૭-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર આંતરિક ગુણાંકન (૧૯૬૩) અંગેની તપાસસમિતિએ કૉલેજોના આચાર્ય અને શિક્ષકોના ચોજેલ સેમિનારો અંગેના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં આપવામાં આવેલ એમ.એસસી. પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે ડૉ. જી. એસ. મેવાડાની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા તે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મજકૂર કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ ડૉ. એ. જી. મુનશીએ રાજીનામું આપ્યાથી તેમની જગા પર ડૉ. મેવાડાની નિમણૂક થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. જી. એસ. મેવાડાની નિમણૂક કરવી.

૪૩. ઓપન-એર-થિયેટરમાં આવતી ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની ૧૪ ગુંઠા જેટલી જમીનના બદલામાં યુનિવર્સિટી વિસ્તારમાં ઑવરહેડ ટાંકી પાસેના પંપ હાઉસની પૂર્વ બાજુની તેટલી જમીનના આપવા અંગે જમીનનો પરસ્પર અદલોબદલો કરવા માટેના કરારનામા (ટ્રાન્સફર ડીડ) અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બાબતમાં સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં જરૂરી અનુમતિ આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો તથા તે પર સહી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. બાઈ રુક્મણી ચિમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટ શિષ્યવૃત્તિ (૧૯૬૪-૬૫) આપવા માટે અરજીઓ આવેલ હોવાથી તે અંગેના નિયમ અનુસાર તે શિષ્યવૃત્તિ કોને આપવી તે પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શિષ્યવૃત્તિના નિયમ અનુસાર અરજદારે બી.એ.ના વર્ષમાં સંસ્કૃત અથવા તત્ત્વજ્ઞાન વિષય રાખીને ઓછામાં ઓછો દ્વિતીય વર્ગ મેળવેલો હોવો જોઈએ અને તે શ્રીમદ્ વલ્લભાચાર્યની શુદ્ધાદ્વૈત ફિલોસોફી, પુષ્ટિમાર્ગ સિદ્ધાંત અથવા અણુભાષ્ય વિષયમાં એમ.એ. અથવા પીએચ.ડી.નો અભ્યાસ કરતા હોવા જોઈએ. આ શિષ્યવૃત્તિ વાર્ષિક રૂા. ૩૦૦ની છે અને તે એ વર્ષને માટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિષ્યવૃત્તિનાં ધારાધોરણો જોતાં તે શિષ્યવૃત્તિ કુમારી કૌમુદી જોષીને મળે.

૪૫. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રયોગશાળાના મકાન, સાધનસામગ્રી વગેરેનાં ધોરણો સૂચવવા અંગે નિમાયેલ સમિતિની ભલામણોને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. નીચેની સંસ્થાઓ તરફથી જોડાણ-માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત:

ઑર્ડિ. ૧૨૦ હેઠળ જણાવેલ તા. ૧-૮-૧૯૬૪ પછી આવેલી નવી અરજી

સંસ્થાનું નામ	**સ્થળ**	**અભ્યાસક્રમ**
વિદ્યામંદિર સોસાયટી	સુરત	બી.એ. સુધીના અભ્યાસક્રમો.

(**નોંધ.**—હાલમાં આ સંસ્થાની એસ. એન. ડી. ટી. સાથે જોડાયેલ મહિલાઓ માટેની કૉલેજ ચાલે છે તે જ કૉલેજનું જોડાણ આ યુનિવર્સિટી સાથે માંગે છે.)

ઑર્ડિ. ૧૨૦માં જણાવેલ તા. ૧-૮-૧૯૬૪ પછી આવેલી જૂની કૉલેજોની અરજીઓ

ક્રમાંક	**સંસ્થાનું નામ**	**સ્થળ**	**અભ્યાસક્રમ**
(૧)	શ્રી. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અને એ. એમ. પી. લૉ કૉલેજ	રાજકોટ	બી.એ. (પ્રિન્સિ.–સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં પરિષ્યન, મનોવિજ્ઞાન અને રાજ્યશાસ્ત્રનું કાયમી જોડાણ
(૨)	ગુજરાત કૉલેજ	અમદાવાદ	બી.એ.માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, મનોવિજ્ઞાનનું કાયમી જોડાણ તથા ગૃહવિજ્ઞાનનું વધારાનું જોડાણ
(૩)	શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ	ખંભાત	બી.એ. (પ્રિન્સિ.–સબો.)માં ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ફારસી, ઇતિહાસ,

		ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ.
(૪) શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ	દ્વારકા	બી.એ. (પ્રિન્સિ.–સબ્યે.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબ્યે.)માં ગુજરાતી, હિંદી, માનસશાસ્ત્ર અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યામંદિર સોસાયટી, સુરત તરફથી આવેલ જોડાણઅરજીની બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ

(૨) આચાર્ય ય. પ્રા. શુકલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાકીની કૉલેજો માટે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૭. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી આપવાના જોડાણ માટે મૂકેલ શરતોના પરિપાલનના આવેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.– ત્રણ શિક્ષકો પગાર નહિ લેતાં "ડોનેટેડ સર્વિસ" આપે છે એમ આચાર્ય જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને સ્પષ્ટ જણાવવું કે, "ડોનેટેડ સર્વિસ"ની પ્રથા ચાલી શકે નહીં; અને જોડાયેલ કૉલેજ તરીકે તેને યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેના શિક્ષકોને વેતન તથા ભથ્થાં આપવાં આવશ્યક છે એમ જણાવવું.

૪૮. શ્રી. સી. સી. દવેને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા માટે શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૩-૮-૧૯૬૪ના પત્રાંક ૩૪૨ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. દવે અંગ્રેજી સાથે બી.એ., બીજો વર્ગ અને એમ.એ., પાસ વર્ગ છે અને ૭ માસનો ટ્યૂટર તરીકેનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. સી. દવેને ચાલુ વર્ષ માટે અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી. પણ જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે એમ સદરહુ કૉલેજને જણાવવું.

૪૯. શ્રી. બી. એચ. ચાહવાલાને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા માટે શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૩-૮-૧૯૬૪ના પત્રાંક ૩૪૨ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. ચાહવાલા અર્થશાસ્ત્ર સાથે બી.એ., બીજો વર્ગ, અને એમ.એ., બીજો વર્ગ છે તથા ચાર વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ, જેમાં ૩ વર્ષ પોસ્ટ-ઇન્ટરમીડિયેટ કક્ષાનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે શ્રી. બી. એચ. ચાહવાલાની નિમણૂક માન્ય કરવાની સદરહુ કૉલેજની વિનંતી મંજૂર કરવી નહીં, અને યોગ્ય લાયકાત ધરાવતા પ્રોફેસરની નિમણૂક તાકીદે કરવા માટે તેને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યોગ્ય લાયકાત ધરાવતા પ્રોફેસરની નિમણૂક કરવામાં આવશે નહીં તો નવેંબર ૧૯૬૪થી શરૂ થતા સત્રથી સીનિયર બી.એ.ના વર્ગમાં અર્થશાસ્ત્ર (સ્પે.) વિષયના વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહીં.

૫૦. ઑક્ટોબર ૧૯૬૪માં લેવાનાર ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા માટેના ૧૦૦ ગુણના જનરલ એજ્યુકેશનના વિષય માટે બે પરીક્ષકોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાના ડીન સાથે સલાહ-મસલત કરીને જરૂરી નિમણૂક કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૧. શ્રી. હસમુખભાઈ શિવાભાઈ પટેલને ફર્સ્ટ બી.એસસી. માટે આપવામાં આવેલ કામચલાઉ એલિજિબિલિટી સર્ટિફિકેટ, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠના તા. ૭-૮-૧૯૬૪ના પત્રાંક ડી. ૯-૨૫૬૦ને અનુલક્ષીને રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. હસમુખભાઈ શિવાભાઈ પટેલને આપવામાં આવેલ પ્રવેશ-પાત્રતાનું કામચલાઉ પ્રમાણપત્ર રદ કરવું.

૫૨. એફ.ઈ.ની પરીક્ષામાં આ યુનિવર્સિટીના ટે.ક. ઑ. ૪ પ્રમાણે ત્રણ ટ્રાયલથી વધુ ટ્રાયલમાં બેસવા દેતા નથી. જે વિદ્યાર્થી ત્રીજી ટ્રાયલમાં એક જ વિષયમાં નાપાસ થાય તેને ચોથી ટ્રાયલે બેસવા દેવામાં આવે છે. આ નિયમને આધારે શ્રી. આર. જે. તુરખિયા કે જેઓ બીજી ટ્રાયલમાં માંદગીને કારણે બેસી શકયા નહોતા તેથી તેમને ચોથી ટ્રાયલ આપી એફ.ઈ.ની પરીક્ષામાં બેસવા દેવા અંગે શ્રી. આઈ. એમ. નાણાવટીના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. જે. તુરખિયાને એફ.ઈ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપી શકાય નહીં.

૫૩. ફાર્મસીની પરીક્ષાના પરિણામ બાબત ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈના તા. ૨૧-૮-૧૯૬૪ના પત્ર પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આવતા ઑક્ટોબર ૧૯૬૪માં લેવાનારી ફાર્મસીની વધારાની પરીક્ષા લેવા માટે સેશનલ પરીક્ષાની સંખ્યા બેથી ઘટાડીને એકની કરવા માટે યોગ્ય લાગતું હોય તો તે અંગે ઘટતો નિર્ણય લઈને સેશનલ પરીક્ષાના ગુણાંક યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવાનું કામ કૉલેજના આચાર્ય પર છોડવું.

૫૪. બર્માથી આવેલા શ્રી. જયંતિલાલ વી. પટેલને તેમના વિશિષ્ટ સંજોગો જોતાં પ્રી-યુનિવર્સિટીના વર્ગના પ્રવેશમાં થયેલો વિલંબ માફ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૫૫. સેનેટના નીચેના સભ્યોને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ અનુસાર વિદ્યાશાખા બેનાયત કરવા તથા વધુમાં તે વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ બેનાયત કરવા બાબત :

ક્રમાંક	સેનેટના સભ્યનુ નામ	ઍ.કા.એ બેનાયત કરેલ વિદ્યાશાખા	સભ્યે ધરાવેલ અભ્યાસસમિતિઓ.
(૧)	શ્રી. વસંત કનૈયાલાલ વાણી	તબીબી	(૧) પ્રી-ક્લિનિકલ ઈ. (૨) ક્લિનિકલ ઈ.
(૨)	શ્રી. શાંતિલાલ ચૂનીલાલ શ્રોફ	ધારાકીય	(૧) જ્યુરિસ્પ્રુડન્સ ઈ. (૨) લૉ ઑફ ઑબ્લિગેશન ઈ.
(૩)	ડૉ. લીલાબહેન શાહ	વિનયન	(૧) માનસશાસ્ત્ર (૨) ગૃહવિજ્ઞાન
(૪)	શ્રીમતી કમલિની સારાભાઈ	વિનયન	(૧) માનસશાસ્ત્ર (૨) શિક્ષણ
(૫)	ડૉ. સી. એસ. પટેલ, ઉપકુલપતિશ્રી, એમ. એસ. યુનિ. ઑફ બરોડા, વડોદરા	વિજ્ઞાન	(૧) રસાયણવિજ્ઞાન (૨) —
(૬)	શ્રી. કે. જી. બાદલાણી, ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય	વિનયન	(૧) અર્થશાસ્ત્ર (૨) રાજ્યનીતિશાસ્ત્ર
(૭)	શ્રી. આર. ડી. જોષી, ચીફ કૉન્ઝરવેટર ઑફ ફૉરેસ્ટ, ગુજરાત રાજ્ય	એગ્રિકલ્ચર	—

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું તથા અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૬. સિન્ડિકેટે તેની તા. ૬૧-૭-૧૯૬૪ની સભામાં યુનિવર્સિટી પ્રેસમાં તા. ૧-૭-૧૯૬૪ના રોજ મહદનીશ પ્રેસ-મેનેજર, મશીનમેન તથા પ્રૂફરીડર વચ્ચે થયેલ ઝઘડા અંગે નીમેલી તપાસસમિતિના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિના રિપોર્ટની નોંધ લેવી તથા સદરહુ બાબતમાં કાનૂની સલાહ લઈને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૫/૨૬૫૦૭/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
સપ્ટેંબર ૪, ૧૯૬૪.
ભાદ્રપદ ૧૧, ૧૮૮૬(શક).

કું. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૪

A meeting of the Selection Committee for recommending the names for appointment to the post of a Professor/Reader in Physics in the University School of Sciences, Gujarat University, was held in the office of the Gujarat University, Ahmedabad-9 on Wednesday the 26th August 1964 at 12-30 p.m. Shri Lalbhai R. Desai, Vice-Chancellor, Gujarat University, presided.

The following was the attendance of the members :

1. Shri L. R. Desai	Present
2. Shri R. S. Krishnan	Present
3. Prof. R. C. Majmudar	Absent
4. Dr. Ajit Ram Varma	Present
5. Dr. Nag Chaudhri	Present.

The following candidates were called for interview :

1. Dr. K. N. Nagpal	Absent
2. Shri P. D. Pathak	Present
3. Dr. J. R. Pandya	Present
4. Shri V. M. Trivedi	Present.

Shri P. D. Pathak was the only candidate for the post of the Professor, while Shri J. R. Pandya and Shri V. M. Trivedi were the candidates for the Reader's post, in case nobody could be found suitable for the post of a Professor.

After interviewing the aforementioned candidates, the Committee could not find any of them suitable for the post they had applied for and could not, therefore, recommend any of them.

The Committee, however, suggests that the possibilities of securing Dr. Sudhir Pandya as Professor of Physics be explored and recommends his appointment if he is available.

The visiting members of the Committee are acquainted personally with the work of Dr. Pandya as a teacher as well as a Research workers, and testify that he has to his credit independent and original achievement of recognised merit.

L. R. Desai
Ajit Ram Verma
R. S. Krishnan
B. D. Nag Chaudhri.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૪

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૨૭-૮-૧૯૬૪ના રોજ ૧૧-૩૦ વાગ્યે યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે તથા યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજીની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત માટે મળી હતી. ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. બી. આર. ભાનોટ	હાજર
૩.	આચાર્ય જે. બી. સાવિડલ	હાજર
૪.	આચાર્ય ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૭.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૮.	શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	હાજર
૯.	ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૦.	શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૪.	ડૉ. એન. સી. શાહ	હાજર
૧૫.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૮.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

લેક્ચરર-ઇન-ઝૂલોજી—એક કાયમી જગ્યા

લેક્ચરર-ઇન-ઝૂલોજીના નિષ્ણાત તરીકે કાર્યકારી અધ્યક્ષશ્રી પી. સી. વૈદ્ય તથા રીડર ડૉ. એમ. એસ. દુબલેની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

લેક્ચરર-ઇન-ઝૂલોજીની એક કાયમી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એન. એમ. શાહ	હાજર
૨. શ્રી. એન. ડી. છાયા	હાજર
૩. શ્રી. યુ. કે. શ્રીવાસ્તવ	ગેરહાજર
૪. શ્રી. આર. કે. મલહોત્રા	હાજર
૫. શ્રી. કે. એન. ગુપ્તે	હાજર.

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધી અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે, હાજર રહેલા ઉમેદવારો પૈકી કોઈ પણ ઉમેદવાર આ જગ્યા માટે ભલામણ કરી શકાય તેમ નથી અને તેથી આ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવી."

લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સ—એક કાયમી જગ્યા

લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે નિષ્ણાત તરીકે કાર્યકારી અધ્યક્ષશ્રી ડૉ. તારાબહેન એન. પટેલની તથા ડૉ. જે. એલ. ધોળકિયાની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યાં હતાં.

લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

શ્રી. જે. આઈ. લાલીવાલા	હાજર

સમિતિએ હાજર રહેલા ઉમેદવારની મુલાકાત લીધી અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"શ્રી. જે. આઈ. લાલીવાલાને સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૫૦ થી રૂા. ૨૫૦–૨૫–૫૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય ઉપર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

G U P. 479-350-9-64

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૪ના સપ્ટેંબર માસની સભા, શનિવાર, તા. ૫–૯–૧૯૬૪ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૬–૯–૧૯૬૪ના રોજ પણ સવારના ૯–૦૦ વાગ્યેથી ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૫–૯–૧૯૬૪	તા. ૬–૯–૧૯૬૪
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનોટ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩. આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૧૦. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	ગેરહાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૫. આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	ગેરહાજર	હાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત.	હાજર	હાજર.

૧. તા. ૨૭-૮-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૨૭-૮-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની ખાસ સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રયોગશાળાનાં મકાન અને સાધનસામગ્રી વગેરેનાં ધોરણો સૂચવવા અંગે નીમાયેલ સમિતિની ભલામણોને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો સભામાં કરવામાં આવેલા સુધારા સાથે મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખામાં શરૂ થતી નવી કૉલેજો માટે પ્રયોગશાળાનાં સાધનો વસાવવા માટે રૂા. ૬,૦૦,૦૦૦/- નો ખર્ચ કરવાની શરત મૂકવામાં આવે છે તેના સંદર્ભમાં તે રકમ કયાં કયાં સાધનો માટે કેટલા પ્રમાણમાં ખર્ચવી તેની બને તેટલી વીગતોનો ફોડ પાડીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય ય. ગુ. નાયક
(૨) આચાર્ય જે. બી. સાણ્ડલ
(૩) ડૉ. જે. જે. ચિનોય
(૪) પ્રો. સી. એમ. દેસાઈ
(૫) ડૉ. કે. એ. ઠાકર.

(મંજૂર કરવામાં આવેલ ભલામણની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩. સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીની વિકાસ-યોજનાઓ ઘડી કાઢવા માટે જે સમિતિ નીમી હતી તે સમિતિએ તે અંગે તૈયાર કરેલ દરખાસ્તો તથા ઈજનેરી વિદ્યાશાખામાં અનુસ્નાતક અભ્યાસક્રમો અંગે શ્રી. ટી. એ. દેસાઈએ મોકલેલ યોજનાઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિએ ઘડેલી વિકાસ-યોજનાઓ સામાન્ય રીતે મંજૂર કરવી, પરંતુ એ યોજનાના પ્રસ્તાવનું સ્વરૂપ તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલી યોજનાઓને અનુલક્ષીને સુધારવું. સુધારેલી યોજનાઓનો મુસદ્દો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. ટી. એ. દેસાઈએ રજૂ કરેલી યોજનાઓ રાજ્ય સરકાર મારફતે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના વિકાસની યોજના તરીકે મોકલવા માટે તેમને સૂચવવું. અને તે માટે યુનિવર્સિટી તરફથી યથાસમયે જરૂરી ભલામણ કરવાનું રાખવું.

૪. તા. ૧૧-૭-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે સને ૧૯૬૪માં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના જુદા જુદા વિષયોમાં બેવડા પરીક્ષણમાં ૧૦ કે ૧૦થી વધુ ગુણનો તફાવત માલુમ પડયો છે તેવા કેસોના તારણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા થઈ તે દરમિયાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

"ગુજરાત યુનિવર્સિટીના બેવડા પરીક્ષણ અંગેનો અભ્યાસ કરતાં અને ઍકેડેમિક કાઉન્સિલ તરફથી જે નિર્ણય લેવાયો છે તેમ જ ૧૯૬૫ના વર્ષથી ૫૦ ટકાને બદલે ૪૮ ટકા માર્ક્સ પર બીજા વર્ગથી ઉત્તીર્ણ કરવાનું નક્કી કર્યું છે તે હકીકતને ધ્યાનમાં લઈ ૧૯૬૪ના એપ્રિલની પરીક્ષામાં બેઠેલા જે વિદ્યાર્થીઓના કેસમાં બેવડા પરીક્ષણમાં ૧૫ કરતાં વધારે માર્ક્સનો તફાવત હોય તેમનાં પરિણામ ઍકેડેમિક કાઉન્સિલના નિર્ણયને ધ્યાનમાં રાખી ચકાસણી કરી પરિણામમાં ફેરફાર કરવો પડે તો તે પ્રમાણે કરવો."

ઉપરના પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે બહુમતે નામંજૂર થયો.

૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૦-૮-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૬. સિન્ડિકેટના તા. ૧૨-૭-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર આંતરિક ગુણાંકન (૧૯૬૩) અંગેની તપાસસમિતિએ કૉલેજોના આચાર્ય અને શિક્ષકોના ચેન્જેલ સેમિનારો અંગેના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૭. જૂના અભ્યાસક્રમ હેઠળ લેવાયેલ ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. અને સેકન્ડ બી.કૉમ.નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવી હોય તે વિદ્યાર્થીઓને ઇન્ટર આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પરીક્ષાઓના જે વિષયમાં પાસ થવાનું બાકી રહ્યું હોય તે વિષયમાં તેમની પરીક્ષા જૂના અભ્યાસક્રમ પ્રમાણે વધુ એક વખત લેવાનું સિન્ડિકેટની તા. ૮-૯-૧૯૬૪ની સભામાં ઠરાવ્યું છે.

ઇન્ટર આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી. મળી હોય, અને જે વિષયમાં પાસ થવાનું બાકી રહ્યું હોય તેવા એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને પણ ૧૯૬૫ના એપ્રિલ માસમાં લેવાનાર પરીક્ષામાં બેસવા દેવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૮. વિજ્ઞાનવિદ્યા ભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગના રીડર ડૉ. કોટડિયા કે. એમ. પરદેશ જતા હોવાથી તેમની ગેરહાજરી દરમિયાન એક વર્ષ માટે હાલના ડેમોન્સ્ટ્રેટર શ્રી. વી. બી. ગોહેલને હંગામી લેક્ચરર તરીકે નીમવા તથા તેઓની ખાલી પડેલી જગ્યા ઉપર સંશોધન વિદ્યાર્થી શ્રી. આર. વી. મોદીને નીમવાના ભવનના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. ગોહેલ શૈક્ષણિક લાયકાત ધરાવે છે, પણ પાંચ વર્ષનો જરૂરી અનુભવ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ભવનનું ઉપરનું સૂચન મંજૂર કરવું નહીં, અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકની જગ્યા ખાલી પડે તો તે જગ્યા પર ભવિષ્યમાં કોઈની નિમણૂક કાર્યકારી ધોરણે કરવાનું રાખવું નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડૉ. કે. એમ. કોટડિયાની ગેરહાજરીમાં તેમના શિક્ષણકાર્યની ઘટતી વ્યવસ્થા સ્થાનિક કૉલેજોના માન્ય અનુસ્નાતક અને/અથવા તેમના મદદનીશ અનુસ્નાતક શિક્ષકોની સહાય લઈને કરવા માટે વિજ્ઞાનવિદ્યા ભવનને જણાવવું.

૯. વિજ્ઞાનવિદ્યા ભવનમાં વનસ્પતિવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ માટે દાર્જિલિંગ અથવા નૈનિતાલનું અભ્યાસ-પર્યટન ગોઠવવા અંગેના વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક જીયુ-બોટની-૧૦-૧૧૩૬-૬૪ તા. ૩૦-૭-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—દાર્જિલિંગના પ્રવાસનું ખર્ચ રૂા. ૩,૨૫૨ અને નૈનિતાલનું ખર્ચ રૂા. ૨,૩૫૨ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે માટે રૂા. ૩,૨૫૨ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૦ ભારતીય તત્ત્વજ્ઞાન મંડળ, મુંબઈનું ૧૪મું અધિવેશન, શિવાજી યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૮થી ૩૦ ઑક્ટોબર ૧૯૬૪ દરમિયાન, કોલ્હાપુર ખાતે મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા સદરહુ અધિવેશનના સ્થાનિક મંત્રીશ્રીના તા. ૧૦-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૧. મેટાલર્જી ખાસ વિષય હોઈ અને યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાત મુજબના શિક્ષકો તે વિષય માટે મળતા ન હોઈ મેટાલર્જીના વ્યાખ્યાતા તરીકે શ્રી. એચ. એન. ધારવાડકરને માન્ય કરવા અંગે એસ. વી. આર. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૪-૮-૧૯૬૪ના પત્રાંક ડી. ૭૯૧૧ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. ધારવાડકર બી.એસસી. પ્રથમ વર્ગ અને બી.ઈ. બીજો વર્ગ (મેટાલર્જી) છે.
(૨) તા. ૧૦-૮-૧૯૬૩ની સિન્ડિકેટની સભાના ઠરાવ અનુસાર શ્રી. ધારવાડકરને એક વર્ષ માટે માન્ય કર્યા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. એન. ધારવાડકરને મેટાલર્જીના લેક્ચરર તરીકે ચાલુ વર્ષ પૂરતા માન્ય કરવા, અને સદરહુ કૉલેજને જણાવવું કે, આગામી શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૨. અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવી લેવાની મંજૂરી આપવાની એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગરના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અર્થશાસ્ત્રના ટ્યૂટર તરીકે નિમાયેલા શ્રી. પી. આર. રાઠોડ બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ચાલુ વર્ષ પૂરતી લેક્ચરરને બદલે ટ્યૂટરથી ચલાવવા માટે પરવાનગી આપવી, પણ આગામી શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે, એમ તેને જણાવવું.

૧૩. ભારત સરકારના એટમિક એનર્જી ડિપાર્ટમેન્ટ, મુંબઈ તરફથી વર્ષ ૧૯૬૪-૬૫ માટે સ્નાતક કક્ષાએ ભૌતિકવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર માટે એક અને અનુસ્નાતક કક્ષાએ ભૌતિકવિજ્ઞાન માટે એક અને રસાયણવિજ્ઞાન માટે એક શિષ્યવૃત્તિ આ યુનિવર્સિટીને આપવામાં આવેલી હોવાથી તે અંગેની સિલેક્શન કમિટી ઉપર આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયે વખતે આ અંગેની સમિતિ ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. બી. કે. વૈદ્ય અને ડૉ. વાય. જી. નાયક હતા.**)**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) આચાર્ય જે. બી. સાણ્ડલ

(૨) ડૉ. બી. કે. વૈદ્ય.

૧૪. અંગ્રેજીના સર્ટિફિકેટ અભ્યાસક્રમ અંગે આચાર્યશ્રી ય. પ્રા. શુકલે તેમના તા. ૨૯-૭-૧૯૬૪ના પત્રમાં કરેલાં કેટલાંક સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી આચાર્ય ય. પ્રા. શુકલનાં સૂચનો ઉપર વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે, અંગ્રેજીના સર્ટિફિકેટના અભ્યાસક્રમની પરીક્ષા વર્ષમાં બે વાર (૧) ડિસેંબર કે જાન્યુઆરી; અને (૨) જૂન કે જુલાઈમાં લેવાનું રાખવું.

આચાર્ય ય. પ્રા. શુકલનાં બીજાં સૂચનો મંજૂર કરવામાં આવ્યા નહીં.

(આચાર્ય ય. પ્રા. શુકલના પત્રની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૧૫. "ધી ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ"ના આશ્રયે અખિલ ભારતીય શ્રમ-અર્થ પરિષદનું ૮મું અધિવેશન ચાલુ વર્ષના ડિસેંબર માસની તા. ૨૯થી ૩૧ દરમિયાન વડોદરા મુકામે મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા સંસ્થાના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. વી. કે. ચાવડા (સમાજવિદ્યા ભવન)ની નિમણૂક કરવી.

૧૬. બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ભલામણ

"બોર્ડ તરફથી ચાલતી પ્રવૃત્તિ સંતોષકારક છે અને તેમાં વધારાની પ્રવૃત્તિ તરીકે નીચે મુજબની પ્રવૃત્તિ ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

યુનિવર્સિટી વિસ્તારમાં જુદાં જુદાં ક્ષેત્રોના બહુશ્રુત વિદ્વાન શિક્ષકોના જ્ઞાનનો લાભ યુનિવર્સિટીનું શિક્ષણકામ કરતાં નાનાં કેન્દ્રોની કૉલેજોને તથા તે સ્થળના સામાન્ય જનસમુદાયને પણ મળી શકે તેમ જ આવા વિદ્વાનોને જે તે સ્થળના લોકોનો સંપર્ક મળે તે હેતુથી યુનિવર્સિટી

તરફથી દર વર્ષે પસંદ કરેલ દશેક વિદ્વાનોનાં વ્યાખ્યાનો યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં ગોઠવવા પ્રબંધ કરવો.

આ યોજના અનુસાર પસંદ કરેલ દરેક શિક્ષક નિયત કરેલ કૉલેજમાં જઈ પોતાના વિષયને લગતું એક અભ્યાસપૂર્ણ અને એક લોકભોગ્ય વ્યાખ્યાન આપે તેવી વ્યવસ્થા કરવી. આ બંને વ્યાખ્યાનોની લિખિત નકલ તે વિદ્વાન આપે તે શરતે વ્યાખ્યાતાને વ્યાખ્યાન દીઠ રૂા. ૫૦નું ઑનરેરિયમ તથા તેના રહેવાના સ્થળથી વ્યાખ્યાનના સ્થળે જવાઆવવાનું પ્રથમ વર્ગનું રેલવેભાડું યુનિવર્સિટીએ આપવું. જે કેન્દ્ર પર વ્યાખ્યાન યોજાય તે કેન્દ્રની કૉલેજોએ વ્યાખ્યાતાની સરભરા તથા બંને વ્યાખ્યાનો અંગેની સ્થાનિક વ્યવસ્થા ઉપાડી લેવાની રહેશે.

ચાલુ વર્ષમાં આ યોજના હેઠળનાં વ્યાખ્યાનો માટે રૂા. ૧,૫૦૦નો વધારાનો અંદાજી ખર્ચ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ માટે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની પ્રવૃત્તિઓમાં નીચેની વધારાની પ્રવૃત્તિ ઉમેરવી:

"યુનિવર્સિટી વિસ્તારમાં જુદાં જુદાં ક્ષેત્રોના બહુશ્રુત વિદ્વાન શિક્ષકોના જ્ઞાનનો લાભ યુનિવર્સિટીનું શિક્ષણકામ કરતાં નાનાં કેન્દ્રોની કૉલેજોને તથા તે સ્થળના સામાન્ય જનસમુદાયને પણ મળી શકે તેમ જ આવા વિદ્વાનોને જે તે સ્થળના લોકોનો સંપર્ક મળે તે હેતુથી યુનિવર્સિટી તરફથી દર વર્ષે પસંદ કરેલા દશેક વિદ્વાનોનાં વ્યાખ્યાનો યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં ગોઠવવા પ્રબંધ કરવો.

આ યોજના અનુસાર પસંદ કરેલ દરેક શિક્ષક નિયત કરેલ કૉલેજમાં જઈ પોતાના વિષયને લગતું એક અભ્યાસપૂર્ણ અને એક લોકભોગ્ય વ્યાખ્યાન આપે તેવી વ્યવસ્થા કરવી. આ બન્ને વ્યાખ્યાનોની લિખિત નકલ (સ્ક્રિપ્ટ) તે વિદ્વાન આપે તે શરતે વ્યાખ્યાતાને વ્યાખ્યાન દીઠ રૂા. ૨૫નું માનદ વેતન તથા તેના રહેવાના સ્થળથી વ્યાખ્યાનના સ્થળે જવા-આવવાનું પ્રથમ વર્ગનું રેલવેભાડું યુનિવર્સિટીએ આપવું. જે કેન્દ્ર પર વ્યાખ્યાનો યોજાય તે કેન્દ્રની કૉલેજોએ વ્યાખ્યાતાની સરભરા તથા બંને વ્યાખ્યાનો અંગેની સ્થાનિક વ્યવસ્થા ઉપાડી લેવાની રહેશે.

ચાલુ વર્ષમાં આ યોજના હેઠળનાં વ્યાખ્યાનો માટે રૂા. ૭૫૦નો વધારાનો અંદાજી ખર્ચ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ માટે મંજૂર કરવો."

૧૭. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

ભલામણો

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પાસેનું હાલનું ટેપરેકૉર્ડર ઘણાં વર્ષોના વપરાશને લઈને સંતોષકારક કામ આપતું ન હોવાથી નવું ટેપરેકૉર્ડર ખરીદવા માટે રૂા. ૩,૦૦૦ જેટલું ખર્ચ જનરલ ફંડમાંથી મંજૂર કરવા સિન્ડિકેટને વિનંતી કરવી.

વધુમાં વ્યાખ્યાનો અને યુનિવર્સિટીની બીજી પ્રવૃત્તિઓ માટે ઉપયોગી બને તે માટે યુનિવર્સિટી પોતાની ધ્વનિપ્રસારણ સામગ્રી વસાવી લે એવી ભલામણ સિન્ડિકેટને કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, નવું ટેપરેકૉર્ડર ખરીદવા માટે રૂા. ૩,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ ધ્વનિપ્રસારણ સામગ્રી પોતે વસાવવાની હાલ જરૂર નથી અને હાલ કરવામાં આવે છે તે પ્રમાણે જરૂર મુજબ ભાડેથી સામગ્રી લાવીને વાપરવાનું ચાલુ રાખવું.

૧૮. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝનો નીચેનો ઠરાવ (જાણ માટે):

"બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી ૧૯૬૩-૬૪ના વર્ષ દરમિયાન થયેલી પ્રવૃત્તિ સંતોષકારક છે અને તે હેવાલની નોંધ લેવી, અને તેની નકલ સિન્ડિકેટની જાણ માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલની નોંધ લેવી.

(સદરહુ હેવાલની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૯. ગ્રંથાલય સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

"(૧) યુનિવર્સિટીની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતો તથા દરોએ તારીખ ૩૧-૮-૧૯૬૫ સુધી યુનિવર્સિટી ગ્રંથાલય માટે પુસ્તકો મંગાવવાનું ઠરાવવામાં આવે છે:

(૧) મે. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
(૨) મે. બાલગોવિંદ કુમેરદાસની કું., અમદાવાદ
(૩) મે. ગુજરાત પુસ્તક મંદિર, અમદાવાદ
(૪) મે. ન્યૂ ઑર્ડર બુક કું., અમદાવાદ
(૫) મે. સસ્તું કિતાબ ઘર, અમદાવાદ
(૬) મે. પ્રકાશ બુક ડીપો, અમદાવાદ
(૭) મે. બુક સેન્ટર પ્રા. લિ., મુંબઈ
(૮) મે. પુરુષોત્તમદાસ ગીગાભાઈ, ભાવનગર
(૯) મે. ટુડે એન્ડ ટુમોરો બુક એજન્સી, દિલ્હી
(૧૦) મે. આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી
(અંગ્રેજી તથા હિંદી પ્રકાશનો માટે)
(૧૧) મે. કોઠારી બુક ડીપો, મુંબઈ
(ફક્ત મેડિકલ પ્રકાશનો માટે)
(૧૨) મે. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ
(ફક્ત કાયદાનાં પ્રકાશનો માટે)
(૧૩) મે. ગુડ કમ્પેનિયન, બરોડા
(ભારતમાં પ્રસિદ્ધ થતાં અંગ્રેજી પ્રકાશનો માટે)
(૧૪) મે. ચોખંબા સંસ્કૃત સિરીઝ ઑફિસ, વારાણસી
(સંસ્કૃત પ્રકાશનો માટે)
(૧૫) મે. આર. આર. શેઠની કંપની, મુંબઈ
(ગુજરાતી પ્રકાશનો માટે)

(૧૬) મે. મુનશીરામ મનોહરલાલ, દિલ્હી
(ફક્ત હિંદી પ્રકાશનો માટે)

(૧૭) મે. કિતાબ મહલ, જયપુર,
(ફક્ત હિંદી પ્રકાશનો માટે)

(૧૮) મે. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
(ગુજરાતી, હિંદી અને સંસ્કૃત પ્રકાશનો માટે)

(૧૯) મે. ડબ્લ્યુ. ડી. વિલિસ, મુંબઈ
(તેમનાં તથા જે પ્રકાશનોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

(૨૦) મે. ઑકસફર્ડ યુનિ. પ્રેસ, મુંબઈ
(તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

(૨૧) મે. મેકમિલન એન્ડ કું., મુંબઈ
(તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

(૨૨) મે. કાદરી બુક એજન્સી, અમદાવાદ
(ઉર્દૂ અને પર્શિયન પ્રકાશનો માટે)

(૨૩) મે. અલવી બુક ડીપો,
(ઉર્દૂ અને પર્શિયન પ્રકાશનો માટે)

(૨૪) મે. સીદીક બુક ડીપો, લખનૌ
(ઉર્દૂ અને પર્શિયન પ્રકાશનો માટે).

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જે પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તા પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયની જરૂરિયાતો ધ્યાનમાં લઈને મેસર્સ ન્યૂ ઑર્ડર બુક કું., અમદાવાદ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલ શરતો તથા દરોથી સને ૧૯૬૫ના વર્ષ માટે ગ્રંથાલયનાં સામયિકો મંગાવવાનું ઠરાવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૦. ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા જાન્યુઆરી ૧૯૬૪થી જૂન ૧૯૬૪ સુધીના છ માસિક પત્રકની જાણ થવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટનો કોર્સ શીખવવાની મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૨. સેનેટના નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ એનાયત કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યે ઇચ્છિત અભ્યાસસમિતિઓ
(૧)	આચાર્ય વી. પી. પરીખ	વિનયન	(૧) અર્થશાસ્ત્ર (૨) સહકાર
(૨)	,, એસ. વી. ત્રિવેદી	વિનયન	હજુ જવાબ નથી.
(૩)	આચાર્ય એચ. એમ. શુકલ	વિનયન	(૧) હિન્દી (૨) —
(૪)	,, ડૉ. વી. એચ. જોશી	વાણિજ્ય	(૧) અર્થશાસ્ત્ર (૨) વાણિજ્ય
(૫)	,, જી. બી. પરીખ	વિનયન	(૧) અંગ્રેજી (૨) સહકાર
(૬)	,, સી. કે. ભટ્ટ,	વાણિજ્ય	(૧) વાણિજ્ય (૨) સહકાર
(૭)	,, ડૉ. ડી. એસ. દસ્તૂર	વિજ્ઞાન	હજુ જવાબ નથી.
(૮)	,, ડૉ. એસ. એસ. સેન	તબીબી	હજુ જવાબ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	અભ્યાસસમિતિ
(૧)	આચાર્ય વી. પી. પરીખ	વિનયનય	(૧) અર્થશાસ્ત્ર (૨) સહકાર
(૨)	આચાર્ય એસ. વી. ત્રિવેદી	વિનયન	(૧) ફિલોસોફી (૨) સાયકોલોજી
(૩)	આચાર્ય એચ. એમ. શુકલ	વિનયન	હિંદી
(૪)	આચાર્ય ડૉ. વી. એચ. જોશી	વાણિજ્ય	(૧) અર્થશાસ્ત્ર (૨) વાણિજ્ય
(૫)	આચાર્ય જી. બી. પરીખ	વિનયન	(૧) અંગ્રેજી (૨) એજ્યુકેશન
(૬)	આચાર્ય સી. કે. ભટ્ટ	વાણિજ્ય	(૧) વાણિજ્ય (૨) સહકાર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોના જવાબ આવેથી તેમને અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવાનું હવે પછીની સભામાં વિચારવું :

(૧) ડૉ. ડી. એસ. દસ્તૂર
(૨) ડૉ. એસ. એમ. સેન.

૨૩. ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સની ૨૪મી વાર્ષિક પરિષદ, ડિસેંબર ૧૯૬૪ના છેલ્લા સપ્તાહમાં વલ્લભવિદ્યાનગર (આણંદ) મુકામે મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા મંડળના પ્રમુખશ્રીના તા. ૨૫ ઑગસ્ટ ૧૯૬૪ના પત્રાંક ૧૧૧૫-કૉન્ફ.-એફ. ૧૪૯-૬૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એચ. કે. નાયક (સમાજવિદ્યા ભવન)ની નિમણૂક કરવી.

૨૪. આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાએ શ્રી. આર. જે. ભટ્ટ જેઓ અનુસ્નાતક પદવી ધરાવતા નથી તેઓને અંગ્રેજીના ટ્યૂટર તરીકે નીમ્યા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ઓછામાં ઓછી ટ્યૂટર તરીકેની લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક તાકીદે કરીને જાણ કરવા માટે જણાવવું, અને વધુમાં ઉમેરવું કે, તા. ૭ નવેંબર ૧૯૬૪ સુધીમાં તેઓ આ નિમણૂક કરી શકે નહીં તો સદરહુ કૉલેજમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહીં.

૨૫. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં ઝૂલોજી ડિપાર્ટમેન્ટ માટે લેક્ચરર-કમ-ઝૂલોજીની એક કાયમી જગ્યા ઊભી કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઝૂલોજીના લેક્ચરરની જગ્યા ઊભી કરવા માટે સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ જગ્યાનો સમાવેશ ચોથી પંચવર્ષીય યોજનામાં કરવાનું રાખવું.

૨૬. એફ.વાય.બી.એસસી.ની પરીક્ષાના રેગ્યુ. સાયન્સ-૧ના પ્રાયોગિક પરીક્ષા અંગેના સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Subjects	Duration of Examination
Physics	3 hours
Chemistry	3 hours
Biology	4 hours
Geography	3 hours
Geology	3 hours

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. સાયન્સ-૧નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવો અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને તાકીદે અમલમાં આવેલો ગણવો.

૨૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૨૮૪(૧) અને ૨૯૭(૧) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત:

O. 284 (1):

(*i*) Notwithstanding anything contained in the above rules at least five years after graduation from this University or another University whose degree is recognised as equivalent thereto a candidate can appear for his M.D. Degree Examination, provided that he has completed four years of graduation and is registered at least *one calender year* before appearing at the M.D. Degree Examination and that he has put in at least six months' post-graduate training under a recognised post-graduate teacher in his branch. Such candidates shall have to submit their dissertations as mentioned in O. 278.

Further a candidate who has been registered for his M.D. Degree Examination in a branch concerned under O. 274 and leaves his studies without putting in the necessary terms as required under O. 282 and desires to avail himself of the concession under the Ordinance shall register his name afresh and follow the procedure referred to in para (1) above.

O. 297 (1):

Notwithstanding anything contained in the above rules, at least five years after graduation from this University or any other University whose degree is recognised equivalent therto, a candidate can appear for his M.S. Degree Examination, provided that he has completed four years of graduation and is registered at least one *calender year before* appearing at the M.S. Degree Examination and that he has put in at least six months' post-graduate training under a recognised post-graduate teacher in his branch. Such candidates shall have to submit their dissertations as mentioned in O. 291.

Further a candidate who has been registered for his M.S. Degree Examination in a branch concerned under O. 287 and leaves his studies without putting in the necessary terms as required under O. 295, and desires to avail himself of the concession under the ordinance, shall register his name afresh and follow the procedure referred to in para (1) above.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાને વિચારણા માટે મોકલવી.

૨૮. ઑ. ૩૨૧-એ ને અંતે નીચે મુજબનો પાઠ ઉમેરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"However in case of a candidate who after having submitted his thesis, has gone abroad and is likely to stay there for a period of at least a year, his viva voce examination may at his request and at the discretion of the Syndicate be held in that country if the Board of Studies in the relevant subject recommends a Referee or referees for holding the viva voce examination of the candidate, provided the candidate concerned undertakes to present himself before the Referee at his own expense."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૩૨૧-એ ની અંતે ઉપર મુજબનો પાઠ ઉમેરવો, અને તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. ૩૨૧-એ ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૯. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૩૦-૪-૧૯૬૪ની સભાની ભલામણો જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાએ મંજૂર રાખી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩૦-૪-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૦. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ શ્રી. બી. આર. શિનોય (જેઓ હાલ વિઝિટિંગ પ્રોફેસર તરીકે વિદેશમાં છે)ના તા. ૨૦-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. આર. શિનોયને તા. ૬ઠ્ઠી નવેંબર ૧૯૬૪ સુધી વગર-પગારે રજા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તેમણે ૧૯૬૩-૬૪ના વર્ષમાં યુ.એસ.એ.નો પ્રવાસ કર્યો અને બીજા જે કરાર કર્યા તે માટે તેમની પાસેથી પૂરેપૂરી માહિતી મંગાવવી, અને યુનિવર્સિટીની પરવાનગી મેળવ્યા સિવાય તેમ કરવા માટે તેમનો ખુલાસો લખી મોકલવા જણાવવું.

૩૧. ફાઇનાન્સ સમિતિની તા. ૩-૯-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩-૯-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૨. ગુજરાત યુનિવર્સિટીના એમ્પ્લોઇઝ યુનિયનના તા. ૧-૯-૧૯૬૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યુનિયનની ત્રણે માગણીઓ સ્વીકારવી નહિ, અને તે બાબતમાં વકીલ શ્રી. ગાંધીની કાનૂની સલાહ લઈને ઘટતું કરવું. તે માટે જરૂરી ખર્ચ કરવાની અને પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૩૩. ઍનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયાની ૧૩મી વાર્ષિક પરિષદ નાગપુર મુકામે તા. ૩૦થી ૩૧ ડિસેંબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા સદરહુ મંડળના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૮મી ઑગસ્ટ ૧૯૬૪ના પત્રાંક જી.એસ.એસી. ૧૭-૧૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૪. યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સ તરીકે કામ કરતા શ્રી. એ. એ. શેખનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૪-૧૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૫-૧૧-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

શ્રી. એ. એ. શેખની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગ્યા પર તા. ૫-૧૧-૧૯૬૪થી કાયમ કરવા.

આ પછી સભાગૃહનું કામકાજ તા. ૫-૯-૧૯૬૪ના રોજ બંધ કરવામાં આવ્યું, અને તે પછી તા. ૬-૯-૧૯૬૪ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે સભા ફરી મળતાં આગળ હાથ ધરવામાં આવ્યું.

૩૫. જોડાણુકાર્યવાહી અંગેનો મુસદ્દો તૈયાર કરવા સિન્ડિકેટે નીમેલ સમિતિની તા. ૨૩-૬-૧૯૬૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[redacted]

(મંજૂર કરવામાં આવેલા રિપોર્ટની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૬. ઇજનેરી વિદ્યાશાખામાં જૂન ૧૯૬૫થી પાંચ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ દાખલ કરવા અંગેના ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનના તા. ૨-૮-૧૯૬૪ના પત્રાંક ડી.ઓ./ એફ.વાય.સી./૫૪૬૪/એ-૧/૨૭૬૧૧ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ બાબતમાં, સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૪ની સભામાં થયેલ ચર્ચા-વિચારણાને આધારે, શ્રી. ટી. એ. દેસાઈએ આ સુધારેલો પ્રસ્તાવ મૂકેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ સામાન્ય રીતે મંજૂર કરવો અને તે પ્રમાણે ઇજનેરી વિદ્યાશાખામાં જૂન ૧૯૬૫થી પાંચ વર્ષનો સુગ્રથિત અભ્યાસક્રમ દાખલ કરવા માટે જરૂરી પગલાં લેવાં.

(સામાન્ય રીતે મંજૂર કરેલા પ્રસ્તાવની **નકલ પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૭. જૂન ૧૯૬૫થી નવી કૉલેજોનાં જોડાણ માગતી (ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે ૧લી ઑગસ્ટ પછી આવેલ) અરજીઓ પરત્વે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
(૧)	હિંમતનગર કેળવણીમંડળ	હિંમતનગર	આર્ટ્સ અને કૉમર્સ
(૨)	ઉપલેટા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી	ઉપલેટા	એજ્યુકેશન અને સાયન્સ.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ કૉલેજોની જોડાણઅરજી બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી:

(૧) હિંમતનગર કેળવણી મંડળ	...	(૧) આચાર્ય કે. બી. વ્યાસ (૨) આચાર્ય એસ. આર. મહેતા.
(૨) ઉપલેટા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ	...	(૧) આચાર્ય જે. બી. સાણ્ડિલ (૨) આચાર્ય ચંદ્રવદન સી. શાહ, સુરત.

૩૮. અખિલ ભારતીય લેખક પરિષદનું સાતમું અધિવેશન લખનૌ મુકામે તા. ૯થી ૧૨ ઑક્ટોબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા 'ધી પી. ઈ. એન. ઑલ ઇન્ડિયા સેન્ટર'ના આવાહક તરફથી આવેલ તા. ૨૬-૮-૧૯૬૪ના પરિપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૯. "ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ ઍન્ડ વોકેશનલ ગાઇડન્સ ઍસોસિયેશન"ની ૯મી વાર્ષિક પરિષદ શાંતિનિકેતન, કલકત્તા મુકામે તા. ૫થી ૭ નવેંબર ૧૯૬૪ દરમિયાન યોજનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ મંડળના માનદ મંત્રીશ્રીના તા. ૨૯-૮-૧૯૬૪ના પત્રાંક વી.જી.એ. કૉન્ફ. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૪૦. યુનિવર્સિટી મનોવિજ્ઞાનવિદ્યા ભવનમાં પડાવાળા તરીકે કામ કરતા શ્રી. એન. આર. પરમારનો અજમાયશી સમય તા. ૭-૧૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. એન. આર. પરમારની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચાલતી પેટલાદ કૉલેજ જ્યારે મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલ હતી ત્યારના સદરહુ ટ્રસ્ટના ટ્રસ્ટ ફંડના રૂા. ૧,૦૦,૦૦૦ની રકમ પરત મેળવવા માટે ચૅરિટી કમિશનરને આ રકમ પાછી આપવામાં વાંધો નથી તેવું જણાવવાની વિનંતી કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને તેના ટ્રસ્ટના ટ્રસ્ટ ફંડના રૂપિયા એક લાખની રકમ ધારાધોરણ મુજબ પરત કરવામાં આવે તેમાં આ યુનિવર્સિટીને કશો વાંધો નથી એમ ચૅરિટી કમિશનરને જણાવવું.

૪૨. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. પી. ટી. ગોખલેની નિમણૂક અંગે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૩-૯-૧૯૬૪ના પત્રાંક પી. ૧. ૪૧૩-૬૪ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ગોખલે બી.એ. તથા એમ.એ. પાસ વર્ગ છે અને ડભોઈ કૉલેજમાં એક ટર્મનો અંગ્રેજીના ટ્યૂટર તરીકેનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. ટી. ગોખલેને ચાલુ વર્ષ પૂરતી વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી, પણ સદરહુ કૉલેજને જણાવવું કે, જૂન ૧૯૬૫થી પૂરતી લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૩. 'હાઉસિંગ ફાઇનાન્સ' નામક પરિસંવાદ મધ્યસ્થ સરકારના આશ્રયે ડિસેંબર માસમાં દિલ્હી મુકામે યોજનાર હોઈ તેમાં આ યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિની નિમણૂક કરવા મધ્યસ્થ સરકારના નેશનલ બિલ્ડિંગ્સ ઑર્ગેનિઝેશનના સહઅધ્યક્ષના તા. ૨૩-૮-૧૯૬૪ના પત્રાંક ૧૦-૩-૧૯૬૪ એસ. ઈ. પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૨૦-૧૦-૧૯૬૨ની સિન્ડિકેટની સભામાં સદરહુ પરિસંવાદ જે મોકૂફ રહેલો તેમાં કોઈ પ્રતિનિધિની નિમણૂક નહિ કરવાનું ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. દેસાઈની નિમણૂક કરવી.

૪૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકો તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨-૯-૧૯૬૪ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨-૯-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૫. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં ઝૂલોજી વિભાગ માટે પ્રેક્ટિકલ કામની જોગવાઈ કરવા અંગે અધ્યક્ષશ્રીના પત્રાંક જી.યુ.ઝૂ. ૬૨. ૬૪. ૩૯૬૮, તા. ૨૯-૮-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાણીવિજ્ઞાનના વિષયમાં સંશોધનનું કામ કરતા વિદ્યાર્થીઓને પ્રાયોગિક કામ માટે મદદમાં લેવા માટે તથા વધુમાં વધુ એવા ત્રણ વિદ્યાર્થીઓને માસિક રૂા. ૫૦ના વેતનથી ૧૫મી માર્ચ ૧૯૬૫ સુધી રાખવા માટે ભવનના અધ્યક્ષને પરવાનગી આપવી.

૪૬. યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં હેડમાળી તરીકે કામ કરતા શ્રી. બેની માધવ કુર્મીનો અજમાયશી સમય તા. ૨૨-૧૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. બેની માધવ કુર્મીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. કુર્મીને હેડમાળીની જગ્યા પર તા. ૨૩-૧૧-૧૯૬૪થી કાયમ કરવા.

૪૭. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી રેણુકા કુમુદચંદ્ર ચોકસીનો અજમાયશી સમય તા. ૨૭-૧૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૨૮-૧૧-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

શ્રીમતી રેણુકા કે. ચોકસીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રીમતી ચોકસીને જુનિયર ક્લાર્કની જગ્યા પર તા. ૨૮-૧૧-૧૯૬૪થી કાયમ કરવાં.

૪૮. એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ લેબર વેલ્ફેરના અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને માસ્ટર ઓફ લેબર વેલ્ફેરના નામે પદવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સેનેટે તેની તા. ૨૨-૩-૧૯૬૪ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"સેનેટની આ સભા ઠરાવે છે કે, માસ્ટર ઓફ સોશિયલ વેલ્ફેરની પદવી સ્થાપવા તથા લેબર વેલ્ફેરના ડિપ્લોમાને માસ્ટર ઓફ લેબર વેલ્ફેરની પદવીમાં ફેરવવામાં સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે.")

આથી ઠરાવવામાં આવે છે કે, એપ્રિલ ૧૯૬૪ અને તે પછી લેબર વેલ્ફેરની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને સેનેટની તા. ૨૨-૩-૧૯૬૩ની સભામાં થયેલા ઠરાવ અન્વયે માસ્ટર ઓફ લેબર વેલ્ફેરની પદવી આપવાનું રાખવું.

૪૯. એસ.વાય. બી.એસસી.ના અભ્યાસક્રમમાં તાત્કાલિક ફેરફાર નહિ થાય તો તા. ૭-૯-૧૯૬૪થી ભૂખહડતાલ પર જવાનો વિદ્યાર્થીઓનો પત્ર.

ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટની આ સભા ભૂખહડતાલ પર જવાના સદરહુ વિદ્યાર્થીઓના કૃત્ય પરત્વે નાપસંદગી વ્યક્ત કરે છે, અને આ બાબતમાં ઘટતું નિવેદન વર્તમાનપત્રમાં આપવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરે છે.

૫૦. ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૮-૧૯૬૪ના રોજ મળેલી ૨૨મી બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૭-૮-૧૯૬૪ની નોંધ મંજૂર કરવામાં આવે છે.

(મંજૂર કરવામાં આવેલી નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

નીચેની બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી:

૫૧. વોકેશનલ ગાઇડન્સના રીડરની વરણીસમિતિ પર ડૉ. મધુરી શાહ તબિયતના કારણે હાજર ના રહી શકે તેવો સંભવ હોવાથી તે પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. મધુરી શાહ સદરહુ સમિતિની સભામાં હાજર રહી શકે નહિ તો તેમને બદલે શ્રી. અદાવતની નિમણૂક કરવી.

૫૨. પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૫-૯-૧૯૬૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. ૨ વધુમતે મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાકીની ભલામણો પણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૨૮૨૩૭/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
સપ્ટેંબર ૨૨, ૧૯૬૪.
ભાદ્રપદ ૩૧, ૧૮૮૬ (શક).

ફં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨

વિજ્ઞાનની કૉલેજોમાં પ્રયોગશાળાના મકાન, સાધનસામગ્રી વગેરેનાં ધોરણો ૭૩૨ પડે તો થોડી કૉલેજોની મુલાકાત લઈને પણ સૂચવવા અંગેની સમિતિની એક સભા તા. ૮-૮-૧૯૬૪ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે મળી હતી, જેમાં નીચે પ્રમાણે હાજરી હતી :

૧. આચાર્ય ય. ગુ. નાયક	હાજર
૨. આચાર્ય જે. બી. સાવિડલ	હાજર
૩. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૪. પ્રો. સી. એમ. દેસાઈ	હાજર
૫. ડૉ. કે. એ. ઠાકર	હાજર.

આચાર્ય શ્રી. જે. બી. સાવિડલે સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું. ચર્ચાવિચારણા બાદ નીચે પ્રમાણે ભલામણો સિન્ડિકેટને કરવા ઠરાવવામાં આવ્યું હતું :

ભલામણો

કૉલેજો તરફથી આવેલ માહિતીના આધારે બીજી સભામાં વિચારણા કરતાં તા. ૧૪-૪-૧૯૬૩ના રોજ મળેલ સભાએ કરેલ વચગાળાની ભલામણોમાં સુધારાવધારા કરી નીચે પ્રમાણેની આખરી અહેવાલ સ્વીકારવો :

(૧) પ્રયોગશાળાની જગ્યા માટે નીચે જણાવેલ ધોરણ હોવું જરૂરી છે :

(૧) પ્રી-યુનિ. સાયન્સ, ફર્સ્ટ ઇયર સાયન્સ, એસ.વાય. બી.એસસી. : આ વર્ગોની ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાનની પ્રયોગશાળાનું પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૨૦થી ૨૫ ચો. ફૂટનું ક્ષેત્રફળ હોવું જોઈએ, અને ઓછામાં ઓછા એક કે વધુ વર્ગોના ૬૦ વિદ્યાર્થીઓ એકસાથે કામ કરી શકે તે રીતે એક અથવા બે પ્રયોગશાળાઓ માટે પ્રબંધ હોવો જોઈએ.

(૨) ટી.વાય. બી.એસસી. (સ્પે.) રસાયણવિજ્ઞાન : આ વિષયના શિક્ષણની પ્રયોગશાળા ઓછામાં ઓછા એકસાથે ૩૦ વિદ્યાર્થીઓ કામ કરી શકે તેટલા ક્ષેત્રફળવાળી હોવી જોઈએ, જેમાં એક વિદ્યાર્થી દીઠ ૩૦થી ૩૫ ચો. ફૂટનું ક્ષેત્રફળ હોવું જોઈએ. આ

ઉપરાંત ભૌતિક રસાયણના પ્રયોગો માટે એક વધારાની ૩૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી પ્રયોગશાળા હોવી જોઈએ, જેમાં એકસાથે ૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે.

વધુમાં ઉપર પ્રમાણેની પ્રત્યેક પ્રયોગશાળા દીઠ એક બેલેન્સરૂમ ૧૫૦થી ૨૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળો હોવો જોઈએ તથા પ્રયોગશાળાની પૂર્વતૈયારી (પ્રેપરેશન) રૂમનો એક ઓરડો અને ધુમાતા વાયુઓ માટેની સગવડ તથા હવા-ઉજાશની સગવડ જોઈએ.

(૩) ટી.વાય. બી.એસસી. (રૂપે.): ભૌતિકવિજ્ઞાનમાં આ વિષયના શિક્ષણની પ્રયોગશાળા ઓછામાં ઓછા એકસાથે ૨૦ વિદ્યાર્થીઓ કામ કરી શકે તેટલા ક્ષેત્રફળવાળી હોવી જોઈએ, જેમાં દરેક વિદ્યાર્થી દીઠ ૩૦ ચો. ફૂટ ક્ષેત્રફળ હોવું જોઈએ. આ ઉપરાંત ડાર્ક રૂમ ૧૫૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળો હોવો જોઈએ.

(૪) ટી.વાય. બી.એસસી. (રૂપે.) વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન આ વિષયના શિક્ષણની પ્રયોગશાળા ઓછામાં ઓછા એકસાથે ૨૦ વિદ્યાર્થીઓ કામ કરી શકે તેટલા ક્ષેત્રફળવાળી હોવી જોઈએ.

(૫) જેમાં એક વિદ્યાર્થી દીઠ ૨૫ ચો. ફૂટનું ક્ષેત્રફળ હોવું જોઈએ. આ ઉપરાંત બોટેનિકલ ગાર્ડનની વ્યવસ્થા હોવી જોઈએ.

(નોંધ.—દરેક પ્રયોગશાળામાં બે જુદા વર્ગોની વ્યવસ્થા વારાફરતી કરી શકાય.)

(૨) (અ) બી.એસસી. (સ્પેશિયલ) સુધીનું શિક્ષણ આપતી પ્રત્યેક કૉલેજમાં (૧) મુખ્ય (Special) વિષય દીઠ ઓછામાં ઓછા બે લેબોરેટરી આસિસ્ટન્ટ, અને (૨) પ્રત્યેક સામાન્ય (General) વિષયની પ્રયોગશાળા દીઠ એક લેબોરેટરી આસિસ્ટન્ટ હોવા જોઈએ, પરંતુ કોઈ પણ વિષયમાં બધા જ વર્ગોમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦૦થી વધારે હોય તો વધારાના ૩૦૦ વિદ્યાર્થી દીઠ એક લેબોરેટરી આસિસ્ટન્ટ વધારવો જોઈએ.

(બ) આ ઉપરાંત રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા માટે એક સ્ટોરકીપર અને જીવશાસ્ત્રની પ્રયોગશાળા માટે એક પ્લેન્ટ કલેક્ટર પણ હોવો જોઈએ.

(ક) બધા જ વિભાગો માટે વર્કશોપ ગૅસપ્લાન્ટ તથા રીપેર માટે યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ.

(૩) પ્રયોગશાળા માટે આવર્તક ખર્ચનું ધોરણ નીચે મુજબ હોવું જોઈએ :

(અ) વિદ્યાર્થી દીઠ પ્રયોગશાળા માટે ઓછામાં ઓછો વાર્ષિક આવર્તક ખર્ચ નીચે પ્રમાણે થવો જોઈએ :

(૧) પ્રી-યુનિ. વિજ્ઞાન	...	રૂા. ૫૦
(૨) પ્રથમ વર્ષ બી.એસસી.	...	રૂા. ૬૦
(૩) દ્વિતીય વર્ષ બી.એસસી.	...	રૂા. ૬૦
(૪) તૃતીય વર્ષ બી.એસસી. (જનરલ)	...	રૂા. ૬૦

(૫) તૃતીય વર્ષ બી.એસસી. (રૂપે.) નીચે પ્રમાણે :

(૧) રસાયણુવિજ્ઞાન	...	રૂા. ૭૫
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૪૦
(૩) વનસ્પતિવિજ્ઞાન અથવા પ્રાણીવિજ્ઞાન અથવા કીટાણુવિજ્ઞાન	...	રૂા. ૭૫

(**નોંધ.**—પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષમાં જે વિદ્યાર્થીઓએ ગણિતને એક વિષય તરીકે લીધો હોય તેવા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ ખર્ચ રૂા. ૪૦નો ગણવો.)

(બ) આ આવર્તક ખર્ચ કરવા ઉપરાંત લેબોરેટરીની ફીની આવકમાંથી જે બચત થાય તે પ્રયોગશાળા માટે ફંડ ઊભું કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૪

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

શ્રીમાન,

આપનો તા. ૨૪-૭-૧૯૬૪નો પરિપત્ર સિં. ૬૧/૧૬૦૦૮ મળ્યો. અંગ્રેજી સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા માટે સિન્ડિકેટે જે મુદ્દાઓ ઊભા કર્યા છે તે અંગે કેટલીક કાયમી અને કેટલીક કામચલાઉ મુશ્કેલીઓ પત્રથી દર્શાવવાની રજા લઉં છું.

(૧) આ અભ્યાસક્રમ માટે આખું શૈક્ષણિક વર્ષ ઉપયોગમાં લેવાનું સિન્ડિકેટે દર્શાવ્યું છે તે સંબંધમાં જણાવવાનું કે આ કોર્સમાં ફક્ત બે પ્રશ્નપત્રો છે, અને પ્રત્યેક પ્રશ્નપત્ર માટે ૧૦૦ પીરિયડો મુકરર કરેલા છે. રોજના બે પીરિયડના હિસાબે આ કામ ત્રણ મહિનાનું છે અને ત્રણ પીરિયડના હિસાબે આઠ મહિનાનું છે. એને માટે વિદ્યાર્થીઓનો અભ્યાસગાળો વર્ષભર અકારણ લંબાવવો અને એમ કરીને વિદ્યાર્થીઓના વાહનખર્ચમાં વધારો કરી આપવો એને બદલે અસલ ઠરાવ્યું હતું તેમ કાં તો વર્ષમાં બે વાર પરીક્ષા લેવાનું ઠરાવાય અથવા તો એક વાર લેવાય તો પહેલા સત્રને અંતે અથવા બીજા સત્રની શરૂઆતમાં પરીક્ષા લેવાનું રખાય તો તેથી એમના મુખ્ય અભ્યાસક્રમને ઓછામાં ઓછો વિક્ષેપ પડશે. મુખ્ય વિદ્યાભ્યાસ અને આ અભ્યાસક્રમ સમાંતરે ચલાવવામાં આવે અને પરીક્ષાઓ પણ એક જ પરીક્ષા-ઋતુમાં લેવાય તેનું અનિવાર્ય રીતે એક જ પરિણામ આવવાનું અને તે એ કે આ અભ્યાસક્રમ કદી વિદ્યાર્થીપ્રિય નીવડવાનો નહિ અને તેનો મૂળ હેતુ માર્યો જવાનો.

(૨) આ અભ્યાસક્રમ માટે યુનિવર્સિટી ફી મુકરર કરી આપે એ તો ન્યાયસંગત છે, પરંતુ કૉલેજોની મુખ્ય વિદ્યાભ્યાસ સાથેની સત્રફી સાથે એનું પ્રમાણ બંધબેસતું કરી આપવું જોઈએ. સાધારણ રીતે કૉલેજો અત્યારે રોજના ચારથી પાંચ સરાસરી પીરિયડો ભણાવે છે અને તે માટે સત્રની શિક્ષણ-ફી સરકારના ગ્રાન્ટ અંગેના નિયમો અનુસાર રૂા. ૧૧૦/- ઠરાવી છે. આ ફીના ધોરણથી છેક જ નીચું ફીનું ધોરણ યુનિવર્સિટી ઠરાવે એ ઉચિત નથી. વળી આ નિર્ણય જણાવવામાં આવ્યો તે અગાઉ કૉલેજોએ આ કાર્યનો આરંભ કરી દીધેલો છે અને પોતપોતાની અનુકૂળ ફીનાં ધોરણો કૉલેજોએ ઠરાવી લીધાં છે તેથી ફીનાં ધોરણો અંગે સિન્ડિકેટે ફરી વાર વિચાર કરવો ઘટે છે અને ફીનું ન્યાયસંગત ધોરણ ઠરાવીને સને ૧૯૬૫ના જૂનથી તે અમલમાં લાવવું ઘટે છે.

(૩) પરિપત્રમાંના નં. ૩ વાળા મુદ્દા વિશે સુયોગ્ય નિર્ણય કર્યો હોવાથી તે સંબંધી મારે કશું જ કહેવાનું નથી.

(૪) નં ૪ વાળો મુદ્દો શિક્ષકોને અન્યાય કરનારો છે. આ પણ યુનિવર્સિટીએ નિયત કરેલો અભ્યાસક્રમ હોવાથી વ્યાખ્યાન દીઠ મહેનતાણાની રકમ યુનિવર્સિટીએ ઠરાવી આપવી જોઈએ.

ઉપર નં. ૨ અંગે જે સિદ્ધાંત સૂચવ્યો છે તેનો જ આ ઉપસિદ્ધાંત છે.

(૫) ચાલુ વર્ષે પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવી એમ ઠરાવેલું છે. તેને અંગે એટલું સૂચવવાનું કે નવેંબરના અંત સુધીમાં મોડામાં મોડું ડિસેંબરના પહેલા અઠવાડિયામાં આ પરીક્ષા લેવાઈ જવી જોઈએ, જેથી અભ્યાસ તાજો હોય ત્યારે જ પરીક્ષા લેવાઈ જાય અને મુખ્ય વિદ્યાભ્યાસની યુનિવર્સિટી પરીક્ષા માટેની તૈયારીમાં એ અડચણરૂપ ન બને.

ઉપરના પાંચે મુદ્દાઓ વિશે આ અભ્યાસક્રમ આકર્ષક બને અને અભ્યાસક્રમ દાખલ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ સાર્થક થાય એ દૃષ્ટિથી જે રચનાત્મક સૂચનો કરેલાં છે તે ધ્યાનમાં લઈને યુનિવર્સિટી ઉચિત નિર્ણયો કરશે એવી આશા છે. આ નિર્ણયો બને તેટલા વહેલા થાય એ પણ વિદ્યાર્થીઓના અને કૉલેજોના હિતમાં છે.

આપનો,
યશવંત શુક્લ,
આચાર્ય,
હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ,
અમદાવાદના સાદર જય હિન્દ.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૮

બોર્ડ ઓફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ૧૯૬૩-૬૪ના વર્ષનો વાર્ષિક અહેવાલ

બોર્ડની સભાઓ અને સભ્યપદની ફેરફારી

અહેવાલના વર્ષ દરમિયાન બોર્ડની બે સભા—એક તા. ૨૫-૬-૧૯૬૩ અને બીજી તા. ૨૯-૨-૧૯૬૪ના રોજ મળી હતી. આ સભાઓમાં કૉલેજો તરફથી શિક્ષકોનાં વ્યાખ્યાનો રાખવા અંગેની પ્રવૃત્તિમાં ગ્રાન્ટ માટે ઓછામાં ઓછા પાંચને બદલે ચાર વ્યાખ્યાનો રાખી શકાય તેમ જ વ્યાખ્યાન દીઠ રૂા. ૨૫ (જેમાં વ્યાખ્યાતાના માનદ વેતન રૂા. ૧૦નો સમાવેશ થઈ જાય) જેટલી ગ્રાન્ટ આપી શકાય તે મતલબનો સુધારો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શિક્ષકદિનની ઉજવણી, જાપાન સપ્તાહ, સ્વ. ટી. કે. ગજ્જર શતાબ્દીની ઉજવણી અને ૧૯૬૪-૬૫ના વર્ષમાં સર આશુતોષ મુખરજીની જન્મશતાબ્દીની ઉજવણી તથા શેકસ્પિયરની ચોથી શતાબ્દીની ઉજવણીના કાર્યક્રમો રાખવાના નિર્ણયો કરવામાં આવ્યા હતા.

અહેવાલના સમય દરમિયાન બોર્ડ ઓફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના નિયુક્ત થયેલા સભ્યોની બે વર્ષની મુદત પૂરી થતી હોવાથી તા. ૧-૨-૧૯૬૪થી તા. ૩૧-૧-૧૯૬૬ની મુદત માટે નીચેના સભ્યોની સિન્ડિકેટે નિમણૂક કરી હતી :

ઑ. ૪૭ (૫) હેઠળ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના પ્રતિનિધિ

શ્રી. ચિમનલાલ ચંદુલાલ દેસાઈ.

ઑ. ૪૭ (૬) હેઠળ ઍકેડેમિક કાઉન્સિલના સભ્ય હોય તેવા ત્રણ પ્રતિનિધિઓ સહિત સાત સભ્યો

૧. ડૉ. વાય. જી. નાયક
૨. પ્રિ. એસ. આર. ભટ્ટ
૩. ડૉ. પી. સી. વૈદ્ય
૪. ડૉ. ધીરુભાઈ ઠાકર
૫. શ્રી. નાથાલાલ એ. શાહ
૬. ડૉ. અમુભાઈ પી. શુકલ
૭. શ્રી. ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર.

ઑ. ૪૭ (૭) હેઠળ મજૂર મંડળના પ્રતિનિધિ

શ્રી. મનહરલાલ તુ. શુકલ

વ્યાખ્યાનપ્રવૃત્તિ

અહેવાલના વર્ષ દરમિયાન નીચે મુજબ જાણીતા વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં :

ક્રમાંક	તારીખ	વક્તા	વ્યાખ્યાનનો વિષય
(૧)	૨-૧૦-૧૯૬૩	ડૉ. ડબલ્યુ. બી. રેડાવે	"Fewer Controls for India"
(૨)	૧૧-૧૧-૧૯૬૩	સ્વામી રંગનાથાનંદજી	"Swami Vivekanand's Synthesis of Science and Spirituality"
(૩)	૯-૧-૧૯૬૪	કુ. શકુંતલાદેવી	"ગણિતના પ્રશ્નોના ઝડપી ઉકેલ સહિતનો વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી"
(૪)	૨૦-૧-૧૯૬૪	યુરોપનાં શાકાહારી યુવક-યુવતીઓનું જૂથ	"શાકાહારના પ્રશ્નો"
(૫)	૨૦-૧-૧૯૬૪	શ્રી. ટી. ઈ. એલીએન	"High Voltage Electrical Discharges"
(૬)	૩-૨-૧૯૬૪	ડૉ. એફ. એ. ઈ. પીરાની	"Gravitational Waves"
(૭)	૧૬-૨-૧૯૬૪ થી ૧૮-૨-૧૯૬૪	ડૉ. એ. કાવાગુચી	1. "Spaces of several kinds which are generalizations of Rieniannian spaces" ૫૨ બે વ્યાખ્યાનો 2. "New Method of teaching Elementary Geometry in Secondary Schools."

(૧) પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર જન્મશતાબ્દી મહોત્સવ

અહેવાલના સમય દરમિયાન તા. ૬-૮-૧૯૬૩ના રોજ આવતી પ્રો. ટી. કે. ગજ્જરની શતાબ્દી અંગે યુનિવર્સિટીએ એક સપ્તાહનો કાર્યક્રમ રાખ્યો હતો. આ શતાબ્દી ઊજવવા અંગેનો નિર્ણય સિન્ડિકેટે ગયા શૈક્ષણિક વર્ષમાં જ કર્યો હતો. કાર્યક્રમ ઘડી કાઢવા માટે એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિ તરફથી ભરચક કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો, અને તે પ્રમાણે તે ભારે ઉત્સાહથી પાર પાડવામાં આવ્યો હતો. સમારંભનું ઉદ્‌ઘાટનપ્રવચન નિયોજન પંચના સભ્ય અને જાણીતા વૈજ્ઞાનિક પ્રો. એમ. એસ. ઠાકરે કર્યું હતું. ઉદ્‌ઘાટનસમારંભમાં પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરના તૈલચિત્રનું અનાવરણ પણ પ્રો. ઠાકરે કર્યું હતું. આ તૈલચિત્ર સ્વ. ગજ્જરના સુપુત્ર ડૉ. કે. ટી. ગજ્જર તરફથી ભેટ મળ્યું છે અને તે યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં યોગ્ય સ્થળે રાખવામાં આવશે. ઉદ્‌ઘાટનસમારંભનું પ્રમુખ-સ્થાન ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ સંભાળ્યું હતું.

સપ્તાહનો અન્ય કાર્યક્રમ નીચે મુજબ હતો :

ક્રમાંક	તારીખ	વક્તા	વિષય
૧.	૩-૮-૧૯૬૩	ડૉ. આર. સી. શાહ	"રસાયણઉદ્યોગ અને ગજ્જર"
૨.	૪-૮-૧૯૬૩	ડૉ. કે. જી. નાયક	"Prof. Gajjar as I knew him"

ક્રમાંક	તારીખ	વક્તા	વિષય
૩.	૪-૮-૧૯૬૩	પ્રો. સાંકળચંદ શાહ	"પ્રો. ગજ્જર સાથેનો મારો પરિચય"
૪.	૫-૮-૧૯૬૩	ડૉ. આર. ડી. દેસાઈ	"Development of Dye and Chemical Industry with special reference to Gujarat"
૫.	૫-૮-૧૯૬૩	શ્રી. આર. પી. પટેલ	"Development of Pharmaceutical Industry with special reference to Gujarat"
૬.	૬-૮-૧૯૬૩	શ્રી. મગનભાઈ દેસાઈ	"શિક્ષણમાં પ્રો. ગજ્જરનો ફાળો"
૭.	૭-૮-૧૯૬૩	પ્રો. ઉમાશંકર જોશી પ્રિ. યશવંત શુકલ	"પ્રો. ગજ્જરનું જીવન અને તેમના સમયનું ગુજરાત"
૮.	૭-૮-૧૯૬૩	ડૉ. આર. કે. શાહ	"પ્રો. ગજ્જરનું જીવન"
૯.	૮-૮-૧૯૬૩	શ્રી. ચંદ્રપ્રસાદ એચ. દેસાઈ	"Textile Industry in India with special reference to Gujarat"
૧૦.	૮-૮-૧૯૬૩	પ્રિ. ટી. એ. દેસાઈ	"Technical Education in Gujarat."

ઉપકુલપતિશ્રીએ ભારતભરની યુનિવર્સિટીઓને ગજ્જરશતાબ્દી નિમિત્તે તેને અનુરૂપ કાર્યક્રમ રાખવા માટે લખ્યું હતું, અને તેનો જવાબ ઘણો ઉત્સાહજનક હતો. યુનિવર્સિટી તરફથી પ્રો. ગજ્જરના જીવન અને કાર્યની માહિતી આપતી ગુજરાતી અને અંગ્રેજી પત્રિકાઓ તથા પ્રો. ગજ્જરનો ફોટોગ્રાફ તૈયાર કરવામાં આવ્યાં હતાં અને તે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા અન્ય સંસ્થાઓમાં તથા ભારતની તમામ યુનિવર્સિટીઓમાં વહેંચવામાં આવ્યાં હતાં આ પ્રસંગે યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો તથા સંસ્થાઓને યુનિવર્સિટી તરફથી ડૉ. અશ્વિન ત્રિવેદી, પ્રો. સાંકળચંદ શાહ તથા ડૉ. આર. કે. શાહ રચિત "પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથા"ની એક એક નકલ ભેટ મોકલવામાં આવી હતી.

(૨) અવકાશી સંશોધન વિષેનો 'સ્પેસ મોબાઇલ લેક્ચરર ડેમોન્સ્ટ્રેશન' કાર્યક્રમ

તા. ૧૦-૮-૧૯૬૩થી તા. ૧૭-૮-૧૯૬૩ સુધી ભારત સરકારના એટમિક એનર્જી ડિપાર્ટમેન્ટ તથા યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ, મુંબઈના સહકારથી અવકાશી સંશોધન અંગે પ્રત્યક્ષ સમજ આપતા વ્યાખ્યાન-દર્શનના નવ જેટલા કાર્યક્રમો યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં જુદે જુદે સ્થળે જુદા જુદા નિમંત્રિતો માટે રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના ગવર્નર અને યુનિવર્સિટીના કુલપતિ શ્રી. મહેદી નવાઝ જંગના પ્રમુખપદે, તા. ૧૭-૮-૧૯૬૩ના રોજ, ડૉ. વિક્રમ સારાભાઈને હસ્તે થયું હતું. આ કાર્યક્રમ સાથે અવકાશી સંશોધનને લગતાં માહિતી-ચિત્રો પણ બતાવવા વ્યવસ્થા કરવામાં આવી હતી.

(૩) રેડિયો-નાટક હરીફાઈ

આકાશવાણી તરફથી પ્રતિવર્ષ યોજાતી આંતર-યુનિવર્સિટી રેડિયો-નાટક હરીફાઈમાં ચાલુ વર્ષે પણ યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. આ વર્ષે ગુજરાતી અને હિંદી ઉપરાંત અંગ્રેજી ભાષાના રેડિયો-નાટક હરીફાઈમાં પણ યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. આ ત્રણે હરીફાઈઓ માટે યુનિવર્સિટી સાથે જોડાયેલી

કૉલેજોની ટુકડીઓ વચ્ચે સ્થાનિક સ્પર્ધા રાખવામાં આવી હતી અને તેમાં નીચેનાં નાટકો રજૂ કરવામાં આવ્યાં હતાં :

હિંદી નાટકો

ક્રમાંક	કૉલેજ	નાટક	લેખક-રૂપાંતર
૧.	સિટી લૉ. કૉલેજ, અમદાવાદ	नया रास्ता	શ્રી. આઈ. એમ. ખાન
૨.	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર	जीवनस्वप्न	શ્રી. દિનેશ સારડા
૩.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	सरोज का देवता	શ્રી. એસ. એસ. ગોહેલ
૪.	શામળદાસ કૉલેજ, ભાવનગર	अतित की स्मृतियां	શ્રી. શરદ દૂધરેજિયા.

ગુજરાતી નાટકો

૧.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	કોની દીકરી ?	કુ. માનિની દલાલ
૨.	ભવન્સ કૉલેજ, ડાકોર	પૃથ્વી અને સ્વર્ગ	કુ. લતા એચ. પંડ્યા
૩.	રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	ધૂપ અને અંગારા	શ્રી. પ્રવીણ આર. પરીખ
૪.	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	જનની જન્મભૂમિ	શ્રી. મહેન્દ્ર સી. મહેતા
૫.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	રાગ અને વિરાગ	શ્રી. કે. જે. રાઠોડ
૬.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ	પ્રેમના પેંતરા	શ્રી. નરેશ પટેલ.

અંગ્રેજી નાટકો

૧.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	Untimely Blossom *or* The Hapless	કુ. કલ્પના મહેતા
૨.	સ્વામિનારાયણ કૉલેજ, અમદાવાદ	The Unexpected	આઈ. બી. ફ્રેન્સ.

ઉપરનાં નાટકો જુદી જુદી નિર્ણાયક સમિતિઓએ સાંભળ્યાં હતાં, અને તેમાં નીચેનાં નાટકો આંતર-યુનિવર્સિટી હરીફાઈ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં :

ક્રમાંક	હરીફાઈ	નાટકનું નામ	લેખકનું નામ	રજૂઆત કરનાર કૉલેજનું નામ
૧.	ગુજરાતી	જનની જન્મભૂમિ	શ્રી. મહેન્દ્ર મહેતા	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ
૨.	હિંદી	सरोज का देवता	શ્રી. સોમેશ્વર ગોહેલ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	અંગ્રેજી	The Hapless	કુ. કલ્પના મહેતા	બી. ડી. કૉલેજ, અમદાવાદ.

(૪) સંયુક્ત રાષ્ટ્રદિન

તા. ૨૪-૧૦-૧૯૬૩ના રોજ આવતો સંયુક્ત રાષ્ટ્રદિન તે દિવસે અથવા દિવાળીની રજા બાદ અનુકૂળતાએ ઊજવવા માટે કૉલેજોને વિનંતી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટી તરફથી યુનેસ્કો તરફથી મળેલું કેટલુંક સાહિત્ય કૉલેજોને વહેંચવામાં આવ્યું હતું. ઘણીખરી કૉલેજોએ સંયુક્ત રાષ્ટ્ર તથા તેના કાર્ય અંગે વિદ્યાર્થીઓને સમજ આપતાં વ્યાખ્યાનો, ભીંતપત્રોનાં પ્રદર્શનો, વિદ્યાર્થીઓ માટે ચર્ચાસભાઓ વગેરે કાર્યક્રમો રાખ્યા હતા. યુનિવર્સિટી તરફથી તે દિવસે સંયુક્ત રાષ્ટ્રોનાં કામગીરી અંગેનાં દસ્તાવેજી ચલચિત્રો બતાવવાનો પ્રબંધ થયો હતો.

(૫) શૈક્ષણિક અને સાંસ્કૃતિક સપ્તાહ

અહેવાલના સમય દરમિયાન થયેલ પ્રવૃત્તિઓમાં અમેરિકાનાં સંયુક્ત રાજ્યો અને જાપાન એ બે દેશોનાં પ્રજાજીવન, શિક્ષણપદ્ધતિ, સાહિત્ય અને કલાજગતનાં ક્ષેત્રોને આવરી લેતો બે સપ્તાહનો કાર્યક્રમ સવિશેષ નોંધપાત્ર ગણી શકાશે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ, મુંબઈના સક્રિય સહકારથી તા. ૧૭-૧૧-૧૯૬૩થી તા. ૨૩-૧૧-૧૯૬૩ સુધી શૈક્ષણિક અને સાંસ્કૃતિક સપ્તાહનો એક ભરચક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સમારંભનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યનાં શિક્ષણમંત્રી કુ. ઇંદુમતી ચિમનલાલે કર્યું હતું.

આ સપ્તાહ દરમિયાન જુદા જુદા વિષયો પર વ્યાખ્યાનો, ચર્ચાસભાઓ, પરિસંવાદો, ફિલ્મ-શો તથા પ્રદર્શનોનો ભરચક કાર્યક્રમ વગેરે અમદાવાદની જુદી જુદી કૉલેજોમાં રાખવામાં આવ્યાં હતાં, જેનું પૂરું બયાન સ્થળસંકોચને કારણે અહીં આપી શકાતું નથી, પરંતુ તેનો સંક્ષેપમાં હેવાલ આપવામાં આવ્યો છે.

(૬) પરિસંવાદો

આ સપ્તાહમાં ગ્રંથાલય માટે રાખવામાં આવેલ પરિસંવાદનો અમદાવાદ શહેર અને ગુજરાતનાં અન્ય સ્થળે આવેલ કૉલેજોનાં અને અન્ય ગ્રંથાલયોએ સારો લાભ લીધો હતો. આ પરિસંવાદમાં આપણા યુનિવર્સિટી ગ્રંથાલય ઉપરાંત મુંબઈ, પૂના, નાગપુર અને વડોદરાની યુનિવર્સિટીનાં ગ્રંથાલયોના સંચાલકોએ તેમના અનુભવ અને જ્ઞાનનો લાભ આપ્યો હતો. સપ્તાહ દરમિયાન યોજાયેલ અન્ય પરિસંવાદો તથા અભ્યાસચર્ચાઓ નીચે મુજબ હતાં:

ક્રમાંક	મુખ્ય વક્તા	વિષય
૧.	શ્રી. કાર બી. લાવેલ	"સોશિયલ ચેઇન્જ ઇન એ મોડર્ન ઇટિંગ સોસાયટી"
૨.	ડૉ. ચાર્લ્સ પી. લિન્ડબ્લોમ	"ઇકોનોમિક્સ ઍન્ડ વેલ્ફેર"
૩.	,, ,,	"પ્રાઇસિંગ ઍન્ડ કન્ટ્રોલ્સ ઇન એ ડેવલપિંગ ઇકોનોમિક્સ"
૪.	ડૉ. જે. પોલ લેનાર્ડ	"ટીચર ટ્રેનિંગ પ્રોબ્લેમ્સ".

(૭) વ્યાખ્યાનો

સપ્તાહ દરમિયાન નીચે મુજબ વ્યાખ્યાનો પણ રાખ્યાં હતાં, અને તેમાં મુખ્ય વક્તાના પ્રવચનમાંથી ઉદ્‌ભવતા મુદ્દાઓ પર પ્રવચન બાદ રસમય ચર્ચાઓ થઈ હતી:

ક્રમાંક	વક્તા	વિષય
૧.	ડૉ. ફિલિપ્સ બ્રેડલી	"હાઉ કૉંગ્રેસ વર્ક્સ"
૨.	,, ,, ,,	"જ્યુડિશિયલ રિવ્યૂ ઍન્ડ ધી રોલ ઑફ સુપ્રીમ કોર્ટ"
૩.	,, ,, ,,	"ધી રોલ ઑફ લેબર ઍન્ડ મૅનેજમેન્ટ ઇન એ ડેવલપિંગ ઇકૉનોમિક્સ"
૪.	શ્રી. વિલિયમ જે. મિલર	"રોલ ઑફ એ ન્યૂઝ પેપર ઇન એ ડેવલપિંગ ઇકૉનોમી"
૫.	ડૉ. ફિલિપ્સ બ્રેડલી	"ઇવોલ્યુશન ઑફ અમેરિકન ફૉરેન પૉલિસી"
૬.	શ્રી. વિલિયમ જે. મિલર	"ઇન્ફ્લ્યુઅન્સ ઑફ પ્રેસ ઇન મોલ્ડિંગ પબ્લિક ઓપિનિયન"
૭.	ડૉ. જી. એસ. કૅનિંગ્ટન	"મોડર્ન ડેવલપમેન્ટ્સ ઇન ધી કન્સેપ્ટ ઑફ બાયોલોજિકલ સ્પેસિફિસિટી"
૮.	ડૉ. કૉલીન રામાગે	"ધી રોલ ઍન્ડ ઑબ્જેક્ટિવ્ઝ ઑફ ધી ઇન્ટરનેશનલ ઇન્ડિયન ઓશન એક્સપીડિશન"
૯.	શ્રી. મિલ્ટન સી. રૅવિન્કલ	"આઇડિયાલિઝમ ઍન્ડ રિયલાઇઝમ ઇન અમેરિકન ફૉરેન પૉલિસી"
૧૦.	ડૉ. જી. એસ. કૅનિંગ્ટન	"બાયોલોજિકલ ટ્રાન્સક્યુસર્સ"
૧૧.	ડૉ. રૉબર્ટ પી. લુડલુમ	"મીટિંગ ધી ચૅલેન્જ ઇન હાયર એજ્યુકેશન થ્રૂ સ્ટુડન્ટ સેલ્ફ હેલ્પ"
૧૨.	ડૉ. કાર બી. લાવેલ	"કરન્ટ ટ્રેન્ડ્સ ઇન અમેરિકન સોશિયોલોજી."

(૮) અન્ય કાર્યક્રમો

અન્ય કાર્યક્રમોમાં અમેરિકન અને ભારતીય વિદ્યાર્થીઓ માટે તથા અમેરિકન ગ્રાન્ટ હેઠળ અમેરિકાની વિદ્યાપીઠોમાં જઈ આવેલા ભારતીય વિદ્વાનો માટે મિલનસમારંભો, અમેરિકામાં અભ્યાસાર્થે જવા ઇચ્છનાર વિદ્યાર્થીઓ માટે પરિચયસભા, વિદ્યાર્થીઓ માટે "હાયર એજ્યુકેશન ઇન ઈસ્ટ ઍન્ડ વેસ્ટ" પર ચર્ચા, વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોત્તરી (ક્વીઝ) કાર્યક્રમો મુખ્ય હતા.

આ ઉપરાંત કાવ્ય, નાટક અને પાશ્ચાત્ય સંગીતના ટેપરેકૉર્ડિંગના સાતેક કાર્યક્રમો તથા જુદી જુદી કૉલેજોમાં ૩૮ જેટલા યોજાયેલા ફિલ્મ-શો દ્વારા ૮૦ જેટલાં દસ્તાવેજી, શૈક્ષણિક અને માહિતી ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.

(૯) પ્રદર્શનો

સપ્તાહ દરમિયાન જુદાં જુદાં પ્રદર્શનો નીચેના વિષયો માટે રાખવામાં આવ્યાં હતાં:

(1) America's Scientific Quest
(2) Book Display-Gallery of Famous American Writers
(3) Open Doors to Education

(4) How Americans Earn Their Living
(5) Trade Unions in America.

આ પૈકી વૈજ્ઞાનિક ખોજ તથા પુસ્તકો અંગેનાં બે પ્રદર્શનો ખૂબ જ લોકપ્રિય નીવડ્યાં હતાં.

(૧૦) પૂર્વ-પશ્ચિમ સપ્તાહ

જાપાનનું લોકજીવન

અહેવાલના ગાળા દરમિયાન શૈક્ષણિક અને સાંસ્કૃતિક સપ્તાહમાં જે રીતે અમેરિકન લોકજીવનની ઝાંખી કરાવવામાં આવી હતી, તે રીતે પૂર્વ-પશ્ચિમ સપ્તાહમાં જાપાનના લોકજીવનનો ચિતાર આપવા પ્રયત્ન થયો હતો. આ સપ્તાહનો કાર્યક્રમ યુનેસ્કોની પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચેની સમજ વધારનારી યોજના હેઠળ ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર તથા ભારત ખાતેની જાપાન એલચી કચેરી અને મુંબઈની ઇન્ડો-જાપાન એસ્પેશિયશનના સહકારથી મોકલવામાં આવ્યો હતો.

તા. ૬-૧૨-૧૯૬૩થી તા. ૧૦-૧૨-૧૯૬૩ સુધી ઉજવાયેલા આ સપ્તાહ દરમિયાન નીચેનાં વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં :

ક્રમાંક	વક્તા		વિષય
૧.	ડૉ. કોતો મત્સુદાયેરા (ભારત ખાતેના જાપાનના એલચી)	...	ઉદ્‌ઘાટનપ્રવચન
૨.	પ્રો. ઉમાશંકર જોશી	...	"જાપાન અને ભારતીય સાહિત્ય અને કળા (જાપાનની કવિતા)"
૩.	પ્રિ. યશવંત પ્રા. શુકલ	...	"જાપાન અને ભારતીય સાહિત્ય અને કળા (જાપાનની નાટ્યકલા)"
૪.	શ્રી. જી. એસ. પોહેકર	...	"જાપાન — મારી દૃષ્ટિએ"
૫.	શ્રી. એન. ઓચી	...	"જાપાનની આર્થિક સિદ્ધિઓ"
૬.	શ્રી. મોહનભાઈ પરીખ	...	"જાપાનનાં ખેતી-ઓજારો"
૭.	શ્રી. ટી. મિયાકે	...	"જાપાનનો ઇતિહાસ"
૮.	શ્રી. કાકાસાહેબ કાલેલકર	...	"જાપાન અને ભારતના સાંસ્કૃતિક અને સામાજિક સંબંધો".

ઉપરનાં વ્યાખ્યાનો ઉપરાંત સપ્તાહના ઉદ્‌ઘાટનના દિવસે જાપાનીસ એલચીના સાન્નિધ્યમાં જાપાનની નાટ્યકલા અને ભારતની નાટ્યકલાનો પરિચય કરાવતાં "સારસીનો સ્નેહ" અને "ઊરુભંગ" એ બે નાટકોને રજૂ કરવામાં આવ્યાં હતાં. "સારસીનો સ્નેહ" અને "ઊરુભંગ" એ બે નાટકો અનુક્રમે દર્પણ અને એચ. કે. આર્ટ્સ કૉલેજના નાટ્ય વિભાગના સહકારથી રજૂ થયાં હતાં. સપ્તાહ દરમિયાન જાપાની લોકજીવનની વિવિધતા દર્શાવતાં સંખ્યાબંધ રંગીન દસ્તાવેજી ચલચિત્રો બતાવવાની વ્યવસ્થા થઈ હતી. આ પૈકીનાં કેટલાંક ચિત્રો બતાવવા માટે ઘણી કૉલેજોમાં પણ માગણી થઈ હતી અને તે ચલચિત્રો સ્થાનિક કૉલેજોમાં પણ ફરીથી બતાવવામાં આવ્યાં હતાં.

સપ્તાહ દરમિયાન જાપાનના આર્થિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક તેમ જ સામાજિક જીવનને રજૂ કરતા ફોટોગ્રાફો, ચિત્રો, ભીંતચિત્રો તથા પુસ્તકોનું એક પ્રદર્શન મુંબઈના ઇન્ડો-જાપાનીઝ એસોસિયેશન તથા મુંબઈની જાપાનીસ કૉન્સ્યુલેટના સહકારથી યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ઘણું જ લોકપ્રિય નીવડ્યું હતું.

પ્રસંગોપાત્ત સાહિત્યની કૉલેજોમાં વહેંચણી

અહેવાલના વર્ષ દરમિયાન યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં યુનિવર્સિટીના કુલપતિશ્રીની સૂચનાથી એક અમેરિકન સામયિકમાં પ્રસિદ્ધ થયેલું "Not by Bread alone" નામનું જીસસ ક્રાઇસ્ટના ઉદ્‌ગારો પરનું વિવેચન—જે કુલપતિશ્રીએ છપાવ્યું હતું તે—દરેક કૉલેજને મોકલવામાં આવ્યું હતું. આ લખાણનું ગુજરાતી ભાષાંતર પણ કરાવી કૉલેજોને વહેંચવામાં આવ્યું હતું.

ઇન્ડિયન નેશનલ કમિશન ફૉર કૉ-ઑપરેશન વીથ યુનેસ્કો તરફથી યુનેસ્કોની પ્રવૃત્તિની માહિતી આપતાં કેટલાંક સામયિકો પણ કૉલેજોને વહેંચવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ટાગોર શતાબ્દીની ઉજવણી વખતે સિન્ડિકેટે સાહિત્ય અકાદમી તરફથી પ્રગટ થયેલાં ટાગોર સાહિત્યનાં પુસ્તકો વહેંચવાનું નક્કી કર્યું હતું. તે મુજબ નીચેનાં પુસ્તકો વહેંચવામાં આવ્યાં હતાં:

૧. રવિરશ્મિ–૧
૨. રવિરશ્મિ–૨
૩. રવીન્દ્રનાથનાં નાટકો
૪. એકોત્તરસતિ
૫. રવીન્દ્ર નિબંધમાળા.

યુનિવર્સિટી ફિલ્મ સોસાયટી

યુનિવર્સિટી ફિલ્મ સોસાયટીની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન નિયમિત ચાલી હતી અને તેમાં નીચેનાં ચિત્રો બતાવવામાં આવ્યાં હતાં:

ક્રમાંક	પૂરાં ચિત્રો
૧.	થ્રીફ એન્કાઉન્ટર
૨.	અપૂર સંસાર
૩.	નાનુક ઑફ ધી નોર્થ
૪.	ધ્વાન ધી ટેરિબલ
૫.	છત્રપતિ શિવાજી
૬.	ધરતી કે લાલ
૭.	દો બીઘા જમીન
૮.	અનુરાધા

ક્રમાંક	દસ્તાવેજી ચિત્રો
૧.	કોનારક
૨.	ડૉ. રવીન્દ્રનાથ ટાગોર
૩.	શિકૂટિંગ લાઇન
૪.	કીરના
૫.	મિરર ઑફ હૉલેન્ડ
૬.	ડેમ ધી ડેલ્ટા
૭.	સીમ્ફની ઍકોસ ધી લેન્ડ
૮.	સેન્ટર્સ ઑફ લર્નિંગ

ક્રમાંક	પૂરાં ચિત્રો	ક્રમાંક	દસ્તાવેજી ચિત્રો
૯.	પાવર એમંગ ધ મેન	૯.	નેશનલ ઇમર્જન્સી
૧૦.	ધી બૅંક ઑફ બિયેન્ડ	૧૦.	સાયપ્રસ ઇઝ ઍન આઇલેન્ડ
૧૧.	રામાયણ	૧૧.	સ્ટોરી ઑફ ડૉ. કર્વે
૧૨.	પુકાર	૧૨.	ચેલેન્જ ઑફ ધી નૉર્થ
૧૩.	પ્યાસા	૧૩.	મયૂરાક્ષી
૧૪.	ઑલ ક્વાએટ ઑન ધી વેસ્ટર્ન ફ્રન્ટ	૧૪.	શૂટ ધી નેટ્સ
૧૫.	એન્ટાર્ટિક ક્રૉસિંગ	૧૫.	યુનાઇટેડ ઇન પ્રોગ્રેસ
૧૬.	હીરામોતી	૧૬.	શાંતિનિકેતન
		૧૭.	ધીસ ઇઝ બી. બી. સી.

કૉલેજોમાં યોજના દ્વારા થયેલી પ્રવૃત્તિઓ

બોર્ડ ઑફ એક્સ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝની યોજના હેઠળ કૉલેજોમાં પણ અહેવાલના વર્ષ દરમિયાન ઘણું સારું કામ થયું હતું અને યોજના હેઠળ જુદી જુદી ૧૨ કૉલેજોએ પ્રવૃત્તિઓ કરી હતી અને તેમણે બહારની કૉલેજોના પ્રાધ્યાપકોનાં ૧૨ વ્યાખ્યાનો અને પોતાની કૉલેજોના શિક્ષકોનાં લગભગ ૮૪ જેટલાં વ્યાખ્યાનો આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં યોજ્યાં હતાં. આ પ્રવૃત્તિ માટે લગભગ કુલ રૂા. ૧,૫૦૦ જેટલી ગ્રાન્ટ જુદી જુદી કૉલેજોને આપવામાં આવી હતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૯

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની સભા તા. ૩૦-૪-૧૯૬૪ના રોજ ગુરુવારે બપોરે ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભાસદોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. પ્રિ. જે. બી. સાવ્હિડલ	ગેરહાજર
૪. પ્રિ. એસ. આર. મહેતા	હાજર
૫. ડૉ. ટી. બી. પટેલ	હાજર
૬. શ્રી. ઠાકોરદાસ અં. દેસાઈ	હાજર
૭. પ્રિ. વી. આર. રણદીવે	ગેરહાજર
૮. પ્રિ. એમ. કે. દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. સોમેશ્વર બી. પંડ્યા	હાજર.

૧. તા. ૮-૧-૧૯૬૪ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૮-૧-૧૯૬૪ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. મુંબઈ યુનિવર્સિટીના મહામાત્ર તેમના તા. ૧૫-૪-૧૯૬૪ના પત્રાંક સર્ટિફિકેટ ૩૦૧૮-૬૪માં આપણી ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાને તેમની યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા માટે માન્ય રાખતા નથી, છતાં વ્યક્તિગત કેસો જોઈ વિચારણા કરશે તેમ જણાવે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—મુંબઈ યુનિવર્સિટીએ આપણી ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા જો ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મૅથેમેટિક્સ અથવા ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી સાથે પાસ કરી હોય તો તેમની ઇન્ટર સાયન્સ પરીક્ષાની સમકક્ષ ગણેલ છે, તેમ જ ત્રણ વર્ષના અભ્યાસક્રમની આપણી બી.એ., બી.એસસી.ની પદવી પરીક્ષાઓ તેમની પરીક્ષાઓની સમકક્ષ ગણેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાઓની માન્યતા બાબતમાં મુંબઈ યુનિવર્સિટીને ઘટતો પત્ર લખવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩. એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડા આપણી એફ.વાય.બી.એસસી. પરીક્ષાને તેમની પ્રી-મેડિકલ પરીક્ષાની સમકક્ષ ગણવા તૈયાર નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઇક્વિવેલેન્સ કમિટીની તા. ૮-૧-૧૯૬૪ની સભામાં એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાની એફ.વાય.બી.એસસી. પરીક્ષાને કાયમી ધોરણે માન્યતા આપવા બાબત વિચારણા

માટે હતી અને તે અંગેના ઠરાવમાં બરોડા યુનિવર્સિટી આપણી ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા (જીવશાસ્ત્ર) સાથે ને તેમની પ્રી-મેડિકલ પરીક્ષા તુલ્ય ગણે છે કે કેમ તે પુછાવનાં ઉપર મુજબ જવાબ આવેલ છે. બરોડા યુનિવર્સિટીની એફ.વાય.બી.એસસી. પરીક્ષા જૂન ૧૯૬૪ સુધી માન્ય રાખેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડાની એફ.વાય બી.એસસી. પરીક્ષાને આ યુનિવર્સિટીની ફર્સ્ટ બી એસસી. પરીક્ષા તુલ્ય આપણી યુનિવર્સિટીમાં કેવળ સાયન્સ વિદ્યાશાખામાં સેકન્ડ બી.એસસી.માં પ્રવેશ પૂરતી જ પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી ઓફ માંડલે (બર્મા)ની ઇન્ટર સાયન્સ પરીક્ષા ૧૯૬૩માં પસાર કરેલ વિદ્યાર્થી શ્રી. અરવિંદકુમારને આપણી યુનિવર્સિટીના એફ.ઈ.ના વર્ગમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગના ડીનને સદરહુ વિદ્યાર્થીનું ઇન્ટર સાયન્સ પરીક્ષાનું ગુણપત્રક મોકલી અભિપ્રાય મંગાવેલ, પરંતુ ઇન્ટર સાયન્સના ગુણપત્રકમાં પ્રેક્ટિકલની કોલમમાં "Q"નો અર્થ સ્પષ્ટ થતો ન હોવાથી તેનો ખુલાસો મંગાવેલ, જેમાં "Q"નો અર્થ Qualified થાય છે અને શ્રી. અરવિંદકુમાર પ્રેક્ટિકલ્સમાં પાસ થયેલ છે તેવો જવાબ આવેલ છે.

ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઇન્સ્ટ્રુમેંટેશન એન્જિનિયરિંગના ડીનનો અભિપ્રાય

"Ordinarily, on perusal of his marksheet of I.Science Examination it appears, he should be eligible for the said admission. This however, does not guarantee the admission to him since he will have to compete for the same. My opinion for eligibility is of course subject to your granting equivalence to I.Sc. of Mandalay University to the I.Sc. 'A' group of Gujarat University, and subject to the condition that he has passed in the practical examinations of the relevant subjects at the I.Sc. Examination since in his mark-sheet, the letter 'Q' has been mentioned, and it is not possible for me to make out any meaning of the same."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. અરવિંદકુમારને એફ.ઈ.માં પ્રવેશ મેળવવા એલિજિબિલિટી સર્ટિફિકેટ ખાસ કેસ તરીકે કાઢી આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. શ્રી. નથવાણી ઉમંગ ગીરધરલાલે જમશેદપુર મેડિકલ કોલેજની પ્રથમ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા આપી છે, પરંતુ સંજોગોવશાત્ ત્યાં વિદ્યાભ્યાસ ચાલુ રાખી શકે તેમ ન હોવાથી સદરહુ પરીક્ષા પાસ કર્યેથી આપણી યુનિવર્સિટીમાં આગળ વિદ્યાભ્યાસ કરવાની પરવાનગી આપવા અંગેની તેમના વાલી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—રે. ૭ મુજબ બિહાર યુનિવર્સિટીની ત્રીજી એમ.બી.,બી.એસ. પરીક્ષા માન્ય કરેલ છે. ઓ. ૭૧ મુજબ આપણે માત્ર બરોડા યુનિવર્સિટી તેમ જ સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠમાં રાખેલ સત્રો માન્ય રાખીએ છીએ.)

આથી ઠરાવવામાં આવે છે કે, બિહાર યુનિવર્સિટીની એમ.બી., બી.એસ. પરીક્ષાનો અભ્યાસક્રમ તથા તેની ત્રીજી એમ.બી., બી.એસ. પરીક્ષાને ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે માન્ય કરી છે કે કેમ તે માહિતી વગેરે મંગાવી તે પર ડીનનો અભિપ્રાય મંગાવી તે અભિપ્રાય જો અનુકૂળ હોય તો એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬. ગૌહતી યુનિવર્સિટીની આર્ટ્સ, સાયન્સ તથા કૉમર્સના ત્રણ વર્ષના ડિગ્રી કોર્સની પરીક્ષાઓ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

આપણી યુનિવર્સિટીમાં અનુસ્નાતક અભ્યાસ કરવાને માટે ઘટતી બરોબરી આપી શકાય એમ માનું છું.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

B.Sc. (Pass) course of Gauhati University can be considered equivalent to our New B.Sc. (General) course. B.Sc. (Hons.) course can be considered equivalent to our new B.Sc. (Special) course.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

ગૌહતી યુનિવર્સિટીની બી.કૉમ.ની પદવીને આપણી બી.કૉમ.ની પદવીની સમકક્ષ ગણવાને કાંઈ વાંધો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, ગૌહતી યુનિવર્સિટીની આર્ટ્સ, સાયન્સ તથા કૉમર્સના ત્રણ વર્ષના અભ્યાસક્રમની બી.એ., બી.એસસી. તથા બી.કૉમ. ડિગ્રી પરીક્ષાઓ જે તે વિદ્યાશાખાના અનુસ્નાતક વર્ગમાં પ્રવેશ માટે પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૭. ઇક્વિવેલેન્સ કમિટીની તા. ૮–૧–૧૯૬૪ની સભાએ કાશી વિદ્યાપીઠ, વારાણસીની "અંતરિમ" પરીક્ષા માન્ય કરી નથી તેના સંદર્ભમાં સદરહુ વિદ્યાપીઠના મહામાત્ર તરફથી આવેલ તા. ૮–૧–૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાશી વિદ્યાપીઠ, વારાણસીની "અંતરિમ" પરીક્ષાને ઇન્ટરમિડિયેટ પરીક્ષા તુલ્ય માન્ય કરવી નહીં તેમ અગાઉ ઠરાવ કરેલ છે તેમાં કાંઈ ફેરફાર કરવો નહીં.

૮. બમ્બઈ હિંદી વિદ્યાપીઠ, મુંબઈની હિંદી ઉત્તમા, હિંદી ભાષારત્ન, સાહિત્ય સુધાકર વગેરે હિંદી પરીક્ષાઓ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

હિંદી ભાષાના પ્રચાર અંગે વિશેષ કામ કરતી આ સંસ્થા છે તે અર્થે ભાષાની ક્રમિક પરીક્ષાઓ તે લે છે. યુનિવર્સિટીની પરીક્ષાઓ જુદા પ્રકારની છે. જેમાં હિંદી એક વિષય હોય તે સંજોગોમાં એ બે જાતની પરીક્ષાઓ વચ્ચે બરોબરી વિચારવી ભાગ્યે સંભવે. કેવળ હિંદી ભાષાના જ્ઞાન પૂરતી કસોટી જરૂરી હોય, ત્યાં કદાચ આ સંસ્થાની પરીક્ષાઓ કામ આવે તો આવે, એમ લાગે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, બમ્બઈ હિંદી વિદ્યાપીઠ, મુંબઈની કોઈ પણ પરીક્ષા માન્ય કરવી નહીં.

૯. રાજસ્થાન હિંદી વિદ્યાપીઠ, ઉદેપુરની હિંદી પરીક્ષાઓ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

હિંદી અંગેની આવી પરીક્ષાઓની બરોબરી યુનિવર્સિટી માટે વિચારવાની જરૂર ન હોય એમ હું માનું છું.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજસ્થાન હિંદી વિદ્યાપીઠ, ઉદેપુરની હિંદી પરીક્ષાઓ માન્ય કરવી નહીં.

૧૦. ભારત સરકારના કેળવણી ખાતાના નાયબમંત્રીએ તેમના તા. ૨૩-૧-૧૯૬૪ના પત્રાંક એફ. ૪૬-૧-૬૩ એસ.યુ.માં સંસ્કૃત પરીક્ષાઓને યુનિવર્સિટીની પરીક્ષાઓની સમકક્ષ ગણવા કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

સંસ્કૃત અભ્યાસસમિતિના અધ્યક્ષનો અભિપ્રાય

All the Examinations in enclosed list can be taken as degree examinations of our University also, as shown therein.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી નિમણૂકોને માટેની માન્યતા આપવા માટેની હોવાથી તે અંગે આ સમિતિને કંઈ કરવાનું રહેતું નથી.

૧૧. ધી ઇન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ (ભારત), કલકત્તા તરફથી આ યુનિવર્સિટી તરફથી લેવાતી બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ) પરીક્ષાઓ માન્ય કર્યાની જાણ કરતા પત્રાંક રેફ-બી. એસ. ૧૫૮ તા. ૪-૩-૧૯૬૪ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. કુ. પ્રફુલ્લા સી. ત્રિવેદીની પ્રી-યુનિવર્સિટી આર્ટ્સના વર્ગમાં પ્રવેશ મેળવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ વિદ્યાર્થિનીએ કેમ્બ્રિજ ઑવરસીઝ સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા કુલ ૬ વિષયો સાથે પાસ કરેલી છે. રે. ૭ મુજબ કેમ્બ્રિજ ઑવરસીઝ સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા જે શરતોથી માન્ય કરેલી છે તે જોતાં તેમને પ્રવેશપાત્ર ગણ્યા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. પ્રફુલ્લા ત્રિવેદીને ખાસ કેસ તરીકે પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું.

૧૩. મહીલાશ્રામ વિદ્યાપીઠ, પ્રયાગની મહાવિદુષી તથા ભારતી પરીક્ષાને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ તથા બી.એ. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મહિલાશ્રામ વિદ્યાપીઠ પ્રયાગની "ભારતી" પરીક્ષાને બી.એ.ડિગ્રી પરીક્ષા તુલ્ય માન્ય ગણવી નહીં તેમ અગાઉ ઇક્વિવેલેન્સ કમિટીએ ઠરાવ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, મહિલાશ્રામ વિદ્યાપીઠ, પ્રયાગની "મહાવિદુષી" તથા "ભારતી" પરીક્ષાઓને આ યુનિવર્સિટીની ઇન્ટરમિડિયેટ તથા બી.એ. પરીક્ષા તુલ્ય માન્ય કરવાની વિનંતી સ્વીકારવી નહીં.

૧૪. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદના અંગ્રેજી વિષયના ટ્યૂટર શ્રી. બી. બી. પરમાર જેમણે આપણી યુનિવર્સિટીમાંથી બી.એ. તથા એલએલ.બી. પરીક્ષાઓ પાસ કરેલી છે અને ભાગલપુર યુનિવર્સિટીમાંથી એમ.એ. (એક્સ્ટર્નલ) પરીક્ષા પાસ કરેલી છે તેમને જૂન ૧૯૬૪થી પીએચ.ડી. માટે નામ નોંધાવવા એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

"ગુજરાત યુનિવર્સિટીમાં વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈ વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે પણ કરવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતી-વળગતી અધિકારી-સત્તાઓને ભલામણ કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ થનાર શ્રી. રમેશ ભટ્ટના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત:

(૧) "આ સભા ઠરાવે છે કે, યુનિવર્સિટીની વિવિધ સંલગ્ન કૉલેજો અને શિક્ષણસંસ્થાઓમાં કામ કરતા અધ્યાપકો માટે કામકાજની અને નોકરીની શરતો અંગે એકરૂપતા લાવવા

તથા તેમને સુસંગત બનાવવા સેવા-કામગીરી અંગેનાં ધારાધોરણો અને નિયમો ઘડી કાઢવા અને તેની સંહિતા બનાવી તેનો અમલ કરવા ૧૯૬૫ના જૂન સુધીમાં યોગ્ય પગલાં ભરવાં.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવે છે કે, અત્યારના ચાલુ શરતો-નિયમો અને ભાવિ સંહિતાના અમલ-બજાવણીમાંથી ઊભા થતા પ્રશ્નો અને અર્થઘટન અંગે ઉકેલ આણવા નિષ્પક્ષ એવું ન્યાયાધીશી કક્ષાનું એક તંત્ર પણ રચવું."

(૨) "ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ તેના કામકાજમાં, તેના બંધારણમાં તેની રચના અને તેની ગતિવિધિઓ અંગે અવારનવાર ઊણપો અને મુશ્કેલીઓ અનુભવાતી આવી છે, આ અંગેના સૂરો વારંવાર સેનેટની બેઠકોમાં પણ ઊઠયા છે. વળી ગુજરાત યુનિવર્સિટીનો કાયદો ઘડાયા બાદ તેના અમલમાંથી પણ ઠીક ઠીક અનુભવ પ્રાપ્ત થયો છે. શિક્ષણ, તેનું ધ્યેય, તેની વહીવટી વ્યવસ્થા ઇત્યાદિ અંગેના વિચારોમાં પણ નવાં સોપાનો મંડાયાં છે. આ બધું ધ્યાનમાં લઈને આ સભા ઠરાવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં ઉચ્ચ શિક્ષણ વધુ તેજસ્વી બને એ હેતુસર ઘટતા ફેરફારો કરવા માટે એક સમિતિ નીમી હેવાલ તૈયાર કરી કાયદામાં લાગતાવળગતા ફેરફાર કરવા માટે ગુજરાત સરકારને વિનંતી કરવા માટે તાત્કાલિક યોગ્ય પગલાં ભરવાં."

(૩) "ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજો અને અન્ય શિક્ષણસંસ્થાઓમાં કામ કરતા અધ્યાપકો માટે પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઇટીની યોજના મોડામાં મોડી ૧૯૬૫ના જૂનથી દાખલ કરવા માટે ઘટતાં પગલાં લેવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના ત્રણે પ્રસ્તાવોની બાબતમાં સિન્ડિકેટ તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ થનાર શ્રી. સી. કે. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે, યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી કૉલેજોની આર્થિક બાબતોને સ્પર્શતા કોઈ પણ નિર્ણયો યુનિવર્સિટીની સિન્ડિકેટ કે સેનેટ લે તે પહેલાં કૉલેજોનાં સંચાલક મંડળોનાં દૃષ્ટિબિંદુ અને સૂચના જાણી લેવાં અને તેમને પૂરતા પ્રમાણમાં વિચારણામાં લીધા પછી જ એવા કોઈ નિર્ણયો લેવા."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ થનાર શ્રી. મનહરલાલ શુક્લના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંયોજિત થયેલી કૉલેજોના બિનશિક્ષકવર્ગ (નોન-ટીચિંગ સ્ટાફ)ના કર્મચારીઓનાં પગારધોરણો, રજાઓ તથા પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી, કામના કલાકો તેમ જ કામકાજની સ્થિતિ અંગેની અન્ય શરતો અંગે ઘટતી વિચારણા કરીને જરૂરી ધારાધોરણ ઘડવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય શ્રી. વી. એસ. રાવલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષાના સ્ટાન્ડર્ડ ઑફ પાસિંગ અંગેના સુધારેલા રેગ્યુલેશનો અનુક્રમે રેગ્યુ. ૩૦, રેગ્યુ. ૯૧ અને રેગ્યુ. ૨૧૯ જે ૧૯૬૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓથી અમલમાં આવે છે તે મુજબ એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષામાં હવેથી બધાં પેપરોના મેળવી શકાતા કુલ ગુણના સરવાળા (ગ્રાન્ડ ટોટલ)ના ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણ મેળવનારને બીજા વર્ગમાં પાસ થયેલ ગણવામાં આવશે.

"આ સુધારેલા રેગ્યુલેશનો અનુક્રમે ૩૦, ૯૧ અને ૨૧૯ના સંદર્ભમાં જે વ્યક્તિઓએ એ જ નંબરના સુધાર્યા વિનાના જૂના રેગ્યુલેશનો અનુસાર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષામાં બધાં પેપરોના મેળવી શકાતા કુલ ગુણના સરવાળા (ગ્રાન્ડ ટોટલ)ના ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણ મેળવ્યા હોય, તેમને ઓછામાં ઓછા ગુજરાત યુનિવર્સિટીના સત્તાક્ષેત્રની બાબતો પૂરતા શૈક્ષણિક લાયકાત અંગે ૧૯૬૫ના વર્ષથી સેકન્ડ ક્લાસની સમકક્ષાના ગણવામાં આવે એવી સેનેટની આ સભાની ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ પરત્વે સિન્ડિકેટ હાલ કોઈ અભિપ્રાય વ્યક્ત કરવા માગતી નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ થનાર ડૉ. જે. જે. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This Senate resolves that the post of the Rector be revived and a Rector be appointed from June 1965."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. આગામી સેનેટની સભા સમક્ષ રજૂ થનાર શ્રી. સી. એલ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "આથી સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકો જો અમુક કૉલેજોમાં ત્રણ વર્ષ સુધી કાર્ય કરી ચૂકયા હોય તો તેમને તેમની અધ્યાપનવિષયક અયોગ્યતાનું કારણ આપીને કોઈ પણ સંજોગોમાં તે કૉલેજમાંથી છૂટા ન કરી શકાય, એ માટે સિન્ડિકેટ યોગ્ય નિયમો ઘડે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા અધ્યાપકોના પગારમાંથી કપાતા પ્રોવિડંટ ફંડની રકમમાં સમાન યોગદાન જળવાય, અને કોઈ પણ સંસ્થામાં ઓછામાં ઓછાં ૧૦ વર્ષ સુધી સતત કાર્ય કરનાર અધ્યાપકને ગ્રેચ્યુઇટીનો લાભ મળે તે અંગે સિન્ડિકેટને ઘટતું કરવા માટે સેનેટની આ સભા ભલામણ કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો, અને

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવનો હાલને તબક્કે અમલ કરવાનું સિન્ડિકેટને યોગ્ય લાગતું નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. નેશનલ કૉલેજમાં શ્રી. ડી. એમ. શર્માને હિંદીના અંડ સમયના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦-એનો પાઠ જોતાં સદરહુ કૉલેજને હિંદીના પૂરા સમયના વ્યાખ્યાતા નીમવા આવશ્યક છે, એમ તેને જણાવવું.

૧૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક મળતા ન હોવાથી ચાલુ વ્યાયામ શિક્ષક શ્રી. જે. પી. ગોહેલની નિમણૂકને માન્ય કરવા માટેની એમ. પી. શાહ મ્યુ. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, જામનગરના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત:

(નોંધ.—શ્રી. જે. પી. ગોહેલ જરૂરી લાયકાત ધરાવતા ન હોવાથી સિન્ડિકેટે તેની તા. ૧૧-૭-૧૯૬૪ની સભામાં તેઓની નિમણૂક માન્ય રાખી ન હતી અને ૩૦મી જુલાઈ ૧૯૬૪ સુધીમાં નવી નિમણૂક કરવા માટે જણાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૭-૧૧-૧૯૬૪ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવનાર વ્યાયામ શિક્ષકની નિમણૂક કરીને રિપોર્ટ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૧૨. સામાન્ય શિક્ષણમાં માનવવિદ્યાના ૨૪ સમયોની ફાળવણી સાહિત્યના ૪, લલિત-કળાઓના ૧૨ અને તત્ત્વજ્ઞાનના ૮ એ પ્રમાણે રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે સામાન્ય શિક્ષણમાં માનવ-વિદ્યાના ૨૪ સમયોની ફાળવણી નીચે મુજબ કરવાનું રાખવું:

સાહિત્ય	...	૪
લલિતકળા	...	૧૨
તત્ત્વજ્ઞાન	...	૮.

૧૩. અલાહાબાદ યુનિવર્સિટીના આશ્રયે અલાહાબાદ મુકામે ભારતીય રાસાયણિક મંડળનું વાર્ષિક સંમેલન તા. ૨૬-૧૨-૧૯૬૪થી તા. ૨૯-૧૨-૧૯૬૪ સુધી મળનાર હોઈ મજકૂર સંમેલનમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા માટે મજકૂર મંડળના માનદ મંત્રીશ્રીના તા. ૩૧-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૪. "Ninth Congress on Theoretical and Applied Mechanics" અને "High-Speed Computation Methods" નામક પરિસંવાદો તા. ૨૦થી તા. ૨૪ ડિસેંબર ૧૯૬૪ દરમિયાન ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, કાનપુર મુકામે

મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના કોઈ સંશોધનકાર્ય કરતા સભ્યોની નિમણૂક કરવા માટેના સદરહુ મંડળના મંત્રીશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૫. સેનેટના નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ એનાયત કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યથી ઇચ્છિત અભ્યાસસમિતિઓ	અનુસ્નાતક પદવી-કક્ષાના વિષયો
(૧)	આચાર્ય એચ એમ. શુકલ	વિનયન	ગ્રંથાલયશાસ્ત્ર	(૧) હિન્દી (૨) સંસ્કૃત

(નોંધ.—તેઓએ પહેલાં ફક્ત હિંદીની અભ્યાસસમિતિ માટે પસંદગી દર્શાવેલ, જે એનાયત થઈ ગઈ છે. તેમણે બીજી અભ્યાસસમિતિ માટે ગ્રંથાલયશાસ્ત્રની અભ્યાસસમિતિની પસંદગી દર્શાવી છે.**)**

(૨)	શ્રી. કે. એન. શાહ	વિનયન	(૧) ગણિત (૨) ગ્રંથાલયશાસ્ત્ર	સમગ્ર ગણિત
(૩)	આચાર્ય ડૉ. એસ. એમ. સેન	તબીબી	(૧) પ્રી-ક્લિનિકલ (૨) ક્લિનિકલ	મેડિસિન, સર્જરી, ભિડવાઈફરી
(૪)	આચાર્ય ડૉ. સી. જે. મોદી	તબીબી	(૧) પ્રી-ક્લિનિકલ (૨) મેડિસિન	જનરલ મેડિસિન
(૫)	આચાર્ય ડૉ. એસ. ટી. જેસલપુરા	વિનયન	અંગ્રેજી	અંગ્રેજી-ગુજરાતી
(૬)	આચાર્ય ડૉ. એ. એચ. આઈ. વોરા	વિનયન	માનસશાસ્ત્ર	સંપૂર્ણ તત્ત્વજ્ઞાન.

(નોંધ.—ક્રમાંક ૫ તથા ૬ને પ્રથમ કેવળ એક જ અભ્યાસસમિતિ એનાયત થયેલી હોઈ, બીજી અભ્યાસસમિતિ એનાયત કરવાની છે.**)**

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એચ. એમ. શુકલ તથા આચાર્ય કે. એન. શાહને જણાવવું કે, ગ્રંથાલયશાસ્ત્રને બદલે અન્ય કોઈ વિષયની પસંદગી તેઓ દર્શાવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું:

(૧)	આચાર્ય ડૉ. એસ. એમ. સેન	... (૧) પ્રી-ક્લિનિકલ (૨) ક્લિનિકલ
(૨)	આચાર્ય ડૉ. સી. જે. મોદી	... (૧) પ્રી-ક્લિનિકલ (૨) મેડિસિન
(૩)	આચાર્ય એસ. ટી. જેસલપુરા	... અંગ્રેજી
(૪)	આચાર્ય એ. એચ. આઈ. વોરા	... માનસશાસ્ત્ર.

૧૬. ૧૯૬૩-૬૪ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અંગેની સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૩-૬૪ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી, અધ્યક્ષ
(૨) ડૉ. એમ. ડી. પટેલ
(૩) શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ.

૧૭. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબીમાં જૂન ૧૯૬૪થી ૨૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી મેળવવા વિનંતી કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના સચિવશ્રીના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં જૂન ૧૯૬૪થી ૨૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

૧૮. જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓ માટે ભૌતિકવિજ્ઞાનના વિષયમાં સને ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ઓછામાં ઓછી એક બેઠક અનામત રાખવા માટે ભારત સરકારના કેળવણી ખાતા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓ માટે ચાલુ વર્ષ દરમિયાન કોઈ પણ વિદ્યાર્થીઓને માટે જગ્યા અનામત રાખવાનું હાલને તબક્કે બની શકે એમ નથી, પરંતુ ભવિષ્યમાં તેઓ ૧૦મી જુલાઈ સુધીમાં કોઈ વિદ્યાર્થીનું નામ સૂચવશે તો તેવા વિદ્યાર્થીને માટે એક જગ્યા યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં એમ.એસસી.ના વર્ગમાં અનામત રાખવામાં આવશે તેમ જણાવવું.

૧૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજના આચાર્યશ્રીના તા. ૩-૯-૧૯૬૪ના પત્રાંક જી.યુ./બી.એડ. ૬૨-૬૪નામાં દર્શાવેલ નીચેની સ્કૂલોને ઓ. ૧૮૬ મુજબ "પ્રૅક્ટિસિંગ સ્કૂલ" તરીકે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) આલ્ફ્રેડ હાઇસ્કૂલ, ભાવનગર
(૨) વિદ્યામંદિર સ્કૂલ, ભાવનગર.
(૩) મા્જીરાજ ગર્લ્સ સ્કૂલ, ભાવનગર
(૪) હોમ સ્કૂલ, ભાવનગર.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની શાખાઓને "પ્રૅક્ટિસિંગ સ્કૂલ" તરીકે માન્ય કરવી.

૨૦. જૂના અભ્યાસક્રમ મુજબની પ્રી-યુનિવર્સિટીની પરીક્ષામાં એ.ટી.કે.ટી.ના મથાળા હેઠળ બાકી રહે બેઠેલા અને નાપાસ થયેલા વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી.ના બાકી રહેલા વિષયો માટે નિયમિત વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમમાં જે તે વિષયોમાં મુક્તિ આપવામાં

આવે છે તે ધોરણે જે તે વિષયોમાં મુક્તિ આપવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૪-૮-૧૯૬૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૧. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના પહેલી એમ.બી., બી.એસ.ના વિદ્યાર્થીઓની ઑક્ટોબરની ૧૯૬૪માં લેવાનાર પરીક્ષાઓ તેમની કૉલેજ પર લેવા બાબતમાં તે કૉલેજના ડીન તરફથી આવેલ સૂચન પર મેડિકલ ફૅકલ્ટીના ડીનના અભિપ્રાયના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા તેમની જે તે કૉલેજમાં લેવાની વ્યવસ્થા કરવી.

૨૨. નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધો અંગે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો
(૧)	શ્રી. એન. જે. શાહ	પીએચ.ડી.	"Dharmakirti and Akalanka: A study of the criticism of the former by the latter)"	(૧) ડૉ. સાતકરી મુખરજી, પીએચ.ડી., ડિરેક્ટર, નાલંદા-પાલિ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, નાલંદા, પટણા (૨) ડૉ. ટી. આર. વી. મૂર્તિ, એમ.એ., ફિલોસોફીના વિભાગના અધ્યક્ષ, બનારસ હિંદુ યુનિવર્સિટી, વારાણસી-૪ (૩) ડૉ. નથમલ ટાટિયા, એમ.એ., ડિરેક્ટર, પ્રાકૃત રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મુઝફરપુર, બિહાર (૪) ડૉ. ચંદ્રધર શર્મા, એમ.એ., પીએચ.ડી., ફિલોસોફી વિભાગના અધ્યક્ષ, જબલપુર યુનિવર્સિટી (મ.પ્રદેશ).
(૨)	શ્રી. ડી. એ. શુક્લ	પીએચ.ડી.	"વેદાંગ જ્યોતિષ અને આર્યભટ્ટ પહેલાની વચ્ચેના સમયમાં ભારતીય ખગોળશાસ્ત્રની સ્થિતિ"	(૧) પ્રો. કે. વી. અભ્યંકર, સદાશિવ પેઠ, પૂના (૨) પ્રો. પંડિત કૃષ્ણરામ ભટ્ટ, ૩૫, કાવેલ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ, મુંબઈ (૩) પ્રો. એચ. બી. ભીડે, મણિનગર, અમદાવાદ-૮.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો
(૩)	શ્રી. જીવણલાલ પ્રભુદાસ અમીન	પીએચ.ડી.	"શૈવ ધર્મનું પ્રાચીન સ્વરૂપ તથા એનો ઉત્તર-કાલીન પ્રચાર, સં. ૧૩૦૦ સુધી"	(૧) ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ, એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., અધ્યક્ષ, લલિતકળા તથા વાસુ વિભાગ, કાશી હિંદુ વિશ્વ-વિદ્યાલય, વારાણસી (૨) શ્રી. એ. ડી. પુસાલકર, ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના-૪. (૩) પં. બલદેવ ઉપાધ્યાય, એમ.એ., સાહિત્યાચાર્ય, પ્રોફેસર સંસ્કૃત-પાલિ વિભાગ, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી (૪) ડૉ. રાજબલિ પાંડેય, એમ.એ., ડી.લિટ., આચાર્ય, ભારતી મહાવિદ્યાલય, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી.
(૪)	શ્રી. નવનીતલાલ આનંદીલાલ આચાર્ય	પીએચ.ડી.	"વાઘેલા કાલીન ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ"	(૧) મુનિશ્રી જિનવિજયજી, માનાર્હ સંચાલક, રાજસ્થાન, પુરાતત્ત્વ મંદિર, જોધપુર (૨) ડૉ. ભોગીલાલ સાંડેસરા, અધ્યક્ષ, પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૨ (૩) પ્રો. કેશવલાલ હિં. કામદાર, ૨૩, પ્રતાપગંજ, વડોદરા-૨.
(૫)	Shri H. M. Desai	Ph.D.	Chemistry : "Availability of Nitrogen from Urea in Gujarat Soil"	(1) Dr. L. M. Walsh, Soil Department, University of Wisconsin, Madison-6 (Wisconsin) U.S.A. (2) Dr. T. Gibson, East of Scotland, College of Agriculture, Edinburgh (Great Britain)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો
				(2) Dr. R. C. Shah, 5-A, Suresh Colony, Ghod Bunder Road, Vile Parle (West) Bombay.
(૮)	Shri K. P. Soni	Ph.D.	"Studies in Complex compounds (Studies in diethyedithiocarbamites)"	(1) Prof. Harry Irving, M.A., D.Phil., F.R.I.C., Dept. of Inorganic and Structural Chemistry, The University of Leeds, Leeds-2, England (2) Prof. R. E. Connick, Ph.D., Dean, College of Chemistry, University of California, Berkeley-4, U. S. A. (3) Prof. W. C. Fernelius, Ph.D., D.Sc., Department of Chemistry, The Pennsylvania State University, University Park, Pennsylvania, U.S.A. (4) Prof. H. Freser, M.A., Ph.D., Department of Chemistry, University of Arizona, Tueson, Arizona (5) Prof. John C. Bailar, Ph.D., Professor of Chemistry, University of Illinois, Uraban, Illinois, U.S.A.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો
(૩)	શ્રી. જીવણલાલ પ્રભુદાસ અમીન	પીએચ.ડી.	"શૈવ ધર્મનું પ્રાચીન સ્વરૂપ તથા એનો ઉત્તર-કાલીન પ્રચાર, સં. ૧૩૦૦ સુધી"	(૧) ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ, એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., અધ્યક્ષ, લલિતકળા તથા વાસુ વિભાગ, કાશી હિંદુ વિશ્વ-વિદ્યાલય, વારાણસી (૨) શ્રી. એ. ડી. પુસાલકર, ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના-૪. (૩) પં. બલદેવ ઉપાધ્યાય, એમ.એ., સાહિત્યાચાર્ય, પ્રોફેસર સંસ્કૃત-પાલિ વિભાગ, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી (૪) ડૉ. રાજબલિ પાંડેય, એમ.એ., ડી.લિટ., આચાર્ય, ભારતી મહાવિદ્યાલય, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસી.
(૪)	શ્રી. નવનીતલાલ આનંદીલાલ આચાર્ય	પીએચ.ડી.	"વાઘેલા કાલીન ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ"	(૧) મુનિશ્રી જિનવિજયજી, માનાર્હ સંચાલક, રાજસ્થાન, પુરાતત્ત્વ મંદિર, જોધપુર (૨) ડૉ. ભોગીલાલ સાંડેસરા, અધ્યક્ષ, પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૨ (૩) પ્રો. કેશવલાલ હિં. કામદાર, ૨૩, પ્રતાપગંજ, વડોદરા-૨.
(૫)	Shri H. M. Desai	Ph.D.	Chemistry : "Availability of Nitrogen from Urea in Gujarat Soil"	(1) Dr. L. M. Walsh, Soil Department, University of Wisconsin, Madison-6 (Wisconsin) U.S.A. (2) Dr. T. Gibson, East of Scotland, College of Agriculture, Edinburgh (Great Britain)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો
				(2) Dr. R. C. Shah, 5-A, Suresh Colony, Ghod Bunder Road, Vile Parle (West) Bombay.
(૮)	Shri K. P. Soni	Ph.D.	"Studies in Complex compounds (Studies in diethyedithiocarbamites)"	(1) Prof. Harry Irving, M.A., D.Phil., F.R.I.C., Dept. of Inorganic and Structural Chemistry, The University of Leeds, Leeds-2, England (2) Prof. R. E. Connick, Ph.D., Dean, College of Chemistry, University of California, Berkeley-4, U. S. A. (3) Prof. W. C. Fernelius, Ph.D., D.Sc., Department of Chemistry, The Pennsylvania State University, University Park, Pennsylvania, U.S.A. (4) Prof. H. Freser, M.A., Ph.D., Department of Chemistry, University of Arizona, Tueson, Arizona (5) Prof. John C. Bailar, Ph.D., Professor of Chemistry, University of Illinois, Uraban, Illinois, U.S.A.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો
				For Viva-Voce
				(1) Prof. M. B. Kabadi, M.Sc, Ph.D., Prof. of Chemistry & Head of the Department, Maharshi Dayanand College, 25, Government Grant Road, Parel, Bombay–12 (India)
				(2) Prof. Arun K. Dey, Ph.D., Chemical Laboratories, University of Allahabad, Allahabad (India)
				(3) Prof. B. C. Haldar, D.Sc., Prof. of Inorganic Chemistry, Institute of Science, Mayo Road, Fort, Bombay–1 (India).
(૬)	Shri Krishna Ramanathan	Ph.D.	Physics : "Basic Mechanism of MgO Type Cold Cathode Emission"	Prof. M. A. Pomerantz, Bartol Research Foundation, Swarthmore, Pennsylvania, U.S.A. *or* Dr. F. Danforth, Head of the Department of Physical Electronics & Semi-conductor Electronics, Bartel Research Foundation, Swarthmore College, Swarthmore, Pennsylvania, U.S.A.

૨૫. "પોસ્ટ-ગ્રેજ્યુએટ રિસર્ચ સ્કૉલરશિપ્સ ઇન સાયન્સ—૧૯૬૩-૬૪" એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૩૧-૮-૧૯૬૪ના પત્રાંક એફ. ૬-૧૫-૬૩-જી ના સંદર્ભમાં શ્રીમતી જયા એચ. નાયકની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૪ની સભામાં કરેલ નીચેના ઠરાવ પરત્વે પુનર્વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ

"સદરહુ બાબતના સંદર્ભમાં શ્રીમતી જે. એચ. નાયકનો કેસ પણ રજૂ કરવામાં આવ્યો અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી નાયકે નોકરી સ્વીકારેલી હોઈ શિષ્યવૃત્તિનાં નાણાં તેમની પાસેથી પાછાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી જયા એચ. નાયક પાસેથી તેમને આપવામાં આવેલ શિષ્યવૃત્તિનાં નાણાં પાછાં વસૂલ લેવાં નહિ.

૨૬. વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં (૧) ડિપ્લોમા ઇન કો-ઑપરેશન, તથા (૨) માસ્ટર ઑફ લેબર લૉઝના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ અરજી પરથી ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા બાબત:

(૧) સ્નાતક પદવી લીધા બાદ જે અભ્યાસક્રમ લઈ શકાય તેને જ અનુસ્નાતક અભ્યાસક્રમ ગણવો કે કેમ?

(૨) જો તેમ હોય તો જે તે અભ્યાસક્રમ પૈકીનો કોઈ અભ્યાસક્રમ કોઈ કૉલેજ અગર સંસ્થા ચલાવવા ઇચ્છતી હોય અને તે માટે અરજી મોકલે તો તેના પર યુનિવર્સિટીએ કયા નિયમો અનુસાર પગલાં લેવાં જોઈએ?

(૩) બી.એડ., એલએલ.બી., માસ્ટર ઑફ લેબર લૉઝ, ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ, ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ, ડિપ્લોમા ઇન જર્નાલિઝમ, અને ડિપ્લોમા ઇન કો-ઑપરેશન જેવા અભ્યાસક્રમ શીખવવા માટે જો કોઈ કૉલેજ અરજી કરે તો તેને માટે મંજૂરી આપતાં પહેલાં કઈ રીતે કાર્યવાહી, કઈ પદવી માટે કરવી જોઈએ. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર જોડાણ માટેની કાર્યવાહી આ બાબત માટે અનુસરાય કે કેમ? જો તેમ કરવામાં આવે તો આ બી.એડ., એલએલ.બી. વગેરે અનુસ્નાતક અભ્યાસક્રમ ન ગણાય અને તેથી અનુસ્નાતક નિયમ નં. ૧ અનુસાર વિદ્યાર્થીઓની નોંધણી પણ કરવાની રહે નહીં.

(૪) અનુસ્નાતક નિયમ નં. (૧) અનુસાર જે તે અભ્યાસક્રમ માટે અનુસ્નાતક કેન્દ્ર મારફતે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવાનું આવશ્યક છે.

આથી ઠરાવવામાં આવે છે કે, કો-ઑપરેશન અને લેબર વેલ્ફેરના અભ્યાસક્રમોને અનુસ્નાતક અભ્યાસક્રમ ગણીને તે પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાની કાર્યવાહી કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બીજા ડિપ્લોમાઓના અભ્યાસક્રમોની યાદી તૈયાર કરી તેને અનુસ્નાતક કે પૂર્વસ્નાતક અભ્યાસક્રમો ગણવાનો સવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓનાં નામો *For Viva-Voce*
				(1) Prof. M. B. Kabadi, M.Sc., Ph.D., Prof. of Chemistry & Head of the Department, Maharshi Dayanand College, 25, Government Grant Road, Parel, Bombay-12 (India) (2) Prof. Arun K. Dey, Ph.D., Chemical Laboratories, University of Allahabad, Allahabad (India) (3) Prof. B. C. Haldar, D.Sc., Prof. of Inorganic Chemistry, Institute of Science, Mayo Road, Fort, Bombay-1 (India).
(૬)	Shri Krishna Ramanathan	Ph.D.	Physics: "Basic Mechanism of MgO Type Cold Cathode Emission"	Prof. M. A. Pomerantz, Bartol Research Foundation, Swarthmore, Pennsylvania, U.S.A. *or* Dr. F. Danforth, Head of the Department of Physical Electronics & Semi-conductor Electronics, Bartel Research Foundation, Swarthmore College, Swarthmore, Pennsylvania, U.S.A.

૨૫. "પોસ્ટ-ગ્રેજ્યુએટ રિસર્ચ સ્કૉલરશિપ્સ ઇન સાયન્સ—૧૯૬૩-૬૪" એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૩૧-૮-૧૯૬૪ના પત્રાંક એફ. ૬-૧૫-૬૩-જી ના સંદર્ભમાં શ્રીમતી જયા એચ. નાયકની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૪ની સભામાં કરેલ નીચેના ઠરાવ પરત્વે પુનર્વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ

"સદરહુ બાબતના સંદર્ભમાં શ્રીમતી જે. એચ. નાયકનો કેસ પણ રજૂ કરવામાં આવ્યો અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી નાયકે નોકરી સ્વીકારેલી હોઈ શિષ્યવૃત્તિનાં નાણાં તેમની પાસેથી પાછાં લેવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી જયા એચ. નાયક પાસેથી તેમને આપવામાં આવેલ શિષ્યવૃત્તિનાં નાણાં પાછાં વસૂલ લેવાં નહિ.

૨૬. વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં (૧) ડિપ્લોમા ઇન કૉ-ઑપરેશન, તથા (૨) માસ્ટર ઑફ લેબર વૅલ્ફેરના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ અરજી પરથી ઉપસ્થિત થતા નીચેના મુદ્દાઓ પરત્વે વિચારણા કરવા બાબત:

(૧) સ્નાતક પદવી લીધા બાદ જે અભ્યાસક્રમ લઈ શકાય તેને જ અનુસ્નાતક અભ્યાસક્રમ ગણવો કે કમ?

(૨) જો તેમ હોય તો જે તે અભ્યાસક્રમ પૈકીનો કોઈ અભ્યાસક્રમ કોઈ કૉલેજ અગર સંસ્થા ચલાવવા ઇચ્છતી હોય અને તે માટે અરજી મોકલે તો તેના પર યુનિવર્સિટીએ કયા નિયમો અનુસાર પગલાં લેવાં જોઈએ?

(૩) બી.એડ., એલએલ.બી., માસ્ટર ઑફ લેબર લૉઝ, ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ, ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ, ડિપ્લોમા ઇન જર્નાલિઝમ, અને ડિપ્લોમા ઇન કૉ-ઑપરેશન જેવા અભ્યાસક્રમ શીખવવા માટે જો કોઈ કૉલેજ અરજી કરે તો તેને માટે મંજૂરી આપતાં પહેલાં કઈ રીતે કાર્યવાહી, કઈ પદવી માટે કરવી જોઈએ. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર જોડાણ માટેની કાર્યવાહી આ બાબત માટે અનુસરાય કે કેમ? જો તેમ કરવામાં આવે તો આ બી.એડ., એલએલ.બી. વગેરે અનુસ્નાતક અભ્યાસક્રમ ન ગણાય અને તેથી અનુસ્નાતક નિયમ નં. ૧ અનુસાર વિદ્યાર્થીઓની નોંધણી પણ કરવાની રહે નહીં.

(૪) અનુસ્નાતક નિયમ નં. (૧) અનુસાર જે તે અભ્યાસક્રમ માટે અનુસ્નાતક કેન્દ્ર મારફતે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવાનું આવશ્યક છે.

આથી ઠરાવવામાં આવે છે કે, કૉ-ઑપરેશન અને લેબર વેલ્ફેરના અભ્યાસક્રમોને અનુસ્નાતક અભ્યાસક્રમ ગણીને તે પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાની કાર્યવાહી કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બીજા ડિપ્લોમાઓના અભ્યાસક્રમોની યાદી તૈયાર કરી તેને અનુસ્નાતક કે પૂર્વસ્નાતક અભ્યાસક્રમો ગણવાનો સવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૨૭. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એન. આર. પરમારનો અજમાયશી સમય તા. ૭-૧૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. એન. આર. પરમારની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એન. આર. પરમારને એક માસની નોટિસ આપીને છૂટા કરવા.

૨૮. યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. દીપુભાઈ જે. પરમારનો અજમાયશી સમય તા. ૩-૧૨-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર તા. ૪-૧૨-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

શ્રી. દીપુભાઈ જે. પરમારની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. દીપુભાઈ જે. પરમારને યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે તા. ૪-૧૨-૧૯૬૪થી કાયમ કરવા.

૨૯. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનનાં ડેમોન્સ્ટ્રેટર શ્રીમતી રંજન જે. શાહ તા. ૧૪-૩-૧૯૬૪ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ ભવનમાં તા. ૪-૯-૧૯૬૧થી જોડાયાં હતાં અને તા. ૧૪-૩-૧૯૬૪થી રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનનાં ડેમોન્સ્ટ્રેટર શ્રીમતી રંજન જે. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૩૦. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. બાબુભાઈ નારાયણભાઈ મારુનો તા. ૧૮-૮-૧૯૬૪ના રોજ દેહવિલય થવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની રકમ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨૭-૨-૧૯૬૧થી ભવનમાં જોડાયા હતા અને તા. ૧૮-૮-૧૯૬૪ના રોજ દેવલોક પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. શ્રી. બાબુભાઈ નારાયણભાઈ મારુના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના વારસને આપવી.

૩૧. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં સ્ટોરકીપર તરીકે કામ કરતા શ્રી. બાબુભાઈ નારાયણભાઈ મારુનો તા. ૧૮-૮-૧૯૬૪ના રોજ દેહવિલય થયો હોવાથી સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨૭-૨-૧૯૬૧થી ભવનમાં જોડાયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. શ્રી. બાબુભાઈ નારાયણભાઈ મારુના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના વારસને આપવી.

૩૨. સને ૧૯૬૫-૬૬નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી, અધ્યક્ષ
(૨) ડૉ. એમ. ડી. પટેલ
(૩) આચાર્ય એમ. સી. દેસાઈ
(૪) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
(૫) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી.

૩૩. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની કૉલેજોના જોડાણ અંગે જાહેરનામું બહાર પાડવાની રાજ્ય સરકારને ભલામણ કર્યાના;
(અ) ગુજરાત કૉલેજ, અમદાવાદ
(બ) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમરેલી
(ક) આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, તલોદ.

(૨) માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલ જણાતાં તે સુધારીને બહાર પાડ્યાના;

(૩) બર્માથી હિજરતી તરીકે આવેલ (૧) શ્રી. યાઝિક પી. વી. તથા (૨) કુ. નિર્મળા પટેલને તેમનાં વિશિષ્ટ સંજોગો જોતાં પ્રી-યુનિવર્સિટીમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના તથા તેમની હાજરીનો વિલંબ માફ કર્યાના;

(૪) નીચેના વિદ્યાર્થીને તેમના નામ સામે જણાવેલ વિષયમાં તે પદવી માટે પાત્ર ઠીવડેલા જાહેર કર્યાના :

નામ	વિષય	પદવી
કુ. સિંધ કુલદીપ કૌર	'મનોવિજ્ઞાન'	પીએચ.ડી.;

(૫) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક મદદના યોજના હેઠળ કેટલીક કૉલેજોને ચાલુ વર્ષમાં બીજા હપ્તા પેટે અનાવર્તક ગ્રાન્ટ આપ્યાના; અને

(૬) આચાર્ય બી. કે. રાવળને જીવશાસ્ત્રને બદલે વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપ્યાની શાબ્દિક ભૂલ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૪. "Exchange of Teachers in English from Nebraska Wesleyan University at Lincoln with an Indian University"—એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સેક્રેટરીના તા. ૮-૮-૧૯૬૪ના પત્રાંક ૪૩૨૭-૬૪ (એચ) સાથે એજ્યુકેશનલ ઍન્ડ કલ્ચરલ કાઉન્સેલર, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, એમ્બેસી

ઑફ ઇન્ડિયાના ભારત સરકારના શિક્ષણ ખાતાને સંબોધીને લખાયેલા પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૫. સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૬૪ની બેઠકમાં એન.સી.સી. અંગેના ઑ. ૧૩૫-એ(૬)-માં ટેકનિકલ યુનિટ અંગે કરેલ સુધારાના તાત્કાલિક અમલથી ઇજનેરી કૉલેજના વિદ્યાર્થીઓ માટે ઊભી થતી કેટલીક તકલીફો રજૂ કરતા અને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીના સદરહુ ઑર્ડિનન્સનો તાત્કાલિક અમલ મોકૂફ રાખવા વિનંતી કરતા તા. ૨૬-૮-૧૯૬૪ના પત્રાંક સ્ટુ./એન.સી.સી./૨૬૧૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૩૫-એ(૬)માં ટેકનિકલ યુનિટ અંગે સિન્ડિકેટે તેની ઑગસ્ટ માસની સભામાં જે સુધારો મંજૂર કર્યો હતો તે સુધારાનો અમલ આ વર્ષે મોકૂફ રાખી, તા. ૧૫મી જૂન ૧૯૬૫થી કરવાનું રાખવું.

(નોંધ.—દરમિયાન તે સુધારા વિનાનો ઑ. ૧૩૫-એ અમલમાં રહે છે તે સ્પષ્ટ કરવું.)

૩૬. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. એમ. મૂલેને ચાલુ સત્ર પૂરતા પ્રકાશ કૉલેજમાં વ્યાખ્યાનકાર્ય કરવાની પરવાનગી આપવા બાબત.

[નોંધ.—(૧) બન્ને કૉલેજોમાં થઈને શ્રી. મૂલેનું કાર્યભારણ ઑ. ૧૨૦ની મર્યાદામાં છે.
(૨) પ્રકાશ કૉલેજમાં શ્રી. આર. એમ. પંચાલને બીજા સત્રથી નીમવામાં આવ્યા છે અને તેઓ અર્થશાસ્ત્ર સાથે બી.એ. પ્રથમ વર્ગ અને એમ.એ. દ્વિતીય વર્ગ હોઈ પ્રાધ્યાપક માટેની જરૂરી લાયકાત ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક પોતાનું કામકાજ સંભાળે ત્યારે તેની જાણ કરવા સદરહુ કૉલેજને જણાવવું

(નોંધ.—યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક મોડામાં મોડી તા. ૭-૧૧-૧૯૬૪ સુધીમાં કરવી આવશ્યક છે.)

૩૭. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર(કચ્છ)ને ૧૯૬૪થી જોડાણ આપવા માટે મૂકેલ શરતોનું પરિપાલન કર્યાના કૉલેજ તરફથી આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) હાલમાં સિંધી(ગૌણ)માં એક જ વિદ્યાર્થી છે. સિંધીના બીજા યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા નહિ મળતા હોવાથી શ્રી. એચ. જી. દરિયાણી સદરહુ વિષય શીખવી શકે તેવી પરવાનગી માગે છે. શ્રી. દરિયાણીને સિન્ડિકેટે તેની તા. ૧૦-૮-૧૯૬૩ની સભામાં એક જ વર્ષ માટે માન્ય કર્યા હતા.
(૨) મુખ્યમાં સાત તથા ગૌણમાં એક એમ આઠ વિષય માટે જોડાણ માગેલ; તેમાંથી ફક્ત તત્ત્વજ્ઞાન અને હિંદી મુખ્ય તરીકે તથા સિંધી ગૌણ તરીકે શીખવવા માગે છે.
(૩) પુસ્તકો માટેનો અનાવર્તક ખર્ચ આ વર્ષે કર્યો છે કે પહેલાં ખરીદેલ પુસ્તકોના ખર્ચને આ વર્ષ માટે બતાવે છે તે સ્પષ્ટ નથી. કૉલેજને પુછાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૮. જૂન ૧૯૬૫થી નવી કૉલેજ શરૂ કરવા, જોડાણ આપવા માટેની અરજી પરત્વે વિચારણા કરવા બાબત:

સંસ્થાનું નામ	અભ્યાસક્રમ
શ્રી. મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા	ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીનું પ્રથમ જોડાણ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે નીચે જણાવેલા સભ્યોનો સ્થાનિક તપાસ સમિતિ નીમવી:

૧. રો. ય. ગુ. નાયક
૨. આચાર્ય જ્યાનંદ દવે.

૩૯. ધી બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૬૫થી જોડાણ મેળવવા માટે નીચે જણાવેલ અરજીઓ પરત્વે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત:

ક્રમાંક	અરજી કરનારનું નામ	અભ્યાસક્રમ
(૧)	ધી બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુર	ફર્સ્ટ ઇયર બી.એ. સુધીનું ચાલુ જોડાણ તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું વધારાનું જોડાણ
(૨)	ધી બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુર.	ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીનું પ્રથમ જોડાણ, (નવી વિજ્ઞાન કૉલેજ).

(નોંધ.— એક જ અરજીમાં આર્ટ્સનું જોડાણ તથા વાણિજ્ય અને વિજ્ઞાનનું વધારાનું જોડાણ માગેલ. કૉલેજને સ્પષ્ટતા કરવા જણાવેલ કે, વધારાના જોડાણ તરીકે વાણિજ્ય કે વિજ્ઞાનની વિદ્યાશાખા શરૂ કરવા માગે છે, તો કૉલેજે જણાવેલ છે કે, વાણિજ્યની વિદ્યાશાખા વધારાના જોડાણ તરીકે જોઈએ છે અને વિજ્ઞાનની જુદી નવી કૉલેજ શરૂ કરવા માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેઉ કૉલેજો માટે નીચે જણાવેલા સભ્યોનો સ્થાનિક તપાસ-સમિતિ નીમવી:

(૧) આચાર્ય સી. એમ. મહેતા
(૨) આચાર્ય આર. એન. પંડ્યા
(૩) આચાર્ય એચ. કે. ત્રિવેદી.

(નોંધ.— સદરહુ સમિતિઓએ બેઉ કૉલેજો અંગેનો અહેવાલ જુદો જુદો આપવાનો રહેશે.)

૪૦. તા. ૧૪-૮-૧૯૬૪ના રોજ મળેલ અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૬૪ની સભાની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪૧. કલોલ મ્યુ. આર્ટ્સ કૉલેજ, કલોલમાં નીચે જણાવેલ બે શિક્ષકોની નિમણૂકો કાયમ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(૧) પૂરા સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકને બદલે ખંડ-સમયના પ્રાધ્યાપકથી ચલાવવા માટે,

(૨) અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી શૈક્ષણિક કામ ચલાવવા માટે

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ કૉલેજે અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક તા. ૭-૧૧-૧૯૬૪ સુધીમાં કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવી આવશ્યક છે, એમ જણાવવું.

(૨) અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૨. શ્રી. એમ. બી. સિકેનિસની નિમણૂકને કાયમ કરવા માટેની ધોળકા કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે અંગ્રેજીના ટ્યૂટર તરીકે શ્રી. એમ. બી. સિકેનિસ દ્વારા શિક્ષણકાર્ય ચલાવવાની તા. ૨૨/૨૩-૬-૧૯૬૩ની સિન્ડિકેટની સભાએ પરવાનગી આપેલી અને તેઓને જણાવવામાં આવેલું કે, તા. ૧૫-૬-૧૯૬૪થી યોગ્ય લાયકાતવાળા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે અંગ્રેજીના ટ્યૂટરથી ચલાવવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી અને સદરહુ કૉલેજને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૧-૬-૧૯૬૪ની સભામાં ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં ફિઝિકસ વિષય માટે ઑક્ટોબર ૧૯૬૪માં ૪ દિવસ માટે એક સેમિનાર યોજવા ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનના વિષય માટે ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના સંદર્ભમાં ભૌતિકવિજ્ઞાનના વિષય માટે જોડાયેલી કૉલેજોના શિક્ષકોનો બે દિવસનો પરિસંવાદ યોજવાનું રાખવું, અને તે માટે રૂા. ૪,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૪૪. બાનગી એજન્સી દ્વારા ચાલતી ઇજનેરી કૉલેજોમાં ટેકનિકલ એજ્યુકેશનનાં ઉચ્ચ ધોરણો જળવાય તે માટે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર બાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. એપ્રિલ ૧૯૬૪ની પરીક્ષાઓમાં જ્યાં અત્યારે ઇનામો કે ચંદ્રકોની જોગવાઈ નથી ત્યાં સર્વપ્રથમ આવનાર પ્રત્યેક વિદ્યાર્થીને રૂા. ૧૦૦ની કિંમતનો "ગુજરાત યુનિવર્સિટી

પુરસ્કાર" આપવાનો લેાવાથી સને ૧૯૬૪-૬૫ના અંદાજપત્રમાં રૂ. ૨,૦૦૦ની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂપિયા બે હજારની જોગવાઈ કરવી તથા તે માટે રૂા. ૨,૦૦૦ સુધીનેા ખર્ચ મંજૂર કરવેા.

૪૬. સમાજવિદ્યા ભવન તરફથી લેબર વેલ્ફેર વિભાગના વિદ્યાર્થીઓના, દિલ્હી, કલકત્તા, ધનબાદ વગેરેના અભ્યાસ-પ્રવાસ અંગે અધ્યક્ષશ્રીના તા. ૨-૬-૧૯૬૪ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— પ્રવાસનું કુલ ખર્ચ રૂ. ૧,૩૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવેા અને તે માટે રૂા. ૧,૩૦૦ સુધીનેા ખર્ચ મંજૂર કરવેા.

૪૭. યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. આર. સી. પટેલને તા. ૪-૮-૧૯૬૨ અને તા. ૨૫-૮-૧૯૬૨ની સભામાં ઠરાવ્યા પ્રમાણે બે વર્ષની અભ્યાસ-રજા આપવામાં આવી હતી અને તા. ૨૩-૬-૧૯૬૪ની સભામાં વધુ એક વર્ષની રજા જો તેઓ વિદેશથી પાછા ફર્યા બાદ યુનિવર્સિટી સ્વેચ્છાએ છૂટા ન કરે તે શરતે અને પાંચ વર્ષ સુધી સેવા આપે તે શરતે કરાર કરે તેા મંજૂર કરી છે. તેઓએ આ અંગે તેમના કેસની ફરી વિચારણા કરવા જણાવતા તેઓના તા. ૨૫-૮-૧૯૬૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં પુનર્વિચારણા કરી શકાય એમ નથી, એમ શ્રી. આર. સી. પટેલને જણાવવું.

૪૮. પ્રકાશન બોર્ડની તા. ૨૩-૯-૧૯૬૪ની સભાની ભલામણેા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૨૩-૯-૧૯૬૪ની સભાની ભલામણેા મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૨૩-૯-૧૯૬૪ની ભલામણેાની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૪૯. પ્રકાશન વહીવટી સમિતિએ તેની તા. ૧૬-૯-૧૯૬૪ની સભામાં કરેલ નીચની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. એન. એમ. ઉદવાડિયાએ તૈયાર કરેલ મૌલિક લખાણ 'અપુષ્પ વનસ્પતિ અને અશ્મીભૂત વનસ્પતિ'માં મૂકવાની આકૃતિઓ અને ચિત્રેા વગેરેનેા ખર્ચ મળી કુલ પ્રકાશન ખર્ચ રૂ. ૧૧,૪૫૦ મંજૂર કરવેા."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રકાશન વહીવટી સમિતિની તા. ૧૬-૯-૧૯૬૪ની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. યુનિવર્સિટી તરફથી પ્રકાશિત થનાર સંશોધનનાં કામ અંગે સંશોધનકાર સાથે કરવાના કરારના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

[નોંધ.—હાલમાં નીચેનાં સંશોધન-કામો આપણે પસંદ કરેલાં છે:

(1) Brahma Sūtra Tātparya Nirṇaya Vṛtti	..	Dr. T. N. Dave
(2) General Elections in Gujarat A Survey of a Decade 1952-1962	..	Prof. D. N. Pathak, ,, M. G. Parekh, ,, K. D. Desai]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૧. તા. ૨૫-૯-૧૯૬૪ના રોજ મુંબઈ ખાતે રીડર ઇન એજ્યુકેશનની જગ્યા માટે મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૫-૯-૧૯૬૪ની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૨. તા. ૨૫-૯-૧૯૬૪ના રોજ મુંબઈ ખાતે રીડર ઇન વોકેશનલ ગાઇડન્સની જગ્યા માટે મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૫-૯-૧૯૬૪ની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૩. સ્કૉલરશિપ્સ, રિસર્ચ સ્કૉલરશિપ્સ અને રિસર્ચ ફેલોશિપ્સ વગેરે બાબત પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૦-૬-૧૯૬૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૭-૯-૧૯૬૪ના રોજ મળેલ બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૭-૯-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૯-૧૯૬૪ની સભાની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૪. જુનિયર એમ.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા શ્રી. નાયક રમણલાલ રણછોડજીની ૧૯૬૫ના એપ્રિલમાં લેવાનાર બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષા માટે નામ નોંધવાની વિનંતી પર ઓ. ૬૭૪-એ(૨) અન્વયે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. નાયક રમણલાલ રણછોડજીને ૧૯૬૫ના એપ્રિલમાં લેવાનાર બી.એ.ની એક્સ્ટર્નલ પરીક્ષા માટે નામ નોંધાવવાની પરવાનગી આપવી.

૫૫. ફ્રેન્ચના શિક્ષકોની અગિયારમી અખિલ ભારતીય પરિષદ, બનારસ (વારાણસી) મુકામે તા. ૨૩થી તા. ૨૭ ઑક્ટોબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા

આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના માનદ સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૪-૮-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૫૬. ૧૯૬૪-૬૫ના વર્ષ માટે સામયિકોનું બજેટ રૂા. ૪૦,૦૦૦ છે તેને વધારીને રૂા. ૫૦,૦૦૦ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૪-૬૫ના વર્ષ માટે સામયિકો માટેના અંદાજપત્રમાં રૂા. ૧૦,૦૦૦ વધારાના ખર્ચની જોગવાઈ કરવી.

૫૭. માસ્ટર ઑફ લેબર વેલ્ફેરના પદવી-પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ પ્રમાણપત્રના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૮. ભારત સરકારની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત થનારાં પુસ્તકોની વેચાણ-કિંમત નક્કી કરવા અંગેના કેન્દ્રીય હિન્દી નિદેશાલયના તા. ૧૨-૮-૧૯૬૪ના પત્રાંક એફ. ૧૪-૨૨-૭૪ ટી.-૬ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. તા. ૨૧-૬-૧૯૬૪ના રોજ મળેલી બાંધકામ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૧-૯-૧૯૬૪ ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧-૯-૧૯૬૪ની સભાની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૦. તા. ૪-૯-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ:

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે, રમતગમતનું વિશેષ સુંદર તથા ટીમની સાથે કોચ-મેનેજર તરીકે મોકલી શકાય એવા સભ્યોની સંખ્યા વધે તે હેતુથી ગુજરાત રાજ્ય તરફથી જે રમત માટે કોચ નિયુક્ત થયા છે તે જો માગી શકે તો તેમની સહાયથી યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના દરેક રમત માટે આશરે ૨૫ જેટલા અધ્યાપકો અગર વ્યાયામ શિક્ષકો માટે પ્રશિક્ષણ તાલીમ શિબિર યોજવા અને તે માટે કૉલેજોમાંથી નામ મગાવીને તાલીમાર્થીઓ પસંદ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી.

(૨) વધુમાં આ તાલીમાર્થીઓને શિબિરના સ્થળે આવવા-જવાનું તથા એક વધારાનું બીજા વર્ગનું ભાડું આપવા તથા તેઓને જમવા-રહેવાના ખર્ચ પેટે રૂા. ૪નું દૈનિક ભથ્થું આપવા તથા આ અંગે થતા અન્ય ખર્ચને લક્ષમાં લઈને કુલ ત્રણેક રમતો માટે પરિશિષ્ટ "અ"માં આપેલ વિગતો પ્રમાણે થતા પ્રશિક્ષણ શિબિરો આ વર્ષે યોજવા રૂા ૧૨,૦૦૦ના ખર્ચ માટે તેટલી રકમ મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. નોકરી કરતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એન.સી.સી. તાલીમના ભાગ-૩ પૈ યોજાતા વાર્ષિક શિબિરોમાં હાજરી આપવાનું ફરજિયાત છે, જેમાંથી મુક્તિ આપવાનું જણાવતા એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧-૧૦-૧૯૬૪ના પત્રાંક ૧૧૮૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એન.સી.સી.ના તાલીમ શિબિરોમાંથી વિદ્યાર્થીઓને મુક્તિ આપવાનું સૂચન મંજૂર કરી શકાય એમ નથી.

૬૨. વિજ્ઞાનવિદ્યા ભવનમાં પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી. બી. કે. વૈદ્યનો, ૩ વર્ષની સેવાનો કૉન્ટ્રેક્ટ તા. ૧૨-૧૧-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તે અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૬-૯-૧૯૬૪ના પત્રાંક જીયુ. બોટેની-૬૧-૪૪૪૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રોફેસર બી. કે. વૈદ્યની સાથેનો સેવાનો કરાર તા. ૧૩-૧૧-૧૯૬૪થી વધુ બે વર્ષ માટે લંબાવવો અને તે અંગે ઘટતી કાર્યવાહી કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. "પ્રો. ટી. કે. એન. મેનન શિક્ષણશાસ્ત્ર સુવર્ણચંદ્રક" એ નામનો ચંદ્રક આપવા માટે રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગે સિન્ડિકેટની તા. ૯/૯-૮-૧૯૬૪ની નોંધની બાબત ક્રમાંક ૪૩માં "બી.એડ."ને બદલે "એમ.એડ." પરીક્ષા વાંચવા અંગેનો સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુધારો મંજૂર કરવો.

૬૪. સિન્ડિકેટની તા. ૮/૯-૮-૧૯૬૪ની સભાના ઠરાવ અન્વયે સ્વીકારાયેલા "પ્રોફેસર ટી. કે. એન. મેનન શિક્ષણશાસ્ત્ર સુવર્ણચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૬૫. ઑક્ટોબર ૧૯૬૪માં યોજાનાર પદવી-સમારંભમાં એનાયત કરવાના ચંદ્રકો ભિન્ન તરફથી ૯ કેરેટને બદલે ૧૪ કેરેટ સોનાના તૈયાર કરાવ્યા તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૬. ફેકલ્ટીઓમની નિમણૂક અંગેના નિયમો ઉપર ફેરવિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૫/૩૫૦૬૦/૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑક્ટોબર ૨૯, ૧૯૬૪.
કાર્તિક ૭, ૧૮૮૬ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૪૦

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક બેઠક તા. ૧૪-૮-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૩. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૫. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૬. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૭. આચાર્ય એચ. એસ. સંઘવી	હાજર.

૧. તા. ૨૩-૩-૧૯૬૪ના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૩-૩-૧૯૬૪ના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના નિયમો મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂકોને મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

(માન્ય થયેલ શિક્ષકોની યાદી પરિશિષ્ટ 'અ' તરીકે સામેલ છે.)

૩. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના નિયમો મુજબ તેમનાં નામ સામે જણાવેલ હોદ્દા પર યુનિવર્સિટીના નિયમો મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત નહિ ધરાવતા હોઈ તેમની નિમણૂકોને નામંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

(અમાન્ય કરેલ શિક્ષકોની યાદી પરિશિષ્ટ 'બ' તરીકે સામેલ છે.)

૪. એસ. બી. ગાર્ડા અને બી. પી. બારિયા સાયન્સ કૉલેજ, નવસારીમાં શ્રી. જી. એમ. ત્રિપાઠીને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એમ. ત્રિપાઠીને વ્યાખ્યાતાની જગ્યાએ ટચૂટર તરીકે સ્વીકારીને અંગ્રેજીનો વિષય શીખવવાની પરવાનગી આપવા ભલામણ કરવામાં આવે છે. વ્યાખ્યાતા તરીકે તેમને માન્ય કરી શકાય નહિ.

૫. સાગર યુનિવર્સિટીની એમ.ટેક.ની પદવી પ્રથમ વર્ગમાં ધરાવનાર વ્યક્તિને વાણિજ્યની વિદ્યાશાખામાં ભૂગોળનો વિષય શીખવવા માટે પાત્ર ગણાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાગર યુનિવર્સિટીની પદવી પ્રથમ વર્ગમાં ધરાવનાર વ્યક્તિની પદવીઓ, તેમાં મેળવેલ વર્ગ, વિષયો; કઈ સાલમાં મેળવી છે તે, તથા કયા અભ્યાસક્રમમાં ભૂગોળનો વિષય કર્યો છે તેની માહિતી મંગાવવી.

૬. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચમાં લેક્ચરર તરીકે નિમાયેલ શ્રી. પંડિત દિનાનાથ ઝા તા. ૧૫-૩-૧૯૬૪થી છૂટા થયા છે તેમ સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીએ તેઓના તા. ૬-૭-'૬૪ના પત્રાંક ૨૨૯-૬૪-૬૫થી કરેલ જાણની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—સંસ્થામાં પૂરતી સંખ્યામાં સંસ્કૃતના વિષય માટેનો શિક્ષકગણ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. ચાલુ વર્ષે ૧૪૦ વિદ્યાર્થીને બદલે ૧૧૦ વિદ્યાર્થીઓને દાખલ કર્યા હોઈ વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. સી. એમ. મહેતાની ખાલી પડેલી જગ્યા પર નવા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર જણાતી નથી એમ અધ્યાપકવર્ગમાં થતા ફેરફારના નિયત પત્રકમાં એ. જી. ટીચર્સ કૉલેજના આચાર્યે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એ. જી. ટીચર્સ કૉલેજ અમદાવાદમાં પૂરતો સ્ટાફ છે એટલે હવે કાંઈ કરવાપણું રહેતું નથી.

૮. નેશનલ કૉલેજ, કુબેરનગરમાં રાજ્યબંધારણ અને નાગરિકશાસ્ત્રના ટચૂટર તરીકે નિમાયેલ શ્રી. બી. એ. શુકલની નિમણૂક માન્ય કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. શુકલે તેઓની એમ.એ.ની પરીક્ષા સમાજશાસ્ત્ર સાથે પસાર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ કૉલેજ, કુબેરનગરમાં રાજ્યબંધારણ અને નાગરિકશાસ્ત્રમાં ટચૂટર તરીકે નિમાયેલ શ્રી. બી. એ. શુકલની નિમણૂક માન્ય કરવી.

એસ. પી. મેઢ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ 'અ'

ઉપકુલપતિશ્રીએ માન્ય કરેલ નિમણૂકો

ક્રમાંક	નામ	હોદ્દો	પત્રાંક	તારીખ
એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૯				
૧.	શ્રી. જી. એ. પાઠક	વાણિજ્યના વ્યાખ્યાતા	સિં. અખ્યા. ૨૯-૧૪૬૯૦	તા. ૨૭-૭-૧૯૬૪
૨.	શ્રી. જી. પી. શાસ્ત્રી	અંગ્રેજીના ટચૂટર	સિં. અખ્યા. ૨૯-૧૧૭૧૭	તા. ૪-૭-૧૯૬૪
૩.	શ્રી. એમ. એસ. પટેલ	વાણિજ્યના ટચૂટર	,, ,,	,,
૪.	શ્રી. કે. આર. પટેલ	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા	,, ,,	,,
૫.	શ્રી. એ. આર. શુક્લ	અર્થશાસ્ત્રના ટચૂટર	,, -૧૫૭૪૯	તા. ૨૩-૭-૧૯૬૪
કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદ				૨
૬.	ડૉ. આર. ડી. શેઠ	આ. પ્રો. ઑફ સર્જરી	સિં. અખ્યા. ૨૯-૧૨૭૧૭	તા. ૧૦-૭-૧૯૬૪
બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ				
૭.	ડૉ. એમ. બી. પટેલ	ન્યૂરૉલૉજીના વ્યાખ્યાતા	સિં. અખ્યા. ૨૯-૧૧૭૧૭	તા. ૪-૭-૧૯૬૪
૮.	ડૉ. એ. વી. શાહ	સાયકિયાટ્રીના ટચૂટર તરીકે માન્ય કરવામાં આવે છે પણ સાયકિયાટ્રિસ્ટ તરીકે નહિ	,, -૧૧૭૧૭	તા. ૪-૭-૧૯૬૪
૯.	ડૉ. સી. આર. ગાંધી	ફૉરેન્સિક મેડિસિન એન્ડ ટૉક્સિકૉલૉજીના વ્યાખ્યાતા	,, -૮૦૮૨	તા. ૨૫-૫-૧૯૬૪
૧૦.	ડૉ. આર. એલ. વાડી	જનરલ સર્જરીના વ્યાખ્યાતા	,, -૪૯૮૭	તા. ૧૮-૫-૧૯૬૪
૧૧.	ડૉ. આર. વી. હુજરી	સર્જરીના વ્યાખ્યાતા	,, -૩૯૧	તા. ૧૧-૪-૧૯૬૪
૧૨.	ડૉ. જી. એચ. પારઘી	સર્જરીના વ્યાખ્યાતા	,, -૩૯૧	તા ૧૧-૪-૧૯૬૪
૧૩.	ડૉ. કે. કે. ખન્ના	એનેટૉમીના વ્યાખ્યાતા	,, -૧૯૫૬૧	તા. ૩૦-૩-૧૯૬૪
૧૪.	ડૉ. બી. પી. તામાચકર	ઑબ્સ્ટેટ્રિકલૉજીના વ્યાખ્યાતા		

સેવા, જી. જિલ્લા કૉર્ટ્સ, અમદાવાદ

૧૫.	શ્રી. કે. કાપડી, બચાવ	બચાવપક્ષ	”	મા. ૨૧–૭–૧૯૬૪
૧૬.	શ્રી. કે. કાપડી, બાદશાહ	ગોપાલ	”	”
૧૭.	શ્રી. ચંદ્રા. કોર્ટ, કોઠર	બચાવપક્ષ	”	”

ગોપાલ કૉર્ટ્સ, અમદાવાદ

૨૪.	શ્રી. કાંતા. જે. દિવેદી	જપ્તીદાર મિલકત ગોરૈ કાકાઉ-હસીના બચાવપક્ષ	”	મા. ૬–૪–૧૬૬૪
૨૫.	શ્રી. કાંતા. ડી. ત્રાપડી, બચાવ	બચાવપક્ષ	”	”
૨૬.	શ્રી. કાંતા. કાંતા. પટેલ	ન્યાયાર્થ તપાસ અમદાવાદના ગોપાળક	”	મા. ૨૧–૭–૧૬૬૪

ગોવા, શાંતિ અમદૂરિયા કાર્યાલય તથા કૉર્ટ્સ, અમદાવાદ

૨૫.	શ્રી. અમદૂ. પી. પટેલ	અપીલકારીના વકીલ	દિવા. અપીલ. ૨૬–૧૧૬૩	મા. ૨૧–૭–૧૬૬૪
૨૬.	શ્રી. કાંતા. કાંતા. બક્ષી	સેશન્સની બચાવપક્ષ	”	”

ગોવા, પી. બી. ગોડબોલે કાર્યાલય તથા કૉર્ટ્સ, પણજી

૨૭.	શ્રી. બી. બી. પટેલ	અપીલકારીના બચાવપક્ષ	”	મા. ૨૧–૭–૧૬૬૪
૨૮.	શ્રી. જી. શ્રી. પટેલ	ન્યાયાર્થ તપાસ અધિકારી	”	”
૨૯.	શ્રી. કાંતા. પી. પટેલ	ન્યાયાલય	”	મા. ૩૦–૪–૧૬૬૪
૩૦.	કુ. રાધાબહેન વકીલ તેમના અસીલ વિરુદ્ધના		”	”

ક્રમાંક	નામ	હોદ્દો	પત્રાંક		તારીખ
૨૯.	શ્રી. એ. જે. પટેલ	ગુજરાતીના વ્યાખ્યાતા	સિં. અખ્યા.	-૧૧૯૩૨	૨૧-૭-૧૯૬૪
૩૦.	શ્રી. એમ. ટી. દેસાઈ	રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૧.	શ્રી. આર. સી. શાહ	સંસ્કૃતના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૨.	શ્રી. એમ. જી. કાઝી	પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના વર્ગો માટે બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર તરીકે માન્ય	,,	,,	,,
૩૩.	શ્રી. પી. એચ. નાયક	રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક	,,	,,	,,
૩૪.	શ્રી. ડી. પી. પટેલ	સંસ્કૃતના પ્રાધ્યાપક	,,	,,	,,
વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા					
૩૫.	શ્રી. જી. જે. દેસાઈ	ઇતિહાસના વ્યાખ્યાતા	,,	-૩૫૩૫	તા. ૩૦-૪-૧૯૬૪
સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત					
૩૬.	શ્રી. જી. બી. શાહ	આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક	,,	-૧૨૭૧૫	તા. ૧૦-૭-૧૯૬૪
૩૭.	શ્રી. ડી. જી. પટેલ	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	-૧૫૭૪૯	તા. ૨૩-૭-૧૯૬૪
૩૮.	શ્રી. જી. જે. કાપડિયા	કૉમર્સના વ્યાખ્યાતા	,,	,,	,,
૩૯.	શ્રી. કે. આર. દેસાઈ	એકાઉન્ટિંગના ટ્યૂટર	,,	-૧૧૯૩૪	તા. ૨૧-૭-૧૯૬૪
૪૦.	શ્રી. કે. વી. નાયક	અર્થશાસ્ત્રના ટ્યૂટર	,,	,,	,,
એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત					
૪૧.	શ્રી. કે. ડી. ઓઝા	મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક	,,	-૪૭૩૯	તા. ૨૫-૪-૧૯૬૪
૪૨.	શ્રી. વી. જે. જાની	મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક તથા આચાર્ય	,,	-૨૧૬૪	તા. ૭-૪-૧૯૬૪
૪૩.	શ્રી. પી. આર. મહેતા	સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	,,	-૪૪૯	તા. ૬-૪-૧૯૬૪
ભવન્સ કૉલેજ, ડાકોર					
૪૪.	શ્રી. આર. આર. જોશી	ગણિતના વ્યાખ્યાતા	,,	-૧૧૯૩૧	તા. ૨૧-૭-૧૯૬૪
૪૫.	શ્રી. બી. જે. ચોકસી	ગુજરાતીના પ્રાધ્યાપક	,,	,,	,,

(ચાલુપગાર) તફાવત ૨૬-૧-૬૪

૪૬.	શ્રી. એચ. આર. વ્યાસ	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્ય	,,	-૪૪૫૨	તા. ૧૨-૫-૧૯૬૪
૪૭.	શ્રી. આર. બી. પટેલ	રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા	,,	-૧૨૭૧૬	તા. ૧૦-૭-૧૯૬૪
૪૮.	શ્રી. એચ. બી. વૈષ્ણવ	પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર	,,	-૨૬૯૯	તા. ૨૫-૪-૧૯૬૪
૪૯.	શ્રી. જે. પી. ગુર્હ	અંગ્રેજીના પ્રાધ્યાપક	,,	-૩૨૧૩	તા. ૧૬-૪-૧૯૬૪

આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ

૫૦.	શ્રી. પી. જગન્નાથરાવ	અંગ્રેજીના પ્રાધ્યાપક	,,	-૧૨૭૧૮	તા. ૧૦-૭-૧૯૬૪
૫૧.	શ્રી. આર. એલ. દૂધવાળા	અર્થશાસ્ત્રના ટ્યૂટર	,,	,,	,,

ઉપલેટા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા

૫૨.	શ્રી. વી. આર. કાપડિયા	આચાર્ય અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	,,	-૧૧૭૧૭	તા. ૪-૭-૧૯૬૪
૫૩.	શ્રી. આઈ. એન. શુકલ	સમાજશાસ્ત્રના ટ્યૂટર	,,	-૧૧૯૩૫	તા. ૨૧-૭-૧૯૬૪
૫૪.	મહેતા પ્રવીણા શાંતિલાલ	વ્યાયામ શિક્ષક	,,	૨૯-૧૧૯૩૫	તા. ૨૧-૭-૧૯૬૪
૫૫.	શ્રી. એસ. જી. શાહ	ગુજરાતીના પ્રાધ્યાપક	,,	,,	,,
૫૬.	કુ. અલક કિશોરી પી. આચાર્ય	સંસ્કૃતનાં ટ્યૂટર	,,	-૧૧૯૩૫	તા. ૨૧-૭-૧૯૬૪
૫૭.	શ્રી. આર. પી. મહેતા	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	,,	,,

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ

૫૮.	શ્રી. આર. ડી. પાઠક	હિંદીના વ્યાખ્યાતા	,,	-૧૦૮૨૬	તા. ૧૪-૭-૧૯૬૪
૫૯.	ડૉ. ચંદુભાઈ સી. શાહ	આચાર્ય તથા પ્રાધ્યાપક	,,	-૧૧૩૩૧	તા. ૨૭-૬-૧૯૬૪

પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ

૬૦.	શ્રી. એન. એસ. દેસાઈ	અંગ્રેજીના વ્યાખ્યાતા	,,	-૧૪૬૮૯	તા. ૨૭-૭-૧૯૬૪
૬૧.	શ્રી. કે. એ. પટેલ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	-૧૪૦૨૫	તા. ૧૬-૭-૧૯૬૪
૬૨.	શ્રી. એન. સી. શાહ	ગુજરાતીના પ્રાધ્યાપક	,,	,,	,,
૬૩.	શ્રી. જે. પી. પટેલ	ઇતિહાસના વ્યાખ્યાતા	,,	,,	,,

ક્રમાંક	નામ	હોદ્દો	પગાંક	તારીખ
૬૪.	શ્રી. ડી. સી. પટેલ	રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	સિ. અધ્યા. -૧૧૭૧૭	તા. ૪-૭-૧૯૬૪
૬૫.	શ્રી. ઝે. આર. મજમુદાર	રસાયણવિજ્ઞાનના ટ્યૂટર	" "	"
૬૬.	શ્રી. ફે. જે. દવે	અંગ્રેજીના ટ્યૂટર	" "	"
૬૭.	શ્રી. જી. જે. પટેલ	રસાયણવિજ્ઞાનના ભાખ્યાતા	" "	"
૬૮.	શ્રી. ઝેસ. રી. પટેલ	ગુજરાતીના ભાખ્યાતા	" "	"
૬૯.	ફ. મીનાબેન બાબુલાલ શાહ	બાયોલોજીનાં ભાખ્યાતા	" "	"
૭૦.	શ્રી. આર. ઝેમ. પંચાલ	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	" "	"
૭૧.	શ્રી. પી. બી. શાહ	પ્રથમ વર્ષ બી.ઝેસ.સી. સુધીના વર્ગો માટે બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર તરીકે માન્ય	" "	"
૭૨.	શ્રી. ફે. ઝેન. પટેલ	ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર	" "	"
૭૩.	શ્રી. ઝેલ. આર. લીંબુવાલા	" " "	" "	"
૭૪.	શ્રી. ફે. ઝેમ. પટેલ	ભૌતિકવિજ્ઞાનના પ્રથમ વર્ષ બી.ઝેસ.સી. સુધીના વર્ગો માટે ડેમોન્સ્ટ્રેટર તરીકે માન્ય	" "	"
૭૫.	શ્રી. બી. જે. મીરમંદાણી	ફિમેસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટર	" "	"
૭૬.	શ્રી. ઝેમ. સી. ત્રિવેદી	આચાર્ય	" -૯૨૪૬	તા. ૨૦-૬-૧૯૬૪
	આર્ટ્સ કૉલેજ, સંખેડા			
૭૭.	શ્રી. ફે. બી. મુડાસમા	અર્થશાસ્ત્રના ભાખ્યાતા	" -૧૧૩૩૦	તા. ૨૭-૬-૧૯૬૪
	સર પી. ડી. સાયન્સ ઝેન્ડ આર્ટ્સ કૉલેજ, મોડાસા			
૭૮.	શ્રી. ડી. ઝેસ. પાઠક	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક	" -૨૧૪	તા. ૩-૪-૧૯૬૪
	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર			
૭૯.	શ્રી. જે. વી. પટેલ	ધર્તિહાસના ભાખ્યાતા	" -૮૮૭૭	તા. ૩-૬-૧૯૬૪
૮૦.	શ્રી. ફે. વી. ઝોઝા	અર્થશાસ્ત્રના ભાખ્યાતા	" "	"
૮૧.	શ્રી. બી. ઝેમ. દોશી	અંગ્રેજીના ટ્યૂટર	" -૭૦૨	તા. ૨-૪-૧૯૬૪
૮૨.	શ્રી. ફે. ઝેમ. ઘઢાઘાઇ	ધર્તિહાસના ટ્યૂટર	" -૪૪૮	તા. ૬-૪-૧૯૬૪

એમ. પી. મેડિકલ કૉલેજ, જામનગર

૮૩.	ડૉ. ડી. એન. છત્રપતિ	એમ્બ્રિયોલોજીના વ્યાખ્યાતા	,,	-૧૯૫૬૨ તા. ૩૦-૩-૧૯૬૪
૮૪.	ડૉ. એન. કે. દત્ત	ફિઝિયોલોજીના ડેમોન્સ્ટ્રેટર	,,	-૩૨૧૨ તા. ૧૬-૪-૧૯૬૪
૮૫.	ડૉ. શ્રીમતી બ્રહ્મદત્ત શર્મા	ઓબ્સ્ટ્રેટિકસ અને ગાયનેકોલોજીનાં ડેમોન્સ્ટ્રેટર	,,	-૨૯-૩૮૪૮ તા. ૩૦-૪-૧૯૬૪
૮૬.	ડૉ. કે. એસ. સચદેવ	ફાર્માકોલોજીના પ્રાધ્યાપક	,,	-૧૦૩૬ તા. ૭-૪-૧૯૬૪
૮૭.	ડૉ. બી. સી. શાહ	એનેટોમીના ડેમોન્સ્ટ્રેટર	,,	,, ,,
૮૮.	ડૉ. એસ. જી. વિદ્વાન	પેથોલોજી અને બેકટેરિયોલોજીના ડેમોન્સ્ટ્રેટર	,,	,, ,,
૮૯.	ડૉ. એલ. એન. પાઠક	એનેટોમીના ડેમોન્સ્ટ્રેટર	,,	,, ,,
૯૦.	ડૉ. બ્રહ્મદત્ત	ફિઝિયોલોજીના પ્રાધ્યાપક	,,	,, ,,
૯૧.	ડૉ. આર. કે. પટેલ	ઇ. એન. ટી.ના ડે. સર્જન અને વ્યાખ્યાતા	,,	,, ,,
૯૨.	ડૉ. શ્રીમતી યુ. આર. મહેતા	વ્યાખ્યાતા	,,	-૮૦૮૪ તા. ૨૫-૫-૧૯૬૪
૯૩.	શ્રી. આર. પી. દવે	વ્યાયામ શિક્ષક	,,	-૬૬૬૧૬ તા. ૩-૧૦-૧૯૬૩
૯૪.	ડૉ. આર. ટી. મહેતા	પેડિયાટ્રિકસના વ્યાખ્યાતા	,,	-૮૧૯૦ તા. ૨-૬-૧૯૬૪
૯૫.	ડૉ. બી. પી. ઉદયવાડિયા	ફાર્માકોલોજીના ડેમોન્સ્ટ્રેટર	,,	,, ,,

એમ. પી. એસ. એમ. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, જામનગર

૯૬.	શ્રી. આર. વી. ધોળકિયા	બૅંકિંગના પ્રાધ્યાપક	સિં. અધ્યા. ૨૯-૪૯૮૮	તા. ૧૮-૫-૧૯૬૪

પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ

૯૭.	શ્રી. કે. એમ. પટેલ	વાણિજ્યના ટ્યૂટર	સિં. અધ્યા. ૨૯-૧૧૦૨૪	તા. ૨૧-૭-૧૯૬૪
૯૮.	શ્રી. એચ. એસ. માલવિયા	વાણિજ્યના વ્યાખ્યાતા	,, ,,	,,
૯૯.	શ્રી. કે. જે. ખાલપાડા	હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા	-૪૭૪૦	તા. ૨૫-૪-૧૯૬૪

માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ

૧૦૦.	કુ. કાશ્મીરા એ. વઝીરાણી	ગુજરાતીનાં ટ્યૂટર	,,	-૧૪૦૨૬ તા. ૧૬-૭-૧૯૬૪
૧૦૧.	કુ. એમ. આર. બંગડીવાલા	,,	,,	,, ,,

ક્રમાંક	નામ	હોદ્દો	પત્રાંક		તારીખ
૧૦૨.	કુ. મૃદુલા જે. દોશી	સંસ્કૃતનાં વ્યાખ્યાતા	સિં. અધ્યા.	–૧૪૦૨૬	તા. ૧૬–૭–૧૯૬૪
૧૦૩.	શ્રી. એલ. એમ. ગણાત્રા	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	,,	,,
૧૦૪.	શ્રી. ડી. વી. શાસ્ત્રી	સંસ્કૃતના વ્યાખ્યાતા	,,	,,	,,
"(૧) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખા સ્નાતક તેમ જ અનુસ્નાતક પરીક્ષા — બેઉ વર્ગમાં ભણનાર વ્યક્તિને ટ્યૂટર તરીકે પાંચ વર્ષનો અનુભવ હોય તો તેને લેક્ચરર તરીકે માન્ય કરવા માટે નિયમમાં ફેરફાર કરવો.

(૨) સમાજશાસ્ત્રના વિષય સાથે એમ.એ. થયેલ વ્યક્તિ જો અન્યથા શિક્ષક તરીકે નિમણૂકને પાત્ર હોય તો તેને જગતનો ઇતિહાસ, નાગરિકશાસ્ત્ર અને ભારતના બંધારણના વિષયો પૂર્વસ્નાતક કક્ષાએ શીખવવા માટે પરવાનગી આપવી.

(૩) તત્ત્વજ્ઞાન સાથે એમ.એ.ની પરીક્ષા પાસ કરીને જે વ્યક્તિઓ હવે પછી શિક્ષક તરીકે નિમાય તેમને મનોવિજ્ઞાનનો વિષય શીખવવાને પાત્ર ગણવા નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો નં. ૧ અને ૨ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તત્ત્વજ્ઞાન સાથે ૧૯૬૨ પછી એમ.એ.ની પરીક્ષા પાસ કરીને જે વ્યક્તિઓ શિક્ષકો તરીકે નિમાય તેમને મનોવિજ્ઞાનનું શિક્ષણ આપવાની પરવાનગી આપવી નહિ.

૧૬. લલિતકળાના અભ્યાસક્રમમાં નાટ્યશાસ્ત્રના વિષયમાં ડેમોન્સ્ટ્રેટરની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"A Degree or Diploma of a Statutory University

or

Five years' active experience in the field and recognised merit in the field."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૮-૧૯૬૪ની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાએ મંજૂર રાખી છે તે અંગે વિચારણા કરવા બાબત.

"It is recommended that in the colleges which are teaching Chemistry as Principal subject at B.Sc. level, at least two teachers, of different branches out of Organic, Inorganic and Physical Chemistry should be appointed."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૮. લેક્ચરર-ઇન-ઓન્ટિનેટલ વિષયના પૂર્વસ્નાતક શિક્ષણ માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ નીચે મુજબ રાખવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"M.D. with Gynaecology with two years Registrarship or Tutorship in the Branch (i.e., Obstetrics and Gynaecology)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૯. ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં મેથેમેટિક્સ વિષયના શિક્ષણ માટેના પીરિયડો અંગે ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાએ મંજૂર રાખી છે તે ઉપર વિચારણા કરવા બાબત :

"The Mathematics Board wants to bring to the notice of all authorities concerned that the courses prescribed are such as would require a minimum of 4 periods, per week, per paper at all levels from Pre-University Science to Final Year B.Sc. Over and above this lecturing work one Tutorial period per batch, per paper, per week is also prescribed. This should be circulated to all colleges, if not already done so."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૦. સેકન્ડ ઇયર બી.કૉમ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. માટે ટ્યૂટોરિયલ્સ નક્કી કરવા અંગે નિમાયેલ સમિતિની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાએ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત:

સમિતિની ભલામણો

એસ.વાય.બી.કૉમ.

"આ વર્ગમાં નીચે જણાવેલા ચાર વિષયો પૈકી દરેક વિષય માટે અઠવાડિયે એક ટ્યૂટોરિયલ પીરિયડ રાખવો :

(૧) ઇંગ્લિશ, (૨) ઇકોનોમિક્સ, પેપર-૨, (૩) એકાઉન્ટન્સી, પેપર-૨— ફરજિયાત, (૪) ઓપ્શનલ વિષય, પેપર-૨.

ટી.વાય.બી.કૉમ.

આ વર્ગમાં નીચે જણાવેલા વિષયો પૈકી દર અઠવાડિયે એક પીરિયડ ટ્યૂટોરિયલનો રાખવો :

(૧) ઇંગ્લિશ, (૨) ઇન્ડિયન ઇકોનોમિક પ્રોબ્લેમ્સ, (૩) ઓપ્શનલ પેપર-૩, (૪) ઓપ્શનલ પેપર-૪."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

૨૧. ડૉ. એ. કે. ડાંગરવાલાને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા એનેટોમીના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરવા દેવા અંગે એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એમ.બી.,બી.એસ., ગુ. યુ., ૧૯૫૫ અને એફ.આર.સી.એસ., ઇંગ્લેંડ, ૧૯૬૦ તથા આ. એ. સર્જન તરીકેનો ૬ માસનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એ. કે. ડાંગરવાલાને એનેટોમીના પ્રાધ્યાયક તરીકે કાર્ય કરવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવી.

૨૨. સેનેટના નીચેના સભ્યોને કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યે ઇચ્છેલ અભ્યાસસમિતિઓ	અનુ. પદવીકક્ષાના વિષયો
(૧)	આચાર્ય એન. એમ. પરીખ	વિનયન	(૧) માનસશાસ્ત્ર, (૨) ગ્રંથાલયશાસ્ત્ર	સંપૂર્ણ માનસશાસ્ત્ર
(૨)	આચાર્ય એસ. વી. ત્રિવેદી	,,	(૧) માનસશાસ્ત્ર, (૨) સહકાર	માનસશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન
(૩)	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	,,	પ્રાચીન ભારતીય-સંસ્કૃતિ	સંસ્કૃત-ગુજરાતી, (સંસ્કૃત-સાહિત્ય)
(૪)	આચાર્ય વી. એન. દ્વિવેદી	આયુર્વેદિક મેડિસિન	આયુર્વેદિક મેડિસિન	—

(નોંધ.—ક્રમાંક ૩ને આ પહેલાં સંસ્કૃતની અભ્યાસસમિતિ એનાયત કરેલ છે. બીજી અભ્યાસસમિતિ તરીકે 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિ' માગે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવું :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	અભ્યાસસમિતિ
(૧)	આચાર્ય એન. એમ પરીખ	વિનયન	મનોવિજ્ઞાન
(૨)	આચાર્ય એસ. વી ત્રિવેદી	વિનયન	મનોવિજ્ઞાન
(૩)	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	વિનયન	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ
(૪)	આચાર્ય વિ. એન. દ્વિવેદી	આયુર્વેદિક મેડિસિન	આયુર્વેદિક મેડિસિન.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એન. એમ. પરીખ તથા આચાર્ય એસ. વી. ત્રિવેદીને અનુક્રમે ગ્રંથાલયશાસ્ત્ર અને સહકારને બદલે બીજા વિષયો પસંદ કરવા માટે જણાવવું.

૨૩. ઇન્ડિયન ઇકોનોમિક એસોસિયેશનની ૪૭મી વાર્ષિક પરિષદ વડોદરા મુકામે તા. ૨૯થી ૩૧મી ડિસેંબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના મંત્રી તરફથી આવેલ તા. ૨૮-૯-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રો.ફે. બી. આર શેનોય અને આચાર્ય બી. જી. દેસાઈ ની નિમણૂક કરવી.

૨૪. 'ધી એસોસિયેશન ઓફ ફિઝિયોલોજિસ્ટ્સ એન્ડ ફાર્માકોલોજિસ્ટ્સ ઓફ ઇન્ડિયા'નું ૧૦મું વાર્ષિક અધિવેશન મુંબઈ મુકામે તા. ૨૩થી ૨૬મી ડિસેંબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થા તરફથી આવેલ તા. ૧૭-૧૦-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. બી. એન. મજુમદાર, પ્રોફેસર ઓફ ફિઝિયોલોજી, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ અને પ્રોફેસર ઓફ ફાર્માકોલોજી, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરની નિમણૂક કરવી.

૨૫. ધી ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીની ૩૭મી પરિષદ કર્ણાટક યુનિવર્સિટીના આશ્રયે ધારવાર મુકામે તા. ૨૭થી ૨૯મી ડિસેંબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ સોસાયટીના મંત્રીશ્રીના તા. ૧૭-૧૦-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય જે. બી. સાવ્હડલની નિમણૂક કરવી.

૨૬. ન્યુમિસ્મેટિક સોસાયટી ઓફ ઇન્ડિયાની ૫૩મી વાર્ષિક પરિષદ તા. ૨થી ૪ જાન્યુઆરી ૧૯૬૫ દરમિયાન ગૌહત્તી મુકામે મળનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૪-૯-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણો અનુસાર ઓ. ૭૫(૧) અને ઓ. ૭૮ નીચે પ્રમાણે ચંચાય તે રીતે સુધારવા અને તેને ૧૯૬૫થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

O. 75(1) :

The following is the arrangement of terms :

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
In the Faculties of Arts, Science, Commerce, Law and Agriculture	15th June	20th October	5th November (Inclusive of holidays from 25th December to 1st January)	15th March
In the Faculty of Technology (including Engineering)	15th June	20th October	5th November (Inclusive of holidays from 25th December to 1st January)	31st March
In the Faculties of Medicine (including Pharmacy) and Ayurvedic Medicine	15th June	20th October	5th November (Inclusive of holidays from 25th December to 1st January)	15th April

O. 78:

The following shall be the minimum requirements for attendance necessary for keeping the terms :

Faculty	*First Term*	*Second Term*
Arts including Education, Science, Commerce and Law	75 days	75 days
Technology including Engineering	75 days	80 days

Medicine (including Pharmacy) and Ayurveda	75% of the total number of working days provided the student concerned has attended 75% of the total No. of (1) Lectures, and (2) Practicals, Clinicals held during the term	75% of the total number of working days provided the student concerned has attended 75% of the total No. of (1) Lectures, and (2) Practicals, Clinicals held during the term
Agriculture	85 days	85 days.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૭૫(૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને ૧૫મી જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૭૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને ૧૫મી જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો :

O. 78:

"The following shall be the minimum requirements for attendance necessary for keeping the terms :

Faculty	*First term*	*Second term*
Arts including Education, Science, Commerce and Law	75 days	75 days
Technology including Engineering	75 days	80 days
Medicine including Pharmacy and Ayurveda	75% of the total number of working days, provided the student concerned has attended 75% each of the total number of (1) Lectures, and (2) Practicals, Clinicals held during the term.	75% of the total number of working days, provided the student concerned has attended 75% each of the total number of (1) Lectures, and (2) Practicals, Clinicals held during the term.
Agriculture	85 days	85 days.

૨૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં આંતરિક ગુણાંકન માટેના ટેસ્ટ દરેક વિષયમાં દરેક સત્રમાં બે વાર લેવાનું રાખવું અને તે દરેક ટેસ્ટનો સમય ઓછામાં ઓછો દોઢ કલાકનો રાખવો, પરંતુ જે વિષયોમાં પ્રાયોગિક કામ આવતું હોય તે વિષયોમાં પ્રાયોગિક કામનો ટેસ્ટ સત્રમાં બે વારને બદલે એક વાર રાખી શકાશે; પણ સત્રના બે ટેસ્ટને બદલે પ્રાયોગિક કામ માટે એવો એક જ ટેસ્ટ લેવાય તો તે માટેનો સમય યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષા માટે જેટલો સમય નિયત કર્યો હોય તેટલો સમય રાખવો આવશ્યક રહેશે.

દરેક લેખિત અને પ્રાયોગિક ટેસ્ટની ગોઠવણ જે તે કૉલેજના આચાર્ય, ઉપરના નિયમને આધીન રહીને આવશ્યક તારીખે લઈ શકે તે પ્રમાણે ધારાધોરણ સુધારવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરી, અને તેનો અમલ જૂન ૧૯૬૫થી કરવાનું રાખવું.

૨૯. સિન્ડિકેટની તા. ૧૧-૭-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર આંતરિક ગુણાંકન ૧૯૬૩ અંગેની તપાસસમિતિએ કૉલેજના આચાર્યો અને શિક્ષકોના યોજેલ સેમિનારો અંગેના હેવાલ, સિન્ડિકેટે તેની તા. ૫-૯-૧૯૬૪ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ, તે પર એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાએ વિચારણા કરી મજકૂર સમિતિની ભલામણોને સુધારીને કરેલ ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી.

(આંતરિક ગુણાંકન અંગેની તપાસસમિતિનાં અભિપ્રાયો અને સૂચનો તથા તે પર એકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમ પ્રમાણે જે પદવી-પરીક્ષા લેવામાં આવે તેમાં વર્ગ આપવા માટે નીચે મુજબ ધોરણ અપનાવવું :

(૧) પહેલા અને બીજા વર્ષની દરેક પરીક્ષામાં વિદ્યાર્થીએ મરજિયાત, એટલે કે મુખ્ય અને ગૌણ વિષયમાં જેટલા ટકા ગુણ મેળવ્યા હોય તેટલા ગુણ છેલ્લા વર્ષની પરીક્ષામાં મરજિયાત વિષયમાં તેણે મેળવેલા ગુણમાં ઉમેરીને વર્ગ એનાયત કરવાનું રાખવું.

(દા.ત., આમ કરવાથી છેલ્લા વર્ષની બી.એ.ની પરીક્ષામાં મરજિયાત વિષયમાં ૬૦૦ ગુણમાંથી મેળવેલા ગુણ ઉપરાંત પહેલા અને બીજા વર્ષના મરજિયાત વિષયના જેટલા ટકા ગુણ મળ્યા હોય તેટલા ગુણ ઉમેરીને કુલ ૬૦૦ + ૨૦૦ = ૮૦૦ ગુણમાંથી વિદ્યાર્થીએ ગુણ મેળવેલા કહેવાશે અને ૮૦૦ ગુણના હિસાબે વર્ગ એનાયત થાય.)

(૨) પહેલી અને બીજી પરીક્ષામાં વિદ્યાર્થી નાપાસ થયો હોય પરંતુ કેટલાક વિષયોમાં (મરજિયાત સહિત) મુક્તિ રાખેલી હોય અને જે તે પરીક્ષા એક કરતાં વધારે પ્રયત્ને પાસ કરેલી હોય તો ટકાવારી ગણવા માટે, જે તે વિષયમાં પાસ થવા માટે, ગુણ મેળવ્યા હોય તે ગુણ ગણતરીમાં લેવા."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી, તથા તે મુજબ રેગ્યુલેશન ઘડીને ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૨. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખામાં વર્ગ આપવાના નિયમની જેમ, વાણિજ્ય વિદ્યાશાખામાં ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં પહેલા વર્ગ માટે કુલ ગુણના ૬૦ ટકા ઉપરાંત વધારામાં યુનિવર્સિટીની પરીક્ષામાં આંતરિક ગુણાંકન બાદ કરતાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ આવશ્યક ગણવાનું રાખવું, તથા બીજા વર્ગ માટે કુલ ગુણના ઓછામાં ઓછા ૪૮ ટકા ઉપરાંત યુનિવર્સિટીની પરીક્ષામાં આંતરિક ગુણાંકન બાદ કરતાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ લાવવાનું આવશ્યક રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ રેગ્યુલેશન ઘડીને ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૩૨. ઑર્ડિ. ૨૦૧નો અમલ હાલ ચાલુ રાખવો, પણ જૂનો અભ્યાસક્રમ બંધ થયેથી તે રદ કરવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૨૦૧, જૂન ૧૯૬૫થી રદ કરવો.

૩૩. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) ઑર્ડિ. ૩૦૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

O. 309 :

"A candidate who has passed the B.A.(General) Examination or the B.A. (Sp.) Examination or the B.A. Examination with Honours under Old Rules of the Bombay University will be admitted to the B.Com. Examination of this University, subject to the following conditions :

(*i*) That he produces a certificate of having attended for a period of 2 terms, the B.Com. course at a Commerce College affiliated to this University;

(*ii*) that he appears for the F.Y.Com. Examination in Compulsory Accountancy–I and is declared successful therein either before or in the same examination season in which he appears for the B.Com. Examination.

A candidate who appears for the B.Com. Examination under the provision of this ordinance will be entitled to claim exemption from the paper in English and from the following subjects at the B.Com. Examination provided that he has passed in the subjects at the B.A. Examination shown against them respectively. A candidate, however, offering Statistics as an optional subject at the B.Com. Examination will have to appear and pass in Mathematics also at the F.Y. B.Com. Examination :

B.Com.	*B.A.*
Principles of Economics	Principles of Economics
Modern Economic Development	Indian Economic Problems and/or Economic History
Statistics and Scientific Methods.	Statistics or Statistical Methods."

(૨) ઑર્ડિ. ૩૦૯ મુજબ બેસનાર વિદ્યાર્થીઓને માટે એફ.વાય.બી.કૉમ.ના એકાઉન્ટન્સી પેપર ૧ના વિષયના ગુણ પ્રો-રેટા ૧૦૦માંથી ગણવા.

(૩) ૧૯૬૫ પછી જૂના એટલે કે ચાર વર્ષના પદ્ધતીના અભ્યાસક્રમમાં બી.એ.ની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને બી.કૉમ.માં પ્રવેશ આપવાની પ્રથા બંધ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નં. ૧ પ્રમાણે ઑર્ડિ. ૩૦૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

O. 309 :

"A candidate who has passed the B.A. (General) Examination or the B.A. (Special) Examination or the B.A. Examination of this University will be admitted to the B.Com. Examination of this University, subject to the following conditions :

(*i*) That he produces a certificate of having attended for a period of 2 terms, the B.Com. course at a Commerce College affiliated to this University;

(*ii*) That he appears for the F.Y. Com. Examination in Compulsory Accountancy-I and is declared successful therein either before or in the same examination season in which he appears for the B.Com. Examination.

A candidate who appears for the B.Com. Examination under the provision of this Ordinance will be entitled to claim exemption from the paper in English and from the following subjects at the B.Com. Examination, provided that he has passed in the subjects at the B.A. Examination shown against them respectively. A candidate, however, offering Statistics as an optional subject at the B.Com. Examination will have to appear and pass in Mathematics also at the F.Y. B.Com. Examination.

B.Com.	*B.A.*
Principles of Economics	Principles of Economics
Modern Economic Development	Indian Economic Problems and/or Economic History
Statistics & Scientific Methods	Statistics or Statistical Methods."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. (૨) અને (૩) મંજૂર કરવી, તથા તે અનુસાર જરૂરી ધારાધોરણો ઘડવાં.

૩૪. જૂન ૧૯૬૫થી ઑર્ડિ. ૩૦૯ અને ૧૭૪ રદ કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૩૦૯ અને ૧૭૪, ૧૫મી જૂન ૧૯૬૫થી રદ કરવા.

૩૫. કો-ઑપરેશનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાએ મંજૂર રાખી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"વિનયન વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં કો-ઑપરેશનનો વિષય ઉમેરવા અંગે વિચારણા કરી અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં ઐચ્છિક વિષયની યાદીમાં કો-ઑપરેશનનો વિષય ગૌણ વિષય તરીકે લઈ શકાય તેવી જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર ધારાધોરણમાં જરૂરી સુધારો કરવાનું રાખવું.

૩૬. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૨૪-૩-૧૯૬૪ની સભાની નીચેની ભલામણો, જેને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાએ મંજૂર રાખવા ભલામણ કરી છે તે ઉપર વિચારણા કરવા બાબત:

લલિતકળાની અભ્યાસસમિતિની ભલામણો

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે, નાટચનો બે વર્ષનો પૂર્વસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ તૈયાર કરવાના પ્રિન્સિ. ય. પ્રા. શુક્લના સૂચન ઉપર વિચારણા કરી તે માટેનો અભ્યાસક્રમ સાથે આપેલા પરિશિષ્ટ "અ" મુજબ રાખવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૨) ઉપર ૧નો અભ્યાસક્રમ જૂન ૧૯૬૪થી શરૂ કરવા અંગે આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) હાલના ત્રણ વર્ષના નાટચના ડિપ્લોમા અભ્યાસક્રમના પહેલા વર્ષની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને બે વર્ષના નાટચના ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષમાં પ્રવેશ આપવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે. ત્રણ વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને બીજા વર્ષના અભ્યાસક્રમમાં દાખલ થવાનું રહેશે."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણો મંજૂર કરવી અને તે પ્રમાણે નાટચવિદ્યાના બે વર્ષના અભ્યાસક્રમનો પ્રારંભ જૂન ૧૯૬૪થી થયેલો ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી, તથા તે પ્રમાણે નાટચવિદ્યાનો બે વર્ષનો અભ્યાસક્રમ જૂન ૧૯૬૪થી અમલમાં આવેલો ગણવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૭. લલિતકળાની અભ્યાસસમિતિની નીચેની ભલામણ, જેને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાએ મંજૂર રાખી છે તે પર વિચારણા કરવા બાબત:

"નાટચવિદ્યાનો ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ, જેમ વડોદરાની મ. સ. યુનિવર્સિટીએ અપનાવેલો છે તેમ, ગુજરાત યુનિવર્સિટીમાં પણ ત્રિનયન વિદ્યાશાખાના અંગરૂપે અપનાવવાની આવશ્યકતા આ અભ્યાસસમિતિ સ્વીકારે છે. આવા અભ્યાસક્રમમાં સ્વાભાવિક રીતે જ ડિગ્રી કોર્સના બધા ફરજિયાત વિષયો શીખવાય અને નાટચવિદ્યા મુખ્ય વિષય તરીકે શીખવાય. ડિગ્રીના ત્રિવાર્ષિક અભ્યાસક્રમ માટે આ વિભાગમાં આ વિષય ઉમેરી શકાય, જેથી સદરહુ વિભાગોમાંથી નાટચવિદ્યા મુખ્ય વિષય લેનારને ઉચિત ગૌણ વિષય પસંદ કરવો પડે.

આ પ્રકારના નાટચવિદ્યાના ડિગ્રી કોર્સનો સિદ્ધાંત સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલને આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે. ભલામણ મંજૂર થયેથી અભ્યાસસમિતિ વિગતવાર કોર્સ તૈયાર કરી આપશે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૩૮. સેકન્ડ બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષાના ઑર્ડિ. એક્સ. આર્ટ્સ-૭ અને રેગ્યુલેશનો એક્સ. આર્ટ્સ-૬, એક્સ. આર્ટ્સ-૭, એક્સ. આર્ટ્સ-૮, એક્સ. આર્ટ્સ-૯ અને એક્સ. આર્ટ્સ-૧૦ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની

ભલામણ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. એક્સ. આર્ટ્સ-૭ અને રેગ્યુલેશનો એક્સ. આર્ટ્સ-૬, એક્સ. આર્ટ્સ-૭, એક્સ. આર્ટ્સ-૮, એક્સ. આર્ટ્સ-૯ અને એક્સ. આર્ટ્સ-૧૦ મંજૂર કરવા, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૯. રેગ્યુલેશન ૨૧-બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા રેગ્યુલેશન ૨૧-સી રદ કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪ ૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

R. 21-B:

"Candidates registering for the Pre-University Arts Examination, First, Second and Third B.A. Examinations of the Three Year Degree Course as external students will be exempted from regular attendance and the keeping of terms at an affiliated college.

The courses of studies and the books prescribed at these examinations will be identical with those for the regular students of the University provided that it will not be permissible for an external candidate to choose a subject in which practical work is considered necessary."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૨૧-બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૨૧-સી રદ કરવો.

૪૦. યુનિવર્સિટી તરફથી જે લેખિત પરીક્ષા લેવામાં આવે તે પરીક્ષા પ્રમાણે પ્રશ્નપત્ર દીઠ જુદા જુદા ગુણાંક ઠરાવવા તથા ઇન્ટર્નલ એસેસ્મેન્ટમાં વિષય દીઠ ગુણાંક કૉલેજ તરફથી મળે તે આપવા માટે ઑર્ડિનન્સમાં ઘટતો સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર ઑર્ડિ. ૧૩૦ના પાઠમાં જરૂરી સુધારો કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪૧. માર્ચ-એપ્રિલ, ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાક્ષિક-પરીક્ષકો, કાર્યાલયના સભ્યોના ધ્યાનમાં આવેલ ભૂલો અંગેના તેમ જ વિદ્યાર્થીઓએ બજાવેલ ગેરરીતિઓ અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૩૦-૯-૧૯૬૪ના રોજ બપોરે ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩૦-૯-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(નોંધ.— સદરહુ સમિતિની તા. ૩૦-૯-૧૯૬૪ની સભાની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૪૨. રેગ્યુ. આર્ટ્સ ૪-એ, રેગ્યુ. આર્ટ્સ-એકસ.-૪-એ, રેગ્યુ. એસસી. ૫-એ અને રેગ્યુ. કોમર્સ-૫-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૪-એ, રેગ્યુ. આર્ટ્સ-એકસ-૪-એ, રેગ્યુ. એસસી.-૫-એ અને રેગ્યુ. કોમર્સ-૫-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ રેગ્યુલેશનોના નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૪૩. સને ૧૯૬૫ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણો કરવા માટેની 'પરીક્ષા સમિતિ'માં સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૫ની સાલમાં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો અંગેની ભલામણો કરવા માટેની જુદી જુદી પરીક્ષા સમિતિઓ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચે પ્રમાણે નિમણૂકો કરવી :

૧. વિનયન વિદ્યાશાખા	...	(૧) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ (૨) આચાર્ય એમ. એસ પંડિત
૨. વિજ્ઞાન વિદ્યાશાખા	...	(૧) ડૉ. ય. ગુ. નાયક (૨) શ્રી. આર. જી. શાસ્ત્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખા	...	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ (૨) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
૪. કૃષિ વિદ્યાશાખા	...	(૧) ડૉ. જે. જે. ચિનોય (૨) શ્રી. આર. જી. શાસ્ત્રી
૫. તબીબી વિદ્યાશાખા	...	(૧) ડૉ. મોતીભાઈ ડી. પટેલ (૨) ડૉ. એન. સી. શાહ
૬. આયુર્વેદિક વિદ્યાશાખા	...	(૧) ડૉ. એમ. ડી. પટેલ (૨) ડૉ. જે. જે. દેસાઈ
૭. કાયદાની વિદ્યાશાખા	...	(૧) શ્રી. બટુભાઈ હ. દેસાઈ (૨) શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી
૮. ઇજનેરી વિદ્યાશાખા	...	(૧) ડૉ. ય. ગુ. નાયક (૨) શ્રી. આર. જી. શાસ્ત્રી.

૪૪. વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા પહેલાં લઈ શકાય કે નહિ તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ઠરાવ્યા પ્રમાણે વિજ્ઞાન વિદ્યાશાખાનો અભિપ્રાય માગતાં સદરહુ વિદ્યાશાખાએ તેની તા. ૨-૯-૧૯૬૪ની સભામાં ફક્ત એમ.એસસી. પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા પહેલાં અને પ્રી-યુનિવર્સિટી

વિજ્ઞાન તથા ફર્સ્ટ, સેકન્ડ અને તૃતીય વર્ષ બી.એસસી.ની પરીક્ષા લેખિત પરીક્ષા પૂરી થતાં શકય એટલાં બધાં કેન્દ્રો પર શરૂ કરી, અને પરીક્ષા દરમિયાન નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ

(અ) પ્રી-યુનિવર્સિટી તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા પહેલાં લઈ શકવાની શકયતા નથી, પણ લેખિત પરીક્ષા પછી પ્રાયોગિક પરીક્ષા બહુ લંબાય નહિ એ માટે ભલામણ કરવામાં આવે છે કે, લેખિત પરીક્ષા પૂરી થયા બાદ તરત જ પ્રાયોગિક પરીક્ષા શકય હોય તેટલાં બધાં કેન્દ્રો ઉપર લેવી. પ્રાયોગિક પરીક્ષા શરૂ થયા બાદ વચ્ચે આવતી રજાઓ પાળવી નહિ પણ એ દિવસોએ પણ પરીક્ષા રાખવી.

(બ) એમ.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા પહેલાં લઈ શકાય અને તે અંગે આગળ વધતાં પગલાં લેવાં.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

૪૫. ડિપ્લોમા-ઇન-લાયબ્રેરી સાયન્સની પરીક્ષા માટે પ્રાશ્નિક અને પરીક્ષકની નિમણૂક અંગે લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"No person shall ordinarily be recommended for appointment as a Paper-setter or an Examiner in Diploma in Library Science Examination, unless he holds at least —

(1) a Bachelor's Degree in Second Class, or a Master's Degree in Pass Class, and

(2) a Post-graduate Diploma in Library Science of any Recognised University, and

(3) five years' experience as a Librarian in a Library of the status of a State Library or a University Library or a Central Library."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) ૧૯૬૪ની પરીક્ષાથી અનુસ્નાતક પરીક્ષાઓમાં ચાલતી બેવડા મૂલ્યાંકનની પદ્ધતિ (Double assessment) રદ કરવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આ પદ્ધતિના હાલના નિયમોમાં નીચેના સુધારા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

(ક) અનુસ્નાતક પરીક્ષાઓમાં હાલ પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા પછી લેવાય છે તેને બદલે પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષાની અગાઉ લેવી જોઈએ, અને પ્રાયોગિક અને લેખિત પરીક્ષાની વચ્ચે ઓછામાં ઓછો એક અઠવાડિયાનો ગાળો રાખવો.

(ખ) એમ.એસસી.માં લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓ માટે હાલમાં પરીક્ષકોનું એક જ જૂથ નિમાય છે તેને બદલે પરીક્ષકોનાં બે જુદાં જુદાં જૂથો બની શકે ત્યાં નીમવાં.

(ગ) હાલ પરીક્ષકોને અપાતી સૂચના નં. ૬૬માં નીચેનું મૂલ્યાન ઉમેરી તે સૂચના સુધારવી :

"પરીક્ષક કોઈ પણ સંજોગોમાં ઉત્તરપત્રોનું પરિણામ (Assessment) યુનિવર્સિટી કાર્યાલયને સુપરત કર્યા પહેલાં તેમ જ તે પછી પરીક્ષકોની સભા મળે તે પહેલાં તેના સાથીદારોને અથવા ચેરમેન કે બીજા કોઈને તે કહી શકતો નથી કે તેની ચર્ચા કરી શકતો નથી, અને તે પરિણામ તેણે છાનગી જ રાખવું જોઈએ."

[The Examiner should under no circumstances communicate or discuss or make known his assessment to his colleagues, or to the Chairman or to any one, at any time before his assessment is submitted to the University and the final results are prepared. He shall keep his assessment strictly confidential.]

(૩) બેવડા મૂલ્યાંકનમાં જો એક ઉત્તરવહીનાં બે મૂલ્યાંકનો વચ્ચે ૧૫ ટકા કરતાં વધુ તફાવત માલૂમ પડે તો ચેરમેને તે ત્રીજા પરીક્ષક પાસે તપાસડાવવો જોઈએ. આ ત્રીજો માણસ તેના હાથ નીચેના પરીક્ષકોના જૂથમાં જો તે તપાસવાની લાયકાત ધરાવતો હોય તો તેને અથવા બહારના બીજા કોઈને, વાઈસ-ચાન્સેલરની સંમતિ લઈને, સોંપશે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી, તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભલામણ નં. ૩ના પાઠમાં ભૂલ થયેલી જણાય છે તે સુધારીને ફરીથી રજૂ કરવી.

૪૭. ઑક્ટોબર, ૧૯૬૪માં લીધેલ બીજી એલએલ.બી.ની પરીક્ષાના ઉમેદવાર નં. ૧૦૬, શ્રી. વી. ડી. નાણાવટી, પરીક્ષાના સમય દરમિયાન ત્રિવેન્દ્રમ ખાતે યોજેલ આંતર-યુનિવર્સિટીની તરવાની સ્પર્ધામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેનાર હોઈ, મજકૂર પરીક્ષામાં બેસી શકયા નથી તો તેમની પૂરી પરીક્ષા-ફી પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. ૧૩૦ હેઠળ ફી પરત આપી શકાતી નથી. પરીક્ષા તા. ૧૬-૧૦-૧૯૬૪થી શરૂ થઈ હતી, જ્યારે આંતર-યુનિવર્સિટી સ્પર્ધા તા. ૧૧/૧૨ ૧૩-૧૦-૧૯૬૪ દરમિયાન હતી. સદરહુ વિદ્યાર્થી તા. ૧૬-૧૦-૧૯૬૪ના રોજ આવી શકે તેમ ન હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વી. ડી. નાણાવટીએ ઑક્ટોબર ૧૯૬૪માં લેવાયેલી બીજી એલએલ.બી.ની પરીક્ષા માટે ભરેલી પરીક્ષા-ફી તેમને આચાર્ય મારફતે પાછી મોકલી આપવી.

૪૮. સને ૧૯૫૨માં બીજી એલએલ.બી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી. જે. એચ. યાજ્ઞિકે લીંબડીની હાઇસ્કૂલમાં નોકરી કરતાં કરતાં સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં સત્રો ભર્યાં તે અંગેની આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એચ. યાજ્ઞિકને આ યુનિવર્સિટીમાં કોઈ પણ અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં પ્રવેશ આપવો નહિ.

૪૯. એફ.વાય.બી.કોમ.ની પરીક્ષા માટેના "શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" ઔચ્છિક વિષયોમાં સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારને ક્રમાનુવર્તી વિષયોમાં આપવા અંગે તા. ૯-૮-૧૯૬૪ની સભાના ઠરાવ અન્વયે પ્રદાનની શરત નં. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

A Gold Medal called "Shri Balubhai Girdharlal Gold Medal" of the value of about Rs. 180/- shall be awarded annually *by rotation each year in optional subject of Accountancy and Banking to a candidate who passes the First B.Com. Examination*, with highest number of marks in the said optional subject.

(**નોંધ.**—સિન્ડિકેટની તા. ૯-૮-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર દાતાની અનુમતિ મગાવતાં તે બાબતમાં તેમને વાંધો નથી એમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક પ્રદાન અંગેની શરત નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૫૦. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૪ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઓ. ૭૦ મુજબ બીજું સત્ર શરૂ થાય તે પહેલાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ જૂનથી શરૂ થતા સત્રથી દાખલ થયેલા વિદ્યાર્થીઓએ કઢાવી લેવાં આવશ્યક છે, પરંતુ આશરે ૮૦૦ વિદ્યાર્થીઓએ હજુ સુધી તે કઢાવ્યાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૪ સુધી લંબાવવી.

૫૧. નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
(૧)	શ્રી. જયંત શામજી કોઠારી	પીએચ.ડી.	ફિલોસોફી : "મિસ્ટિસિઝિમ-ઇન-મીડિવલ ગુજરાતી પોએટ્રી"	(૧) શ્રી. ત્રિભુવનદાસ લુહાર (સુંદરમ્), અરવિંદ આશ્રમ, પોંડિચેરી (૨) પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ચૂનીલાલ ઝાલા, "પાર્વતી મેન્શન", રેલવે પાર્સલ ઑફિસ સામે, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૭.
(૨)	શ્રી. એલ. એન. પંડ્યા	પીએચ.ડી.	"The Historical Survey of the limiting points of the equal	(૧) પ્રો. કે. વી. અભ્યંકર, સદાશિવ પેઠ, પૂના (૨) પ્રો. એચ. બી. ભાંડે, મણિનગર, અમદાવાદ-૮

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનાં નામ
			Nakshatra Division in the Indian Astronomy"	(૩) શ્રી. ભાનુશંકર નીલકંઠ આચાર્ય, સેશન્સ જજ, ગોધરા (૪) પંડિત કૃષ્ણરામ ભટ્ટ, ૩૫, કાવેલ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ, મુંબઈ.
(૩)	શ્રી. એચ. પી. પટેલ	પીએચ.ડી.	"ઈ. સ. ૧૯૨૦ સુધીની ગુજરાતી અને હિન્દી ઐતિહાસિક નવલકથાઓનાં તુલનાત્મક અભ્યાસ"	(૧) શ્રી. ચૂનીલાલ વર્ધમાન શાહ, "શ્રીનિવાસ", ગિરધરનગર સોસાયટી, શાહીબાગ, અમદાવાદ-૪ (૨) શ્રી. વિશ્વનાથ ભટ્ટ (૩) ડૉ. સુરેશ જોષી.
(૪)	શ્રી. એલ. ડી. જોષી	પીએચ.ડી.	"बागडी बोली का स्वरूप और उसका तुलनात्मक अध्ययन"	(૧) ડૉ. એન. જી. કાલેલકર, ડેક્કન કૉલેજ, પૂના-૬ (૨) ડૉ. ભોગીલાલ સાંડેસરા, "અધ્યાપક નિવાસ", પ્રતાપગંજ, વડોદરા-૨ (૩) ડૉ. હરિવલ્લભ ભાયાણી.
(૫)	શ્રી. એ. જે. ગાંધી	પીએચ.ડી.	"Studies in Saline Soils in Gujarat Coastal Saline Soils"	(1) Dr. Milton Fireman, Ph.D., Soil and Water Conservation Research Division, Agricultural Research Service, United States, Department of Agriculture, River Side, California (U.S.A.) (2) Dr. C. W. Chang, Ph.D., New Maxico Agricultural Experiment Station, New Maxico (U.S.A.) (3) Dr. C. A. Bower, Ph.D., Soil and

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓ
				Water Conservation Research Division, Agricultural Research Service, United States, Department of Agriculture, River Side, California (U.S.A.)
				(4) Dr. W. P. Kelley, Ph.D., Professor of Emeritus, University of California, Berkeley (U.S.A.)
				(5) Dr. H. D. Chapman, Ph.D., University of California, Citrus Experiment Station, River Side, California (U.S.A.).
				For viva
				(1) Dr. B. V. Mehta, M.Sc., Ph.D., Professor of Chemistry, B. A. Institute of Agriculture, Anand (Dist. Kaira)
				(2) Dr. Shaligram, M.Sc., Ph.D., Soil Physicist, Gujarat State, Baroda.
(૬)	શ્રી. પ્રેમપાલ સિંધ	પીએચ.ડી.	"(*i*) Structural Investigation of Tamarind Kennal Polysaccharide;	(1) Prof. F. Smith. Department of Agricultural Biochemistry, University of Minnesota, St. Paul–1, Minnesota (U.S.A.)

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીઓ
			(*ii*) Studies on Methylation of Carbohydrates"	(2) Dr. G. A. Adams, Division of Biosciences, National Research Council, Ottawa-2, Canada.
				For viva
				(1) Dr. S. Mukherjee, Head of the Sugar Chemistry Department, National Sugar Institute, Kalyanpur, Kanpur
				(2) Dr. J. L. Bose, Senior Scientific Officer, National Chemical Laboratory, Poona.
(૭)	શ્રી. એન. ડી. દેસાઈ	પીએચ.ડી.	"ઇન્ડસ્ટ્રિયલ મોરલ—એ કંપેરેટિવ સ્ટડી ઇન્દુ ઇન્ડસ્ટ્રિયલ ઓર્ગેનિઝેશન"	(૧) ડૉ. એસ વી. કાલે, રીડર ઇન ઇન્ડસ્ટ્રિયલ સાયકોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ એપ્લાઇડ સાયકોલોજી, યુનિવર્સિટી ઓફ બૉમ્બે, મુંબઈ-૧
				(૨) ડૉ. જી. ડી. ઓઝ, એમ.એ. (ઑકસન), ડી.ફિલ., પ્રોફેસર ઓફ સાયકોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયકોલોજી, યુનિવર્સિટી ઓફ મદ્રાસ, મદ્રાસ-૫."

(*Note.*— The subject of thesis has specific references to Indian condition only, in view of fact Dr. Kale has had a first class carrier throughout in India and also in Columbia with a Doctorate Degree from Columbia plus University post-graduate teaching experience in Industrial Psychology in India in the same subject and connection with Indian Industry, he is considered to be a fit Referee for the subject.)

આથી ઠરાવવામાં આવે છે કે, રેફરીઓની નિમણૂક બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી તથા તે અનુસાર ક્રમાનુવર્તી નિમણૂંકો કરવી.

૫૨. વિજ્ઞાનવિદ્યા ભવન અમદાવાદના વિદ્યાર્થી શ્રી. જે. એસ. દવે, જેઓ વર્ષ ૧૯૬૩-૬૪માં ભૌતિકવિજ્ઞાન વિષય સાથે જુનિયર એમ.એસસી.ના વર્ગમાં દાખલ થયા હતા અને જેમને એટોમિક એનર્જી કમિશન તરફથી શિષ્યવૃત્તિ મળેલ છે તેમની પ્રથમ સત્રમાં માંદગીને લીધે ખૂટેલ હાજરી માફ કરી સત્ર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—હાજરીની વિગતો નીચે મુજબ છે :

વર્ષ અને સત્ર	સત્ર દરમિયાન અપાયેલ કુલ વ્યાખ્યાનો	સત્રની મંજૂરી માટે જરૂરી વ્યાખ્યાનો	સત્રમાં લેવાયેલ હાજરી	ખૂટતી હાજરી	હાજરી ખૂટવાનું કારણ
૧૯૬૩-૬૪	(પ્રથમ) ૭૫	૫૦	૩૫	૧૫	માંદગી. તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યું છે.
,,	(બીજું) ૬૫	૬૪	૬૪	—	—

]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એસ. દવેના ૧૯૬૩-૬૪ના વર્ષની પ્રથમ સત્રની ખૂટતી હાજરી, તેમના વિશિષ્ટ સંજોગો લક્ષમાં લઈને, અપવાદ રૂપે, માફ કરવી.

૫૩. યુનિવર્સિટીના શિક્ષકોની પારસ્પરિક સેવાઓ આપવા-લેવા અંગેના નિયમો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂરી માટે તેમ જ તે અંગે યુ.જી.સી.એ. રૂા. ૧૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરેલ છે તે જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રાન્ટની નોંધ લેવી, તથા તે અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૫૪. "ટ્રાવેલ ગ્રાન્ટ ટુ યુનિવર્સિટી ટીચર્સ અટેન્ડિંગ ઇન્ટરનેશનલ કોન્ફરન્સીઝ એબ્રોડ" એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તારીખ ૬-૧૦-૧૯૬૪નો પત્રાંક એફ. ૪૦-૨-૧૯૬૪ (સીયુપી) જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૫. ભારતીય જ્ઞાનપીઠ, કલકત્તાના મંત્રી તરફથી આવેલ તા. ૫-૯-૧૯૬૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયા વર્ષે આ બાબત તા. ૨૨/૨૩-૬-૧૯૬૪ની સિન્ડિકેટની સભામાં મૂકવામાં આવી હતી અને આ બાબતની નોંધ લેવી એવો ઠરાવ કરવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૬. સને ૧૯૫૪-૫૫ના સરકારી ઑડિટ રિપોર્ટના પેરા નં. ૧૦ પ્રમાણે ઉત્તરવહીઓનું પાર્સલ ખોટા સરનામે મોકલતાં થયેલું રૂા. ૬·૩૨ પૈસાનું ખર્ચ શ્રી. અનંતરાય પ્રભાશંકર

હવે જેઓ હવે યુનિવર્સિટી કે તેની કૉલેજમાં કામ કરતા ન હોવાથી, તેમની પાસેથી વસૂલ કરવાનું અશકય હોઈ, તે રકમ માંડવાળ (waive) કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૪-૫૫ના વર્ષમાં ઉપર મુજબની ઉત્તરવહીઓનું પાર્સલ મોકલવા માટે થયેલું રૂા. ૬-૩૧ પૈસાનું ખર્ચ માંડી વાળવું.

૫૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવન, ભાષા-ભવન અને મનોવિજ્ઞાનવિદ્યા ભવનમાં — પ્રત્યેક ભવનમાં — દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની કુલ ફીના દશ ટકા જેટલી ફી માફ કરીને માફી (Freeship) આપવાનું ધોરણ રાખવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા, તથા તે મુજબ માફીનું ધોરણ રાખવા માટે સેનેટને ભલામણ કરવી.

૫૮. એમ.એ.ની પરીક્ષામાં સમાજશાસ્ત્રનો વિષય લઈ સૌથી વધારે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને દર વર્ષે એક પારિતોષિક એનાયત કરવા માટેનું રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગે શ્રી. ગુલાબચંદ તલકચંદ ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો, તથા તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૯. શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચૅરિટી ટ્રસ્ટ તરફથી "શ્રીમતી સાંકુબેન બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક" આપવા માટે મળેલ દાનના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણચંદ્રકના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઙ" તરીકે સામેલ છે.)

૬૦. સ્ટેચ્યૂટ ૧૯૩-એ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. આર. બી. શાહનો તા. ૨૮-૧૦-૧૯૬૪નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, સ્ટે. ૧૯૩-એ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલ સ્ટે. ૧૯૩-એના પાઠની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૬૧. યુનિવર્સિટીના કર્મચારીઓ માટે નીચે પ્રમાણે રહેઠાણ બાંધવા અંગે રૂા. ૭,૬૦,૦૦૦ના અંદાજી ખર્ચ પેટે આર્થિક સહાય મેળવવા માટે રાજ્ય સરકાર સાથે યોગ્ય

પત્રવ્યવહાર કરવા બાબત :

ક્રમાંક	વર્ગ	જ્વાબ્ટસની સંખ્યા	કુલ અંદાજી ખર્ચ
૧.	બિનશિક્ષક સ્ટાફના ઉપરના દરજ્જાના કર્મચારીઓ માટે	૬	રૂા. ૧,૨૦,૦૦૦
૨.	ક્લેરિકલ વર્ગના કર્મચારીઓ માટે	૪૦	રૂા. ૪,૮૦,૦૦૦
૩.	પટાવાળા વર્ગના કર્મચારીઓ માટે	૨૦	રૂા. ૧,૬૦,૦૦૦
		૬૬	રૂા. ૭,૬૦,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓ માટે નીચે મુજબ રહેઠાણ બાંધવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કે રાજ્ય સરકાર સાથે પત્રવ્યવહાર કરીને ગ્રાન્ટ અને/અથવા લોન રૂપે આર્થિક સહાય મેળવવા ઘટતી તજવીજ કરવી :

ક્રમાંક	વર્ગ	જ્વાર્ટસની સંખ્યા	કુલ અંદાજી ખર્ચ
૧.	બિનશિક્ષક સ્ટાફના ઉપરના કર્મચારીઓ માટે	૬	રૂા. ૧,૩૦,૦૦૦
૨.	ક્લેરિકલ વર્ગના કર્મચારીઓ માટે	૪૦	રૂા. ૫,૦૦,૦૦૦
૩.	પટાવાળા વર્ગના કર્મચારીઓ માટે	૨૦	રૂા. ૧,૭૦,૦૦૦
		૬૬	રૂા. ૮,૦૦,૦૦૦

૬૨. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હવે પછી ડેમોન્સ્ટ્રેટરની કોઈ પણ જગ્યા ઊભી નહિ કરવાની, કે કોઈ ઊભી કરેલી જગ્યા પર ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક નહિ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં હવે પછી ડેમોન્સ્ટ્રેટરની કોઈ પણ નવી જગ્યા ઊભી કરવી નહિ, તથા હાલની કોઈ જગ્યા ખાલી પડે તો તે પર ડેમોન્સ્ટ્રેટરની નવી નિમણૂક કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કક્ષાએ ડેમોન્સ્ટ્રેટરનું કામ પણ ભવનના શિક્ષકોએ કરવું જોઈશે.

૬૩. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી તરીકે કામ કરતા શ્રી. આઈ. જી. વકીનો જ્યુબાયરી સમય તા. ૧૪-૬-૧૯૬૪ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

શ્રી. આઈ. જી. વકીની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. આઈ. જી. વકીને વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રીની જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમ કરવા.

૬૪. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં પ્રોફેસર ઓફ ઝૂલોજીની નિમણૂક ન થાય ત્યાં સુધી રીડર તરીકે કામ કરતા ડૉ. એમ. એસ. દુબળેને વધારાના ચાર્જ અંગે એલાવન્સ આપવા માટે અધ્યક્ષશ્રીના તા. ૨૪-૯-૧૯૬૪ના પત્ર શેરા. નં. ૪૪૨૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એમ. એસ. દુબળેની ભથ્થા માટેની ઉપરની વિનંતી મંજૂર કરવી નહિ.

૬૫. એમ.એ. મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે મદદનીશોની જરૂરિયાત અને તેમના મહેનતાણાના દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એ તેમ જ એમ.એ.ની પરીક્ષામાં મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે કેટલો સ્ટાફ જોઈએ તે બાબતમાં મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુનાં સૂચનો, સ્ટાફની જરૂરિયાત સમજાવતાં કારણો સાથે, મગાવવાં.

૬૬. ડિપ્લોમા-ઇન-લાઇબ્રેરી સાયન્સ પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષકો તેમ જ પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકો તથા મદદનીશોના મહેનતાણાના દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, 'ડિપ્લોમા-ઇન-લાઇબ્રેરી સાયન્સ'ની પરીક્ષા માટે નીચે મુજબનું મહેનતાણું આપવાનું રાખવું:

(૧) પ્રાશ્નિકને ૩ કલાકના પ્રશ્નપત્ર કાઢવા માટે રૂા. ૭૫-૦૦
(૨) પરીક્ષકને ૩ કલાકના એક પ્રશ્નપત્ર તપાસવા માટે, વિદ્યાર્થી દીઠ રૂા. ૨-૦૦
(૩) પ્રાયોગિક પરીક્ષકને વિદ્યાર્થી દીઠ રૂા. ૩-૦૦
(૪) હમાલને વિદ્યાર્થીઓની એક ટુકડી માટે રોજના રૂા. ૨-૦૦, તથા વિદ્યાર્થીઓની બે ટુકડી માટે રોજના રૂા. ૩-૦૦.

૬૭. એમ.ડી., બ્રાન્ચ પની પ્રાયોગિક પરીક્ષા માટે મદદનીશોની જરૂરિયાતો તથા તેમના વેતનના દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ડી., બ્રાન્ચ પની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબ મદદનીશો રાખવા તથા તેમને વેતન આપવું:

Remuneration

Expert Assistants .. 1. Rs. 10/- per day, per subject
Hamals .. 2. Rs. 2/- per day, per subject.

૬૮. યુનિવર્સિટી રોજગાર-માહિતી અને માર્ગદર્શન કેન્દ્રમાં એક માસિક બુલેટિન કાઢવા અંગે થનાર વાર્ષિક ખર્ચ રૂા. ૧,૦૮૦ મંજૂર કરવા અંગેના તા. ૧૧-૯-૧૯૬૪ના શ્રી. જિતેન્દ્ર એલ. ધોળકિયાના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે મંજૂર કરેલી યોજના પ્રમાણે યુનિવર્સિટીએ મકાન તથા ફર્નિચરની સગવડ આપવાની છે, જેથી આ ખર્ચ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારે ભોગવવો જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સામયિક કાઢવા માટે યુનિવર્સિટી તરફથી કશો ખર્ચ મંજૂર કરી શકાય નહિ.

૬૯. સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલે તૈયાર કરેલા ઝૂલોજી વિભાગના મકાનના નકશા પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અંદાજી ખર્ચ આશરે રૂપિયા અઠી લાખ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બાંધકામ સમિતિ સમક્ષ મૂકવી જોઈએ, અને તે નીચે બાબત નં. ૭૮માં જણાવ્યા પ્રમાણે બાંધકામ સમિતિની તા. ૧૨-૧૦-૧૯૬૪ની સભા સમક્ષ મૂકવામાં આવેલી છે એમ કાર્યાલય તરફથી સ્પષ્ટતા કરવામાં આવતાં તે અંગે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૭૦. ભારત સરકારની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત થનારાં પુસ્તકોની વેચાણ-કિંમત નક્કી કરવા અંગે કેન્દ્રીય હિન્દી નિદેશાલયના પત્રાંક એફ. ૧૪-૨૨-૬૪ ટી.હુ. તા. ૧૫-૮-૧૯૬૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સાથે ઘટતો પત્રવ્યવહાર કરીને વેચાણકિંમત અંગે સભાગૃહમાં થયેલી ચર્ચા મુજબ જરૂરી સ્પષ્ટતા કરવા માટે લખી પુછાવવું.

૭૧. તા. ૪-૬-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણો:

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, રમતગમતનું ધોરણ સુધરે તથા ટીમની સાથે કોચ મેનેજર તરીકે મોકલી શકાય એવા સભ્યોની સંખ્યા વધે તે હેતુથી ગુજરાત રાજ્ય તરફથી જે રમત માટે કોચ નિયુક્ત થયા છે, તે બને મળી શકે તો તેમની સહાયથી યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના, દરેક રમત માટે આશરે ૨૫ જેટલા અધ્યાપકો અગર વ્યાયામ શિક્ષકો માટે પ્રશિક્ષણ તાલીમ શિબિર યોજવા અને તે માટે કૉલેજોમાંથી નામ મગાવીને તાલીમાર્થીઓ પસંદ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી.

(૨) વધુમાં આ તાલીમાર્થીઓને શિબિરના સ્થળે આવવાજવાનું તથા એક વધારાનું બીજા વર્ગનું ભાડું આપવા તથા તેઓને જમવારહેવાના ખર્ચ પેટે રૂા. ૪-૦૦નું દૈનિક ભથ્થું આપવા તથા તે અંગે થતા અન્ય ખર્ચને લક્ષમાં લઈને કુલ ત્રણેક રમતો માટે પરિશિષ્ટ "અ"માં આપેલ વિગતો પ્રમાણે થતા પ્રશિક્ષણ શિબિરો આ વર્ષે યોજવા રૂા. ૧૨,૦૦૦ના ખર્ચ માટે તેટલી રકમ મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી શિબિરોની યોજનાની અને ખર્ચની વિગતોની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૭૨. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) અંગ્રેજીના જૂનિયર અને સીનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમ અંગેના ઑર્ડિ. ૩૭૩, ૩૭૩-એ, ૩૭૩-બી, તથા રેગ્યુ. ૨૫૭, ૨૫૭-એ, ૨૫૭-બી અને ૨૫૭-સી — સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનો મંજૂર કર્યાના;

(૨) સેકન્ડ ઇયર બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૭માં જણાવેલ ઐચ્છિક વિષયનો પ્રશ્નપત્ર ૫ નીચે મુજબ સુધાર્યાના:

Paper V: In this paper simple aspects or literary criticism will be studied. For this suitable books will be prescribed by Academic Council on the recommendations of the Board of Studies;

(૩) દ્વિતીય વર્ષ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૭ ના ૧૯ સોશિયોલોજીનાં

Paper III — Methods in Sociology
Paper IV — General Sociology

Paper V — Indian Social Institutions

આપેલાં છે તે બદલીને નીચે મુજબ રાખ્યાના :

Paper III — General Sociology

Paper IV — Indian Social Institutions

Paper V — Methods in Sociology.

(નોંધ. — ઉપરના ફેરફારથી સેકન્ડ ઇયર બી.એ.માં સોશિયોલોજી ગૌણ વિષય લેનાર વિદ્યાર્થીને પ્રશ્નપત્ર ૩ — જનરલ સોસિયોલોજી અને પ્રશ્નપત્ર ૪ — ઇન્ડિયન સોશિયલ ઇન્સ્ટિટ્યૂશન્સ લેવાના રહે છે, અને સોશિયોલોજી મુખ્ય વિષય લેનારને ઉપરના પ્રશ્નપત્ર ૩ અને ૪ ઉપરાંત પ્રશ્નપત્ર ૫ — મેથડ્સ ઇન સોશિયોલોજી — પ્રશ્નપત્રો લેવાના રહે છે.

જે તે વિષયના પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ અગાઉ નિયત કર્યા પ્રમાણે રહેશે.)

(૪) નીચેની પરિષદોમાં કોઈ પ્રતિનિધિને નહિ મોકલ્યાના :

ક્રમાંક	પરિષદનું નામ	સ્થળ	તારીખ
૧.	4th International Cybernatics Congress	નામુર	તા. ૧૯થી ૨૩ ઑક્ટોબર ૧૯૬૪
૨.	5th All-India Conference of Sugarcane Research and Development	કોઈમ્બતુર	તા. ૧૭થી ૨૨ ડિસેંબર, ૧૯૬૪
૩.	ગુજરાતીનો અધ્યાપક સંઘ	તલોદ	તા. ૨૨થી ૨૩ ઑક્ટો. ૧૯૬૪ દરમિયાન;

(૫) ઓ. ૧૨૭ હેઠળ એફ.ઈ.ના બાકીના વિષયની પરીક્ષા આપવાની હોવા છતાં ઑક્ટોબર ૧૯૬૪માં ફક્ત એસ.ઈ. પરીક્ષા ખાસ સંજોગોમાં લેવાનું વિચારાયું હોવાથી ઉપરોક્ત વિદ્યાર્થીને અપવાદ તરીકે તેમાં બેસવા દેવા અને તેનું પરિણામ તે એફ.ઈ.ના બાકીના વિષયમાં ઉત્તીર્ણ થાય ત્યાં સુધી ઓ. ૧૨૭ હેઠળ અનામત રાખવા મંજૂરી આપ્યાના;

(૬) ભારત સરકારના કેળવણી ખાતા તરફથી યોજાયેલ આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવના કન્ટિન્જન્ટ-ઇન-ચાર્જના પરિસંવાદમાં પ્રા. શ્રી. હકૂમત દેસાઈએ ભાગ લેવાની અશક્તિ દર્શાવતાં તેમની જગ્યાએ કપડવંજની પારેખ બ્રધર્સ સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી એલ. ડી. દવેની નિમણૂક કર્યાના; અને

(૭) આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવમાં યુનિવર્સિટી-જૂથ સાથે શામળદાસ કૉલેજની સમૂહ નૃત્યની બાબતમાં ભાગ લેવા જતી ટુકડીમાં બહેનો હોઈ તે જ કૉલેજનાં અધ્યાપિકા શ્રીમતી કૃષ્ણાબહેન મજિઠિયાને સ્ત્રી-અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે નિયુક્ત કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૭૩. સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સ્ટે. ૧૧૮ સુધારવાનો પ્રસ્તાવ કાનૂન બહાર ઠરાવેલ હોઈ તે નીચે પ્રમાણે પુનઃ સુધારવા બાબત :

સુધારેલો સ્ટે. ૧૧૮ નીચે પ્રમાણે વંચાશે :

St. 118 :

The Board of University Teaching shall consist of —

(1) The Vice-Chancellor;

(2) The Rector;

(3) Deans of Faculties;

(4) Two members nominated by the Syndicate for a period of three years;

(5) Heads of the University Departments, i.e., the Post-graduate Schools ;

(6) Heads of constituent degree colleges and Heads of constituent recognised institutions, provided they are also recognised post-graduate teachers in the University;

(7) *Eight recognised post-graduate teachers to be nominated one from each faculty, by the Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University departments but shall not be Principals of colleges or Heads of recognised institutions or University departments.*

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૧૮ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૭૪. શ્રી. બી. એચ. ચાહવાલાને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા માટે શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૩-૧૦-૧૯૬૪ના પત્રાંક ૫૬૩/૬૪ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. ચાહવાલા અર્થશાસ્ત્ર સાથે બી.એ. બીજો વર્ગ, અને એમ.એ. બીજો વર્ગ ધરાવે છે, તથા ચાર વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો તેમને અનુભવ છે, જેમાં ૩ વર્ષનો પોસ્ટ-ઇન્ટરમીડિયેટ કક્ષાનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. એચ. ચાહવાલાને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી મંજૂર કરવી નહિ, તથા બી.એ.ના છેલ્લા વર્ષમાં અર્થ-શાસ્ત્રનો સ્પેશિયલ વિષય રાખીને ભણતા વિદ્યાર્થીઓને અન્ય કૉલેજમાં મોકલવા માટે આચાર્યને જણાવવું.

૭૫. માન્ય અનુસ્નાતક શિક્ષણ-સંસ્થાઓમાં શિક્ષકગણમાં જે ફેરફારો થાય છે તે ફેરફારો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ મારફતે સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માન્ય અનુસ્નાતક સંસ્થાઓના શિક્ષકગણમાં જે ફેરફારો થાય તે ફેરફારો હવેથી સિન્ડિકેટની શિક્ષકગણ ફેરફાર અંગેની સ્થાયી સમિતિ સમક્ષ ન મૂકતાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ સમક્ષ પ્રથમ મૂકીને તેની ભલામણો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૭૬. પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ તથા ફર્સ્ટ બી.એ. એકસ્ટર્નલ પરીક્ષાઓના રેગ્યુલેશનો તથા ઑર્ડિનન્સોના નીચેના હાલના ક્રમાંક તેની સામે જણાવેલ ક્રમાંક મુજબ સુધારવા બાબત :

હાલનો ક્રમાંક		નવો ક્રમાંક
R. Pre-8(A)	..	R. Ext. Pre-8
R. Pre-9(A)	..	R. Ext. Pre-9
R. Pre-10	..	R. Ext. Pre-10
R. Pre-11	..	R. Ext. Pre-11
R. Pre-12	..	R. Ext. Pre-12
O. Arts-3(*a*)	..	O. Ext. Arts-3
O. Arts-6(*a*)	..	O. Ext. Arts-6
R. Arts-1(*a*)	..	R. Ext. Arts-1
R. Arts-2(*a*)	..	R. Ext. Arts-2
R. Arts-3(*a*)	..	R. Ext. Arts-3
R. Arts-4(*a*)	..	R. Ext. Arts-4
R. Arts-5(*a*)	..	R. Ext. Arts-5

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રેગ્યુલેશનો તથા ઑર્ડિનન્સોના ક્રમાંકમાં ઉપર મુજબ ફેરફાર મંજૂર કરવા.

૭૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. એસ. પરમાર તા. ૧૩-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની તથા યુનિવર્સિટીએ આપવાની રકમ પરત કરવા બાબત.

(નોંધ — તેઓ ગ્રંથાલયમાં તા. ૧૦-૬-૧૯૫૭થી નોકરીયા હતા અને તા. ૧૩-૫-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એસ. પરમારને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૭૮. તા. ૧૨-૧૦-૧૯૬૪ના રોજ મળેલી બાંધકામ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૨-૧૦-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૭૯. ૧૯૬૫ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

(નોંધ. — ૧૯૬૪ના વર્ષ દરમિયાન રાજ્ય સરકારે જાહેર કરેલ રજાઓ ઉપરાંત મકરસંક્રાંતિ, રક્ષાબંધન અને ભાઈબીજની, એમ કુલ્લે ત્રણ વધુ રજાઓ આપવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૮૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૬-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૮/૯-૧૦ ૧૯૬૪ની સભાએ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે, ફર્સ્ટ યર ડિપ્લોમા ઇન ફાર્મસીની પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના પહેલા વર્ષમાં દાખલ થવું હોય તો તેમને નીચેની શરતોએ દાખલ થવા દેવા :

(૧) પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની મેથેમેટિક્સ વિષયની પરીક્ષામાં પાસ થવાનું રહેશે. આ માટે તેમને પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના મેથેમેટિક્સ વિષય માટે સત્રો ભરવાની જરૂર રહેશે નહિ. પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની મેથેમેટિક્સ વિષયની પરીક્ષા એફ.વાય.બી.એસસી.ની પરીક્ષા સાથે આપી શકે.

(૨) પ્રથમ વર્ષ બી.એસસી.ની પરીક્ષાના અભ્યાસક્રમમાં મેથેમેટિક્સ વિષય મરજિયાત વિષય તરીકે પસંદ કરી શકાશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૧. એક્ચુરિયલ સાયન્સની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"With regard to question-paper on Elements of Statistics for F.Y. B.Com. Examination of April 1964, the Board is of the opinion that the former course for B.Com. does not differ much from the present F.Y.B.Com. Course. The former course was given to mature students who had put in two years already and were given two

more years and that too for 70 marks. That means the mature students were handling the course for two years and the question of the course was by 7 : 10. The level of F.Y.B.Com. students is too low and the period over which they are required to go through, more or less the identical course, is one year only. Therefore, the sponsors of the course, i.e., this Board through which it was projected expected question-paper on most elementary level. The present question-paper of April 1964 is very difficult and it is suggested that to set a pattern for immature students of F.Y.B.Com. level, senior most Paper-setters teaching the subject be appointed as Chairman and paper-setting for first two years to set a question-paper, so as to be in consonance with level of the student answering it."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિનો ઉપરનો ઠરાવ અસ્પષ્ટ છે એ નોંધ સાથે સદરહુ બાબત ઍક્ચુરિયલ સાયન્સની અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૮૨. જૂના અભ્યાસક્રમ મુજબની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં ઇન્ટર આર્ટ્સની એ.ટી.કે.ટી. મેળવનાર વિદ્યાર્થીઓની પરીક્ષા માર્ચ ૧૯૬૫માં લેવાનું ઠરાવવામાં આવેલ છે. આ પરીક્ષામાં એવા પ્રકારના ઍક્સ તથા ઍક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેસવા માટે ફક્ત અમદાવાદ, રાજકોટ અને સુરત એમ ત્રણ જ કેન્દ્રો રાખવા અંગે કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. બી. કે. વૈદ્ય
૨. ડૉ. એન. એસ. પંડ્યા, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૩. ડૉ. આર. ડી. આડતિયા, મુંબઈ.

૧૫. ટયૂબરકયુલોસિસ રિલીફ ઑર્ગેનિઝેશન, અમદાવાદના માનદ મંત્રીશ્રી તરફથી ટી.બી. સીલ ખરીદવા અંગેના તા. ૧૨-૧૧-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૧૬. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામ માટેના સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ સાથેના કરારનામાના મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ કરારનામાનો મુસદ્દો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૭. દિવાળીની રજાઓમાં માઉન્ટ આબુ મુકામે વિદ્યાર્થી ભાઈઓનો જ પર્વતારોહણ શિબિર યોજયો હતો તેથી બહેનોનો પર્વતારોહણ શિબિર આવતી નાતાલની રજાઓમાં આઠ દિવસ માટે યોજવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, માઉન્ટ આબુ મુકામે ચાલુ વર્ષ દરમિયાન નાતાલની રજાઓમાં આઠ દિવસના પર્વતારોહણ શિબિરની યોજના તથા અંદાજીખર્ચ મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલ યોજના તથા અંદાજીખર્ચની વિગતો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૮. તા. ૨૩-૧૦-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓમાં પ્રવર્તમાન ક્રમવજન સંબંધમાં સમગ્ર રીતે તપાસ કરી અહેવાલ તૈયાર કર્યાના ડૉ. ઈ. એમ. બેસ્ટના તથા તેમના સાથીઓના કાર્યની નોંધ લેવા અને આ અહેવાલ છપાવીને પ્રસિદ્ધ કરાવવા તેમ જ તેની એક નકલ સંલગ્ન કૉલેજોના આચાર્યોને મોકલવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલનો સારાંશ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો, માન્ય સંસ્થાઓ, યુનિવર્સિટીનાં વિદ્યાભવનો તથા સેનેટના સભ્યોને પરિપત્રિત કરવો, તથા તેને 'વિદ્યા'ના અંકમાં સામેલ કરવા માટે સંપાદકમંડળને સૂચવવું.

૧૯. તા. ૨૩-૧૦-૧૯૬૪ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૨-૬૩ના વર્ષના અહેવાલની નોંધ લેવા અને તેને છપાવવાના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ.— પાંચસો નકલનો ખર્ચ આશરે રૂા. ૧૮૦ આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૦. ઑર્ડિ. ૪૧ અન્વયે ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો પર આચાર્ય શ્રી. ગોરધનભાઈ પટેલની તા. ૪થી માર્ચ ૧૯૬૬ પર્યન્ત ખાલી પડેલી જગ્યા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો પર આચાર્ય શ્રી. ગોરધનભાઈ પટેલની ખાલી પડેલી જગ્યા પર ડૉ. એસ. બી. પંડ્યાની નિમણૂક તા. ૪-૩-૧૯૬૬ સુધીની મુદત માટે કરવી.

૨૧. ઑક્ટોબર ૧૯૬૪માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૨. સેનેટે તેની તા. ૪/૫-૧૦-૧૯૬૩ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ ઑર્ડિ. ૧૨૦-એ ને સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં પુનઃ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, નીચેના મુદ્દાઓને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૦-એ માં જરૂરી સુધારો કરીને તેનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો:

(૧) પદવી-કક્ષાનો અંગ્રેજીનો વિષય સ્પેશિયલ વિષય તરીકે સ્વીકારવામાં આવતો હોય તો જ પ્રોફેસરની આવશ્યકતા રહે, નહિ તો અંગ્રેજીમાં લેક્ચરરથી ચાલી શકે.

(૨) ડેમોન્સ્ટ્રેટરોનો કાર્યભાર ૨૮ને બદલે ૨૪ પીરિયડો (૧૮ કલાક) જેટલો રાખવો, પણ એ ૨૪ પીરિયડો પૈકી વ્યાખ્યાન(લેક્ચર)નું કામ ૬ પીરિયડથી વધે નહિ તેની સ્પષ્ટતા કરવી.

(૩) અનુસ્નાતક શિક્ષણ માટે માન્ય થયેલા શિક્ષકો માટે વધુમાં વધુ જે કાર્યભાર નક્કી કરવામાં આવ્યો છે તે કાર્યભાર ફક્ત અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરતા શિક્ષકોને જ લાગુ પડે છે એમ સ્પષ્ટતા કરવી.

૨૩. સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં નીચેનો ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ) સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

O. 12 (Relevant part):

Examination	*How many times held in a year*	*Date of commencement*	*Date of Application*	*Examination Fee*
(1) Junior Certificate Examination in English	Once	2nd Monday in October	One month before the Examination	Rs. 20/-
(2) Senior Certificate Examination in English	Once	2nd Monday in October	One month before the Examination	Rs. 20/-

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૯માં નીચે મુજબ ઉમેરો કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

Examination	*How many times held in a year*	*Date of ommencement*	*Date of Application*	*Examination Fee*
(1) Junior Certificate Examination in English	Twice	2nd Monday in January	One month before the Examination	Rs. 20/-
(2) Senior Certificate Examination in English	Twice	2nd Monday in July	One month before the Examination	Rs. 20/-

૨૪. યુ. પી. આર્ટ્સ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈમાં અનુક્રમે અંગ્રેજી અને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતાઓ, સર્વશ્રી મિસ્ત્રી અને દેસાઈની નિમણૂકોને મંજૂરી આપવા બાબત.

(નોંધ.—બંને વ્યાખ્યાતાઓને ૬ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં સર્વશ્રી. મિસ્ત્રી અને દેસાઈને અનુક્રમે અંગ્રેજી અને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી માન્યતા આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિઓની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાને વાણિજ્યના વ્યાખ્યાતા નહિ મળતા હોવાથી ટ્યૂટરથી કામ ચલાવવા મંજૂરી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં વાણિજ્યના વિષયમાં ફક્ત ચાલુ સત્ર પૂરતી જ વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી કામ ચલાવવા માટે પરવાનગી આપવી અને આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૬. 'ધી ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સ કૉન્ફરન્સ'નું ૨૬મું વાર્ષિક અધિવેશન અન્નામલાઈ યુનિવર્સિટીના આશ્રયે, અન્નામલાઇનગર મુકામે તા. ૨૭ અને ૨૮ ડિસેંબર ૧૯૬૪ દરમિયાન મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના તા. ૧૫-૯-૧૯૬૪ના પત્રાંક કૉન્ફ. ઇન્વિ. જન. ૬૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ડી. એન. પાઠકને નીમવા.

૨૭. સિન્ડિકેટે તેની તા. ૧૩-૩-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા પ્રમાણે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલાં જુદાં જુદાં તબીબી શાખાના વિષયોનાં ૨૨

અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રત્યેક કેન્દ્રવાર અનુસ્નાતક નિયમ નં. ૨૩(એ) અનુસાર પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવાના મજકૂર કૉલેજના ડીન તરફથી આવેલ તા. ૧૭-૧૧-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) મજકૂર કૉલેજમાં ૨૨ જેટલાં અનુસ્નાતક કેન્દ્રો છે. જે શિક્ષકોની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવાની ભલામણ કરવામાં આવી છે તેઓ પૂરા સમયના શિક્ષકો નથી. તેથી આ વિદ્યાશાખામાં અન્ય વિદ્યાશાખાનાં કેન્દ્રોની માફક શિક્ષકોને જવાબદાર પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા કે કેમ તે પ્રશ્ન છે.

(૨) ખાસ અપવાદ તરીકે તબીબી વિદ્યાશાખા માટે જો ડીનને જ વહીવટી તેમ જ બધી બાબતો માટે જવાબદાર પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે અનુ. નિયમ નં. ૨૩(એ)ના સંદર્ભમાં નીમવામાં આવે અને તે કેન્દ્રોના આંતરિક વહીવટ માટે તેમણે સૂચવેલા ડૉક્ટરોને ઇન-ચાર્જ તરીકે માન્ય રાખીએ એવું સિન્ડિકેટના ઠરાવને અનુલક્ષીને આ વિદ્યાશાખા માટે ખાસ અપવાદરૂપે વિચારવું કે કેમ તે પણ પ્રશ્ન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ માટે નીચે મુજબ ત્રણ કેન્દ્રો રાખવાં:

(અ) (૧) મેડિસિન

(૨) સર્જરી

(૩) મિડવાઇફરી અને ગાયનેકોલોજી.

(બ) અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે સામાન્ય રીતે જે તે કૉલેજ કે સંસ્થામાં કામ કરતા પૂરા સમયના શિક્ષકોને જ નીમવાનું રાખવું.

(ક) ઉપર (અ) અને (બ)ને અનુલક્ષીને અનુસ્નાતક કેન્દ્રો રચવા માટે અને તેના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા માટે જે તે કૉલેજ–સંસ્થા પાસેથી પ્રસ્તાવો મગાવવા.

૨૮. નીચેના સભ્યોનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત:

ક્રમાંક	નામ, હોદ્દો તથા વિભાગ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એન. બી. ચાવડા, પટાવાળા, યુનિવર્સિટી ગ્રંથાલય	તા. ૧૭-૧-૧૯૬૫	તા. ૧૮-૧-૧૯૬૫
૨.	શ્રી. જે. ડી. પરમાર, કોપીહોલ્ડર, યુનિવર્સિટી પ્રેસ	તા. ૧૦-૧-૧૯૬૫	તા. ૧૧-૧-૧૯૬૫
૩.	શ્રી. પીટર એમ. મેકવાન, પટાવાળા, વિજ્ઞાનવિદ્યા ભવન	તા. ૨૮-૧-૧૯૬૫	તા. ૨૯-૧-૧૯૬૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

૧. શ્રી એન. બી. ચાવડા, પટાવાળા, યુનિવર્સિટી ગ્રંથાલયને એક માસની નોટિસ આપી છૂટા કરવા.
૨. શ્રી. જે. ડી. પરમારને તા. ૧૧-૧-૧૯૬૫થી યુનિવર્સિટી પ્રેસમાં કોપીહોલ્ડર તરીકે કાયમ કરવા.
૩. શ્રી. પીટર એમ. મેકવાનને તા. ૨૯-૧-૧૯૬૫થી વિજ્ઞાનવિદ્યા ભવનમાં પટાવાળા તરીકે કાયમ કરવા.

૨૯. ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનને ટ્રેડ યુનિયન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૪૭ની જોગવાઈ મુજબ માન્ય સંઘ ગણવા અંગેની ઉપરોક્ત યુનિયનના માનદ સામાન્ય મંત્રીના તા. ૭-૧૦-૧૯૬૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની શૈક્ષણિક સંસ્થા એ ઉદ્યોગ નથી અને તેથી સદરહુ યુનિયનને માન્ય કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી, એ મતલબનો જવાબ સદરહુ યુનિયનના મંત્રીને મોકલવો.

૩૦. શ્રી. પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ (ભાવનગર)એ તૈયાર કરેલ લખાણ ('ગુજરાતનાં પંખીઓ')નું પ્રકાશન ગુજરાત યુનિવર્સિટી કરે એવા ડૉ. ય. ગુ. નાયકના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પ્રસ્તુત લખાણમાં લગભગ ૨૨૫ પંખીઓ વિષે પરિચય આપવામાં આવ્યો છે. લેખકનો પુરસ્કાર બાદ કરતાં સદરહુ પુસ્તકનું અંદાજી પ્રકાશનખર્ચ રૂા. ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હસ્તપ્રત યુનિવર્સિટીના પ્રકાશન માટે સ્વીકારવી નહિ.

૩૧. નીચે જણાવેલ કૉલેજો તેની સામે જણાવેલ વિષયોમાં જૂન ૧૯૬૪થી જોડાણ નહિ હોવા છતાં, સદરહુ વિષયો શીખવે છે તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજ	જેમાં જોડાણ નથી તે વિષયો
૧.	ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર	બી.એ. (સમો.) અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા ઇતિહાસ.
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બારડોલી	બી.એસસી. (જન.)માં ગણિત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરનો ખુલાસો આવ્યેથી તે સાથે આ બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બારડોલીમાં બી.એસસી.માં ગણિત(જનરલ)ના વિષય માટે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને તે વિષયમાં જોડાણની બાબતને ધોરણસર (Regularised) ગણવી.

૩૨. યુનિવર્સિટીનો ૧૯૬૩-૬૪નો ૧૪મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિએ તૈયાર કરેલ સદરહુ અહેવાલના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલના મુસદ્દામાં ઘટતા સુધારાવધારા કરીને તે મંજૂર કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(અહેવાલમાં સુધારાવધારા અંગે સમિતિની એક અવિધિસરની સભા બોલાવવી)

૩૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૪થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— અંગ્રેજીના તથા ગણિતના વ્યાખ્યાતાઓની નિમણૂકો હજુ કરવામાં આવી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જણાવવું કે, સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન પૂરેપૂરું થાય નહિ ત્યાં સુધી જોડાણ આપવા માટે ભલામણ કરી શકાશે નહિ.

૩૪. નવસારી મુકામે જૂન ૧૯૬૫થી ખેતીવાડી કૉલેજ શરૂ કરવા માટે ગુજરાત રાજ્યના કૃષિસંચાલક તરફથી આવેલ જોડાણ માગતી અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી:

(૧) ડૉ. સી. સી. શાહ
(૨) ડૉ. એમ. ડી. પટેલ, વલ્લભવિદ્યાનગર

(ડૉ. એમ. ડી. પટેલ આ કામ સ્વીકારી શકે નહિ તો શ્રી. એમ. કે. દેસાઈને તેમની જગ્યાએ નીમવા.)

૩૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડામાં બીજું સત્ર શરૂ થયું હોવા છતાં યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરાઈ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે શ્રી. એલ. વી. ઉપાધ્યાયને ફક્ત ચાલુ સત્ર પૂરતી જ પરવાનગી આપવી, અને આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભથી યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૬. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં મનોવિજ્ઞાનના અંડ સમયના વ્યાખ્યાતા શ્રી. એચ. ડી. પાઠકને માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. પાઠક બી.એ., તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર સાથે બીજો વર્ગ, અને એમ.એ., સંપૂર્ણ તત્ત્વજ્ઞાન સાથે બીજો વર્ગ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. ડી. પાઠકને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે માન્ય કરી શકાય નહિ, અને તેથી તેમની જગ્યાએ યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરીને તાકીદે યુનિવર્સિટીને રિપોર્ટ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૩૭. બીજી અભ્યાસસમિતિ તરીકે ગ્રંથાલયશાસ્ત્ર એનાયત કરવા અંગે પુનર્વિચારણા કરવાની અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્ય શ્રી. કે. એન. શાહને ગ્રંથાલયશાસ્ત્રનું સભ્યપદ આપવાની વિનંતી માન્ય કરવી નહિ.

૩૮. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) દરેક પ્રૅક્ટિકલ પરીક્ષામાં દરેક વિદ્યાર્થીની વ્યક્તિગત પરીક્ષા લેવી. પ્રથમ વર્ષના વિદ્યાર્થી દીઠ ૨૦ મિનિટ, બીજા વર્ષના વિદ્યાર્થી દીઠ ૩૦ મિનિટ, તથા ત્રીજા વર્ષના વિદ્યાર્થી દીઠ ૧ (એક) કલાકનો સમય રાખવો.

(૨) સંગીત અને નાટ્યની લેખિત પરીક્ષાઓમાં ઓછામાં ઓછા એક અધ્યાપક કક્ષાના કલાના શિક્ષકને મૂકવા.

(૩) લલિતકળાની આ અભ્યાસસમિતિનું એવું સૂચન છે કે, જનરલ એજ્યુકેશનના લલિતકળાના વિષયો શીખવવા માટે યુનિવર્સિટી તરફથી દરેક કૉલેજને તે વિષયના નિષ્ણાતનું માર્ગદર્શન લેવા માટે સૂચન કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. (૧) ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી, અને ભલામણ નં. (૨) અને (૩)ની નોંધ લેવી.

૩૯. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૬૪ની સભામાં આ યુનિવર્સિટીની સને ૧૯૬૫ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર જુદી જુદી પરીક્ષાઓનાં કેન્દ્રો અંગે તથા કાર્યક્રમ નક્કી કરવા અંગે નવી આવેલી અરજીઓ વગેરે તપાસી તે અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા માટે જે સમિતિ નીમી હતી તેની તા. ૨૬-૧૧-૧૯૬૪ની સભાના કામકાજની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) જે પરીક્ષાઓ માટે આ પહેલાં કેન્દ્રો રાખવામાં આવ્યાં હોય તે કેન્દ્રો ચાલુ રાખવાં;

(૨) કોઈ પણ એક કેન્દ્રમાં એક સાથે લેવાતી પૂર્વસ્નાતક પરીક્ષાઓમાં ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓ બેસતા હોય અને પ્રશ્નપત્રો કાઢવા માટે જરૂરી સગવડ હોય તો તેની ખાતરી કરીને કેન્દ્રો આપવાનો સિદ્ધાંત સામાન્ય રીતે સ્વીકારવો;

(૩) અનુસ્નાતક પરીક્ષા માટે કોઈ નવું કેન્દ્ર રાખવું નહિ;

(૪) પ્રશ્નપત્રો છાપવાની વ્યવસ્થા માટે જરૂરી સગવડ છે કે કેમ તે જોવા માટે, જરૂર જણાય તો, કોઈને તપાસ કરવા માટે મોકલીને આખરી નિર્ણય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી;

(૫) ૧૯૬૫ અને તે પછી લેવાનાર પરીક્ષાઓ માટે આ સાથે જોડેલ પરિશિષ્ટ "ગ" મુજબ કેન્દ્રો, ઉપર નં. (૪)ને આધીન, રાખવાં.

૪૦. જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની આગામી પરીક્ષા માટે પરીક્ષકોની સંખ્યા તથા પ્રાશ્નિક-પરીક્ષકોનું મહેનતાણું નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સર્ટિફિકેટ કોર્સની જુનિયર પરીક્ષા માટે ચાલુ વર્ષે બે પરીક્ષકો, પરીક્ષા સમિતિની ભલામણને આધારે, નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી;

(૨) અંગ્રેજીના સીનિયર સર્ટિફિકેટની પરીક્ષા માટે બે પરીક્ષકો, પરીક્ષા સમિતિ અને એકેડેમિક કાઉન્સિલની ભલામણો આવ્યેથી, નીમવાનું રાખવું;

(૩) સદરહુ પરીક્ષા માટે પ્રાશ્નિક/પરીક્ષકોના મહેનતાણાના દર નીચે મુજબ રાખવા:

જુનિયર સર્ટિફિકેટ કોર્સ

ત્રણ કલાક માટેનો પ્રશ્નપત્ર કાઢવા માટે પ્રાશ્નિકને આપવાના	...	રૂા.	૬૦-૦૦
બે કલાકનો પ્રશ્નપત્ર કાઢવા માટે પ્રાશ્નિકને આપવાના	...	રૂા.	૪૦-૦૦
ઉત્તરપત્ર તપાસવાના — દરેક ઉત્તરપત્ર દીઠ	...	રૂા.	૧-૦૦

સીનિયર સર્ટિફિકેટ કોર્સ

ત્રણ કલાકનો પ્રશ્નપત્ર કાઢવા માટે પ્રાશ્નિકને આપવાના	...	રૂા.	૬૦-૦૦
ઉત્તરપત્ર તપાસવાના — દરેક ઉત્તરપત્ર દીઠ	...	રૂા.	૧-૨૫ પૈસા

અને

મૌખિક પરીક્ષા માટે વિદ્યાર્થી દીઠ ૫૦ પૈસાનો દર મંજૂર કરવો.

૪૧. તબીબી વિદ્યાશાખાની જુદા જુદા વિષયોની પ્રાયોગિક પરીક્ષા વખતે લેબોરેટરી સ્ટાફ, વિષયો વગેરેની નિમણૂકો કરવાની તથા તેમનાં મહેનતાણાં ચૂકવવા અંગેની જવાબદારી જે તે પરીક્ષાના આવાહકની હોઈ તે મુજબ હાલની પ્રથામાં જરૂરી ફેરફાર કરવા અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીન તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) તબીબી વિદ્યાશાખામાં પ્રાયોગિક પરીક્ષા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લેબોરેટરી સ્ટાફ જે તે કૉલેજના આચાર્યે નીમવાનો રહેશે;

(૨) પ્રાયોગિક પરીક્ષા માટે દર્દીઓની પસંદગી પરીક્ષા મંડળના અધ્યક્ષ કે આવાહકે કરવાની રહેશે;

(૩) પરીક્ષા અંગેનાં બિલો પરીક્ષક મંડળના અધ્યક્ષ કે આવાહકે કરીને પ્રામાણિત કરવાનાં રહેશે;

(૪) લેબોરેટરી સ્ટાફ તથા દર્દીને મહેનતાણું, જરૂરી પહોંચ લઈને, ચૂકવવાનું કામ કૉલેજના આચાર્યે કરવાનું રહેશે;

(૫) કૉલેજના આચાર્યે અને પરીક્ષક મંડળના અધ્યક્ષ કે આવાહકે એકબીજાના સહકારમાં કામ કરવું જોઈશે.

૪૨. સિન્ડિકેટે તેની તા. ૩-૧૦-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર (૧) એમ. ટી. બી. કૉલેજ, સુરત, (૨) સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત, અને (૩) એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યો તથા ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના અધ્યક્ષને વર્ષ ૧૯૬૨-૬૩ના અંતે રહેલ અનુસ્નાતક કેન્દ્રની અચત મોકલી આપવા જણાવેલું. તેના જવાબમાં ઉપરની કૉલેજો અને સંસ્થાના આચાર્યો-અધ્યક્ષ તરફથી આવેલ તારીખ ૧૫-૧૧-૧૯૬૪ના રોજ સુરત મુકામે મળેલ સભાના સંઅંધકર્તા ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે કાર્યાલયની નોંધ સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪૩. તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક પદવી માટે રજિસ્ટર થનાર વિદ્યાર્થીને જો હાઉસપોસ્ટ કે રજિસ્ટ્રાર તરીકેની નિમણૂક મળી હોય તો ઑર્ડિ. ૨૮૨ અને રદ્દ૫ અનુસાર અનુક્રમે એમ.ડી. અને એમ.એસ. માટે એક સત્ર મજરે મળે છે તે મુજબ એમ.ડી. પદવી બ્રાન્ચ ૭ માટે રજિસ્ટર થનાર વિદ્યાર્થીને પણ જો રેસિડેન્ટ એનેસ્થેટિસ્ટ તરીકે જગ્યા મળી હોય અને આ યુનિવર્સિટીમાં તે પદવી અને વિષય માટે રજિસ્ટર થયા હોય તો રેસિડેન્ટ એનેસ્થેટિસ્ટની જગ્યાને હાઉસપોસ્ટ કે રજિસ્ટ્રારની જગ્યા બરાબર ગણવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ડી., બ્રાન્ચ ૭ માટે રેસિડેન્ટ એનેસ્થેટિસ્ટ તરીકેના અનુભવને હાઉસપોસ્ટ કે રજિસ્ટ્રારની જગ્યાના અનુભવ તુલ્ય ગણવાનું રાખવું, અને તે પ્રમાણે ઑર્ડિ. ૨૮૨ અને રદ્દપમાં ઘટતા સુધારા કરીને તેના મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૪૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે, આચાર્યની ભલામણ પરથી, શ્રી. એસ. એમ. શાહની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદનો વહીવટ ગુજરાત કેળવણી ટ્રસ્ટને બદલે ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદને સોંપવા અંગેના બન્ને ટ્રસ્ટો તરફથી આવેલ પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૬. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજમાં પૂરા સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકને બંડ સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે શ્રી. સી. આર. શાહને કાર્ય કરવાની પરવાનગી આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. સી. આર. શાહ સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં બંડ સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરે છે અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં શ્રી. સી. આર. શાહને અર્થશાસ્ત્રના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે, તેમનો કુલ કાર્યભોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે વધે નહિ તે શરતે, કામ કરવા માટે પરવાનગી આપવી.

૪૭. ફાઇનાન્સ સમિતિની તા. ૩-૧૨-૧૯૬૪ની સભાની ભલામણ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૩-૧૨-૧૯૬૪ની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૧૨-૧૯૬૪ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૮. ન્યુક્લિયર ફિઝિક્સ અને સોલિડ સ્ટેટ ફિઝિક્સ અંગેનો પરિસંવાદ કલકત્તા મુકામે તા. ૮થી ૧૨ ફેબ્રુઆરી ૧૯૬૫ દરમિયાન યોજનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા ભારત સરકારના અણુશક્તિ વિભાગના નાયબ મંત્રીશ્રીના તા. ૨૬-૧૧-૧૯૬૪ના પત્રાંક ૧૯-૩-૬૪-જી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૪૯. માર્ચ-એપ્રિલ અને ઑક્ટોબર ૧૯૬૪માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરરીતિઓ અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૪ની નોંધ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૫૦. જાન્યુઆરી ૧૯૬૫માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા માટે પ્રાશ્નિક-પરીક્ષકો નક્કી કરવા તા. ૩-૧૨-૧૯૬૪ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાની પરીક્ષા સમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો અનુસાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક કરવી.

(મંજૂર કરવામાં આવેલ નિમણૂકોની યાદી આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૫૧. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૬૪ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૬-૧૧-'૬૪ના રોજ મળેલ સભાની ભલામણ અન્વયે સને ૧૯૬૫ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર યુનિવર્સિટીની પરીક્ષાઓ પૈકી કેટલીક પરીક્ષાઓ ઓ. ૧૨૬માં દર્શાવેલ તારીખે શરૂ ન કરતાં કાર્યાલયે સૂચવેલ તારીખોએ શરૂ કરવાના કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

સમિતિની ભલામણ નીચે મુજબ છે:

"પરીક્ષાનો કાર્યક્રમ ઑ. ૧૨૯ પ્રમાણે ગોઠવવાનું મુશ્કેલ છે એમ કાર્યાલય તરફથી રજૂ થતાં કાર્યાલયે અનુકૂળ તારીખો સૂચવી સિન્ડિકેટની મંજૂરી મેળવી લેવી અને ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનના બી.ઈ.ની પરીક્ષાઓ મોડી લેવા બાબતના પત્રનો પણ તેમાં યોગ્ય વિચાર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર પરીક્ષાઓનો પ્રારંભ આ સાથે જોડેલ પરિશિષ્ટ "ચ"માં જણાવેલ તારીખો અનુસાર કરવાનો રાખવો.

૫૨. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૧૯-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આ અભ્યાસસમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ભારતમાં નિમંત્રાતા, ફુલબ્રાઇટ વિદ્વાનોનો લાભ ગુજરાત યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાનના અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને મળે તે આશયથી તેવા વિદ્વાનોને નિમંત્રણ આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

બાબત નં. ૫૩ અને ૫૪ની વિચારણા એકસાથે કરવામાં આવી હતી.

૫૩. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ ઑર્ડિ. ૧૩૫-એ ને સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની વિચારણા માટે ફરીથી આપેલ મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત;

અને

૫૪. સંલગ્ન કૉલેજોના એન.સી.સી. તાલીમમાં જોડાયેલ વિદ્યાર્થીઓ માટે તાલીમનાં ત્રણ વર્ષ દરમિયાન યોજાનાર બે વાર્ષિક શિબિરમાં તેમની હાજરી ફરજિયાત કરવા માટે એન.સી.સી. ડિરેક્ટર જનરલના તા. ૨-૧૦-૧૯૬૪ના પત્રાંક ૩૭૭૮-એન.સી.સી.-સી.ઓ.ઓ.આર.ડી. (ડી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી, અને તે બાબત આગામી સભાગૃહ સમક્ષ વિચારણા માટે આવે ત્યારે એન.સી.સી.ના ડિરેક્ટરને હાજર રહેવા માટે વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તે દરમિયાન એન.સી.સી.ના ડિરેક્ટરનો પત્ર કૉલેજમાં પરિપત્રિત કરીને જે કેડેટો ઑક્ટોબરના શિબિરોમાં ભાગ લઈ શકયા ના હોય તેમને આગામી નાતાલની રજાઓના શિબિરોમાં ભાગ લેવા માટે ઘટતી સૂચના આપવા આચાર્યને જણાવવું.

૫૫. યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ડિરેક્ટર તરફથી આવેલ તા. ૩૦મી ઑક્ટોબર ૧૯૬૪ના પત્રાંક એફ. ૧૦૧૩૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રમાં સૂચવ્યા પ્રમાણે પરદેશથી આવતા ફુલબ્રાઇટ પ્રોફેસરોને, યુનિવર્સિટીના પ્રોફેસરોના પગાર જેટલો ફાળો આપવાનું બની શકશે નહિ એ મતલબનો જવાબ સદરહુ ફાઉન્ડેશનના અધ્યક્ષને આપવો.

૫૬. સંલગ્ન કૉલેજોમાં ફીનું ધોરણ કેટલું રાખવું તે પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા અંગે નિમાયેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય-નિયામક તરીકે કામ કરતા શ્રી. કે. સી. જાની તા. ૨-૧૨-૧૯૬૪ના રોજ દેવલોક પામ્યા હોઈ, સદ્‌ગત શ્રી. જાનીની પ્રોવિડન્ટ ફંડની રકમ પોતાને પરત આપવા અંગે તેમનાં પત્નીની તા. ૩-૧૨-૧૯૬૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જાની યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૫-૧-૧૯૫૧ના રોજ જોડાયા હતા અને તા. ૨-૧૨-૧૯૬૪ના રોજ દેવલોક પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલય-નિયામક શ્રી. કે. સી. જાનીનાં પત્નીને, સદ્‌ગત શ્રી. કે. સી. જાનીના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીના ફાળા સહિત, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર, આપવી.

૫૮. યુનિવર્સિટી કાર્યાલયમાં, કાર્યાલય-નિયામક તરીકે કામ કરતા શ્રી. કે. સી. જાની તા. ૨-૧૨-૧૯૬૪ના રોજ દેવલોક પામ્યા હોઈ, સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેજ્યુઈટી આપવા અંગે તેમનાં પત્નીની તા. ૩-૧૨-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જાની યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૫-૧-૧૯૫૧ના રોજ જોડાયા હતા અને તા. ૨-૧૨-૧૯૬૪ના રોજ દેવલોક પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલય-નિયામક શ્રી. કે. સી. જાનીનાં પત્નીને, સદ્‌ગત શ્રી. કે. સી. જાનીના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૫૯. ભારત સરકારના શિક્ષણખાતા તરફથી શિક્ષણશાસ્ત્રના વિષયમાં પત્રવ્યવહાર પર શિક્ષણ(Corresponding Courses)ની બાબતમાં આવેલ તા. ૨૦-૧૧-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી. દરમિયાન તેના સ્વીકાર અંગે ઉપકુલપતિશ્રીએ આપેલા વચગાળાના જવાબની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૬/૪૩૫૭૨/૧૯૬૪.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

ડિસેંબર ૨૮, ૧૯૬૪.
પૌષ ૭, ૧૮૮૬ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
ઠરાવઠાજ ક્રમાંક ૧૬

AGREEMENT MADE THIS day of.....between the Gujarat University, Ahmedabad, hereinafter referred to as the 'Employers' (which expression shall, wherever the context so requires or admits, include their successors and assignees) of the one part and Hasmukh C. Patel, Hindu, resident of Ahmedabad, and carrying on business as Architects under the name of 'M/s. Hasmukh C. Patel' at Gajjar's Bungalow, Astodia Road, Ahmedabad, hereinafter referred to as 'The Architect' (which expression shall, wherever the context so requires or admits, include their respective heirs, executors, administrators and assignees) of the other part.

WHEREAS the Employers are desirous for construction of a Teachers' Hostel 'project' (hereafter referred to as the 'project') of obtaining the services of the Architects to get the project constructed and whereas the Architects on the terms and conditions hereinafter set out.

NOW, THEREFORE, THIS AGREEMENT WITNESSETH AND THE EMPLOYERS do hereby agree with the Architects:

1. That they, employers, will pay to the Architects as follows:

Terms:

The Employer will pay to the Architect a sum equalling three per cent of the project for his services as Architect. The amount payable to the Architect as aforesaid shall be paid to him on the following basis:

(*i*) Preparing sketch design according to requirements (*ii*) Making $\frac{1}{8}$" scale plans (Floor plan Elevation & Sections)	1% (one per cent) of the cost.

(*iii*) Preparing ½" and full size details (*iv*) Preparing approximate estimate (bills of quantities) (*v*) Inviting tenders and advising upon the same	1% (one per cent) of the cost.
(*vi*) Supervising the works and giving instructions to the Clerk of works and Contractors (*vii*) Checking and certifying the bills of the Contractors	1% (one per cent) of the actual cost.

The amount payable to the Architects as aforesaid shall be paid to them from time to time as the work of preparing plans, etc., proceeds as stated above. The final fee of 3 % will be adjusted as per the actual cost of works.

AND the Architects do, in consideration of the covenant aforesaid, hereby undertake and agree with the Employers —

2. That they, the Architect, shall take all instructions, prepare preliminary plans, final and detailed plans, a bill of quantities, prepare requirements of steel and cement, assist to obtain the N.A. permission, advice to prepare necessary tender forms, specifications and conditions of contract for the purpose of obtaining tenders and advise on all tenders and in the preparation of all contracts, select and instruct consultants, furnish to all contractors and the Employers all copies of plans, specifications and conditions, render all services in the construction of the project, measure, check materials, workmanship, value and issue all certificates for payments and pass and certify all accounts and generally perform each and all duties including getting the plans passed by and obtaining occupancy certificate from Municipal Corporation and performing all such other formalities and duties necessary for the completion of construction and occupation of the building or buildings. Whatsoever as Architects incidential to the carrying out and completion of the project without any extra charge whatever and shall be responsible for seeing that the completed project is handed over to the satisfaction of the Vice-Chancellor of the Gujarat University in Ahmedabad.

3. The Architect shall prepare the plans and estimates for minor alterations and variations in the works to be carried out and he shall advise the Employers for setting the rates of extra items.

4. AND it is hereby mutually agreed between the parties :

(1) That the Architects has authority to give such order on behalf of the Employers as are necessitated in the Employers' interests by constructional emergencies without increasing any cost to the Employers and in accordance with the conditions of the Contract.

(2) The Architect is empowered to make such deviations, alterations, additions and omissions as they may reasonably consider desirable in the Employers' interests in carrying out the works provided that no addition to the cost of the Contract is caused thereby and with the permission of the Employers.

(3) That all drawings, specifications and documents prepared by the Architect shall remain their property, the copyright in the same being reserved to them.

(4) The Architect shall supply two copies of the final plans when the building is completed.

(5) Architect shall be totally responsible for the construction of the project.

AND it is further agreed that this engagement may be terminated by either party by giving one month's notice.

In witness the parties hereto have hereunto set their hands..... .....the day and year first above written.

Signed by : On behalf of the Gujarat University.

in the presence of :

1.

Signed by :

in the presence of : Architect.

1.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧૭

નાતાલની રજાઓમાં યોજવા ધારેલ બહેનો માટેના પર્વતારોહણ તાલીમ શિબિરની યોજના અને ખર્ચની વિગત

સમય : નાતાલની રજાઓ દરમિયાન (તા. ૨૬મી ડિસેંબર, ૧૯૬૪થી ૨જી જાન્યુઆરી, ૧૯૬૫)

સ્થળ : માઉન્ટ આબુ

સંખ્યા : આશરે ૫૦ (ઑક્ટોબરના શિબિર માટે મગાવેલાં નામોમાંથી પસંદ કરવાની).

સંચાલકો : (૧) શ્રી. વી. પી. મહેતા અને તેમના મદદનીશ
(૨) શ્રી. પંડ્યા અને તેમનાં સીનિયર કોઈ બહેન તાલીમ દેનાર.

તાલીમ આપનાર : યુનિવર્સિટીના શિબિરોમાંથી તાલીમમાં જે બહેનો શ્રેષ્ઠ લાગી હોય તેમાંથી અને પરિભ્રમણ સંસ્થાના શિબિરોમાંથી તાલીમમાં જે બહેનો શ્રેષ્ઠ હોય અને એક્સપીડિશનના સભ્યોમાંથી અમુક બહેનો, તે પ્રમાણે શ્રી. પંડ્યાની સાથે ચર્ચી પસંદ કરવાં.

ખર્ચની અંદાજી વિગતો

૫૦ બહેનોનો દિવસના રૂા. ૪-૦૦ લેખે રહેવા તથા જમવાનો ૮ દિવસનો અંદાજી ખર્ચ	...	રૂા.	૧,૭૫૦-૦૦
૧૦ ઇન્સ્ટ્રક્ટરોનો ૮ દિવસનો રૂા. ૪-૦૦ લેખે રહેવા તથા જમવાનો ખર્ચ	...	રૂા.	૩૪૦-૦૦
૫૦ બહેનોનું ત્રીજા વર્ગનું રેલવે ભાડું તથા બસ ભાડું — આવવા તથા જવાનું	...	રૂા.	૭૦૦-૦૦
શિબિર ઇન ચાર્જનું પહેલા વર્ગનું આવવાજવાનું રેલવે ભાડું	...	રૂા.	૧૦૦-૦૦
૧૦ ઇન્સ્ટ્રક્ટરોનું બીજા વર્ગનું આવવાજવાનું રેલવે ભાડું તથા બસ ભાડું અને રસ્તાના ખર્ચ અંગે વધારાનું એક બીજા વર્ગનું રેલવે ભાડું	...	રૂા.	૪૦૦-૦૦
પરચૂરણ ખર્ચ, દવાદારૂ, બીજણી, સફાઈ, ફોટોગ્રાફી, વાહન, મજૂરી વગેરે	...	રૂા.	૫૦૦-૦૦
૫૦ બહેનો તથા ૧૦ ઇન્સ્ટ્રક્ટરો — ૬૦ માણસોના બુટના રૂા. ૧૫-૦૦ લેખે ખર્ચ	...	રૂા.	૯૦૦-૦૦
		રૂા.	૪,૬૪૦-૦૦
૫૦ બહેનો તરફથી રૂા. ૧૫ + ૧૦ = ૨૫ની આવક	...	રૂા.	૧,૨૫૦-૦૦
	કુલ	રૂા.	૩,૩૯૦-૦૦

(નોંધ.— આ ખર્ચ માટે બીજી વધારાની રકમ મંજૂર કરવાની નથી, પરંતુ શિબિર-ખર્ચ મંજૂર કરવામાં આવેલ રૂા. ૨૫,૦૦૦માંથી જ કરવાનો છે.

એપ્રિલ-મે પર્વતારોહણ શિબિર, યુવક-નેતા-તાલીમ-શિબિર અને ઑક્ટોબરનો પર્વતારોહણ શિબિર વગેરેનો કુલ ખર્ચ આશરે રૂા. ૧૫,૦૦૦નો થયો છે.)

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૯

સને ૧૯૬૫ના પ્રથમ છ માસ દરમિયાન જુદાં જુદાં કેન્દ્રો પર લેવાનાર પરીક્ષાઓ માટે જે સ્થળોએ કેન્દ્ર નથી તથા નવાં કેન્દ્રો ખોલવા માટે નીચે પ્રમાણે અરજીઓ આવી છે તેની યાદી :

ક્રમાંક	અરજી કરનાર કૉલેજનું નામ	કઈ પરીક્ષા માટે કેન્દ્રની માગણી છે	પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થી-ઓની સંખ્યા	પરીક્ષામાં બેસનાર એકસ. વિદ્યાર્થીઓની સંખ્યા	સમિતિનું સૂચન
૧	૨	૩	૪	૫	૬
૧.	ધી બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુર	પ્રી-યુનિ. આર્ટ્સ	૧૦૫	૧૦	કેન્દ્ર આપવા ભલામણ છે.
૨.	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. વિજ્ઞાન	૩૬ ૬૧	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩.	માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર	બી.એડ.	૫૫	—	કેન્દ્ર આપી શકાય.
૪.	સામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર	એમ.એ. એમ.એસસી. એમ.કૉમ.	૯૦ ૧૫ ૭૫	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૫.	શેઠ હરગોવનદાસ જીવણદાસ લૉ કૉલેજ, ભાવનગર	પ્રથમ એલએલ.બી. બીજી એલએલ.બી.	૧૫૦ ૧૨૫	—	ગયે વર્ષે કેન્દ્ર હતું, માટે ચાલુ વર્ષે કેન્દ્ર ચાલુ રાખવું.
૬.	ભવન કૉલેજ, ડાકોર	પ્રી-યુનિ. વિનયન એફ.વાય.બી.એ.	૧૫૦ ૭૦	—	કેન્દ્ર હતું, માટે ચાલુ રાખવું.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી.	૭૫ ૯૦	—	કેન્દ્ર આપી શકાય નહિ.
		પ્રી-યુનિ. વિજ્ઞાન એફ.વાય.બી.એસસી.	૨૧૦ ૧૧૦	—	કેન્દ્ર હતું, માટે ચાલુ રાખવું.

૧	૨	૩	૪	૫	૬
૭.	મહારાજા શ્રી. ભગવત-સિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. કૉમર્સ	૮૪ ૬૪	—	કેન્દ્ર આપી શકાય.
૮.	યુવરાજ સુભગસિંહ આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	પ્રી-યુનિ. આર્ટ્સ	૪૮	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૯.	પેટલાદ કૉલેજ, પેટલાદ	એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી.	૫૫ ૫૭	—	કેન્દ્ર આપી શકાય નહિ.
		બી.એ. બી.એસસી.	૬૨ ૨૮	૧૦ ૧૮	સંખ્યા ઓછી છે માટે કેન્દ્ર આપી શકાય નહિ.
૧૦.	શ્રી. જીવણલાલ એમ. શાહ કૉલેજ, જંબુસર	પ્રી-યુનિ. આર્ટ્સ	૧૦૭	—	એસ.એસ.સી.નું કેન્દ્ર નહિ હોવાથી કેન્દ્ર આપી શકાય નહિ.
૧૧.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	એફ.વાય.બી.એ.	૩૦	—	સંખ્યા ઓછી છે માટે કેન્દ્ર આપી શકાય નહિ.
૧૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. કૉમર્સ	૫૫ ૨૭	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૧૩.	દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. કૉમર્સ એફ.વાય.બી.એ.	૮૩ ૪૨ ૨૫	— — —	કેન્દ્ર આપી શકાય. કેન્દ્ર આપી શકાય નહિ.
૧૪.	નવયુગ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર	પ્રી-યુનિ. આર્ટ્સ એફ.વાય.બી.એ.	૧૦૬ ૮૫	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એસ.વાય.બી.એ. બી.એ.	૬૬ ૫૮	—	કેન્દ્ર આપી શકાય નહિ.
		પ્રી-યુનિ. કૉમર્સ એફ.વાય.બી.કૉમ.	૧૦૮ ૪૭	—	કેન્દ્ર આપી શકાય.
		એસ.વાય.બી.કૉમ. બી.કૉમ.	૩૦ ૩૪	—	કેન્દ્ર આપી શકાય
૧૫.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી	એફ.વાય.બી.એ. એફ.વાય.બી.એસસી. એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી.	૭૫ ૧૨૦ ૧૭ ૬૮	— — — —	કેન્દ્ર આપી શકાય. કેન્દ્ર આપી શકાય નહિ.

૧	૨	૩	૪	૫	૬
૧૬.	ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ	પ્રી-યુનિ. આર્ટ્સ	૧૨૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		પ્રી-યુનિ. સાયન્સ	૨૪૪	—	
		એફ.વાય.બી.એ.	૬૨	—	
		એફ.વાય.બી.એસસી.	૧૭૦	—	
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એસસી. (પ્રિન્સિ. અને સબ્સિ.)	૩૦ ૧૦૧ ૩૮	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૧૭.	શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી.	૬૫ ૯૦	—	કેન્દ્ર આપી શકાય નહિ.
		બી.એ. બી.એસસી.	૫૦ ૫૦	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૧૮.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	એસ.વાય.બી.એ.	૧૭૫	—	બી.એ.,બી.એસસી. માટે કેન્દ્ર છે તેથી કેન્દ્ર આપી શકાય.
		એસ.વાય.બી.એસસી.	૨૨૦	—	
૧૯.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. વિજ્ઞાન	૧૫ ૭૫	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૨૦.	શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ અને શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ	પ્રી-યુનિ. આર્ટ્સ	૧૫૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એફ.વાય.બી.એ.	૧૫૦	—	
		એસ.વાય.બી.એ.	૧૦૦	—	કેન્દ્ર આપી શકાય.
		બી.એ.	૧૦૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		પ્રી-યુનિ. કૉમર્સ	૭૫	—	કેન્દ્ર આપી શકાય.
૨૧.	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	પ્રી-યુનિ. આર્ટ્સ	૧૪૬	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		પ્રી-યુનિ. સાયન્સ	૩૭૫	—	
		એફ.વાય.બી.એ.	૮૮	—	
		એફ.વાય.બી.એસસી.	૨૧૩	—	
		એસ.વાય.બી.એ.	૭૧	—	કેન્દ્ર આપી શકાય.
		એસ.વાય.બી.એસસી.	૧૮૫	—	
		બી.એ. બી.એસસી.	૪૨ ૭૮	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
૨૨.	સૈફી [illegible]બિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	એસ.વાય.બી.એ. એસ.વાય.બી.કૉમ. બી.એ. બી.કૉમ.	૨૯ ૫૬ ૧૬ ૩૪	—	કેન્દ્ર આપી શકાય નહિ.

૧	૨	૩	૪	૫	૬
૨૩.	દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા	એસ.વાય.બી.એ. બી.એડ.	૫૫	—	એસ.વાય.બી.એ.ની પરીક્ષા માટે કેન્દ્ર આપી શકાય નહિ. પરંતુ બી.એડ.ની ફક્ત પ્રાયોગિક પરીક્ષા માટે કેન્દ્ર આપવું.
૨૪.	એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એ. બી.એસસી.	૪૧ ૯૩ ૧૫ ૪૬	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૨૫.	શાહ શ્રેયાંસપ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંગધ્રા	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. કૉમર્સ	૬૦ ૬૧	—	એસ.એસ.સી.નું કેન્દ્ર નહિ હોવાથી કેન્દ્ર આપી શકાય નહિ.
૨૬.	શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	પ્રી-યુનિ. વિનયન એફ.વાય.બી.એ. પ્રી-યુનિ. વિજ્ઞાન એફ.વાય.બી.એસસી.	૧૦૮ ૪૯ ૨૭૩ ૭૭	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એ. બી.એસસી.	૩૨ ૭૫ ૧૭ ૨૮	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૨૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	એફ.વાય.બી.એ. એફ.વાય.બી.એસસી.	૩૭ ૬૪	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૨૮.	શ્રી. મહારાજા રાજેન્દ્ર-સિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. વિજ્ઞાન એફ.વાય.બી.એ. એસ.વાય.બી.એ. એફ વાય.બી.એસસી. બી.એ.	૬૭ ૮૯ ૨૬ ૪૧ ૨૨ ૨૦	— —	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું. કેન્દ્ર આપી શકાય નહિ.
૨૯.	શ્રી. એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર	પ્રી-યુનિ. કૉમર્સ એફ.વાય.બી.કૉમ. બી.કૉમ.	૧૧૦ ૬૨ ૫૨	—	કેન્દ્ર આપી શકાય.
૩૦.	સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી	એફ.વાય.બી.એ. એફ.વાય.બી.કૉમ.	૪૫ ૨૫	—	કેન્દ્ર આપી શકાય નહિ.

૧	૨	૩	૪	૫	૬
૩૧.	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. કૉમર્સ	૬૪ ૩૮	—	કેન્દ્ર આપી શકાય.
		ફર્સ્ટ બી.એ.	૧૩	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩૨.	વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. સાયન્સ એફ.વાય. બી.એ. એફ.વાય.બી.એસસી.	૧૧૦ ૨૭૫ ૫૮ ૧૮૮	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એ. બી.એસસી.	૯૦ ૧૫૭ ૪૯ ૬૦	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩૩.	શ્રી. સોમનાથ કૉલેજ, વેરાવલ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. કૉમર્સ	૫૦ ૪૫	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એફ.વાય બી.એ. એફ.વાય.બી.કૉમ. એસ.વાય.બી.એ. એસ.વાય.બી.કૉમ.	૩૫ ૨૦ ૩૨ ૨૫	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩૪.	કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ અમરેલી	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. સાયન્સ એફ.વાય.બી.એ. એફ.વાય.બી.એસસી.	૮૫ ૧૬૨ ૬૭ ૯૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી એસસી. (ફક્ત લેખિત)	૪૪ ૪૮	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩૫.	શ્રીમતી ભીખુબેન ચંદુલાલ જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. સાયન્સ પ્રી-યુનિ. કૉમર્સ	૬૦ ૧૧૧ ૨૮	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું અને પ્રી-યુનિ. કૉમર્સની પરીક્ષા માટે પણ કેન્દ્ર આપી શકાય.
		એફ.વાય.બી.એ. એફ.વાય.બી.એસસી.	૫૯ ૭૦	—	કેન્દ્ર હતું માટે આપી શકાય.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એ. બી.એસસી.	૪૬ ૪૬ ૪૨ ૧૬	—	કેન્દ્ર આપી શકાય નહિ.

૧	૨	૩	૪	૫	૬
૩૬.	પી. ટી. સાયન્સ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. સાયન્સ એફ.વાય.બી.એ. એફ.વાય.બી.એસસી.	૧૦૦ ૧૯૮ ૩૬ ૯૮	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એ. બી.એસસી.	૪૩ ૮૫ ૩૫ ૩૭	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩૭.	આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ	પ્રી-યુનિ. આર્ટ્સ પ્રી-યુનિ. સાયન્સ પ્રી-યુનિ. કૉમર્સ	૧૦૫ ૧૩૦ ૨૮	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું; પ્રી-યુનિ. કૉમર્સની પરીક્ષા માટે પણ કેન્દ્ર આપી શકાય.
		એફ.વાય.બી.એ. એફ.વાય.બી.એસસી. એફ.વાય.બી.કૉમ.	૬૫ ૯૮	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું, અને એફ.વાય.બી.કૉમ.ની પરીક્ષા માટે પણ કેન્દ્ર આપી શકાય.
		એસ.વાય.બી.એ. એસ.વાય.બી.એસસી. બી.એ. બી.એસસી.	૫૨ ૪૫ ૩૫ ૨૩	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૩૮.	સાર્વજનિક લૉ કૉલેજ, સુરત	પહેલી એલએલ.બી. બીજી એલએલ.બી. ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ એન્ડ ટેક્સેશન એન્ડ પ્રૅક્ટિસ	૧૧૦ ૭૫ ૨૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
૩૯.	એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિ. એન્ડ ટેક્નોલોજી, સુરત	એફ.ઈ. એસ.ઈ. (સિવિલ) એસ.ઈ. (મિકે. અને ઇલે.) બી.ઈ. (સિવિલ) બી.ઈ. (મિકે.) બી.ઈ. (ઇલે.)	૧૨૦ ૧૮ ૫૩ ૧૧ ૨૭ ૨૧	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.

૧	૨	૩	૪	૫	૬
૪૦.	પી. ડી. એમ. કૉમર્સ કૉલેજ, રાજકોટ	પ્રી-યુનિ. કૉમર્સ	૪૭૫	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એફ.વાય.બી.કૉમ.	૨૨૫		
		એસ.વાય.બી.કૉમ.	૨૦૦	—	કેન્દ્ર આપી શકાય.
		બી.કૉમ.	૨૦૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એમ.કૉમ.	૪૫		
૪૧.	યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	પ્રી-યુનિ. વિનયન	૩૭	—	કેન્દ્ર આપી શકાય.
		એફ.વાય.બી.એ.	૩૪		
		એસ.વાય.બી.એ.	૫૪	—	કેન્દ્ર આપી શકાય નહિ.
		બી.એ.	૨૫		
૪૨.	મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	એસ.વાય.બી.એસસી.	૫૫	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૪૩.	શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી	પ્રી-યુનિ. કૉમર્સ	૪૩	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એફ.વાય.બી.કૉમ.	૨૨		
		એસ.વાય.બી.કૉમ.	૪	—	કેન્દ્ર આપી શકાય નહિ.
૪૪.	એમ. પી. શાહ મ્યુનિ. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, જામનગર	પ્રી-યુનિ.કૉમર્સ	૧૫૦	—	કેન્દ્ર હતું માટે ચાલુ રાખવું.
		એફ.વાય.બી.કૉમ.	૭૦		
		બી.કૉમ.	૭૦		
		પહેલી એલએલ.બી.	૬૦		
		બીજી એલએલ.બી.	૧૦૦		
		એસ.વાય.બી.કૉમ.	૫૦	—	કેન્દ્ર આપી શકાય.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૭

ફાઇનાન્સ સમિતિની તા. ૧૬-૧૧-૧૯૬૪ની સિન્ડિકેટને ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, નીચે પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલયના ઉપયોગ માટે લેખન-સામગ્રીની વસ્તુઓ, ડુપ્લિકેટિંગ કાગળો, કવરો વગેરે ખરીદવાં :

ક્રમાંક	વસ્તુનું નામ	જરૂરિયાત	વેપારીનું નામ	ભાવ રૂા. પૈ.
૧.	કાળી પેન્સિલ—"નેશનલ"	૬૦૦ નંગ	ઑલ-ઇન્ડિયા સ્ટેશનરી માર્ટ	૧૨-૭૫ (ગ્રોસના)
૨.	લાલ પેન્સિલ—ઑર્ડિનરી	૧૦૦ નંગ	,, ,, ,,	૧૫-૦૦ (,,)
૩.	કૉપિંગ પેન્સિલ—"માર્શલ"	૧૨૫ નંગ	સી. પટેલ ઍન્ડ કું.	૧૭-૨૦ (,,)
૪.	શૉર્ટહૅન્ડ બુક, ૨૦૦ પાનાંની	૪૦ નંગ	ઑલ-ઇન્ડિયા સ્ટેશનરી માર્ટ	૫-૪૦ (ડઝનના)
૫.	રબરબૅન્ડ	૬૦ પેકેટ્સ	મનુભાઈ લાલભાઈ ઍન્ડ કું.	૧-૬૦ (પેકેટના)
૬.	પેપર યુ ક્લિપ	૩૦૦ પેકેટ્સ	સી. પટેલ ઍન્ડ કું.	૨-૬૦ (,,)
૭.	બોસ્ટીચ પિન	૧૫૦ પેકેટ્સ	ધીરુભાઈ ઍન્ડ સન્સ	૦૦-૯૧ (,,)
૮.	ટાઇપ રિબન—લાલ તથા કાળી	૧૨ નંગ	,, ,, ,,	૨૮-૦૦ (ડઝનના)
૯.	,, અંગ્રેજી	૧૦૦ નંગ	,, ,, ,,	૨૮-૦૦ (,,)
૧૦.	,, ગુજરાતી	૫૦ નંગ	,, ,, ,,	૨૮-૦૦ (,,)
૧૧.	સ્ટેન્સિલ પેપર ફૂલ્સકૅપ	૫૦ પેકેટ્સ	જેસ્ટેટનર ડુપ્લિકેટિંગ કું.	૧૩-૦૦ (પેકેટના) વત્તા ટેક્સ તથા ૧૦ ટકા ડિસ્કાઉન્ટ
	,, ,, (કોરસ ઇકોનો. પ્રિન્ટ)	૭૫ પેકેટ્સ	મનુભાઈ લાલભાઈ ઍન્ડ કું.	૧૦-૧૦
૧૨.	સ્ટેન્સિલ પેપર ડબલ ફૂલ્સકૅપ	૧૫ પેકેટ્સ	જેસ્ટેટનર ડુપ્લિકેટિંગ કું.	૩૭-૫૦ (પેકેટના) વત્તા ટેક્સ તથા ૧૦ ટકા ડિસ્કાઉન્ટ
	(બ્રીફ કોરસ ડાય ટાઇપ)	૧૦ ,,	મનુભાઈ લાલભાઈ ઍન્ડ કું.	૩૧-૯૮
૧૩.	હાથે લખવાના સ્ટેન્સિલ પેપર	૬૦ પેકેટ્સ	જેસ્ટેટનર ડુપ્લિકેટિંગ કું.	૧૬-૦૦ (પેકેટના) વત્તા ટેક્સ તથા ૧૦ ટકા ડિસ્કાઉન્ટ

ક્રમાંક	વસ્તુનું નામ	જરૂરિયાત	વેપારીનું નામ	ભાવ રૂ. પૈ.
૧૪.	સ્ટૅમ્પ પેડ ઇંક "મીરા" ૪ ઔંસની	૧૨ બૉટલ્સ	મનુભાઈ લાલભાઈ ઍન્ડ કું.	૪–૨૪ (ડઝનના)
૧૫.	ફાઉન્ટનપેન ઇન્ક "મીરા" ૨૬ ઔંસ	૫૦ બૉટલ્સ	,, ,, ,, ,,	૩૦–૭૦ (ડઝનના)
૧૬.	ઑફિસ ફાઇલ, યુનિ.ના નામવાળી (આપણા નમૂના પ્રમાણે) (ટીટાધર ૨૮ રતલ બોર્ડમાંથી બનાવેલ)	૭૦૦ નંગ	,, ,, ,, ,,	૨૫–૪૦ (ગ્રોસના)
૧૭.	ઈરા ફાઇલ	૫૦૦ નંગ	ઑલ-ઇન્ડિયા સ્ટેશનરી માર્ટ	૨૫–૪૫ (ડઝનના)
૧૮.	ફ્લેપ પોર્ટફોલિયા	૮૦૦ નંગ	ધીરુભાઈ ઍન્ડ સન્સ	૩–૯૧ (ડઝનના)
૧૯.	ગુંદરના બાટલા—કેમલ, ૭૦૦ એમ.એલ.	૨૨૫ નંગ	મનુભાઈ લાલભાઈની કું.	૨૬–૯૨ (ડઝનના)
૨૦.	ફિનાઇલ—ગેલન ટિન	૧૦૦ ડબ્બા	,, ,, ,,	૨૪–૭૨ (ડઝનના)
૨૧.	વિમ પાઉડર	૮૦ ડબ્બા	લિબર્ટી કૉર્પોરેશન	૧૬–૫૬ (ડઝનના)
૨૨.	ઍસિડ બૉટલ્સ	૫૦ બૉટલ્સ	,, ,,	૧–૩૧ (નંગના)
૨૩.	કાર્બન પેપર, પેન્સિલના, ફૂલ્સકેપ કૅારસ–૮૪૦ (૪કૅાનોમિકલ પેકિંગમાં)	૧૦૦ પેકેટ્સ	મનુભાઈ લાલભાઈ ઍન્ડ કું.	૪–૧૬ (પેકેટના)
૨૪.	કાર્બન પેપર ડબલ ફૂલ્સકેપ	૧૦ પેકેટ્સ	,, ,, ,,	૮–૩૨ (,,)
૨૫.	ડુપ્લિકેટિંગ પેપર—ફૂલ્સકેપ, ૫½ રતલ, બેલારપુર (મિલના ઑરિજિનલ પેકિંગમાં)	૭૦૦ પેકેટ્સ	,, ,, ,,	૫–૦૦ (,,)
		૭૦૦ ,,	ઑલ-ઇન્ડિયા સ્ટેશનરી માર્ટ	૫–૦૦ (,,)
		૬૦૦ ,,	લકી ટ્રેડિંગ કું.	૫–૦૦ (,,)
૨૬.	ડુપ્લિકેટિંગ પેપર—ડબલ ફૂલ્સકેપ	૫૦ ,,	જેસ્ટેટનર ડુપ્લિકેટિંગ કું.	૧૪–૫૦ વત્તા ટૅક્સ
૨૭.	ડુપ્લિકેટિંગ ઇંક ટ્યૂબ્સ	૧૫૦ ટ્યૂબ્સ	,, ,, ,,	૧૧–૦૦ (નંગના) ૧૦ ટકા ડિસ્કાઉન્ટ
		૨૦૦ ,,	સાયન્ટિફિક પ્રિન્ટર્સ મેન્યુ. કું.	૪–૫૦ નંગના
૨૮.	ખાખી કવર ૯"×૪"/૧૮ રતલી જાડા કાકૂટ કાગળમાંથી બનાવેલાં	૫૦,૦૦૦	ઑલ-ઇન્ડિયા સ્ટેશનરી માર્ટ	૧૫–૫૦ (હજારના)
૨૯.	ખાખી કવર ૧૦½"×૮½"	૫૦,૦૦૦	,, ,, ,, ,,	૩૩–૭૫ (હજારના)

પરિશિષ્ટ "ચ"
ઠરાવકાજ ક્રમાંક ૫૧

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ આવતી તારીખ	કાર્યાલય તરફથી સૂચવવામાં આવેલ તારીખ
૧	૨	૩	૪
૧.	પ્રી-યુનિવર્સિટી વિનયન	૮-૩-૧૯૬૫	૨૨-૩-૧૯૬૫
૨.	પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન	૮-૩-૧૯૬૫	૨૨-૩-૧૯૬૫
૩.	પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય	૮-૩-૧૯૬૫	૨૨-૩-૧૯૬૫
૪.	એફ.વાય.બી.એ.	૨૨-૩-૧૯૬૫	૨૯-૩-૧૯૬૫
૫.	એફ.વાય.બી.એસસી.	૨૨-૩-૧૯૬૫	૨૯-૩-૧૯૬૫
૬.	એફ.વાય.બી.કૉમ.	૨૨-૩-૧૯૬૫	૨૬-૩-૧૯૬૫
૭.	એસ.વાય.બી.એ.	૨૨-૩-૧૯૬૫	૯-૪-૧૯૬૫
૮.	એસ.વાય.બી.એસસી.	૨૨-૩-૧૯૬૫	૫-૪-૧૯૬૫
૯.	એસ.વાય.બી.કૉમ.	૨૨-૩-૧૯૬૫	૩૧-૩-૧૯૬૫
૧૦.	ફર્સ્ટ બી.ફાર્મ.	૨૨-૩-૧૯૬૫	૨૯-૩-૧૯૬૫
૧૧.	સેકન્ડ બી.ફાર્મ.	૨૨-૩-૧૯૬૫	૨૯-૩-૧૯૬૫
૧૨.	—	—	—
૧૩.	બી.એ. (સ્પેશિયલ અને જનરલ)	૨૯-૩-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૧૪.	બી.એસસી. (પ્રિન્સિ. અને સબ્સિ.)	૨૯-૩-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૧૫.	બી.કૉમ.	૨૨-૩-૧૯૬૫	૩૦-૩-૧૯૬૫
૧૬.	એમ.એ.	૧૨-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૧૭.	એમ.એસસી. (મૅથ્સ.)	૧૨-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૧૮.	એમ.એસસી. (અધર ધેન મૅથ્સ.)	૧૨-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૧૯.	એમ.કૉમ.	૧૨-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૨૦.	એમ.એડ.	૭-૬-૧૯૬૫	૧-૬-૧૯૬૫
૨૧.	પહેલી એમ.બી.,બી.એસ.	૯-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૨૨.	બીજી એમ.બી.,બી.એસ.	૯-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૨૩.	ત્રીજી એમ.બી.,બી.એસ.	૯-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૨૪.	બીજી બી.એ.એમ.એસ.	૯-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૨૫.	ત્રીજી બી.એ.એમ.એસ.	૯-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫

૧	૨	૩	૪
૨૬.	પહેલી એલએલ.બી.	૧૫-૩-૧૯૬૫	૫-૪-૧૯૬૫
૨૭.	બીજી એલએલ.બી.	૧૫-૩-૧૯૬૫	૫-૪-૧૯૬૫
૨૮.	ફર્સ્ટ બી.ડી.એસ.	૨૬-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૨૯.	સેકન્ડ બી.ડી.એસ.	૨૬-૪-૧૯૬૫	૧૨-૪-૧૯૬૫
૩૦.	માસ્ટર ઓફ લેબર વેલ્ફેર	૧૯-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૩૧.	—	—	—
૩૨.	બી.એસસી. (મેડિકલ)	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૩.	એમ.એસસી. (મેડિકલ)	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૪.	એમ.ડી.	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૫.	એમ.એસ.	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૬.	ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૭.	ડી.જી.ઓ.	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૮.	ડી.ઓ.એમ.એસ.	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૩૯.	ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૪૦.	ડિપ્લોમા ઇન વેનેરિયોલોજી એન્ડ ડર્મેટોલોજી	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૪૧.	ટી.ડી.ડી.	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૪૨.	ડી.એમ.આર.ઈ.	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૫
૪૩.	એફ.ઈ. (સિ., એમ. એન્ડ ઈ.)	૩-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૪૪.	એસ.ઈ. (સિવિલ)	૩-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૪૫.	એસ.ઈ. (એમ. એન્ડ ઈ.)	૩-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૪૬.	બી.ઈ. (સિવિલ)	૩-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૪૭.	બી.ઈ. (મિકેનિકલ)	૩-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૪૮.	બી.ઈ. (ઇલેક્ટ્રિકલ)	૩-૪-૧૯૬૫	૧૪-૪-૧૯૬૫
૪૯.	એમ.ફાર્મ.	૧૯-૪-૧૯૬૫	૨૬-૪-૧૯૬૫
૫૦.	એમ.ઈ.	૨૪-૫-૧૯૬૫	૧-૬-૧૯૬૫
૫૧.	એલએલ.એમ.	૭-૬-૧૯૬૫	૧-૬-૧૯૬૫
૫૨.	એસ.વાય.બી.એસસી. (એગ્રિ.)	૨૨-૩-૧૯૬૫	૧-૪-૧૯૬૬
૫૩.	બી.એસસી. (એગ્રિ.)	૨૨-૩-૧૯૬૫	૧-૪-૧૯૬૬
૫૪.	એફ.વાય. ડિપ્લોમા ઇન જર્નાલિઝમ	૨૬-૪-૧૯૬૫	૨૪-૪-૧૯૬૬
૫૫.	એસ.વાય. ડિપ્લોમા ઇન જર્નાલિઝમ	૨૬-૪-૧૯૬૫	૨૪-૪-૧૯૬૬
૫૬.	ડિપ્લોમા ઇન લેબર લૉઝ એન્ડ પ્રૅક્ટિસ	૧૯-૪-૧૯૬૫	૫-૪-૧૯૬૬
૫૭.	ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ એન્ડ પ્રૅક્ટિસ	૧૯-૪-૧૯૬૫	૫-૪-૧૯૬૬
૫૮.	ડિપ્લોમા ઇન લેરિંગોલોજી એન્ડ ઑટોલોજી	૮-૩-૧૯૬૫	૧૦-૩-૧૯૬૬

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯